સદ્.શ્રીઅદ્ભુતાનંદસ્વામીની મૂળવાતો



-: પ્રકાશક :-

શ્રીસ્વામિનારાયણ મંદિર, તીર્થધામ કુંડળ તથા કારેલીબાગ-વડોદરા

INDEX



સદ્.શ્રીઅદ્ભુતાનંદસ્વામીની મૂળવાતો

ISBN = 978-81-927707-0-3

સદ્.શ્રીઅદ્ભુતાનંદસ્વામીની મૂળવાતો

પ્રેરક	:	પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)
પ્રકાશક	:	શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા
પ્રકાશન તિથિ	:	સંવત ૨૦૬૭, બેસતુંવર્ષ; નવેમ્બર-૨૦૧૦
દ્વિતીય આવૃત્તિ	:	જળઝીલણી એકાદશી, સપ્ટેમ્બર-૨૦૧૩
પ્રત	:	૩૦૦૦
કુલ પ્રત	:	૬૦૦૦
પડતર કિંમત	:	રૂ.૯૦/-

પ્રાપ્તિ સ્થાન :

- **કુંડળ :** શ્રીસ્વામિનારાયણ મંદિર, ૯૬૦૧૨ ૯૦૦૦૧
- **વડોદરા :** શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ
  ફોન : (૦૨૬૫) ૨૪૬૨૬૨૮, ૯૬૦૧૨ ૯૦૦૦૫
  Website : www.swaminarayanbhagwan.com
  Email : karelibaug@gmail.com
- **વડતાલ :** શ્રીજી સાહિત્ય મહિમા કેન્દ્ર, 'કાનજીભુવન' દુકાન નં.૧૮ શ્રીસ્વામિનારાયણ મંદિર સામે, મેઈન બજાર. મો. ૯૬૦૧૨ ૯૨૪૦૦
- **મુંબઈ :** શ્રીસ્વામિનારાયણ મંદિર દહીંસર(ઈસ્ટ), ભરૂચા રોડ, ભાટલાદેવી મંદિરની સામે.
- **સુરત :** શ્રીસ્વામિનારાયણ મંદિર, 'મૂર્તિબાગ' સમસ્ત પાટીદાર સમાજની વાડીની સામે, આંબા તલાવડી. રમેશભાઈ જેતાણી : મો.૯૬૦૧૨ ૯૧૨૫૨

સપ્રેમ ભેટ



સુજ્ઞ સ્નેહી શ્રી ....

ગામ : .... **તા. :** .... **જી. :** ....

આ **'અદ્‌ભુતાનંદસ્વામીની મૂળ વાતો'** ખરેખર અદ્‌ભુત છે. આવા સદ્‌ગ્રંથોનું વાંચન તે મહાપુરુષોના સાનિધ્ય જેટલો આનંદ આપે છે, આપણી દૃષ્ટિને વિશેષ વિશાળ બનાવે છે. શ્રીહરિને સમજવાના દૃષ્ટિકોણ, વિશ્વાસ અને દર્શનને સમૃદ્ધ બનાવે છે. એવી આ અદ્‌ભુતાનંદસ્વામીની અનુભવસભર વાતો આપ તથા આપના પરિવારજનોને ભગવદ્‌ભક્તિ, પરસ્પર પ્રીતિ અને આંતરિક સુખ-શાંતિ માટે પોષક બની રહે એવી શુભેચ્છા સહ આ ગ્રંથ સપ્રેમ ભેટ...

આપનો સ્નેહી

....

તારીખ ....

: અભિનંદન :

જેમને સ્વામિનારાયણ સંપ્રદાયના વિકાસમાં અભિરુચિ છે તથા જેમને સંપ્રદાયના સાહિત્ય પ્રકાશનમાં ખાસ રસ છે. જેમને કથા-કીર્તન, ભજન અને સંતસમાગમનું અંગ છે અને સંતો દ્વારા થતી જીવોના આત્યંતિક કલ્યાણની સેવાકીય પ્રવૃત્તિને જેઓ પોતાની ફરજ સમજે છે એવા શ્રીસ્વામિનારાયણ નોર્ધન ન્યૂજર્સી સત્સંગ મંડળ - અમેરીકાએ આ ગ્રંથના પ્રકાશનમાં ઉદાર દિલે આર્થિક સહાય આપી છે. તે માટે સેવાભાવી તથા સત્સંગપ્રેમી એવા પ.ભ. શ્રી જીવરાજભાઈ વસાણી, રમેશભાઈ સાવલિયા, હરેશભાઈ સાવલિયા, મધુભાઈ પટેલ, અમિતભાઈ કાબરિયા, ગૌરવ પટેલ અને વામનભાઈ ધોરાજિયા વગેરે તમામ સભ્યોને ખૂબ ખૂબ અભિનંદન...

: સમર્પણ :

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયની ઊગતી પાંચ પેઢીઓને નજરે નિહાળનારા, સર્વાવતારી શ્રીહરિના લખેલા કાગળમાં આદિ શબ્દના ઈશારે લગ્નના માંડવેથી મળવત્ સંસારનો ત્યાગ કરનારા, સદૈવ ત્યાગ, વૈરાગ્ય, સેવા, ભક્તિ અને તપાદિક ગુણોથી શોભનારા; વળી ધોલેરા ધામની ૩૫ વર્ષ સુધી મહંતાઈ નિર્લેપપણે કરનારા અને મહારાજના મહિમાની બળભરી વાતો કરી અનેકનાં હૈયા સર્વાવતારી શ્રીહરિના રંગે રંગનારા, અદ્‌ભુતતાના ખજાના સ્વરૂપ, સદ્‌ગુરુ શ્રીઅદ્‌ભુતાનંદસ્વામીએ કરેલી અદ્‌ભુત વાતો તેમના જ શ્રીચરણોમાં હલકતાં હૈયે સપ્રેમ સમર્પણ કરી અમે ધન્યતા અનુભવીએ છીએ.

લિ.સ્વામી જ્ઞાનજીવનદાસ (કુંડળધામ)

: પ્રસ્તાવના :

અનાદિમુક્ત યોગીરાજ સદ્.શ્રીગોપાળાનંદસ્વામીએ

ॐ श्रीअद्भुतानंदमुनये नमः ।
तं आह्वयामि स्थापयामि पूजयामि ॥

આ મંત્ર દ્વારા મહાપૂજામાં જેનું સ્થાન આપ્યું છે અને જેમણે પોતાના ત્યાગ, વૈરાગ્ય, સેવા, સરળતા અને અદ્ભુત જીવનથી અલબેલાના હૃદયમાં પણ સ્થાન પ્રાપ્ત કર્યું હતું, એવા આ સંતનું જીવન સંપ્રદાયના સદ્ગ્રંથોમાં સુવર્ણ અક્ષરે લખાયું છે. વિશ્વવિધાતાએ જ્યારથી આ મોહમાયાની ઝાળ બિછાવીને સૃષ્ટિનું સર્જન કર્યું, ત્યારથી અત્યાર સુધીમાં અસંખ્ય આત્માઓએ કલ્યાણની ઝંખનાથી લૌકિક સુખને તિલાજંલિ આપીને વૈરાગ્યની ચુંદડી ઓઢી છે; પરંતુ તેમાં સફળ તો બહુ ઓછા થાય છે. તેઓ વૈરાગ્યવેગથી વિષયવેગને દાબીને ભગવાનની માટે જીવનારા મહાપુરુષો હતા. આવા મહાત્માઓમાં પણ શ્રેષ્ઠ અને વરિષ્ઠ વૈરાગ્યવાન છે આપણા **'સદ્ગુરુ શ્રીઅદ્ભૂતાનંદસ્વામી...'**

યુવાન ઉંમરે લગ્નદીપની મંગલજ્યોતિ નિહાળવા મંડપે પહોંચ્યા ત્યારે શ્રીહરિનો સંદેશ આવ્યો. તેમાં અંતે **'આદિ'** શબ્દ હતો. તે સંદેશને પોતાના માટે આદેશ માની મીંઢળવાળા હાથે હરિવરને વરવા નીકળી પડ્યા. ત્યારે માત્ર તેના સંબંધીઓમાં જ નહિ, પરંતુ સંસાર છોડીને કાષાયવસ્ત્ર ધારી બેઠેલા ત્યાગી સમાજમાં પણ ખળભળાટ મચી ગયેલો. આવો ત્યાગ વિશ્વધર્મના કોઈ ઈતિહાસમાં નોંધાયેલો નથી. વૈરાગ્યરૂપી તીખી તલવારની ધારે માંડવા વચ્ચેથી એક ઝાટકે સંસારનાં બંધન કાપી આ વિરલ પુરુષ શ્રીસ્વામિનારાયણ ભગવાન પાસે પહોંચ્યા; ત્યારે વૈરાગ્યથી છલકાતી ત્યાગમૂર્તિ જોઈ શ્રીહરિના

મુખકમળમાંથી સહજ ઉદ્‌ગાર સરી પડ્યો.! અદ્‌ભૂત..! અદ્‌ભૂત..! અને સ્વામીનું કાંડું પોતાના હાથમાં લઈને પોતાને હાથે તેનું મીંઢળ છોડીને **'અદ્‌ભૂતાનંદસ્વામી'** આવું અનવર્થ નામાભિમાન કર્યું. માતા-પિતા, સાસુ-સસરા અને સંબંધીઓની આશાને નિરાશામાં ફેરવી **'निःस्पृहस्य तृणं जगत् ।'** આ શાસ્ત્રવચનને પોતાના જીવનમાં ચરિતાર્થ કરી બતાવ્યું ને પરમહંસોની પંક્તિને ગૌરવવંતી કરી.

હોઠે પહોંચેલા સુખ-સંપત્તિના પ્યાલાને છોડીને ત્યાગી થયેલા આ સંતે ત્યાગના કેફથી નહિ પણ શ્રીહરિ ને મોટા સંતની આજ્ઞા-મરજીમાં રહી જીવનને શોભાવ્યું હતું. જેમણે સંસારને તૃણવત્ તજ્યો તેમણે જ શ્રીહરિની પ્રસન્નતા માટે સદ્.શ્રીગોપાળાનંદસ્વામી અને સદ્.શ્રીનિષ્કુળાનંદસ્વામીની પ્રેરણાથી માંદગીના બિછાનેથી પણ ધોલેરા મંદિરની મહંતાઈ સ્વીકારી. એટલું જ નહિ, પણ ત્યાં જઈને મંદિર ફરતી રાજમહેલને છાજે તેવી હવેલી, બ્રહ્મચારી નિવાસ વિગેરે અનેક સત્સંગ વિકાસનાં કાર્યો કરીને ધોલેરાધામની શોભામાં ચાર ચાંદ લગાવી દીધા.

વળી, સજાગ અને અંતરમુખી એવા આ સંત મંદિરના રજવાડા જેવા વ્યવહારમાં રહેવા છતાં સદા નિર્બંધ રહ્યા. વિકાસનાં અનેક કાર્યો કર્યા છતાં પોતાની વૈરાગ્યવૃત્તિ તથા પરાભક્તિમાં રંચમાત્ર પણ ઉણપ ન આવવા દીધી. સં.૧૮૩૯માં જન્મ ધારણ કર્યો. ત્યારબાદ સં.૧૮૫૨માં સદ્.શ્રીરામાનંદ સ્વામી પાસે કારિયાણીમાં વર્તમાન ધારણ કર્યાં. અને આચાર્ય શ્રીવિહારીલાલજી મહારાજના કાળમાં સં.૧૯૩૯માં વડતાલધામેથી અખંડ શ્રીહરિની સેવામાં પહોંચી ગયા. સુદ પક્ષના ચંદ્રમાની કળાની જેમ ખીલતાં સંપ્રદાયની પાંચ પાંચ પેઢીને નજરે નિહાળનાર આ વિરલ સંત હતા. વ્યવહારિક કામો કરવા છતાં અખંડ શ્રીહરિના ગુણો ગાવા એ તેમનો જીવનમંત્ર હતો.

સતત શ્રીહરિનાં દિવ્ય લીલાચરિત્રોનું ગાન કરી, અનેકનાં હૈયા શ્રીહરિના રંગે રંગી દેનારા આ સંતના મુખેથી ભગવત્‌કથા સાંભળવી એ એક જીવનનો લહાવો ગણાતો. તેમના મુખમાંથી નીકળેલ શ્રીહરિની લીલાની અદ્‌ભુત વાર્તાઓ તેમની સાથે વર્ષો સુધી રહી સેવા કરનારા તેમના કૃપાપાત્ર શિષ્ય પ.પૂ.સદ્.શ્રીઘનશ્યામચરણદાસજીસ્વામીએ લખેલી. તે કોપી ઉપરથી તેમના ગુરુબંધુ સદ્.શ્રીરામદાસજીસ્વામીના શિષ્ય કૃષ્ણજીવનદાસજી

સ્વામીએ બીજી ચોપડી લખેલી. આ સ્વામીની વાતોની હસ્તપ્રત તેમના શિષ્ય ધર્મસ્વરૂપદાસજી(બટુકસ્વામી) પાસે આવી. સં.૧૯૫૯માં આચાર્ય શ્રીલક્ષ્મી પ્રસાદજી મહારાજના હસ્તે કાર્તિકી સમૈયામાં એક સાથે ૬૦ સંતોએ મહાદીક્ષા લીધેલી. તેમાં આ સંત સહુથી નાના હતા. એટલે આચાર્યશ્રીએ તેમને લાડલા બટુકસ્વામી એવા નામથી બોલાવ્યા હતા. ત્યારથી સહુ તેને બટુકસ્વામી કહેતા. આ બટુકસ્વામીએ અદ્‌ભુતાનંદસ્વામીની વાતોનો સંગ્રહ તેમના જ નજીકના ગુરુબંધુ શાસ્ત્રી હરિજીવનદાસજીસ્વામીને આપ્યો. વડતાલના આ મહાન સંતે આ વાર્તાને પોતાની રીતે સંશોધન કરી સંપ્રદાયમાં પ્રકાશિત કરેલી. ત્યારબાદ પણ વડતાલધામ તરફથી આ વાતો બે-ત્રણવાર પુનઃ પ્રકાશિત થયેલી.

સદ્‌.શ્રીકૃષ્ણજીવનદાસજીસ્વામીએ લખેલી અદ્‌ભુતાનંદસ્વામીની વાતોની હસ્તપ્રત બટુકસ્વામીએ શાસ્ત્રી હરિજીવનદાસજીસ્વામીને આપેલી. તે હસ્તપ્રત તેમના શિષ્ય શાસ્ત્રી ગોપાળચરણદાસજીસ્વામી(વડતાલ) પાસે હતી. તે તેમણે અમોને અતિ પ્રસન્ન થઈ કોપી કરવા માટે આપેલી. અદ્‌ભુતાનંદસ્વામીની આ મૂળ વાતો વાંચતા જણાયું કે, જેમણે સંપ્રદાયની પાંચ પેઢીને નજરે નિહાળી છે, એવા અનુભવી અને પીઢ **'સદ્‌.શ્રી અદ્‌ભુતાનંદસ્વામીની મૂળ વાતો'** તેમની મૂળભાષામાં કોઈપણ ફેરફાર કર્યા વિના જ પ્રકાશિત થાય તો સત્સંગ-સમાજને શ્રીહરિનું સ્વરૂપ સમજવાનું સુગમ બને તથા અમુક જૂની ભાષાકીય સંસ્કૃતિની સ્મૃતિ પણ તાજી રહે. શ્રીસ્વામિનારાયણ મંદિર, તીર્થધામ કુંડળ તથા કારેલીબાગ-વડોદરા દ્વ ારા અમે પ્રકાશિત કરી છે. આશા છે કે, સ્વામીશ્રીની આ મૂળ વાતોના પ્રકાશનથી શ્રીહરિ તથા અ.મુ.સદ્‌.અદ્‌ભુતાનંદસ્વામી તથા સુજ્ઞ સંતો અને સત્સંગ સમાજ અમારા ઉપર પ્રસન્ન થશે. આ વાતોની પ્રિન્ટદોષથી અથવા શરતચૂકથી કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો નીર-ક્ષીર ન્યાયે ક્ષમ્ય ગણજો. એ જ અભ્યર્થના...

- ***લિ. સ્વામી જ્ઞાનજીવનદાસના***

અતિ ભાવથી જય શ્રીસ્વામિનારાયણ

અદ્‌ભુતતાનો ખજાનો

સદ્.શ્રીઅદ્‌ભુતાનંદસ્વામી

♦ *વંદના :*

બાંધી મીંઢળ લગ્ન મંડળ કર્યું, શૃંગાર સારો સજી,
નોતું નામ સુ પત્ર માંહી તદપી, તત્કાળ ત્રિયા તજી;
ભેદ્યું અંતર આદિ શબ્દ ભણતાં, દીક્ષા લીધી સંતની,
એવા અદ્‌ભુતાનંદસ્વામી કરજો, અદ્‌ભુતતા ગ્રંથની.

स्वधर्मज्ञानवैराग्यभक्तिनिष्ठं परं गुरुम् ।
अद्‌भुतानन्दनामानं वन्देऽहं परमादरात् ॥

જેમણે જગતના ફંદ તજી જગવંદ સહજાનંદસ્વામી માટે ભગવો ભેખ ધારણ કર્યો. અને સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને પરાભક્તિ દ્વારા જેમણે પુરુષોત્તમનારાયણની અતિ પ્રસન્નતા મેળવેલી. વળી, જેમના અદ્‌ભુત વૈરાગ્યને ભર સભામાં પુરુષોત્તમનારાયણે વખાણેલો. એવા સંપ્રદાયના હીર સમાન સદ્.શ્રીઅદ્‌ભુતાનંદસ્વામીનાં ચરણોમાં પ્રથમ વંદના કરીએ.

આવા મહાસંતનું જીવન મુમુક્ષુઓ માટે દીવાદાંડીની ગરજ સારે છે. ભગવાનને વરવા માટે નીકળેલા ભક્તો માટે સ્વામીનું જીવન અનેક પ્રેરણાનું પાથેય પૂરું પાડે છે. આધ્યાત્મિક માર્ગે ચાલેલા મુમુક્ષુઓ માટે અણમોલ ખજાના સમાન છે. અજ્ઞાનરૂપી અંધકારમાં અટવાયેલા જનો માટે ઝળહળતા સૂર્ય સમાન છે. આવો આપણે પણ આપણા જીવનને ઉજાગર બનાવવા, અનેક પ્રકારે પ્રેરણાના પિયૂષ પાતાં એવા સ્વામીશ્રીના જીવનમાં પ્રવેશ કરીને એમાંથી થોડું આચમન કરીએ.

♦ અનેક સંકટો વચ્ચે પણ સત્સંગ રાખ્યો :

ઝાલાવાડ પ્રદેશમાં મેથાણ નામે એક ગામ છે. ૨૦૦ વર્ષ પહેલાં તે ગામમાં વહીવટદાર તરીકે કડવા પાટીદાર અજા પટેલ હતા. તેઓ ધ્રાંગધ્રા રાજ્યના બહુ માનીતા અને લોક-પ્રતિષ્ઠિત પુરુષ હતા. અજા પટેલને રામાનંદસ્વામી વખતનો સત્સંગ હતો. ને પોતે સ્વામિનારાયણ ભગવાનના પાકા સત્સંગી હતા; પણ લોકમાં મોટા માણસ હોવાથી પોતાનાં બહેન દેવુબેનના લગ્ન બાજુમાં આવેલ સુરેન્દ્રનગર જીલ્લાના લખતર પાસેના કડું ગામમાં ધનવાન કુળમાં કડવા પાટીદાર સંઘા પટેલ સાથે કર્યાં હતાં. તેમને સાસરિયામાં ખાવા-ઓઢવા-પહેરવાનું સુખ તો ખૂબ જ હતું, પણ શ્રીહરિ તથા સંતોનાં દર્શન-સમાગમનું સુખ બિલકુલ ન હતું. કેમ જે, તેમના પતિ સંઘા પટેલ ધન-માનના મદમાં શ્રીહરિ તથા સંતોનું વાંકું બોલતા; તથા હંમેશાં વિરોધ કરતા. ઘણીવાર તો સત્સંગ છોડાવવા માટે માર પણ મારતા. આવાં અનેક સંકટો વચ્ચે પણ દેવુબહેને નિયમ-ધર્મ અને ભજન-ભક્તિ જાળવી રાખ્યાં.

સ્વામીજીના સાધુને ન માને, દેવુબાઈ પડ્યાં તેના પાને;
સતસંગની છોડાવવા ટેક, આપ્યાં પતિએ દુઃખ અનેક.
મીરાબાઈએ સાંખેલ જેમ, શિર સાટે પાળ્યાં વ્રત નેમ;
દાડી દુઃખ સહ્યું નિજ અંગ, તોય છોડ્યો નહીં સતસંગ.
સાંખી અસહ્ય કસોટી શીર, ડગી નહીં ધીરજ લગીર;
નિજ પુત્રને ઉમંગ લાવી, સત્સંગની રીત શિખાવી.

(પુ.ચ.પુષ્પમાળા ભા.૨/૭૦/૯-૧૧)

એમ કરતાં દેવુબહેનને સં.૧૮૩૯માં એક પુત્રનો જન્મ થયો. તેનું નામ ‘કલ્યાણદાસ’ રાખ્યું. ત્યારબાદ તેમને વજુભાઈ, વિઠ્ઠલભાઈ અને કુબેરદાસ આમ અન્ય ત્રણ પુત્રો તથા ત્રણ દીકરીઓનો જન્મ થયો. આ તમામ બાળકોને દેવુબહેને નાનપણથી જ સત્સંગના સંસ્કાર પાઈ દીધા. પછી મુક્તરાજ કલ્યાણદાસ થોડા મોટા થયા એટલે બહુધા મામા અજા પટેલને ઘેર મેથાણમાં રહેતા. તેનું ફળ એ મળ્યું કે સંતોનો યોગ અવાર-નવાર થતો રહ્યો. **સં.૧૮૫૨માં** કારિયાણીમાં માચા ખાચરની ભાવનાથી

રામાનંદસ્વામીએ અન્નકૂટોત્સવ કર્યો ત્યારે તેઓ ત્યાં તેમના કાકાની સાથે ગયા હતા. અને ત્યાં જ રામાનંદસ્વામીના હાથે વર્તમાન ધરાવી ભગવાનના આશ્રિત થયા હતા. ત્યારથી તેમના હૈયામાં દિન-પ્રતિદિન સત્સંગનો રંગ ચડતો રહ્યો. પછી સદ્.રામાનંદસ્વામી ધામમાં ગયા અને શ્રીહરિ ગાદીએ આવ્યા. પછી

માંગરોળ ને લોજ મોઝાર, વહાલે કર્યા ઉચ્છવ એ વાર;
અતિ ઐશ્વર્ય કર્યું પ્રકાશ, ત્યારે ગયેલા કલ્યાણદાસ.

જોઈ ઐશ્વર્ય વિસ્મય પામ્યા, ઉર સંશય સરવે વામ્યા;
અલૌકિક જાણ્યો મહિમાય, કર્યો નિશ્ચય પર્વત પ્રાય.

ત્યારથી સ્વામિનારાયણ ભગવાનની નિષ્ઠા તેમના જીવમાં ઊતરી ગઈ. ને સત્સંગની બધી જ રીત-ભાત શીખી ગયા. એકવાર શ્રીહરિ મુક્તાનંદ આદિક સંતોને લઈ મેથાણ આવ્યા. ત્યાં કોઈ કામ વસાત કલ્યાણદાસ આવી ન શક્યા. શ્રીહરિને તરત નીકળવું હતું, પરંતુ ભક્તરાજ કલ્યાણદાસનું હેત સાંભરી આવ્યું. તેથી શ્રીહરિ સામે ચાલી, તેમને દર્શન દેવા કડું પધાર્યા. ગામને પાદરે, તળાવની પાળે શ્રીહરિ બેઠા. જાણ થતાં કલ્યાણદાસ તત્કાળ ગાડું જોડી શ્રીહરિની પાસે આવ્યા. તેમને દર્શન આપી તેમના જ ગાડામાં બેસી શ્રીહરિ ત્યાંથી આગળ ચાલ્યા. રસ્તામાં કલ્યાણદાસે હાથ જોડી કહ્યું, ‘હે નાથ ! મને વર્તમાન ધરાવો.’ ત્યારે મહારાજ કહે, ‘તમે તો સદ્. શ્રીરામાનંદ સ્વામી પાસે વર્તમાન ધરાવ્યા છે.’ ત્યારે કલ્યાણદાસ કહે, ‘હા મહારાજ પણ મારે હવે તમારી પાસે ફરીને વર્તમાન લેવાની ઇચ્છા છે.’ તેથી મહારાજે તેમને ફરીથી વર્તમાન ધરાવ્યા. પછી કેસરિયા ગામે રાત રહ્યા. સવારે કલ્યાણદાસ પાછા કડું આવ્યા અને શ્રીહરિ કારિયાણી પધાર્યા.

પછી તેઓ કડુંમાં પિતા સાથે રહેતા, પરંતુ ત્યાં પણ નિત્યપૂજા, ભજન, કીર્તન ચાલું રાખ્યાં. તેમના સંગે તેમના ત્રણ નાના ભાઈઓને પણ સત્સંગનો રંગ લાગ્યો. આ રીતે ઘરમાં સત્સંગીઓની સંખ્યા જેમ વધી, તેમ સંઘા પટેલનો ગુસ્સો પણ ખૂબ જ વધી ગયો.

એક દિવસ કડું ગામને ગોંદરે સ્વામિનારાયણ ભગવાનના સંતો આવ્યા. કલ્યાણભાઈને તેની ખબર મળતાં દોડીને ગયા. ઘરે લઈ આવવા બહુ આગ્રહ કર્યો, પરંતુ સંતો સંઘા પટેલના સ્વભાવને જાણતા હોવાથી ઘરે ન આવ્યા.

પછી જ્યારે સંતો ચાલ્યા ત્યારે વૃદ્ધ સંતોને બેસવા માટે કલ્યાણદાસ પરાણે ગાડું જોડી સંતોને બીજે ગામ મૂકી આવ્યા. રાત્રે સંઘા પટેલને તેની જાણ થઈ એટલે એવા ક્રોધિત થયા કે, પોતાના સગા પુત્રને પરોણાથી ઢોરમાર માર્યો. વાંસામાં તેની ભરોળો પડી ગઈ. છતાં પ્રહ્‌લાદની જેમ અનેક કષ્ટો સહન કરીને શ્રીહરિની નિષ્ઠામાં અડગ રહ્યા.

પોતાની બહેન તથા ભાણેજનાં આવાં દુઃખો જોઈ અજા પટેલને પસ્તાવો થયો કે 'લૌકિક મોટાઈના મોહમાં સત્સંગ કે સંસ્કાર જોયા વિના મેં બહેનને મોટા ઘરે પરણાવી તેનું આ પરિણામ છે; પણ હવે પાછળ ભાણિયાઓમાં આ ભૂલ થવા દેવી નથી.' પછી બહેન-બનેવીને સમજાવી કલ્યાણદાસનું સગપણ પોતાના મેથાણ ગામમાં એક સારી સત્સંગી કન્યા સાથે કરાવ્યું.

♦ જગત કરતાં જગદીશનું પ્રધાનપણું :

સંવત ૧૮૬૩માં કલ્યાણદાસનાં મેથાણ ગામે બહુ ધામધૂમીથી લગ્ન લેવાયાં. તે જ દિવસે સાંજે અજા પટેલે પોતાના ઘરે જાન જમાડવાનું જાનૈયાને આમંત્રણ આપ્યું. સાથેસાથે માંડવિયાપક્ષને પણ પ્રેમથી નોતર્યો. વાજતે-ગાજતે જાન અજા પટેલને ઘેર આવી રહી હતી. સર્વત્ર આનંદ લહેરાતો હતો. ભાઈ-બહેનના હૈયામાં પણ આનંદ હતો. શરણાઈઓના સૂર અને ઢોલના ઢબકારા સાથે લગ્નગીત ગવાતાં હતાં. તે જ વખતે એક અસ્વાર શ્રીજીમહારાજનો પત્ર લઈને આવ્યો ને અજા પટેલને આપ્યો. પત્ર વાંચી પટેલે ઉમંગ સાથે માથે ચડાવ્યો. પછી અસ્વારે મૌખિક સમાચાર આપ્યા કે, 'માંચાબાપુ વગેરે બધા ભેગા થઈ ગામ શિયાળ આવી રહ્યા છે; ત્યાં તમારી રાહ જોશે.' અજા પટેલ તરત જ ચાલી નીકળવા તૈયાર થઈ ગયા. કોઈને કાંઈ ગમ ન પડી, પણ વરરાજા કલ્યાણદાસને છેલ્લા 'જય સ્વામિનારાયણ' કહેવા ગયા ત્યારે તેમણે પરાણે પત્ર વાંચવા માગ્યો.

પત્ર વાંચ્યો તો તેમાં માંચા ખાચર, સુરા ખાચર અને અજા પટેલ વગેરે આગેવાનોનાં નામો લખી પછી છેલ્લે લખ્યું હતું કે, '...એ આદિક હરિભક્તો આ પત્ર મળે એટલે તરત જ ઘરબાર છોડી પરમહંસ થઈ કાશીની યાત્રાએ ચાલી નીકળજો. તેમાં અમારો ઘણો જ રાજીપો છે. લિખાવિતં સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ.'

આટલું વાંચતાં જ કલ્યાણદાસ બોલ્યા, "મામા ! આમાં તો મારું પણ નામ છે, માટે ચાલો હું પણ આવું છું." "પણ ક્યાં છે તારું નામ ?" **"મામા ! આ 'આદિક' લખ્યું છે તેમાં મહારાજને કોઈકને તો બોલાવવા જ હશે ને ! એમાં હું આવી ગયો."** પછી તો અજા પટેલ કે બીજા કોઈ કાંઈક કહે ન કહે ત્યાં તો કલ્યાણદાસે ડોકમાંથી વરમાળા કાઢી નાખી. છેડા-છેડી છોડીને વેલડા ઉપરથી નીચે કૂદી પડ્યા. લોકોએ ઘણા સમજાવ્યા પરંતુ વૈરાગ્યરૂપી તીક્ષ્ણ તલવારે જેના હૈયામાંથી સંસારનો મોહ કાપી નાખ્યો હતો, એવા આ વિરલ પુરુષ પ્રગટ પુરુષોત્તમને વરવા માટે કોઈની કાંઈ પણ વાત માન્યા વિના ચાલતા જ થઈ ગયા.

અચાનક વીજળી પડે તેમ સર્વેના ઉત્સાહમાં ભંગાણ પડ્યું. સહુનો આનંદ શોકના સિંધુમાં ફેરવાઈ ગયો. કોઈ ખિજાયા, કોઈએ ધિક્કાર્યા કે આ બિચારી બાઈનું શું ? આખી જિંદગી કેમ કાઢશે ? તો કોઈને બહુ આશ્ચર્ય થયું કે, વિશ્વમાં આવા વૈરાગ્યવંત પુરુષ ભાગ્ય જ હોઈ શકે ! અને ઘણાને તો આ શું બન્યું તેનો ખ્યાલ જ ન આવ્યો. પણ મામા-ભાણો તો ગયા તે ગયા જ. કોઈના રોક્યા ન જ રહ્યા. હા, કલ્યાણદાસના જેની સાથે લગ્ન લેવાયાં હતાં, તે સ્વામિનારાયણ ભગવાનના સત્સંગી બહેનને ખ્યાલ આવી ગયો કે, મારા પતિદેવ પ્રાણઆધાર પ્રભુજીની આજ્ઞાથી જતા રહ્યા છે; તેથી તેમને કોઈનો અભાવ ન આવ્યો.

વહાલા ભક્તો ! આ બ્રહ્માંડ રચાયા પછીનો આ પહેલો કિસ્સો છે કે, એક નાનકડી ચિઠ્ઠીને વાંચતાં જ પ્રગટ પરમાત્માને પ્રસન્ન કરવા માટે પરણેતરના પ્રસંગો મૂકીને કોઈ જતાં રહ્યા હોય ! આવી અનેક ઘટનાઓ સર્વોપરી પુરુષોત્તમ આ પૃથ્વી પર આવ્યા પછી બનવા લાગી છે.

♦ *અદ્‌ભુત કાર્ય કરવાથી અદ્‌ભુતાનંદ થયા :*

અજા પટેલ તથા કલ્યાણદાસ ગામ શિયાળ પહોંચ્યા. ત્યાં આવા જ નિષ્ઠાવાન શૂરવીર ભક્તો ભેળા થયા હતા. જે બાકી હતા તે તમામે મુંડન કરાવી ભગવો ભેખ ધાર્યો. પછી સહુ જેતલપુરમાં જઈ સ્વામી રામદાસજીને મળ્યા. તેમને મહારાજે દર્શન દઈને અગાઉ જણાવ્યું હતું, તેથી તેમણે કાશીને બદલે સીધા જ ભૂજ જવા માટે પોતાની સાથે લીધા. આમ, આ નવા-જૂના

પરમહંસોની મંડળી ઘણાક દિવસે ભૂજ પહોંચી.

અંતર્યામી મહારાજે નવા પરમહંસો માટે શીરા-પૂરીની રસોઈઓ કરાવી, ઠંડા પાણીનાં ઠામ ભરાવ્યાં અને વાજતે-ગાજતે સંતો-ભક્તો સાથે ઘણે દૂર સુધી સામૈયું લઈને સામા આવ્યા. ગામ બહાર ગંગારામના અખાડામાં ઉતારાની વ્યવસ્થા કરી. થોડીવાર ધૂન-કીર્તન કર્યાં. ત્યાં નવા પરમહંસો આવ્યાની વધામણીના સમાચાર આવ્યા.

જોયા પરમહંસને દૂર, દોડ્યા દયાળુ દર્શનાતુર;
દંડવત પ્રણામ કરીને, મળ્યા સંતોને બાથ ભરીને.

હરિભક્તો ને સરવે સંત, તેહ સૌએ કર્યાં દંડવત;
પછી સભામાં બિરાજ્યા શ્યામ, નવા સંતોએ કર્યાં પ્રણામ.

સંતો દોડીને પ્રગટ પરમાત્માને ભેટી પડ્યા. પરસ્પર પ્રેમનાં આંસુ ઊભરાયાં. પછી શ્રીહરિએ એક-એકનો પરિચય આપી નામ લઈ સહુની પ્રશંસા કરી. છેલ્લે કલ્યાણદાસને કહ્યું, 'તમારું તો પત્રમાં નામ નહોતું ને ?' ત્યારે કલ્યાણદાસ કહે, 'હે નાથ ! આપે પત્રમાં એ જણાવ્યું હતુ કે, આદિક કર્મયોગી કે સાંખ્યોગી જેને નીકળાય તે નીકળી જજો, એમાં અમારું ઘણું ગમતું છે. માટે તમારું ગમતું મૂકીને સંસારમાં શું સુખ લેવા રહીએ ?'

આવી તેમની કહાની સાંભળતાં જ હરિવરનું હૈયું હાથ ન રહ્યું. અત્યંત રાજીપા સાથે બોલ્યા, **"ભલે આવ્યા... તમે ભલે આવ્યા... હવે અમારી આંખ માથા પર."** આમ ત્રણ વાર કહીને પછી કહ્યું, "કલ્યાણદાસ ! તમે અમારા ખાતર આવું અદ્ભુત કામ કરીને આવ્યા છો, માટે આજથી તમારું નામ **'અદ્ભુતાનંદસ્વામી.'**

પછી મહારાજે આ સર્વે નવા સંતોને દોઢ માસ સુધી પોતાની સાથે રાખી બહુ જ લાડ લડાવ્યા. ત્યારબાદ અદ્ભુતાનંદસ્વામી સિવાયનાને શ્રીહરિએ સંસારમાં રહીને સત્સંગની સેવા-ભક્તિ કરવા પરાણે સમજાવ્યા. પછી સારાં-સારાં રજવાડી વસ્ત્રો પહેરાવી વહાલોજી પોતે દૂર સુધી વળાવવા ગયા. સહુ રડવા લાગ્યા. ત્યારે પ્રભુએ વરદાન આપ્યું –

તેને વહાલાએ ધીરજ આલી, સમજાવ્યા છે બાથમાં ઘાલી;
નહીં લોપે આ સંસાર લેશ, એ વર આપ્યો પરમેશ.

આ વરદાનનું બળ અને મહારાજની મરજી જાણી માંચાખાચર વગેરે ભક્તો પાછા સંસારમાં આવ્યા. પછી જીવનભર શ્રીહરિ તથા સંતો માટે સમર્પિત થઈને જીવ્યા.

♦ *ધન્ય હો ! આ વિતરાગી સંતને...*

આ બાજુ મહારાજે અદ્‌ભુતાનંદસ્વામીને એક બીજી આજ્ઞા કરી.

ગોપીચંદ ભરથરી જેમ, ભિક્ષા માગી લાવો તમે તેમ;
કર્યું એ રીતે કલ્યાણદાસે, ભિક્ષા માગી લાવ્યા બાઈ પાસે.

જ્યાં બધું સળગતું મૂકીને ભાગી આવ્યા હતા, તે જ મેથાણ ગામમાં સાધુના વેશમાં કલ્યાણદાસ પધાર્યા. સીધા જ તેમના સસરાને ઘેર આવી કોઈ પણ શરમ વિના આહલેક લગાવી : "નારાયણ હરે..! સચ્ચિદાનંદ પ્રભો..!" ઘરમાં બધાને જમાઈરાજનાં આવાં દર્શનથી બહુ નવાઈ લાગી. જેમની સાથે પરણાવ્યાં હતાં, તે બાઈ તો પોતાના પ્રાણપ્રિય ભરથારનાં આવાં દર્શન કરી દૂરથી ખોળો પાથરી પગે લાગ્યાં.

જ્યારે બીજાં સગાં કાંઈક સમજાવવાની કોશિશ કરવા લાગ્યાં ત્યારે કલ્યાણદાસે કહ્યું, "અનંતકોટિ બ્રહ્માંડના રાજાધિરાજ પ્રગટ પરમાત્મા પ્રસન્ન થતા હોય તો તેને માટે પ્રાણ સુધ્ધાં સર્વસ્વનું બલિદાન આપી દઈએ, તોપણ ઓછું જ છે. એમાં પાછા પડીએ તો આપણે પ્રભુને ઓળખ્યા કહેવાય નહિ. આ દેહ તથા દુનિયા તો ધૂળ જેવાં નાશવંત છે. તેના ભોગે જો અવિનાશી પરમાત્મા મળી જતા હોય ને ન મેળવી લે, તે તો મોટો મૂર્ખ કહેવાય. આ સંસાર-વ્યવહાર તો એક સ્વપ્ન છે."

આવી ખુમારીભરી વાણી સાંભળી સહુથી પહેલાં તેમનાં પત્ની કાયમ માટે પતિદેવને રજા આપવા સહમત થઈ ગયાં. પછી તરત જ લોટ, ગોળ વગેરે ઘરમાંથી લઈ આવ્યાં. અદ્‌ભુતાનંદસ્વામીએ ઝોળી ફેલાવી. પત્નીએ પ્રેમનાં આંસુ સાથે તેમાં ભિક્ષા આપી.

વહાલા ભક્તો ! સર્વોપરી શ્રીહરિની નિષ્ઠાવાળાં તે બહેને પતિને પ્રેમથી ભિક્ષા આપી અને તેની સાથોસાથ સાંસારિક સુખની આશા પણ સદાને માટે છોડી દીધી. ભિક્ષા લઈને અદ્‌ભુતાનંદસ્વામી તો ચાલતા જ થઈ ગયા. તે પ્રતિવ્રતા નારી સજળનેત્રે પોતાના પતિનાં દર્શન કરતી રહી અને

તે જ વખતે તેણે પણ પતિની જેમ જ આજીવન બ્રહ્મચર્ય પાળી પુરુષોત્તમને ભજી લેવાની મક્કમ પ્રતિજ્ઞા લઈ લીધી.

તેનાં પત્ની જે નવ યુવાન, તેને ઊપજ્યું ઉરમાં જ્ઞાન;
જક્ત વિરક્ત રહીને પોતે, બ્રહ્મચર્ય પાળ્યું સ્નેહ સોતે.
પતિવ્રત અવિરત પાળી, પ્રભુ ભક્તિમાં ઉંમર ગાળી;
રટે સ્વામિનારાયણ નામ, તન અંતે ગયાં પ્રભુધામ.

(પુ.ચ.પુ.ભા.૨/૭૦/૯૨,૯૩)

અદ્‌ભુતાનંદસ્વામી ભિક્ષા લઈને છેક ભૂજ પાછા આવ્યા, ત્યારે મહારાજ બોલ્યા, 'હવે અમારા અદ્‌ભુતાનંદ સાચા.' ધન્ય હો ! આવા વિતરાગી નિષ્ઠાવાન સંતને...

♦ *બે ભાઈને પણ સાધુ કરી નાખ્યા :*

અદ્‌ભુતાનંદસ્વામીને મહારાજે વડતાલમાં રાખ્યા હતા. તે વખતે તેમનાં પૂર્વાશ્રમનાં સગાંઓએ તેમને પાછા લઈ જવાનો એક પ્રયાસ કર્યો. સ્વામીના ભાઈ **વજુભાઈ** બળદગાડું લઈ તેડવા આવ્યા. અદ્‌ભુતાનંદસ્વામીએ તેને બેસાડી એવી બળભરી વાતો કરી, તેથી તે પોતે જ સાધુ થવા રોકાઈ ગયા ! શ્રીહરિ વડતાલ પધાર્યા ત્યારે તેમને દીક્ષા આપી **'નિષ્કામાનંદજી'** નામ પાડ્યું.

બે માસ પછી ફરી સ્વામીના બીજા ભાઈ **વિઠ્ઠલ**ને સગાંઓએ મોકલ્યા; તો સ્વામીએ તેને પણ વૈરાગ્ય ચઢાવી દીધો. મહારાજે તેને પણ સાધુ કરી **'નાના ચૈતન્યાનંદ'** નામ આપી દીધું. હજારો ધન્યવાદ છે આ વૈરાગ્ય ચઢાવનાર તથા દીક્ષા દેનારાની મજબૂત છાતીને..!

આમ, કુલ ત્રણ ભાઈઓ સંત બની ગયા. તેના સમાચાર સાંભળતાં જ સગાં-વહાલાંમાં તો ફફડાટ પેસી ગયો; પરંતુ સ્વામીના સૌથી નાનાભાઈ કુબેરદાસને તો હવે સ્વયંભૂ વૈરાગ્ય થયો. તેઓ પણ સાધુ થઈ જવા તૈયાર થયા, ત્યારે તેમનાં ત્રણ ફઈઓ, ત્રણ બહેનો અને તેમનાં સગાં એ બધાં ભેળાં મળી મહારાજ પાસે આવ્યાં. પછી એક કુબેરદાસને ઘેર રાખવા પ્રભુને પ્રાર્થના કરી. કુબેરદાસે ના પાડી, પણ પ્રભુએ સહુના ભલા માટે કુબરદાસને કહ્યું, "તમે મારા વચનથી ઘેર જાઓ." કુબેરદાસ કહે, "મારા

કલ્યાણનું શું ?" ત્યારે શ્રીહરિ કહે, "તમારી સાત પેઢી સુધી સત્સંગ રહેશે ને સહુનાં કલ્યાણ થાશે. અને તમારું તો

સાધુ જેવું કલ્યાણ કરીશ, અંતે અક્ષરધામ આપીશ;
રહ્યા વચને વહેવાર માંય, તેને વિષય લોપે નહીં કાંય.

આમ શ્રીહરિએ આશિષ સાથે પાછા મોકલ્યા. તેઓ પણ સંસારથી વિરક્ત એકાંતિક ભક્તરાજ થયા. નાનપણમાં જ મળેલા માતા દેવુબાઈના સંસ્કાર અક્ષરધામ સુધી કામ લાગ્યા. આ બધા પ્રસંગો બન્યા ત્યારે મહા કુસંગી બાપ સંઘા પટેલ આ લોકમાં હાજર જ નો'તા એટલે ચારેય ભાઈઓને સત્સંગ કરવામાં ઘણું સહેલું પડ્યું. કુબેરદાસના પુત્ર કલાભાઈ થયા. તેમના પુત્ર જીવરાજભાઈ થયા. તેઓ સં.૧૯૬૨માં કડુંથી ખાખરિયા વાડમાં ગયા. ત્યાં ધરમપૂર ગામ વસાવ્યું. તેમના પુત્ર લાલજીભાઈ થયા. આ સર્વે મહાન ભક્તો હતા અને હજુ પણ તેમના વંશમાં સત્સંગ છે. તેઓ ખાખરિયા પ્રદેશના ધરમપુર ગામે રહે છે.

♦ *શ્રદ્ધાપૂર્વકની સેવાથી મોટો રાજીપો મળ્યો :*

એકવાર મહારાજે મુક્તાનંદસ્વામી વગેરે ૨૦ સંતોની સાથે અદ્‌ભુતાનંદ સ્વામીને જેતલપુરમાં ભણવા મોકલ્યા હતા. ત્યાં સેવા કરનાર ચૈતન્યાનંદ સ્વામી માંદા થઈ ગયા. તેથી છ મહિના સુધી ભણતરની સાથે પોતાના પગમાં વાળો (એક પ્રકારનો રોગ) નીકળ્યો હતો છતાં **અદ્‌ભુતાનંદસ્વામીએ** સર્વે સંતો માટે કાવડ લઈને ભિક્ષા માગવાની સેવા કરી હતી. તેથી શ્રીહરિ અને સંતોની કૃપાથી તે રોગ આપોઆપ મટી ગયો હતો.

ત્યારબાદ એકવાર ૧૫૦ સંતો સાથે મુક્તાનંદસ્વામીને શ્રીહરિએ સુરત મોકલ્યા હતા. તે સમયે સુરતમાં મહારોગચાળો ફાટ્યો. તેમાં ઘણા બધા સંતો પણ માંદા થઈ ગયા. ત્યારે સેવામાં અત્યંત શ્રદ્ધાવાળા અદ્‌ભુતાનંદસ્વામી રાત-દિવસ સેવામાં લાગી ગયા. માંદા સંતોને ગરમ પાણીથી નવડાવે, કપડાં ધોઈ આપે, હાથ-પગ-માથું દાબે અને જેમને જેવું રુચતું હોય તેવું રાબ-રોટલો વગેરે ગામમાંથી માગી લાવીને પ્રેમથી જમાડે. એટલા ઝાઝા સંતો માંદા હતા કે પોતાને ખાવા-સૂવાનો પણ સમય ન મળે, તોપણ સ્વામી અતિ મહિમાથી સેવા કરતા; તેથી સર્વ સંતો અને સર્વોપરી શ્રીહરિ અદ્‌ભુતાનંદ

સ્વામી ઉપર અંતરથી અત્યંત રાજી થયા હતા.

♦ સર્વસ્વના ભોગે પણ શ્રીજીની મસ્તીમાં રહેતા :

સંતોને મહારાજે આજ્ઞા કરેલી કે 'માન-અપમાન, સુખ-દુઃખ અને ભૂખ-તરસની પીડા જોયા વિના જીવને અમારો નિશ્ચય કરાવી તેમનું ભલું કરજો. અમે તમારા ઉપર રાજી થઈશું.' મહારાજની આ મરજીને ધ્યાનમાં રાખી અદ્‌ભુતાનંદ સ્વામી એકવાર ચરોતરના ગામ **વસો** ગયા. તે પ્રદેશના કારભારી કસિયાભાઈને તેની જાણ થતાં સિપાઈ મોકલી ગામ બહાર કાઢી મૂક્યા. બીજે દિવસે ફરી તે ગામમાં જઈ ધ્યાન-ભજન કરવા લાગ્યા. ફરી પણ કાઢી મૂક્યા.

આમ પૂ.સ્વામીને **બાર વાર** અપમાન કરીને કાઢી મૂક્યા. છતાં તેરમી-વાર ગયા ત્યારે સિપાઈએ આક્રોશથી કહ્યું, 'અરે ! ઓ સ્વામિનારાયણકે મુંડિયે, તુમકો લાજ નહિ હૈ ક્યા ?' ત્યારે સ્વામી હસતા થકા કહે, **'ભાઈ ! લાજ હોય તો આ લંગોટી શીદ વાળીએ ? અમારે તો પ્રભુની પ્રસન્નતા એ સન્માન છે ને તેમની નારાજગી એ અપમાન છે.'** પછી તે જ વખતે એક વૃદ્ધ સૂરદાસના કહેવાથી સ્વામીને રાત રહેવા દીધા.

બીજે દી સ્વામી કસિયાભાઈની હવેલીએ ભિક્ષા માગવા ગયા. તે રોટલી-ભાત વગેરે આપ્યું. તે પૂ.સ્વામી જમ્યા. બીજે દિવસે મહારાજે મુક્તાનંદસ્વામીને પણ ત્યાં મોકલ્યા. પછી તે બન્નેનાં વર્તન તથા કથા-કીર્તનથી ગામમાં સત્સંગ થયો.

સંવત ૧૮૬૯ના દુષ્કાળમાં અદ્‌ભુતાનંદસ્વામી ૨૦ સંતો સાથે વડતાલ આવેલા. એક ખેતરમાં રાયણ નીચે ઊતરેલા. તે વખતે ખાવા-પીવાનું પૂરું મળે નહિ. વળી, શિયાળાની કડકડતી ઠંડીમાં જોરદાર માવઠું થયું. તેમાં એવી ટાઢ પડી કે, કેટલાક તો વાંદરા ને મોર મરી ગયા ! સંતોનાં શરીર ટાઢથી એવાં ફાટી ગયાં કે તેમાંથી લોહી ટપકે. ઓઢવાનું કશું જ મળે નહીં. ૯-૧૦ વાગ્યે નાહ્વા જાય તોય પગ ઠરી જાય એટલું ઠંડું પાણી હતું. તેમાં વળી ખાવાનું મળતું બિલકુલ બંધ થઈ ગયું. શરીરમાં ફક્ત હાડકાં ને ચામડી જ રહ્યાં. આવાં દુઃખ પડ્યાં છતાં મહારાજની આજ્ઞા તથા પ્રસન્નતામાંથી પાછા ન પડ્યા. આવી રીતે સ્વામીએ ચરોતરના ઘણાક ગામોમાં તથા

કચ્છમાં તેરાગામમાં અને વિજાપુરના વજીબા વગેરેને સત્સંગ કરાવ્યો હતો.

આમ, અદ્‌ભુતાનંદસ્વામી સર્વસ્વના ભોગે પણ મહારાજની મરજીને પકડી રાખતા. પોતાનો દેહ, પ્રાણ, મન કે માન વગેરે સર્વથી પ્રગટ પુરુષોત્તમ તથા તેમની મરજીને અધિક વહાલા રાખતા.

♦ *મુક્તાનંદસ્વામીને મહારાજની જેમ જ માન્યા મનાવ્યા :*

એકવાર અદ્‌ભુતાનંદસ્વામી કાનમ પ્રદેશના વેમારડી ગામે ગયા. સ્વામીની સાધુતાથી ગામના આગેવાન ભક્તિભાઈને સત્સંગ થયો ને પછી તો આખું ગામ સત્સંગના રંગે રંગાયું. પછી ગામ **ચોરંદા**માં પણ અમીન બેચરભાઈ વગેરેને સત્સંગ થયો. તેથી તે સર્વેએ પ્રગટ પ્રભુ શ્રીહરિને ત્યાં તેડાવવાની સ્વામીને વિનંતિ કરી. પછી સ્વામી મહારાજને લેવા છેક ગઢપુર ગયા. ભક્તોના ભાવની બધી વાત કરી.

મહારાજે કહ્યું, ‘સ્વામી, અત્યારે અમારાથી તો નહિ અવાય પણ અમારા વતી આ મુક્તાનંદસ્વામીને લઈ જાઓ. અમારી જેમ જ તેમની પૂજા, થાળ, સત્કાર કરજો-કરાવજો.’

મહારાજની આજ્ઞાથી મુક્તાનંદસ્વામીને લઈ અદ્‌ભુતાનંદસ્વામી વેમારડી આવ્યા. ત્યાં હરિભક્તોને મુક્તાનંદસ્વામીનો મહિમા સમજાવી મહારાજ માટે જે વાઘા-ઘરેણાં અને પૂજા-સામગ્રી હતી, તેનાથી મુક્તાનંદ સ્વામીની પૂજા કરાવી. હિંડોળો બાંધી મુક્તાનંદસ્વામીને ઝુલાવ્યા અને નવા-નવા થાળ જમાડ્યા. વળી વાજતે-ગાજતે સ્વાગત સમૈયા સાથે સ્વામીની પધરામણીઓ કરાવી. આમ, પૂરા અઢાર દિવસ સુધી ચાલ્યું. બધાને બહુ જ સુખ આવ્યું. કંડારી વગેરે ઘણાં નવાં ગામોમાં પણ ખૂબ સત્સંગ થયો. પછી પાછા ગઢપુર આવ્યા. ત્યારે આ બધી વાત સાંભળી શ્રીહરિજી અત્યંત રાજી થયા.

આમ, પોતે પણ મહારાજના દીક્ષિત સાધુ હોવા છતાં મુક્તાનંદ સ્વામીનો આવો મહિમા રાખ્યો. તેમાં ઈર્ષ્યા-અદેખાઈ સહેજ પણ આવી નહીં. આ પણ અદ્‌ભુતાનંદસ્વામીની એક અદ્‌ભુતતા હતી. વળી, જ્યારે મુક્તાનંદ સ્વામી વડોદરામાં પંડિતોની સભા જીત્યા, તે સમાચાર નાથભક્તે ગઢપુરમાં શ્રીહરિને આપ્યા. તે સાંભળી શ્રીહરિ અતિ પ્રસન્ન થયા; સહુને

સાકર વહેંચી; બસો જોડ ચરણારવિંદ પાડ્યાં અને અદ્‌ભુતાનંદસ્વામીને કહ્યું કે, 'તમે નાથભક્ત સાથે વડોદરા જઈ આ મુક્તાનંદસ્વામીને આપજો.' સ્વામીએ તરત જ વડોદરા જઈ પ્રભુની પ્રસન્નતાના પ્રતિકસ્વરૂપ ચરણારવિંદો મુક્તાનંદસ્વામીને આપ્યાં. ત્યારે મુક્તાનંદસ્વામીએ પણ રાજી થઈ ચાર જોડ ચરણારવિંદ અદ્‌ભુતાનંદસ્વામીને આપ્યાં. એક ગુરુભાઈને પોતાના બીજા ગુરુભાઈ પ્રત્યે કેવી આત્મીયતા અને અંતરની એકતા હોય, તે આ પ્રસંગથી શીખવા જેવું છે. બીજાના ઉત્કર્ષમાં પોતાનો ઉત્કર્ષ સમજનારા આ સંતના આવા તો અનેક પ્રેરણાદાયી પ્રસંગો છે.

♦ *'સ્વામિનારાયણ સર્વોપરી ભગવાન છે' એમ કહેજો :*

આધ્યાત્મિક માર્ગમાં સૌથી કઠિન બાબત પ્રગટ ભગવાનનો નિશ્ચય થવો તે છે. તેમાં પણ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનને જેવા છે તેવા સર્વોપરી સ્વીકારવા તે તો લોઢાના ચણા ચાવીને પચાવવા જેવું કઠણ છે. એટલે એ વાત આપણા સંપ્રદાયમાં અતિ રહસ્યરૂપ છે. આ ઉપાસનાની ચોખ્ખી ઘેડ બેઠા વિના પ્રાપ્તિમાં પણ બહુ ફેર રહી જાય છે, તેથી શ્રીહરિ પોતાના અતિ વિશ્વાસપાત્ર એવા અમુક સંતો-ભક્તોને જ આ રહસ્યરૂપ વાત સામેથી કહેતા ને બીજાને શીખવવાની પણ ક્યારેક રાજી થઈને છૂટ આપતા. આ લહાવો અદ્‌ભુતાનંદસ્વામીને મળ્યો હતો.

એકવાર અદ્‌ભુતાનંદસ્વામી વગેરે બાર સંતો સત્સંગ વિચરણ કરી ગઢપુર પધાર્યા. ત્યારે મહારાજે તેમને પૂછ્યું, 'સ્વામી ! તમે હરિભક્તો આગળ વાતો કરો ત્યારે અમને કેવા કહો છો ?' સ્વામી કહે, 'મહારાજ ! દત્ત, કપિલ અને રામ-કૃષ્ણ જેવા કહું છું.'

ત્યારે મહારાજ જરા આક્રોશથી બોલ્યા, "જો આટલું જ સમજાવતા હો તો દેશમાં ફરવાનું શું પ્રયોજન છે ? કેમ જે, કોઈ પુરુષે અડધા પૈસાનો મૂળો ખાધો, પછી ગમે તેટલાં પકવાન ખાધાં હોય તોપણ મૂળાનો ઓડકાર ઉપર આવ્યા વિના ન રહે; તેમ સર્વ અવતારના અવતારી અને સર્વેના કારણ એવા પુરુષોત્તમનારાયણ જે અમે તે તમને સાક્ષાત મળ્યા છીએ, છતાં કોઈને અમારા સર્વોપરી નિશ્ચયની વાત કેમ કરતા નથી ? તમારા અંતરમાં જ કેમ પડી રહે છે ?"

પછી અદ્‌ભુતાનંદસ્વામીએ કહ્યું, "મહારાજ ! કહેવાનો વેગ તો કુંભારના ચાકડા જેટલો આવે છે, પણ આપની આજ્ઞા આડી આવે છે એટલે કહી શકાતું નથી." ત્યારે મહારાજ કહે, "આજથી હવે રંકથી રાજા સુધીના સર્વ કોઈને 'અમે સર્વોપરી પુરુષોત્તમ છીએ' એવી સ્પષ્ટ વાત કરજો." આમ મહારાજે પોતાની રહસ્યરૂપ વાતને આટલી જગજાહેર કરવાની અદ્‌ભુતાનંદ સ્વામીને છૂટ આપી હતી.

એકવાર વડોદરાના શોભારામ શાસ્ત્રીએ અદ્‌ભુતાનંદસ્વામીને પૂછ્યું, 'તમે સ્વામિનારાયણ ભગવાનને સર્વ અવતારોથી મોટા કહો છો, તે કઈ સમજણથી કહો છો ?' ત્યારે સ્વામીએ તેના ઉત્તર નીચે મુજબ કર્યા :

(૧) કોઈપણ ઉપાસકની એ જ રીત છે કે તે પોતાના ઉપાસ્યને સર્વથી શ્રેષ્ઠ જાણે છે.

(૨) સ્વામિનારાયણ ભગવાનના જીવનમાં તો અમે એ પણ અનુભવ્યું છે કે, બીજા અવતારો જેવાં ઐશ્વર્ય તો તેમના મુક્તોએ જણાવ્યાં છે. વળી તે શ્રીહરિએ પોતે એવો પ્રતાપ જણાવ્યો છે કે તેમણે આપેલી સોટીનો કોઈ સંત-ભક્ત એક છેડો અડાડે તો ગમે તેવા જીવને સમાધિ થઈ જાય છે, ને બીજો છેડો અડાડે તો સમાધિમાંથી પાછા આવે છે. વળી, તેમણે પોતાના આશ્રિત સ્ત્રી-પુરુષના અંતરમાંથી કામભાવ બાળી નાખ્યો. આવાં તેમનાં અનેક ઐશ્વર્યોને બીજા અવતાર સાથે સરખાવીએ છીએ તો સ્પષ્ટ જણાય છે કે આવું કોઈએ કર્યું નથી. માટે અમે સ્વામિનારાયણ ભગવાનને સર્વ અવતારના અવતારી માનીએ છીએ.

આમ, અદ્‌ભુતાનંદસ્વામીને શ્રીહરિની સ્વરૂપનિષ્ઠા અત્યંત ચોખ્ખી હતી.

♦ *અદ્‌ભુતાનંદસ્વામીનો અજોડ ત્યાગ :*

એક વખત શ્રીજીમહારાજે અદ્‌ભુતાનંદસ્વામી વગેરે સંતોને આજ્ઞા કરી કે, 'તમે ખાનદેશમાં સત્સંગ-પ્રચાર કરવા જાઓ.' તેથી મહારાજને દંડવત્ પ્રણામ કરી ૬૦ જેટલા સંતો નીકળ્યા. તે સંતો ઉઘાડા પગે ચાલતાં-ચાલતાં ભરૂચ, સુરત, માંડવી થઈ ખાનદેશમાં માલેગામ આવ્યા. એ વખતે મહારાજે પ્રકરણ ચલાવ્યું હતું કે, દરેક સાધુએ એકલા જ ફરવું, અલફી અને કૌપીનભર રહેવું, ત્રીજું વસ્ત્ર રાખવું નહિ. સંતોએ શબ્દશઃ શ્રીજીની

આજ્ઞા શિરે ચડાવી. શિયાળાની કાળજું કંપાવે એવી કડકડતી ઠંડી, વન-વગડામાં રાત્રે એકલા રહેવાનું, પૃથ્વીની પથારી ને આકાશની ઓઢણી કરી સૂઈ જવાનું, સવારે નદીનાં બરફબોળ પાણીમાં નાહવાનું. આથી, સાધુઓના હાથ-પગની ચામડી ફાટી જતી ને લોહી નીકળતું. વળી, ભિક્ષામાં જે કાંઈ મળે તે લૂખું-સૂકું ખાઈને સત્સંગ કરાવવાનો. આમ છતાં પણ તે સંતો મહારાજના વચનમાં અતિ ઉત્સાહે સહિત વર્તતા. ત્યાં મહારાજે એક પત્ર લખાવ્યો. તે પત્રમાં શ્રીહરિએ,

લખ્યું કાગળમાં એમ લેશ, જેમ છે તેમ રાખજો વેશ.
પણ કહેવું છે તે પછી કહેશું, તમે અમે ભેળા જ્યારે થાશું.
એવું સુણી પોચા મનવાળા, રાતોરાત ઊઠી જાતાં ભાળ્યા;
પછી સાંઠમાંથી સાત રહ્યા, અદ્‌ભુતાનંદ અહીંથી ગયા.
(હ.કૃ.ચ.સા.અ.૬૬)

શ્રીહરિનાં આવાં મર્મ ભરેલાં વચનો સાંભળી તેપ્પન સંતો ચાલ્યા ગયા. અદ્‌ભુતાનંદસ્વામી માલેગામમાં નદીના કિનારે શિવાલયમાં બે દિવસ રહ્યા.

♦ *સ્ત્રી અને રાજ્યનું મહાબંધન ત્યાગ્યું :*

હીરલા એરણમાં ઓરાય, માથે ઘણ કેરા ઘાય;
ફૂટે તે તો ફટકિયા કહેવાય, ખરાની ખળે ખબરું થાય.

પછી સ્વામી એકલા ફરતાં ફરતાં મહારાષ્ટ્રના **કંજબારી** નામના એક શહેરમાં આવ્યા. શહેરને પાદર નદી વહેતી હતી. તેમાં સ્નાન કરી, પાણી પી સ્વામી ધ્યાન-ભજન કરવા બેઠા. એ વખતે તે શહેરના રાજા **નારસિંહ રાવજી** તેની હવેલીમાંથી સ્વામીને જોઈ રહ્યા હતા. તે બ્રાહ્મણ અને સાધુ-સંતોમાં આદરભાવવાળા હતા. સ્વામીનું અદ્‌ભુત વ્યક્તિત્વ જોઈ તેને વિચાર આવ્યો કે, 'આ સાધુ તો સેવા-સમાગમનો લાભ લેવા જેવા મહાન લાગે છે.' પછી સ્વામીને બોલાવવા એક નોકરને મોકલ્યો. ત્યારે સ્વામીએ ના પાડી કે, 'જ્યાં સ્ત્રીનો પગફેર હોય ત્યાં રહેવાની અમારા ગુરુની આજ્ઞા નથી.' પછી રાજાએ પોતાના ગુરુને નાહવાની ધર્મશાળા હતી ત્યાં સ્વામીને ઉતારો કરાવ્યો.

થોડીવાર થઈ ત્યાં રાજાના ગુરુ વિદ્વાન બાવાજી નાહવા આવ્યા. તેઓ નાહી-ધોઈ સ્વામી પાસે આવીને બેઠા. સ્વામીનો પરિચય લીધો. તે વખતે

સ્વામી પાસે મહારાજે કરેલી વાતોનું એક નાનું પુસ્તક પડ્યું હતું. તે જોઈને બાવાજીએ પૂછ્યું કે, 'આ શું છે ?' ત્યારે સ્વામી કહે, 'આ તો ષટ્શાસ્ત્ર અને અઢાર પુરાણોની વાતોનો સાર છે.' આ વાત સાંભળી સ્વામીને મોટા વિદ્વાન જાણી બાવાજી તો ડઘાઈ જ ગયા ! પછી તેને સંકલ્પ થયો કે, 'જો મને કાંઈક પ્રશ્ન પૂછશે તો જવાબ નહીં આપી શકું. માટે આંહીંથી જલદી જતો રહું.' તે જ વખતે સ્વામી કહે, 'બાવાજી, તમારે જવાની ઇચ્છા હોય તો જાઓ.' સ્વામીમાં આવું અંતર્યામીપણું જોઈ બહુ મોટા પુરુષ માની બાવાજી સ્વામીને પગે લાગી જતા રહ્યા.

પછી બાવાજીએ રાજાને સ્વામીનો બહુ મહિમા કહી હવેલીમાં પધરામણી કરાવવા કહ્યું. પછી રાજાની અતિ પ્રાર્થનાથી સ્વામી કચેરીમાં આવ્યા. રાજાએ બહુ માન-પાનથી સ્વામીનો આદર-સત્કાર કર્યો; ચંદન-પુષ્પથી પૂજા કરી; ૫૦૦ રૂપિયા ને ફળ-ફૂલની ભેટ મૂકી.

સ્વામીએ કહ્યું, 'અમે સ્વામિનારાયણના સાધુ છીએ. સ્ત્રી-દ્રવ્યથી દૂર રહીએ છીએ. માટે આ અમારે કશા ખપનું નથી.' ત્યારે રાજા કહે, 'બાપજી, આપને ગમે ત્યાં આનો ઉપયોગ કરો.' પછી સ્વામીએ ફળ-ફૂલ રાજાના કુંવરોને આપ્યાં ને રૂપિયા બ્રાહ્મણોને વહેંચાવી દીધા. આ બધું જોઈ રાજા તથા કારભારીઓને સ્વામીનો ખૂબ ભાર પડ્યો.

બીજે દિવસે રાજગુરુ બાવાજીએ રાજાને કહ્યું કે, 'આ કોઈ પ્રતાપી પુરુષ છે. રૂપ-ગુણે સંપન્ન છે ને ધન-સ્ત્રીમાં લેવાતા નથી; પરંતુ જો તારે રાખવા હોય તો તેને તારી રાજકુંવરી પરણાવ ને અમુક રાજપાટ આપી દે.' રાજાને તે વાત ગમી ગઈ. પછી સ્વામી જતા ન રહે તે માટે બે સિપાઈ તેમના ચોકી-પહેરા તરીકે નીમી દીધા. તેથી સ્વામી જ્યાં જાય ત્યાં પોલીસ પાછળ પાછળ ફર્યા કરે. સ્વામીને જરા અંદાજ આવી ગયો. એક દિવસ રાજાના કુંવરો સ્વામી પાસે આવ્યા. સ્વામીએ તેમને પૂછ્યું કે, 'રાજા તથા ગુરુ અમારા વિષે કાંઈ વાતચીત કરે છે ?' ત્યારે કુંવરોએ ભોળપણમાં બધી વાત કરી દીધી કે, "આપને અમારાં બહેન પરણાવવાનાં છે ને તેની બધી તૈયારી ચાલી રહી છે; તથા અમુક રાજપાટ આપને અર્પણ કરી અમો બધા આપના શિષ્યો થઈને રહેશું એવું નક્કી કર્યું છે."

ચોકી મૂકી દરવાજે, ને રાખી ખાનગી વાત;

પણ સ્વામી અદ્‌ભુતાનંદને, હતા સહજાનંદ સાક્ષાત.

ભગવાન જેના ભેરુ હતા એવા સ્વામીએ આ વાત સાંભળતાં જ વિચાર કર્યો કે, "ઘરનું ને સ્ત્રીનું બંધન છોડી મહામહેનતે સાધુ થયો, ત્યાં આ આવું મોટું બંધન આવી પડ્યું; આ તો છોડવું બહુ મુશ્કેલ ! હે મહારાજ ! હે દયાળુ પ્રભુ ! કૃપા કરો...કૃપા કરો... આપની માયામાંથી આપ જ ઉગારો." સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કરતાં આંખો મીંચી ભજનમાં બેસી ગયા ને આખી રાત ભજન કર્યું. રાત્રીના ત્રણેક વાગ્યે સિપાઈઓને સૂતેલા જોઈને સ્વામી નાસી ગયા. થોડે દૂર જઈ નદીના ઊંડા કોતરમાં છુપાઈ ગયા. સવારે રાજાને ખબર પડી તેથી ચોતરફ ઘોડેસ્વાર મોકલ્યા, પરંતુ સ્વામીનો ક્યાંય પત્તો લાગ્યો નહીં. તેથી રાજા ઉદાસ થઈ ગયો.

એક દિવસ બાદ સ્વામી કોતરમાંથી બહાર નીકળ્યા. રસ્તામાં સંઘવા શહેરની પોઠ જતી હતી. તેની ભેળા ચાલવા લાગ્યા. બગલમાં પૂજા રાખવાનો ખલકો છે ને માત્ર કૌપીન પહેરી છે. એક ગાઉ સુધી પોઠ સાથે ચાલ્યા. પછી પોઠથી જુદા પડી, મહારાજની મૂર્તિને હૈયામાં ધારી અતિ ઉતાવળા ચાલવા લાગ્યા. **સાંજ થતાં તો પૂરા ચાલીસ ગાઉ ચાલી સંઘવા શહેર પહોંચી ગયા.** જોયું તો શહેરનો દરવાજો બંધ થઈ ગયો હતો. બાજુમાં શિવાલય હતું. સ્વામી ત્યાં ગયા. બેસવા પ્રયત્ન કર્યો, પરંતુ પગ ચાલી ચાલીને થાંભલા જેવા થઈ ગયા હતા. માંડ-માંડ નીચે બેસી શક્યા. ભૂખ-તરસ તો ખૂબ જ લાગી હતી.

બરાબર એ જ વખતે દરવાજાની બારી ખોલીને બે બ્રાહ્મણો શિવનાં દર્શન કરવા આવ્યા. સ્વામી સાથે વાતચીત કરતાં પૂછ્યું કે, 'આપ ક્યાંથી આવો છો ?' ત્યારે સ્વામી કહે, 'કંજબારીથી આવું છું.' બ્રાહ્મણો અતિ આશ્ચર્ય પામ્યા. પછી કહે, 'આટલું બધું લાબું અંતર કાપ્યું છે તો આપ બહુ ભૂખ્યા થયા હશો.' ત્યારે સ્વામી કહે, 'ભાઈ ! અમે ભૂખ્યા ને તરસ્યા બન્ને છીએ.'

પછી બ્રાહ્મણો પોતાને ઘેરથી ખીચડી ને પાણી લઈ આવ્યા. સ્વામીએ પથ્થર ધોઈ તે ઉપર ખીચડી મૂકી ને તુંબડીમાં પાણી લીધું. પછી સ્વામી ખીચડી જમી પાણી પીને ઓટા ઉપર જ સૂઈ રહ્યા. સવારે પેલા બ્રાહ્મણો સ્વામીને શહેરમાં લઈ ગયા. ત્યાં થોડાક દિવસ રોકાઈ સ્વામીએ મુમુક્ષુ

જીવોને સત્સંગ કરાવ્યો.

♦ ફરીવાર માયાના પસારામાં ન લેવાણા :

પછી સ્વામી સંઘવા શહેરથી નીકળીને **માલેગામ** આવ્યા. ત્યાં ત્રણ દિવસ રોકાઈ સત્સંગની વાતો કરી. ત્યાંથી નીકળી ધુળિયા ગામની પાસે **મેથી ગામ**માં આવ્યા. નદીમાં સ્નાન કરી ભજન કરતા હતા. એવામાં એક અતીત બાવાજી નદીમાં સ્નાન કરવા આવ્યા. તેને અદ્ભુતાનંદસ્વામીનું રૂપ તથા ભજનપરાયણ જીવન બહુ જ ગમી ગયું. આ બાવાજી લાખોપતિ સદ્ગૃહસ્થ હતા. તેમને પરિવારમાં બે યુવાન દીકરીઓ તથા એક પત્ની હતી. તે બધાં જ સાધુ-સંતોમાં બહુ આદરભાવવાળાં હતાં. તેથી બાવાજીએ સ્વામીને પૂછ્યું, 'મહાત્માજી ! અમારા દેવાલયે જમવા પધારશો ? અમે અતીત બાવાજી છીએ, પરંતુ બ્રાહ્મણ રસોઈ કરે છે માટે આપ પધારો.'

સ્વામી તેની સાથે ગયા. થોડીવાર સત્સંગ-ભજન કર્યાં ત્યાં જમવાનું તૈયાર થયું. પછી સ્વામી હાથ-પગ ધોઈ પતરાવળામાં જમવા બેઠા. નહિ કોઈ ફંદા કે નહિ કોઈ માંગણી; નીચું જોઈ ફક્ત પ્રભુસ્મરણ સાથે સ્વામી જમવા લાગ્યા. સ્વામીની આ બધી સાધુતા ભરી રીત અને સૌમ્ય પ્રકૃતિ જોઈ બાવાના આખા પરિવારને સ્વામીમાં બહુ જ હેત થયું. તેમાં પણ ઘરમાં રહીને આ બધું જોઈ-સાંભળી રહેલી બાવાજીની બે યુવાન કુંવરીઓ તો સ્વામીનું અદ્ભુત રૂપ જોઈને મોહ પામી ગઈ. તેમણે તેમના પિતાને કહ્યું : 'આ જ અમારે લાયક પતિ છે. ગમે તે થાય તમે અમને આમની સાથે જ પરણાવો.' બાવાજી ખૂબ ધનવાન હતો, પણ તેને દીકરો ન હતો એટલે દીકરીઓમાં ખૂબ હેત હતું. પુત્રીઓનો મનપસંદ ઘરજમાઈ મળે એવું ગોતતો જ હતો. એમાં આવા સારા મહાત્માજી સામેથી મળી ગયા.

બાવાજીએ મનમાં વિચાર કર્યો કે, 'જો હું વ્યાવહારિક બધું વિચારવા રહીશ તો આ બાપજી વૈરાગ્યવાન લાગે છે તેથી જતા રહેશે. પરંતુ જો અત્યારે જ સાક્ષીએ સહિત લખત કરાવી મારી સંપત્તિ ને દીકરીઓ સોંપી દઉં તો કાયમી રોકાઈ જાય.' પછી સ્વામીને એકાંતમાં ઉતારો આપી પોતે એક લેખ કર્યો. તેમાં લખ્યું કે, 'સાંઠ હજાર રૂપિયા રોકડા અને મારી રૂપરૂપનું ધામ એવી બન્ને કુંવરીઓ હું તમને આપું છું. આપને અહીં જ

ઘરજમાઈ તરીકે રહેવાનું ને મારી હયાતી બાદ મારી બે લાખ રૂપિયાની સંપત્તિ આપની જ છે.' આવો લેખ કરી બાવાજીએ ગામના આગેવાનોની સહી લીધી. પછી સમય જોઈ સ્વામીના હાથમાં તે લેખ આપ્યો.

સ્વામીએ લેખ વાંચ્યો. તરત જ વિચાર થયો કે, "ભગવાનની મહામાયાનું કેવું પ્રબળપણું છે ! હજુ રાજ્યનું મહાબંધન છોડીને આવ્યો ત્યાં આ બીજું આવી પડ્યું ! હું તો ભગવાન પામવા નીકળ્યો છું. મારા લક્ષમાં આ સ્ત્રી-ધન આડરૂપ છે. માટે મારે આનું કશું જ કામ નથી, પરંતુ આ અજાણ્યા દેશમાં કળથી કામ લેવું પડશે." પછી બાવાજીને લેખ પાછો આપતાં કહ્યું, 'સારું મુહૂર્ત આવે એટલે હું નિર્ણય કરું. અત્યારે લેખ મૂકી રાખો. હું પહેલા જંગલ જઈ સ્નાન કરી આવું છું.' બાવાજીને વિશ્વાસ બેસી ગયો. પણ સ્વામી તો મેથી ગામ મૂકી તત્કાળ ચાલી જ નીકળ્યા. બાવાજીને તો મનમાં એમ કે, 'મારી રાજ્ય જેવી સુખ-સાહેબી ને અત્યંત રૂપવાન કુંવરીઓ મૂકીને આ મહાત્મા ક્યાંય નહિ જાય.' પરંતુ તેમને ક્યાં ખબર હતી કે –

એવી વસ્તુ કોણ છે આ ભૂમાં, જેમાં લોભે જે લોભ્યા પ્રભુમાં.
સંસાર તો સર્વ અસાર જાણી, જ્ઞાની તજે તેહ વિરાગ આણી;
જો અંતરેથી ઉલટી કરાય, તે પાછું ખાવા ચિત્ત શું ચહાય ?
જે જોગિ ઈન્દ્રાસન તુચ્છ જાણે, તે દ્રવ્ય ઈચ્છા ઉર કેમ આણે ?
સ્વાત્મા થકી ભિન્ન શરીર ધારે, ઈચ્છે નહિ દૈહિક સુખ ક્યારે.

(હરિલીલામૃત : ૩/૩/૪૨,૪૪)

आत्मानं चेद्विजानीयात् अयमस्मीति पुरुषः ।
किमिच्छन् कस्य कामाय शरीरमनुसंज्वरेत् ॥

(બૃહદારણ્યક : ૪/૪/૧૨)

આ પ્રમાણે જે પોતાને ત્રણ શરીરથી જુદો શુદ્ધ બ્રહ્મસ્વરૂપ માનતો હોય અને પરબ્રહ્મના આનંદથી પરિપૂર્ણ હોય તે આલોક-પરલોક સંબંધી તુચ્છ માયિક સુખ શા માટે ઈચ્છે ?

પછી અદ્‌ભુતાનંદસ્વામી ફરતાં ફરતાં **ઉજ્જૈન** શહેરમાં આવ્યા. ક્ષિપ્રા નદીમાં સ્નાન કરી મહાકાલેશ્વરનાં દર્શન કર્યાં. ભિક્ષાવૃત્તિ કરી ધર્મશાળામાં

ઊતર્યા. બે દિવસ મુમુક્ષુઓને ભગવાનના મહિમાની વાતો કરી. પછી વિચાર્યું કે, 'હવે મહારાજનાં દર્શન થાય તો સારું, માયા વિઘ્ન કરવા પાછળ પડી છે.' પછી દર્શને જવાનું ધારી ઉજ્જૈનથી ચાલ્યા તે ફરતાં ફરતાં બુરાનપુર આવ્યા.

બુરાનપુરમાં નરનારાયણાનંદસ્વામી, કૃષ્ણાનંદસ્વામી અને પૂર્ણાનંદ સ્વામી એ ત્રણ સંતો મળ્યા. ઘણા દિવસે સંતોનાં દર્શન થયાં, તેથી સ્વામીને અંતરમાં બહુ આનંદ થયો. ભેગા મળી બધાએ સુખ-દુઃખની તથા મહારાજે કરેલી રક્ષાની ખૂબ વાતો કરી. પછી ચારેય સંતોએ વિચાર કર્યો કે, આપણે મહારાજનાં દર્શન માટે જઈએ. પછી પ્રેમાનંદસ્વામી સંગીત શીખવા માટે ત્યાં રોકાયા હતા તેમને પણ સમજાવી સાથે લીધા. આમ, આ પાંચેય સંતો બુરાનપુરથી નીકળ્યા તે સો ગાઉ સુધી સાથે ચાલ્યા. પછી ફરી એકલા એકલા ચાલવા માંડ્યા.

અદ્‌ભુતાનંદસ્વામી ફરતાં-ફરતાં ચરોતર પ્રદેશના **ગાના ગામ**ને સીમાડે આવ્યા. એક કોઠીનાં ઝાડ નીચે વિશ્રાંતિ લીધી. છ દિવસના લાગટ ઉપવાસ થયા હતા. ભૂખ કહે કે મારું કામ. કોઠીનાં કોઠાં નીચે પડ્યાં હતાં. તે ખાવા લાગ્યા, પણ ખૂબ ખાટાં હોવાથી ખાઈ શક્યા નહિ. ગામમાં ભિક્ષા લેવા ગયા. ત્યાં ગામની ભાગોળે એક પાટીદાર સ્વામિનારાયણનો દ્વેષી હતો. તેણે સ્વામીનો તિરસ્કાર કરી ગામમાં પેસવા ન દીધા. પછી ત્યાંથી **નડિયાદ** ગયા તો ત્યાં પણ કોઈએ ભિક્ષા ન આપી. પછી ત્યાંથી ડભાણ આવ્યા. આજે સ્વામીને આઠમો ઉપવાસ હતો. ત્યાં ભિક્ષામાં ભોજન મળ્યું. ચાર દિવસ રોકાઈ લાંબા પ્રવાસનો થાક ઉતાર્યો. પછી બુધેજ, કમિયાળા, ધોલેરા થઈ ચાલ્યા. જાણવા મળ્યું કે હાલ મહારાજ લોયા બાજુ છે. તેથી સ્વામી નાગડકા આવી સીમમાં રહ્યા. એ વખતે આજ્ઞા વિના દર્શને ન આવવું એવું મહારાજે પ્રકરણ ચલાવેલું.

સ્વામીએ કોઈ દ્વારા સમાચાર મોકલાવ્યા કે, 'આપની આજ્ઞા પ્રમાણે ખાનદેશમાં વિચરણ કરીને અદ્‌ભુતાનંદસ્વામી આવ્યા છે, તો આજ્ઞા હોય તો દર્શને આવે.' મહારાજે સંમતિ આપી. ઘણા દિવસથી મહારાજનાં દર્શનના વિરહી થયેલા. તેથી ઝડપથી લોયામાં સુરા ખાચરના દરબારમાં પહોંચ્યા.

અદ્‌ભુતાનંદસ્વામીને આવતા જોઈને મહારાજ સામા જઈને ઘણા

સ્નેહથી બાથમાં લઈ મળ્યા. પછી સ્વામીને એમ ને એમ બાથમાં રાખીને ઓસરી પર પોતાના ઢોલિયા પાસે બેસાર્યા ને સત્સંગના સર્વે સમાચાર પૂછ્યા. પછી ક્યાં કેવાં કષ્ટ પડ્યાં ? માયાનાં કેવાં વિઘ્નો આવ્યાં ? કેવી રીતે બચ્યા ? તે બધી વાત મહારાજે સભામાં વિગતવાર ફરીને કહેવડાવી.

પછી મહારાજે સભામાં કહ્યું, **"આ સાધુ તો બહુ મોટા છે, મુક્તાનંદ સ્વામી જેવા છે. જે માયાએ બ્રહ્મા, શિવ, ઈન્દ્ર, ચંદ્ર અને સૌભરી જેવા અનેક દેવો, ઈશ્વરો, ઋષિઓને પછાડ્યા છે, તે માયાને લાત મારી નિર્બંધ રહીને સ્વામી આવ્યા છે. તેમનો વૈરાગ્ય તો જેમ કોઈએ યુદ્ધમાં સામી છાતીએ ઘા ઝીલ્યા હોય તેમ શોભે છે. માટે સ્વામીને લાખો ધન્યવાદ છે !"** પછી અદ્‌ભુતાનંદસ્વામીને ઊભા કરીને સર્વને કહ્યું કે, **"આ સંતનાં દર્શન કરો. એમનાં દર્શન તે અમારાં દર્શન તુલ્ય છે."** પછી સ્વામીને રાજી થઈને પોતાના થાળની પ્રસાદી આપીને જમાડ્યા ને ખૂબ રાજીપો દર્શાવ્યો. આમ, અદ્‌ભુતાનંદસ્વામી સર્વોપરી શ્રીહરિનો મહિમા, નિષ્ઠા અને પ્રીતિના બળે આવા અજોડ માયાજીત બની ગયા હતા.

♦ *શ્રીહરિના મુખે સ્વામીની વિશેષતાઓ :*

એકવાર અદ્‌ભુતાનંદસ્વામી મંડળ સાથે દેશમાં ફરવા ગયા. તેમનું બ્રહ્મચર્યવ્રત, અડગ નિષ્ઠા અને શ્રીહરિના સ્વરૂપમાં લાગેલી અખંડવૃત્તિને કારણે ઘણા જીવો ભગવાનમાં ખેંચાયા. દર્શન અને ઉપદેશથી અનેક જીવોને પાવન કર્યાં. પર્વત સમાન ધીરજવાળા અને પૃથ્વી સમાન ક્ષમાભાવનાવાળા સ્વામી કપિલ ભગવાન સમાન જ્ઞાની હતા. શુકદેવજી અને ઋષભદેવ ભગવાનની જેમ દેહાતીત સ્થિતિમાં વિચરણ કરતા. દર્શન થતાં જ લોકો કહેતા કે, "આ જગવિરક્ત સંત છે."

बहून्संसारपाथोधेस्तारयामास देहिनः ।
शुकार्षभतनूरीतिर्लोकसाधुविलक्षणः ॥१०॥

વિચરણ દ્વારા સહજમાં અનેક જીવોનો સંસાર-સાગરથી ઉદ્ધાર કર્યો. સ્વામી જે કરવાથી શ્રીહરિ રાજી થાય તેવી જ ક્રિયા રાત-દિવસ કરતા. તેમના હૈયામાં સતત શ્રીહરિ અને સંતોને રાજી કરવાનો આલોચ રહેતો, તેથી ઘણા લોકોએ તેમનું સન્માન કર્યું, છતાં અહંશૂન્ય રહ્યા. પોતાનો તમામ

સમય તેઓ અખંડ શ્રીહરિની સેવા-ભક્તિમાં વિતાવતા. તેથી તેમનામાં કામ, ક્રોધ ને લોભાદિક અધર્મસર્ગના દોષો પ્રવેશી શકતા નહીં. આવા વિરલ સંતને દેશાંતરમાં વિચરણ કરતાં શ્રીહરિ સાંભરી આવ્યા. તેથી જેમ હંસો માનસરોવર તરફ જાય, તેમ શ્રીહરિને મળવા આતુરતાપૂર્વક ગઢપુર આવ્યા.

આ સંતને આવતા સાંભળી શ્રીહરિ પણ સખાઓ સાથે તેમને મળવા ઘેલાના ઘાટ સુધી ગયા. જેમ શુકદેવજીને દેખીને વ્યાસમુનિને આનંદ થયો હતો, તેવો જ આનંદ અદ્‌ભુતાનંદસ્વામીને આવતા જોઈને શ્રીજીમહારાજને થયો. પછી શ્રીહરિ કહે, "દેવર્ષિ નારદાદિક મોટા ઋષિઓ અને શિવ-બ્રહ્માદિક દેવોને જેની ઈચ્છા થઈ હતી એવી સ્ત્રીને પરણીને તરત જ લગ્નમંડપથી પત્નીનો ત્યાગ કરનાર આ સંત છે. વનમાં રહેનારા કોઈ મહાન ઋષિ હોય એવા આ તપસ્વી સંત પોતાની મનોવૃત્તિને અખંડ મારા સ્વરૂપમાં જોડી રાખે છે. **અત્યારે તેમનું આયુષ્ય પૂર્ણ થઈ ગયું હતું, પરંતુ મેં કાળને પાછો હઠાવી તેમનું આયુષ્ય વધારી દીધું છે. જેમનાં દર્શન અને ઉપદેશથી મુમુક્ષુ જીવોનો મોક્ષ થાય એવા આ સ્વામી અમારા પછી ત્રણ આચાર્ય પર્યંત સત્સંગની સેવામાં રહેશે. અસંખ્ય ભક્તો તેમને ભવિષ્યમાં ખૂબ જ ચાહશે.** નારદજીની જેમ ઉદાર અને તેજસ્વી એવા આ સ્વામી અનંતનાં માયાનાં બંધન કાપી સદા સત્સંગમાં વિચરતા રહેશે."

શ્રીહરિ આમ તેમની પ્રશંસા કરતા હતા ત્યાં જ સ્વામી તેમની નજીક આવી ગયા. ભક્તિભાવથી દર્શન કર્યાં. આંખમાંથી આંસુની ધારા થઈ. શરીર રોમાંચિત થઈ ગયું. બે ઘડી પર્યંત સમાધિ-દશાને પામી ગયા. ત્યારબાદ જાગ્રત થઈ શ્રીહરિને પગે લાગ્યા અને કહે, "હે નાથ ! આજ આપનાં દર્શનમાત્રથી મારા અંતરમાં પરમ શાંતિ થઈ. જે જે મનુષ્યને આપનાં દર્શન થયા છે કે હવે પછી થશે, તે બધા જ મહાન પુણ્યાત્માઓ છે. તે ભાગ્યશાળી પુરુષો ભવિષ્યમાં સંસાર-સાગરમાં ડૂબતા જીવોને તારવા માટે નૌકા સમાન બની રહેશે. જેણે પોતાના મનને વશ રાખીને સો જન્મ સુધી બ્રહ્મચર્ય પાળ્યું હોય, કોઈ પ્રકારનું પાપ ન કર્યું હોય તેને જ આપનો યોગ થાય છે. હે દયાનિધિ ! આ અવતારમાં આપે જીવોનાં કલ્યાણ કરવા માટે જે સર્વોપરી ઐશ્વર્ય પ્રગટ કર્યું છે, તે જોઈ મારા હૈયામાં આનંદનો સાગર રેલાયો છે. હે નાથ ! સ્ત્રી અને ધન આ બે જીવોને વળગેલાં અનાદિ

અવિદ્યારૂપ માયાનાં બંધન છે. તેને મેં આપની કૃપાથી જ છોડી દીધાં છે.” પછી શ્રીહરિએ સ્વામીને સાથે લઈ ઘેલા નદીમાં સ્નાન કર્યું. તે સ્થળ આજે **‘અદ્‌ભુતાનંદ ઘાટ’** તરીકે કહેવાય છે. (સંદર્ભ : ઉન્મત્તગંગા માહાત્મ્ય અ.૧૩૫)

♦ *પ્રભુમાં પરાપ્રીતિ :*

શ્રીહરિએ વચ.મ.૨૯માં જેને ભગવાનમાં ગાઢ આસક્તિ થઈ હોય તેનાં આવાં લક્ષણો બતાવ્યાં છે :

(૧) માર્ગે ચાલીને અત્યંત થાકી ગયો હોય. (૨) કોઈ મોટા રોગે કરીને અતિશય પીડા પામ્યો હોય. (૩) ગમે તેવું પોતાનું અપમાન થયું હોય અને (૪) ગમે તેટલી મોટી રાજ્યસમૃદ્ધિના યોગમાં રહેતો હોય; પણ જો પોતાના પ્રિયતમ પ્રભુનાં દર્શન, કથા, કીર્તન જેવો પ્રસંગ આવે તો જાણે ઉપરની ચારમાંથી એકેય બાબત બની જ નથી એવો બની જાય ને તે દર્શન-કથા-કીર્તન માટે તત્પર થઈ જાય, તો તેને પ્રભુમાં પ્રગાઢ પ્રીતિ થઈ કહેવાય. સદ્.શ્રીઅદ્‌ભુતાનંદસ્વામીના જીવનમાં આ લક્ષણો સ્પષ્ટ જોવા મળે છે.

એકવાર સદ્.શ્રીમુક્તાનંદસ્વામી વગેરે ૭૫ સંતો ગુજરાતમાંથી મહારાજનાં દર્શન માટે ગઢપુર આવી રહ્યા હતા. તે વખતે અદ્‌ભુતાનંદ સ્વામીના જમણા પગમાં વાળો (શરીરમાંથી અતિ પીડાદાયક પાતળો તંતુ નીકળે તેવો રોગ) નીકળેલો. તેની પીડા થતી હતી તોપણ પ્રભુદર્શનની તાલાવેલીને કારણે તેને સહન કરીને ભાલમાં ચોકડી ગામ સુધી ચાલ્યા. ત્યાં સહુ રાત રોકાયા. આખો દિવસ ચાલ્યા હોવાથી સવાર થતા અદ્‌ભુતાનંદ સ્વામીનો પગ સૂજી ગયો ને અસહ્ય પીડા ઊપડી. તેથી મુક્તાનંદસ્વામી કહે, “તમે અહીં જ રોકાઈ જાવ. તમારી સેવામાં હું સાધુ તથા હરિભક્તોને ગોઠવી દઉં.”

અદ્‌ભુતાનંદસ્વામીને પ્રિયતમ પ્રભુજીનાં દર્શન ન થાય તે આના કરતાં પણ અધિક પીડા લાગી. તેથી તેમણે કહ્યું, “સ્વામી ! મને જો એક લાકડી અપાવો તો હું તેને ટેકે ખંગડાતો-ખંગડાતો ગઢપુર પહોંચી જઈશ.” પછી તે રીતે છેક **કુંડળ** સુધી આવ્યા. ત્યાં સંતસ્નેહી **રાયબામાને** તેની જાણ થતાં તરત જ પોતાનું બળદગાડું તૈયાર કરીને આપ્યું. પછી અદ્‌ભુતાનંદસ્વામી તથા મુક્તાનંદસ્વામી તેમાં બેસીને ગઢપુર આવ્યા. ત્યાં મહારાજનાં દર્શન

કરી પરમ શાંતિ પામ્યા. પૂ.સ્વામીને મહારાજમાં આવી પ્રગાઢ પ્રીતિ હતી.

અદ્‌ભુતાનંદસ્વામીને શ્રીહરિમાં આવી પ્રીતિ હતી તેના ઉપરથી એ પણ ખ્યાલ આવે છે કે, તેમને મહારાજનો મહિમા પણ અતિ દઢપણે સમજાયો હશે. એ મહિમા તથા પ્રીતિને કારણે તેમને પ્રભુમાં આત્મબુદ્ધિ વર્તતી હતી; અને તે આત્મબુદ્ધિને કારણે તેમને મહારાજનાં દર્શન, વચન, રાજીપો કે પ્રસાદી તે બધું બહુ જ ગમતું હતું.

♦ *પ્રભુ પ્રસાદીનો પણ કેટલો મહિમા !!*

એકવાર સ્વામીને **ગઢડામાં** તાવ આવતો. તેથી પોતે લક્ષ્મીવાડીમાં આરામ કરતા; પરંતુ મહારાજનાં દર્શન-સ્પર્શાદિકની ઈચ્છા બહુ રહેતી હોવાથી શરીરે થોડું સારું થાય એટલે તરત દરબારમાં આવી તે લાભ લઈ લે.

એક દિવસ પ્રભુ પોતે સંતોની પંક્તિમાં પીરસતા હતા. ભવ-બ્રહ્માદિકને દુર્લભ એવી પ્રગટ પુરુષોત્તમના હાથની પ્રસાદી જમવાની સ્વામીને ઈચ્છા થઈ, પણ બીમાર હોવાથી બેઠા નહીં. એમ સતત ચાર દિવસ ગયા. ત્યારે પાંચમે દિવસે દેહની પીડા નહિ ગણીને પણ દિવ્ય પ્રસાદી લેવા પંક્તિમાં બેસી ગયા.

પ્રભુએ પ્રથમ ચાર લાડુ આપ્યા. પછી બે આપ્યા. ત્રીજીવાર સ્વામીએ ના પાડી તોય મહારાજે બે લાડુ આપ્યા. પછી ચોથી વારે બે લાડુ લે તેને બે ચરણારવિંદ આપવાની મહારાજે લહાણી કરી એટલે સ્વામીએ બે લાડુ લીધા. કુલ ૧૦ લાડુ જમી ગયા. પછી પાંચમી વખતે પ્રભુએ કહ્યું, “આ માંદો હવે એક લે તો તેને બે ચરણારવિંદ આપું.” ત્યારે સ્વામીએ તરત એક લાડુ લીધો. પછી છઠ્ઠી વખતે કહ્યું, “હવે એક લાડુ લે તો બે ચરણારવિંદ અને બે હાથ માથે મૂકવા.” તે રાજીપાના લોભે સ્વામીએ તો બારમો લાડુ પણ લીધો ને જમી ગયા. પછી મહારાજે તેમના માથે એક-એક ચરણ વારાફરતી મૂક્યો અને હાથ એંઠા હોવાથી ધોયા પછી મૂકીશું એમ કહ્યું. ત્યારે સ્વામી કહે, “મહારાજ ! ધર્મના કામમાં ઢીલ નહિ, એંઠા જ મૂકો.” પછી મહારાજે ઘીવાળા બન્ને હાથ માથે મૂક્યા તેથી સ્વામીને બહુ જ આનંદ થયો. તેમનો આવો મહિમા તથા પ્રીતિ છે તે જોઈને શ્રીહરિ તથા સર્વ સંતો પણ બહુ જ રાજી થયા.

વહાલા ભક્તો ! સદા લૂખું-સૂકું જમવાની રુચિવાળા તથા લાખોની ધનસંપત્તિ, રાજ્ય, સત્તા કે સ્ત્રીમાં નહિ બંધાનારા એવા મહાવૈરાગી અદ્‌ભુતાનંદસ્વામીને પુરુષોત્તમના હાથની પ્રસાદીનો આટલો મહિમા છે તો સ્વયં શ્રીહરિનો કેટલો મહિમા હશે ! એ સમજવા જેવું છે. એટલે જ તેઓ મહારાજની નાની સરખી મરજીને પાળવા તથા તેમની પ્રસન્નતાને અર્થે ત્રણ દેહને ઘસી નાખવા સદા તત્પર રહેતા.

મહારાજને ધોલેરામાં મંદિર બાંધવું હતું, પણ ત્યાં બહુ પ્રકારની મુશ્કેલી હોવાથી કોઈ ત્યાંના મહંત બનવા તૈયાર નો'તા થતા. ત્યારે અદ્‌ભુતાનંદસ્વામી માંદા હતા છતાં મહારાજની મરજી જોઈને તરત હા પાડી. તો મહારાજ અત્યંત રાજી થયા. પછી પોતાની પૂજાના શાલીગ્રામ, માથે બાંધેલું મોળિયું તથા ટોપી અને બુરાનપુરી શેલું આ બધું જ પ્રસાદી તરીકે રાજી થઈને મહારાજે આપ્યું. પછી ધોલેરા મંદિરમાં રહી ખૂબ સેવા કરી મહારાજનો રાજીપો લીધો. ધોલેરા મંદિરમાં સ્વામી સેવા કરવા ગયા ત્યારે પાણીની ખૂબ તાણ રહેતી. આ દુઃખથી મુક્ત કરવા ભક્તવત્સલ ભગવાન શ્રીહરિએ પોતાની ગાડી, તેને જોડવાના ગાંડો અને પારેવો નામના બે બળદ અને વાલજી નામનો ખેડૂત આપ્યા હતા.(વિસ્તાર : અદ્.વાત.૧૫૫) વળી, બોટાદના હમીર ખાચરને શ્રીહરિનો નિશ્ચય કરાવ્યો. ભદામ ગામમાં સત્સંગ કરાવ્યો. પોતે શ્રીહરિના સર્વોપરી મહિમાની વાતો કહી. તે તમામ આ જ ગ્રંથમાં ક્રમથી ૧૪૨, ૧૮૫, ૨૧૨, ૨૧૩માં વિસ્તારથી વર્ણવેલી છે.

♦ *વડતાલ દેશમાં મોટેરા કર્યા :*

અખંડાનંદ વર્ણીએ પુરુષોત્તમકવચમાં કહ્યું છે કે,

'अद्‌भुतानन्दमुनिर्भवाब्धे... !' અસંખ્ય જીવને ભવસાગરમાંથી તારનારા આ અદ્‌ભૂતાનંદસ્વામી મહાન સંત છે. તે અમારી સંસારસાગરથી રક્ષા કરો. ભવસાગર તારનારા આ ખેવટિયા સંતની અનેક વિશેષતાઓ અને મહાનતાઓ છે. શ્રીહરિ ધામમાં ગયા પછી પણ સ્વામીએ ભાલ વિસ્તારના અનેક ગામોમાં સત્સંગ કરાવ્યો હતો. વળી, સંપ્રદાયના આધાર-સ્થંભ સમાન વ્યાસાવતાર નિત્યાનંદસ્વામી અને યોગીરાજ ગોપાળાનંદસ્વામી સં.૧૯૦૮માં ધામમાં ગયા ત્યારે સંપ્રદાયમાં શોકનું જબ્બર મોઝું ફરી વળ્યું

હતું. સત્સંગસમાજને આ બન્ને મહાપુરુષના વિયોગથી મુક્ત કરવા રામચંદ્ર ભગવાનના અવતાર સમા આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજે સં.૧૯૦૯ના કાર્તિકી સમૈયામાં એક અજોડ અને સહુને પ્રેરણા આપે એવું કાર્ય કર્યું. આ વર્ષની કાર્તિકી પૂનમે જેમ શ્રીહરિ સહુ સંતને માનતા, પૂજતા ને આદર આપતા તેમજ આચાર્યશ્રીએ સંતોની પ્રેમથી પૂજા કરી.

ધોતિયાં સંત સૌને ઓઢાડ્યાં, ખરા હેતનાં ચિહ્ન દેખાડ્યાં;
પંચ સંતને સદ્‌ગુરુ સ્થાપ્યા, ગાદિ તકિયા બેસવા આપ્યા.

હૈયાના હેતથી આચાર્યશ્રીએ વિદ્વદ્વર્ય સદ્.શ્રીઅખંડાનંદ બ્રહ્મચારી, શ્રીહરિના જમણા હાથ સમાન શુકાનંદસ્વામી, વચનની મૂર્તિ ભાયાત્માનંદ સ્વામી, અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામી અને વડતાલના મહંત અક્ષરાનંદ સ્વામી – આ પાંચને ગાદી-તકિયા આપી સદ્‌ગુરુ બનાવ્યા. વળી, સદ્. શ્રીપવિત્રાનંદસ્વામી, સદ્.શ્રીઅદ્‌ભુતાનંદસ્વામી, સદ્.શ્રીસુપર્ણાનંદ સ્વામી, સદ્. શ્રીસર્વનિવાસાનંદસ્વામી, સદ્. શ્રીવિજ્ઞાનાનંદસ્વામી અને સદ્. શ્રીહરિહર્યાનંદસ્વામી – આ છ સંતોને સત્સંગના મોટેરા બનાવ્યા અને તેમની પૂજા કરી સહુ ભક્તોને શ્રીહરિની પેઠે સેવવા-પૂજવાનું કહ્યું.

જોઈ રાજી થયા સહુ સંત, સત્સંગીઓ હરખ્યા અત્યંત;
સમૈયાના ગયા દિન જ્યારે, ગયા સત્સંગી સ્વસ્થાન ત્યારે.

જેમ આદરજમાં શ્રીહરિએ સત્સંગના હિત માટે ચાર સદ્‌ગુરુઓ સ્થાપ્યા હતા, તેમ આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજે આ સંતોને મોટેરા કર્યા; તેથી તમામ સંતો-ભક્તોને અતિ આનંદ થયો. આ છ મોટેરા સંતો કર્યા તેમાં પણ આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજને ગોપાળાનંદસ્વામીની જેમ અદ્‌ભુતાનંદ સ્વામી પર અતિશય આદરભાવ અને પ્રેમભાવ હતો. તેથી જ પછી ધોલેરાની મહંતાઈ અન્ય સંતને સોંપી અને અદ્‌ભુતાનંદસ્વામીને કાયમ વડતાલમાં રાખ્યા હતા. ત્યારે સ્વામીના મંડળમાં એક યાદી મુજબ ચૌદ સંતો હતા.

ગોપાળાનંદસ્વામીના શિષ્યના શિષ્ય પુ.રઘુવીરચરણદાસજીસ્વામીએ હસ્તલિખિત ખરડામાં પોતે જોયેલી-સાંભળેલી નોંધ લખી છે, તે આ મુજબ છે. સં.૧૮૧૯માં આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજે અંતિમ બિમારી ગ્રહણ કરી ત્યારે અદ્‌ભુતાનંદસ્વામી ખાંધલીમાં મંદિર કરાવતા હતા. ત્યાં ગાડી મોકલીને

સ્વામીને વડતાલ બોલાવ્યા. પછી રઘુવીરજી મહારાજે અદ્‌ભુતાનંદસ્વામીને કહ્યું કે, "તમારે હવે ફરવા જાવું નહીં ને આજથી હું ભગવત્‌પ્રસાદનો હાથ તમને આપું છું ને પાસે રહેવાની આજ્ઞા કરું છું." પછી ભગવત્‌પ્રસાદજી મહારાજને આજ્ઞા કરી કે, "તમારે જ્યાં જ્યાં જવું હોય ત્યાં આ સ્વામીને સાથે લઈને જવું." આમ સ્વામીશ્રીને આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજે વડતાલ દેશમાં સહુથી મોટેરા સંતનું પદ આપ્યું હતું.

ત્યારબાદ ભગવત્‌પ્રસાદજી મહારાજ સત્સંગ વિચરણમાં તથા ગોંડલ, મુંબઈ, વડોદરા જેવા શહેરોમાં પ્રતિષ્ઠા પ્રસંગોમાં પણ અદ્‌ભુતાનંદસ્વામીને સાથે જ રાખતા. સ્વામીની વૃદ્ધ અવસ્થા સારી રીત સુખાકારી માટે સ્પેશ્યલ વેલડું અને તેમાં સ્વામી આરામથી જઈ શકે એવો ઢોલિયો આપેલો. જે હાલ પણ વડતાલ બુરજ નીચે તેમના આસને આ પ્રસંગની સાક્ષી પૂરતો પ્રસાદીભૂત વિદ્યમાન છે. વળી, વડતાલ, ગઢપુર જેવાં ધામોમાં મોટા ઉત્સવોમાં પણ આચાર્યશ્રી સ્વામીને પોતાના અનુભવોની વાતો કરવાનું કહેતા. અને સ્વામી પણ આંખે દેખેલા અહેવાલો તથા જ્યારે જણાય ત્યારે સહુના ધર્મો નીડરપણે કહેતા; જે આ ગ્રંથને અંતે પરિશિષ્ટ-૧ તથા ૨ માં નમૂનારૂપે આચાર્યોદય ગ્રંથમાંથી અતિ ઉપયોગી જાણીને મૂક્યા છે.

♦ *વારણામાં હનુમાનજી પધરાવ્યા :*

વારણાના કૃષ્ણારામ ભટ્ટ તથા નારાયણભાઈ ઠક્કર વગેરે ભક્તોની સેવાભાવનાથી સ્વામી તેમના ઉપર ખૂબ રાજી થયા. એકવાર તે ભક્તોએ સ્વામીને પ્રાર્થના કરતા કહ્યું, "અમો વ્યવહારે દુબળા છીએ તેથી આર્થિક રીતે ઘણી મુશ્કેલી પડે છે." ત્યારે સ્વામી કહે, "તમો એક હનુમાનજીની સારી મૂર્તિ તૈયાર કરાવો. અમો પધરાવી દઈએ, તેથી તમારાં તમામ દુઃખ દૂર થઈ જશે.'

સ્વામીની આજ્ઞા પ્રમાણે વારણાના ભક્તોએ મૂર્તિ તૈયાર કરી. સં.૧૯૩૪માં ત્યાં પ્રતિષ્ઠાનું નક્કી થયું. ત્યારે સ્વામીની ૯૫ વર્ષની ઉંમર હતી, શરીરે ખૂબ અશક્તિ હતી. છતાં આચાર્ય શ્રીભગવત્‌પ્રસાદજી મહારાજ સ્વામીને ઢોલણીમાં સુવારી, તેને સીગરામમાં મૂકી પોતાની સાથે વારણા લાવ્યા. પછી સીગરામમાંથી સ્વામીને ઢોલણી સહિત નીચે ઉતાર્યા અને

હનુમાનજીની મૂર્તિ સ્વામીશ્રીને બતાવી. મૂર્તિ જોઈ સ્વામી અતિ રાજી થયા. અને કહ્યું, **"અહો..! મૂર્તિ તો ભારે સુંદર થઈ છે."** સ્વામીની નજર એક થાતાં મૂર્તિમાં અતિ ઐશ્વર્ય દાખલ થયું.

પછી ભક્તોએ મૂર્તિને પ્રતિષ્ઠા કરવાના સ્થાને લઈ જવા ઘણો પ્રયત્ન કર્યો, પરંતુ મૂર્તિ ખસી નહીં. છેવટે સહુએ સ્વામીને પ્રાર્થના કરી ત્યારે સ્વામી ઢોલણીમાં બેઠા થઈ મૂર્તિ સામું જોઈ બોલ્યા, "અરે બળિયા દેવ..! આટલા બધા ભક્તો તમારી સેવા કરવા તત્પર છે, માટે હળવા બની જાઓ." સ્વામી આટલું બોલ્યા ત્યાં મૂર્તિ હળવીફૂલ બની ગઈ. પછી બે-ત્રણ ભક્તોએ ઉપાડી પ્રતિષ્ઠા કરવાના સ્થાનમાં પધરાવી. આચાર્યશ્રીએ વૈદિક વિધિ કર્યો. પછી સ્વામીશ્રીએ હનુમાનજીની આરતી ઉતારી. તે સમયે હનુમાનજી પ્રત્યક્ષ પધાર્યા હોય તેમ સહુને મૂર્તિમાં અતિશય તેજ દેખાવા લાગ્યું. આરતી પછી સ્વામી અતિ રાજી થઈ મૂર્તિને બાથમાં લઈ ભેટ્યા ને કહ્યું, "**સાળંગપુરમાં મોટાભાઈ અને આ તેના નાનાભાઈ.** આ હનુમાનજી ભક્તોની તમામ ઈચ્છાઓ પૂરી કરશે અને સંકટો દૂર કરશે. માટે આનું નામ **સંકટભંજન હનુમાન છે.**" સ્વામીએ વારણામાં સ્થાપેલા હનુમાનજીએ આજ સુધીમાં અનેક ભક્તોનાં અનેક પ્રકારનાં દુઃખો દૂર કરી સુખિયા કર્યાં છે.

♦ અભેસિંહને પ્રત્યક્ષ પ્રભુનો અનુભવ :

અદ્‌ભુતાનંદસ્વામીના સેવા, સમર્પણ, ત્યાગ-વૈરાગ્ય, ભક્તિ, નિષ્ઠા જેવા અનેક સદ્‌ગુણોથી પ્રસન્ન થઈ આ સંતના ઋણમાંથી મુક્ત થવા માટે આચાર્ય શ્રીભગવત્‌પ્રસાદજી મહારાજે 'હરિલીલાપ્રદીપ' ગ્રંથમાં અદ્‌ભુતાનંદ સ્વામીને મુખ્ય વક્તાનું સ્થાન આપી સત્સંગમાં તેમને અમર બનાવ્યા છે. આ ગ્રંથના શ્રોતા લોધિકાના દરબાર અભેસિંહજી છે.

અભેસિંહ રાજા એકવાર થોડા સેવકો સાથે વડતાલ આવ્યા. મંદિરમાં લક્ષ્મીનારાયણ દેવ તથા અવતારી શ્રીહરિકૃષ્ણ મહારાજનાં દર્શન કરી, દંડવત્‌-પ્રણામ કરી, ત્યાંથી હરિમંડપમાં દર્શન કરી, સભામંડપમાં આવ્યા. ત્યાં આચાર્યશ્રી સહિત અનેક સંતોનાં દર્શન કર્યાં. બીજે દિવસે ગોમતીમાં સ્નાન કરી જ્ઞાનબાગમાં હાલ જ્યાં બેઠક છે ત્યાં ગયા. ને વેદિકાને પ્રદક્ષિણા કરી દંડવત કર્યા. તે જ સમયે ત્યાં બાજુમાં જ વૃક્ષની છાંયા નીચે ધ્યાનમગ્ન

અદ્ભુતાનંદ સ્વામીનાં દર્શન થયાં. **ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને પ્રત્યક્ષ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાનમાં સ્થિતિવાળા તથા કથા કરવામાં કુશળ** એવા સ્વામી ધ્યાનમાંથી જાગ્રત થયા. રાજાએ તેમને દંડવત્-પ્રણામ કરી બે હાથ જોડી હરિલીલાકલ્પતરુની કથા સંભળાવવાની પ્રાર્થના કરી.

તેમની વાત સાંભળી પ્રસન્ન થયેલા સ્વામી કહે, "તે ગ્રંથ અત્યંત મહાન અને સર્વોત્તમ છે. **મહારાજની સર્વોપરી નિષ્ઠા તથા ભક્તિ વધારનારો** છે, પરંતુ અતિ મોટો છે. માટે તે ગ્રંથના સારરૂપે ભગવાનની ઈચ્છાથી આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજે બનાવેલ 'હરિલીલાપ્રદીપ' ગ્રંથની કથા સંભળાવું. તથા મેં મહારાજની લીલા સાંભળી તથા જોઈ છે તે કલ્યાણકારી ચરિત્રો કહું."

આ સાંભળી અભેસિંહરાજા અતિ પ્રસન્ન થયા. પછી સ્વામીએ હરિલીલાપ્રદીપની કથા સંભળાવી. કથાને અંતે સ્વામીની કૃપાથી અભેસિંહને ભગવાન સ્વામિનારાયણે પ્રત્યક્ષ દર્શન આપ્યાં. ત્યારે રાજા કહે, 'હે બ્રહ્મ સ્વરૂપ અદ્ભુતાનંદસ્વામી ! આપના મુખથી શ્રીહરિની લીલારૂપી અમૃતનું પાન કરવાથી મહા આનંદ થયો. આજે હું કૃતાર્થ થયો છું. અત્યારે મને કોટિ કોટિ સૂર્ય-ચંદ્ર સરખા તેજોમંડળ મધ્યે ધર્મપુત્ર શ્રીહરિનાં રૂપ, ગુણ, ઐશ્વર્ય સહિત મંદ મંદ હસતા અલૌકિક દર્શન થાય છે.

અતિ શોભે છે પ્રભા મુખતણી રે, બન્ને નેત્રમાં કરુણા છે ઘણી રે;
રૂડાં વસ્ત્રો અને અલંકાર રે, એવા શોભે છે ધર્મકુમાર રે.

આમ એક મૂહુર્ત દર્શન આપી મહારાજ અંતર્ધાન થયા. પછી રાજા કહે, "હે યોગી ! તમારી પ્રસન્નતાથી આજ મહારાજનાં મને પ્રત્યક્ષ દર્શન થયાં." ત્યારે સ્વામી કહે, **"અવતારી શ્રીહરિનાં દર્શન થયાં તેવી જ રીતે અખંડ પ્રત્યક્ષભાવે ચિંતવન કરજો. સ્વધર્મમાં રહી નિરંતર પ્રગટ પ્રભુનું ભજન કરજો. અંતે મહારાજ અક્ષરધામમાં તેડી જશે."** આમ, સ્વામીની કૃપાથી અનેક ભક્તો પ્રત્યક્ષ પ્રભુનો અનુભવ કરી મહાસુખિયા થયા હતા.

આવા સંત તણા ગુણ ગાઈએ, કરી વર્ણન સુખિયા થાઈએ;
હરિ સારુ જુવાની ગાળી, રાજી કીધા વા'લો વનમાળી.
એવા સંતતણી બલહારી, થાયે સુખી એ સંતને સંભારી;

અદ્‌ભુતાનંદ જેહનું નામ, રૂડા ગુણ તણા જે છે ધામ.

અદ્‌ભુતાનંદસ્વામીને દુષ્ટ લોકોએ ઝેર આપેલું. તેથી તેમના શરીરે બહુ જ ગરમી થાતી, તેની અસહ્ય પીડા થતી. વળી, છેલ્લી અવસ્થામાં તેમને એક આંખનો ડોળો નીકળી ગયેલો, તેથી આંખમાંથી પાણી ઝર્યા કરે. એવું ત્રણ વર્ષ સુધી દુઃખ રહ્યું હતું. અને દાંત તો ઠેઠ સુધી શેરડી જમી શકે એવા સારા હતા. આવાં દુઃખોમાં પણ ભગવદ્‌બળે ધીરજ રાખી જીવનપર્યંત તેઓ નિત્ય મંદિરમાં દેવદર્શને જતા તથા રોજ સભામાં બેસતા.

આમ, પુરુષોત્તમના પ્રાણપ્યારા બનવા આ વિરલ સંતે પોતાનું આયખું ઓગાળી નાખ્યું. સંવત ૧૯૩૯ કાર્તિક સુદ-૪ના રોજ ૧૦૦ વર્ષની ઉંમરે વડતાલ મુકામે સદ્‌.શ્રીઅદ્‌ભુતાનંદસ્વામી શ્રીહરિની સેવામાં સિધાવ્યા. તેમના જેવા પ્રભુને પ્રસન્ન કરવાના સદ્‌ગુણો આપણામાં પણ આવે તેવી અભ્યર્થના...

- લિ. સાધુ ઈશ્વરચરણદાસના

અતિ ભાવથી જય શ્રીસ્વામિનારાયણ

INDEX

અનુક્રમણિકા

॥ અદ્ભુતાનંદસ્વામીની મૂળ વાતો ॥

: અનુક્રમણિકા :

॥ શ્રીસ્વામિનારાયણાય નમો નમઃ ॥

॥શ્રીસહજાનંદાય નમો નમઃ ॥

॥ શ્રીહરિકૃષ્ણાય નમો નમઃ ॥

॥ શ્રીહરયે નમો નમઃ ॥

॥ શ્રીજિને નમઃ ॥

॥ શ્રીઃ ॥

સદ્‌ગુરુ શ્રીઅદ્‌ભુતાનંદસ્વામીની મૂળવાતો

૧.રામપ્રતાપજી મહારાજ બુરાનપુર ગયા તે વાત

શ્રીજીમહારાજનો જન્મ સરવાર દેશમાં ગામ **છપૈયા**ને વિશે થયો. તે જન્મ ધરીને થોડા દિવસ ત્યાં રહીને પછી ધર્મ-ભક્તિ અયોધ્યામાં ઘનશ્યામ મહારાજને લઈને આવતાં હતાં. ને ઘનશ્યામ મહારાજ અયોધ્યાને વિશે પોતે ઘણીક પ્રકારે બાલચરિત્રને કરતા હતા. ને પોતાનાં ઐશ્વર્ય-ચમત્કાર સર્વેને જણાવતા હતા. અને ત્યાં કોઈક દિવસે **રામપ્રતાપભાઈ**ને બુરાનપુરના રાજાએ તેડાવ્યા. તે ઘનશ્યામ મહારાજે સહિત ત્યાં ગયા, ને ત્યાં ગામ આહીરનો કિલ્લો લડાઈમાં લીધો.

તે સવારથી તે બપોર સુધી રાજા સંગાથે લડાઈ કરી. ને લડવા સમે મહારાજ રામપ્રતાપભાઈને ત્રણવાર દિવ્યરૂપે લડાઈમાં પાણી પાતા હતા. તે જ્યારે પાણી પાવા જાય ત્યારે રામપ્રતાપભાઈ એમ બોલે જે, “હે ઘનશ્યામ ! ગોળી વાગશે તો મર જાયેગા. અહીં મત આવિયો.” એમ બોલે. ત્યારે ઘનશ્યામ મહારાજ બોલે જે, “બડે ભાઈકું લડાઈમાં તરસ લગે, માટે પાણી પાવા આવેગા.” અને મહારાજનું ગાડું પાંચ ગાઉ ઉપર છોડ્યું હતું, ત્યાં મહારાજ હતા. એવી રીતે ત્રણવાર દિવ્યરૂપે પાણી પાયું, એવો ચમત્કાર દેખાડ્યો. ત્યાં લડાઈ થઈ રહી. ॥૧॥

૨.ગાડું ઉંધું પડ્યું ને મહારાજને કાંટા વાગ્યા.

પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **બુરાનપુર** આવ્યા. ને તાપી ઊતરીને રાજઘાટે સામા પાસાએ[૧] ઊતરીને સર્વે જને ગામ **જનિયાવાદ** લૂંટ્યું, ત્યારે કોઈએ કંઈ લીધું અને કોઈએ કંઈ લીધું; ને ઘનશ્યામે તો દહીંનું એક ગોરસું લીધું, ને એક ઢોલક લીધું. તે રાજઘાટથી સામી બાજુએ આંબલીઓ છે ત્યાં બેસીને જમતા હતા ને તાપીમાં હાથ ધોઈને જળપાન કરતા હતા. ને પછી ગાડામાં બેસતા હતા. ને ત્યાંથી ચાલ્યા તે રસ્તામાં ગાડું ઊંધું પડ્યું, ને મહારાજ પડી ગયા ને શરીરે કાંટા વાગ્યા, એવું **રામપ્રતાપભાઈ**ને દેખાડ્યું. ત્યારે રામપ્રતાપભાઈએ બાધા રાખી જે, 'મારા ભાઈ ઘનશ્યામને સારું થાશે ત્યારે વીસ-પચીસ બ્રાહ્મણ જમાડવા.' એવી ટેક રાખીને ગામમાંથી ઘાંયજો કાંટા કાઢવા સારુ બોલાવ્યો. ને ઘાંયજો ઘનશ્યામના શરીરમાંથી કાંટા કાઢવા મંડ્યો.

તે સમે મહારાજ તે ઘાંયજાને તેજ તેજ તેજોમય ને ચતુર્ભુજ એવું આશ્ચર્ય દેખાડતા હતા. ત્યારે ઘાંયજો મહારાજની મૂર્તિ જોઈને સજડ થઈ ગયો. તેને જોઈને રામપ્રતાપભાઈ ઘાંયજાને એમ કહેતા હતા કે, "તું મારા ઘનશ્યામભાઈને કાંટા કાઢ, તને પાંચ-દસ રૂપિયા આપીશ." ત્યારે ઘાંયજો કહે કે, "ભાઈ, આ તો મનુષ્ય નથી, આ તો કોઈ દેવ છે. ને એમના શરીરમાં કાંટા પણ નથી." એમ ઘાંયજે કહ્યું તોપણ રામપ્રતાપજીભાઈ ઘનશ્યામ મહારાજના શરીરમાં કાંટા દેખતા હતા. ને વિશ્વાસ ના આવ્યો ને બીજે ગામ ગાડું હાંકીને ગયા. ને ત્યાં બીજા ઘાંયજાને બોલાવ્યો, ત્યારે તેને પણ મહારાજે એમ ને એમ દેખાડ્યું. એવી રીતે ઘણાક ઘાંયજાને દેખાડ્યું. ત્યારે રામપ્રતાપજીભાઈને આશ્ચર્ય થયું. એવું બે દિવસ રહ્યું, પછી હતા એવા થઈ ગયા, તોય રામપ્રતાપજીભાઈ ઘનશ્યામને ભગવાન ન જાણતા હવા. ॥૨॥

૧.સામી બાજુએ

૩.મહારાજને દર્શને બધા બ્રહ્મા આવ્યા.

ને વળી એક સમયને વિશે **અયોધ્યામાં** **ભક્તિમાતા** તથા રામપ્રતાપજીભાઈના ઘરનાં **સુવાસિનીબાઈ** તથા **ઘનશ્યામ મહારાજ** એ ત્રણ પોતાના ચોકમાં બેઠાં હતાં. ને સુવાસિનીબાઈ મહારાજને દિયર જાણીને ખેલાવતાં હતાં. તે સમે ઘનશ્યામ મહારાજને દર્શને ચતુર્મુખ બ્રહ્મા આવ્યો. તેને જોઈને મહારાજે પૂછ્યું જે, "કોણ એ ?" ત્યારે તેણે કહ્યું કે, "હું બ્રહ્મા, તમારે દર્શને આવ્યો છું." ત્યારે મહારાજે કહ્યું જે, "કિયો બ્રહ્મા ?" ત્યારે એના મનમાં ગર્વ આવ્યો જે, "હું એક જ છું ને આમ કેમ બોલે છે !?" તેટલામાં આઠમુખો બ્રહ્મા આવીને ઊભો. પછી સોળ મુખવાળો, પછી બત્રીસ મુખવાળો; એવી રીતે મહારાજને દર્શને હજાર મુખવાળો બ્રહ્મા આવતો હતો.

એવી રીતે ઘણાક બ્રહ્મા મહારાજની ચારે પાસે ઊભા રહીને મહારાજની સ્તુતિ કરતા હતા. ને ચાર મુખવાળો બ્રહ્મા ખોળ્યો તોપણ જડતો ન હતો. એવી રીતે બ્રહ્માનો ગર્વ ઉતાર્યો.

ને ચતુરમુખવાળો બ્રહ્મા - મહારાજની સ્તુતી કરવામાં એને એ
મ કેવાં લાગ્યું જે અનંત કોટી બ્રહ્માંડના અધીપતી ને સર્વે અવતા
રના અવતારી ને અનેક [illegible] એવી સ્તુતી કરીતે
ર પછી સર્વે બ્રહ્માએ સ્તુતી કરીને એમ કેતા હવા જે [illegible]
રાજા હું છું ને એમની આગનામાં એમની આગન્યા વરતે એમના
રી આગન્યામાં [illegible] મારે સાક્ષાત દર્શન [illegible]
[illegible] મહારાજ [illegible] એ રીતે
મહારાજની સ્તુતી કરી [1]

૧.આ હસ્તાક્ષર આ ગ્રંથના સંગ્રાહક અને સ.ગુ.શ્રીઅદ્‌ભુતાનંદસ્વામીના જ શિષ્ય પુરાણી શ્રીઘનશ્યામચરણદાસજીસ્વામીના ગુરુભાઈ સ્વામી રામદાસજીના શિષ્ય સ્વામી કૃષ્ણજીવન-દાસજીએ આજથી ૯૭ વર્ષ પહેલાં (સંવત્ ૧૯૬૯માં) લખેલા તે ઓરિજીનલ મૂક્યા છે.

ને ચતુર્મુખવાળો બ્રહ્મા મહારાજની સ્તુતિ કરવા મંડ્યો ને એમ કહેવા મંડ્યો કે, "અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ ને સર્વે અવતારના અવતારી ને સર્વે કારણના કારણ (તમે) છો." એવી સ્તુતિ કરી. ત્યાર પછી સર્વે બ્રહ્માએ સ્તુતિ કરી ને એમ કહેતા હતા જે, "કોઈ દૂર દેશનો રાજા હોય ને એમની આજ્ઞામાં એમની પ્રજા વર્તે, એમ તમારી આજ્ઞામાં (અમે) સર્વે વર્તતા હતા; પણ તમારું સાક્ષાત્ દર્શન તો આજ અમને થયું, તેથી અમને મહામોટો આનંદ થયો."

એવી રીતે મહારાજની સ્તુતિ કરી. ને પછી ભક્તિમાતાને તથા સુવાસિનીબાઈને સ્તુતિ કરીને એમ કહ્યું જે, "તમારા પુણ્યપ્રતાપે કરીને અમારે સાક્ષાત્ પુરુષોત્તમનાં દર્શન થયાં. કેની પેઠે ? તો 'શેરડી સારુ કોશ જોડે તે ભેળો એરંડો પાણી પીએ' એમ અમારે થયું." એવી રીતે મહારાજનાં દર્શન કરીને પોતપોતાના સ્થાનકે જાતા હતા. એવું આશ્ચર્ય ભક્તિમાતા તથા સુવાસિનીબાઈ જોઈને ઘનશ્યામ મહારાજને ભગવાન માનતાં હતાં. ॥૩॥

૪. ભક્તિમાતા દેહ ત્યાગ કરીને દિવ્યરૂપે રહેતા હતા.

એવી રીતે ઘણાક દિવસ **અયોધ્યા**ને વિશે રહેતાં હતાં. ત્યાર પછી **સુવાસિનીબાઈ**ને **ઠાકોરરામજી** (નામે) પુત્ર હોતા હવા. ને પછી ભક્તિમાતાએ સાક્ષાત્ પુરુષોત્તમપણાનો નિશ્ચય કરીને 'દેહનો ત્યાગ કરીને, દિવ્ય દેહે કરીને મહારાજની પાસે રહેતાં હતાં. ત્યાર પછી ઘનશ્યામ મહારાજ મોટા ભાઈના ઘરનાં સુવાસિનીબાઈને માને ઠેકાણે માનતા હતા.

ને સુવાસિનીબાઈ હંમેશાં મહારાજને નવરાવે ત્યારે મહારાજનાં ચરણારવિંદને વિશે સોળ ચિહ્ન જોઈને એમ બોલતાં હતાં જે, "તમે તો બડા થાશો, કોઈક મોટા રાજા હશો; પણ હમેરી ખબર રખિયો. કેમ કે, આ લોકમાં ભાઈ-ભોજાઈ કોઈ કોઈનાં નહીં. માટે હે ઘનશ્યામ ! હમેરી

ખબર રખિયો." ત્યારે મહારાજ કહેતા હતા કે, "રાખશું." એવી રીતે (પ્રથમ) મહારાજને નવરાવીને જમાડે ને પછી ઠાકોરરામજી મહારાજને જમાડે. એવી રીતે મહારાજને વિશે હેત રાખતાં હતાં. ||૪||

૫.મહારાજને વિશે સુવાસીનીબાઈને ઘણું હેત હતું તે વાત

એક સમયને વિશે ઠાકોરરામજી મહારાજ ભૂખ્યા થયા ને સુવાસિનીબાઈ પાસે જમવાનું માગ્યું. ત્યારે સુવાસિનીબાઈ કહે કે, "કાકાને બોલાવી લાવો, ને કાકાને પહેલાં નવરાવીને પછી જમાડીને પછી તમને જમવાનું આપીએ." ત્યારે ઠાકોરરામજી ઘનશ્યામ મહારાજને તેડવા ગયા ને મહારાજને કહે, "કાકા જમવા ચાલો, મુને ભૂખ લાગી છે ને મુને મેરી મેતારી તમારા વિના ખાવાનું નથી આપતી." ત્યારે મહારાજ ત્યાંથી બીજે ઠેકાણે ગયા ને ત્યાંથી ત્રીજે ઠેકાણે જાતા હતા. એવી રીતે ફરતે ફરતે મંદિરમાંથી બપોર ચઢે ત્યારે ઘેર આવે. ત્યાં સુધી ઠાકોરરામજીને ખાવાનું ના આપે. એવી રીતે મહારાજને વિશે સુવાસિનીબાઈને હેત હોતું હવું. ||૫||

૬.ગામ અયોધ્યાના મલની વાત

એક સમયને વિશે ઘનશ્યામ મહારાજ અયોધ્યામાં રામ-લક્ષ્મણ-સીતાને મંદિર જાતે રસ્તામાં એક મલ ભારે મદોન્મત્ત હતો. તે પોતાના પગે બાર હાથની સાંકળ મોટી જબરી ભારે બાંધેલી, તેને તાણીને ચાલ્યો જાતો ને પછવાડે મહારાજ આવીને તે સાંકળ ઉપર પગ મેલી તે મલને ખમચાવીને ઊભો રાખે. ત્યારે તે મલ મહારાજને મારવા સારુ પાછો વળે; ત્યારે પોતે નાસી જાય. વળી પાછા આવીને સાંકળ ઉપર પગ મૂકે એટલે એ ઊભો રહે. એમ દરરોજ મલને ઊભો રાખતા હતા.

એમ કરતાં એક દિવસ મહારાજ (મલની) સામા આવતા હતા. તે મલને જોઈને ઘનશ્યામ મહારાજ ખભા થાબડતા હતા. ત્યારે તે

મલને રીસ ચડી, ને એમ બોલ્યો જે, "આજ મારી સામો આ છોકરો લાગમાં આવ્યો છે, તે હું એને મારું." એમ ધારીને મહારાજના મોઢા આગળ આવતો હતો. પછી તે મલનાં બે કાંડાં મહારાજે ઝાલ્યાં ને ઉપાડીને બન્ને કાંડાં ભાંગી નાખતા હતા. તેથી મલ બરકા પાડવા મંડ્યો ને એમ કહેતો હતો કે, "આ ઘનશ્યામે મારાં કાંડાં ભાંગી નાખ્યાં." ત્યારે લોકોએ કહ્યું કે, "તું મોટા પાડા જેવો છું, ને આ તો છોકરું છે. માટે તું તો ખોટું બોલે છે." એવી રીતે મલને ચમત્કાર જણાવ્યો.

પછી તે મલ ઘનશ્યામના મોટા ભાઈ જે રામપ્રતાપજી તેને ઘેર જતો હતો. ને કહે કે, "તમારા ભાઈએ મેરા હાથ ભાંગી નાખ્યા." એમ કહતો હતો. ત્યારે રામપ્રતાપજી મહારાજ કહે, "એ ઘનશ્યામ તો છોટે હૈ, ને તુમ તો બડે હો, ને તુમ તો જૂઠ બોલતે હો !" એ વચન કોઈએ સાચું ન માન્યું. પછી મલે જઈને મલના અખાડામાં વાત કરી. તે વાતને સાંભળીને બધા મલોને ઈર્ષ્યા થઈ ને કહે જે, "તે બડા હોય તો આપણને મારશે, નહિ તો આપણે તેને મારવો." ॥૬॥

૭. અયોધ્યામાં સરજુ કાંઠે જાંબુડાં ખાવા ગયા.

એક સમયને વિશે સરજુ નદીને કાંઠે જાંબુડાં ખાવા મલ જતા હતા ને ઘનશ્યામ પણ જાંબુડાં ખાવા ગયા. તે મલ જાંબુડાં ઉપર ચઢેલા, તેમને ઘનશ્યામ મહારાજ કહે, "અમને જાંબુડાં આપો." ત્યારે તે મલોએ એમ કહ્યું જે, "ઊભો રહે, તને જાંબુડાં આપીએ છીએ !" ત્યારે મહારાજ નીચે ટોપલામાં જાંબુડાં મેલેલાં હતાં તેને વેરી નાખતા હતા ને છોકરાને આપતા હતા. તે જોઈને મલને બહુ ક્રોધ આવ્યો ને મહારાજને મારવા સારુ જાંબુડા ઉપરથી નીચે ઊતરવા મંડ્યો.

ત્યારે મહારાજે જાંબુડાંનાં બે-ચાર થડાં (હતાં), તે બે-ચાર રૂપે થઈને હલાવ્યાં. તે જેમ વાંદરા પડે તેમ (મલો) ધબોધબ નીચે પડતા હતા. (તેમાં) કોઈનો હાથ, કોઈનો પગ, કોઈનું માથું, એમ ભાંગી

ગયું. ને તે મલોને ખાટલામાં ઘાલીને ઘેર લાવતા હતા. પછી લોકોએ પૂછ્યું કે, "શું થયું ?" ત્યારે કહે કે, "ઘનશ્યામે જાંબુડાંનાં થડાં હલાવ્યાં તેથી અમે બધા પડી ગયા ને તેથી અમને વાગ્યું." ને લોકો તે વાતને સાચી માનતા ન હતા. ને રામપ્રતાપજીભાઈને કહ્યું પણ રામપ્રતાપજીએ વાત સાચી ન માની. એવી રીતે ઘનશ્યામ મહારાજ સર્વે મલનો ગર્વ ઉતારતા હતા. ॥૭॥

૮.મહારાજ વનમાં જેરામ ને તેની માને મળ્યા.

એવી રીતે ઘણાંક બાલચરિત્ર કરતાં કરતાં અગિયાર વર્ષના થયા, ત્યારે ઘર મેલીને ચાલી નીસરતા હતા; ને વનમાં જાતા હતા. ત્યાંથી **હિમાલય** પર્વતમાં ગયા ને ફરતાં ફરતાં **નવલખાની** તળેટી ઉપર ચઢતા હતા. એવા જે મહારાજ તેમને જોઈને નવલાખ જોગી સંગાથે[૧] મહારાજને મળવા સારુ ઊઠ્યા. ત્યારે મહારાજ નવલાખ સ્વરૂપ ધારણ કરીને સર્વે યોગીઓને સંગાથે મળ્યા. ને પોતાનું સુખ તથા પોતાના સ્વરૂપનું જ્ઞાન, ઐશ્વર્ય આપીને સુખી કરતા હતા. પછી ત્યાંથી ચાલ્યા તે વનમાં ફરતાં ફરતાં **ગોપાલજોગી** પાસે બાર મહિના સુધી રહ્યા.

ને ત્યાંથી ચાલ્યા તે મા-દીકરો વનમાં છાપરું બાંધીને રહેલાં, ત્યાં આવતા હતા ને ત્યાં રહેતા હતા. ને તે છોકરાનું નામ **જેરામ** ને તેની માનું નામ **સમામજસી** (હતું.) ને તે બેયને વશ થઈને દોઢ માસ સુધી રહેતા હતા. ને જેરામની મા દરરોજ પોયણાંના દાણા જીતોલામાંથી[૨] નીકળે તેની ખીર કરીને મહારાજને તથા જેરામને જમાડતાં હતાં.

ને મહારાજ ને જેરામ બેય ત્યાં એક તળાવ હતું ત્યાં ના'વા સારુ જતા. ત્યારે મહારાજ જેરામને ગળે ઝાલીને નાખતા હતા. ને કહે કે, "જા, પેલા પોયણાંના જીતોલા લઈ આવ." એમ કહે ત્યારે જેરામ ત્યાં જાય ને પોયણાંના જીતોલા લેવા સારુ ડૂબકી મારે. ત્યારે તેને તેજોમય ને ચતુર્ભુજ દર્શન દેતા હતા.

૧.એકસાથે ૨.પાણીમાં રાત્રે ખીલતાં કમળના મૂળમાં ગાંઠ હોય તેને જીતોલું કહે છે.

ત્યારે જેરામ ઘેર આવીને એની માને કહે કે, "આ કોઈક મોટા સમર્થ છે." ને કોઈ દિવસ (ફરીથી જેરામદાસે સમાધિમાં મહારાજને) અનંતકોટિ મુક્તે સેવ્યા ને દિવ્ય સિંહાસન ઉપર બેઠેલા પ્રત્યક્ષ દીઠા." એ વાત એમની મા ને ફરીથી કહેતાં હતાં કે, **"ત્યાં તો તેજોમય મૂર્તિ બેઠેલા છે ને આંઈ તો તપસ્વીના જેવા દેખાય છે."** તે સાંભળીને એમની માને નિશ્ચય થયો જે, 'આ તો મોટા છે, માટે એમની સેવા થાય તો સારું.' એમ જાણી દોઢ માસ સુધી હેતે કરીને મહારાજની સેવા કરતાં થકાં પૂછે છે કે, "હે ઘનશ્યામ ! તમારે ક્યાં જાવું છે ?" ત્યારે મહારાજ કહે કે, "મારે દ્વારકા જવું છે." એમ કહેતા હતા. એવી રીતે પોતાનો ભગવાનપણાનો નિશ્ચય કરાવીને એ બેયને ભુલાવીને ચાલી નીકળતા હતા.

ત્યારે જેરામની મા કહે કે, "તું કેડે જા, ને ઘનશ્યામને પાછા ઝાલી લાવ." ત્યારે જેરામ ઘેરથી ચાલી નીકળતો હતો. પછી ખોળતાં ખોળતાં પચાસ ગાઉ ઉપર વડનો વૃક્ષ હતો, તે વડની નીચે ઘનશ્યામ મહારાજ ને જેરામ બેઉ ભેગા થયા. પછી જેરામ મહારાજના પગ ઝાલીને રડતો હતો ને કહે કે, "તુમ છોડકર ચલે, ને મેરી મતારી અન્ન ખાતી નહીં હૈ ને તુમકો સંભારતી હૈ. માટે તુમ પીછે ચલો." એમ કહેતો હતો. પછી તેને મહારાજે છાનો રાખ્યો.

તે સમે એક મોટો વાઘ સમીપમાં આવીને ઘોડી પલાંઠીને બેસતો હતો. તેને જોઈને જેરામ કહે છે કે, "મુને વાઘ ખાઈ જાશે, માટે વડ ઉપર ચઢી જાઉં." ત્યારે મહારાજ કહે કે, "બેસ આંઈ." એમ કહીને ચડવા ના દીધો ને કહે કે, "જા, વાઘની આંખમાં આંગળી ઘાલી આવ." ત્યારે જેરામ કહે, "વાઘ મુને ખાઈ જાય." ત્યારે મહારાજ ખીજી ખીજીને મોકલે. ત્યારે બે-ચાર ડગલાં જાય ને વળી પાછો આવે, ને વળી પાછો મહારાજ ફેર મોકલે. એમ બીતે બીતે વાઘની આંખમાં આંગળી ઘાલી આવીને મહારાજ પાસે આવ્યો.

ત્યારે મહારાજ કહે, “એના મોઢામાં હાથ ઘાલી આવ.” ત્યારે જેરામ કહે કે, “મને ખાઈ જાય.” ત્યારે મહારાજ કહે, “નહિ ખાઈ જાય.” ત્યારે બીતો બીતો ગયો ને વાઘના મોઢામાં હાથ ઘાલીને આવ્યો. ને ફરીથી મહારાજ કહે, “એના શરીર ઉપર બધે હાથ ફેરવી આવ.” ત્યારે ફેરવી આવ્યો. એવી રીતે ત્રણવાર મોકલ્યો ને ત્રણવાર વાઘ પાસે ગયો.

પછી મહારાજને વાઘ પગે લાગીને લોટીને પછી વનમાં જતો રહ્યો. તેને જોઈને જેરામ મહારાજને કહે કે, “વાઘને શું થયું હતું ?” ત્યારે ઘનશ્યામ કહે કે, **“એને સમાધિ કરાવી હતી ને સર્વ જગતનાં નાડીપ્રાણ મારા હાથમાં છે.”** ત્યારે જેરામ કહે કે, “તમે કોણ છો ?” ત્યારે મહારાજ કહે કે, **“સર્વનો કર્તા ને પુરુષોત્તમનારાયણ છું ને મારું કર્યું સર્વે થાય છે.”** એવો જેરામને ચમત્કાર જણાવીને ત્રણ દિવસ ભેગો રાખીને પછી તેને ભુલાવીને પોતે ચાલી નીકળતા હતા.

પછી જેરામ પોતાની મા પાસે જઈને સર્વે વાત કહેતો હતો. તેને સાંભળીને તેની મા સાક્ષાત પુરુષોત્તમનો નિશ્ચય કરતી હતી, ને જેરામને કહેતી હતી કે, “જ્યાં ઘનશ્યામ ગયા ત્યાં તું જા, ને હું તો ઘનશ્યામના ધામમાં જઈશ.” ત્યારે ત્યાંથી જેરામ ચાલી નીકળતા હવા. ॥૮॥

૯. મહારાજ વનમાં પિબેકને જીત્યા.

ત્યાર પછી મહારાજ વનમાં ફરતાં ફરતાં **કામાક્ષીદેવી**ને સમીપે એક ગામ છે તે ગામમાં (ગયા. ત્યાં) મૂઠ-ચોટવાળો શક્તિનો ઉપાસક એવો એક પિબેક રહેતો હતો. તેણે મહારાજના ઉપર મૂઠ-ચોટના પ્રયોગ બહુ કર્યા, પણ કંઈ ચાલ્યું નહિ. તેથી મહારાજનાં ઐશ્વર્ય-પ્રતાપ જોઈને તે સર્વે કાળભૈરવ આદિક તેમણે એ બ્રાહ્મણને કહ્યું કે, **“આ તો પુરુષોત્તમનારાયણ સાક્ષાત અક્ષરધામના પતિ છે. તેમણે અમને વાર્યા ન હોત તો તારું મૃત્યુ અમારે હાથે હતું, પણ તેમણે ના પાડી છે.”**

એમ કહીને પોતપોતાના સ્થાનકે જાતા હતા. પછી બ્રાહ્મણ (પીબેક) એ વાત સાંભળીને મહારાજને શરણે આવ્યો ને સર્વે મંત્ર-જંત્ર ત્યાગ કરીને મહારાજનો આશ્રિત થયો.

એવી રીતે ચમત્કાર જણાવીને પછી ત્યાંથી ચાલ્યા. તે વનમાં એક વડનો વૃક્ષ હતો. ત્યાં એક હજાર ભૂત રહેતાં હતાં. ત્યાં પોતે જન્માષ્ટમીને દિવસે રાત રહ્યા ને ત્યાં હનુમાનજી, મહારાજની સેવામાં રહ્યા હતા. તે રાતે મધ્યરાત્રીનો સમય થયો ત્યારે ત્યાં ભૂતો આવ્યાં ને બોલવા મંડ્યાં, ને કહે કે, “આ બ્રહ્મચારીને ખાઈ જાઓ.”

ત્યારે હનુમાનજી કિલકારી કરી સામા થયા, ને બધાં ભૂતોને પૂંછડે બાંધીને લાતે-પાટવે મારવા મંડ્યા. ત્યારે તે કહે કે, “જીવતાં મૂકો, હવે આવું નહિ કરીએ.” ત્યારે જીવતાં મૂક્યાં. એવી રીતે હનુમાનજીએ મહારાજની સેવા કરી.

પછી તેમને મહારાજે કહ્યું કે, “તમે અમારી બહુ સેવા કરી.” ત્યારે હનુમાનજી બોલ્યા કે, “અમારે સેવકનો એ જ ધર્મ છે.” એમ કહીને સારાં સારાં ફળ વનમાંથી લાવીને મહારાજને જમાડતા હતા. એવી રીતે ત્યાં રાત રહીને સવારે સૂર્યોદય વેળાએ ચાલતા હતા. એવી રીતે નવમની વારતા થઈ. ॥૯॥

૧૦. મહારાજ જગન્નાથપુરી ગયા તે વાત

પછી મહારાજ વનમાં ફરતાં ફરતાં **જગન્નાથપુરી**ને વિશે આવતા હતા. ને ત્યાં રહેલો એવો જે અસુરનો સમૂહ તેને દેખતા હતા. પછી તેનો પોતે વિચાર કર્યો કે, **‘મારું પધારવું શા સારુ છે ? કે અસુરનો સંહાર કરવો, ને એકાંતિક ધર્મનું સ્થાપન કરવું, ને ભક્તની રક્ષા કરવી.’** એમ વિચાર કરીને એક મોટા મહંતના સેવક બન્યા, ને તેમનું કહ્યું કરે. ત્યારે બીજા કહે કે, “મારું કહ્યું કેમ નથી કરતા ?” ત્યારે તેમના ગુરુ કહે જે, “નહીં કરે.”

ત્યારે પ્રથમ તો બોલીઠોલી થઈ ને પછી તો લટ્ઠા લઈને ઊઠ્યા ને ભારે લડાઈ થઈ. તેમાં કેટલાક જમપુરીમાં ગયા. એવું પોતાનું ઐશ્વર્ય જણાવીને પરસ્પર ઘણાકનો ઘાણ કાઢી નંખાવતા હતા. એવી રીતે દસ હજારનો કચ્ચરઘાણ કઢાવીને જમપુરીમાં મોકલતા હતા. ને પૃથ્વીનો ભાર ઉતાર્યો.

પછી ત્યાં બે માસ રહીને ત્યાંથી ચાલ્યા તે ફરતાં ફરતાં (માનસપતનમાં) **સત્રધર્મ રાજા**ને ત્યાં આવતા હતા. ને ત્યાં રહીને ત્યાંના રાજા દ્વારે કેટલાક અસુરનો ઘાણ કઢાવીને ચાલતા હતા. અને ત્યાંથી ફરતે ફરતે **સેતુબંધ રામેશ્વર** જાતા હતા. ને ત્યાં રામેશ્વરનાં દર્શન કરીને પછી સમુદ્રને વિશે સ્નાન કરતા હતા. અને ત્યાં ઘણાક દિવસ રહીને ત્યાંથી ચાલ્યા તે **શ્રીરંગક્ષેત્ર**માં જાતા હતા. ને ત્યાં જઈને પાંચ પ્રશ્ન પૂછતા હતા જે, “જીવ-માયા-ઈશ્વર-બ્રહ્મ અને પરબ્રહ્મ આ પાંચ પ્રશ્નના ઉત્તર કરો.” આ પ્રશ્નનો ઉત્તર (તેના મહંત જીયરસ્વામીને) ના આવડ્યા તેથી ખીજતા હતા. પછી મહારાજ ત્યાંથી ચાલતા હતા. ॥૧૦॥

૧૧. મહારાજ વનમાં ફરીને બોચાસણ આવ્યા.

તે ત્યાંથી ફરતે ફરતે **પંઢરપુર** આવ્યા. ને ત્યાંથી ચાલ્યા તે **નાસિક-ત્રંબક** આવ્યા. ને ત્યાંથી ચાલ્યા તે **નર્મદા નદી** ઊતર્યા ને ત્યાંથી ચાલ્યા તે **મહી નદી** ઊતરીને **બામણગામે** આવ્યા. ને ત્યાં એક બ્રાહ્મણ(ખોડા પંડ્યા)ને ઘેર રાત રહ્યા ને તેને ત્યાં દહીં ને બાજરાનો રોટલો જમ્યા ને તેને પોતાનો ભગવાનપણાનો નિશ્ચે કરાવીને ત્યાંથી ચાલ્યા તે ગામ **બોચાસણ** આવ્યા. ને ત્યાં રામાનંદી મંદિર હતું તેમાં ઊતર્યા.

તે ગામના મુખી **કાનદાસ**ના દીકરા **કાશીદાસ** ભારે મુક્ત હતા. તે મહારાજને આવ્યા મોર્યથી રામાનંદી મંદિરમાં **નરસીરામ** કરીને બાવો રહેતો હતો, તેને કહેતા કે, ‘કોઈ મોટા પુરુષ આવે તો મને કહેજો.’ એમ બાવાને આગળથી કહી મેલેલું. તે સારુ બાવે જ્યારે મહારાજ

પધાર્યા ત્યારે તે વાત જઈને કાશીદાસને કહી. તે દિવસે કાશીદાસને ઘેર બ્રાહ્મણને જમવાનું હતું. તે કામ પડ્યું મૂકીને મહારાજની પાસે આવ્યા. ને મહારાજનાં દર્શન કરીને અંતરમાં એમ થયું જે, 'આ કોઈ મોટા પુરુષ છે.' એમ જાણીને મહારાજને કહે કે, 'અમારે ઘેર બ્રાહ્મણ જમે છે, માટે જમવા સારુ પધારો !'

ત્યારે મહારાજે કહ્યું કે, "કેવા બ્રાહ્મણ છે ?" ત્યારે કાશીદાસ હિંદુસ્થાની બોલીમાં કંઈ સમજ્યા નહિ. ત્યારે એમ કહ્યું કે, "તમે કહો છો એવા છે." ત્યારે મહારાજ કહે, "સમો થાય ત્યારે બોલાવજો, અમે આવશું." પછી જમવાનો સમો થયો ત્યારે કાશીદાસ ફરીથી તેડવા સારુ આવ્યા. ત્યારે મહારાજ પધાર્યા ને ત્યાં પંગતમાં જમવા સારુ બેઠા. ત્યારે બ્રાહ્મણે બે લાડુ ને દાળનો પડિયો મૂક્યો. પછી મહારાજ બે લાડુમાંથી બે પૈસાભાર જમ્યા, પણ અધિક ના જમ્યા.

તેને જોઈને કાશીદાસનાં મા(નાનીબા) સામાં બેઠાં હતાં. તેમના મનમાં એમ થયું જે, 'આ બ્રહ્મચારી કંઈ પણ જમ્યા નહીં.' એમ જાણીને ભેંસ દોવા સારુ ગયાં ને દૂધ ગાળીને એક તાંસળીમાં ભરીને એક બ્રાહ્મણને આપ્યું. તે બ્રાહ્મણે જઈને મહારાજની પાસે મૂક્યું. પછી મહારાજ દૂધ ને ભાત જમતા હતા. તે જમીને ચળું કરીને ઊઠ્યા, ત્યારે કાશીદાસ મંદિર સુધી વળાવવા ગયા. ને તે બાવાને એમ ભલામણ કરી જે, 'રખે આ બ્રહ્મચારી જાતા ના રહે ને હું આવું છું.' એમ કહીને ઘેર ગયા.

પછી બ્રહ્મચારી ઊઠીને ચાલી નીકળ્યા, ને બાવો ઘરમાં ગયો હતો. તેટલામાં કાશીદાસ આવ્યા ને તે બાવાને પૂછવા લાગ્યા જે, "બ્રહ્મચારી ક્યાં ગયા ?" ત્યારે નરસીરામ બાવો કહે, "આંઈ બેઠા હતા, ને હું ઘરમાં ગયો એટલામાં ચાલી નીકળ્યા." તેવું સાંભળીને કાશીદાસ શોક કરવા મંડ્યા. ને મનમાં પસ્તાવો કરીને કહે જે, "ભલા એમનાં દર્શન થયાં તે બહુ સારું થયું." એમ જાણીને કેડે ખોળવા સારુ ચાલ્યા. ને

ત્યાંથી બારણે નીકળવાનું ખોડીબારું[1] હતું, ત્યાં મહારાજનાં ચરણારવિંદ પડેલાં. તે ચરણારવિંદમાં ઊર્ધ્વરેખા આદિક સોળ ચિહ્ન દેખાયાં.

તેને જોઈને તે ચરણારવિંદની જેટલી રજ હતી તેટલી રજ બાંધી લીધી. ને મહારાજને ખોળવા ગામ બહાર આથમણી બાજુએ નીકળ્યા. તે સમે એક રબારી ચાલ્યો આવતો હતો. તેને કાશીદાસે પૂછ્યું કે, "કોઈ બ્રહ્મચારી દીઠા ?" ત્યારે તેણે કહ્યું કે, "એ તો પૃથ્વીથી ઊંચા ચાલ્યા જાય છે. તેને તમે નહીં પહોંચો. ને એ તો કોઈક અલૌકિક પુરુષ છે." એવું સાંભળીને કાશીદાસ પાછા ઘેર આવતા હતા. ॥૧૧॥

૧૨. ગામ બુધેજના સદાવ્રતની વાત

અને ત્યાંથી મહારાજ ગામ **ખંભાત** થઈને **ગુડેલ** થઈને **બુધેજ** આવ્યા. ને તે ગામમાં જારનું સદાવ્રત **હઠીભાઈ**ને ત્યાં લેવા સારુ ગયા. ને તેમની પાસે મહારાજે તૈયારમાં તૈયાર માંગ્યું. ત્યારે તેમણે કહ્યું જે, "અમો તો જાર આપીએ છીએ." ત્યારે મહારાજ કહે, "જાર અમારે નથી જોઈતી, ત્યારમત્યાર[2] હોય તો આપો." ત્યારે (રળિયાત) દાસી કહે, "તમ જેવા ત્યારમત્યાર લેવા ઘણા આવે છે." ત્યારે મહારાજ કહે, "અમ જેસા કોઈ આવ્યા નહીં હૈ ને આવશે નહીં."

ત્યારે તે કહે, "તુમ તો પાતળા છો, ને અહીં તો ઘાણીના થડિયા જેવા જાડા ને પાંચ હાથ ઊંચા એવા આવે છે. તે પણ જાર લે છે." ત્યારે મહારાજ કહે, "ઠીક, જાર આપો." ત્યારે તે કહે, "આ ઓસરીમાં પાંચ આંટા ફરો, ત્યારે આપીએ." ત્યારે મહારાજ તે ઓસરીમાં પાંચ આંટા ફર્યા, ને જાર લીધી તેમાંથી પાંચ દાણા જમીને બીજી જાર (પાદરમાં) લીમડા હેઠે ઓટો છે, તેની ઉપર વેરી નાખીને ચાલી નીકળ્યા.

ને ગામ **ગોરાડ**ની ભાગોળે હવાડાનો[3] કોસ[4] ફરતો હતો, ત્યાં

૧.જવા-આવવા માટે વાઈ આકારનું લાકડું ખોડીને કરેલો રસ્તો ૨. જે તૈયાર હોય તે ૩. ઢોરને પાણી પીવાના અવેડાનો ૪.કૂવામાંથી પાણી કાઢવાનું સાધન

કૂવાને કાંઠે આવીને મહારાજ બેઠા. ને કૂવાનું પાણી તો પાતાળમાં ગયું હતું, ને પોતાની પાસે દોરી પણ નૈ ને તુમડી હાથે ઝાલીને કૂવામાં બોળી ત્યારે પાણી ઉપર આવ્યું. ને તુમડી ભરીને પછી પોતે પાણી પીધું. તેને જોઈને કૂવા ઉપર કોસિયો[૧] (બીજલકોળી) હતો તેને આશ્ચર્ય થયું. તે કોસિયો કોસ મેલીને વહેલો વહેલો ગામમાં જઈને ગામના **ગરાસિયા કાંધોજી** હતા તેને કહ્યું જે, "કોઈક મોટા દેવ આવ્યા છે. તેમણે હાથ વતી પાણી કૂવામાંથી કાઢ્યું ને પાણી ઉપર આવ્યું ને પોતે પાણી પીધું." એવું ગામમાં જઈને કહ્યું.

તેને સાંભળીને કાંધોજી તત્કાલ આવતા હતા. ત્યાર પહેલાં મહારાજ ચાલી નીકળતા હતા ને કાંધોજી કેડે ખોળવા સારુ ગયા. ત્યારે કોઈ મનુષ્ય સામું આવતું હતું તેને પૂછ્યું કે, "કોઈક બ્રહ્મચારી જતાં દીઠા ?" ત્યારે તેણે કહ્યું જે, "બ્રહ્મચારી તો આકાશ માર્ગે ચાલ્યા જાય છે, તેમને તમે નઈ પૂગો." ત્યારે કાંધોજી પાછા ઘેર આવતા હતા. ॥૧૨॥

૧૩. મહારાજ ભીમનાથ, તળાજા, મહુવા, ઉના થઈ ગુપ્તપ્રયાગ પધાર્યા.

અને ત્યાંથી ચાલ્યા તે મહારાજ **ભીમનાથ** ગયા. ને ત્યાં શિવના દર્શન કરીને ત્યાંથી ચાલ્યા તે ફરતાં ફરતાં **ગોપનાથ** ગયા. ને ત્યાં ગોપનાથ મહાદેવનાં દર્શન કરીને ત્યાં રાત રહીને પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **તળાજે** ગયા. ને ત્યાં **મોરલીમનોહર દેવ**નાં દર્શન કરીને પછી ત્યાં મંદિરમાં જમ્યા. ને બાવા ઉપર ઘણા રાજી થઈને પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **મહુવા**માં આવ્યા. ને ત્યાં **લક્ષ્મીનારાયણ**નું મંદિર છે. ત્યાં લક્ષ્મીનારાયણનાં દર્શન કરી આંબલીનાં વૃક્ષ હેઠે (હનુમાનજીની દેરીએ) બેઠા. ને તે દેવનો સેવક **સીતારામ બાવો** હતો, તેને એવો ચમત્કાર જણાવ્યો જે, 'આ લક્ષ્મીનારાયણ દેવ છે.' એમ જાણીને તેણે

૧. કોસ હાંકનારો

જમાડ્યા ને પૂજા કરી, એક ધોતિયું ઓઢાડ્યું ને મહારાજને કહે જે, “હે મહારાજ ! તમે અહીં રહો, તમે ભગવાન છો.”

એવો ચમત્કાર જણાવીને ત્રણ દિવસ રહીને ચાલી નીકળ્યા, તે ગામ **પીપાવાવ** આવ્યા. ને ત્યાં રામ-લખમણ-સીતાજી – તેમનાં દર્શન કરી, છાતીમાં બે છાપો લઈને ત્યાંના રે’નારા જે વેરાગી તેમને રામ-લખમણરૂપે પોતે પોતાનું દર્શન દીધું. તેને જોઈને સર્વે કહે કે, “આ રામ-લખમણ છે.” એવી રીતે પોતાના સ્વરૂપનું જ્ઞાન આપીને ત્યાંથી ચાલ્યા તે ફરતાં ફરતાં ગામ **ઉને** આવ્યા.

ને ઉનાના તળાવમાં બાંધેલું જે ગરનાળું છે, ત્યાં ત્રણ દિવસ રહીને ત્યાંથી ચાલ્યા તે **ગુપ્તપ્રયાગ** આવ્યા. ને ત્યાં **બળદેવજી**ની મૂર્તિનાં તથા **ગુપ્તનાથ શિવજી**નાં દર્શન કરીને ભારે મોટો એક રાણ્યનો વૃક્ષ છે, તેની નીચે ઉગમણે મુખારવિંદે પગ ઉપર પગ ચઢાવીને રાણ્યના થડને ઉઠીંગણ દઈને બેસતા હતા. ત્યારે તે બળદેવજીનો સેવક એક બ્રહ્મચારી હતો. તે મહારાજનાં દર્શન કરીને કહે કે, “આ કોઈ મોટા છે.” એમ મનમાં થયું, તેથી બળદેવજીનો થાળ લાવીને મહારાજને જમાડતો હતો. ને તે સ્થાનમાં પાણી ખારું, તેથી ઉનેથી પાણી લઈ જઈને પાતો હતો.

એવી રીતે સેવા કરતાં થકાં દસ-બાર દિવસ થયા. ત્યારે મહારાજે તેને પૂછ્યું કે, “તમે પાણી ક્યાંથી લાવો છો ?” ત્યારે તેણે કહ્યું કે, “મહારાજ, અહીં પાણી ખારું છે, તેથી તમારા સારુ ઉનેથી પાણી મીઠું લાવું છું.” ત્યારે તેને મહારાજે કહ્યું કે, “તમે અમારી બહુ સેવા કરી, તેણે કરીને હું તમારી ઉપર રાજી થયો છું. ને હવે તમારે ત્યાં પાણી લેવા સારુ ન જાવું, ને હવે અહીં ખોદો.” ત્યારે તે બ્રહ્મચારીએ કહ્યું કે, “અહીં તો ખારું નીકળે છે.”

ત્યારે મહારાજે કહ્યું જે, “ખોદો તો ખરા !” ત્યારે તે બ્રહ્મચારીએ ખોદ્યું, ત્યાં તો મીઠું દરાખ જેવું પાણી નીકળ્યું. તેનું હાલ કાળમાં કુંડ

ભરાઈને નદી ચાલે છે. ને બ્રહ્મચારીએ પાણી મીઠું નીકળ્યું એવો ચમત્કાર જોઈને બળદેવજીને થાળ ધર્યા મોર્ય પ્રથમ મહારાજને જમાડતા હતા. એવી રીતે મહારાજને ભગવાન જાણીને સેવા કરતા હતા. ને બીજા પણ ત્યાંના રહેવાશી મહારાજને ભગવાન જાણતા હતા, ને ભજન-સ્મરણ કરતા હતા. એવી રીતે એ સર્વએ સેવ્યા થકાં દોઢ માસ રહીને ઘણાક ચમત્કાર દેખાડતા હતા ને પછી ત્યાંથી ચાલતા હતા. ॥૧૩॥

૧૪. મહારાજે માંગરોળમાં ગોવર્ધનની ફોઈનો મોક્ષ કર્યો તે વાત

ને ત્યાંથી ચાલ્યા તે સમુદ્રમાં નાહીને પછી ગામ **ઘોઘલે** થઈને ગામ **લોઢવે** પધાર્યા. ને ત્યાં **આત્માનંદસ્વામી**ના સેવક **બાલાનંદ** તથા **લખુબા** ચારણ જ્ઞાતિના રે'તાં હતાં. તેમને પોતાનું દર્શન દેતા હતા ને તેમણે સેવ્યા થકાં પોતે ત્યાં એક પથ્થરની મોટી શલ્યા હતી, તેના ઉપર રે'તા હતા. ને તેમને પોતાના સ્વરૂપનું જ્ઞાન તે સંબંધી વાર્તા હંમેશ કરતા હતા. ને તે બાઈ મનમાં એમ જાણે જે, 'આ બ્રહ્મચારી મારા બાલાનંદના ચેલા થાય તો સારું.' તેથી નિત્યે દૂધ ઊનું કરીને સાકર નાખીને મહારાજને હમેશાં જમાડતાં હતાં. ને મહારાજ તો એમ જાણતા હતા જે, 'આમણે આત્માનંદસ્વામીની સેવા કરી છે. તે સારુ મારા સ્વરૂપનું જ્ઞાન થાય તો સારું.' એમ જાણીને મહારાજ ત્રણ માસ ત્યાં રે'તા હતા. ને તેની સેવા અંગીકાર કરતા હતા. ને તેમને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવીને ચાલતા હતા.

તે **પ્રભાસક્ષેત્ર**માં થઈને **માંગરોલ** બંદર આવતા હતા. ને ત્યાં વાવ્ય ઉપર આવીને બેઠા ને ધ્યાન કરવા મંડ્યા. તે સમે ગામમાંથી શેઠ **ગોવરધનભાઈ** ત્યાં મહારાજની પાસે આવીને બેઠા. ને મહારાજને ધ્યાન કરતા જોઈને માંખ્યો લૂગડે કરીને ઉડાડવા મંડ્યા. તે સમે મહારાજ ધ્યાનમાંથી ઊઠ્યા ને ગોવરધનભાઈને કહે કે, "તમે કોણ છો ?" ત્યારે ગોવરધનભાઈએ કહ્યું જે, "હું વાણિયો છું." ત્યારે મહારાજ કહે

જે, "તમારું નામ શું છે ?" ત્યારે તે કહે જે, "મારું નામ ગોવરધન છે." એમ કહ્યું.

ત્યારે મહારાજ કહે જે, "તમે કેનુ ભજન કરો છો ?" ત્યારે ગોરધનભાઈ કહે કે, "રામાનંદસ્વામીનું ભજન કરું છું. ને મને રામાનંદસ્વામીના પ્રતાપથી સમાધિ થાય છે; તેથી હું ભગવાનના ધામમાં જાઉં છું ને આવું છું. એવી શક્તિ મને રામાનંદસ્વામીએ આપી છે." એમ કહીને મહારાજને કહે જે, "તમે કોઈ મહા મોટા ઈશ્વર છો, એમ મુને જણાય છે; તેથી મારે તમને એક પ્રશ્ન પૂછવો છે." એમ ગોવરધનભાઈએ કહ્યું. ત્યારે મહારાજ કહે જે, "પૂછો."

ત્યારે ગોરધનભાઈ કહે જે, "હે મહારાજ ! મારી ફઈ **પૂતળીબાઈ** નામે હતાં ને રામાનંદસ્વામીનાં ભક્ત હતાં. તે મરીને જમપુરીમાં ગયાં છે." એ વાત સાંભળીને મહારાજ કહે જે, "રામાનંદસ્વામીના ભક્ત હોય તો તે જમપુરીમાં જાય નહીં. એ શાથી ગઈ ? તેનું કોઈ કારણ હોવું જોઈએ." એવાં વચન મહારાજ(નાં) સાંભળીને વિચારતા હવા.

પછી ગોરધનભાઈ કહે જે, "હે મહારાજ ! તમો ભૂખ્યા હશો ! ત્યારે મહારાજ કહે, "ભૂખ્યા તો છીએ, કંઈ ત્યારમત્યાર હોય તો લાવો." એવું સાંભળીને ગોરધનભાઈ ઘેર જઈને એમની ફઈનું ખરચ ગયેલું તેનું વધેલું પકવાન હતું તે શેર બેને આશરે લઈને આવ્યા, ને મહારાજને આપ્યું. તે મહારાજ જમવા સારુ બેઠા. તે સમે ગોરધનભાઈ મહારાજનું કમંડળ લઈને વાવમાંથી પાણી ગાળીને ભરી લાવીને મહારાજને આપ્યું. પછી મહારાજ જમતા જાય ને પાણી પીતા જાય, એવી રીતે જમીને તૃપ્ત થયા.

તે સમે મહારાજ ગોરધનભાઈને કહે જે, "આ તૈયાર પકવાન ક્યાંથી લાવ્યા ?" ત્યારે ગોરધનભાઈ કહે કે, "મારી ફઈ મરી ગયાં છે તેના ખરચનું પકવાન તૈયાર હતું, તે હું આપના માટે લાવ્યો." એવું સાંભળીને મહારાજ કહે જે, "તમે કહ્યું કે, અમારી ફઈ જમપુરીમાં

ગયાં છે. તે તમે શાથી જાણ્યું ?" તે સાંભળીને ગોરધનભાઈ કહે જે, "હે મહારાજ ! મેં સમાધિથી જાણ્યું છે."

ત્યારે મહારાજ કહે જે, "રામાનંદસ્વામીના ભક્ત હોય તે જમપુરીમાં જાય તો નહીં, પણ કંઈક વર્તવામાં ફેરફાર થયો હશે." એવું મહારાજનું વચન સાંભળીને ગોરધનભાઈ કહે જે, "હે મહારાજ ! રામાનંદસ્વામીને એક ગરાસિયે સદાવ્રત માટે સોનાના પાસલા[1] આપ્યા હતા. તે પાસલા રામાનંદસ્વામીએ મૂકવા માટે મારી ફઈને આપ્યા. ને કહ્યું જે, 'અમારે કામ પડશે ? ત્યારે અમે માંગી લઈશું. ત્યાં સુધી તમે રાખી મેલો.' એમ કહીને આપેલા. પછીથી કામ પડ્યું ત્યારે રામાનંદસ્વામીએ માગ્યાં. ત્યારે મારી ફઈ નામકર ગયાં[2] ને આપ્યાં નહીં. તે પાપે કરીને જમપુરીમાં ગયાં છે. તે હવે શે ઉપાયે કરીને નીકળે ? તેનો ઉપાય કહો."

ત્યારે મહારાજ કહે જે, "તમે સમાધિ કરીને જમપુરીમાં જાઓ ને ત્યાંથી કાઢી લાવો." ત્યારે ગોરધનભાઈ કહે જે, "મને તો જમ મારવા ઊઠે છે." ત્યારે મહારાજ કહે જે, "તમે સ્વામિનારાયણનું નામ લેજો, તેથી તમને જમ નહિ મારે. ને એ જીવ કાઢીને દેવલોકને વિશે લાવીને મેલો."

એ વાત સાંભળીને ગોરધનભાઈએ સમાધિ કરી, ત્યાં જઈને જમપુરીમાંથી સ્વામિનારાયણનું નામ લઈને એ જીવને લઈને ચાલ્યા તોપણ કોઈ જમ બોલ્યા નહિ, ને તે જીવને દેવલોકમાં લાવીને ઇન્દ્રની પુરીમાં મૂકીને મહારાજની પાસે આવીને સર્વે વાર્તા કહીને પગે લાગીને કહે કે, "તમે તો સાક્ષાત પૂરણ પુરુષોત્તમ ભગવાન છો. તે તમો મારા સારુ જ અહીં આવ્યા છો." એવી રીતે મહારાજની ઘણી વિનંતી કરી, પગે લાગી મહારાજ પાસે ઘણીવાર બેઠા.

ને પછી મહારાજને કહે જે, "તમારે અહીંથી કઈ પાસાએ જવાની

૧.લંબચોરસ કટકા; લગડી ૨.ફરી ગયાં

વૃત્તિ[1] છે ?" ત્યારે મહારાજ કહે જે, "હમારે તો **રૈવતાચળ**[2] ઉપર જાવું છે." એમ કહીને ત્યાં રાત રહીને બીજે દિવસે ત્યાંથી ચાલ્યા તે રૈવતાચળે આવતા હતા. ॥૧૪॥

૧૫. પીપલાણામાં નરસી મેતાને ત્યાં જમ્યા તે વાત

અને પછી રૈવતાચલ ઉપર ચઢ્યા ને **ગુરુદત્તાત્રેય**નાં દર્શન કરીને પાછા આવતાં રસ્તામાં બે વેરાગી હાથમાં કટાર લઈને બે પાસા બે કૂખોમાં મહારાજને અડાડ્યા, ને અડાડીને મારવા તૈયાર થયા. તે સમે મહારાજ તેમને જોઈને ઘણા હસતા હતા. તે મહારાજને હસતા જોઈને તે વેરાગી કહે જે, "બ્રહ્મચારી, તમને અમે મારીએ છીએ ને તમે કેમ આનંદ પામીને હસો છો ?" એવાં તે વેરાગીનાં વચન સાંભળીને મહારાજ કહે જે, "હમને એમ હાસ્ય આવે છે જે, સાક્ષાત્ **વૈકુંઠનાથ**ના પાર્ષદના હાથે આ દેહ પડે છે, તે બહુ પૂર્વનાં પુણ્ય હશે. કારણ કે અજામેલને યમના દૂત મારતા હતા તે સમે વૈકુંઠનાથના પાર્ષદે જમના દૂતથી મૂકાવ્યો હતો. તે આ વૈકુંઠના પાર્ષદને હાથે મારો દેહ પડે છે, એમ જાણીને અમને હસવું આવ્યું."

એવાં મહારાજનાં વચન સાંભળીને તે બંને વેરાગી મોહ પામ્યા હોય ને શું ! એવા થકા કટાર હાથમાંથી નાખી દઈને પગે લાગીને કહે જે, "તમે સાચા સાધુ છો ને કોઈક ઈશ્વરી અવતાર છો, તેથી અમારો અપરાધ માફ કરજો." એમ કહીને પગે લાગીને પોતાના સ્થાનમાં ગયા. ને મહારાજ ત્યાંથી ચાલ્યા તે ગામ **વણથલી**માં સૂર્યકુંડમાં સ્નાન કરીને **પીપલાણે નરસી મે'તા**ને ઘેર આવ્યા. ને ત્યાંથી ભિક્ષાવૃત્તિ કરીને કહે જે, "તૈયાર હોય તો અમને આપો." ત્યારે તેમણે કહ્યું જે, "ત્યારમત્યાર તો કાંઈ નથી." એવું સાંભળીને પોતે ત્યાંથી ચાલ્યા તે **ઓઝતગંગા** ઉપર આવ્યા, તેટલાકમાં નરસી મે'તા સીમમાંથી ઘેર આવતા હતા.

ત્યારે ઘરનાં મનુષ્યે ખબર કહી જે, "એક બ્રહ્મચારી આવ્યા

૧.ઈચ્છા ૨.ગિરનાર પર્વત

હતા ને જમવાનું ત્યારમત્યાર માગતા હતા, પણ મેં તો ના પાડી તેથી ચાલ્યા ગયા.” એવાં વચન સાંભળીને નરસી મે’તો કહે જે, “કઈ પાસા ગયા.” ત્યારે તેમણે કહ્યું જે, “એ તો નદી ભણી ગયા.” ત્યારે નરસી મે’તો કેડે કેડે નદીએ આવ્યા, ત્યારે મહારાજને ભેગા થયા. ને મહારાજને કહે, “અમારે ઘેર પાછા ચાલો.” એમ કહીને ઘેર તેડી લાવીને ઓસરીમાં બેસાર્યા.

ને પછી જારનો ખીચડો ને દૂધ મહારાજને થાળીમાં પીરસ્યું તે જમવા બેઠા. તે સમે ચમકને દેખીને જેમ લોહ ચલાયમાન થાય તેમ સર્વે બાયું મહારાજને જોઈને ભેગી થઈયું. ને મહારાજ તે સમે ખીચડો ને દૂધ ચોળીને કૂચા કાઢી નાખીને રસ પી ગયા. તેને જોઈને તે બાઈઓ કહે જે, “આ બ્રહ્મચારી સવાદિયા છે ને તપસ્વી બહુ છે, તેથી રામાનંદસ્વામી પાસે જાય તો શોભે એવા છે.” તે બાઈઓનાં વચન સાંભળીને મહારાજ ત્યાંથી ચાલ્યા, તે **લોજ**માં આવીને વાવ ઉપર બેસતા હતા. ॥૧૫॥

૧૬. ગામ લોજમાં મુક્તાનંદસ્વામીને મહારાજે પ્રશ્ન પૂછ્યો.

અને તે સમે **સુખાનંદસ્વામી** વાવે ના’વા સારુ આવ્યા હતા. ત્યાં મહારાજને બેઠેલા જોઈને પૂછતા હતા. તે સાંભળીને મહારાજ પોતાનુ વ્રતાંત કહેતા હતા. તેને સાંભળીને સુખાનંદસ્વામી કહે જે, “અમારી જગ્યામાં મુક્તાનંદસ્વામી બહુ મોટા સાધુ છે. તેમને મળવા સારુ પધારો !” ત્યારે મહારાજ કહે, “અમે કોઈની જગ્યામાં તો જાતા નથી.” ત્યારે સુખાનંદસ્વામીએ કહ્યું, “જો તમે નહીં આવો તો મુક્તાનંદસ્વામી અહીં આવશે.”

ત્યારે મહારાજે જાણ્યું જે, ‘સાધુ તો નિરમાની છે, માટે આપણે જાઈએ.’ એમ વિચારીને સુખાનંદસ્વામીની સાથે જગ્યામાં આવ્યા અને

મુક્તાનંદસ્વામીને ઘણાક પ્રશ્ન પૂછ્યા. તેના ઉત્તર યથાશક્તિ પ્રમાણે કરીને મહારાજ પ્રત્યે બોલ્યા જે, “જેવી મારી બુદ્ધિ છે તે પ્રમાણે મેં કહ્યું ને યથાર્થ ઉત્તર તો રામાનંદસ્વામી જાણે.” એ વાતને સાંભળીને મહારાજે મનમાં વિચાર કર્યો જે, ‘આ સાધુ બહુ સારા છે.’ એમ જાણીને પોતે ત્યાં રે’તા હતા.

પછી મુક્તાનંદસ્વામીએ **‘સરજુદાસજી’** એવું નામ ધાર્યું. પછી તે સરજુદાસજીને મુક્તાનંદસ્વામીએ ચાર સાધુ લઈને ગામ માંગરોળ **આત્માનંદ** નામે કરીને સાધુ હતા તેમની જગ્યામાં સદાવ્રત અપાતું હતું ત્યાં મહારાજને મોકલ્યા ને સરજુદાસજી તે જગ્યામાં જઈને રે’તા હતા. ||૧૬||

૧૭. ગામ માંગરોળમાં મહારાજે સદાવ્રત તથા ચોરાસી કરી.

અને તેવા સમામાં અન્નકોટનો ઉચ્છવ આવ્યો. તે અન્નકોટમાં પકવાન વિગેરે પાક કરીને ઠાકોરજીને અન્નકોટને દિવસે જમાડ્યા; ને પછીથી અન્નકોટ ઉપાડી લીધો. ત્યાર પછી આત્માનંદજી સરજુદાસજીને કહે જે, “આ પકવાન તથા સુખડી એ જે રહે એવાં પદાર્થ તે આપણે રાખી મેલવા ને આ એઠું પદાર્થ છે તે આ ભિક્ષુકને જમાડજો. ને હું ગામમાં પ્રસાદી આપી આવું.” એમ કહીને ગામમાં પ્રસાદી આપવા ગયા.

ત્યાર પછી મહારાજે અહીં તો જેટલું પકવાન હતું તે સર્વે વેરાગીને જમાડી દીધું. તે સમે ગામમાંથી પ્રસાદ આપીને આત્માનંદ આવ્યા, ને જ્યાં મહી જોવા મંડ્યા ત્યાં તો પકવાન બધું ભિક્ષુકને જમાડી દીધેલું. તે જોઈને કોપાયમાન થઈને સરજુદાસજીને કહે જે, “આવું અવળું કેમ કર્યું ? માટે તમો અમારી જગ્યામાંથી નીકળો ને તમારે ફાવે ત્યાં જાવ.” એમ કહીને મહારાજને જગ્યામાંથી કાઢી મેલ્યા.

તે મહારાજ વાવ્ય ઉપર આવીને બેઠા ને ગોરધનભાઈને કહે જે,

"આપડે આંઈ માંડવો કરીએ." એમ કહીને વાંસડા-વળીઓ મંગાવીને, માંડવો કરીને, સીધુ-સામાન મંગાવીને સદાવ્રત આપવા માંડ્યું. ત્યારે પેલા આત્માનંદ બાવાને ઈર્ષા થઈ. તેથી જે પોતાની જગ્યામાં સદાવ્રત લેવા આવે તેને કહે જે, "જાવ, સરજુદાસ સદાવ્રત આપે છે." એમ કહીને સર્વેને ત્યાં મોકલે.

તે સમે મહારાજ સર્વેને માંડવામાં રહ્યા થકાં સદાવ્રત આપે. એવી રીતે બહુ દિવસ સુધી ચાલ્યું. ત્યારે એક સમે બધા બ્રાહ્મણ આત્માનંદની પાસે જઈને કહે જે, "તમે શહેરની ચોરાશી કરો." ત્યારે આત્માનંદ કહે જે, "જાવ, તમને હવે તો સરજુદાસજી ચોરાશી જમાડશે." એમ કહીને તે બ્રાહ્મણને મહારાજની પાસે મોકલ્યા. તે આવીને કહે જે, "અમે તો પેલા આત્માનંદ પાસે ગયા, ત્યારે તેણે અમને આવું કહ્યું જે, 'જાવ, સરજુદાસજી જમાડશે.' તેથી તમારી પાસે અમે આવ્યા છીએ." એવું સાંભળીને મહારાજ કહે જે, "આપણે ગોરધનભાઈ શેઠને બોલાવો." એમ કહીને શેઠને બોલાવવા મોકલ્યા.

પછી શેઠ આવ્યા ત્યારે મહારાજ કહે જે, "હે શેઠ ! આપણે સવારે **માંગરોળ** શહેરની ચોરાશી કરીએ." ત્યારે ગોરધનભાઈ કહે જે, "હે મહારાજ ! હજુ આપણે ઊભું રહેવાની જગ્યા તો છે નહીં ને ચોરાશી શા વડે કરીશું ?" ત્યારે મહારાજ કહે જે, "થોડા થોડા સામાન તમે લઈ આવો." ત્યારે ગોરધનભાઈ થોડો થોડો સામાન સર્વે લાવીને માંડવામાં મેલ્યો. ને પછીથી બ્રાહ્મણને કહે જે, "તમે સર્વે સવારે રાંધવા સારુ આવજો."

પછી તે બ્રાહ્મણ શહેરમાં ગયા ને બીજે દિવસે રાંધવા સારુ એ વાવથી આથમણી પાસાએ ચૂલો ખોદતા હતા ને ચોરાશી જમાડવાની રસોઈ કરવા માંડી. તે રસોઈ તૈયાર થઈ રહી, તે સમે આત્માનંદ બાવે જાણ્યું જે, 'આ તો કાંઈ વિઘ્ન ન થયું, ને કોણ જાણે ક્યાંથી સામાન લાવે છે ?' તે જોઈને બળતો થકો કહે જે, "આમાં મારે વિઘ્ન કરવું."

એમ વિચારીને બ્રાહ્મણના નાત પટેલિયાને પોતાની જગ્યામાં બોલાવીને કહે જે, "તમે કેની ચોરાશી જમો છો ? એનું દૂધ તો પૂછો ને પછીથી જમો." એવું કહ્યું. તે વાત સાંભળીને તે બધા બ્રાહ્મણ એકંદર[1] થઈને મહારાજની પાસે આવ્યા, ને મહારાજને કહે જે, "હે મહારાજ ! અમને તો આત્માનંદ બાવે એવું પુછાવ્યું છે, તેથી અમે આપની પાસે આવ્યા છીએ. માટે અમારો સંશય ટાળવાને યોગ્ય તમો છો." એવાં બ્રાહ્મણનાં વચન સાંભળીને મહારાજ તે સમે પોતાનો ઐશ્વર્ય-પ્રતાપ એ બ્રાહ્મણને એવો બતાવ્યો જે, હજારો હજાર સૂર્ય સંગાથે ઊગ્યા હોય ને તેનું જેવું તેજ જણાય તેવા તેજનો સમૂહ દેખાડ્યો. ને તે મધ્યે દિવ્ય સિંહાસન દેખાડ્યું અને ચારેય પાસાએ અનંત મુક્ત હાથ જોડીને સ્તુતિ કરે, ને દિવ્ય સિંહાસનમાં પોતે બેઠેલા. એવા સર્વે બ્રાહ્મણોને તે સમે પોતાનાં દર્શન દેતા હતા. તે જોઈને એ બ્રાહ્મણો પશ્ચાત્તાપ કરવા મંડ્યા ને કહે જે, "આ તો સાક્ષાત જગતકર્તા ઈશ્વર છે. માટે આપણે એમનો અપરાધ કર્યો, તેથી અપરાધ માફ કરાવીએ."

એમ કહીને મહારાજની સ્તુતિ કરીને કહે જે, "અમારી ભૂલ માફ કરજો, ને તમે તો પુરુષોત્તમ ભગવાન છો." એમ કહીને અહીંથી જઈને આત્માનંદને વઢવા લાગ્યા ને કહે જે, "હે બાવા ! તું અમારું ભૂંડું કરાવવા બેઠો હતો. એ તો ભગવાન છે, તે અમારો અપરાધ માફ કરશે ને એના મોઢા આગળ કોઈનું ચાલે એમ નથી." એમ કહીને સર્વે બ્રાહ્મણ જમવા સારુ ગયા ને ચોરાશી સંપૂર્ણ થઈ. ને તેમાંથી સામાન વધ્યો તે વેચીને ગોરધનભાઈએ વાવ ઉપર બે ઓરડાની જગ્યા કરી.

એવી રીતે માંગરોળમાં રહ્યા થકાં સદાવ્રત આપતા હતા. એ સર્વે વાર્તા સાંભળીને મુક્તાનંદસ્વામી મહારાજને લોજમાં તેડાવી લેતા હતા. ને ત્યાં રહ્યા થકાં સરજુદાસજીએ સર્વેના અંતરના ઘાટ કહેવા મંડ્યા. ને કોઈ સમે તો અક્ષરધામ દેખાડે અને કોઈક સમે ચીભડાં આદિકનો

૧.ભેળા; ભેગા

ભાર લાવવો હોય તો પોતે દસ-બાર મણની ગાંસડી બંધાવે ને તે ગાંસડી પોતાના મસ્તકથી અધ્ધર ચાલી આવે, એવા ઘણાક ચમત્કાર દેખાડે અને સાધુને અષ્ટાંગ-યોગ શીખવાડે ને કોઈને ગોલોક દેખાડે તથા શ્વેતદ્વીપ તથા બદરિકાશ્રમ દેખાડે. એવા ઘણાક ચમત્કાર દેખાડીને મુક્તાનંદસ્વામી ભેગા નવ માસ રહેતા હતા. ॥૧૭॥

૧૮. મુક્તાનંદસ્વામીની વાત કહી.

અને વળી તે મુક્તાનંદસ્વામી કોણ હતા ? તો પૂર્વ **મૂળદાસ** સંયોગી વેરાગીની દીકરીના દીકરા હતા. ને ઘરમાંથી અતિશે ઉદાસ થઈ વૈરાગ્યને પામીને ચાલી નીકળ્યા. ને સર્વે તીર્થમાં ફરતાં ફરતાં ગામ **સરધાર**માં **કલ્યાણદાસજી**ની જાયગામાં આવતા હતા. ને કલ્યાણદાસ માર્ગીના મતમાં હતા. તેની બે ગાદીઓ હતી. એક સરધારમાં ને બીજી **વાંકાનેર**માં હતી. તે કલ્યાણદાસે મુક્તાનંદસ્વામીને સાધુ કરીને **'મકનદાસ'** એવું નામ પાડ્યું ને તે જગ્યામાં રાખ્યા. ને એક સમયમાં ફરતાં ફરતાં રામાનંદસ્વામી (સરધારમાં) આવ્યા.

તે ગામમાં એક પાટીદારના ફળિયામાં રામકથા કરતા હતા. તેમાં

नारी नयन शर जाही न लागा, घोर क्रोध निशी तम जेही जागा ।
लोभ फांसी जेही गले ना बंधाया, सो नर तुम समान रघुराया ॥

એ દોહરો બોલ્યા. તેનો અર્થ રામાનંદસ્વામી કરે છે. તે સમે મકનદાસજી હાથમાં લોટો ઝાલીને બહિર્ભૂમિ જતાં જતાં ઊભા રહ્યા હતા. તેમણે એ અર્થ સાંભળ્યો. તે સાંભળીને મનમાં કામનો ઘાટ ટળી ગયો ને બહુવાર કથા સાંભળી ને પછી પોતાની જગ્યામાં ગયા.

પછી કલ્યાણદાસ પૂછતા હતા કે, "મકનદાસ, આજે કેમ બહુ વાર લાગી ?" ત્યારે મકનદાસે કહ્યું કે, "એક અભ્યાગત રામદાસ કરીને સાધુ આવ્યા છે. તે રામકથા વાંચતા હતા. તે સાંભળવા સારુ ઊભો રહ્યો તેથી વાર લાગી." ત્યારે તેણે કહ્યું જે, "આપણે આંઈ

ઘણાં પુસ્તક છે, તેને તમે વાંચો ને સાંભળો." ત્યારે મકનદાસ કહે જે, "આપણે સર્વે વાંચીએ છીએ ને સાંભળીએ છીએ, પણ મારા મનમાં કામનો ઘાટ ટળતો નો'તો. ને મેં રામદાસની કથા સાંભળી તેથી મારા મનમાં કામનો ઘાટ ટળી ગયો."

ત્યારે કલ્યાણદાસે કહ્યું જે, "મારા ગુરુએ એક હજાર રૂપિયા તથા ગાડી, બળદ તથા દસ માણસ કાશીએ જવા સારુ આપ્યાં હતાં. તે લઈને હું કાશીએ ગયો ને ત્યાં સર્વે તીરથ કરીને રસ્તામાં આવતાં ગામ ઉજ્જૈન આવ્યો. ને હું ગામમાંથી લોટો ભરીને બહિર્ભૂમિએ જતો હતો. તેવામાં એક કાયસ્થની દીકરી ૧૫-૧૬ વર્ષની પોતાની સખીઓ સહિત આવી હતી. તે બાઈ પોતાના હાથનું લટકું કરીને એમ બોલી જે, "એ બાવા, ઈધર ડાલડોલ[૧] જાવ ? આમ નહિ જવાય." એમ મને એ બાઈએ હાથની સાને કરીને કહ્યું છે. તે મારી દાઢી ધોળી થઈ ગઈ તોપણ તે બાઈ દહાડામાં ત્રણવાર સાંભરી આવે છે, કે એ બાઈ કેવી થઈ હશે ? ને તમે તો કહો છો કામનો ઘાટ ટળી ગયો."

ત્યારે મકનદાસ બોલ્યા જે, "તમારે માનવું હોય તો માનો, મને તો થયું એમ મેં કહ્યું." ત્યારે કલ્યાણદાસ બોલ્યા જે, "તમારો મારે એટલો તો વિશ્વાસ છે જે, તમે જૂઠું તો ન બોલો." પછી કલ્યાણદાસે એમ વિચાર કર્યો જે, 'આ જતા રહેશે, તે સારુ આપણે બે જગ્યાના માનત કરીએ તો ન જાય.' એમ વિચાર કરી વાંકાનેરના **માનત શ્યામદાસ**ને તેડાવ્યા. ને કહ્યું જે, "આ મકનદાસ જેવા સાધુ આપણી બે જગ્યામાં નથી, માટે આપણે બે જગ્યાના મહંત કરીએ તો રહેશે. નઈ તો જા'તા રેશે." એમ જાણીને બે જગ્યાના મહંત કરીને ચાદર ઓઢાડી, તોપણ મકનદાસ રામાનંદસ્વામીની કથા સાંભળવા જાય.

ત્યારે રામાનંદસ્વામીએ એમને કથા સાંભળવાની ના પાડી ને કહે જે, "તમારા ગુરુ કહે તો કથા સાંભળવા આવજો ને ના કહે તો

૧.ઝાડે ફરવા

ના આવશો. તમારે નિમિત્તે અમારે ઉપાધિ થાય." ત્યારે મકનદાસે કલ્યાણદાસને કહ્યું કે, "કથા સાંભળવાની રામાનંદસ્વામી ના પાડે છે."

ત્યારે કલ્યાણદાસે પોતાના શિષ્ય પાસે રામાનંદસ્વામીને કહેવડાવ્યું જે, "મકનદાસને કથા સાંભળવા દેજો." એમ કહેવરાવીને છાની ઉપાધિ કરી. તેથી રામાનંદસ્વામી તથા મકનદાસ સર્વે ચાલી નીસરતા હતા. ને ત્યાંથી પછી ગામ **લોજપુર**માં આવીને રહ્યા ને ત્યાં જગ્યા બાંધીને ભિક્ષા માગીને સાધુને સદાવ્રત આપતા હતા ને રામાનંદ સ્વામી ને મુક્તાનંદસ્વામી વિગેરે સર્વે સાધુ ત્યાં રહેતા હતા. ॥૧૮॥

૧૯. આત્માનંદસ્વામી કાશીએ ગયા તે વાત

અને મહારાજ **લોઢવા**માં આવ્યા ને ત્યાં આત્માનંદસ્વામીના શિષ્ય **બાલાનંદ** ને બાઈ **લખુ ચારણ** તે પણ લોઢવામાં રહેતાં હતાં. તે આત્માનંદસ્વામી કોણ જ્ઞાતિના હતા ? તો તે ગામ **આહુદર**ના રહેવાસી હતા ને તેમનું નામ **વિશ્વંભર ભટ્ટ** હતું. તે સંસારમાં રહ્યા થકાં પોતે ચમત્કાર દેખાડતા હતા. તે કેવી રીતે ? તો કાઠી ભેગા લૂંટવા જાય, ત્યારે સર્પ-વીંછી ચાલ્યા જતા હોય તેને જોઈને એમ બોલે જે, "આ ધન ચાલ્યું જાય છે." ત્યારે તે કાઠી કહે કે, "આ સર્પ-વીંછી છે ને ધન ક્યાં છે ?"

ત્યારે વિશ્વંભર ભટ્ટ કહે જે, "અમે લઈએ તેમાં તમને ભાગ નહિ આપીએ." એમ કહીને પોતે વીણી લઈને ઘોડાના તોબરામાં[1] ભર્યા; ત્યારે તે સોનામહોરો થઈ. તેને જોઈને કાઠી કહે જે, "અમને ભાગ આપો." ત્યારે વિશ્વંભર ભટ્ટ કહે જે, "પ્રથમ મેં ના પાડી છે, તે ભાગ નહીં મળે." ત્યારે તે કાઠીએ આગ્રહ કર્યો. તેને જોઈને વિશ્વંભર ભટ્ટ ઘોડાનો તોબરો ઠાલવી નાખતા હતા. પછી સર્પ-વીંછી થઈને ચાલી નીસરતા હતા. એવી રીતે ઘણા ચમત્કાર દેખાડતા.

તેને જોઈને ગામના મુખીની બાઈ **હરબાઈ** હતાં, તે મુમુક્ષુ હતાં.

૧.ઘોડાના મોઢે બાંધવામાં આવતા ચામડાના થેલામાં

તે ભગવાનને ખોળતાં ખોળતાં એ ગામમાં મહાદેવનું એક દેવળ છે ત્યાં ગયાં. ને ત્યાં **ગોવિંદરામ** બાવો હતો તેણે કહ્યું જે, "તમારો ગોર જે વિશ્વંભર ભટ્ટ તે જ ભગવાન છે." તે સાંભળીને બાઈ ઘેર આવી ને વિશ્વંભર ભટ્ટને કહ્યું જે, "શું ઘરમાં બેસી રહ્યા છો ? ઘરમાંથી નીકળો. મુમુક્ષુ અકળાય છે." તે સાંભળીને (ભટ્ટ) બોલ્યા જે, "તમને ગોવિંદરામ બાવે કહ્યું ?" એમ કહીને બંને જણ હરબાઈ ને વિશ્વંભર ભટ્ટ ચાલી નીસરતાં હતાં.

તે કાશીએ જઈને સંન્યાસ લઈને **'આત્માનંદ'** એવું નામ ધાર્યું ને ત્યાં બીજા **જુગતાનંદ** તથા **મુક્તાનંદ** તથા **ખેમસ્વામી** તથા **હરબાઈ** તથા **વાલબાઈ** – એ છો જણનું મંડળ થયું. તે ફરતાં ફરતાં કાઠિયાવાડ દેશમાં ગામ **સરધાર**માં આવ્યાં ને તે ગામનો બ્રાહ્મણ **વિઠ્ઠલ** હતો, તે પોતાના ઘરનું મનુષ્ય છોકરો ધાવણો મેલીને મરી ગયું તેથી દુઃખી હતો. તેથી આત્માનંદસ્વામી પાસે બેસવા સારુ આવતો હતો. તેને જોઈને આત્માનંદ કહે જે, "કેમ ઉદાસ જેવા જણાવ છો ?" ત્યારે તેણે પોતાના દુઃખની વાત કહી જે, "છોકરાની મા મરી ગઈ છે. તે કોઈની પાસે ધવરાવવા જાવું પડે છે."

ત્યારે સ્વામી કહે જે, "છોકરાને અહીં લઈને આવો." ત્યારે તેણે તેમ કર્યું. તે છોકરું ખોળામાં બેઠું બેઠું રડવાં મંડ્યું. ત્યારે સ્વામી બોલ્યા જે, "વિઠ્ઠલ, તું છોકરાને ધવરાવ." ત્યારે વિઠ્ઠલ કહે જે, "મોટા પુરુષ થઈ મારી મશ્કરી કરો છો ?" ત્યારે સ્વામી બોલ્યા જે, "એની માને હેતે કરીને દૂધ આવે છે, તેમ તમે હેતે કરીને ધવરાવો તો દૂધ આવે." ત્યારે તેણે એમ કર્યું, તે દૂધ આવ્યું. એવો ચમત્કાર જોઈને વિઠ્ઠલ પોતાના છોકરાને લઈને આત્માનંદસ્વામી ભેગો ચાલ્યો. તેને સ્વામીએ સંન્યાસ આપીને **'વિઠ્ઠલાનંદ'** એવું નામ ધાર્યું, ને છોકરાનું **'બાલાનંદ'** એવું નામ ધાર્યું ને ત્યાંથી આત્માનંદસ્વામી ચાલ્યા તે ગામ **પાલીતાણા**માં આવ્યા. ને ત્યાં શ્રાવકના ડુંગર ઉપર ચડવાના રસ્તામાં

ઊતર્યા ને ખેમસ્વામી 'કૃષ્ણ કૃષ્ણ' ભજન કરવા મંડ્યા. તેને સાંભળીને ગોરજી કૃષ્ણનું વાંકું બોલ્યો જે, "કૃષ્ણ તો ત્રીજા નર્કમાં પડ્યા છે."

તે વાત સાંભળીને ખેમસ્વામીએ ગોરજીને હેઠે પાડીને લાત મારીને કહ્યું કે, "અમે તમારા ઈષ્ટદેવનું વાંકું નથી બોલતા ને તમે અમારા ઈષ્ટદેવનું વાંકું કેમ બોલ્યા ?" ત્યારે તે ગોરજી ક્રોધ કરીને બોલ્યો જે, "આમનાં નાક-કાન કાપી લો."

ત્યારે તે વાત સાંભળીને આત્માનંદસ્વામી બોલ્યા જે, "તારા ને તારા દેવનાં બન્નેનાં નાક-કાન કપાશે." એ જ ઘડીએ આકાશમાંથી વીજળી એમનાં જૂનાં દેવળ ઉપર પડી, તે દેવનું નાક લઈને જતી રહી. ને તે દિવસનું હજુ શિખર ચડતું નથી. ને નાક પણ પિત્તળનું કરે છે ત્યારે રહે છે. ને ગોરજી ચોરીથી પકડાયા તેથી નાક-કાન બેઉ કાપી લીધાં ને ચબૂતરે બેસાડી મેલ્યા. તેને એમના શિષ્ય દંડ ભરીને છોડાવી લાવ્યા. એવું આત્માનંદસ્વામી કામ કરીને ત્યાંથી ચાલતા હતા. ॥૧૯॥

૨૦. ગામ ધ્રાફાનો રોળ[૧] તથા મહારાજને રામાનંદસ્વામી મળ્યા.

અને ત્યાંથી ચાલતાં રસ્તામાં જતાં એક ગામને પાદર શેરડીનો વાડ[૨] આવ્યો. તે વાડમાં સ્વામી વગેરે સર્વે સાધુ જતા હતા ને ત્યાં જઈને શેરડીના સાંઠા માગ્યા. ત્યારે તેમણે ના આપ્યા ત્યારે બળદિયાને શીંગડે રસ ચડાવીને ચાલી નીકળ્યા. પછીથી તે વાઢવાળા ધણીએ આગળ જઈને વિનંતી કરી ને પાછા લાવીને જમાડતો હતો. ત્યારે પાછો રસ ઠેકાણે પડ્યો. એવા ચમત્કાર દેખાડીને ચાલ્યાં, તે ગામ **ધ્રાંફે** ગયાં.

ત્યારે તે ગામમાં માર્ગીના સાધુનો મેળો હતો ને ભારે ભારે મોતૈયા લાડુ-જલેબી-બરફી વગેરેની રસોઈ કરી હતી. તેને જોઈને ગામના પટેલ કહે જે, "આત્માનંદજીને પાંચ-સાત મનુષ્ય જમે એટલું પકવાન આપો." ત્યારે તેમણે ના આપ્યું ને કહ્યું જે, "આત્માનંદને

૧.વિનાશ ૨.શેરડીનું ખેતર

આપશો તો અમે નહીં જમીએ."

ત્યારે તેમની અવળાઈ જોઈને આત્માનંદસ્વામી બોલ્યા જે, "સારુ, તમો પણ જમજો !" પછીથી જમવાનું ટાણું થયું એટલે જમવાની પંક્તિ થઈ ને પાક પંગતમાં ફર્યા. તે સમે વા ને વંટોળ થયો. તેથી સર્વેનાં ભાણાંમાં ધૂળ ધૂળ થઈ ગઈ. તેથી કોઈ પણ જમે એવું રહ્યું નહીં. તે દિવસને આરંભીને હજી ભેગા થાય છે ત્યારે ત્યારે તેવું ને તેવું થાય છે. તેથી ધ્રાફાનો રોળ કહેવાય છે.

ત્યાંથી **આત્માનંદસ્વામી** ચાલ્યા તે **ગોપનાથ**માં **ગોપાળયોગી** પાસે રહ્યા. ને **બાલાનંદ** હતા તે ગામ **લોઢવા**માં **લખુબા**ને ત્યાં રહેતા હતા. ને મહારાજ **લોજ**માં રહીને રામાનંદસ્વામીના સંત મુક્તાનંદસ્વામી તથા સુખાનંદસ્વામી આદિક સર્વે સંત–હરિજનને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપતા હતા. ને સાધુને મહારાજ લોજમાં અષ્ટાંગયોગ શીખવાડતા હતા ને નવ માસ સુધી રહેતા હતા. ને ત્યાંથી ગામ **પીપલાણા**માં રામાનંદસ્વામી ભેગા થયા. ને તે રામાનંદસ્વામી ઉદ્ધવના અવતાર હતા.

તે સ્વામીને મહારાજ ભેગા થયા તે સમે તેજ તેજ ને અનંત સૂર્યના જેવો પ્રકાશ થયો. તે જોઈને સર્વે સંત-હરિજન આશ્ચર્ય પામીને કેટલાક એમ બોલતા હતા જે, **"આ તો સર્વે અવતારના અવતારી છે ને ભગવાન છે."** એવો નિશ્ચય કરતા હતા. ને તે સમે એક મુસલમાન હતો તે એવો ચમત્કાર જોઈને મહા હરખ પામીને એમ બોલ્યો જે, "તમારા હિંદુમાં એસી અવળી રીત ક્યું હે ? જે બડા હોય છે તે નીચા બેસે ને છોટા હોય સો ઊંચા બેસે, એવી અવળી રીત ક્યું હૈં ?"

તેને સાંભળીને રામાનંદસ્વામી બોલ્યા જે, "અમારા હિંદુમાં પૂર્વેથી એવી રીત ચાલી આવે છે જે, વશિષ્ઠ ઋષિ ઊંચે બેસે ને રામચંદ્રજી નીચે બેસતા." તે સાંભળીને મુસલમાન બોલ્યો જે, "તબ તો અચ્છા." એમ બોલીને કહે, **"આ તો સાક્ષાત્ ખુદા હે."** એવો નિશ્ચય કરીને પોતાને ઘેર ગયો.

પછી રામાનંદસ્વામી સર્વે સાધુ તથા હરિજન પ્રત્યે વાર્તા કરવા લાગ્યા. તે વાત એમ કરતા હતા જે, **"બ્રહ્મચારી આવ્યા મોર્ય તમને અમે એમ કહેતા હતા જે, અમે તો ડુગડુગિયાના વગાડનારા છીએ ને રમતના કરનારા તો આ આવ્યા તે જ છે. વળી અમે એમ કહેતા હતા જે, સાત માળની હવેલી કરવી હોય તેમાં બે ઈંટો ચોડી છે ને સાત માળની હવેલી ઉઠાવનાર તો પછવાડેથી આવનાર છે, તે આ આવ્યા.**

વળી અમે એમ કહેતા હતા જે, સો મણ રૂનો ભડો[૧] કાંતવો હોય તેમાં અમે બે પૂણીઓ કાંતી છે, ને તે ભડાના કાંતનારા તો હવેથી આવશે. તે આ બ્રહ્મચારી આવ્યા. ને અમે તો ઉદ્ધવના અવતાર છીએ ને આ તો શ્રીપૂરણ પુરુષોત્તમ ભગવાન છે." એવી સ્વામીની વાતો સાંભળીને કેટલાક સંત તથા હરિભક્ત નિશ્ચય કરતા હતા જે, 'આ તો પ્રગટ ભગવાન છે.'

વળી રામાનંદસ્વામી મહારાજનો મહિમા તથા ગુણ વર્ણન કરીને પછીથી મહારાજને પૂછતા હતા. ત્યારે મહારાજ સ્વામીને પોતાનું સર્વે વૃતાંત કહેતા હતા. તેને સાંભળીને હેતથી બહુ રીતે એકબીજાનો મહિમા કહેતા સતા પોણા બે વર્ષ ભેગા રહેતા હતા. પછી રામાનંદ સ્વામી પોતાની ધર્મધુર મહારાજને સોંપીને પોતે દેહ-ત્યાગ કરીને સ્વધામ જાતા હતા. ॥૨૦॥

૨૧. ગામ ફરેણીમાં રામાનંદસ્વામીએ દેહત્યાગ કર્યો ને ખરસ કર્યો.

પછી મહારાજે રૂડી રીતે એમની દેહક્રિયા કરી, ને રામાનંદ સ્વામીના સાધુ-સત્સંગીને તેડાવીને ગામ **ફરેણી**માં મોટું ખરચ કર્યું. ને ચૌદમાને દિવસે સભા કરીને સર્વેને વાતો કરી ને રામાનંદસ્વામીનો શોક ટાળતા હતા. ને કહે જે, **"પ્રગટ ભગવાનનું ભજન કરજો."**

૧.મોટી ગાંસડી

એમ કહીને સર્વે સંતને કહે, "જે ફરવા જાઓ." ને હરિભક્ત પણ પોતપોતાને ઘેર ગયા.

❋ વ્યાપકાનંદસ્વામીની વાત

ને તે જ દિવસે સાંજે **ઝરણાંપરણાં** દેશના રે'નારા ને **શીતલદાસ** છે નામ જેમનું, એવા સાધુ તીર્થમાં ફરતાં ફરતાં રામાનંદસ્વામીને ભગવાન જાણીને ત્યાં આવ્યા. ત્યારે રામાનંદસ્વામી તો દેહ મૂકી ગયેલા. તેને સાંભળીને બહુ ઉદાસ થઈ ગયા ને મનમાં એમ વિચાર કરવા લાગ્યા જે, 'ચાર ધામમાં ફરીને ભગવાન ખોળી કાઢ્યા પણ મારાં અભાગ્ય તેથી મારા ભેગા ના થયા.'

પછી એમ વિચાર કરતા હતા જે, 'આપણે સ્વામીના સાધુને રાજી કરીએ તો ભગવાન મળે.' એમ વિચાર કરીને સૂઈ ગયા. ને મહારાજ અંતરજામીપણે એમનો સંકલ્પ જાણીને સવારે એમની પાસે આવીને ઊભા રહ્યા. ને મહારાજ એમ બોલ્યા જે, "હે શીતલદાસજી ! ક્યું ચાલવાના મનસૂબા કરતા હો ?" ત્યારે શીતલદાસ બોલ્યા જે, "મારાં અભાગ્ય જે મુને રામાનંદસ્વામીની ભેટ ન હુઈ."

તે સાંભળીને મહારાજ બોલ્યા જે, "સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' એવું ભજન કરો." ત્યારે તેમણે તે ભજન કર્યું.

તેણે કરીને સમાધિ થઈ ને **અક્ષરધામમાં ગયા ને ત્યાં મહારાજની મૂર્તિ જેવી અહીં છે તેવી જ ત્યાં દિવ્ય સિંહાસનમાં દેખતા હવા. ચારે પડખે ચોવીસે અવતાર હાથ જોડીને ઊભા રહ્યા છે ને રામાનંદસ્વામી પણ ત્યાં ચમર લઈને ઊભેલા, એવી રીતે દર્શન કરતા હવા. તેમને મહારાજે કહ્યું જે, "તમે આ બધા અવતારને મળો." ત્યારે તે શીતલજી એક એક અવતારને ભેટતા હવા ને તે અવતાર શીતલદાસજીના શરીરને વિશે લીન થાતા હવા.**

એવી રીતે મહારાજે સર્વે અવતાર પોતાના અંગને વિશે લીન કર્યા ને કહે જે, "રામાનંદસ્વામીને ભેટો." ત્યારે તે શીતલદાસ અટક્યા. કેમ જે, રામાનંદસ્વામીના ભગવાનપણાનો નિશ્ચય, તેથી અટક્યા. તેમને જોઈને **રામાનંદસ્વામી બોલ્યા જે, "આ તો બધુ મહારાજને વચને કરીને થયું છે. ને મહારાજ તો પૂરણ પુરુષોત્તમ છે ને સર્વ અવતારના અવતારી છે." એમ કહીને બોલ્યા જે, "હું તો ઉદ્ધવનો અવતાર છું તે આવો આપણે મળીએ." ત્યારે મળ્યા. ત્યારે શીતલદાસજીનાં અંગને વિશે રામાનંદસ્વામી લીન થયા.**

પછી મહારાજે કહ્યું જે, "આવો આપણે મળીએ." ત્યારે તે મળ્યા ને તે શીતલદાસજી મહારાજનાં અંગને વિશે લીન થયા. ત્યારે મહારાજ કહે જે, "નોખા પડો." ત્યારે તે સમાધિથી બહાર આવ્યા ને પોતાનો સંકલ્પ સત્ય થયો તેથી મહાઆનંદ થયો. ને પંદરમાને દિવસે સવારમાં હરિભક્તોની મોટી સભા થઈ હતી ને મહારાજ તે સભાને વિશે વિરાજમાન હતા.

તે સમે શીતલદાસજી ત્યાં આવીને સર્વે સભાને દંડવત્પ્રણામ કરીને બોલતા હતા જે, **"હે સ્વામિનારાયણ ! તુમ તો સર્વે અવતારના અવતારી પૂરણ પુરુષોત્તમ ભગવાન છો ને સર્વે કારણના કારણ છો."** એમ સર્વેને સાંભળતાં બોલતા હતા. ત્યારે મહારાજ કહે જે, "કેમ તમારે જાવું છે ?" ત્યારે શીતલદાસ કહે, "તુમકું નહીં છોડેગા, તુમ

તો ભગવાન હો, હમ તુમારી પાસે રેવેગા." એ વાત સાંભળી મહારાજે શીતલદાસજીને સાધુ કરીને **'વ્યાપકાનંદસ્વામી'** નામ પાડ્યું.

તે વ્યાપકાનંદસ્વામી કિયા ? તો બુંદેલખંડમાં બ્રાહ્મણનો છોકરો જીવતો કર્યો ને ગામ **બોટાદ**માં **હમીર ખાચર**ની ઘોડી જીવતી કરી ને વાણિયાનો દંડ પૂરો કર્યો ને છોડાવ્યો. તે શીતલદાસજીને મહારાજે રામાનંદસ્વામીના પંદરમાને દિવસે સાધુ કર્યા ને સર્વે સંતને ફરવા જવાની આજ્ઞા આપતા હતા. ને સર્વે હરિભક્તોને પોતપોતાને ઘેર જવાની આજ્ઞા આપતા હતા. ॥૨૧॥

૨૨. મહારાજ માંગરોળમાં પ્રતાપ જણાવતા હતા તે વાત

અને વળી 'રામકૃષ્ણ ગોવિંદ હરે નારાયણ' એવું ભજન હતું તેને અળસાવીને **'સ્વામિનારાયણ'** એવું ભજન ચલાવ્યું. ને મહારાજે પ્રથમ સાધુને ફરવા જવાની આજ્ઞા આપી હતી. તે મુક્તાનંદસ્વામી ભૂજ ગયા ને મહારાજ માંગરોળ ગયા. અને રામાનંદસ્વામી દેહ મૂકી ગયા પછી **સાડા બાર** ભગવાન થયા ને સત્સંગ થોડો થોડો વહેંચાઈ ગયો. તેને એક કરવા સારુ ગામ માંગરોળમાં પોતાનો અતિશય પ્રતાપ જણાવતા હતા. તે કેવી રીતે ? તો જે મહારાજને દેખે તે સર્વેને સમાધિ થાય. એવો પ્રતાપ જોઈને એ ગામનો **રાજા વજરદિન** હતો. તેણે પોતાનો દીવાન પરીક્ષા સારુ કાજી નામનો હતો તેને મોકલતો હતો જે, કેવી રીતે સમાધિ કરાવે છે ?

ત્યારે તે કાજી મહારાજની પાસે આવીને કહે જે, "મારા ઈષ્ટદેવ દેખાડો." ત્યારે મહારાજે કહ્યું જે, "તમે રાજાના દીવાન છો, તેથી કાંઈ આડુંઅવળું થાય તો રાજાનો ઠબકો મળે." ત્યારે તેણે કહ્યું જે, "મને રાજાએ મોકલ્યો છે." ત્યારે મહારાજ કહે જે, "અમારી સામું જુઓ ને 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' એવું ભજન કરો." ત્યારે તેણે (તેમ) કર્યું, તે ભેગી સમાધિ કરાવી ને જમપુરી દેખાડી. તે જમપુરીનું દુઃખ જોઈને બહુ મનમાં ત્રાસ પામીને એમ કહેતો હતો જે, "આ તો

બહુ દુઃખ છે." ત્યારે મહારાજ કહે જે, "એ તો રાખના ડામ છે ને ડમયણાં તો મુવા પછી છે."

ત્યારે તે કહે કે, "એ દુઃખ કેમ મટે ?" ત્યારે મહારાજ કહે જે, 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' ભજન કરો ત્યારે એ દુઃખ મટે." ત્યારે તે કહે જે, "કેવું સુખ મળે ?" ત્યારે મહારાજે ફરીથી સમાધિ કરાવીને અક્ષરધામનું સુખ દેખાડ્યું. પછી સમાધિમાંથી બહાર કાઢ્યા ને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવીને પોતાનો આશ્રિત કરતા હતા.

પછી દીવાને રાજા પાસે જઈને તે સર્વે વાત કહી. તે વાત સાંભળીને રાજા મહારાજ પાસે આવતો હતો ને મહારાજ જવા તૈયાર થયા હતા. તે મહારાજને વિનંતી કરી ને મહારાજને ચાર મહિના રાખીને મહારાજનો આશ્રિત થાતો હતો ને સ્વામિનારાયણ ભજન કરતો હતો.

પછી મહારાજે એવું પ્રકરણ ચલાવ્યું જે, કોઈ મનુષ્ય દરવાજે નીસરે તેને સમાધિ થાય, તેથી એ દરવાજે કોઈ આવતું ન હતું. તેથી મહારાજ **ગણેશજી શેઠ**ને પૂછતા હતા જે, "હે ગણેશજી ! આ દરવાજે કેમ કોઈ આવતું નથી ?" ત્યારે ગણેશજી કહે જે, "સમાધિની બીક લાગે છે." ત્યારે મહારાજ કહે જે, "અમારી ચાખડીના શબ્દ સંભળાય તેને પણ સમાધિ થાય."

વળી ગણેશજીને કહે જે, "અમે તમારે ત્યાં જમવા સારુ આવીએ ?" ત્યારે શેઠ કહે જે, "ઠીક" એમ કહીને પોતાને ઘેર રસોઈ કરાવી ને મહારાજ ગણેશજીની સાથે જમવા સારુ પધાર્યા. ને મહારાજને આવતા જોઈને ભટોભટ દુકાનો અડકાવી દેતા હતા. એમ કરતાં દેખાઈ જાય તો સમાધિ થઈ જાય.

એવી રીતે એક દિવસ જમીને બજારમાં આવતાં, તે એક દુકાને બાપ-દીકરો જોઈને ઘરમાં પેસવા જતે જતે ચાખડીનો શબ્દ સંભળાઈ ગયો તેથી સમાધિ થઈ. તેને જોઈને છોકરો બોલ્યો જે, "ઓ મારા બાપ રે ! મારો બાપ મરી ગયો રે..." એમ કહીને પોક મેલી. તેને

જોઈને મહારાજ કહે જે, "હે ગણેશજીભાઈ, શું છે ?" ત્યારે ગણેશજી કહે જે, "મહારાજ તમારી ચાખડીના શબ્દ સાંભળીને સમાધિ થઈ. તે જોઈને છોકરો રડવા લાગ્યો જે, 'મારો બાપ તો મરી ગયો રે...' ત્યારે મહારાજ કહે જે, "સમાધિ તો અષ્ટાંગયોગ સાધે છે ત્યારે થાય છે, તે સમાધિની આવડી બધી બીક !?" એમ કહીને ઉતારે પધાર્યા.

❋ મહારાજે મેઘજીતનું અભિમાન ઉતાર્યું.

ને પછીથી શહેરમાં એ વાત ચાલી કે, 'બ્રહ્મચારી સૌ સૌના ઈષ્ટદેવ દેખાડે છે.' એવું સાંભળીને યવન જ્ઞાતિ વગેરે સર્વે ત્યાં આવતા હતા. તેમને જોઈને મહારાજ તેમના ઈષ્ટદેવ દેખાડતા હતા. એવો પ્રતાપ માંગરોળ ગામમાં પોતાનો અતિશય જણાવતા હતા. તે જોઈ રામાનંદસ્વામીનો શિષ્ય સમાધિનિષ્ઠ **મેઘજીત** કરીને હતો. તે તેલની કઢાઈમાંથી પોતાને હાથે ગાંઠિયા કાઢતો હતો ને આપે (પોતે) ભગવાન કે'વાતો.

તે મહારાજ પાસે આવીને બોલવા લાગ્યો જે, "આજકાલના આવેલા તમે, તે તમારે સત્સંગમાં ફેલી થાવું નહીં." એમ કહીને કહે જે, "જુવો મારો પ્રતાપ !" એમ કહીને ઊનું ખળખળતું પાણી હતું તેમાં હાથ બોળ્યા, તે હાથ કોણી સુધી ફૂલી ગયા તોપણ એ માને કરીને મહારાજ આગળ બોલ્યો જે, "પરમ દા'ડે બપોરે મારે દેહ મૂકીને ધામમાં જાવું છે."

ત્યારે મહારાજ કહે, "તું દેહ મૂકીને તારી મેળે ધામમાં જાય તો હું તારો શિષ્ય થાઉં, નહીં તો (તને) મારો શિષ્ય કરું." એમ કહીને મહારાજ કહે જે, "તું જા તો ખરો !! (તને) ત્રિશંકુના તારાની પેઠે અધવચ લટકાવું." એવું સાંભળીને તે પોતાને ઘેર ગયો. ને ઘરની સમૃદ્ધિ હતી તે બ્રાહ્મણ વગેરેને આપી દેતો હતો. પછી નાડી-પ્રાણ તાણીને હૃદયને વિશે જીવને લાવ્યો. પછી દેહથી બારણે પણ ન નીકળાય અને દેહમાં પણ ના અવાય, એવી રીતે ત્રણ દિવસ હૃદયને વિશે મૂંઝાવ્યો.

તે જોઈને એનાં સગાં-વહાલાંએ મહારાજ પાસે આવી પ્રાર્થના કરીને કહ્યું જે, "હે મહારાજ ! એ અભિમાની હતો, તે એનું અભિમાન ઊતર્યું ને તમે ત્યાં પધારીને તેને સાજો કરો."

પછી એમની વિનંતી સાંભળી મહારાજ ત્યાં પધાર્યા. (તેને સાજો કર્યો) ને કહે જે, "હે મેઘજીત ! તમે ધામમાં જાતા હતા ને કેમ રોકાયા ?" ત્યારે તે બોલ્યો જે, "તમે તો પૂરણ પુરુષોત્તમ સાક્ષાત્ ભગવાન છો ને હું તમારો દાસ છું." એમ કહીને પોતે મહારાજનો શિષ્ય થયો. એવી રીતે એનું ભગવાનપણું મટાડતા હતા ને સર્વેને પોતાનો પ્રતાપ દેખાડીને પોતાના આશ્રિત કરતા હતા. ॥૨૨॥

૨૩. ગામ માંગરોળમાં જન્માષ્ટમીનો સમૈયો કર્યો તે વાત

અને મહારાજ ત્યાં રહ્યા થકા જન્માષ્ટમીના સમૈયા ઉપર **મયારામ ભટ્ટ** તથા **પર્વતભાઈ** તથા **માંચો ખાચર** તથા **ભોજોભાઈ** વિગેરે સર્વે હરિભક્તોને ત્યાં તેડાવતા હતા. ને અદ્‌ભુતાનંદસ્વામી કહે, "હું પણ ત્યાં જાતો હતો." ત્યાં સર્વે હરિભક્તો આઠમનો ઉપવાસ કરી જાગરણ કરતાં અષ્ટપટરાણીઓએ સહિત બાઈ-ભાઈ સર્વેને શ્રીજી મહારાજ પોતે કૃષ્ણરૂપે પોતાનું દર્શન જન્મ સમયથી તે ચાર વાગ્યા સુધી દેતા હતા.

પછી હતા તેવે સ્વરૂપે થાતા હતા ને સમુદ્રમાં નાહી આવીને પારણાં કરીને બેઠા. ને સર્વે હરિભક્તોને પોતપોતાના દેશમાં જવાની આજ્ઞા કરી. તે સમે સર્વે હરિભક્તો મહારાજનો પ્રતાપ જોઈને શ્રીહરિને વિશે ભગવાનપણાનો નિશ્ચય કરીને ઘેર જાતા હતા.

❋ કારિયાણીના માચા ખાચરને રામાનંદસ્વામી મળ્યા.

ને ગામ **કારિયાણી**ના **માચો ખાચર** ત્યાં રહેલા. તેને (મહારાજે) કહ્યું કે, "તમો કેમ રહ્યા છો ?" ત્યારે તે કહે જે, "એક હું ને આ ભોજોભાઈ બે જણ માર્ગીના પંથમાં હતા. ત્યારે અમે બે જણ કાશીએ

ગયા ને ત્યાં ગાયોને જવની વાડીઓ ચરાવી તથા બ્રહ્મભોજન એ આદિક ઘણું પુણ્ય કરી કાવડ લઈ ગામ કારિયાણી આવ્યા. પછી અમે બે જણે માળા ઉપાડી (પ્રતિજ્ઞા લીધી) જે, તમને મોટા પુરુષ મળે તો મને કે'જો ને મને મળશે તો તમને કહીશ.

એમ કહીને ભોજોભાઈ કાવડ લઈને ચાલ્યા તે ગામ **જેતપર**ના સીમાડામાં છોકરાં ઢોરાં ચારતાં હતાં. તે બોલ્યાં જે, 'આમને ભગવાનનો ખપ હશે ! પણ આપણે ભગવાન બતાવીએ તોપણ મનાય નહીં.' તે વાત સાંભળીને ભોજોભાઈ બોલ્યા જે, 'તમે મને બતાવો ને હું નહિ માનું તો મારે માથે દોષ, ને તમે ભગવાન ના બતાવો તો તમારે માથે દોષ.' એમ કહ્યું. ત્યારે તેમાંથી એક છોકરો આગળ થઈને રામાનંદસ્વામીની પાસે તેડી લાવ્યો. ને ત્યાં દર્શન કરી વાતો સાંભળી ભોજોભાઈએ ભગવાનપણાનો નિશ્ચય કરીને કાવડને પાણીએ રામાનંદસ્વામીને નવરાવીને ત્યાં રહ્યા.

ત્યારે સ્વામી કહે જે, 'ભોજાભાઈ, હવે ઘેર જાવ.' ત્યારે ભોજોભાઈ કહે જે, 'મારે એક ભાઈબંધ છે, તેને તમે કહો તો હું આંઈ દર્શન કરવાનું કહું.' ત્યારે સ્વામી કહે જે, 'એમને એકલાને કહેજો, અમારે ભીડો થાય છે.' ત્યારે તે કહે જે, 'ઠીક.' એમ કહીને કારિયાણી આવ્યા ને વાત કરવા લાગ્યા.

તે વાત સાંભળીને મેં કહ્યું જે, કોઈ મોટા પુરુષ મળ્યા ખરા ! કેમ જે, તમારી વાતમાં ચમત્કાર છે. ત્યારે તેમણે જેવી હતી તેવી વાત મને કહી. તેને સાંભળીને મારે કપાસની પાટી ૩૦૦ વીઘાની હતી, તેમાં ગાયો મેલાવી. તે જોઈને સગાં-વા'લાં કહે જે, 'આ શું કર્યું ?' ત્યારે મેં કહ્યું જે, મોટા પુરુષને દર્શને જાતાં આડું આવે છે. એમ કહી કાવડ લઈને હું આવ્યો. તે ગામ જેતપુરમાં સ્વામી હતા ત્યાં સ્વામી પાસે વાતોચીતો સાંભળી ભગવાનપણાનો નિશ્ચય કરી સ્વામીને કાવડને પાણીએ નવરાવ્યા ને હું પણ ત્યાં રહ્યો.

ને સ્વામી કહે જે, 'ભગત, ઘેર જાઓ.' ત્યારે મેં કહ્યું જે, 'મારે ઘેર પધારો તો હું જાઉં.' ત્યારે સ્વામી કહે જે, 'અન્નકોટ ઉપર તમારે ત્યાં આવશું.' ત્યારે હું ઘેર આવ્યો ને સ્વામીએ સંવત ૧૮૫૨ની સાલમાં અન્નકોટ મારે ત્યાં કર્યો. તે અન્નકોટ ઉપર અદ્‌ભુતાનંદસ્વામી તથા એમના કાકા ત્યાં આવ્યા હતા તેમને રામાનંદસ્વામીએ પોતાના શિષ્ય કર્યા."

એવી રીતે (માચા ખાચરે) પોતાનું વૃતાંત મહારાજને કહ્યું. તેને સાંભળીને મહારાજ કહે જે, "અમે પણ તમારે ત્યાં અન્નકોટનો સમૈયો કરીશું." એમ મહારાજે કહ્યું ત્યારે માચો ખાચર ઘેર ગયા. એવી રીતે અનેક પ્રકારે પોતાનો ચમત્કાર દેખાડીને ઘણાક હરિભક્તોને પોતાનાં સ્વરૂપનો નિશ્ચય કરાવતા હતા ને રામાનંદસ્વામીનું ભગવાનપણું અળસાવતા હતા. એવી રીતે પોતે ઘણાક હરિભક્તોને ઐશ્વર્ય-પ્રતાપ જણાવીને સમાધિ કરાવી ને પોતાના આશ્રિત કરતા હતા. પછી ત્યાંથી ગામ ફરેણી આવતા હતા. ॥૨૩॥

૨૪. કાલવાણીમાં મુક્તાનંદસ્વામીને પોતાનો ભગવાનપણાનો નિશ્ચય કરાવ્યો તે વાત

પછી મહારાજ ગામ કાલવાણી પધાર્યા ત્યારે મુક્તાનંદસ્વામીને ભૂજ ખબર પડી જે, 'અનેક જીવને સમાધિ કરાવે છે ને ઐશ્વર્ય-પ્રતાપ દેખાડે છે.' તે વાત સાંભળીને મુક્તાનંદસ્વામી પણ ભૂજથી કાલવાણી આવ્યા ને મહારાજને કહેવા લાગ્યા જે, **"સત્સંગમાં ફેલી થાવું નહીં, સમાધિ કાંઈ સહેલી નથી."** ત્યારે મહારાજ કહે, "સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરતે સમાધિ થાય છે, તે ગમે તેમ વારશો તોય થાશે." એમ કહીને ભજન કરાવ્યું એટલે સર્વે સભાને સમાધિ થઈ ગઈ.

ત્યારે મહારાજ કહે, "સ્વામી, આમને જગાડો." ત્યારે સ્વામી તો સાંભળીને મનમાં વિચાર કરવા લાગ્યા. જે, 'રામાનંદસ્વામી કરતાં અતિ સમર્થ છે, પણ રામાનંદસ્વામીને મૂકીને આમને ભગવાન કહીએ તો

આપણે પડ્યા કહેવાઈએ !' એમ વિચાર કરે છે. એટલાકમાં મહારાજે લખમણિયાને સમાધિ કરાવીને કહ્યું જે, "સર્વેને સમાધિથી જગાડ." ત્યારે તેણે તેમ કર્યું. ત્યારે તે સર્વે સમાધિથી બાહેર આવ્યા. તેમને મહારાજ કહે જે, "તમે કેમ બહાર આવ્યા ?" ત્યારે તે બોલ્યા જે, "તમે લખમણિયાને લાખ ઘણી સામર્થી આપી છે, તે કંઈ રહેવા દેતો નથી." એવો પ્રતાપ દેખીને મુક્તાનંદસ્વામીને બહુ જ મૂંઝવણ થઈ, એમ જાણીને મહારાજ ઊઠીને ના'વા ગયા.

ત્યારે સર્વે હરિજનો મહારાજની જોડે ગયા ને મુક્તાનંદસ્વામીની જોડે મયારામ ભટ્ટ તથા પર્વતભાઈ એ ત્રણ ના'વા ગયા. ત્યાં રસ્તામાં મયારામ ભટ્ટને **પર્વતભાઈએ કહ્યું જે, "રામાનંદસ્વામી કરતાં લાખ ઘણી અધિક સામર્થી ને સર્વના કારણ જેનું આપણે ભજન કરીએ છીએ તે જ આ ભગવાન છે."** એવી ઘણી વાતો કરી તોપણ મુક્તાનંદસ્વામી નિસંશય થયા નહીં.

પછી કૂવા ઉપર ઉતારો કરીને બહિર્ભૂમિ ગયા. **ત્યાં રામાનંદ સ્વામીએ દર્શન દઈને એમ કહ્યું જે, "સાક્ષાત પૂરણ પુરુષોત્તમ ભગવાન છે ને હું તો ઉદ્ધવનો અવતાર છું. એવું હું તમોને ઘણીવાર કે'તો ને તમે માનતા કેમ નથી ?"** પછી મુક્તાનંદસ્વામીને ભગવાનપણાનો નિશ્ચય થયો.

પછી મહા હરખને પામીને ઉત્સાહે સહિત કૂવા ઉપર આવ્યા. ત્યારે મયારામ ભટ્ટ તથા પર્વતભાઈએ એમ પૂછ્યું જે, "સ્વામી, તમે

મહા ઉત્સાહ-મગન છો." ત્યારે સ્વામી કહે જે, "કરનારે મારું કર્યું ના હોત તો મોક્ષ બગડત." ત્યારે મયારામ ભટ્ટ કહે, "કોણે કર્યું ?" ત્યારે સ્વામીએ પોતાની બધી વાત કહી બતાવી ને કહે જે, "ચાલો, આપણે ઉતાવળા નાહીને જઈએ. પછી મહારાજની ચંદન-પુષ્પે કરીને પૂજા કરીએ ને આરતી ઉતારીએ." એમ કહીને ગામમાં આવ્યા. ને મહારાજ પણ નાહીને આવીને સભા કરીને પોતાને આસને બેઠા હતા.

તે સમે મુક્તાનંદસ્વામી પૂજાનો સામાન લઈને સભામાં આવ્યા. મહા ઉત્સાહ સહિત (મહારાજને) ગાદી ઉપર બેસાડીને પૂજા કરતા હતા ને આરતી પણ ઉતારતા હતા. ને પછીથી પ્રાર્થના કરીને મહારાજને કહે જે, "તમે મારું શ્રેય કર્યું." એવી રીતે વિનય કરી મહારાજને સમીપે બેઠા.

ને ગામ **માણાવદર**નો **ઘાંચી આરસી** નામે કરીને હતો તેણે રામાનંદસ્વામીનો નિશ્ચય એવો કર્યો હતો જે, 'રામાનંદસ્વામી વિના લક્ષ્મીજી જોડે ઝાંઝર ખખડાવે પણ બીજાને ભગવાન ન માને' એવો હતો. તે પણ મુક્તાનંદસ્વામીને મહારાજની સ્નેહપૂર્વક પૂજા કરતા જોઈને મહારાજનો ભગવાનપણાનો નિશ્ચય કરતો હતો. અને સભામાં જે જણ બેઠા હતા તે તે સર્વે મહારાજનો ભગવાનપણાનો નિશ્ચય કરતા હતા. ॥૨૪॥

૨૫. મહારાજ મુક્તાનંદસ્વામી સાથે બાલાગામ થઈ અમદાવાદ ગયા.

પછી મહારાજ તથા મુક્તાનંદસ્વામી તહીંથી ચાલ્યા, તે ફરતે ફરતે **બાલાગામ**માં ગયા. ને તે ગામમાં **ડોસો કુંભાર** ભગવાન થઈને પૂજાતો હતો, તેને સમાધિ કરાવીને પોતાનું અનંત ઐશ્વર્ય દેખાડીને ભગવાનપણું મટાડીને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવીને પછી ત્યાંથી ચાલ્યા, તે ગામ **ગોંડલ** ગયા. ને તે ગામનો **શેખમિયાં** ભગવાન થઈને પૂજાતો હતો ને પોતાની દાઢી સોંસરો અક્ષરનો માર્ગ બતાવતો એવો

હતો. તેને પણ સમાધિ દ્વારાએ અનંત ઐશ્વર્ય દેખાડી ભગવાનપણું મટાડીને પોતાના સ્વરૂપનો અડગ નિશ્ચય કરાવતા હતા.

ને ત્યાંથી (મહારાજ) ચાલ્યા તે ગામ **સરધાર**માં ગયા ને ત્યાં **ગોપાળ** નામે તેલંગ દેશનો બ્રાહ્મણ સોળ-સત્તરેક વરસની ઉંમરે યુક્ત ત્યાં આવ્યો. ને ત્યાં મહારાજનો પ્રતાપ જોઈને મહારાજની પાસે રહ્યો. તેમને મહારાજે સાધુ કરીને **'ગોપાળાનંદ'** એવું નામ ધારીને પોતાની સાથે લઈને ચાલ્યા. તે ગામ **અમદાવાદ** આવતા હતા.

તે મહારાજને આવતા સાંભળીને સર્વ સામા જઈ સત્કાર કરીને તેડી લાવ્યા. ને ત્યાં નાની-મોટી ચાર ગાદીઓ નાખેલી, તેમાં સૌથી મોટી ગાદી રઘનાથદાસજીની હતી તે ઉપર મહારાજ જઈને બેઠા. ત્યારે લોકો એમ કહેવા લાગ્યા જે, "રઘનાથદાસસ્વામીની ગાદી ક્યાં ?" તેને સાંભળીને મહારાજ બોલ્યા જે, "રઘનાથદાસ તો કૂતરાં હાંકશે." એવું મહારાજનું વચન સાંભળીને માની હતો તે વિમુખ થઈ ગયો.

ને **જેતલપુર, ગામડી** ને **અસલાલી** એ ત્રણ ગામમાં **દેવાનંદ સ્વામી, ગોવિંદસ્વામી** ને **રામદાસજીભાઈ** – એ ત્રણ ભગવાન થઈને પૂજાતા હતા. તેમને તો મહારાજે ત્રણ ગાદીઓ ઉપર બેસાડ્યા. તે સમે ગામમાં મોટા મોટા શેઠ શાહુકાર મહારાજને દર્શને આવતા હતા. તેમને સમાધિ કરાવીને અક્ષરધામમાં પોતાનું અનંત ઐશ્વર્ય-પ્રતાપ દેખાડતા હતા. એવી રીતે દિવસે દિવસે નવીન નવીન પ્રતાપ જણાવતા હતા. તેને જોઈને કેટલાક શાસ્ત્રીઓ ને પુરાણીઓ ભેગા થઈ મહારાજ પાસે આવીને પૂછતા હતા જે, "તમે વેદ, વેદાંત, ન્યાય, કૌમોદિ, ભાગવત્ આદિક પુરાણને ભણ્યા છો ?"

ત્યારે મહારાજ બોલ્યા જે, "અમે તો અભ્યાસ નથી કર્યો પણ આ **ગોપાળાનંદસ્વામી**એ અભ્યાસ કર્યો છે; તે તમારે પૂછવું હોય તો પૂછો." ત્યારે તેમણે અનેક જાતના પ્રશ્ન પૂછ્યા. તેમના સંસ્કૃતમાં જુદા જુદા ઉત્તર કર્યા. તેને સાંભળીને બહુ આશ્ચર્ય પામ્યા ને ગોપાળાનંદ

સ્વામીને પૂછતા હતા જે, “નાની અવસ્થામાં આવડો અભ્યાસ કેની પાસે કર્યો ? ને તમે કોઈક દેવ છો.” એમ બોલ્યા.

તેને સાંભળીને ગોપાળાનંદસ્વામી કહે જે, “મહારાજની પાસે અભ્યાસ કર્યો છે.” ત્યારે તે વિદ્વાન કહે જે, “અમે તમને પ્રથમ પૂછ્યું ત્યારે તમે કેમ ના કહ્યું ?” ત્યારે મહારાજ કહે જે, “પોતાના મુખે પોતાના વખાણ કરવા તે સારું નહીં.” ત્યારે તે વિદ્વાને મહારાજને પ્રશ્ન પૂછ્યો જે, “શાસ્ત્રમાં ત્રણ પ્રકારની સમાધિ કહી છે. તેનાં નામ : એક **‘અષ્ટાંગયોગે’** કરીને સમાધિ છે ને બીજી **‘હઠ સમાધિ’** છે ને ત્રીજી **‘સેજ સમાધિ’** છે. તેમાં સેજ સમાધિ કેવી હશે ?”

ત્યારે મહારાજે કહ્યું જે, “સેજ સમાધિ તમને દેખાડીએ.” એમ કહીને ગોપાળાનંદસ્વામીને કહ્યું જે, “સમાધિ કરો.” ત્યારે તેમણે સમાધિ કરી. ત્યારે મહારાજ તે વિદ્વાનને કહે જે, “એમની નાડી જુવો.” ત્યારે તેમણે નાડી જોઈ પણ નાડીનું ઠેકાણું નહીં. પછી મહારાજ કહે જે, “દેવતાનો અંગારો લાવીને મેલો.” ત્યારે તેમણે જમણા કર ઉપર રાતો ચોળ અંગારો મેલ્યો. તે ખદ્‌ખદ થઈને ઓલાઈ ગયો ત્યારે બીજો મેલ્યો; તે પણ ઓલાઈ ગયો.

ત્યારે સર્વે કહે જે, “સમાધિ સાચી.” ત્યારે મહારાજે ગોપાળાનંદ સ્વામીને કહ્યું જે, “જમણી આંખમાં જીવ લાવો.” ત્યારે તેમણે જમણી આંખમાં જીવ આણ્યો, તેથી આંખ ફડક ફડક થાય. એવી રીતે સર્વે અંગમાં જીવ ફેરવાવે એવો પ્રતાપ-ઐશ્વર્ય જોઈને કેટલાક વિદ્વાન પ્રત્યક્ષ પ્રમાણ સ્વામિનારાયણનું ભજન કરતા હતા. ।।૨૫।।

૨૬. ગોવિંદસ્વામી, દેવાનંદસ્વામી તથા રામદાસભાઈના નિશ્ચયની વાત

એવી રીતે મહારાજનો અલૌકિક ચમત્કાર જોઈને મહારાજનો ભગવાનપણાનો નિશ્ચય કરીને ગોવિંદસ્વામી તથા દેવાનંદસ્વામી તથા

રામદાસજીભાઈ – એ ત્રણ બોલતા હતા જે, “હે મહારાજ ! અમે ભગવાન થઈને પૂજાયા તેનું પ્રાયશ્ચિત્ત અમને દ્યો.” ત્યારે મહારાજે કહ્યું જે, “ડુંગરીના ડચકાની માળા કોટમાં ઘાલીને ચાર પગે ચાલીને જે ગામમાં ભગવાન થઈને પૂજાયા હો તે ગામમાં ભિક્ષા માગવી, ને ભિક્ષા નાખવા આવે ત્યારે ‘હાવ હાવ’ કરીને કેડે ધાવું, એવું કરો એ પ્રાયશ્ચિત્ત છે.” ત્યારે તેમણે તેમ કર્યું. એવી રીતે તેમને પોતાનો પ્રતાપ દેખાડીને એમનું ભગવાનપણું મટાડીને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવ્યો.

તે ગોવિંદસ્વામી કિયા તો અયોધ્યામાં હનુમાનગઢીના રહેવાસી ને ૪૦૦ વેરાગીની જમાતના મહંત હતા. તેમનું નામ **ગોવિંદરામ** હતું. તે ફરતાં ફરતાં દ્વારકાની જાત્રા કરવા સારુ જમાતે સહિત નીકળ્યા. તે ફરતાં ફરતાં **નાસિક-ત્રંબક** આવ્યા ને ત્યાંથી **પંઢરપુર** ગયા. ને ત્યાં પંઢરપુરમાં પણ શ્રીજીમહારાજ બે માસ રહી પોતાનો પ્રતાપ-ચમત્કાર દેખાડીને ચાલી નીસરેલા. તે વાત સાંભળીને તેમના અંતરમાં વૈરાગ બહુ થઈ ગયો, ને ‘એ બ્રહ્મચારીને ક્યારે આપણે મળશું ?’ એમ વિચાર કરીને વૈરાગના બળથી જમાતને મૂકીને રાત્રે ચાલી નીકળ્યા.

ત્યાંથી રસ્તામાં આવતાં સ્ત્રીરૂપ માયા મળી. ને માથે હીરા, માણેક, મોતી, ઝવેર વિગેરેની ભરેલી માટલી હતી. તે ઉતારીને ગોવિંદરામના મોઢા આગળ મેલી. ને બોલી જે, “આ બધું ધન તમારું ને તમે મારા પતિ ને હું તમારી સ્ત્રી ને તમે જેમ કહેશો તેમ કરીશ.”

એ વચન સાંભળીને ગોવિંદરામ ને એ સ્ત્રી બંને જણ ચાલ્યાં. તે આગળ જતાં રસ્તામાં એક ગામ આવ્યું. ત્યારે તેને જોઈને ગોવિંદરામ કહે જે, “તું અહીં બેસ, હું ગામમાંથી ભિક્ષા માગી આવું.” એમ કહીને એક લૂગડું મેલીને ચાલી નીકળ્યા, તે ફરતાં ફરતાં દ્વારકાથી લોજ આવ્યા. ને ત્યાં રામાનંદસ્વામીનાં દર્શન કરી ભગવાનપણાનો નિશ્ચય કરીને ત્યાં રહ્યા. ને રામાનંદસ્વામીએ સાધુ કરી **‘ગોવિંદસ્વામી’**

નામ પાડ્યું. તે ગોવિંદસ્વામીએ અમદાવાદમાં મહારાજનો પ્રતાપ જોઈ ભગવાનપણાનો નિશ્ચય કરીને, જેમ મહારાજે કહ્યું તેમ કરતા હતા. ને સર્વ સભાને પોતાનો પ્રતાપ જણાવતા હતા. ॥૨૬॥

૨૭. દેવીવાળા મગનીરામની વાત

અને પોતે અમદાવાદથી ચાલ્યા તે સર્વે સંત લઈને ગામ **મેથાણ** થઈને ગામ **કડુ** આવીને તળાવ ઉપર બેઠા. ને પટેલ **કલ્યાણભાઈ**ને ખબર કરી. તે મહારાજ સારુ ગાડું જોડી લાવ્યા. તે ગાડામાં મહારાજ તથા મુક્તાનંદસ્વામી આદિક બેઠા. ને ત્યાંથી ગામ **કેસરિયે** આવ્યા ને ત્યાં રાત રહ્યા. તે રાત્રીએ કલ્યાણભાઈ કહે જે, "મહારાજ, મને વર્તમાન ધરાવો." ત્યારે મહારાજ કહે, "વર્તમાન નથી ધરાવવાં." ત્યારે કલ્યાણભાઈ કહે જે, "રામાનંદસ્વામીનાં વર્તમાન ધાર્યાં છે." ત્યારે મહારાજ કહે જે, "શો મંત્ર છે ?" ત્યારે કલ્યાણભાઈ કહે જે, "રામકૃષ્ણ ગોવિંદ હરે નારાયણ, એવું ભજન છે."

ત્યારે મહારાજે કલ્યાણદાસને તથા ગામ ડાંગરવાના **ડુંગરજી**ને વર્તમાન ધરાવીને કહ્યું જે, "આજથી 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' ભજન કરજો." એમ કહીને ચાલ્યા ને ત્યાંથી મહારાજ ગામ **કારિયાણી** આવ્યા. ને ત્યાં અન્નકોટના સમૈયાનો ભારે ઉત્સવ કર્યો. ને સમૈયા ઉપર ગામ **ગઢડાના એભલ ખાચર** એમના(માંચા ખાચરના) સંબંધી થાય, તે સારુ એમની દીકરીઓ ઉત્સવ ઉપર બે જણ આવ્યાં હતાં. તેમને પણ મહારાજ પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવીને પછી ત્યાંથી ચાલ્યા.

તે ગામ **લોજ** આવ્યા ને કેટલાક દિવસ ત્યાં રહ્યા. ત્યાં હેમાલ પ્રાંતના રહેવાસી ને નામે **મગનીરામ** હતા. તેણે કામરૂ દેશ જઈ વિદ્યા ભણીને સરસ્વતી પોતાને વશ કરી. ને તે દેવી પોતે સંકલ્પ કરે કે (તરત) આકાશમાંથી પથ્થરનો તથા અગ્નિનો વરસાદ વરસાવે; એવો ચમત્કાર જણાવતી. તે દેવીને પોતે વશ કરીને ચાલ્યો, તે ગામ લોજપુરમાં જમાતે સહિત આવ્યો. ને ગામના પાદરમાં ઉતારો કરીને

પછી જગ્યામાં આવ્યો. ત્યાં તો મહારાજ સભા કરીને બેઠેલા. તે જોઈને મહારાજ પ્રત્યે બોલ્યો જે, "એ લડકે, એ શા પાખંડ ચલાયા હે ?" એમ જ્યારે કહ્યું ત્યારે મહારાજે કહ્યું જે, "તમને પાખંડ જણાતો હોય તો ત્યાગ કરાવી દઈએ." ત્યારે બોલ્યા જે, "જીવનમુક્તિ ડરતી હે, ને ધીરી ધીરી બોલતી હે, અબ તેરી બાત હે ! તેરી જગ્યા સમુદ્રમાં બોલુંગા ને અગ્નિ-પાણા વરસાઉંગા !" એવાં ઘણાંક વચન બોલ્યો.

તેને સાંભળીને મહારાજ બોલ્યા જે, 'જાવ, તમારાથી થાય તે કરો.' ત્યારે તેણે દેવી સાધી, પણ દેવીને આવતાં વાર લાગી. ત્યારે દેવીને પણ ગાળો દેવા મંડ્યો. ત્યારે દેવીએ આવીને કહ્યું જે, 'એના સાધુના જોડા પડ્યા હશે ત્યાં મારું પણ નહિ ચાલે, ને એ તો ભગવાન છે. માટે તારા ભેગું મારું મૃત્યુ આવ્યું છે.' ત્યારે તે દેવીને કહે જે, 'જા, તારું કામ નથી !' ને સર્વે જમાતના સાધુને કહે જે, 'તમારે કલ્યાણનો ખપ હોય તો હું વઢીને આવ્યો છું, તોપણ મારી સાથે ચાલો, જીવનમુક્તા રાખશે; નહિ તો મારા જેવો બીજો ખોળી કાઢજો.'

ત્યારે તે બોલ્યા જે, "કોઈ કહે જે, મારે સુદામાપુરી જાના હે, ને કોઈ કહે કે મારે દ્વારકા જાના હે, કોઈ કહે મારે ગોદાવરી જાના હે." એમ સર્વે ભાગી ગયા. ને પોતે મહારાજની જાયગામાં આવીને એઠાં વાસણ ઉટકવા લાગ્યાં. તેને જોઈને મુક્તાનંદસ્વામી કહે જે, "પેલો બાવો તો એઠાં વાસણ ઉટકવા મંડ્યો છે." ત્યારે મહારાજ કહે જે, "એ તો ઉટકવા આવ્યો છે તે ઉટકશે."

પછી મહારાજ બહાર આવીને બેઠા. ત્યારે મગનીરામ આવીને મહારાજને દંડવત કરી પગે લાગીને કહે જે, "ગુના માફ કરો, તમે તો ઈશ્વર છો ને હું તો જીવ છું." એમ કહીને પોતાનો અપરાધ ક્ષમા કરાવીને કહે જે, "મને રાખો !" ત્યારે મહારાજે કહ્યું જે, "અમારા સાધુ તો નિર્માની છે, ને તમે તો આકાશમાંથી અગ્નિ-પાણા વરસાવો. તે આવા સાધુ ભેગા કેમ રહેવાય ?" ત્યારે મગનીરામ બોલ્યા જે, "તમારા

સાધુ કરતાં વધારે નિર્માની થાઉં તો રાખશો ?" ત્યારે મહારાજ કહે જે, "ઠીક." એમ કહીને તેની જટા ઉતરાવી ને સાધુને જવા આવવાનો રસ્તો હતો તેમાં નંખાવી. ને કહે જે, "**કેસરીદાસ** નામે સાધુ તેના કોશ હાંકવા રહો." ત્યારે તે કહે, "હા મહારાજ, તમે કહો તેમ કરું."

પછી મહારાજે કોશ હાંકવા મૂક્યા. ત્યારે મગનીરામ ને મોટાભાઈ બે જણ વાતો કરવા લાગ્યા જે, "આ તો ભગવાનનાં વચને કોશ હાંકવા છે. ને હરિશ્ચંદ્ર રાજા ભંગિયાને ઘેર વેચાયો; ત્યારે આ તો ભગવાનની આજ્ઞા છે." એમ વાતો કરતાં સાંભળીને મહારાજે તેડાવીને સાધુ કર્યા ને **'અદ્વૈતાનંદ દેવીવાળા'** એવું નામ પાડ્યું. અને મોટાભાઈનું નામ **'સચ્ચિદાનંદસ્વામી'** પાડ્યું.

એવી રીતે મહારાજ લોજપુરીમાં રહીને પોતાનો પ્રતાપ જણાવીને ચાલ્યા, તે ગામ **અલૈયે-મોડે** થઈને ગામ **ભૂજ** પધાર્યા. ને ત્યાં **સુતાર હીરજી, સુંદરજીભાઈ**ને ઘેર જઈને ઊતર્યા ને તેમને પોતાનો સમાધિ દ્વારાએ ઐશ્વર્ય-પ્રતાપ દેખાડીને પોતાનો નિશ્ચય કરાવતા હતા ને ત્યાં રહેતા હતા. ॥૨૭॥

૨૮. ભૂજના ગંગારામ મલને પ્રતાપ જણાવ્યો.

અને વળી તે સમે રાજાનો કારભારી નાગર બ્રાહ્મણ હતો. તેનું નામ **જગજીવન** હતું. અને તેની સ્ત્રી ને તેની બેન બેઉ જણને સત્સંગ થયો. તેને જોઈને જગજીવન ઈર્ષા કરવા લાગ્યો. ને ચાકર હોય અથવા બીજો કોઈ હોય તેને બોલાવવો હોય ત્યારે એમ કહે જે, 'હે સહજાનંદજી ! અમુક કામ કરો.' એવી રીતે બેય બાઈઓને બાળવા માટે મહારાજનું નામ બોલતો. ને ત્યાર પછી બે વેશ્યાઓ હીરજીભાઈ તથા સુંદરજીભાઈને ઘેર મોકલતો હતો. તે વેશ્યાઓ સુંદરજીને ત્યાં આવી, ને મહારાજની સમીપે આવીને ચેષ્ટા કરવા લાગી.

તે જોઈને મહારાજ બોલ્યા જે, "આવી ક્રિયાઓ કરીને જમપુરીનો

માર ખાઈને મરી જશો." ત્યારે વેશ્યાઓ બોલી જે, "જમપુરી કેવી હોય ?" ત્યારે મહારાજે તેને સમાધિ કરાવીને જમપુરીમાં મોકલી, ને એક કલાક ત્યાં રાખી. તે સમે ત્યાં 'મારો મારો, ખાઓ ખાઓ, કાપો કાપો' એવું જોઈને બહુ ત્રાસ પામી. ને ત્યાંથી બારણે આવીને કહે જે, "મહારાજ, આ તો બહુ દુઃખ છે, તે દુઃખ કઈ રીતે મટે ? અને સુખ થાય એવો ઉપાય કહો."

ત્યારે મહારાજ કહે જે, "બધા પુરુષમાત્રને ભાઈ-બાપ કરો ને સ્વામિનારાયણનું ભજન કરો તો એ દુઃખ મટે." ત્યારે તેમણે તેમ કર્યું ત્યારે મહારાજે અક્ષરધામ દેખાડ્યું. ને તે વેશ્યાઓ સત્સંગી થઈને જગજીવન પાસે ગઈ. (તેથી) તે દ્વેષ કરવા લાગ્યો અને કહે કે, "બે હતી ને બીજી બે થઈ, માટે હવે સ્વામિનારાયણને ગામમાંથી કાઢી મૂકવાનો ઉપાય કરવો." એવો વિચાર કરતો હતો. તેને મહારાજે અંતરજામીપણે જાણ્યું ને પોતે હીરજી તથા સુંદરજીભાઈના ફળિયામાં ઢોલિયા ઉપર પોઢ્યા હતા.

તે સમે મહારાજની પાસે **ગંગારામ મલ** આવ્યો ને મહારાજની સેવા સાધુને કરતા જોઈને મનમાં એમ સંકલ્પ કરતા હતા જે, 'મુને દાબવા દે તો હાડકેહાડકું ભાંગી નાખું ને આ તો બધાય એમના ગુરુનો મહિમા વધારે છે, પણ સાચું દાબતા નથી.' એ વાત મહારાજે અંતરજામીપણે જાણી, ને સુંદરજીભાઈને કહે જે, "હે સુંદરજીભાઈ, આ કોણ છે ?" ત્યારે સુંદરજીભાઈ કહે જે, "હે મહારાજ ! એ તો રાજાના મલ છે ને એ બસેં મલના મોટેરા છે." ત્યારે મહારાજ કહે જે, "અમારી કળતર કાઢે તો એમનું સારું થાય." ત્યારે ગંગારામ કહે જે, "લ્યો, હું દાબું."

એમ કહીને મહારાજને દાબવા લાગ્યા. તે જેમ જેમ ભાર દેતા જાય, તેમ તેમ મહારાજ કહે જે, "દાબો." એમ દાબતાં દાબતાં પરસેવે રેબઝેબ થઈ ગયા, તોપણ મનમાં એમ સંકલ્પ કર્યો જે, 'આ તો દબાવવાનો અભ્યાસ છે તે ખમે છે, પણ મારી સાથે કુસ્તી કરે તો

હાડકેહાડકું ભાંગી નાખું.'

તે સંકલ્પ જાણીને મહારાજ બોલ્યા જે, "હે સુંદરજીભાઈ, અમે મોર અયોધ્યામાં હતા ત્યાં એક મલ બહુ બળિયો હતો. તે બાર હાથની સાંકળ પગે બાંધીને ચાલતો હતો. તેને અમે કેડેથી પગ મેલીએ ત્યારે અચકાઈને ઊભો રહેતો ને પાછો વળી અમને મારવા દોડતો. એમ નિત્ય કનડતે સતે એક દિવસ તે મલ સામે આવ્યો. તેને જોઈને અમે ખભા ઠોક્યા. તે જોઈને એ મલને રીસ ચડી ને પછી તે દોડતો આવીને અમારા બે હાથનાં કાંડાંએ વળગ્યો.

પછી અમે તેનાં બે કાંડાં ઝાલીને ઊંચો કર્યો, તે મલનાં બે કાંડાં ભાંગી ગયાં. ને તે રડવા લાગ્યો ને અમારા મોટાભાઈ રામપ્રતાપજી ભાઈને કહે જે, 'તમારા ઘનશ્યામે મારાં કાંડાં ભાંગી નાખ્યાં.' ત્યારે રામપ્રતાપભાઈ બોલ્યા જે, 'ભાઈ સાંભળો, આ ઘનશ્યામ ને આ મોટો મલ, તે તમને સમજાય છે જે એ મારે ?' ત્યારે તે સર્વે કહે જે, 'ના ભાઈ, એ મારે એ વાત માન્યામાં આવતી નથી.'

પછી તે મલ કોપાયમાન થઈ પોતાને ઘેર બીજા મલોને વાત કહી કે, 'પેલો ઘનશ્યામ બહુ બળિયો છે, માટે આપણે એને મારવો.' એમ કહીને એક દિવસ બધા મલ જાંબુડા ઉપર જાંબુડાં ખાવા ચડેલા. ત્યાં અમે બે-ચાર બરોબરિયા છોકરાં લઈને ગયા, ને એ મલો પાસે જાંબુડાં માગ્યાં. પછી તે મલ બોલ્યા જે, 'તારે સારુ જ અમે ચઢ્યા છીએ.' ત્યારે નીચે ટોપલામાં જાંબુડાં હતાં તે (અમે) વેરી નાખ્યાં. ને છોકરાંને કહ્યું જે, 'લ્યો, જાંબુડાં ખાવો.'

ત્યારે તે મલ જાંબુડા ઉપરથી અમને મારવા સારુ ઊતરતા હતા. ત્યારે જેટલાં જાંબુડાનાં થડ હતાં તેટલા સ્વરૂપે અમે થઈને હલાવ્યાં. તેથી સર્વે (મલ) હેઠા પડ્યા. તેમાં કોઈનો હાથ ભાંગ્યો, કોઈનો પગ ભાંગ્યો; તે સર્વેને ખાટલે ઘાલીને ઘેર આણ્યા. ને રામપ્રતાપભાઈને કહેવા લાગ્યા જે, 'તમારા ઘનશ્યામે તો અમારા બધાંનાં હાંડકાં ભાંગી

નાખ્યાં.' તે જોઈને (ભાઈ) કહે જે, 'એ વાત કોઈના માન્યામાં ન આવે, તે તમે ખોટું બોલો છો.' તે સાંભળીને મલ પોતાને ઘેર ગયા."

તે વાત સાંભળીને મહારાજની પાસે ગંગારામ કહે જે, "હે મહારાજ ! તમને કુસ્તી કરતાં આવડે છે ?" ત્યારે મહારાજ કહે જે, 'હા.' ત્યારે ગંગારામે કહ્યું જે, "મારી સાથે કુસ્તી કરશો ?" ત્યારે મહારાજ કહે જે, 'હા.' પછી ગંગારામ મહારાજને કહે જે, "ચાલો, મલ-અખાડામાં જઈએ ને ત્યાં કુસ્તી કરીએ." તે સર્વે લોક કજોડું[૧] જોઈને જોવા સારુ આવ્યા. ને મહારાજ ને ગંગારામભાઈ બે જણ કુસ્તી કરવા લાગ્યા.

તે ગંગારામભાઈએ મહારાજને માથા ઉપર ફેરવીને નાખી દીધા. ત્યારે મહારાજ ફરીને એમના મોઢા આગળ આવીને ઊભા રહ્યા. એવી રીતે ઘણીવાર કુસ્તી કરી. ને મલરમતમાં એમ છે જે, 'ચિત્તાપાટ પડે તો હાર્યો કહેવાય.' એમ જાણી ગંગારામભાઈ મહારાજને ચત્તા પાડવા સારુ બે પગ ઝાલી, ઊંચા ઉપાડીને હેઠે નાખવા જાય. તે સમે મહારાજે એમની છાતીમાં બે ચરણ મેલ્યાં, તેથી ગંગારામ નીચે પડી ગયા ને મોઢે ફીણ આવ્યું ને મોઢામાં ધૂળ ભરાઈ ગઈ.

તેને જોઈને મહારાજ મનુષ્યચરિત્ર કરવા લાગ્યાં જે, 'આ ગંગારામને તો કાંઈ કુસ્તી આવડતી નથી.' ને કહે જે, 'આ મરી જાશે કે શું ?' એમ સર્વેને સંભળાવીને પછી ગંગારામભાઈને બોલાવવા લાગ્યા જે, 'હે ગંગારામ ! હે ગંગારામ !' એમ બોલાવતા હતા. ત્યારે ગંગારામ મુર્છાથી જાગીને એમ બોલતા હતા જે, "હે મહારાજ ! ચાણૂરને માર્યો, મુષ્ઠિકને માર્યો એ તમે છો."

એવી રીતે ગંગારામને રામાનંદસ્વામીનો નિશ્ચય મટાડીને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવતા હતા ને સર્વે લોક એવો પ્રતાપ જોઈને મહારાજના આશ્રિત થાતા હતા. ॥૨૮॥

૧.ઉંમર તથા બળમાં સમાન નહિ એવું

૨૯. ભૂજના ગંગારામનાં ઘર લૂંટવા આવ્યા તે વાત

પછી મલ-અખાડામાંથી સુંદરજીભાઈને ઘેર આવ્યા. તે સમે જગજીવન મહેતે સુંદરજીભાઈને (ઘેર) ખબર આપી(કઢાવી) જે, 'સ્વામિનારાયણ તમારે ઘેર છે ?' ત્યારે સુંદરજીભાઈએ ના કહેવડાવી ને મહારાજને કહ્યું જે, "તમે મેડા ઉપર સંતાઈ જાવ." પછી મેડા ઉપર સંતાઈ ગયા. ને પછી જગજીવન આવ્યો ને સુંદરજીભાઈને કહેવા લાગ્યો જે, 'તમે સ્વામિનારાયણને કેવા જાણો છો ?' ત્યારે સુંદરજીભાઈ કહે જે, 'મોટા પુરુષ છે.'

તે સાંભળીને મહારાજ મેડેથી ઊતરીને જગજીવનની સામા આવીને બેઠા. ને કહેવા લાગ્યા જે, "એ સુતાર ભગવાનની વાતમાં શું જાણે ? **હું સ્વામિનારાયણ ભગવાન છું. રાધાનો પતિ, લક્ષ્મીનો પતિ પણ હું છું ને સર્વે મારું કર્યું થાય છે; એમ મને તું જાણ."** એવાં મહારાજનાં વચન સાંભળીને (જગજીવન સુંદરજીભાઈને) કહે જે, "તમે કહેતા હતા જે, સ્વામિનારાયણ આંઈ નથી ને આ નીસર્યા; માટે તમે જૂઠું બોલ્યા. ને તમે સ્વામિનારાયણને રાખશો તો તમારા ઘર લૂંટાશે." એમ કહીને પોતાને ઘેર ગયો ને લૂંટવાનો ઉદ્યમ કરતો હતો.

તે વાત જાણીને સુંદરજીભાઈ મહારાજને કહે જે, "હમણાં બીજે ઠેકાણે જાવ તો સારું." ત્યારે મહારાજ ચોકમાં જઈને બોલ્યા જે, "અમે તમને વર આપ્યો છે, તે તમે કહો તો જાઈએ." ત્યારે તે કહે જે, 'જાવ.' તે સમે **ગંગારામભાઈ** મહારાજને દર્શને આવ્યા ને મહારાજ ત્યાં તૈયારી કરીને બેઠેલા. તેને જોઈને ગંગારામભાઈ કહે જે, "કેમ જવા તૈયારી કરી ?" ત્યારે મહારાજે સર્વે હકીકત કહી.

તેને સાંભળીને ગંગારામભાઈ કહે જે, "બેસો મારે ખભે, ને અમે બસેં મલ છીએ, તે એક એક વીસ વીસ મનુષ્યને મારશું; તમને ઈજા નહિ આવવા દઈએ." એમ કહીને પોતાને ઘેર લઈને ચાલ્યા. તેટલાકમાં જગજીવનના ઘરનાં મનુષ્યે જાણ્યું, તે મહારાજની સારુ

પોતાનો રથ મોકલ્યો. તે ઉપર બેસીને તેની હવેલી આગળ થઈને ગંગારામભાઈને ત્યાં પધાર્યા.

તે રથ જોઈને જગજીવન કહે જે, "આપણો રથ ક્યાં જાય છે ?" ત્યારે એની બહેન કહે જે, "સ્વામિનારાયણ ગંગારામભાઈને ત્યાં ગયા." એમ સાંભળીને ગંગારામનાં ઘર લૂંટવા સારુ હલ્લાં મોકલી, ને કહે જે, "સ્વામિનારાયણને કાઢી મૂકો, નહિ તો તમારાં ઘરાં લૂંટીશું."

ત્યારે ગંગારામભાઈ ઢાલ-તલવાર બાંધીને મહારાજને પગે લાગીને કહે જે, "વહેલા તેડવા આવજો." એમ કહીને હલ્લાને કહે જે, "તમારે લૂંટવા આવવું હોય તો આવો." એમ કહીને પોતાના ભાઈ તે ફતેહમમદ રાજાનો કારભારી તેની પાસે બેઠા હતા. તેમને મનુષ્ય મોકલી એમ કહેવડાવ્યું જે, "તમારા ભાઈનાં ઘરાં લૂંટે છે ને તમે કેમ બેસી રહ્યા છો ?" તે વાત સાંભળીને ઊઠ્યા.

ત્યારે તેના પ્રત્યે ફતેહમમદ બોલ્યા જે, "કેમ ઊઠ્યા ?" ત્યારે તેમણે કહ્યું જે, "તમને રાયધણજીએ ઝેર પાયેલી તલવારના ઝટકા માર્યા હતા, તે રૂઝાતો નો'તો. તે રામાનંદસ્વામીએ ઔષધ કરીને રૂઝાવ્યો હતો. તેમના શિષ્ય અમારે ઘેર આવ્યા છે ને પોતે ખુદા કહેવાય છે. તે સારુ જગજીવન અમારાં ઘર લૂંટે છે, તે સારુ હું જાઉં છું.' ત્યારે તેમણે કહ્યું જે, "કેના હુકમથી ઘર લૂંટે છે ?" એમ કહીને બે અસ્વાર મોકલીને ના કહેવરાવી. ને કહે જે, 'ઘર લૂંટાય નહીં.' ત્યારે તે બંધ રહ્યા.

પછી મહારાજ સુંદરજીભાઈને ઘેર જાઈને કહે જે, 'તમે સાધુ થાવ.' ત્યારે તે કહે જે, "મહારાજ, ગામમાં ઘર ન હોય ને સીમમાં ખેતર ન હોય ને ખાવા દાણા ન મળે તે સાધુ થાય ને અમે તો રાજાના કારભારી છીએ." તે વચન ઉપર મહારાજે ગામ **ધમડકે** જઈને કાગળ લખવા માંડ્યો. તે કાગળ લખતાં પ્રથમથી નામ પાડીને લખતા હતા. તે કેવી રીતે ? તો ગામ કારિયાણીના **માંચો ખાચર** તેનું

નામ અચ્યુતાનંદસ્વામી તથા ગામ ઝીંઝાવદરના **અલૈયા ખાચર** તેનું નામ નિષ્કામાનંદસ્વામી તથા ગામ શિયાળના **લાધો શેઠ** તેમનું નામ યોગેશ્વરાનંદસ્વામી તથા ગામ મેથાણના **અજો પટેલ** તેનું પૂર્ણાનંદ સ્વામી તથા ગામ બંધિયાના રાજા **મૂળુભાઈ** તેનું નામ ત્યાગાનંદસ્વામી ને ગામ બોટાદના **માતરો ધાધલ** તેનું નામ નિર્માનાનંદસ્વામી – એ આદિક કર્મયોગી તથા સાંખ્યયોગી હરિજન, જેને નીકળાય તે સંસારનો ત્યાગ કરીને નીકળજો, અમારું ગમતું છે. ને રાજાનો કુંવર હોય તો તેને એમ કહેવું જે, 'તમે ઘેર રહો' ને એમ કરતાં નીસરે તો તેની ઉપાધિ હું ભોગવીશ ને સર્વે ઘર મેલી સાધુ થઈને કાશીએ જાજો. એવો કાગળ લખીને કાઠિયાવાડ દેશમાં માણસ સાથે મોકલ્યો ને પોતે ભૂજ પધારતા હતા. ॥૨૯॥

૩૦. ગઢડામાં પ્રથમ આવ્યા અને જીવુબાને લાલજી પૂજવા આપ્યા.

અને પોતે ભૂજ પધારીને જગજીવનની વાડીમાં ઊતરીને જગજીવનને ઘેર ખબર કરી જે, 'સ્વામિનારાયણ આવ્યા છે, ને ભૂખ્યા છે.' ત્યારે તેના ઘરનાં બાઈ તથા તેની બે'ન મહારાજ માટે થાળ કરી લઈને ચાલી. તેને જગજીવને બહુ રોકી પણ રોકાઈ નહીં ને મહારાજ પાસે ગઈ. કેની પેઠે ? તો કૃષ્ણાવતારમાં ઋષિપત્નીઓ ગઈ હતી તેમ મહારાજને જઈને જમાડતી હતી. ત્યારે મહારાજ કહે, 'ઘેર જાવ.' ત્યારે તે કહે જે, "ઘર તો તોડીફોડીને આવિયા છીએ." ત્યારે મહારાજ કહે જે, "નાડી-પ્રાણ કોના હાથમાં છે ?" એમ કહ્યું ત્યારે તે ઘેર ગઈ. (ને મહારાજ જે ઠેકાણે થાળ જમ્યા હતા તે ઠેકાણે હાલ બેઠક છે.)

પછી મહારાજ ત્યાંથી એકાએક ચાલ્યા, તે ગઢડે આવી ઘેલા નદીના કાંઠે ઊભા રહ્યા. ને દાદા ખાચરની બહેનોને ખબર કરી જે, 'તમને કારિયાણીમાં જે બાવો મળ્યો હતો તે આવ્યા છે.' એ વાત સાંભળીને ચારેય બે'નો મળી વિચાર કર્યો જે, 'આપણે મહારાજને

લાવીએ.' એમ કહી પાણી ભરવા ચાલી, તે મહારાજને પોતાનાં વસ્ત્ર પહેરાવીને ઘેર તેડી લાવી. તે વાત બ્રહ્માનંદસ્વામીએ કીર્તનમાં આણી છે જે –

'ગોપી બની ગયા ગિરધારી રે ઘાઘરડો ઘેરાળો.'

ને પોતાના દરબારમાં રાખ્યા. પછી મહારાજે એ બાઈઓને વાતો કરીને પોતાના સ્વરૂપનો દૃઢ નિશ્ચય કરાવતા થકાં દરબારમાં દોઢ માસ પર્યંત છાના રહ્યા. તેમાં એક દિવસ એભલ ખાચરને એવી ખબર થઈ જે, દરબારમાં કોઈ પુરુષ છે. એમ જાણીને જીવુબાને બોલાવીને કહ્યું જે, "આપણા દરબારમાં કોણ પુરુષ છે ?" ત્યારે જીવુબા કહે જે, "હે બાપા, કોઈ નથી." એમ કહીને મહારાજને આથમણી પાસા રામજી મંદિર છે, તેમાં બેસાડીને એભલ ખાચરને જીવુબા પોતાની સંગાથે તેડી જઈને દરબારમાં ફેરવતાં હતાં. ને એભલ ખાચરને કહે જે, "જુવો બાપા, કોઈ નથી, તમને કોઈએ ખોટું કહ્યું (છે.)" એમ કહી દરબારમાં આવી મહારાજને બોલાવી લીધા. ને મહારાજે જીવુબાને પોતાની પાસેથી લાલજી પૂજવા સારુ આપ્યા.

તે લાલજીની નિત્યે જીવુબા પૂજા કરતાં હતાં. એમને જોઈને એભલ ખાચર પૂછતા હતા જે, "હે બાઈ, તમે બાળપણમાં શું લઈ બેઠા છો ? મૂકી દ્યો, મોટા થાવ ત્યારે પૂજજો." તે વાત સાંભળીને **જીવુબા કહે જે, "હે બાપા, આ મૂર્તિ મેલ્યા જેવી નથી."** ત્યારે એભલ ખાચર કહે જે, "તેમાં શો ચમત્કાર છે તે મેલ્યા જેવી નથી ?" તે વાત સાંભળી જીવુબાએ દૂધ-સાકરનો કટોરો લાલજીના મોઢા આગળ એભલ ખાચરના દેખતાં ધર્યો. તે દૂધ ને સાકર પી ગયા.

તે જોઈને એભલ ખાચર એમ બોલ્યા જે, "ધન્ય છે તમારી ભક્તિને ! તમે કોઈક દેવ છો !" એમ બોલીને ઉતારે ગયા. એવો ચમત્કાર મહારાજે લાલજી દ્વારાએ જણાવ્યો. (જે લાલજીએ દૂધ પીધું, તે લાલજી હાલ ગઢડામાં છે.) પછી મહારાજ ત્યાંથી ચાલતા હતા. ॥૩૦॥

૩૧. કાગળના ઉપદેશે નવા પરમહંસ કર્યા.

અને મહારાજ ત્યાંથી ચાલ્યા તે ગામ **કારિયાણી** આવીને રહેતા હતા. તે સમે ગામ **ખાણ**ના રહેવાસી **લાડુ બારોટ** તે ફરતાં ફરતાં ભાવનગર ગયા. ત્યાં વજેસંગ દરબારનું કવિત કર્યું, ને યાચન કરી. ને તેને સાંભળીને દરબાર રાજી થઈને અઢારસો રૂપિયા રોકડા તથા બીજો કેટલોક પોશાક આપ્યો. તે લઈને ચાલ્યા આવતા હતા, તે રસ્તામાં આવતાં સંકલ્પ થયો જે, 'સારો કોઈ દાગીના ઘડનારો મળે તો ઘડાવીને આપણા દેશમાં લઈ જઈએ.' તે સારુ ગામોગામ પૂછતા હતા જે, 'કોઈ સારો દાગીનો ઘડનારો છે ?' એમ પૂછતાં ગામ **કુંડળ**માં **અમરા પટગર**ના દરબારમાં પૂછ્યું. ત્યારે તેમણે કહ્યું જે, "ભૂજમાં સ્વામિનારાયણના શિષ્ય હીરજી (તથા) સુંદરજીભાઈ છે; તે સારો દાગીનો ઘડે છે. તે જો સ્વામિનારાયણ કહે તો ઘડી આપે."

તે વાત સાંભળીને લાડુ બારોટ કહે જે, "સ્વામિનારાયણ ક્યાં છે ?" ત્યારે તેમણે કહ્યું જે, "કારિયાણીમાં છે." એ વાત સાંભળીને કારિયાણી ગયા ને મહારાજને મળ્યા ને કહે જે, "અમને તમારા શિષ્ય ઉપર કાગળ લખી આપો તો ભૂજ જઈએ." એ વાત સાંભળીને કાગળ લખ્યો, તેમાં એટલો મર્મ લખ્યો જે, 'તમે કવિ છો ને આ પણ કવિ છે. માટે હાથી ખૂંત્યો હોય તો હાથીએ હાથી નીસરે, પણ બીજાથી નીસરે નહીં; માટે છ મહિના ઘરે રાખી, રોટલા આપી, એવો ઘાટ ઘડજો જે, ફરીથી ઉત્થાન થાય નહીં.' એમ મરમ લખીને કાગળ લાડુ બારોટના હાથમાં આપ્યો. ને (પછી તે) ભૂજ ગયા. ને ત્યાં ભૂજના રાજાને યાચના કરી, તે રાજાએ ચૌદસેં રૂપિયા આપ્યા. તે લઈ સુંદરજીભાઈને ત્યાં રહ્યા.

ને મહારાજ કારિયાણીથી ચાલ્યા, તે ગામ અલૈયે તથા મોડે થઈને ફરીથી ભૂજ આવ્યા. ને લાડુ બારોટને સાધુ કર્યા ને **'બ્રહ્માનંદસ્વામી'** એવું નામ પાડ્યું. ને હીરજી (તથા) સુંદરજીભાઈને કહેતા હતા જે,

'તમે સાધુ થાવ.' ત્યારે તેમણે પ્રથમ કહ્યું હતું તેમનું તેમ કહ્યું. ત્યારે મહારાજે કહ્યું જે, 'કાગળને ઉપદેશે નવા પરમહંસ થઈને આવે છે.' તે પ્રથમ તો મહારાજનો કાગળ વાંચી **માંચો ખાચર** તથા **અજો પટેલ** આદિક પરમહંસ થઈ, ગામ જેતલપુરમાં **ભાઈ રામદાસજી**ને દર્શને આવ્યા. તેમને જોઈને કહે જે, "આ શું કર્યું ? મોટા શેઠ, શાહુકાર તથા રાજા ને **કલ્યાણદાસે** તો હજુ મીંઢળ છોડ્યું નથી."

તે વાત સાંભળીને મહારાજનો કાગળ વંચાવ્યો. તેને સાંભળીને સ્વામી કહે કે, "ધણીનો કોઈ ધણી છે ? એ તો ચાયે સો કરે ! પણ તમને તો કાશીએ નહિ જાવા દઉં." ત્યારે તે કહે જે, 'મહારાજ વઢશે.' ત્યારે સ્વામી કહે જે, 'મહારાજ વઢશે તો મારી કોટમાં.' એમ કહીને સર્વેને લઈને ભૂજને રસ્તે ચાલતે ચાલતે દસ ગાઉ ભૂજ રહ્યું ત્યારે મહારાજ સુંદરજીભાઈને અંતર્યામીપણે કહે જે, 'આજ આપણે બસેં મનુષ્યની શીરા-પૂરીની રસોઈ કરાવો.' ત્યારે તેમણે રસોઈ કરાવી.

પછી મહારાજ ત્યાંથી ધર્મશાળામાં પધાર્યા. તે સમે સર્વે પરમહંસ પણ ત્યાં આવ્યા. તેમને પોતે હેતે કરીને મળતા જાય ને નામ લેતા જાય. એવી રીતે સર્વેને મળીને બેસાર્યા ને બોલ્યા જે, 'કલ્યાણદાસ આદિક ત્રણનાં ક્યાં નામ હતાં તે આવ્યા છે ?' ત્યારે કલ્યાણદાસે કહ્યું જે, 'હે મહારાજ ! તમોએ કાગળમાં એમ લખ્યું હતું જે, કર્મયોગી તથા સાંખ્યયોગી હરિજન સર્વે નીસરજો; મારું ગમતું છે. માટે તમારું ગમતું મૂકીને સંસારમાં શું સુખ લેવા રહીએ ?'

એ વાત સાંભળીને મહારાજ કહે જે, 'ત્યારે તો અમારી આંખ્ય માથા ઉપર, ભલે આવ્યા પણ ઘેર ભિક્ષા માગી આવો તો રાખીએ નહિ તો નહિ. કેમ જે, **જળંધર યોગી** તથા **ગોપીચંદ રાજા**એ એમની રાણીઓ પાસે માગી આવ્યા હતા, ત્યારે રાખ્યા હતા.' તે વાત સાંભળીને કલ્યાણદાસ બોલ્યા જે, 'ઠીક મહારાજ, તેમ કરીએ તો રાખશો.' તે વાત સાંભળીને કલ્યાણદાસને રાખ્યા ને સાધુ કરીને **'અદ્‌ભુતાનંદસ્વામી'**

એવું નામ પાડ્યું. ને ઘેર માગવા સારુ મોકલ્યા. તે પોતાના ગામમાં તથા પોતે પરણ્યા હતા તે ગામમાં જઈ માગી આવ્યા. પછી એ ભૂજમાં બ્રહ્માનંદસ્વામીને પણ સાધુ કર્યા ને પછી એ સર્વે સંતમંડળ લઈને ગામ **રામપરે** પધારતા હવા. ॥૩૧॥

૩૨. ગામ માંડવીના ખયા ખત્રીને સત્સંગ કરાવ્યો.

અને ગામ **રામપરે** જઈને એવો વિચાર કર્યો જે, 'આપણે ગામ માંડવીમાં ખયા ખત્રીને સત્સંગ કરાવીએ.' એવો વિચાર કરીને સંતને એમ કહ્યું જે, 'અમે તમને તેડાવીએ ત્યારે આવજો.' એમ કહીને સુંદરજીભાઈ તથા ગંગારામભાઈ આદિક આઠ જણ ત્યાંથી ચાલ્યા, તે માંડવીમાં આવ્યા. ને એક ગામના અધિકારી પાસે ધર્મશાળા માગી. ત્યારે તેણે પૂછ્યું જે, 'શું કરશો ?' ત્યારે સુંદરજીભાઈએ કહ્યું જે, 'અમારા સ્વામિનારાયણ આવવાના છે, તે ઊતરવા સારુ જોઈએ છીએ.' ત્યારે તે અધિકારી કહે જે, 'જાઓ આપી.'

પછી સુંદરજીભાઈ ધર્મશાળાનું તાળું ઉઘાડતા હતા. તે સમે ખયો ખત્રી જાતો હતો. તે સુંદરજીભાઈને તાળું ઉઘાડતા જોઈને પૂછવા મંડ્યો જે, 'કેમ ધર્મશાળા ઉઘાડો છો ?' ત્યારે સુંદરજીભાઈએ કહ્યું જે, "સવારમાં અમારા સ્વામિનારાયણ આવવાના છે. તેમની સાથે બસેં માણસ છે." તે સાંભળીને ખયો ખત્રી બોલ્યો જે, "ગાંડી ગુજરાતમાં ભગવાન થઈને પૂજાય છે, પણ કોઈ શિંગાળા[1] મળ્યા નથી. પણ શિંગાળા મળશે ત્યારે ભગવાનપણું ચૂંથાઈ જશે." એમ કહીને બોલ્યા જે, "તમારા સ્વામિનારાયણ આવે ત્યારે મને ખબર કરજો." એવાં ઘણાંક ગર્વનાં વચન બોલી ચાલ્યો ગયો. પણ મહારાજ કંઈ ન બોલ્યા. પછી સાધુને તેડાવ્યા.

તે સાધુ આવીને ગામને પાદર ઊભા રહ્યા. ત્યારે મહારાજ તથા

૧.માથાભારે વ્યક્તિ

સુંદરજીભાઈ વાજતે-ગાજતે સામા ગયા ને ત્યાં જઈને બ્રહ્માનંદસ્વામીને હાર પહેરાવી, ચંદન ચર્ચી, ઘોડા ઉપર બેસાડીને સ્વામિનારાયણ ઠરાવ્યા. પછી ચાલ્યા તે ધર્મશાળામાં આવી પાટ ઉપર બેસાડ્યા. ને પોતે પડખે બેઠા. તે સમે ખયો ખત્રી પોતાના કેટલાક શિષ્ય તથા એક બાઈ તેણે સહિત ત્યાં આવ્યો. ને એ બાઈને છેટે બેસાડી ને પોતે સભામાં આવ્યા ને પ્રશ્ન પૂછવા લાગ્યો જે, 'જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ, પરબ્રહ્મ ને **'एकमेवाद्वितीयं ब्रह्म'** એ આદિક ઘણાક પ્રશ્ન પૂછ્યા.

તેને સાંભળીને બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, 'હું તો જાણતો હતો જે ખયો ખત્રી બહુ વિવેકી છે, પણ કંઈ વિવેક જણાતો નથી. કેમ જે, આવા પ્રશ્નમાં મને શું પૂછે છે ? એનો ઉત્તર તો અમારા શિષ્ય પણ કરશે.' એમ કહી બ્રહ્માનંદસ્વામી ન બોલ્યા. ને પછી મહારાજ બોલ્યા જે, 'એમાં શું મારા ગુરુને પ્રશ્ન પૂછે છે ?' એમ કહીને પોતે ઉત્તર કરવા લાગ્યા. તે જે પ્રશ્ન પૂછ્યા હતા એ સર્વેના ઉત્તર કટ કટ કર્યા.

તેને સાંભળીને ખયો ખત્રી બહુ આશ્ચર્ય પામીને બોલ્યો જે, 'આ કોઈકનું છોકરું ઝાલી આણ્યું છે.' ત્યારે મહારાજે કહ્યું, 'એ તો વૈરાગે કરીને આવ્યો છે.' ત્યારે તે કહે જે, 'વૈરાગ્યમાં તો શું જાણે ?' ત્યારે મહારાજ કહે જે, 'એ ગોપાળાનંદસ્વામીને પૂછો.' તે સાંભળીને સ્વામીએ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સંબંધી ઘણીક વાત કરી. તેને સાંભળીને તે બાઈ(તેની મા) છેટે બેઠી બેઠી બોલી જે, 'હે ખયા ! એ પાટ ઉપર બેઠા છે, એમાં કાંઈ નથી ને ગોપાળાનંદમાં પણ કાંઈ નથી. હીકડો[૧] બ્રહ્મ તો એ નીગરામાં છે.'

તેને સાંભળીને ખયો કહે જે, 'હે માજી ! દેખ્યા છે.' એમ કહી મહારાજને ચરણે શીશ નમાવીને કહેવા મંડ્યો જે, 'હે મહારાજ ! તમે નીચા બેઠા ને આમને પાટે બેસાડ્યા, એવું કેમ કર્યું ?' ત્યારે મહારાજ કહે જે, "તમે કહેતા હતા જે, 'ગાંડી ગુજરાતમાં ભગવાન

૧.એક

થઈ પૂજાય છે, પણ શિંગાળા મળ્યા નથી. તે સારુ અમોએ આવું કર્યું.' તેને સાંભળીને ખયો બોલ્યો જે, "હે મહારાજ ! તમારું જે સિદ્ધાંત હોય તે કહો.' એમ કહીને મહારાજનો આશ્રિત થયો ને મહારાજનું પ્રગટપણે ભજન કરવા લાગ્યો.

પછી પોતાના શિષ્યોને વાત કરવા મંડ્યો જે, "સ્વામિનારાયણનું ભજન કરો ને જો નરકમાં જાવ તો મારી કોટમાં, નહિ તો તમારાં કર્મ તમે જાણો." એવા ઉત્સાહની ઘણીક વાતો કરીને ઘણાંક માણસને સત્સંગ કરાવતો હતો. એવી રીતે પોતાનો પ્રતાપ-ઐશ્વર્ય દેખાડીને ખયાને સત્સંગ કરાવીને ત્યાંથી ચાલ્યા, તે પોતે **કાળાતળાવ** તથા **તેરે** આવતા હતા ને સંતોને ફરવા મોકલતા હતા. ॥૩૨॥

૩૩. ગામ તેરામાં પ્રાગજી પુરાણીને ત્યાં થાળ જમ્યા.

અને ત્યાં પ્રાગજી પુરાણી રાજાના કુંવરને ભણાવવા સારુ રહ્યા હતા. તેમને ઘેર રહીને કહે જે, "તમે જે જમતા હોય તે અમને જમાડજો ને અમે સાધુ આવશે ત્યારે થાળ જમીશું." ત્યારે તે કહે જે, 'ઠીક.' એમ કહીને ત્યાં રહ્યા. તેટલાકમાં **અદ્‌ભુતાનંદસ્વામી** તથા **કાનડાનંદસ્વામી** એ બે ફરતાં ફરતાં ગામ **ધ્રુફી**માં ગરાસિયાને ચોરે રાત રહ્યા. ને તે ગરાસિયાએ બાજરાનો લોટ ને મીઠું આપ્યું, તેને જમ્યા. ને ત્યાં રાત રહીને સવારે ત્યાંથી મહારાજની પાસે આવ્યા. ને મહારાજનાં દર્શન કરીને બેઠા.

ત્યારે મહારાજે પૂછ્યું જે, "સ્વામી, કિયે ગામ રાત હતા ?" ત્યારે સ્વામી કહે જે, "ધ્રુફી રાત હતા." ત્યારે મહારાજ કહે જે, "ખાવાનું કાંઈ મળ્યું હતું ?" ત્યારે સ્વામી કહે જે, "ગરાસિયાએ બાજરાનો લોટ ને મીઠું આપ્યું હતું." ત્યારે મહારાજ કહે જે, "એના સારા થાશે." તે (વચનથી) ગરાસિયાનાં છો ગામ ભૂજના રાજાએ દબાવ્યાં હતાં, તે છૂટ્યાં. પછી તે ગરાસિયા સત્સંગી થઈ મહારાજનું ભજન કરવા મંડ્યા.

પછી મહારાજ અદ્‌ભુતાનંદસ્વામીને સર્વે વૃતાંત પૂછતા હતા. તે સમે મુકુંદ બ્રહ્મચારીને પૂછીને પ્રાગજી પુરાણીના ઘરનાં મનુષ્યે થાળ કરી લાવ્યા. ને છેટે ઊભા રહીને મહારાજને કહેવરાવ્યું જે, "જમવાનો થાળ થયો." તે સાંભળી મહારાજ બોલ્યા જે, "કેને પૂછીને થાળ કર્યો છે ?" ત્યારે બ્રહ્મચારી કહે જે, "તમે કહ્યું હશે જે, 'સાધુ આવશે ત્યારે થાળ જમીશું,' તે સાધુ તો આવ્યા. તે જોઈને બાઈએ થાળ કર્યો હશે, એનો શો વાંક છે ? તે હવે જમવું પડશે."

ત્યારે મહારાજ કહે જે, "બે જણાએ કેવો સંકેત કર્યો છે ?" એમ કહીને થાળ મંગાવ્યો. તે જમીને પછી થાળ અદ્‌ભુતાનંદસ્વામીને આપ્યો. તે જમ્યા. પછી સાંજના તળાવે ના'વા ગયા. ત્યાં (દ્વેષી લોકોએ) સ્વામીનાં લૂગડાં ખૂંચી લીધાં ને માર્યા. તે વાત મહારાજે જાણી, તેથી મહારાજે દરબારમાં જઈને દરબાર પાસે તે લોકોને ઠબકો દેવડાવ્યો. ને સમૈયો તેરામાં કરવો હતો પણ સ્વામીને માર્યા, તે સારુ સમૈયો કાળાતળાવ કરતા હતા. ॥૩૩॥

૩૪. ગામ તેરાના રવજીભાઈને સાધુ કર્યા.

અને ગામ તેરાના લવજીભાઈના ભાઈ **રવજીભાઈ** સમાધિનિષ્ઠ હતા. ને સામાના અંતરમાં પ્રવેશ કરે એવા હતા ને સાંખ્યયોગી હતા. તેમને મહારાજે ભૂજમાં કહ્યું હતું જે, "તમારે કોઈના અંતરમાં પ્રવેશ કરવો નહીં." તે આજ્ઞા ઉલંઘીને ઢુંઢિયાના અંતરમાં પ્રવેશ કર્યો, તેથી સમાધિ તૂટી ગઈ ને તે કર્મયોગી થયા. પછી મહારાજને દર્શને એક મહિના સુધી ન આવ્યા. પછી (એક દિવસ) મહારાજ લવજીભાઈને ત્યાં બેઠા હતા. તે સમે રવજીભાઈના ઘરનું માણસ લવજીભાઈના ઘરમાં દેવતા લેવા સારુ આવ્યાં. તેને જોઈને મહારાજે પૂછ્યું જે, "આ કોણ છે ?" ત્યારે તે કહે જે, "આ તો રવજીભાઈના ઘરનાં માણસ છે."

ત્યારે મહારાજ કહે, "એને બે ચોરાસી ફરવાની થઈ, ને બે

જમપુરી રહેવાની થઈ." તે વાતને સાંભળીને તે બાઈ બોલી જે, "જમપુરી શું ? ને ચોરાસી શું ?" ત્યારે મહારાજે જમપુરીની વાત કરી, ને સમાધિ દ્વારાએ જમપુરીનાં દુઃખ દેખાડ્યાં. તે જોઈ બાઈ મહારાજને કહે જે, 'આ દુઃખ શાથી મટે ?' ત્યારે મહારાજ કહે જે, 'અમે કહીએ તેમ કર તો મટે.'

ત્યારે તે બાઈ કહે જે, "હે મહારાજ ! તમે જેમ કહો તેમ કરું." ત્યારે મહારાજે કહ્યું જે, "તમારો પતિ ઊનું માગે તો ટાઢું આપવું ને ટાઢું માગે ત્યારે ઊનું આપવું; ને તારાં લૂગડાં ધોવરાવ ને નિત્યે ગાળો દેજે. એવી રીતે કરે તો તારું દુખ સર્વે મટે." પછી તે બાઈએ તેમ કરવા માંડ્યું.

પછી મહારાજ સમૈયો કરીને ભૂજ પધાર્યા. ત્યારે રવજીભાઈને તે બાઈ કનડવા મંડી તેથી ભૂજ આવ્યા. ને પોતાના ઘરનાં મનુષ્ય સહિત મહારાજનાં દર્શન કરી મહારાજને કહે જે, "તમારી સત્સંગી કનડે છે." ત્યારે મહારાજે કહ્યું જે, "અમારી સત્સંગીએ કનડ્યા ન હોત તો તમે અહીં દર્શને ક્યાંથી આવત ?" એમ કહીને મહારાજે રવજીભાઈને સાધુ કર્યા ને **'રામદાસજી'** નામ પાડ્યું. એવી રીતે પંચવિષયમાંથી એ ભક્તને આસક્તિ ત્યાગ કરાવતા હતા. એમ ગામોગામ સર્વે હરિજનને દર્શન દેતાં દેતાં ગઢપુર આવતા હતા. ॥૩૪॥

૩૫. મહારાજ ગઢડામાં જીવા ખાચરના દરબારમાં માંદા થયા.

અને મહારાજ ગઢડે પધાર્યા. એભલ ખાચરના દરબારમાં પોતે રહી સર્વેને સત્સંગ કરાવતા હતા. ને પોતાનો ભગવાનપણાનો નિશ્ચય કરાવતા હતા. ને પોતાનો ઐશ્વર્ય-પ્રતાપ દેખાડીને પોતાને આધીન કરતા હતા. ને એ ગામમાં જીવા ખાચરના દરબારમાં પોતે થોડુંક રહ્યા ને તે સમયે માંદા થયા હતા. તેમણે મહારાજ સારુ ઓરડામાં સંડાસ કરાવ્યું, ને તાપવા સારુ હળનાં લાકડાં ચીરીને, લગાડીને તપાડતા હતા.

ને એક સમયે હુતાશનીનો ઉત્સવ કર્યો ને રંગ તથા ગુલાલ બહુ મંગાવ્યાં ને રંગ રમવા માંડ્યો. ને ઉગમણા દરબારની ઓસરી ઉપર મહારાજ તથા પાર્ષદ રહેલા ને નીચે સર્વે સાધુ રહેતા હતા. તે પરસ્પર રમતાં રમતાં ઉન્મત્તગંગામાં પાણી પૂગ્યું ત્યાં લગી રમ્યા; પણ કોઈ હાર્યું નહીં. ત્યારે **નિત્યાનંદસ્વામી** થાંભલો ઝાલીને ઓસરી ઉપર ચડવા લાગ્યા. તે સમે સુરા ખાચરે એક પગની ઠોકર મારી, તેથી નિત્યાનંદ સ્વામીનો હાથ ખસી ગયો. ત્યારે નિત્યાનંદસ્વામીએ બીજે હાથે કરી સુરા ખાચરનો પગ ઝાલ્યો તેથી સુરો ખાચર બીન્યા જે, 'હું પડીશ.' તેથી સુરે ખાચરે મોતિયું ઝાલ્યું તેવું જ મોતિયું ને સુરો ખાચર બેઉ હેઠે પડ્યા. તે જોઈને સર્વે પાર્ષદ ખડખડ હસતા હતા. ને નિત્યાનંદ સ્વામી ઊઠીને મહારાજને ઝાલી લેતા હતા. તે સમે દેવતાઓ ચંદનની વૃષ્ટિ કરતા હતા.

એવી રીતે રંગ-ઉત્સવ કરીને ના'વા સારુ ઉન્મત્તગંગામાં જતા હતા. ને ત્યાં રંગ ભરેલા નાહ્યા, તેણે કરીને ઉન્મત્તગંગાનું નીર લાલ-પીળાં વર્ણને ધારણ કરતું હતું. ને પોતે બહુવાર જળક્રીડા કરીને સર્વે શ્વેત વસ્ત્ર પહેરી ઘોડીએ અસવાર થઈ વાજતે-ગાજતે પુરમાં પધાર્યા. ને પોતે જમીને સર્વે સંતને જમાડતા હતા. એવી રીતે દરબારમાં ઉત્સવ કરીને ઘણા દિવસ ત્યાં રહેતા હતા. એવો પ્રથમ ઘણો મહિમા હતો પણ વ્યવહાર આવ્યો તેથી ઓછો થઈ ગયો. હંમેશા એવો ન રહેતો હતો. એવું માયાનું બળ છે તે જાણવા સારુ લખ્યું છે. ॥૩૫॥

૩૬. ગઢડાના એભલ ખાચરે મહારાજને બધી સોંપણી કરીને દેહ મૂક્યો તે વાત

અને એભલ ખાચરના દરબારમાં મહારાજ ગાયો તથા કબૂતર તથા ચકલાં આદિક પશુ-પંખી તથા મનુષ્યને સમાધિ કરાવતા હતા. ને કોઈક સમે અક્ષરઓરડીમાં પોતે બેઠા હોય તે સમે સૂર્યનાં દર્શન કરાવે. ને કોઈ સમે તો અનેક બ્રહ્મા, શિવ, વિષ્ણુ તથા અક્ષરધામ

આદિક સર્વે ધામના મુક્ત તે પોતાની પૂજા કરવા સારુ આવે ને જાય; તેમને તેજે કરીને દરબાર પણ ન દેખાય.

એવો ચમત્કાર જોઈને એભલ ખાચર તથા દાદા ખાચર વગેરે સર્વેને અડગ નિશ્ચય થયો. ને એભલ ખાચર માંદા થયા તે સમયે મહારાજનું કાંડું ઝાલી ઘોડશાળમાં લઈ ગયા. ને **ત્યાં રૂપિયા સાઠ હજાર દાટેલા હતા.** તે પોતાના ઘરનાં માણસને ન બતાવ્યા ને મહારાજને બતાવ્યા. ને દાદા ખાચર આદિકની સોંપણી કરી ને પોતે ધામમાં પધાર્યા. ત્યાર પછી મહારાજે પોતાના ઘરની પેઠે સર્વેની ખબર રાખવા માંડી, ને તે સર્વે પણ મહારાજનાં વચનમાં વર્તતા હતા.

તે સમે **મોટાભાઈ**(સચ્ચિદાનંદસ્વામી) ઘરનો ત્યાગ કરીને સાધુ થાવા ચાલ્યા, તે ગામ **ખોલડિયાદ હંસરાજ**ને ત્યાં રાત રહ્યા. ને કહ્યું જે, "તમે અમને પેટ[1] માટે રાખો, ને હું રહીશ. તમે કહેશો ત્યારે જઈશ." ત્યારે તેમણે કહ્યું જે, 'રહો.' પછી એક દિવસ રહ્યા. તેમના ઘરનાં માણસે, ઘરના સર્વે માણસ સારુ જમવાનું કરેલું હતું, ને પોતે એકલા જમી ગયા. ત્યારે સાંજે ફરીથી કર્યું, તે પણ જમી ગયા. એમ ત્રણ દિવસ સુધી કર્યું. તેથી આધારાનંદસ્વામીની માયે આધારાનંદ સ્વામીના બાપને કહ્યું જે, "મોટાભાઈ તો આપણે આંઈ નહિ પલવાય[2]." તે વાત મોટાભાઈએ સાંભળી, ને બોલ્યા જે, "મેં તો બોલી કરી છે જે, તમે કહો ત્યારે જવું." ત્યારે તેમણે કહ્યું જે, "જાઓ, અમે સર્વે રાજી છીએ."

પછી તે ત્યાંથી ચાલ્યા તે ગઢડે આવ્યા. ત્યારે મહારાજે મોટીબાને કહ્યું જે, "મોટાભાઈ ભૂખ્યા છે, તે જમાડો." ત્યારે તેમણે બે-ચાર રોટલા કરી જમવા સારુ બેસાર્યા. એટલે જેમ જેમ ઘડતા જાય તેમ તેમ મોટાભાઈ જમતા જાય. એવી રીતે અઠ્ઠાવીસ રોટલા જમી ગયા. ત્યારે મોટીબા બોલ્યાં જે, "(આ) પિટ્યો કાળ છે કે શું ?" એમ કહીને કથરોટ પછાડી.

૧.નિર્વાહ ચલાવવા ૨.પોષાય

પછી મોટાભાઈ કહે જે, "બા, થાક્યા હોય તો રહેવા દો, સાંજે વાળુ કરીશું." એમ કહીને મોટાભાઈ હાથ ધોઈને ઊઠ્યા, તે મહારાજ પાસે ગયા. ત્યારે મહારાજ કહે જે, "મોટાભાઈ જમ્યા ?" ત્યારે મોટાભાઈ કહે જે, "જેટલું હતું તેટલું જમ્યો ને ફરીથી સાંજે જમીશું." તે સર્વે વાત જાણી મહારાજ કહે જે, "મોટાભાઈ, આવડી બધી ભૂખ કેમ રાખી છે ?" એમ કહીને મહારાજે પ્રસાદીની પૂરી ને શાક આપ્યું, તે જમીને તૃપ્ત થતા હતા. ॥૩૬॥

૩૭. મહારાજે ગલવાણાની રસોઈ ચાલતી કરી.

અને મહારાજે ગઢપુરને વિશે ગળવાણાની[1] રસોઈ ચાલતી કરી ને સાધુને રાખ્યા. તે નિત્યે સભા થાય ને પ્રશ્ન-ઉત્તર થાય, એમ નિત્યે આનંદમાં દિવસ જાય. એક સમે મહારાજે સભામાં વાત કરી જે, "દુર્વાસા ઋષિ સર્વે ગોપીઓના થાળ જમી ગયા." તે વાત સાંભળીને જીવા ખાચર બોલ્યા જે, "હે મહારાજ ! એ વાત માન્યામાં આવતી નથી."

ત્યારે મહારાજ કહે જે, "કોઈક દા'ડે દેખાડીશું." એમ કહીને ગળવાણાની (રસોઈ) એક દિવસથી બીજે દિવસે બમણી કરાવે ને પંડે પીરસવા મંડ્યા. ને **પ્રભુતાનંદસ્વામી** રોટલીના ખડકલા લાવીને આપતા જાય ને બોલે જે, "લક્ષ્મીકા ભંડાર ખૂબ ભર્યા છે." ત્યારે મહારાજ કહે, "તમારી લક્ષ્મી આંઈ ટક્કર ઝીલે એમ નથી." એમ કહી પીરસવા મંડ્યા તે બધું ખુટાડી દીધું.

પછી તો લાડુની રસોઈ ચાલતી કરી. એવી રીતે દસ-વીસ દહાડા સાધુને રાખીને ફરવા જવાની આજ્ઞા કરી. તેને સાંભળીને જીવો ખાચર કહે જે, "હે મહારાજ ! બે રસોઈનો સામાન મોતિયા, જલેબીનો તૈયાર કરાવ્યો છે." એ વાત સાંભળીને મહારાજ કહે જે, "આ સચ્ચિદાનંદ સ્વામીને હાજરી[1] કરવા સારુ લઈ જાઓ, ને પછી સાધુ દાળ-ભાત વગેરે કરવા સારુ આવશે." ત્યારે જીવો ખાચર સચ્ચિદાનંદસ્વામીને

૧.ઘઉંના લોટની રાબ તેની ૨.હાજર હોય તે - નાસ્તો

હાજરી કરવા સારુ લઈ ગયા, ને ત્યાં હાજરી કરવા સારુ બેસાર્યા.

તે સચ્ચિદાનંદસ્વામી બે રસોઈનો સામાન જમી ગયા, પછી સભામાં આવીને બેઠા. એ વાત જોઈને જીવો ખાચર મહારાજને કહે જે, “સચ્ચિદાનંદસ્વામી તો બધી રસોઈ જમી ગયા, હવે સાધુને દાળ-ભાત કરવા સારુ ના મોકલશો.” ત્યારે મહારાજ કહે જે, “દુર્વાસા ઋષિ સર્વે ગોપીઓના થાળ જમી ગયા એ વાત સાચી કે ખોટી ?” ત્યારે જીવો ખાચર કહે જે, “વાત સાચી.” એમ રમૂજ કરતા.

ને ત્યાંથી સર્વે સંતમંડળ લઈને ચાલ્યા, તે ફરતાં ફરતાં સર્વે હરિજનને દર્શન આપતાં થકાં **લોજ**, **માંગરોળ** થઈને **આખે-પીપલાણે** આવ્યા. ને **ઓઝતગંગા**ને કાંઠે **વિષ્ણુયાગ** કરતા હતા. ને ત્યાંથી ચાલ્યા તે **મેઘપુર**માં છ મહિના સુધી **ચોરાસી** કરીને ગામ **ફરેણી** આવ્યા. ને ફરેણીમાં સંતમંડળ પ્રત્યે એમ બોલ્યા જે, “મુક્તાનંદસ્વામીની આજ્ઞામાં રહો.” ત્યારે હિંદુસ્તાની **ત્રિવિક્રમાનંદસ્વામી** આદિક સંત બોલ્યા જે, “તુમ જેસા કહે એસા હમ કરેગા, તુમ કહો તો અન્ન ભી નહીં ખાવેગા. એક ટંગ ખડે રેવેગા, મટકા ભી નહીં મારેગા. તુમ જેસા કહેગા વૈસા કરેગા, પણ દુસરા કા કહ્યા નહીં કરેગા;

તે વાતને સાંભળીને મહારાજ કહે જે, “સરગદ્વારીએ જાયેગા ?” ત્યારે કહે જે, “જાવેંગા.” પછી મહારાજે એક ઓરડીમાં ખાટલો નંખાવ્યો ને તે ખાટલામાં સૂવે તે ધામમાં જાય. એવી રીતે એક દિવસમાં સાઠ ૬૦ સાધુને અક્ષરધામમાં મોકલ્યા. એવી રીતની લીલાને કરતા હતા ને પોતાનો ચમત્કાર-પ્રતાપ જણાવતા હવા. ॥૩૭॥

૩૮. દોઢસો સાધુને અમદાવાદ મોકલ્યા.

પછી મહારાજે અમદાવાદ જવાની દોઢસો ૧૫૦ સાધુને આજ્ઞા કરી. ને પોતે **માણાવદર**, **ધોરાજી** થઈને **ભૂજ**માં જાતા હતા. ને સાધુ ત્યાંથી ચાલ્યા તે અમદાવાદ જાતા હતા. ત્યાં ઉત્તર દિશામાં દરિયાખાનનો

ઘૂમટ છે, ત્યાં ઊતર્યા. ને રાતે સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરતા હતા. તે સમે હજારો ભૂતની ચોકી ઊભી રહી, ને તે એમ કહે જે, "અમારું ઘર તમે લીધું તે અમે ક્યાં જઈએ ?" એમ કઈને રડવા લાગ્યાં. તેને જોઈને આનંદાનંદસ્વામીને દયા આવી. પછી તૂંબડીમાંથી પાણી લઈને છાંટીને કહે જે, "બદરિકાશ્રમમાં જાવ." ત્યારે તે સ્વામીને બદરિકાશ્રમમાં વચને કરીને જાતાં હતાં.

તે **આનંદસ્વામી** ક્યા ? તો જે અયોધ્યામાં રામગલોલદાસજીની જગ્યા છે, ત્યાં રામગલોલદાસજીની જય બોલાય છે. તે રામગલોલ દાસ જમાતે સહિત દ્વારકાની યાત્રા કરવા સારુ આ દેશમાં આવતા હતા. તે દ્વારકાની જાત્રા કરીને ગિરનાર આવતાં માણાવદરમાં મહારાજ ભેગા થયા. ને મહારાજનો ચમત્કાર, ઐશ્વર્ય, પ્રતાપ જોઈને સમાધિ દ્વારાએ કરીને **'સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ પુરુષોત્તમભગવાન આ સહજાનંદસ્વામી છે.'** એવો નિશ્ચય કરી જમાતને છોડીને મહારાજ પાસે રહ્યા. ને પછી શ્રીજીમહારાજે સાધુ કરીને **'આનંદાનંદસ્વામી'** નામ પાડ્યું. તે આનંદાનંદસ્વામીનાં વચનથી સર્વે ભૂત બદરિકાશ્રમમાં જાતાં હતાં. એવા અનંત ઐશ્વર્ય તો જેના સાધુમાં છે, તો સહજાનંદસ્વામીમાં હોય તેમાં શું આશ્ચર્ય કહેવાય ?

પછી મુક્તાનંદસ્વામી આદિક દોઢસો સાધુ દરિયાખાનના ઘૂમટમાં રહેતા હતા. ને ગામમાં ભિક્ષા કરવા સારુ જાય. ત્યારે કોઈક ઝોળીમાં અન્ન નાખે, કોઈક કાંકરા નાખે, કોઈક અભક્ષ્ય વસ્તુ નાખે તે સર્વેને લઈ સાબરમતી નદીમાં સર્વ સંત જાય. ત્યાં શુદ્ધ કરી નવટાંક-પાશેર[1] અન્ન જમતા હતા; ને પાણી પીયને પાછા દરિયાખાનના ઘૂમટમાં આવીને ભજન કરતા હતા.

એવી રીતે ગામમાં હંમેશા ઝોળી માગવા જાતે એક દિવસ સાધુ પગે બહુ દાઝ્યા. તેથી શ્રીજીમહારાજને ભૂજમાં પગે ફોલ્લા થયા. એવી

૧.નવટાંક = પાશેરનું અર્ધું. પાશેર = ૧૨૫ ગ્રામ

રીતે સાધુને ને પોતાને એકતા જણાવતા હતા. અને સાધુ હંમેશાં દોઢ મહિના સુધી ત્યાં રહ્યા. તેમાં કોઈ દહાડો પાશેર તથા નવટાંક અન્ન મળે ને માંઈ અભક્ષ્ય વસ્તુનો સ્પર્શ થાય; તેથી સાધુએ મહારાજ ઉપર કાગળ લખ્યો.'કહો તો અન્ન મૂકી દઈએ,?'

તે કાગળ વાંચીને મહારાજે એવો ઉત્તર લખ્યો જે, "પૂર્વે અનેક જન્મને વિશે અભક્ષ્ય વસ્તુ ખાધામાં આવી હશે, તેનાં પાપ બાળવા જે સમર્થ છે તે આ પાપ બાળવા સમર્થ છે; પણ હે મહાપુરુષો ! અન્ન મૂકશો નહિ, તમારા વડે બહુ કામ લેવા છે." એવો કાગળનો જવાબ આવ્યો. તેને વાંચી સર્વે સાધુ હરખને પામતા હતા.

ને એક દિવસે અમદાવાદમાં કોઈક શાહુકાર દેહ મૂકી ગયો, તેને બાળવા સારુ હજાર બારસેં માણસ નીકળ્યું. તે થોડુંક બાળવા સારુ ગયું ને બીજા સર્વે માણસ સાધુ પાસે બેઠા. ને પછી સાધુને પ્રશ્ન પૂછવા મંડ્યા ને કહે જે, "તમે બ્રહ્મ શાના ? અમે બ્રહ્મ છીએ." એવા અનેક પ્રકારના પ્રશ્ન પૂછ્યા. તેનો ઉત્તર મુક્તાનંદસ્વામીએ કર્યો. તેને સાંભળીને બોલ્યા જે, "તમે ખોટા બ્રહ્મ છો ને અમે સાચા બ્રહ્મ છીએ." એમ બોલ્યા.

તે સમે એમની સભામાં આંબલી પરથી મોટો જબરો સર્પ પડ્યો. તેને જોઈને સાચા બ્રહ્મ નાઠા !! તે એકબીજાની ઉપર પડતાં-આખડતાં નાઠા. તે છેટા જઈને ઊભા રહ્યા. અને એ સર્પ ધીરે રહીને કળ વળી એટલે ત્યાંથી ચાલીને જ્યાં સાધુ બેઠા છે ત્યાં આવ્યો. ને તે દિવસ એવી આજ્ઞા હતી જે, 'સર્પ, વીંછી, વાઘ આવે તોપણ બેઠા હોય ત્યાંથી પ્રયોજન વિના ઊઠવું નહીં.' અને તે સર્પ આવ્યો તે અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, "મારી પલાંઠી ઉપર થઈને કોઈના હાથ ઉપર, કોઈના પગ ઉપર, કોઈની સાથળ ઉપર – એવી રીતે દોઢસો સાધુ ઉપર ફરીને સચ્ચિદાનંદસ્વામીને ગળે આંટો દઈને માથા ઉપર છત્રને આકારે ફેણ કરી." તે સમે સચ્ચિદાનંદસ્વામી 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' ધૂન,

જેમ મોરલી વાગે એમ ટંકાર કરતા; તે જાણે મોરલી વાગે છે એવા શબ્દ સાંભળીને ઘણીવાર માથા ઉપર ડોલ્યો, પછી ત્યાંથી વછૂટીને આંબલી ઉપર ચઢી ગયો.

એવી રીતની સર્વે સંતની ધીરજ જોઈને તે સર્વે ગૃહસ્થ છેટા ઊભા હતા અને 'અમે સાચા બ્રહ્મ ને તમે ખોટા બ્રહ્મ.' એમ કહેતા હતા તે પણ સાધુને પગે લાગીને એમ કહે જે, "તમે સાચા બ્રહ્મ છો ને અમે ખોટા બ્રહ્મ છીએ." એમ કહીને કહે જે, "અમારું અન્ન તમારે મોઢે આવે એવો ઉપાય અમને બતાવો." એવાં વચન સાંભળીને મુક્તાનંદસ્વામી કહે જે, "પહેલી રસોઈ જે લાવશે તેની લઈશું."

પછી એવા ઘણાંક પરચા જોઈને સર્વે સત્સંગી થતા હતા. ને પછી પહેલી રસોઈ કરીને અંધારામાં લાવીને સાધુને જમાડતા હતા. એવી રીતે આંબલીઓમાં દોઢ માસ સાધુ રહ્યા. તેમાં પંદર દિવસ અનાજ ધરાઈને જમવાનું મળ્યું. પછી સર્વે સંત યજ્ઞ ઉપર જેતલપુર આવ્યા. તેમાંથી મહારાજની આજ્ઞા બે સાધુએ ન પાળી, તે વિમુખ થઈ ગયા. ને સ્વામી કહે, "અમે આજ્ઞા માની તે સત્સંગમાં રહ્યા છીએ." ॥૩૮॥

૩૯. જેતલપુરમાં યજ્ઞ કર્યો ને સર્વેને પ્રતાપ જણાવ્યો

અને મહારાજ **ભૂજ**થી ચાલ્યા તે યજ્ઞ ઉપર **જેતલપુર** પધાર્યા. ને યજ્ઞ કરવાનો આરંભ માંડ્યો. તેમાં હજારો બ્રાહ્મણો ભેગા થયા હતા. તે યજ્ઞમાં આહુતિઓ આપતા હતા ને જમવા સારુ હજારો બ્રાહ્મણની પંગતીઓ બેસતી હતી. ને અનેક પ્રકારે વેદના મંત્રનું ઉચ્ચારણ કરતા હતા. અને નિત્યે સભા થતી હતી અને તે સભામાં ધર્મ સંબંધી અનેક પ્રશ્ન-ઉત્તર થાતા હતા. તે સભામાં ગામ **મહેમદાવાદ**ના રહેવાસી ને શક્તિનો ઉપાસક એવો **વંશીધર** નામે બ્રાહ્મણ સભામાં આવીને બેઠો. ને મહારાજને પૂછવા લાગ્યો ને શક્તિને સર્વોપરી કહેવા લાગ્યો, ને

પોતાના સંપ્રદાયનાં વખાણ કરવા મંડ્યો.

તેને સાંભળી મહારાજે બીજા સર્વે બ્રાહ્મણ હતા તેમાંથી સારા સારા વિદ્વાન ને પ્રામાણિક એવા આઠ બ્રાહ્મણ કાઢ્યા. તેનાં નામ **અમદાવાદના નરભેરામ** ને **નથુરામ** તથા **નડિયાદના આશારામ** તથા **વિરમગામના દુર્ગાશંકર** તથા **સુરતના નારાયણરામ** ને **દામોદર** ને બે **કાશીના** રહેવાસી તેમનાં નામ **કૃષ્ણારામ** ને **હરિપ્રસાદ** – એ આઠ બ્રાહ્મણ પ્રત્યે સભામાં મહારાજ પ્રશ્ન પૂછતા હતા જે, "બ્રાહ્મણ હોય તેણે શક્તિની પૂજા શાણે કરીને કરવી ? અને ક્ષત્રિય હોય તેણે શાણે કરવી ? અને વૈશ્ય હોય તેણે શક્તિની પૂજા શાણે કરીને કરવી ? એ પ્રશ્નનો ઉત્તર કરો." ત્યારે તે સર્વેને સાંભળતાં બોલ્યા જે, "બ્રાહ્મણ થઈને જે શક્તિની પૂજા દારૂ-માંસે કરીને કરે છે તેને મલેછ જાણવા."

એ વાતને સાંભળીને મહારાજ પાટ ઉપર ઊભા થઈને તાળી પાડી સર્વેને સાંભળતાં થકાં એમ બોલ્યા જે, "કોઈ કહે છે જે, 'સ્વામિનારાયણે મલેછ કહ્યા,'(પણ)એમ અમે કહેતા નથી, આ આઠ બ્રાહ્મણ કહે છે." તે વાતને સાંભળીને વંશીધરનું મોઢું કાળું મેંશ જેવું થઈ ગયું ને સભામાંથી ચાલી નીસર્યો. એવી રીતે હંમેશાં પ્રશ્ન-ઉત્તર કરીને ધર્મનું સ્થાપન કરતા હતા.

અને એક દિવસે 'રસોઈનું ઘી ખૂટ્યું.' એમ આવીને પટેલ **આંસજીભાઈ**એ મહારાજને કહ્યું કે, "આપણી લાજ જાશે." તે વાત સાંભળીને મહારાજ કહે જે, "લક્ષ્મીની લાજ જાય, આપણી ન જાય." એમ કહીને હાથમાં સોટી લઈને ઊઠ્યા ને જ્યાં પાકશાળા હતી ત્યાં આવીને જેટલાં કુલ્લાં ખાલી હતાં તેને સોટી અડાડીને કહે જે, "આ કુલ્લામાં ઘી છે, આ ભરેલું છે, આ ભરેલું છે." એમ કહીને સર્વે કુલ્લાંને સોટી મારી વળ્યા. એટલામાં સર્વે કુલ્લાં ઘીથી ભરાઈ ગયાં.

એ પરચો જોઈને સર્વે બ્રાહ્મણ બોલ્યા જે, "સ્વામિનારાયણ તો ધૂળની ખાંડ કરે છે ને ધૂળનો લોટ કરે છે ને પાણીનું ઘી કરે છે. માટે

કોઈ ખૂટવાની આશા રાખશો નહિ." કુલ્લાં ઘીએ ભરાઈ ગયાં એ પરચાને જોઈને તથા મહારાજના પ્રતાપ જોઈને કેટલાક બ્રાહ્મણ તથા **ઘોડાસર**ના રહેવાસી બ્રાહ્મણ તે આદિક બાઈ-ભાઈ સર્વે એમ કહતાં હતાં જે, "આ સ્વામિનારાયણ પ્રત્યક્ષ પુરુષોત્તમનારાયણ છે." એવો નિશ્ચય કરીને સત્સંગી થઈ સ્વામિનારાયણનું ભજન કરતાં હતાં.

એવી રીતે જેતલપુરમાં **અઢાર દિવસ** યજ્ઞરૂપી મોટો ઉત્સવ કરી હરિજનને આનંદ પમાડીને ત્યાંથી ચાલ્યા, તે ગામ **અડાલજ** આવ્યા. ને ત્યાં અડાલજની વાવમાં પોતે નાહ્યા ને તે વાવ કરાવનારે એવું લખેલું જે, "આ વાવ માન-મોટપ સારુ નથી કરાવી. આ વાવમાં કોઈ મોટા પુરુષ ના'શે તથા પાણી પીશે તો મારા જીવનો મોક્ષ થાય; એટલા સારુ કરાવી છે." એવું લખેલું. તેને વાંચી સર્વે સંત-પાર્ષદ નાહ્યા. ત્યારે મહારાજ એમ બોલ્યા જે, "આ વાવના કરાવનારા ધર્મપુરમાં કુશળકુંવરબાઈ છે." એમ કહીને ત્યાંથી ચાલ્યા, તે **વડનગર** તથા **વિસનગર** થઈને **કારિયાણી** આવીને રહેતા હતા. ॥૩૯॥

૪૦. જેતલપુરમાં લોલંગરબાવને મળ્યા તે વાત

અને વળી અમદાવાદમાં તે દિવસે પેશ્વા સરકારનું રાજ્ય હતું. ને તે શહેરનો અધિકારી શક્તિનો ઉપાસક હતો. તેણે નરભેરામને તથા નથુરામને બોલાવીને પૂછ્યું જે, "તમે જેતલપુરમાં સ્વામિનારાયણની સભાને વિશે એમ કહ્યું જે, 'બ્રાહ્મણ થઈને શક્તિની દારૂ-માંસે કરીને પૂજા કરે છે, તે તો મલેછ કહેવાય.' એમ તમે જે કહ્યું તે શાસ્ત્રમાં જ એ વાત છે કે સ્વામિનારાયણે તમને લાંચ ભરી ? કે સ્વામિનારાયણની મહોબતે કરીને કહ્યું ?" તે વાતને સાંભળીને નરભેરામ તથા નથુરામ બોલ્યા જે, "અમે સ્વામિનારાયણની મહોબતમાં લેવાયા, પછી સ્વામિનારાયણ આંઈ આવે તો વાત છે ! એવો ઠરાવ કર્યો." અને તે સમે શ્રીજીમહારાજ કારિયાણીમાં રહ્યા થકા **રુદ્રી**[1] કરાવીને બ્રાહ્મણને

૧.શિવની સ્તુતિના અગિયાર પાઠ

જમાડતા હતા. ને સભામાં એમ બોલ્યા જે, “આપણે જેતલપુરમાં યજ્ઞ કરીએ.” એમ કહીને ગોવિંદસ્વામીને મોર્યથી યજ્ઞનો સામાન કરવા સારુ જેતલપુર મોકલ્યા. અને ગોવિંદસ્વામી જેતલપુર ગયા ને યજ્ઞનો સામાન તૈયાર થયો, ત્યારે મહારાજને ખબર મોકલી.

તેને સાંભળીને મહારાજ સંતમંડળે સહિત ચાલ્યા, તે ગામ **ભેંસજાળ** આવીને રાત રહ્યા. ને ત્યાંથી મહારાજ સવારે ચાલ્યા, તે **કંથારિયે** થઈને ફરતાં ફરતાં નળકંઠામાં થઈને **જેતલપુર** આવ્યા. અને મહારાજ જેતલપુર યજ્ઞ કરવા સારુ આવ્યા છે, એમ જાણીને અમદાવાદના બ્રાહ્મણોએ અધિકારીને એમ કહ્યું જે, “પે’લા યજ્ઞમાં તમારો બાપ મરી ગયા હતા ને આ ફેરે તમારો વારો છે. માટે જો તમે અહીં સ્વામિનારાયણને બોલાવો તો આપણે પેલો વિચાર કરેલો છે તે પ્રશ્ન પૂછી જોઈએ.” એમ બ્રાહ્મણોએ કહ્યું. તેને સાંભળીને અધિકારીએ યજ્ઞ બંધ રખાવવા સારુ ને મહારાજને તેડવા સારુ મનુષ્ય મોકલ્યું. તે માણસે આવીને જેતલપુર ખબર કરી.

તે વાતને સાંભળીને મહારાજ કહે જે, “આપણને યજ્ઞ અહીં નહિ કરવા દે.” એમ કહી યજ્ઞ બંધ રખાવીને સામાન ડભાણ મોકલાવી દેતા હતા. તે સમે **લોલંગર બાવા**ની જમાત અમદાવાદ આવી હતી. તેને પેશ્વાના દીવાને સ્વામિનારાયણને ઝાલવા સારુ જેતલપુર મોકલી. તે રસ્તામાં આવતાં ગામ **કરજીસણ**ના બ્રાહ્મણ **નાનાભાઈ** તે લોલંગર બાવા ભેગા થઈને કહે જે, “તમારે દ્વારકાની જાત્રા કરવા સારુ જાવું છે, ને તે દેશમાં રહેનારા જે કાઠી તે સર્વે સ્વામિનારાયણના શિષ્ય છે; તે તમને સુખેથી જવા નહિ દે. માટે શા વાસ્તે સ્વામિનારાયણ સાથે વેર કરો છો ? મને તો એમ જણાય છે જે, સ્વામિનારાયણ સાથે મેળાપ રાખો તો ઠીક.”

એ વાત સાંભળીને લોલંગર બાવો જમાતને રોકીને નાનાભાઈ પ્રત્યે એમ બોલ્યા જે, “સ્વામિનારાયણ સાથે મેળાપ કરાવો તો ઘણું

સારું." એ વાતને સાંભળીને નાનાભાઈ મહારાજની પાસે આવીને કહેતા હતા જે, "લોલંગર બાવો આપણી સાથે મેળાપ કરવાનું કહે છે." તે વાતને સાંભળીને મહારાજે નાનાભાઈને કહ્યું જે, "જાઓ, જમાતને જમવા સારુ બોલાવી લાવો. આપણે આંઈ કોટમાં જમાડશું." ત્યારે નાનાભાઈએ ત્યાંથી જઈને લોલંગરને કહ્યું જે, "જમાતને જમવા સારુ મહારાજ તેડે છે, તે જમવા સારુ મોકલો." તે વાત સાંભળીને લોલંગરે જમાતને જમવા સારુ મોકલી. અને મહારાજે બહુ હેતે કરીને જમાતને જમાડી ને પાછી મોકલી.

ત્યારે તેમણે લોલંગરને વાત કરી જે, "અમને બહુ હેતે કરીને સ્વામિનારાયણે જમાડ્યા." એ વાતને સાંભળીને લોલંગર બાવો બહુ રાજી થયા ને નાનાભાઈને કહે જે, "નાનાભાઈ, તમે બહુ સારું કર્યું ને હવે સ્વામિનારાયણને જઈને એમ કહો જે, 'અમે પટો ખેલતાં ખેલતાં[1] આવીએ, ને સ્વામિનારાયણ અમારી રમત જોઈને રાજી થાય.' એમ તમે જઈને સ્વામિનારાયણને કહો જે, લોલંગર આવું કહે છે. એવી રજા તમો લાવો તો અમે રમત કરીએ." એ વાતને સાંભળીને નાનાભાઈએ મહારાજને આવીને કહ્યું.

ત્યારે મહારાજે હા પાડી, ને કહ્યું જે, "અમે મહોલ ઉપર બેસીશું ને તમારી રમત જોઈશું, એમ એમને કહો." ત્યારે નાનાભાઈએ લોલંગર બાવાને જઈને કહ્યું. પછી તે બધા જમાતવાળા પચરંગી નિશાન[2] ચઢાવીને પટો ખેલતાં ખેલતાં તળાવને સામે કાંઠે આવીને, નિશાન રોપીને[3] બહુવાર પટો ખેલ્યા. તેને જોઈને મહારાજ રાજી થઈને સુરા ખાચર તથા દાદા ખાચર એ આદિક હરિજનને કહે જે, "જાઓ, એમના નિશાનની આ પાંચ રૂપિયા, નાળિયેર-પુષ્પે કરીને પૂજા કરો." ત્યારે તેમણે નિશાનની પૂજા કરી.

તે જોઈને લોલંગર કહે જે, "અમારે પણ સ્વામિનારાયણની

૧.પોતાના રક્ષણ માટે શરીરની આસપાસ લાકડી કે તલવાર ફેરવતા ૨.ધજા ૩.ખોડીને

પૂજા કરવા સારુ આવવું છે.” એમ કહીને પૂજાનો સામાન લઈને શ્રીજી મહારાજની પૂજા કરવા સારુ મહોલ ઉપર આવીને મહારાજની પૂજા કરી; તથા પંચમુખી મહાદેવ પધરાવેલા હતા તેમની પૂજા કરી. ને મહારાજની પાસે ઘણીવાર બેસી દર્શન કરી વાતોચીતો સાંભળીને ચમત્કાર-ઐશ્વર્ય જોઈને ‘આ તો ભગવાન છે’ એમ જાણીને દર્શન કરીને પછી દ્વારકાની જાત્રા કરવા સારુ ગયા.

અને મહારાજ મહોલ ઉપર બેઠા છે. તે સમે તળાવથી આથમણી બાજુ વાડી છે તેમાં સાધુની સભા બેઠી હતી. તે સમે બ્રહ્મા, વિષ્ણુ, શિવ એ ત્રણ દેવ આથમણી દિશાએથી પોતપોતાના વિમાનમાં બેસીને સાધુને દર્શને આવ્યા. તે સમે તેજ તેજ થઈ ગયું અને તે બ્રહ્મા, વિષ્ણુ ને શિવ તે સાધુનાં દર્શન કરીને પોતપોતાનાં વિમાનમાં બેસીને પોતાના સ્થાનકે જતા હતા. અને તે સમે તેજ બહુ થઈ ગયું, તેથી કોઈને ઓળખાણ પડી નહિ. તેથી મહારાજને પૂછ્યું જે, “એ ત્રણ કોણ હતા ?” ત્યારે મહારાજે કહ્યું જે, “બ્રહ્મા, વિષ્ણુ ને શિવ તમારે દર્શને આવ્યા હતા.” એવી રીતે અનેક ચમત્કાર જેતલપુરમાં રહ્યા થકાં જણાવતા હતા. ॥૪૦॥

૪૧. મહારાજને પેશ્વાએ અમદાવાદ ભદ્રમાં તેડ્યા.

એવી રીતે મહારાજ જેતલપુરમાં રહ્યા છે. તે સમે અમદાવાદથી ફરીને મહારાજને તેડવા સારુ અધિકારીએ મનુષ્ય મોકલ્યો. તેણે આવીને કહ્યું જે, “તમને સૂબા[1] સાહેબ તેડાવે છે.” ત્યારે મહારાજે કહ્યું જે, “અમે આવીશું. તમે જઈને ખબર કહો.” એમ કહીને પોતે સંતમંડળ તથા પાર્ષદ તથા કાઠીના સ્વારે સહિત અમદાવાદ પધાર્યા.

અને તે કચેરીવાળાએ જાણ્યું જે, ‘સ્વામિનારાયણ આવે છે.’ એમ જાણીને ભદ્રમાં એક તેલનું ટાંકું હતું, તેના ઉપર શરિયાં મૂકીને

૧.જિલ્લાના વડા અધિકારી, ડી.ડી.ઓ.

તે ઉપર ગાદી-તકિયો મૂકીને આસન કરતા હતા. ને માંહી ટાંકામાં હથિયાર મૂકીને કહે જે, "આના ઉપર સ્વામિનારાયણને બેસાડવા છે તે મહીં પડશે ને મરી જાશે." એવું કપટ કરીને સૂબાને કહે જે, "એ તમને મોહની-મંત્ર નાખશે, તેથી તમે સંતાઈને બેસો." ત્યારે તે કાળો કામળો ઓઢી છેટો જઈને બેઠો. અને બધા બ્રાહ્મણ કચેરીમાં બેઠા. પછી મહારાજ અમદાવાદમાં બજારે બજારે ધીરે ધીરે ચાલતાં ચાલતાં ભદ્ર આગળ આવ્યા. ને કાઠી તથા સર્વે સંતમંડળને ઊભા રાખી, ડાંગરવાના **ડુંગરજી, દેવાનંદસ્વામી** ને **મહારાજ** – એ ત્રણ કચેરીમાં આવીને ઊભા રહ્યા. ત્યારે તે બધા કહે જે, "આસન ઉપર બેસો." ત્યારે મહારાજ કહે જે, "અમને શું કરવા તેડાવ્યા છે ?" એમ કહીને આસનને ઠોકર મારી, તે ગાદી-તકિયો ટાંકામાં પડી ગયો. ને મહારાજ વીર આસને બેસીને કહે જે, "શા સારુ તેડાવ્યા છે ?"

ત્યારે તે કહે જે, "તમને યજ્ઞ કરવાનો અધિકાર નથી." એમ તેમણે કહ્યું. તે સાંભળીને મહારાજ કહે જે, **"અયોધ્યાની પાસે ત્રવાડીના છપૈયા તે અમારું ગામ છે. અને અમે સરવરિયા બ્રાહ્મણ છીએ. અને અમે બ્રાહ્મણ ના હોઈએ તો દસ યજ્ઞ અમે કરીએ, નહિ તો દસ યજ્ઞ તમે કરો."** એવા મહારાજના વચન સાંભળીને તે બ્રાહ્મણ આડું બોલ્યા.

ત્યારે મહારાજ કહે જે, "કોઈક ભગવાન છે, તે નહિ ખમી શકે." એમ કહીને જમણો હાથ પૃથ્વી ઉપર પછાડ્યો. તેણે કરીને પૃથ્વી કંપી તે કેટલાક ટાંકા તૂટ્યા. અને કચેરી વચ્ચે એક ગોખ તૂટી પડ્યો. તે સમે દેવાનંદસ્વામી હાથમાં પાણી લઈને અમદાવાદ ઊંધું નાખવા સારુ તૈયાર થઈ ગયા. તે જોઈ મહારાજે મોઢે હાથ દઈ દીધો ને ના પાડી. ત્યારે શૂરા ડુંગરજી તરવારનું મીણિયું કાઢી નાખીને મારવા સારુ તૈયાર થઈ ગયા. તેને પણ મહારાજે હાકલ કરીને તરવાર મ્યાન કરાવી. ને તે સમે પૃથ્વી કંપી ઊઠી. એવો મહારાજનો ચમત્કાર જોઈને એ સૂબો તથા કચેરીમાં બેઠેલા સર્વે માણસ ત્રાસને પામતા હવા.

પછી સૂબો મહારાજને કહે જે, "હે સ્વામિનારાયણ ! તમને કેણે તેડાવ્યા છે તે આવ્યા છો ?" એમ કહીને મહારાજને કહે જે, "અમારું રાજ હોય ત્યાં સુધી તમારે આવવું નહીં." ત્યારે મહારાજ કહે જે, **"તમારું રાજ ના હોય ત્યારે આવીએ ?"** એમ ત્રણવાર કહીને ચાલી નીસર્યા. અને બહાર આવીને ઘોડે સવાર થઈને શહેરથી બાહેર નીકળી મુક્તાનંદસ્વામીને કહ્યું જે, "આજ અમારે ભગવાનપણું વાપરવું પડ્યું ! તે અમને તેલના ટાંકામાં હથિયાર મૂક્યા હતા તે ઉપર બેસારતા હતા, પણ અમે બેઠા નહીં."

તેને સાંભળીને મુક્તાનંદસ્વામીની આંખ્યોમાં આંસુ આવ્યાં. તેને જોઈને મહારાજ બોલ્યા જે, "સ્વામી, તમારી ને મારી રક્ષા કરનારો આવે છે." તે વાતને સાંભળીને બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "કૃષ્ણાવતારમાં કહ્યું હતું જે, **'अन्योऽपि धर्मरक्षायां'** એ શ્લોકમાં એમ કહ્યું જે, 'ધર્મની રક્ષા કરવા પ્રગટ થાશું.' તે દા'ડાના આજ પાંચ હજાર વર્ષે પ્રગટ થયા. તે અમારાં હાડકાં રઝળશે ત્યારે રક્ષા કરનારો આવશે ?" ત્યારે મહારાજ કહે જે, "સ્વામી, આ આવ્યો, તમે ને અમે દેખશું." ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે જે, "હનુમાનજીનું પૂંછડું વધ્યું તેમ તમારું મોટાનું મોટું." ત્યારે મહારાજે ત્રણવાર ચપટી વગાડી ને કહે જે, "આ આવ્યો, આ આવ્યો." એમ કહીને **ખોખરા-મે'મદાવાદ** પધારતા હવા. ॥૪૧॥

૪૨. ખોખરા મે'અમદાવાદમાં લડાઈ થઈ તે વાત

અને મહારાજ **ખોખરા-મહેમદાવાદ** પધાર્યા. તે સમે **કાંકરિયા** તળાવ ઉપર ચાર જમાતો આવીને ઊતરી. તેને સૂબે ઉશ્કેર્યા જે, 'સ્વામિનારાયણને પકડી લ્યો.' એ વાતને સાંભળીને કેડે સાધુ આવતા હતા તેમને ઝાલીને લઈ ગયા. ને પોતાને ઉતારે જઈને મારવા લાગ્યા, ને ધર્મરાજાના ઘરના જેમ બોલે તેમ બોલવા માંડ્યા. તેમાં કોઈ કહે જે, 'નાક કાપો, કોઈ કહે જે માથું કાપો, કોઈ કહે જે કાન કાપો,ને

કોઈ કહે, હાથ-પગ કાપો.' એવી રીતે સર્વે બોલતા હતા. પછી તેમાંથી એક જણો એમ બોલ્યો જે, "આ તો ગઉભેખ[1] છે, માટે એમને છોડી દ્યો." એમ કહીને છોડી મેલ્યા.

પછી સાધુ મહારાજની પાસે આવી, ખોખરામાં ખબર કહી. તે સાંભળીને મહારાજ મહા કોપાયમાન થયા. અને ચારસેં સાધુને સુરત જવાની આજ્ઞા કરી. અને પોતાના પાર્ષદની આગળ વાત કરવા લાગ્યા જે, "આપણું ના ચાલ્યું ત્યારે સાધુને સુરત મોકલ્યા." એ વાતને સાંભળીને પાર્ષદ બોલ્યા જે, "હે મહારાજ ! જગતમાં ગામ સારુ, ગરાસ સારુ ને બાયડી-છોકરાં સારુ માથાં કપાવે છે; અને જે અવસરને દેવતા માગે તે અવસર અમારે આવ્યો છે. માટે 'પડ્યે કામ પૂંઠ ફેરવે ધીક ધીક તેની જનેતા ભારે મૂઈ.' જો તમારી રજા હોય તો અત્યારે ત્યાં જઈને એકેએકનાં માથાં કાપી નાખીએ".

તે વાતને સાંભળીને મહારાજ કહે, 'સવારે વાત.' એમ કહીને રાત્રે સૂઈ ગયા ને સવારે ઊઠીને તૈયારી કરી, સર્વે ચાલ્યા. તે કાંકરિયે તળાવ જઈને નાહ્યા ને હજારો ભડાકા કર્યા તોપણ કોઈ સામું આવ્યું નહીં. ત્યારે પાછા વળી દાદા ખાચર વિગેરે ખોખરા મહેમદાવાદ આવ્યા. અને મહારાજ વૈદના મેડા ઉપર જમવા સારુ બેઠા. તે સમે ત્યાં વૈરાગીને ખબર થઈ જે, 'જીવનમુક્તા નાહીને ગયા.' એ વાતને સાંભળીને સર્વે જમાતો લડાઈ કરવા સારુ ખોખરા-મહેમદાવાદ આવ્યા. ત્યારે લોકોએ વારવા માંડ્યા પણ લોકોનું ધાર્યું ન કર્યું ને મહારાજની સામા ચાર મહંત આવ્યા. ત્યાં પાર્ષદ હથિયાર બાંધીને તૈયાર હતા.

તે સમે મહારાજે પાર્ષદને રજા આપી જે, 'તમારાથી થાય તે કરો.' ત્યારે તે પાર્ષદ મહા કોપાયમાન થયા ને ચારે મહંતને માર્યા ને આગળ જે આવ્યા તેમને મારતાં મારતાં કાંકરિયા તળાવ સુધી ગયા. અને તે સમે મહારાજે એવો પ્રતાપ દેખાડ્યો જે, 'સત્તાવીસ સત્તાવીસ

૧.ગાય જેવા ગરીબ-ક્ષમાવાળા સાધુ

વેંત ઊંચા હજારો મનુષ્ય મારતાં મારતાં આવે છે' એવું દેખાડ્યું. પછી તે પાર્ષદ કાંકરિયા તળાવમાં નાહી, લૂગડાં તથા હથિયાર ધોઈને મહારાજની પાસે આવતા હતા.

અને તે વૈરાગીમાં કોઈનું માથું કપાઈ ગયું, કોઈનો હાથ કપાઈ ગયો, કોઈનો પગ કપાઈ ગયો, કોઈનો કાન કપાઈ ગયો –એવી રીતે કચ્ચરઘાણ ઉડાડીને પાર્ષદ આવતા હતા. ને તે વૈરાગી રાનોરાન ને પાનોપાન થઈ જાતા હતા. અને મહારાજ પાર્ષદે સહ વ્રતમાન ત્યાંથી ચાલ્યા તે **જેતલપુર** આવતા હતા. ॥૪૨॥

૪૩. ગામ વે'લાલમાં એક ફેરે સર્વે હરિજનના થાળ જમ્યા.

અને ત્યાંથી ગામ **વહેલાલ** આવીને **જેસંગભાઈ**ને ત્યાં રાત રહ્યા. ને મહારાજ કહે, "સવારે અમારે ચાલવા છે." તે સમે જેસંગભાઈ મહારાજને કહે જે, "હે મહારાજ ! સર્વેના થાળ જમીને ચાલજો." ત્યારે મહારાજે કહ્યું જે, "સર્વેને ખબર આપજો, એક એક લાડુ સર્વેનો જમશું." ત્યારે જેસંગભાઈએ સર્વેને ઘેર જઈને કહ્યું જે, "મહારાજે એક એક લાડુ જમવાની હા પાડી છે. તે બશેર બશેરનો લાડુ કરજો." એમ ઘેર ઘેર જઈને કહી આવ્યા. ને રાત્રે સૂઈ રહ્યા ને સવારે ઊઠીને નાહી-ધોઈ મહારાજ બેઠા.

તે સમે સર્વે હરિજનોએ થાળ લાવીને મહારાજના આગળ મેલ્યા. તે જોઈને મહારાજ કહે જે, "હે જેસંગભાઈ ! આ તમારા લાડુ તો બહુ મોટા !" એમ મહારાજે કહ્યું. તે સાંભળીને જેસંગભાઈ કહે જે, "હે મહારાજ ! અમે જાડા, અમારી બુદ્ધિઓ જાડી ને અમારા લાડુ પણ જાડા." એમ કહીને મહારાજને રાજી કર્યા. પછી મહારાજ સર્વેના થાળ જમી સંત તથા પાર્ષદને જમાડીને ત્યાંથી ચાલ્યા, તે ફરતાં ફરતાં ગઢડે પધારતા હતા. ॥૪૩॥

૪૪. જામનગરમાં અઢીસેં સંતને મોકલ્યા ને રાજાએ જમાડ્યા.

વળી એક સમયને વિશે **અઢીસેં** ૨૫૦ સાધુને **જામનગર** મોકલ્યા. તે સંત ત્યાં જઈ શહેરથી ઉતરાદી બાજુએ **લખોટા તળાવ** છે, ત્યાં તળાવ ઉપર ઊતરતા હતા. ને જ્યારે ગામમાં ભિક્ષા માગવા જાય ત્યારે કોઈ જારનો લોટ નાખે, કોઈ રોટલા નાખે, કોઈ ખીચડી નાખે, એવી રીતે ભિક્ષા કરીને ઉતારા ઉપર આવે. ને સર્વે સંત મળીને નદી ઉપર જાય ને ભિક્ષાનું અન્ન શુદ્ધ કરીને ગોળા કરીને વહેંચી સર્વેને ભાગ મળતું આપે. તે કોઈક દિવસ નવટાંક મળે, કોઈક દિવસ પાશેર મળે; તેને જમીને ઉતારા ઉપર આવીને 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' ભજન કરતા. તે સમે ગામમાંથી વણિક જન ભેગા થઈ ત્યાં આવ્યા.

ત્યાં આવીને **સ્વરૂપાનંદસ્વામી**ને પ્રશ્ન પૂછ્યો જે, "તમારામાં કોઈ કૃષ્ણ જેસા હે ?" ત્યારે એ પ્રશ્નને સાંભળીને **સ્વરૂપાનંદસ્વામી બોલ્યા જે, "દેખ તેરા બાપ સબ કૃષ્ણ જેસા હે." એવું જ્યાં સ્વામીએ કહ્યું તે સમે અઢીસેં ૨૫૦ સંત કૃષ્ણરૂપે તેને દેખાતા હતા. એવો ચમત્કાર તો જેના સંતના વચનમાં હતો. ત્યારે એમના નિયંતા એવા**

જે સહજાનંદસ્વામી તેમને વિશે તો અનંત પ્રકારનાં આશ્ચર્ય હોય તેમાં શું કહેવું ? એ તો હોય જ.

અને એ સંતમંડળે મહારાજના ઉપર કાગળ લખ્યો જે, 'અહીં તો નવટાંક નવટાંક અન્ન કોઈ દહાડે મળે છે, ને કોઈ દહાડે નથી મળતું.' એવો કાગળ મહારાજના ઉપર લખ્યો. તેને વાંચીને (મહારાજે) ઉત્તર લખ્યો જે, 'એક કુગ્રામ ગામ હતું. તેમાં એક સદ્‌ગુરુ આવીને ત્યાં રહેતા. તેમને એક વાણિયો દરરોજ એક શેર ચોખા આપે, તેને જમે ને ત્યાં રહે. તે સમે એક મુમુક્ષુ ખોળતો ખોળતો ત્યાં આવ્યો. ને એને કાળની મૂર્તિ દેખાતી તે ત્યાં આવ્યો ત્યારે દૂર થઈ. ત્યારે તેને જોઈને એમ વિચાર કર્યો જે, 'આ ગામમાં કોઈ સદ્‌ગુરુ છે.' એમ જાણીને ગામમાં ખોળતો ખોળતો સદ્‌ગુરુ પાસે આવ્યો. ને કહે જે, "મારે આંઈ તમારી પાસે રહેવું છે."

ત્યારે તેમણે કહ્યું જે, "અહીં ખાવાનું મળતું નથી." ત્યારે તે કહે જે, "તમે શું જમો છો ?" ત્યારે તે કહે કે, "અમને એક વણિક શેર ચોખા આપે છે, તે જમું છું." ત્યારે તે મુમુક્ષુ કહે જે, "હાંડલીનું ધોવરામણ પીને રહીશ, પણ તમને મેલીને નહીં જાઉં." તે હાંડલીમાં ચોખા રાંધે, તે હાંડલીનું ધોવરામણ પીને રહ્યો. ને બીજો ચોખાનું ધોવરામણ પીને રહ્યો; ને ત્રીજો એ સદ્‌ગુરુ જમે તેમના પાત્રનું ધોવરામણ પીને રહ્યો; એવી રીતે ત્રણે જણ રહ્યા. ને તમને તો નવટાંક પાશેર અન્ન મળે છે.' એવો કાગળનો ઉત્તર લખીને સંત ઉપર મોકલ્યો. પછી સર્વે સંત ભેગા થઈને કાગળ વાંચીને મહા હરખ પામતા હતા.

અને તે સંતમંડળમાં તૈલંગ દેશના **ગોપાળાનંદસ્વામી** એ આદિક પાંચ સાધુ નાના હતા. તેમણે સ્વરૂપાનંદસ્વામીને એમ કહ્યું જે, "આ નદીમાં મૂળા ધોયેલાં પાકાં પાંદડાં પડ્યાં છે, તેને તમે કહો તો ગોળામાં નાખીએ." ત્યારે સ્વામી કહે, "તમને આજ્ઞા કરી જે, તમે જમો." ત્યારે અદ્‌ભુતાનંદસ્વામી કહે, "તમારે કલ્યાણનો ખપ છે ને અમારે

નથી ?" એમ કહીને કહે જે, "તમે કહો તો આ તળાવની ખરવડ[1] ચાટીએ." ત્યારે સ્વરૂપાનંદસ્વામીએ કહ્યું જે, "જાઓ ચાટો." ત્યારે અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, "અમે ચાર દિવસ ખરવડ ચાટીને પાંચમે દિવસ મધ્યાહ્ને ગોળા જમી, નદીને કાંઠે હાથ ધોઈને બેઠા હતા." ત્યાં ઘણીવાર પ્રશ્ન-ઉત્તર કરતાં કરતાં ત્રીજો પો'ર થયો.

તે સમે જામ સાહેબ ઘોડવેલમાં બેસી હનુમાનજીનાં દર્શન કરીને આવતાં, સાધુ દેખીને કહે જે, "આ કેના સાધુ છે ?" ત્યારે જાસૂસે કહ્યું જે, "સ્વામિનારાયણના સાધુ છે." ત્યારે રાજા કહે જે, "આટલા સાધુ ક્યાં જમે છે ?" ત્યારે જાસૂસ કહે જે, "ભિક્ષા કરે છે." ત્યારે રાજાએ કહ્યું જે, "આટલાનું ભિક્ષામાં પૂરું કેમ થાય ?" એમ કહીને કહે જે, "સવારે આપણી રસોઈ છે, એમ કહો." ત્યારે તે જાસૂસે આવીને સ્વરૂપાનંદસ્વામીને કહ્યું, "સવારે રાજાની રસોઈ છે." એ વાતને સાંભળીને સ્વરૂપાનંદસ્વામી કહે, "મહારાજની આજ્ઞા નથી."

ત્યારે જાસૂસ કહે જે, "રાજાની રસોઈ લેવી પડશે." ત્યારે સ્વામી કહે જે, "તમારું ગામ પડી રહ્યું, બીજે ગામ જઈશું !" તેવું સાંભળીને જાસૂસે આવીને રાજાને કહ્યું જે, "એ તો આવું કહે છે." તે વાતને સાંભળીને રાજા કહે જે, "એમને કુરાજી ન કરવા." એમ જઈને કહો જે, "અમે તમારી કાંઈ વાત જાણતા નથી, પણ અમારું અન્ન તમારે મોઢે આવે તેવો ઉપાય અમને બતાવો." એમ કહીને જાસૂસને ફરીથી સ્વરૂપાનંદસ્વામી પાસે મોકલ્યો. અને તે જાસૂસે જેવું રાજાએ કહેવરાવ્યું તેવું જ સ્વરૂપાનંદસ્વામીને કહ્યું.

ત્યારે સ્વામી કહે જે, "ગામમાં સાધુ ઝોળી માગવા સારુ આવે ત્યારે જે ઝોળીમાં અન્ન નાખશો, તે સંત જમશે." એ વાતને સાંભળીને જાસૂસે રાજા પાસે આવીને ખબર કરી. તેને સાંભળીને રાજાએ નવી બાજરી દળાવીને લોટ મોદીખાને તૈયાર રખાવ્યો. ને ગોળની ભેલીઓ

૧.તળાવ સુકાતાં થતી કાંપની પોપડી

ને થેના[1] ઘી તૈયાર રખાવીને દરવાજે દરવાજે મનુષ્ય ઊભા રાખ્યા. ને કહે જે, "સાધુ ગામમાં ઝોળી માગવા સારુ આવે ત્યારે સાધુને મોદીખાને તેડી લાવીને લોટ તથા ઘી તથા ગોળની ભેલીઓ આપી, ગાંસડી બંધાવીને ઉતારે મોકલવા." એવી રીતે જે સાધુ ઝોળી માગવા જાય તેમને સર્વેને તે રીતે ગાંસડી બંધાવીને ઉતારે મોકલે.

તેને જોઈને સ્વરૂપાનંદસ્વામીએ સાધુને પૂછ્યું જે, "આ ક્યાંથી લાવ્યા ?" ત્યારે સાધુએ કહ્યું જે, "રાજાએ દરવાજે દરવાજે મનુષ્ય ઊભા રાખ્યા છે. તે મનુષ્ય મોદીખાને લઈ જઈને આપે છે. તે અમે લાવ્યા છીએ" ત્યારે સ્વરૂપાનંદસ્વામીએ કહ્યું જે, "મહાપુરુષો, કુલેર કરીને ઠાકોરજીને નૈવેદ ધરીને જમો." એવી રીતે છ દિવસ રાજાએ સાધુને જમાડ્યા.

પછી સ્વરૂપાનંદસ્વામી કહે જે, "ગામ ચેત્યું, હવે ઊઠો. ગુજરાતમાં મહારાજ જેતલપુરમાં યજ્ઞ કરવાના છે, તે સૌ જેતલપુર ચાલો." એમ કહીને સર્વે સંતમંડળ લઈને સ્વરૂપાનંદસ્વામી ત્યાંથી ચાલ્યા, તે ફરતાં ફરતાં કારિયાણી આવ્યા. અને રસ્તામાં આવતાં નિત્યાનંદસ્વામી બહુ ભૂખ્યા થયા. તે એક ખેતરમાં ગવારનાં પાનાં હતાં તે જમ્યા હતા, પછી કારિયાણી આવ્યા.

અને મહારાજ પણ ગઢડેથી ચાલ્યા, તે બોટાદ તથા સારંગપુર થઈને કારિયાણી આવીને સર્વે સંતને મળ્યા ને પછી ત્યાં મહારાજ રહ્યા. અને તે દિવસે રસોઈ કરીને સર્વે સંતને જમાડીને સભા કરીને બેસતા હતા. અને સર્વે સંતને સુખ-દુઃખની વાર્તાને પૂછતા હતા. ॥૪૪॥

૪૫. જેરામને સાધુ કર્યા ને જિજ્ઞાસાનંદ નામ પાડ્યું.

અને તે સમયને વિશે મહારાજ વનમાંથી ફરતાં ફરતાં આવતાં ઝાડીમાં એક ગામ આવ્યું હતું. તેમાં એક **જેરામ** ને તેની મા **સમામજસી** નામે કરીને ત્યાં રહેતાં. તે જેરામ ઘર મૂકીને મહારાજની પછવાડે

૧. થીનું - જામી ગયેલું

ચાલી નીકળ્યા. તે દ્વારકા થઈને મહારાજને ખોળતાં ખોળતાં કારિયાણી આવ્યા. પણ મહારાજને સભામાં બેઠેલા જોઈને યથાર્થ રીતે ઓળખ્યા નહિ, તેથી છેટે ઊભા રહ્યા. તેને જોઈને મહારાજ કહે જે, "અલ્યા જેરામ !" એટલો શબ્દ કર્યો તે સાંભળીને જેરામે દોટ મેલી. તે કોઈના પગ ઉપર ને કોઈના હાથ ઉપર પગ મેલતો સતો મહારાજનાં ચરણારવિંદને વિશે પડીને અતિશય રડતો હતો. તેને જોઈ સુરા ખાચર આદિક કાઠી બોલ્યા જે, "ગધીના વાઘરા, ભાગુન જા, ભાગુન જા ! અભડાવી માર્યા !" એવા શબ્દ સાંભળીને મહારાજ કહે જે, "બોલશો નહીં." ત્યારે કાઠીએ એમ જાણ્યું જે, 'કોઈ મુક્ત હશે !' એમ જાણતા હતા.

પછી બ્રહ્માનંદસ્વામીએ મહારાજને પૂછ્યું જે, 'આ કોણ છે ?' ત્યારે મહારાજ કહે જે, "એ તો અમારો ભાઈબંધ છે." ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે જે, 'તમને તો ઠીક, આવાને આવા ભાઈબંધ મળે છે ! કૃષ્ણાવતારમાં સુદામા મળ્યા હતા અને આ અવતારમાં આ મળ્યા.' એમ રમૂજ કરીને મહારાજને રાજી કર્યા.

પછી મહારાજ જેરામને કહે જે, "તમારી આંખ શાને ગઈ ?" ત્યારે જેરામ કહે જે, "ભવાની[૧] નીકળી તેથી મારી આંખ ગઈ." અને જેરામ કહે, "હે ઘનશ્યામ ! તુમકું ઢુંઢ ઢુંઢ મેરા પાવ દુઃખ ગયા. ત્યારે તમેરી ભેટ હુઈ." એમ પરસ્પર વાત કરી. ને મહારાજે જેરામને સાધુ કરીને **'જિજ્ઞાસાનંદસ્વામી'** નામ પાડ્યું. ॥૪૫॥

૪૬.મથુરાના શેઠ લક્ષ્મીદાસની વાત

અને એક દિવસે **મથુરાના** રહેવાસી શાહુકાર **લક્ષ્મીદાસ** નામે હતા. તે લક્ષ્મીદાસે વૃંદાવનમાં ઠાકોરજીના મંદિરમાં સોનાનો સ્થંભ કરાવ્યો છે. તેમના બે મુનિમ તેમણે સ્વામિનારાયણનાં પ્રતાપ-ઐશ્વર્યની વાત સાંભળી, તેથી પોતાને વૈરાગ ઉદય થયો. ને મનમાં એમ નિશ્ચય થયો જે, 'જરૂર એ સ્વામિનારાયણ ભગવાન છે.' એમ જાણીને ત્યાંથી

૧. શીતળા

ચાલવા સારુ તૈયાર થયા. તે જોઈને લક્ષ્મીદાસ કહે જે, “તમે ક્યાંય જાશો નહીં, ને અહીં રહો. અમે તમને બે-ત્રણ ઘણો પગાર આપીશું, ને તમે રહો.” એમ કહ્યું.

તે સાંભળીને તે બેય મુનિમ કહે જે, “અમને તમારી બધી મિલકત આપી દ્યો તોપણ અમે નહિ રહીએ.” એ વાત સાંભળીને લક્ષ્મીદાસ બોલ્યા જે, “મારે શરીરે એવો રોગ છે જે, એક શેર જાડા ચોખા મીઠા વિનાના પચે છે, તે તમે જાણો છો. તે સારુ તમે મારી એક ત્રણસેં ૩૦૦ રૂપિયાની અત્તરની શીશી લઈ જાવ; ને તે અત્તરની શીશી સ્વામિનારાયણને આપીને એમ કહેજો જે, મારું સારું થાય.” એવું કહીને પોતાના બેય મુનિમને રજા આપીને વિદાય કર્યા. તે ફરતાં ફરતાં એક દિવસે કારિયાણીમાં આવ્યા ને શ્રીજીમહારાજના હાથમાં અત્તરની શીશી આપીને કહ્યું જે, “અમારા શાહુકારે કહ્યું છે જે, મારું સારું થાય એમ કરજો.”

તે વાતને સાંભળીને મહારાજે શીશીમાંથી અત્તર કાઢીને પોતાની હથેળીમાં લઈને સર્વે સંતની નાસિકાએ ચરચ્યું. ને એ બે ભાઈને સાધુ કરીને **‘રામાનુજાનંદસ્વામી’** તથા **‘બાલમુકુંદાનંદસ્વામી’** એવાં નામ પાડ્યાં. અને જે સમે સાધુની નાસિકાએ અત્તર ચરચ્યું તે ઘડીએથી આરંભીને મથુરામાં રહેલા જે લક્ષ્મીદાસ શેઠ તેમને અઢારેય રસાળ પચતી હતી. એવો પ્રતાપ જોઈને લક્ષ્મીદાસે નિશ્ચય કર્યો જે, ‘સ્વામિનારાયણ ભગવાન છે.’ એમ જાણીને મહારાજ સારુ બે-ત્રણ વાર સારો ભારે ભારે પોશાક મોકલીને સ્વામિનારાયણનું ભજન કરતા હતા. ॥૪૬॥

૪૭. ગઢડેથી ડભાણ યજ્ઞ કરવા સારુ આવ્યા.

અને પછી શ્રીજીમહારાજ **કારિયાણી**થી સંતમંડળ લઈને ચાલ્યા. તે **પોલારપુર** તથા **ખરડ, ગાંફ, કમિયાળા** તથા **નાની બોરુ, સીંજીવાડા, મહેળાવ** થઈને **ડભાણ** પધાર્યા. ત્યાં સભા કરીને સર્વે સંત તથા કાઠી બેઠા. પછી યજ્ઞનો સામાન લાવવાનો આરંભ કરતા હતા. તે સામાન

લેવા સારુ ખંભાત સાઠ ગાડાં મોકલ્યાં. તે ગાડાવાળા શેઠના નામની ચિઠ્ઠી ભૂલી ગયા. તેથી ગાડાં શહેરથી બારા છોડી મૂકીને પરસ્પર પૂછી વળ્યા, પણ ચિઠ્ઠી ભૂલી ગયેલા તેથી વિચાર કરવા લાગ્યા.

તે સમે મહારાજ પોતે શેઠનો વેશ લઈ બે-ચાર વાણોતરને સાથે લઈને ત્યાં આવ્યા. અને ગાડાવાળાને કહે જે, “આ કેનાં ગાડાં છે ?” ત્યારે તેમણે કહ્યું જે, “સ્વામિનારાયણનાં ગાડાં છે.” ત્યારે શેઠ કહે જે, “અહીં કેમ છોડ્યાં છે ?” ત્યારે તે ગાડાવાળા કહે જે, “ચિઠ્ઠી લાવવાની ભૂલી ગયા, તેથી અહીં છોડ્યાં છે.”

ત્યારે શેઠ કહે જે, “અમારે ને સ્વામિનારાયણને ઘણો મેળાપ છે. તમે ગાડાં અમારી દુકાને હાંકો ને જે સામાન જોઈએ તે લઈ જાઓ.” એમ કહીને ગાડાં હંકાવીને પોતાની દુકાનેથી સામાન ભરાવીને વિદાય કર્યાં. ત્યારે તે ગાડાવાળાએ કહ્યું જે, “હિસાબનો આંકડો આપો.” ત્યારે શેઠે કહ્યું જે, “અમે ને સ્વામિનારાયણ સમજશું, તમારે કાંઈ પ્રયોજન નથી.” એમ કહીને ગાડાં હંકાવ્યાં ને પોતે કેડે રહ્યા. એવી રીતે ડભાણના હરિજનને પરચો પૂર્યો.

અને સુરતના હરિજનોએ બરફીની માટલી લાવીને મેલી હતી. તે માટલી લઈને મહારાજ અને બ્રહ્મચારી એ બે જણ સર્વે સંતમંડળને તથા કાઠી હરિજનોને પડ્યા મેલીને છાનામાના ત્યાંથી ચાલ્યા, તે ગામ **ઘોડાસર** આવ્યા. ને ઘોડાસરના ઠાકોર **જાલમ ખાંટ** હતા. ને તેમની મા રામચંદ્રની મૂર્તિ પૂજતાં હતાં. તે જેતલપુરના યજ્ઞમાં મહારાજનો પ્રતાપ જોઈને સત્સંગી થયેલાં. એવાં **અંબાબાઈ,** તેમણે ઠાકોરની માને વાતો કરીને મહારાજની મૂર્તિનું વર્ણન કરી બતાવ્યું હતું, તેવી જ મૂર્તિએ રાત્રે સપનામાં ઠાકોરની માને દર્શન દીધાં. ને રામચંદ્રની મૂર્તિએ પણ (દર્શન દઈને) એમ કહ્યું જે, **“કલ્યાણ જોઈએ તો સ્વામિનારાયણના આશ્રિત થાઓ.”**

એ બે વાત જોઈને સવારે ઠાકોરની માએ અંબાબાઈને કહ્યું જે,

"જેવી સ્વામિનારાયણની મૂર્તિ વર્ણન કરી હતી, તેવા મુને સ્વામિનારાયણે દર્શન દીધાં ને રામચંદ્રની મૂર્તિએ પણ એમ કહ્યું જે, 'સ્વામિનારાયણના આશ્રિત થાવ.' માટે અમને સ્વામિનારાયણના આશ્રિત કરો." ત્યારે તે બાઈએ સત્સંગ કરાવ્યો. પછી તે ઠાકોરની માએ જાલમ ખાંટને સત્સંગ કરાવીને કહ્યું જે, "આપણે સ્વામિનારાયણ ભગવાનને અહીં તેડાવવા." ત્યારે જાલમખાંટ કહે જે, "ઠીક મા, જ્યારે મહારાજ આ દેશમાં આવશે ત્યારે તેડાવશું." એવો એનો સંકલ્પ જાણી મહારાજ ત્યાં પધાર્યા. એવી રીતે એમને સત્સંગ થયો હતો.

અને જાલમખાંટ મહારાજને **'બાપો'** કહેતા, ને સાધુ આવે તેને બાપાના સાધુ કહેતા. એ જાલમ ખાંટનો તેડાવવાનો સંકલ્પ જાણીને મહારાજ પધાર્યા. અને બ્રહ્મચારીને કેડે રાખીને બરફીની માટલી લઈને દરબારમાં ગયા. અને જાલમ ખાંટના મોઢા આગળ મૂકીને કહે જે, "બાપે પ્રસાદ મોકલ્યો છે." ત્યારે જાલમ ખાંટ કહે જે, "બાપો કેવા છે ?" ત્યારે મહારાજ કહે જે, "હું જેવા, ને મારા જેટલા ઊંચા, ને મારા જેવો જ આકાર છે." ત્યારે જાલમ ખાંટ કહે જે, "બાપો અમને દર્શન દેશે ?" ત્યારે મહારાજ કહે, "બાપો દર્શન દે છે ને બાપો કેડે આવે છે." એમ કહીને પોતે ત્યાંથી ચાલ્યા તે ગામથી આથમણી પાસા બે ખેતરવા ગયા. અને બ્રહ્મચારી દરબારમાં આવ્યા તેમને જોઈને જાલમ ખાંટ કહે જે, "બાપો આવ્યા."

એ વાતને સાંભળીને બ્રહ્મચારી કહે જે, "બાપો તો તમને પ્રસાદ આપીને ગયા તે છે, ને હું તો બ્રહ્મચારી છું." એમ કહ્યું. તેને સાંભળીને જાલમ ખાંટ કહે જે, "હું તો કાંઈ સમજ્યો નહિ ને એમણે કહ્યું હતું જે, 'બાપો તો હું જેવા છે, ને હું જેવડા છે ને બાપો દર્શન દે છે.' એમ કહ્યું, પણ હું કંઈ સમજ્યો નહીં." એમ કહીને ઘોડી ઉપર સવાર થઈને મહારાજની પછવાડે જઈને મહારાજને ઝાલી પાડ્યા. પછી મહારાજને કહે જે, "હું તો કંઈ સમજ્યો નહિ ને તમે તો ચાલી નીકળ્યા." એમ

કહીને મહારાજને કહે જે, "આ ઘોડી ઉપર તમે બેસો." ત્યારે મહારાજ કહે જે, "અમને ઘોડીએ બેસતાં તો આવડતું નથી." ત્યારે દરબાર કહે જે, "હું ઘોડીને દોરું ને ઘોડી પાડે એવી તો નથી." તોપણ બેઠા નહીં.

પછી દરબારે ગામમાંથી સુખપાલ, વાજિંત્ર, નિશાન એ આદિક સામૈયાનો સામાન મંગાવ્યો. ને મહારાજને પાલખીમાં બેસાડ્યા. ને પાલખી દરબારે પોતે ઉપાડી. ત્યારે મહારાજ કહે જે, "તમે રહેવા દ્યો." ત્યારે દરબાર કહે જે, "ભોઈનો અવતાર આવ્યો હોત તો જેની તેની પાલખી ઉપાડવી પડત. અને આ તો બાપાની પાલખી ઉપાડવી, એ તો મોટે ભાગ્યે મળે, થોડે પુણ્યે મળે નહીં." એમ કહીને મહારાજને રાજી કર્યા અને ગામની ભાગોળ સુધી પાલખી ઉપાડી.

અને પછી મહારાજ કહે જે, "હવે તમે પાલખી રહેવા દ્યો ને ઘોડે સ્વાર થાઓ." ત્યારે જાલમ ખાંટ ઘોડે સ્વાર થયા. અને વાજતે ગાજતે શહેરમાં ફરતાં ફરતાં દરબારમાં પધાર્યા ને ત્યાં સારો ઉતારો કરાવ્યો. પછી બ્રહ્મચારીએ મહારાજ સારુ થાળ દૂધપાક, પૂરી, લાડુ, ભજિયાં, શાક, રાયતાં – એ આદિક સર્વે વસ્તુ થાળમાં પીરસીને મહારાજને બાજોઠે જમવા સારુ બેસાડ્યા. તે મહારાજ જમવા બેઠા ત્યારે જમણા પગને ઊભો રાખીને ડાબા પગની પલાંઠી વાળી, ને ઉગમણે મુખારવિંદે જમવા સારુ બેઠા. ને દરબારની માનો તથા દરબારનો પ્રેમ જોઈને ધીરે ધીરે બહુવાર જમ્યા. પછી ચળુ કરીને પછી રૂમાલવતે હાથ લૂછીને, પાનબીડીનો મુખવાસ લઈને સભામાં બિરાજમાન થયા.

ત્યાં હજારો મનુષ્યને મહારાજને દર્શને કરીને સમાધિ થઈ ગઈ. તેને જોઈને દરબાર કહે જે, "આ શું થયું ?" ત્યારે મહારાજ કહે જે, "સમાધિ થઈ છે." તેને સાંભળીને દરબાર બહુ આશ્ચર્ય પામ્યા ને **'આ તો પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છે ને સર્વેના કર્તા છે.'** એવો નિશ્ચય થયો. ને મહારાજને કહે જે, "તમે ભગવાન છો, તે આંઈ ને આંઈ અમારે ઘેર રહો." એ વાત સાંભળી મહારાજ કહે જે, "અમે તો

ડભાણ યજ્ઞ કરવા સારુ આવ્યા છીએ ને એ યજ્ઞમાં વિઘ્ન કરવા સારુ કેટલાક ઈચ્છે છે." એવાં મહારાજનાં વચન સાંભળીને જાલમ ખાંટ કહે જે, "તમે કહો તો એક લાખ કામઠી[1] સંગાથે લઉં ને તમે કહો તો થોડા લઉં. તમારા પ્રતાપથી મારા અંતરમાં કોઈનો ભાર નથી."

ત્યારે મહારાજે એમ કહ્યું જે, "અમારી સાથે થોડાક કાઠી છે, ને થોડાક મનુષ્ય લ્યો." તેને સાંભળીને જાલમ ખાંટે સંકેત કર્યો, તે સિત્તેર મણનો શીરો ને તે પ્રમાણે અફીણ ઊડી[2] ગયું, એટલા મનુષ્ય ભેળા થઈ ગયા. તેને જોઈને મહારાજ કહે જે, "આપણે આવડા[3] મનુષ્યનું કામ નથી, હજાર-પંદરસેં મનુષ્ય લ્યો." એવું મહારાજે કહ્યું તે સાંભળીને તેટલા મનુષ્ય લઈને તૈયાર થયા. પછી મહારાજ પણ તૈયાર થઈને ચાલ્યા. તે વખતે જાલમ ખાંટની મા કહે જે, "દયા કરીને પધારજો." ત્યારે મહારાજ કહે જે, "તમારો સંકલ્પ જાણી તમારી ઈચ્છા પૂરી કરવા સારુ અમે આવ્યા હતા, ને ફરી તમે તેડાવશો ત્યારે આવીશું."

એમ કહી પાલખીમાં બેસીને વાજતે-ગાજતે જાલમ ખાંટે સહિત ડભાણના રસ્તામાં આવતાં આવતાં ગામ **હાથરોલી**ની ભાગોળે આવ્યા. ત્યારે ત્યાંના દરબારે મહારાજને વાજતે-ગાજતે પોતાને ઘેર પધરાવીને પાછા વળાવ્યા. તે સમે ડભાણથી કાઠી તથા સુરતના હરિજન સર્વે સામા આવ્યા. ને સુરતના હરિજનોએ ભારે ભારે વસ્ત્ર તથા એક ભારે અઢારસેં ૧૮૦૦ રૂપિયાનું મંડીલ[4] મહારાજને માથે બંધાવ્યું ને વેઢ, વીંટીઓ, કડાં, સાંકળાં – એ આદિક દાગીના તથા વસ્ત્ર એ સર્વે મળીને ૧૦,૦૦૦ દસ હજાર રૂપિયાનો પોશાક મહારાજનાં અંગ ઉપર ધારણ કરાવ્યો. અને પીળું છત્ર તથા અબદાગીરી, બે ચામર, ઘોડીનું ચોકડું, કોરિયું તથા ડુમચી એ આદિક સર્વે વસ્તુ તથા ફળ, ફૂલ, બરફી, પેંડા – એ આદિક મહારાજ આગળ ભેટ મેલી. પછી મહારાજની મોટી આરતી કરીને પગે લાગતા હતા. ॥૪૭॥

૧. તીર-કામઠાવાળા ભીલ ૨.વપરાઈ ૩.આટલા બધા ૪.જરીમય કસબી પાઘડી

૪૮. ગામ ડભાણમાં યજ્ઞ કર્યો તે વાત

અને પછીથી મહારાજ પાલખીમાંથી ઊતરીને, ઘોડે સ્વાર થઈને સર્વેને દર્શન દેતાં દેતાં ચાલ્યા. તે સમે અમદાવાદના હરિજન અઢાર જોડ ત્રાસાં લઈને આવ્યા. અને તેમણે મહારાજનાં દર્શન કરીને વાજાં વગાડવા માંડ્યાં. તે સમાની મહારાજની શોભાને જોવા સારુ આકાશથી બ્રહ્મા આદિક બધા દેવ પોતપોતાના વિમાનમાં બેસીને આકાશમાર્ગે આવીને ઊભા રહ્યા. અને મહારાજ ઉપર અતિ હર્ષે કરી પુષ્પ, ચંદનનો વરસાદ કરતા હતા.

અને અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, "તે સમે મહારાજનું મુખારવિંદ છત્રના છાયાથી પીળો વર્ણ, તથા ભાલાની કાંતિથી શ્વેત વર્ણ, તથા મહારાજ પંડે ગૌર વર્ણ છે; એવી રીતે ત્રણ વર્ણરૂપે મહારાજનાં દર્શન થતાં હતાં. અને તે સમાની મહારાજની શોભા વર્ણન કરી જાય એવી નહીં, એવી અદ્‌ભુત શોભાને ધારણ કરતા ને સવારના પો'રમાં ધીરે ધીરે ચાલતાં ડભાણના સીમાડામાં આવ્યા.

તે સમે **ખેડે**થી ચાર **સાહેબ** પોતપોતાના ઘોડા ઉપર સ્વાર થઈને ત્યાં આવતા હતા. ને ઘોડા છેટે રાખીને પગપાળા ચાલીને બે જણ મહારાજના જમણા ચરણારવિંદને પગે લાગ્યા, ને બે જણ ડાબા ચરણારવિંદને પગે લાગ્યા. ને અતિ હેતથી હરખનાં આંસુ બહુ આવ્યાં, તેથી મહારાજની મોજડીઓ પલળી ગઈ. તેને જોઈને મહારાજે કહ્યું જે, "જેવું મુક્તાનંદસ્વામીને અમારા ઉપર હેત છે તેવું આ ચાર સાહેબને હેત છે." એમ કહીને સાહેબને કહે જે, "અમે તમારી વિલાયતમાં આવ્યા હતા." ત્યારે તે **એરણ સાહેબ** તથા **લાંગ સાહેબ** બોલ્યા જે, "અમારાં ઘરાં કિયા બારનાં છે ? અને અમારા સંબંધીનાં શાં શાં નામ છે ?"

તે વાતને સાંભળીને મહારાજે કહ્યું જે, "તમારા ઉગમણા બારનાં ઘરાં છે તથા તમારાં ફલાણાં ફલાણાં સગાં છે." તેમનાં નામ દીધાં. તેને સાંભળીને બહુ આશ્ચર્યને પામ્યા. ને મહારાજને કહે જે, **"તમે**

તો જગતના કર્તા છો અને આ સર્વે જગતને જેમ હાથમાં આમળું દેખે તેમ સર્વે જગતને દેખો છો. ને તમે અમારા સ્વામી છો ને અમે તમારા સેવક છીએ; માટે અમને કંઈ આજ્ઞા કરો, તે કામ અમે તમારું કરીએ.”

ત્યારે મહારાજ કહે જે, “આ યજ્ઞમાં વિઘ્ન કરવા ઈચ્છે છે, તે તમારે રક્ષા કરવી.” ત્યારે તે સાહેબ કહે જે, “હજાર સોજન[૧] લઈ આવું.” ત્યારે મહારાજ કહે જે, “એટલા બધા સોજનનું કંઈ આપણે કામ નથી, થોડાં મનુષ્ય લઈને આવજો.” એમ કહીને મહારાજે એમને પ્રસાદ આપીને રજા આપી જે, ‘તમે પધારો.’ ત્યારે તે સાહેબ પગે લાગીને વિનંતી કરીને ચાલ્યા ગયા.

અને મહારાજ ત્યાંથી ચાલ્યા, તે ધીરે ધીરે સર્વે હરિજનોને દર્શન દેતાં દેતાં ઉતારામાં આવીને પોતે સભા કરીને બેસતા હતા. તે સમે દેવોએ આવી ચંદન-પુષ્પ વડે મહારાજની તથા સર્વે સંતમંડળની પૂજા કરી પોતપોતાને સ્થાનકે ચાલ્યા ગયા. અને મહારાજ જમવાનો થાળ થયો તે જમવા પધારતા હતા. તે રૂડી રીતે જમીને ઉતારા ઉપર આવીને બે ઘડી પોઢતા હતા. અને સર્વે સંતની જમવા સારુ પંક્તિ થઈ, તે સંત જમ્યા ને સંત જમીને સભા કરીને બેઠા.

તે સમે મહારાજ સભામાં આવીને બિરાજમાન થયા. અને ગામથી આથમણે પાસા[૨] યજ્ઞશાળા કરી હતી. તેમાં ચારે પાસા ઘી હોમવા સારુ પરનાળાં બાંધેલાં હતાં. તે પરનાળાંએ ઘી હોમાતું હતું ને હજારો બ્રાહ્મણ આહુતિઓ આપતા હતા. અને તે આહુતિઓનો શબ્દ દશે દિશાએ વ્યાપ્યો હતો. અને બ્રાહ્મણની પાકશાળા ઉગમણી પાસા તળાવ ઉપર હતી. અને **મહારાજની સભા બેસવા સારુ અઢાર વિઘામાં માંડવો બાંધ્યો હતો.** તેને મધ્યે મહારાજને બેસવા સારુ મંચ બાંધ્યો હતો. તે ઉપર મહારાજ બિરાજમાન થતા. અને હંમેશાં પ્રશ્ન-ઉત્તર થાતા. પછી બ્રાહ્મણ રસોઈ કરવા ઊઠે નહિ ને સંતાઈ જાય. તેથી મહારાજે

૧.સોલ્જર = સૈનિક ૨.બાજુએ

કાઠીઓને કહ્યું જે, "જાઓ, ડાબે ખાંધે જનોઈ હોય તેને તળાવમાં નવરાવીને પાકશાળામાં ઘાલો." ત્યારે તે કાઠીઓએ તેમ કર્યું.

એવી રીતે જમાડતાં જમાડતાં એક દિવસે બ્રાહ્મણને કુબુદ્ધિ આવી. તે ઉપાધિ કરવા માંડી. તે કેવી રીતે ? તો ઘીનાં કુલ્લાંના દાટા કાઢીને ઘી તમાણમાં[૧] રેડે ને લાકડાં સળગાવે. ને મહારાજે વાસણ થોડાં જોઈએ તે સારુ વીસ વીસ મણ લાડુ માય એવી ચાર ચાર પૈડાંની ગાડીઓ પંગતમાં ફરે તેવી કરાવી હતી. તે ગાડીઓ ભરીને એક પંગતમાં પીરસે ને એક પંગતમાં ન પીરસે ને લાડવા ખૂટ્યા કહેવરાવવા સારુ તળાવમાં નાખે; એવી ઘણીક ઉપાધિ કરવા માંડી.

તે જોઈને મુકુંદ બ્રહ્મચારી મહારાજને કહી આવ્યા. ત્યારે બ્રહ્મચારીને બ્રાહ્મણ કહે જે, "તમને અમે મારીશું, તમે મહારાજને કેમ કહી આવો છો ?" ત્યારે બ્રહ્મચારી કહે જે, "મારે તો કોઈ રાંડનારી નથી તથા છેડો વાળનારી કોઈ નથી, પણ તમે સો-બસો જણ ચૂડા ભંગાવીને, ચોટલા ઉતરાવીને મને મારવા સારુ આવજો. (કેમ જે,) એટલાંને તો હું પૂરો પડીશ."

તે પછી મહારાજે એ વાત જાણીને કાઠીને કહ્યું જે, "સૌ ઘોડે ચઢી ગોળી વિનાની ખાલી બંદૂકો ભરીને આવો." ત્યારે તે તૈયાર થઈ પાકશાળા પાસે આવ્યા, ને મહારાજ પણ પાકશાળા પાસે આવ્યા. ને બંધૂકો વછોડિયું, તેના ભડાકાથી સોળ કોઠીઓ દાળની ભરેલી ફાટી ગઈ. તે જોઈને બ્રાહ્મણ બીન્યા, ને મહારાજને કહે જે, "જેમ કહેશો તેમ કરીશું." ત્યારે મહારાજ કહે જે, "સુખેથી જમો." ત્યારે બ્રાહ્મણ કહે, "દાળ બધી ખૂટી ગઈ છે, એક કોઠીમાં દાળ છે." ત્યારે મહારાજ કહે, "એટલી દાળ પૂગશે." એમ કહીને સભામાં બેઠા. ને તે દાળની કોઠી લાખ મનુષ્યને પૂગી. એવા ઘણાક ચમત્કારને દેખાડતા હતા ને યજ્ઞને કરતા હતા. ॥૪૮॥

૧.જમીનમાં ખોદેલી ચૂલમાં

૪૯. જોબન વરતાલની તથા પ્રભાતગર બાવાની વાત

અને તે જ દિવસે ગામ વરતાલના રહેવાસી જોબન વરતાલો આદિક અઢાર ચોર કાઠીની ઘોડીઓ ચોરવા સારુ આવતા હતા. અને તે ચોર ત્રણ દિવસ સુધી રાત-દિવસ ઘોડીએ ઘોડીએ ફરતા હતા, પણ ઘોડીએ ઘોડીએ મહારાજને દેખતા હતા. એકેય ઘોડી મહારાજ વિના નવરી ન દીઠી. ત્યારે ચોથે દિવસ સવારમાં સભા બેઠી હતી અને મહારાજ પણ ધડકી[1] ઓઢીને બેઠા હતા.

તે સમે તે અઢારે ચોર આવીને મહારાજની સામા ઊભા રહ્યા હતા. તેમને જોઈને મહારાજ બ્રહ્મચારીને કહે જે, "બ્રહ્મચારી, આમને સાકરનાં સીધાં આપો. એમણે ત્રણ દિવસ ને ત્રણ રાત્રી ઉજાગરો બહુ વેઠ્યો છે." એવાં મહારાજનાં વચન સાંભળીને અઢારે જણ મહારાજને પગે લાગીને કહે જે, "હે મહારાજ ! તમે ભગવાન છો. તમે અમને સત્સંગી કરો."

ત્યારે મહારાજ કહે જે, "અમને ભગવાન તમે શાથી જાણ્યા ? કેમ જે, અમે ચોરને સત્સંગી કરતા નથી." એવાં મહારાજનાં વચન સાંભળીને જોબન વરતાલો કહે જે, "અમે ત્રણ દિવસથી ઘોડીઓ લેવા સારુ ફરીએ છીએ; પણ **ઘોડીએ ઘોડીએ તમને દેખીએ છીએ, પણ તમારા વિનાની એકેય ઘોડી નવરી દેખાતી નથી; તેથી તમને અમે ભગવાન કહીએ છીએ.** અને આજથી અમે ચોરી આદિક કર્મ મેલી દઈએ તો અમને સત્સંગી કરશો ?" એવાં વચન સાંભળીને મહારાજે તેમને સત્સંગી કર્યા.

અને તે જ દિવસે ગામ **ઠીકરિયાના** રહેવાસી ને **પ્રભાતગર** નામે ભારે મુમુક્ષુ હતા. અને ભગવાનને ખોળવા સારુ તીર્થમાં ફરતાં ફરતાં વાકળ દેશમાં **રણુ** ગામમાં આવ્યા. અને ત્યાં તળાવ ખોદાવતા હતા. તે સમે એ ગામના પટેલ **તલસીભાઈ** તથા **લલ્લુભાઈ** ડમણિયું[1] લઈને

૧.ગોદડી ૨.ચાર જણ બેસી શકે તેવું નાના ગાડાં જેવું વાહન

ડભાણ યજ્ઞ પર આવવાને તૈયાર થયેલા. તેમને જોઈને પ્રભાતગર કહે જે, “તલસીભાઈ, તમે ક્યાં જાવ છો ?” ત્યારે તલસીભાઈ કહે જે, “બાવા પ્રભાતગર, અમે સ્વામિનારાયણ ડભાણમાં યજ્ઞ કરે છે, ત્યાં જઈએ છીએ. તમારે આવવું છે ?” ત્યારે બાવો કહે, “મારી પાસે ભાતાનો સામાન કરેલો નથી.” ત્યારે તલસીભાઈ કહે જે, “આ અમારી પાસે છે તે તમારું છે. ચાલો અમારી સાથે.” ત્યારે પ્રભાતગર ડભાણ આવ્યા, ને તેમની સંગાથે એક મૌન રાખેલો જટાધારી એવો **મુનિબાવો** પણ આવ્યો હતો.

જે સમે જોબન વરતાલાને વર્તમાન ધરાવ્યાં, તે સમે તે સભામાં બેઠા હતા. તે સમે પ્રભાતગર બાવાને મનમાં એવો સંકલ્પ થયો જે, ‘સ્વામિનારાયણ ભગવાન હોય તો એમણે ઓઢી છે તે ધડકી મને આપે. એમને તો બીજા કોઈ આપશે.’ એવો પ્રભાતગરના મનમાં સંકલ્પ થયો. તે જાણીને મહારાજે તત્કાળ “લ્યો બાવા ધડકી.” એમ કહીને બાવાના ખોળામાં નાખતા હતા. ત્યારે બાવો કહે જે, “હે મહારાજ ! તમે રાખો.”

ત્યારે મહારાજ કહે, “અમને તો બીજા કોઈ આપશે.” એવી રીતે બાવાનો મનોરથ પૂરો કર્યો. અને પ્રભાતગર બાવો પણ પોતાનો સંકલ્પ સિદ્ધ થયો તેથી મહારાજને સર્વોપરી, સર્વે જગતના કર્તા, સર્વે અવતારના અવતારી, પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છે. એવો નિશ્ચય કરીને મહારાજને હાથે વર્તમાન ધારીને સત્સંગી થયા. એવી રીતે અનેક પરચા એ ડભાણના યજ્ઞને વિશે પૂરતા હતા. અને પ્રભાતગર બાવો આદિક સર્વે પોતાને ઘેર જાતા હતા.

અને મહારાજે યજ્ઞને વિશે જે બાવાને ધડકી આપી હતી તે ધડકી હાલ રણુમાં છે. અને મહારાજ ડભાણમાં નિરવિઘન યજ્ઞ કરીને, દાન-દક્ષિણા આપીને, બ્રાહ્મણને રાજી કરીને પોતે સંતમંડળે સહિત કાઠિયાવાડમાં ગઢપુર પધારતા હતા. ।।૪૯।।

૫૦. મહારાજ ગઢપુરની ધર્મપુર જવા સારુ ચાલ્યા.

અને વળી એક **પરમચૈતન્યાનંદસ્વામી** નામે સાધુ હતા. તેમણે ધર્મપુર જઈને **કુશળકુંવરબાઈ**ને સત્સંગ કરાવ્યો હતો. તે બાઈએ મહારાજને તેડાવવા સારુ ગઢપુર કાગળ લખ્યો હતો. તે કાગળ મહારાજે વાંચીને સર્વે સંતને ખબર કહી. ત્યારે સર્વે સંત કહે જે, "બાઈને બહુ તાણ છે, ત્યારે આપણે ત્યાં જાવું પડશે." એવાં સંતનાં વચન સાંભળીને શ્રીજીમહારાજ કહે જે, "તમે સર્વે અહીંથી ચાલો. તે ફરતાં ફરતાં સર્વ સંત ભરૂચમાં ભેગા થઈ રહો. ને અમે પણ અહીંથી ચાલી કારિયાણી, ધોલેરા, વરતાલ થઈને ભરૂચ તમારી ભેગા થઈશું."

એવી રીતે સર્વે સંતને આજ્ઞા કરીને પોતે એક માસ **ગઢડે** રહીને દાદા ખાચર, સોમલા ખાચર, સુરા ખાચર સહિત ધર્મપુર જાવા સારુ ચાલ્યા, તે **કારિયાણી** આવ્યા. ને ત્યાંથી **પોલારપર**, **ખરડ** થઈને **ધોલેરે** આવ્યા. ને ત્યાંથી **કમિયાળે** થઈને **નાની બોરુ** થઈ **સિંજીવાડે** આવ્યા. અને ત્યાંથી **વડતાલ** આવતા હતા. ને ત્યાં પાંચ દિવસ રહીને **જોબન વડતાલો** તથા **તખા પગી** તથા **જુસાજી** એ આદિક સર્વેને સંગાથે લઈને **મહીસાગર** ઊતરી, **કારેલી**થી જતા **વીરપર** થઈને **ઢાઢર નદી** ઊતરીને સામે કાંઠે ગયા. ત્યારે તે સમે **ચીબરીઓ** બોલતી હતી. તેને સાંભળીને મહારાજ જોબન વરતાલાને કહે જે, "આ ચીબરી કેવી(શું) બોલે છે ?" ત્યારે જોબન વડતાલો કહે જે, "હાલ હાલ, રુધિર દેખાડે એવી બોલે છે."

તે સમે કોતરડામાંથી વાઘે તરાપ મારી, ને મહારાજની ગાડીના બળદ એક ગાંડો ને એક પારેવો નામે, ને વાલજી ખેડુ હતા. તેમાં પારેવા બળદ ઉપર વાઘે તરાપ નાખી. તે સમે મહારાજ ગાડીમાં બેઠા હતા. તે વાઘને તરાપ નાખતો જોઈને એક હાકલ કરી, તે વાઘ તો પ્રાણ લઈને નાસી ગયો. એવો ઐશ્વર્ય-પ્રતાપ જણાવી (મહારાજે) બળદની રક્ષા કરી. અને પછી જોબન વરતાલાને કહે જે, "તમે તો ભગવાનના સમોવડિયા છો. કેમ જે, તમે ચીબરીનો શબ્દ સાંભળીને

પહેલું કહ્યું હતું તેમ થયું." તે વાત સાંભળીને જોબન વરતાલો કહે જે, "હે મહારાજ ! અમે ભગવાનના સમોવાડિયા તો નથી, અમે તો ભગવાનના દાસાનુદાસ છીએ; પણ અમે ચોરી કરવા સારુ જાઈએ ત્યારે શુકન જોઈને જાઈએ, તેથી અમે જાણીએ." એવી રીતે રમૂજ કરતાં કરતાં ગામ **દોરે** ગયા. ને ત્યાં **કાશીરામ બ્રાહ્મણ**ને ત્યાં થાળ જમ્યા ને સર્વે પાર્ષદને જમાડ્યા ને ત્યાં રાત રહીને ચાલ્યા તે ગામ **ભરૂચ** પધાર્યા. ને ત્યાં સર્વ સંતમંડળ મહારાજને ભેગા થાતા હતા. ॥૫૦॥

૫૧. મહારાજ ગામ ઉધને પરચો આપી ધરમપુર ગયા.

અને ત્યાંથી ચાલ્યા તે **નર્મદા નદી**માં વહાણમાં બેસી પાર્ષદે ઘોડા-બળદ ઉતારીને સર્વે સામે પાસે ગયા. અને મહારાજને બેસારીને વહાણ ચલાવ્યું તે વહાણ નદીની વચ્ચે આવ્યું. તે સમે મહારાજે માછીને એવું દેખાડ્યું જે, તેજ તેજ ચારે પાસે થઈ ગયું, તેથી વહાણ કઈ પાસાએ હાંકવું ? તે દિશા સૂઝે નહીં. ને તેજથી આંખ્યો અંજાઈ ગઈ તેથી વહાણ હાંકવાનું સૂઝે નહીં. એવી રીતે અડધી કલાક સુધી દેખાડ્યું. તેને જોઈને તે માછીના મનમાં એમ થયું જે, "આ તો ભગવાન છે !" એમ નિશ્ચય કરીને સામે કાંઠે વહાણ હાંકીને ગયા. ને મહારાજને વહાણમાંથી ઉતારીને કહે જે, "હે મહારાજ ! તમે તો ભગવાન છો, માટે અમારા જીવનો મોક્ષ થાય તેમ કહો."

ત્યારે મહારાજે તે માછીને વર્તમાન ધરાવીને કહ્યું જે, "ચોરી, છિનાળી, દારૂ, માંસ, હિંસા – એ ચાર વર્તમાન પાળજો ને સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરજો. તમારા જીવનો મોક્ષ થાશે." એમ કહીને પ્રસાદીનું સેલું તે માછીને આપ્યું. તે દિવસને આરંભીને ખારવાની નાતમાં સુરત, ખંભાત વિગેરેમાં સત્સંગ પ્રવર્ત્યો છે. એવી રીતે ચમત્કાર દેખાડીને સત્સંગ કરાવીને ત્યાંથી ચાલ્યા તે **અંકલેશ્વર**માં રાત રહ્યા. ને ગામના અધિપતિએ સન્માન કરી, પધરાવી

સારી રીતે પૂજ્યા, ને પોતાના જીવનું શ્રેય કરી લીધું. અને શ્રીજી મહારાજને ખીચડી ને ઘી જમાડ્યું, ને સંત, પાર્ષદ વિગેરેને જમાડ્યા.

અને સવારે ત્યાંથી ચાલ્યા તે ગામ **પરવટ**માં રાત રહ્યા. ને ત્યાં સર્વે હરિભક્તોએ પોતાને ઘેર પધરાવ્યા. ને સારી રીતે મહારાજની પૂજા કરી ને પધરામણી કરીને રસોઈ કરાવીને સંત-પાર્ષદને જમાડ્યા. ને મહારાજ સારુ થાળ કરાવીને સારી રીતે મહારાજને જમાડ્યા; ને ઘણી સેવા કરી. એવી રીતે તે ગામને વિશે એક રાત રહીને ત્યાંથી ચાલ્યા, તે **તાપી નદી** ઊતરીને સુરતની સમીપે ગામ **ઉધને** આવ્યા.

ને ત્યાં એક માતાનું દેવળ હતું. તેમાં ઘણો પગતો[૧] ઓટલો હતો, તે ઉપર ઉતારો કરીને ત્યાં વિરાજમાન થયા. તે સમે ગામના લોકો સર્વે દર્શને આવ્યા. તેમણે એમ કહ્યું જે, “તમે કોણ છો ?” ત્યારે મહારાજે કહ્યું જે, “આ દેવળ કેનું છે ?” ત્યારે લોક કહે, “માતાનું છે.” ત્યારે મહારાજ કહે, “માતા પરણેલી છે કે કુંવારી છે ?” ત્યારે તે કહે જે, “પરણેલી છે.” ત્યારે મહારાજ કહે જે, “એ માતાના વર છીએ. તે તમો ગામમાં જઈને કહો.”

ત્યારે તેમણે ગામમાં જઈને કહ્યું જે, “માતાના વર આવ્યા છે, જેને દર્શન કરવાં હોય તે જાઓ.” એવું સાંભળીને ગામનાં સર્વે મનુષ્ય મહારાજને દર્શને આવ્યાં. તે સમે મહારાજે સર્વેને તેજોમય ચતુર્ભુજરૂપે; શંખ, ચક્ર, ગદા, પદ્મ ચારે આયુધ સહવર્તમાન દર્શન દીધાં. તેને જોઈને તે સર્વે લોક કહે જે, “આ તો માતાના વર સાચા, માતાના વર સાચા.” એમ કહેવા લાગ્યાં, ને મહારાજની ચાકરી સારી રીતે કરી.

તે સમે ગામ સુરતના હરિજનો સર્વેને ખબર થઈ જે, ‘મહારાજ ઉધને પધાર્યા.’ એવું જાણી મહાહરખે બરફી, દૂધ-પેંડા, ફૂલના હાર, ફળ, ફૂલ, કેળાં વગેરે જેને જે વસ્તુ મળી તે લઈને લઈ લઈને જેમ ચંદ્રને ઊગતો જોઈને સમુદ્ર હરખે સહિત ઉલટે, તેમ શહેરના હરિજનો સર્વે

૧.વિશાળ; પહોળો

મહારાજની પાસે આવતા હતા. અને મહારાજ આગળ ભેટ સામગ્રીઓ મેલીને મહારાજને પગે લાગ્યા.

તે સમે પોતપોતાના દેહનાં ભાન પણ ભૂલી જતા હતા. એવી રીતના પ્રેમથી મહારાજનાં દર્શન કરીને જ્યાં જે ઊભા તે ઊભા ને બેઠા તે બેઠા. એવી રીતે બાઈ-ભાઈ સર્વે સીથળ[1] થયાં. જેમ ચિત્રામણમાં ચીતરેલાં હોયને શું ? તેમ થઈ ગયાં. તેવી રીતનાં મહારાજનાં ઘણાં દર્શન કરીને પછીથી મહારાજે સર્વેને આજ્ઞા કરી તેથી સર્વે સરખા બેસતાં હતાં.

તે સમે એવા **પોતાના અલૌકિક પ્રતાપે યુક્ત એવી તેજોમય મૂર્તિરૂપે સર્વેને દર્શન દેતા હતા.** એવી રીતે સૌને આનંદ પમાડી સુખિયા કરીને કહે જે, "હવે તમે ઘેર જાવ." ત્યારે તે કહે જે, "હે મહારાજ ! કૃપા કરીને શે'રમાં પધારો !" ત્યારે મહારાજ કહે જે, "અમે આવશું, પણ હમણે તો અમારે ધરમપુર જાવા છે; માટે તમે ત્યાં આવજો. ને અમારાથી હમણે નહીં અવાય." એવી રીતનાં મહારાજનાં વચન સાંભળીને સર્વે હરિજન મહા આનંદથી પોતાના ઘેર જતા હતા.

ને મહારાજે સર્વે સંત તથા પાર્ષદને કહ્યું જે, "આ બરફી-પેંડા, ફળ-ફૂલ, કેળાં આદિક સર્વેને વહેંચી આપો." ત્યારે સંતે તેમ કર્યું. તે તો રસોઈ કરતાં પણ ઘણું થઈ પડ્યું, ને વધ્યું તે ગામલોકોને પ્રસાદી આપી. એવી રીતે ત્યાં રાત રહીને સવારે ચાલ્યા, તે ગામ **માંગરોળ** આવ્યા ને ત્યાં રાત રહ્યા. ને ત્યાંથી **ધરમપુર**માં પધારતા હતા. ॥૫૧॥

૫૨. મહારાજ ધર્મપુર પધાર્યા તે વાત

અને મહારાજ ધર્મપુર પધાર્યા એવી **કુશળકુંવરબાઈ**એ ખબર જાણી ને મહાહરખને પામીને સારી રીતની સવારી શણગારી ને એક ભારે હસ્તી તેને શણગાર્યો ને ઉપર અંબાડી ધરી ને પાયગાઓ[2], અનેક પ્રકારનાં વાજિંત્ર-ડંકો-નિશાન-મેના-પાલખી તથા પાળા – એ આદિક

૧.સ્થિર ૨.ઘોડેસ્વાર લશ્કરની ટુકડી

સર્વે સામૈયાની સામગ્રી લઈને બાઈ પોતે મેનામાં બેસીને તથા કુંવરે સહિત મહારાજને સન્મુખ આવ્યાં. તે મહારાજને પગે લાગી વિનંતી કરીને મહારાજને કહે જે, "હસ્તી ઉપર પધારો !" એવી રીતે હસ્તી ઉપર મહારાજને ભારે ઘરેણાં વેઢ, વીંટી, કડાં, સાંકળાં, ઉતરી, બાજુબંધ, કંદોરો, ઝાંઝર – એ આદિક અનેક પ્રકારનાં આભૂષણ તથા જરિયાની તમામ વસ્ત્ર મહારાજને ધારણ કરાવીને હસ્તી ઉપર બિરાજમાન કર્યા.

તે સમે અનેક પ્રકારનાં વાજિંત્ર તથા બંધૂકો આદિના શબ્દ થયા. તે શબ્દોથી દિશાઓ શબ્દાયમાન થતી હતી. અને સંતને મેના, પાલખી તથા રથ તેના ઉપર બેસાડ્યા. અને સાક્ષાત્ પુરુષોત્તમ-નારાયણ સર્વે અવતારના અવતારી, સર્વેના કારણ, સર્વેના નિયંતા એવા શ્રીસહજાનંદસ્વામી મહારાજ, હસ્તી ઉપર બિરાજમાન થયા.

અને જે સમે સવારી ચાલવાની થઈ તે સમે આકાશને વિશે તે સમયનાં (મહારાજનાં) દર્શનને ઇચ્છતા એવા બ્રહ્મા, વિષ્ણુ, શિવ, નારદાદિક બધા મુનિઓ તથા ઇન્દ્રાદિક દેવતાઓ પોતપોતાનાં વાજિંત્ર તથા વીણાઓ લઈને ગાંધર્વ તથા અપ્સરાઓ તથા દેવની સ્ત્રીઓ પોતપોતાનાં વિમાનમાં બેસીને આકાશમાર્ગે ત્યાં આવીને મહારાજની ઉપર પુષ્પ-ચંદનનો ઘણા હરખથી વરસાદ કરીને વાજિંત્ર સહિત મહારાજનો યશ-ગાયન કરતાં હતાં.

એવી રીતે પૃથ્વીનાં જે વાજિંત્રનો જે શબ્દ તે આકાશમાં તથા દિશાઓમાં છાઈ રે'તો હતો. તે સમયને વિશે મહારાજ પધાર્યા એવું સાંભળીને શહેરમાંથી બાઈ-ભાઈ સર્વે પોતપોતાનાં કામકાજ મેલીને બજારે બજારે મહારાજનાં દર્શન કરવા સારુ, ચમકને દેખીને લોઢું જેમ ચલાયમાન થાય, તેવી રીતે પોતપોતાનાં કામકાજ મૂકીને કેટલીક બાઈઓ પોતાનાં છોકરાં ધવરાવવાં મેલી દઈને તથા જે પોતાના પતિને જમાડતી તે જમાડવા પડ્યા મૂકીને તથા જમવા બેઠેલી, તે પણ પડ્યું મૂકીને, બજાર ઉપર જે મેડાના બીજામાળ, ત્રીજામાળની બારીઓ,

જાળીઓ, ઝરૂખા, અગાસીઓ વગેરેએ ચડીને મહારાજનાં દર્શન કરી જેમ ચિત્રમાં ચીતરેલાં હોયને શું ? એમ સ્થિર થતાં હતાં.

એવી રીતે સર્વે જનનાં મન પોતાની મૂર્તિને વિશે તાણી લેતા એવા સતા ધીરે ધીરે અનેક જીવને પોતાનાં દર્શન આપીને તેમનાં અનેક જન્મનાં પાપ નિવારણ કરતા સતા ધીરે ધીરે ઘણી વારે દરબારમાં પોતાનો ઉતારો હતો ત્યાં આવતા હતા.

પછી પોતાનો નિત્યવિધિ કરીને, પ્રથમથી બાઈએ થાળ કરી રાખેલો તે જમવા સારુ પધાર્યા. ને જમીને મુખવાસ લઈને પાછા આવીને પોતાના ઉતારામાં જઈ પોઢી ગયા. અને સંતને એમના ઉતારાને વિશે રસોઈ તૈયાર કરાવેલી હતી, તે જમવા સારુ બોલાવ્યા. અને સંત સર્વે આવી પંગતે બેઠા, તેમને જમાડતા હતા. અને સંત જમીને પોતાના ઉતારા ઉપર ગયા. એવી રીતે પ્રથમને દિવસે ચાર ઘડી મહારાજ પોઢીને ઊઠ્યા. પછી સેવકે પાણી આપ્યું, તે પાણીનો આબખોરો[૧] પોતાના હસ્તકમળમાં લઈને કોગળા કરી, મુખમંજન કરીને, રૂમાલથી મુખારવિંદ લૂછીને પછી પાણી પીતા હતા.

પછી સભાને વિશે આવીને બિરાજમાન થયા ને સર્વે સંત આવીને સભાને વિશે બેસતા હતા. અને હજારો ગામલોકો પણ આવીને સભાને વિશે બેસતા હતા. તેમને શ્રીજીમહારાજ ઘણીક ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ સંબંધી વાર્તા કરતા હતા. એવી રીતે સાંજ સુધી વાર્તા કરી. પછી સંધ્યા સમે આરતી-ધૂન કરીને સભા કરીને બેઠા.

પછી સંત કીર્તન ગાવા લાગ્યા. તેને સાંભળતા થકા દસ અગિયાર વાગ્યા સુધી સભામાં વિરાજમાન થઈને પછી સભામાંથી ઊઠી પોતે ઉતારા ઉપર આવીને પોઢતા હતા. ને સંત પોતપોતાને ઉતારે આવીને સૂઈ ગયા. એવી રીતે પ્રથમના દિવસની લીલા કરતા હતા એ વાર્તા લખી છે. ।।૫૨।।

૧.નાની લોટી

૫૩. ધર્મપુરમાં કુશળકુંવરબાઈએ મહારાજ અને સંતોને જમાડ્યા.

અને બીજે દિવસે પ્રાતઃકાળે મહારાજ ઊઠ્યા. અને સ્નાનવિધિ તથા પોતાનો નિત્યવિધિ કરીને સભાને વિષે વિરાજમાન થયા. અને સર્વ સંત પણ પોતાનો નિત્યવિધિ કરીને સભાને વિષે બેસતા હતા. તે સમે શહેરમાંથી કેટલાક શાસ્ત્રીઓ તથા પુરાણીઓ જ્યોતિષ શાસ્ત્રને જાણનારા બ્રાહ્મણ તથા બીજા પણ પ્રશ્ન-ઉત્તર પૂછવા-સાંભળવા સારુ સભામાં આવીને બેસતા હતા. અને બ્રાહ્મણોએ અનેક પ્રકારના પ્રશ્ન મહારાજને પૂછ્યા, તેના ઉત્તર મહારાજ તરત કરતા હતા.

ત્યાર પછી તેમને મહારાજના ઉત્તર સાંભળીને ઘણું આશ્ચર્ય થયું. અને તે મનમાં એમ વિચાર કરવા લાગ્યા જે, 'આ કોઈ મનુષ્ય નથી, આ તો સાક્ષાત ભગવાન છે !' એમ મનમાં જાણીને તે સર્વે ફરીથી મહારાજ પ્રત્યે પ્રશ્ન પૂછતા હતા જે, **"હે મહારાજ ! તમે તો સાક્ષાત પુરુષોત્તમનારાયણ એવા ભગવાન છો.** એમ અમારા મનમાં ખાતરી થાય છે તેથી અમે તમને એટલું પૂછીએ છીએ જે, અમારે સર્વેને સમાધિ જોવાની ઇચ્છા છે."

એવું બ્રાહ્મણોનું વચન સાંભળીને મહારાજે તે સમે કેટલાય સંતોને તથા બીજા કેટલાય મનુષ્યોને સમાધિ કરાવી. તેને જોઈને તે પંડિતો ઘણું આશ્ચર્ય પામ્યા, ને મહારાજનો ભગવાનપણાનો નિશ્ચય કરીને મહારાજના આશ્રિત થાતા હતા; ને પ્રગટ પ્રમાણ સ્વામિનારાયણનું ભજન કરતા હતા. એવી રીતે સભાને વિષે ઘણા મતવાદીઓ આવે ને પ્રશ્ન પૂછે તેના ઉત્તર કરીને, ચમત્કાર દેખાડીને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવતા એવા થકા ઘણા દિવસ ધર્મપુરને વિશે રહ્યા.

અને **કુશળકુંવરબાઈ** પોતાને ઘેર સંત ને મહારાજ પધાર્યા તેથી મહા ઉત્સાહે સહિત પોતે રસોયા બ્રાહ્મણને પાસે નિત્યે નવી રસોઈ

કરાવે. આજ તે કાલે નહીં ને બીજે દિવસે કરાવે તે ત્રીજે દિવસ નહીં, એવી રીતે નિત્યે નવી નવી રસોઈ કરાવીને મહારાજની પાસે સંતને પીરસાવે. એવી રીતે હમેશાં ઘણા આનંદથી બાઈ રસોઈ કરાવતાં હતાં અને મહારાજ ને સંતને બહુ રાજી કરતાં હતાં. ॥૫૩॥

૫૪. ધર્મપુરમાં મહારાજે વસંતપંચમીનો ઉચ્છવ કર્યો.

અને વળી એક દિવસે બાઈએ પોતે ઘણા સ્નેહથી, ઘણી સામગ્રીથી મહારાજના વાસ્તે પોતે થાળ કર્યો ને પછી મહારાજને જમવા સારુ તેડાવ્યા. પછી મહારાજ ત્યાં પધાર્યા ને બાજઠ ઉપર ઉતરાદે મુખારવિંદે જમવા સારુ બેઠા. તે સમે મહારાજનાં ચરણ ધોઈ ચંદન-પુષ્પે ષોડશોપચારે કરીને મહારાજની પૂજા કરીને ચરણનું જળ પોતાને મસ્તકે ચડાવ્યું. તથા પોતાના પરિવારને માથે પણ તે જળ ચડાવ્યું.

તે સમે મહારાજના અંગને વિશે એક શ્વેત વસ્ત્ર પહેરેલું હતું ને ભારે રમણીય તેજોમય એવી મૂર્તિનાં દર્શન કરીને બાઈ મહા પ્રેમાતુર થઈ જતાં હતાં. પછી થાળમાં સર્વે સામગ્રી લાવીને મહારાજના મોઢા આગળ થાળમાં પીરસી. અને મહારાજ પણ તે સમે ચાર પ્રકારનું અન્ન થાળમાં જોઈને બાઈના પ્રેમથી ધીરે ધીરે જમતા હતા. ને બાઈએ પણ એમ જાણ્યું જે, **'હવે આ મૂર્તિનાં દર્શન મહા દુર્લભ છે.' એમ જાણીને મહારાજનાં અંગોઅંગનાં દર્શન કરીને મૂર્તિને અંતરમાં ઉતારતાં હતાં.** એ વાત મહારાજે સારંગપુરના બીજા વચનામૃતમાં કહી છે. એવી રીતે બાઈના પ્રેમથી ઘણીવાર સુધી થાળ ધીરે ધીરે જમતા જાય ને જળપાન કરતા જાય.

તે સમે બાઈએ મહારાજને કહ્યું જે, 'આ અમારું રાજ્ય છે તે સર્વે તમારું છે, ને અમે તમારા દાસ થઈને રહીશું ને હવે તમે રાજ કરો.' એવાં બાઈનાં વચન સાંભળીને મહારાજ કહે જે, 'અમે કાંઈ રાજ કરવા સારુ આવ્યા નથી. અમે તો અનેક જીવનાં કલ્યાણ કરવા

સારુ આવ્યા છીએ. ને તમને રાજનો દેનારો કોણ છે ? અમારે જોઈતું હોય તો અમે સર્વેને આપનારા છીએ. તે કેમ અમારા સારુ ના રાખીએ ? પણ અમારે તો જોઈએ જ નહીં. અને રાણીને તો ગધાડી જાણું છું, ને રાજાને તો ગધાડો જાણું છું. તે તેનો ભાર તે ઉપાડે. ને તમે તે **ઉપાધિને ટાળીને ભગવાનની મૂર્તિ અંતરમાં રાખજો.'**

એવાં મહારાજનાં વચન સાંભળીને બાઈ કહે જે, 'હે મહારાજ ! અમારા અંતરમાં આવા ને આવા જ રહેજો.' એવું બાઈનું વચન સાંભળીને મહારાજ કહે જે, 'તમારા અંતરમાં તો આરબ ને ભાવર રહેશે.' ત્યારે બાઈ કહે જે, **'આવી મૂર્તિને મૂકીને એવી કોણ અભાગણી હશે જે તેને રાખશે ? કોઈ ના રાખે.'** એવી રીતે બાઈનો ને મહારાજનો સંવાદ ઘણીવાર થયો.

પછી મહારાજ જમીને તૃપ્ત થયા ને ચળુ કરીને બાઈએ મુખવાસ આપ્યો તે મહારાજ લેતા હતા. ને ચિત્રમાં જેમ ચીતરી લે તેમ બાઈ મહારાજની મૂર્તિ અંતરમાં ધારી લેતાં હતાં. તે સમે મહારાજ હાથ લૂછવા સારુ રૂમાલ ખોળતા હતા. તે વાત જાણીને બાઈના કુંવર હતા તેમના ઘરનાં મનુષ્ય પાસે બેઠેલાં તે બાઈએ ભારે અમૂલ સાડી પહેરી હતી. તેનો છેડો કાઢીને મહારાજને હાથ લૂછવા સારુ આપ્યો. ત્યારે મહારાજ કહે જે, 'આ તો ભારે લૂગડું છે.' ત્યારે બાઈ કહે જે, **'તમો અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ એવા ભગવાન છો, તે તમારાથી શું વધારે છે ?'** એવાં બાઈનાં વચન સાંભળીને મહારાજે હાથ લૂછ્યો.

તે સમે બાઈ એમ બોલ્યાં જે, 'હે મહારાજ ! આ છેડો ઝાલ્યો તે હવે મેલશો નહીં.' એવું બાઈનું વચન સાંભળીને મહારાજ કહે જે, 'ભૂત હોય ને તે મેલતું નથી, તો અમે કેમ મેલશું ?' એવી રીતે ઘણીવાર ત્યાં બાઈને વાતોનું તથા પોતાની મૂર્તિનું સુખ આપીને જમીને ઉતારા ઉપર આવીને પોઢતા હતા. ને ત્રીજે પો'ર સભામાં આવીને વિરાજમાન થયા ને સર્વે સંત સભામાં આવીને બેઠા.

તે સમે ઘણા પ્રશ્ન-ઉત્તર થાય, તેમાં અનેક પ્રકારની ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિ એ આદિક સંબંધી ઘણીક વાર્તા કરતા હતા. એવી રીતે હમેશાં મહારાજ કુશળકુંવરબાઈને તેમના સબંધીઓ સર્વેજનોને ઘણો આનંદ પમાડતા થકા ત્યાં રહેતા હતા.

તે સમે વસંતપંચમીનો ઉત્સવ આવ્યો. તે ઉત્સવ જાણીને કુશળકુંવરબાઈએ મહારાજને પુછાવ્યું જે, 'હે મહારાજ ! આપ આજ્ઞા કરો તો વસંતના ઉત્સવની સામગ્રી સારુ ગુલાલ તૈયાર કરાવું.' એવી રીતે બાઈએ ઘણા સ્નેહથી મહારાજને પુછાવ્યું. તે વાત સાંભળીને મહારાજ બાઈના પ્રેમને વશ થઈ ઘણા હેતથી હા પાડતા હતા.

તે વાતને સાંભળીને ઘણા ઉત્સાહથી ઘણોક ગુલાલ-પતંગ-કેસૂડાં એ આદિક રંગનો સામાન મંગાવી, તૈયાર કરી રાખ્યો. તેવા સમામાં સુરતના હરિજનનો સંઘ ત્યાં આવતો હતો. તે સાંભળીને કુશળકુંવરબાઈ મહા મોટા ઉત્સાહને પામતાં હતાં ને સંઘને હરખથી ઉતારા અપાવતાં હતાં. પછીથી સર્વે સંઘને જમાડવાનું તેડું કરીને જમાડતાં હતાં.

પછી બીજે દિવસે વસંતનો ઉત્સવ આવ્યો, તેટલા સારુ ઘણા રંગ કઢાવીને ભારે ભારે મોટા હોજ તથા બીજાં મોટાં વાસણમાં ભરાવતાં હતાં. ને ગુલાલનાં ગાડાં લાવીને ત્યાં છોડાવતાં હતાં. ને ઘણી પિચકારીઓ કરાવીને ત્યાં લાવતાં હતાં. ને વસંતપંચમીને દિવસે પ્રાતઃકાળે પોતે તમામ સામગ્રી તૈયાર કરી રાખી હતી. ને મહારાજ પ્રાતઃકાળને વિશે ઊઠીને પોતાનો નિત્યવિધિ કરીને સભામાં આવીને વિરાજમાન થયા.

તે સમે અનેક પ્રકારનાં વાજિંત્ર લાવીને બાઈએ વગડાવ્યાં. ને રંગ રમવાનો સમય થયો, એટલે મહારાજ સર્વે સંત તથા પાર્ષદે સહિત ઘણા ઉત્સાહથી તે બાઈના પ્રેમને વશ થઈ રંગ રમવાના સ્થાનમાં પધાર્યા ને રંગ પોતે સર્વેને પ્રસાદીનો રંગ પ્રથમ નાખ્યો. તે સમે રમવાની છૂટી જાણીને સર્વે સંત તથા પાર્ષદ તથા હરિભક્તો ને મહારાજ પરસ્પર

રંગની પિચકારીઓ ને ગુલાલની ઝોળીઓ તે સામાસામી નાખે.

તે સમે આકાશને વિશે મહારાજ ને સંતની લીલા જોવા સારુ સર્વે દેવતા આવીને પોતપોતાનાં વિમાનમાં ઊભા રહેલા. તે ઘણા ઉત્સાહથી દુંદુભિ આદિક વાજિંત્રને વગાડતા હતા ને મહારાજની લીલા જોઈને પ્રેમાતુર થઈ જતા હતા. ને કેટલીક દેવની સ્ત્રીઓ મૂરછાને પામતી હતી ને ગાંધર્વ આદિક ગાયન કરતા હતા. એવી રીતની શોભા તે સમયે થાતી હતી. તે કેના જેવી ? તો જેમ અષાડ માસનો મેઘ ઘટા કરીને આવ્યો હોય ને વીજળીના ચમકારા થાતા હોય ને વરસાદ વરસતો હોય તેવી રંગની ઝડી પરસ્પર થાતી હતી. ને મહારાજે અંગને વિશે ધારણ કરેલાં જે સુવર્ણનાં ઘરેણાં તેના ચળકાટ વીજળીના જેવા થાતા હતા ને અનેક પ્રકારનાં વાજિંત્ર વાગતાં હતાં.

તે સમે સ્વામી કહે, ‘હું પણ ભેળો હતો ને મારી પાસે પિચકારી પણ હતી. તે મેં પણ મહારાજના ઉપર પાંચ-સાત પિચકારી ભરી ભરીને નાખી ને ગુલાલની પાંચ-સાત મૂઠીઓ નાખી હતી.’ તે સમાની જે શોભા તથા બાઈનો પ્રેમ તથા મહારાજની દયા તથા સંત, પાર્ષદ, હરિભક્તોની જે પ્રીતિ ને મહારાજની મૂર્તિની જે શોભા તે તો કોટી કવિઓએ વર્ણન ન થાય એવી (અદ્‌ભુત) શોભા થાતી હતી. અને પૃથ્વીને વિશે રંગનો ને ગુલાલનો કીચડ થઈ જાતો હતો ને આકાશ લાલ વર્ણે દેખાતો હતો ને દેવતાઓનાં વિમાન પણ મહારાજની પ્રસાદીના ગુલાલથી રાતાં દેખાતાં હતાં.

એવી રીતે રંગ રમતાં રમતાં સૂર્ય પણ મહારાજનાં દર્શન કરીને પોતાની ગતિ સ્થિર કરી ગયા. એવી રીતે રંગ રમતે રમતે ત્રીજો પો’ર થઈ ગયો. ત્યાર પછી મહારાજે તાળી વગાડી ને સર્વેને રંગ રમવાની બંધી કરી ને કહે જે, ‘હવે આપણે ચાલો સર્વે નાહીએ.’ એમ કહીને પોતે ના’વા સારુ દરબારમાં પધાર્યા ને રંગ ભરેલાં વસ્ત્ર હતાં તે બાઈને આપ્યાં ને પોતે શ્વેત વસ્ત્ર પહેરીને નાહ્યા.

પછી નાહીને પીતાંબર પહેરીને, ચાખડીએ ચડીને દરબારમાં જમવા સારુ પધાર્યા. ને ત્યાં બાજઠ ઉપર ઉતરાદે મુખારવિંદે બેસીને થાળ જમીને પાછા ઉતારા ઉપર આવ્યા. ને સર્વે સંત તથા હરિભક્તો નાહીને વસ્ત્ર પહેર્યા. ત્યાં મોતિયા, જલેબી વિગેરે સંતને જમવાની રસોઈ તૈયાર થઈ. તેથી સર્વે સંત-હરિભક્તો જમવા સારુ પધાર્યા ને ત્યાં પંગત થઈ.

તે સમે મહારાજ પંડે પીરસવા સારુ પધાર્યા. તે સર્વે સંતને ઘણા હેતથી વારંવાર પંગતમાં ફરીને પીરસતા હતા. એવી રીતે સંતને ઘણીવાર પીરસી સિંહનાદ કરાવતા થકા મુખમાં લાડુ-જલેબી આપે. એમ વારંવાર પંગતમાં ફરીને જમાડીને ત્યાં હરિભક્તોને પણ પીરસી હાથ-પગ ધોઈને ઉતારા ઉપર આવતા હતા.

પછી મહારાજ સભામાં પધારતા હતા ને સર્વે સંતમંડળ પણ સભામાં આવતા હતા. ને બાઈ ઘણા સ્નેહથી મહારાજની પૂજા કરવા સારુ ઘણીક સામગ્રી ત્યાં લાવતાં હતાં. તેમાં દરેક જાતના દાગીના, વેઢ, વીંટી, કડાં, સાંકળાં, સુરવાળ, જરિયાની જામો, સેલું, મંડીલ, તોરા-હાર, ઉતરીઓ, મોહનમાળા, કુંડળ એવી રીતે મહારાજની પૂજા ઘણાક સામાને કરીને કરતાં હતાં. ત્યાર પછી મહારાજના મોઢા આગળ રૂપિયાના થાળ ભરીને મેલ્યા. અને કેળાં, સફરજન, દાડમ, નારંગી, લીલી દ્રાક્ષ– એ આદિક ફળ ભેટમાં મેલતાં હતાં.

પછી કુંવરે મહારાજની આરતી ઉતારી અને સર્વે સંતની ચંદન-પુષ્પે તથા વસ્ત્રે કરીને પૂજા કરી ને દંડવતપ્રણામ કરીને સર્વેને પગે લાગતા હતા. તે સમે મહારાજ તથા સંત, કુંવરને આશીર્વાદ આપતા હતા. એવી રીતે વસંતપંચમીનો ઉત્સવ ધર્મપુરમાં કુશળકુંવરબાઈએ ઘણા પ્રેમથી કરાવ્યો. ને કુંવર ઘણા પ્રેમથી મહારાજ તથા સંત સર્વેની પૂજા કરીને બેસતા હતા.

તે સમે સુરતના સર્વે સત્સંગીઓ મળીને મહારાજની પૂજા કરવાની

સામગ્રી જરિયાની સુરવાળ, જરકસી જામો તથા સેલાં વિગેરે વેઢ, વીંટીઓ, ઉતરીઓ, કુંડળ, કડાં, બાજુબંધ તથા મુગટ વિગેરે લઈને સભામાં આવતા હતા. અને પછી ચંદન-પુષ્પે કરી મહારાજની પૂજા કરીને સર્વે વસ્ત્ર તથા ઘરેણાં મહારાજને પહેરાવતા હતા. ને મસ્તકને વિશે ભારે મોટો મુગટ મહારાજને ધારણ કરાવીને પછી મોટી ભારે સવાસો દીવાની આરતી લઈને મહારાજની આરતી ઉતારી. ને પછી મહારાજને દંડવતપ્રણામ, સ્તુતિ કરીને સભાને વિશે બેસતા હતા. (જે મુગટ મહારાજને ધર્મપુરમાં ધારણ કરાવ્યો હતો તથા જે આરતી ઉતારી હતી તે બંનેય હાલમાં વડતાલ અક્ષરભુવનમાં છે.) ॥૫૪॥

૫૫. ધર્મપુરમાં વરઘોડાને વિશે મહારાજે સર્વેને દર્શન દીધાં.

અને તે સમે રાજાના કુંવરે શ્રીજીમહારાજની પ્રાર્થના કરી, ને કહે જે, 'હે મહારાજ ! અમને તો દયા કરી કૃતાર્થ કર્યા અને જન્મમરણ થકી રહિત કર્યા, પણ આવાં ને આવાં દર્શન શહેરમાં મારી સર્વે પ્રજાને દયા કરીને દ્યો, તો હું હાથી વિગેરે સવારી તૈયાર કરું.' એવી રીતનાં કુંવરનાં વિનયનાં વચન સાંભળીને દયાના સાગર એવા શ્રીજીમહારાજ તે બોલતા હતા જે, 'જાવ, તમે સવારી તૈયાર કરાવો, અમે દર્શન દઈશું.' એવાં મહારાજનાં વચન સાંભળીને કુંવર તથા કુશળકુંવરબાઈ મહામોટો હરખ પામતાં હતાં.

પછીથી તત્કાળ મોટા હસ્તી ઉપર સુવર્ણની અંબાડી તથા મોરચા તથા સર્વ ઘરેણાંએ સહિત હસ્તીને શણગારીને ત્યાં લાવતાં હતાં. તથા બીજાં મેના, પાલખીઓ, રથ, માફા – એ આદિક વાહન તથા સ્વારનાં નંગારાં, નિશાન, ડંકા તથા નાના પ્રકારનાં અનેક વાજિંત્ર તથા બરકમદારની પાયગાઓ – એ આદિક સર્વે સવારી તૈયાર કરીને મહારાજને સમીપે લાવીને ઊભી રાખતાં હતાં.

પછી કુંવર મહારાજની પાસે આવીને વિનંતીએ સહિત મહારાજને કહે જે, 'હે મહારાજ ! દયા કરી હસ્તી ઉપર બિરાજો !' એવાં કુંવરનાં વચન સાંભળીને મહારાજ ઊભા થયા. તે સમે છડીદાર **કુબેરસંગજી** તથા બીજા રાજાઓના છડીદાર તથા છત્તર-ચમરવાળા સર્વે તૈયાર થઈને ત્યાંથી ચાલ્યા. તે સમે છડીદાર 'જય જય મહારાજાધિરાજ' એવા શબ્દને ઉચ્ચારતા હતા. ને બે પાસે(બાજુ) ચામરવાળા ચામર ઢોળતા, ને છત્રવાળા મહારાજના ઉપર છત્ર ધરતા હતા. એવી અલૌકિક શોભાને ધારણ કરીને અનેક જીવને દર્શન દેતા હતા.

પછી ત્યાંથી ધીરે ધીરે ચાલીને હસ્તીની પાસે આવ્યા. તે સમે મહાવતે હસ્તીને બેસાડ્યો. અને મહારાજ પોતે અંબાડી ઉપર બેઠા ને બે પાસે બે ચામરવાળા બેસતા હતા. ને તે સમે મહારાજે રત્નજડીત એવો ભારે મુગટ ધારણ કર્યો હતો. તેનાં સૌને દર્શન થાય તે સારુ રાજાના કુંવરે મશાલો ઊંચી ઝલાવીને હસ્તીની બે પાસે રખાવી. તે સમયની મહારાજની શોભા અલૌકિક હતી. તે શોભાને જોઈને સર્વે સંત, બ્રહ્મચારી, પાર્ષદ તથા હરિજન ઘણા હરખ પામીને રોમાંચિત ગાત્ર ને ગદ્‌ગદ કંઠે થઈ દેહના ભાનને પણ કેટલાક ભૂલતા હતા. તેનું કારણ એ કે (તે સમયે) કોઈ મહારાજને તથા સંતને ગામમાં પેસવા દે નહિ ને આવે તો ધૂળ નાખે ને 'મહુડી મહુડી' કરે, એવી રીતે અપમાન કરતા. ને આ તો મહારાજને હાથીએ બિરાજમાન કર્યા, તે જોઈને ઘણા હરખને પામતા હતા. અને તે સમે અનેક પ્રકારનાં વાજિંત્રનો શબ્દ તથા સંતે ઉચ્ચારણ કર્યા એવા અનેક પ્રકારના મહારાજના ગુણનાં કીર્તન તથા બંદૂકો વગેરેના ભડાકાના શબ્દ તે સર્વે દશેય દિશાઓને વિષે વ્યાપતો હતો.

તેને સાંભળીને બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ઈન્દ્રાદિક દેવતાઓ નારદાદિક સર્વે મુનિઓ તથા અપ્સરાઓનો ગણ તથા ગંધર્વ – એ આદિક સર્વે પોતપોતાનાં વિમાનમાં બેસીને ઉતાવળા આકાશમાર્ગે આવીને અતિ

હરખથી પુષ્પ-ચંદનથી મહારાજની પૂજા કરતા હતા ને હરખને પામતા હતા. અને મહારાજનાં અલૌકિક દર્શન કરી ઘણા હરખથી દુંદુભિ વગેરે વાજિંત્રને વગાડીને મહારાજનો યશ તથા કીર્તી તેનું ઘણા આનંદથી ગાન કરતા હતા. અને અપ્સરાઓનો ગણ પણ ઘણા હરખથી નૃત્ય કરતો હતો. અને દેવની સ્ત્રીઓ પણ મહારાજનાં દર્શન કરીને મહામોટા ઉત્સાહથી કેટલીક પોતપોતાનાં વિમાનમાં સ્થિર થઈ જતી હતી. અને મહારાજની સવારી ત્યાંથી ધીરે ધીરે ચાલતી ચાલતી બજારમાં આવી.

તે સમે અનેક માણસની ભીડ થાતી હતી અને કેટલીક બાઈયું પોતપોતાનાં ઘરનાં સર્વે કામ મૂકીને મહારાજ પધાર્યા તેને સાંભળીને પોતપોતાનાં ઘર, અગાશીઓ, કઠેરા, ઝરૂખા ત્યાં આવીને ઊભી રહી. ને મહારાજનાં દર્શન કરી ખેંચાઈ ગયાં છે નાડી-પ્રાણ તે જેનાં, **એવી સતી મહારાજની મૂર્તિને વિષે તદાકાર થતી હતી.** તે કેની પેઠે ? તો જેમ ચિતરામણમાં ચીતરેલી હોયને શું ! તેમ થાતી હતી. એવી રીતે શહેરનાં અનેક સ્ત્રી, પુરુષ, બાળક વગેરે સર્વેનાં મનને પોતાની મૂર્તિને વિષે તાણી લેતા એવા સતા ધીરે ધીરે શહેરમાં સર્વેને દર્શન દેતાં દેતાં બજારે બજારે સવારી ફરતે ફરતે સર્વે શહેરને પોતાનાં દર્શન દઈને એ સર્વેનાં પાપ નિવારણ કરતા સતા રાતના બાર વાગે મહારાજની સવારી પોતાના ઉતારાને વિશે પધારી હતી.

તે સમે મહાવતે હસ્તી બેસાડ્યો એટલે પોતે ઊતરીને મુગટે સહિત સભાને વિષે બિરાજમાન થયા. અને કુશળકુંવરબાઈ તથા એમના કુંવર એ આદિક મહામોટા હરખને પામીને એમ બોલતાં હતાં જે, “હે કૃપાનાથ ! હે શરણાગતપાલક ! હે ભક્તવત્સલ ! હે પતિતપાવન! તમે અમો રાંક ઉપર ઘણી દયા કરીને કૃતાર્થ કર્યા. કારણ કે, તમારો ને અમારો મેળાપ તો કીડી-કુંજરના જેવો છે. ને હે ભગવાન ! અમારાથી આપની સેવા કંઈ પણ બની શકી નથી, અને આ તો હસ્તી ને સસલાની બાઈબંધી જેવું થયું છે. માટે હે દીનબંધુ ! હે દયાસિંધુ ! આપને જે

અમોએ તસ્દી આપી તે માફ કરશો.” એવી રીતે ઘણી સ્તુતિ કરી મહારાજને પગે લાગીને કુંવર પોતાના સ્થાનક પ્રત્યે ગયા.

અને સર્વે દેવતાઓને મહારાજે આજ્ઞા કરી તેથી પોતપોતાને સ્થાનકે જાતા હતા. અને મહારાજની આજ્ઞાથી સંત તથા હરિભક્ત સૌ પોતપોતાને ઉતારે ગયા ને મહારાજ સર્વે ઘરેણાં તથા મુગટને ઉતારી, જળપાન કરીને સજ્યાને વિશે પાર્ષદે સેવ્યા થકા પોઢતા હતા ને યોગનિદ્રાને અંગીકાર કરતા હતા. ।।૫૫।।

૫૬. ધર્મપુરમાં સભામાં ગાવણું થયું તે વાત

અને બીજે દિવસે પ્રાતઃકાળે પોતે ઊઠીને સ્નાન આદિક નિત્યવિધિ કરીને સભાને વિષે બિરાજમાન થયા. અને સર્વે સંત પણ નિત્યવિધિ કરીને સભાને વિષે આવતા હતા. તથા હરિજન પણ સભાને વિષે આવતા હતા. **તે સમે મહારાજ ઘણીક પોતાનાં ઐશ્વર્ય સંબંધી તથા પોતાના પ્રતાપ સંબંધી તથા પોતાનું સ્વરૂપ સર્વોપરી છે ને સર્વનું કારણ અને સર્વે અવતારનો અવતારી એવો હું છું તથા મારું ધામ અક્ષર તે પણ સર્વોપરી છે.** એ સંબંધી તથા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ સંબંધી ઘણીક વાર્તા કરતા હતા.

અને એ વાર્તામાં જ પોતાનાં ઐશ્વર્ય તથા પોતાનું અક્ષરધામ તથા પોતાની મૂર્તિ તે ને આ એક જણાય, એવી રીતે સર્વેને અલૌકિક પ્રતાપ દેખાડતા હતા. અને સર્વેને યથાર્થ જ્ઞાન થાય એવી રીતે સમાધિ વિના સર્વેને અક્ષરધામ આદિક સર્વે ધામનાં ઐશ્વર્ય તથા ભોગ તથા સ્થાન દેખાય એવી દિવ્યદૃષ્ટિ સર્વેને ઘણીવાર આપી. ને પછીથી જેવા પોતે બિરાજમાન છે એવા દેખે એવી દૃષ્ટિ કરી દીધી. એવી રીતે સર્વે સંત તથા હરિજનને મહા મોટો આનંદ પોતાનાં ઐશ્વર્યે કરીને ઉપજાવતા હતા ને પોતાના સ્વરૂપનો દૃઢ નિશ્ચય કરાવીને ઘણીક વાર્તા કરીને પોતાનું સુખ આપતા હતા.

તે સમે રાજાના કુંવર સભામાં આવીને બેઠા ને મહારાજને કહે જે, "હે મહારાજ ! અમારા ગવૈયા છે તે તમે કહો તો ગાયન કરવા બોલાવીએ." ત્યારે મહારાજ કહે જે, "અમારી સાથે ગવૈયા છે." ત્યારે કુંવર કહે જે, "અમારા તો રાજના ગવૈયા કહેવાય." ત્યારે મહારાજ કહે જે, "ઠીક, બોલાવો." એમ કહીને પ્રેમાનંદસ્વામી તથા દેવાનંદ સ્વામીને મહારાજ કહે જે, "તમે ઉતારા ઉપર તાલમેળ કરીને વાજિંત્ર અહીં આવો." ત્યારે પ્રેમાનંદસ્વામી, યોગાનંદસ્વામી, દેવાનંદસ્વામી એ આદિક ગવૈયા ઊઠીને ઉતારા ઉપર ગયા. ને રાજાના ગવૈયા સભામાં આવીને બેઠા ને ગાયન કરવા લાગ્યા ને એક-બે કીર્તન ગાયાં.

તે સમે પ્રેમાનંદસ્વામી, દેવાનંદસ્વામી આદિક ગવૈયા આવી વાજિંત્ર લઈને સભામાં બેઠા ને મહારાજનાં કીર્તન એવાં ગાવા માંડ્યા જે, રાજાના ગવૈયાની કામઠી ના ચાલવા દીધી ને ઘણું પ્રેમે સહિત ગાયન કર્યું. તે સાંભળીને મહારાજ સંતની ઉપર પ્રસન્ન થઈને, પોતે ખભે નાખેલું ભારે શેલું હતું તે લઈને પ્રેમાનંદસ્વામી, દેવાનંદસ્વામી, યોગાનંદસ્વામીના મસ્તક ઉપર ઉતારીને કહે જે, "રાજી તો અમે તમારા ઉપર થયા છીએ, પણ તમારે આ શેલું ખપે નહીં; તેથી આ રાજાના ગવૈયાને આપીએ છીએ." એમ કહીને રાજાના ગવૈયાને શેલું આપતા હતા. ॥૫૬॥

૫૭. ધર્મપુરથી મહારાજ ચાલ્યા તથા કુશળકુંવરબાઈનો પ્રેમ

અને વળી તે સમે કુશળકુંવરબાઈએ મહારાજને જમવા સારુ થાળ તૈયાર કર્યો. અને પછી મહારાજને જમવા સારુ બોલાવવા મનુષ્ય મોકલ્યું. તે મહારાજ ચાખડીએ ચડી દરબારમાં જમવા સારુ પધાર્યા ને બાજઠ ઉપર ઉત્તર મુખારવિંદે બેસતા હતા. અને થાળ લાવીને સર્વે મોઢા આગળ મેલ્યો ને મહારાજ તે બાઈનો ઘણો પ્રેમ જોઈને થાળમાં

ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોસ્ય – એ ચાર પ્રકારનાં ભોજન તેને બાઈના ઘણા પ્રેમથી મહારાજ ધીરે ધીરે ઘણીવાર સુધી જમતા હતા. ને પછી જમીને ત્રપ્ત થઈ ચળુ કરી, જળપાન કરીને મુખવાસ લઈને બાઈને કહેતા હતા જે, “અમારે હવે ચાલવા છે. અહીં રહ્યા દોઢ માસ થયો ને તમારા સ્નેહથી ઘણું ટક્યા. હવે અમને તમો રજા દ્યો.” એવાં વચન સાંભળી બાઈ બહુ દિલગીર થયાં ને મૂરછાથી ભોંયે ઢળી પડ્યાં.

તે જોઈને મહારાજ પણ ઘણું એમના ઉપર પ્રસન્ન થઈને બાઈને પોતે ઊઠાડી, ને પોતાના સ્વરૂપ સંબંધી તથા ધીરજતાની વાત કરી. ત્યારે બાઈ કંઈક ધીરજને પામી, ને મહારાજ પ્રત્યે બોલતાં હતાં જે, “હે મહારાજ ! મને પૂજવા સારુ આપનાં ચરણારવિંદ પાડી આપો, ને મારા થકી દૂર રહેશો નહીં ને જે સમે હું સંભારું તે સમે આવાં ને આવાં દર્શન મુને હંમેશ થાય એવી મારા ઉપર દયા કરીને વર આપો.” એ વાત સાંભળીને મહારાજ બાઈને વર આપીને તથા ચરણારવિંદ પૂજવા સારુ પાડી આપીને બાઈની રજા માગી દરબારમાંથી ઉતારા પર આવતા હતા. ને સંતની પણ પંક્તિ થઈ હતી તે સર્વે સંત પણ જમીને તૈયાર થતા હતા. તે સમે પ્રથમ હતો તેનો તે હસ્તી તથા સર્વે સવારી લઈને કુંવર મહારાજની પાસે આવ્યા.

પછી મહારાજને હસ્તી ઉપર બિરાજમાન કરીને સવારીએ સહિત કુંવર પોતે તથા કુશળ કુંવરબાઈ મેનામાં બેસીને મહારાજને વળાવવા સારુ મહારાજની પછવાડે આવતાં હતાં. ને સર્વે કારભારી-મંડળ વગેરે સર્વે શહેરથી ઘણા છેટા સુધી મહારાજને વળાવવા સારુ આવતા હતા.

તે સર્વેને જોઈને મહારાજ પોતે હાથી ઉપરથી હેઠે ઉતરીને કુંવરને તથા કુશળકુંવરબાઈને પોતાની પ્રસાદીના હાર તથા વસ્ત્ર આદિક આપીને શાંતિ કરીને સર્વેને પાછા વાળતા હતા. ને સર્વે કારભારી મંડળ આદિકને ફૂલના હાર આપીને પાછા વાળતા હતા. અને પોતે ત્યાંથી **વાંસદે** પધારતા હતા. ॥૫૭॥

૫૮. મહારાજ વાસંદે પધાર્યા તે વાત

અને પોતે ત્યાંથી ચાલ્યા તે ગામ વાંસદે પધાર્યા. અને ત્યાંના રાજાએ 'મહારાજ પધારે છે' તે વાત સાંભળી, ને સવારીએ સહિત તથા અનેક પ્રકારનાં વાજિંત્ર, ડંકા, નિશાન, અબદાગીરી – એ આદિક સામૈયાનો સામાન લઈને ઘણા સ્નેહથી મહારાજના સન્મુખ આવતા હતા. ને પછી મહારાજનાં છેટેથી દર્શન કરી ઉત્સાહે સહિત દંડવત્પ્રણામ કરી મહારાજની પાસે આવ્યા, ને મહારાજને પુષ્પ, ચંદન, શ્રીફળ એ આદિક ભેટ મૂકી, વિનંતીએ સહિત મહારાજને પગે લાગીને કહે જે, "હે મહારાજ! સવારીએ સહિત શહેરમાં સર્વેને દર્શન દેતાં દેતાં આપ પધારો !"

એ વાત સાંભળીને મહારાજ કહે જે, "બહુ સારું, તમે કહો તેમ કરીશું." એમ કહીને સર્વે જરિયાની વસ્ત્ર તથા ઘરેણાં ધારણ કરીને ઘોડી ઉપર સવાર થયા ને છત્ર, ચામર, અબદાગીરી, છડીદાર – એ સર્વેની શોભાએ સહિત સર્વેને દર્શન દેતાં દેતાં શહેરમાં થઈ દરબારમાં પધાર્યા. અને ત્યાં પોતે મોટી સભા કરીને વિરાજમાન થયા અને સર્વે સંત તથા સત્સંગી સૌ સભામાં આવીને બેસતા હતા.

તે સમે શહેરના ઘણાક મતવાદી તથા શાસ્ત્રીઓ પુરાણીઓ વિગેરે આવ્યા હતા. તેમણે ઘણા પ્રશ્ન કર્યા. તે સર્વે પ્રશ્નના ઉત્તર મહારાજ તત્કાળ કરીને સર્વેને જીતતા હતા અને મહારાજે તેમને પોતાનું ઐશ્વર્ય તથા પ્રતાપ ઘણોક દેખાડ્યો. તે જોઈને શહેરના રાજા તથા શાસ્ત્રી-પુરાણીઓ કહે જે, "આ તો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ ભગવાન છે." એવી રીતે એ સર્વેને પોતાનો નિશ્ચય કરાવતા હતા.

અને પછી તે સર્વે મહારાજની આજ્ઞા માગી સૌ સૌને ઘેર ગયા. અને મહારાજ પોતાના ઉતારે પધાર્યા અને સર્વે વસ્ત્ર, ઘરેણાં તેને ઉતારીને બ્રહ્મચારીએ થાળ તૈયાર કર્યો હતો. તે સ્નાન કરી પીળું

પીતાંબર તથા ઉપરણી ઓઢી ચાખડીઓ પે'રી જમવા સારુ પધાર્યા. ને બાજઠ ઉપર ઉગમણે મુખારવિંદે બિરાજમાન થયા. તે સમે બ્રહ્મચારીએ થાળ લાવી મહારાજ આગળ મૂક્યો. પછી પોતે ધીરે ધીરે જમતા જાય અને પાણી પીતા જાય. એવી રીતે ઘણીવાર જમી તૃપ્ત થઈને ચળુ કરી, જળપાન કરીને મુખવાસ લઈ ઉતારા ઉપર પધાર્યા.

અને સંતની રસોઈ તૈયાર થઈ એટલે સંત જમવા પધાર્યા અને સર્વે સંત પણ જમીને સભાને વિશે આવતા હતા અને મહારાજ પણ સભામાં પધાર્યા. ને તે દિવસે ઘણીક વાર્તા કરતા હતા. તે વાર્તાને સાંભળીને તે શહેરના રાજા વિગેરે ઘણાક મનુષ્ય સત્સંગી થતા હતા ને 'આ પ્રગટ ભગવાન છે,' એમ જાણીને 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' એવું ભજન કરતા હતા. એવી રીતે પોતાના ભક્તજનને સુખ આપતા હતા. અને ઘણાકને સમાધિઓ કરાવીને વૈકુંઠ, ગોલોક, અક્ષરધામ – એ આદિક ધામ દેખાડીને પોતાનો પુરુષોત્તમપણાનો નિશ્ચય કરાવી ઘણું સુખ આપતા હતા. એવી રીતે એ શહેરમાં રહીને ચોથે દિવસે ચાલવાની તૈયારી કરી.

તે જોઈને રાજાએ મહારાજની ઘણીક વિનંતીએ સહિત સ્તુતિ કરી, ને બોલતા હતા જે, "હે મહારાજ ! અમે પામર છીએ ને રાજ મદે કરીને આંધળા એવા અને સંસારરૂપી ઊંડા કૂવામાં પડેલા ને વિષયરૂપી ચોરે નેત્ર ચોરી લીધેલાં ને કાળરૂપ સર્પે તો અમને ગળેલા ને જન્મમરણને વારે વારે પામતા ને સંસારરૂપી સમુદ્રમાં પડેલા તેને હે કૃપાનાથ ! હે શરણાગતપાલક ! દયાએ કરીને કર ગ્રહી તમોએ અમને કાઢ્યા. એવી ને એવી હંમેશાં દયા કરજો ને અમે જ્યારે સંભારીએ તે સમે તમો દર્શન દેજો ને અંત સમે આપની પાસે તેડી લેજો. તે વર મને આપો ને આપનાં ચરણારવિંદ પૂજવા સારુ પાડી આપો."

તે વાતને મહારાજે સાંભળી, ને તેને વર આપી ચરણારવિંદ પાડી આપતા હતા. ને પછી પોતે થાળ જમીને ઉતારા ઉપર પધાર્યા અને સર્વે

સંત પણ જમીને ચાલવા સારુ તૈયાર થઈ મહારાજની પાસે આવ્યા. ને મહારાજ પણ એવી રીતે વાંસદામાં ચાર દિવસ રહીને સંતે સહિત ચાલતા હતા. ને મહારાજને વળાવવા સારુ તે રાજા તથા શહેરના હરિભક્તો સર્વે શહેરથી ઘણે છેટે આવ્યા. તેમને જોઈને મહારાજ સર્વેને શાંતિનાં વચન કહીને તથા પુષ્પના હાર આપી, સત્કાર કરી સર્વેને પાછા વાળતા હતા. પછી પોતે ત્યાંથી ચાલ્યા તે દેવકી તીર્થ જાતા હતા. ॥૫૮॥

૫૯. મહારાજ વાસંદેથી ચાલ્યા ને દેવકીતીર્થ ગયા.

અને વાંસદાથી મહારાજ ચાલ્યા તે દેવકી તીર્થ ગયા. ત્યાં ઊના-ટાઢા પાણીના કુંડ છે. ત્યાં નાહીને ટીમણ કરીને સંતે સહિત રસ્તામાં હરિજનોનાં જે ગામ આવે ત્યાં રાત રહી હરિજનને સુખ આપતા થકા પોતે ચાલ્યા. તે **તાપી નદી** ઊતરીને **કીમ** ચોકડીએ આવતા હતા. ને ત્યાં આવીને સ્નાન-સંધ્યા કરીને પોતે બિરાજમાન થયા. તે સમે બ્રહ્મચારી કહે જે, “હે મહારાજ ! તમે ટીમણ કરો.” ત્યારે મહારાજ કહે જે, “અમારે તો વાત કરવી છે.” ત્યારે મુક્તાનંદસ્વામી આદિક સર્વે સંત આવીને વાત સાંભળવા સારુ બેઠા.

પછી મહારાજ વાત કરવા લાગ્યા જે, **“સાક્ષાત પુરુષોત્તમ-નારાયણનો સંબંધ બદરિકાશ્રમના મુક્તોને નથી અને શ્વેતદ્વીપના મુક્તોને નથી ને વૈકુંઠના મુક્તોને નથી ને ગોલોકના મુક્તોને પણ નથી. એક અક્ષરધામના મુક્તોને પુરુષોત્તમ નારાયણનો સંબંધ છે.”** એવી વાતને સાંભળીને મુક્તાનંદસ્વામી કહે જે, “હે મહારાજ ! પૃથ્વી ઉપર કોઈકને હોય તો કેમ ?” તે સાંભળીને મહારાજ બોલ્યા જે, “હે સંતો ! એટલી જ વાત સમજવાની છે.” એવી રીતે પોતાના સ્વરૂપનો માહાત્મ્યજ્ઞાને સહિત દૃઢ નિશ્ચય સર્વેને કરાવ્યો.

તે સમે મહારાજને સમીપે ગામ **વાંકિયાના મોકો ખાચર** માથે લૂગડું ઓઢીને ધ્યાન કરવા બેઠા. તેમને જોઈને **સુરો ખાચર** કહે જે, "હે મહારાજ ! આપે ભૂલ્યો ને ઓરકું ભુલાવે, જાહ્નવી તીરે કૂપ ખોદાવે." એમ કહીને મોકા ખાચરનું લૂગડું તાણી નાખીને કહે જે, "તારો બાપ તો અહીં સમીપે બેઠો છે ને ઘૂંઘટો વાળીને કેને જુઓ છો ?" તે સાંભળીને મહારાજ તથા સંત-પાર્ષદ હસીને ટીમણ કરતા હતા. ને ટીમણ કરી જળપાન કરીને મુખવાસ લઈને તૈયાર થઈ સર્વે સંતમંડળે સહિત મહારાજ ચાલતા હતા. ॥૫૯॥

૬૦. મહારાજ કીમ ચોકડી થઈ આમોદ પધાર્યા.

અને ચાલતાં ચાલતાં રસ્તામાં આગળ **નર્મદા નદી** આવી. તેને વહાણમાં બેસીને ઊતર્યા ને ત્યાંથી ગામ **હલદર** આવ્યા. ત્યાંના હરિજનોએ મહારાજને રાખ્યા ને મહારાજને તથા સંતને રસોઈ કરાવીને જમાડ્યા ને ઘણો લાભ લેતા હતા. ને પછી ત્યાં રાત રહીને બીજે દિવસે ચાલ્યા ને સર્વે સંતને કહે જે, "તમે ફરતાં ફરતાં ધીરે ધીરે હરિજનોને દર્શન દેતાં દેતાં વડતાલે ફૂલદોલના ઉત્સવ ઉપર આવજો ને અમે ચાલીએ છીએ." એમ કહીને પોતે ચાલ્યા, તે રસ્તામાં આવતાં ગામ **બુવા**નો માર્ગ ભૂલ્યા. તેથી સુરો ખાચર કહે, "ભણે, મમરાનો મારગ ભણે કીસે જાશે ?" ત્યારે મોકો ખાચર કહે જે, "ભણે તારા મોઢામાં જાશે."

તે વાત સાંભળીને મહારાજ તથા પાર્ષદ સર્વે ઘણું હસતા હતા. એ રીતે રમૂજ કરતાં કરતાં ગામ **બુવે પટેલ કાનદાસ**ને ત્યાં આવ્યા. ને પટેલે સામૈયું તથા વાજિંત્રે સહિત મહારાજને ઘણા હેતથી પોતાને ઘેર પધરાવ્યા. ને પછી મહારાજના સારુ ભારે થાળ કરાવીને મહારાજને રૂડી રીતે જમાડ્યા ને સર્વે સંત તથા પાર્ષદને જમાડ્યા. પછી મહારાજ જમીને સભા કરીને બેઠા.

તે સમે એક દરબાર ત્યાં આવ્યા. તેમની સંગાથે એક શાસ્ત્રી હતા. તે મહારાજના મહિમાનો શ્લોક બોલ્યા. તેને સાંભળીને મહારાજ કહે જે, **“તમે જેવા કહ્યા તેવા જ અમે ભગવાન છીએ અને અનેક જીવનો મોક્ષ કરવા સારુ પૃથ્વી ઉપર પધાર્યા છીએ.”** એવી ઘણીક વાત કરી.

તેને સાંભળીને તે શાસ્ત્રી તથા દરબાર તથા તે ગામના બીજા ઘણા માણસો મહારાજના આશ્રિત થયા. ને પ્રગટ ‘સ્વામિનારાયણ સ્વામિનારાયણ’ ભજન કરતા હતા. અને ગામના હરિજનોને સમાધિ કરાવીને અક્ષરધામ દેખાડતા હતા. એવો પોતાનો અલૌકિક ચમત્કાર જણાવીને સર્વેને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવીને સભામાંથી ઊઠીને પોતે પોઢવા સારુ ગયા ને પોતાના ઉતારા ઉપર પલંગે પોઢી જાતા હતા.

પછી બીજે દિવસે સવારે ઊઠ્યા ને નિત્યવિધિ કરીને ચાલ્યા તે ગામ **આમોદ** આવ્યા. ને ત્યાં **શેઠ હરજીવનભાઈ** તથા **ગણપતભાઈ** તથા **દીનાનાથ ભટ્ટ** – એ આદિક સર્વે હરિજને વાજિંત્રે સહિત મહારાજનું ઘણા હેતથી સામૈયું કર્યું ને સત્કારે સહિત શહેરમાં બજારે બજારે સવારી ફેરવી ને પોતાને ઘેર મહારાજને પધરાવ્યા. પછી મહારાજના સારુ ભારે થાળ કરીને મહારાજને જમાડતા હતા ને પછી સંત તથા પાર્ષદને જમાડ્યા. ને પછીથી મહારાજ સભાને વિશે આવીને બિરાજમાન થયા.

તે સમે હરજીવનભાઈ તથા ગણપતભાઈ તથા દીનાનાથ ભટ્ટ એ આદિક સર્વે હરિજન, મહારાજની પૂજા કરવા સારુ સેલું, સરપાવ, વેઢ, વીંટી, કડાં, સાંકળાં – એ આદિક ઘરેણાં તથા પુષ્પ-ચંદન વગેરે પૂજાનો સામાન લઈને સભામાં આવ્યા. ને આવીને મહારાજની ઘણા સ્નેહથી પૂજા કરીને આરતી ઉતારી ને દંડવતપ્રણામે સહિત પગે લાગીને “જયજય મહારાજ રાજાધિરાજ અખિલ બ્રહ્માંડકે નાથ !” એવી રીતે ઘણીક મહારાજની સ્તુતિ કરીને બેસતા હતા. ને મહારાજે તે સમે ધર્મ, જ્ઞાન, વૈરાગ, ભક્તિ સંબંધી ઘણીક વાત કરી, ને પછી ઉતારે પધાર્યા ને પછી પોઢી ગયા. ॥૬૦॥

૬૧. મહારાજ આમોદથી ચાલ્યા તે વરતાલ પધાર્યા.

અને પછી બીજે દિવસે ત્યાંથી ચાલ્યા તે રસ્તામાં એક ગામ આવ્યું. ત્યાં મોટો એક વડનો વૃક્ષ હતો. ત્યાં પોતે ઉતારો કરીને સ્નાન આદિક નિત્યવિધિ કર્યા. ને પછી ગામમાંથી ખીચડી વેચાતી લાવ્યા. ને કુંભારના ઘરનાં મોટાં હાંલ્લાં લાવ્યાં ને પોતે ખીચડી કરીને જમ્યા તથા સર્વે પાર્ષદને પોતે પીરસીને જમાડ્યા. અને તે સમે થોડેક છેટે બીજો એક વડ હતો. ત્યાં કોઈક ફોજદાર સૂતેલો હતો. તેની જોડે ઘણાક સિપાઈઓ હતા. તેમાંથી બે-ચાર સિપાઈઓ ત્યાં આવીને સુરા ખાચરને કહે જે, "આ કોણ છે ?" ત્યારે સુરો ખાચર કહે જે, "અમારો ફોજદાર છે."

ત્યારે તે સિપાઈ કહે જે, "તમારો ફોજદાર તો બહુ સારો. કાં જે, તમને ખીચડી પોતે કરીને પીરસીને જમાડ્યા. તેથી તમારા ફોજદાર બહુ સારા છે. ને અમારો ફોજદાર તો અમને તિરસ્કાર કરે છે ને તમે કહો તો અમે અહીં આવીએ; અમને રાખશે ?" ત્યારે સુરો ખાચર કહે જે, "રાખશે." ત્યારે તે કહે જે, "પગાર શો આપશે ?" ત્યારે સુરો ખાચર કહે જે, "મહીને પૈ ને ખાવા-પીવાનું મઈ." એ વાત સાંભળીને તે સિપાઈ તો ભાગી ગયા ને મહારાજ ખડખડ હસ્યા. એવી રીતે ત્યાં રમૂજ કરીને ત્યાંથી ચાલ્યા. તે **મહિસાગર** ઊતરીને **બામણગામે** થઈને અનેક જીવને અભયદાન દઈને વડતાલ પધારતા હતા. ॥૬૧॥

૬૨. ગામ બુધેજના દરબાર હઠીભાઈને પરચો આપ્યો.

અને વળી વરતાલમાં સુતારનાં ઘરાં આગળ એક ઓરડી હતી. તેમાં મહારાજ પોતે મુકામ રાખીને ગામથી ઉગમણે પાસે તળાવને સામે કાંઠે એક આંબલો હતો ત્યાં દરરોજ મહારાજ સભા કરીને વાતો કરે ને બીજાં ગામોના હરિજનો ત્યાં મહારાજનાં દર્શન કરવા સારુ આવે ને જાય.

તેવા સમામાં ગામ **બુધેજના દરબાર હઠીભાઈ** પોતાના બે દીકરા તથા ગામ **મોરજના ગોકળ ગઢવી** તેણે સહિત વડતાલ આવતા હતા. તેણે રસ્તામાં એવો સંકલ્પ કર્યો જે, 'જો સ્વામિનારાયણ ભગવાન હોય તો ઓતરાદે મુખારવિંદે પાટ ઉપર બેઠા હોય, ને તે ઉપર કાળી કામળી પાથરી હોય, ને તે ઉપર પુસ્તક મેલ્યું હોય – એ ચાર સંકલ્પ સત્ય થાય તો સ્વામિનારાયણ ભગવાન ખરા !' એવું ધારી વડતાલે આવ્યા. ત્યાં તો મહારાજ ઉતરાદે મુખારવિંદે પાટ ઉપર સભામાં બેઠા હતા. તેમને જોઈને એમ મનમાં ધાર્યું જે, 'અડધા ભગવાન ખરા ! કેમ જે, બે સંકલ્પ પૂરા છે.' એમ જાણીને મહારાજને ઘણા સ્નેહથી પગે લાગી સભામાં બેઠા.

ત્યાર પછી મહારાજ બ્રહ્મચારીને કહે જે, 'પેલી કાળી કામળી લાવો ને પુસ્તક લાવો.' ત્યારે બ્રહ્મચારીએ કાળી કામળી લાવી તથા પુસ્તક લાવીને મહારાજને આપ્યું. ને મહારાજે કાળી કામળી પાટ ઉપર પાથરી, ને ઉપર પુસ્તક મેલીને પોતે પુસ્તકને છોડીને ચાર પાનાં હાથમાં લઈ મુક્તાનંદસ્વામીને કહે જે, "આ પુસ્તકના અક્ષર બહુ સારા છે, તમો જુઓ." ત્યારે મુક્તાનંદસ્વામી જોઈને કહે જે, "મહારાજ, આ પુસ્તકના અક્ષર ઘણા સારા છે." તે જોઈને બુધેજના દરબાર હઠીભાઈ ફરીથી ઊઠીને મહારાજને પગે લાગ્યા.

ત્યારે મહારાજ કહે જે, 'દરબાર, તમે દાનસ્તા[1] મનુષ્ય થઈને ફરીથી કેમ પગે લાગ્યા ?' ત્યારે દરબાર કહે જે, 'હે મહારાજ ! અમે રસ્તામાં આવતાં ચાર સંકલ્પ કર્યા હતા. તેમાંના બે સંકલ્પ મળ્યા(પૂરા થયા) ને બે નો'તા મળ્યા, તે હમણાં મળ્યા. ત્યારે હું પ્રથમ અડધા ભગવાન જાણીને પગે લાગ્યો હતો. અને હવે ચારેય મળ્યા ત્યારે આખા ભગવાન જાણી ફરીથી આપને પગે લાગ્યો.

ત્યારે મહારાજ કહે જે, "ભગવાનનો કંઈક ડખો હતો કે શું ?"

૧.સમજુ; બુદ્ધિમાન

એમ રમૂજ કરીને બોલતા હતા. ત્યારે દરબાર કહે જે, “મહારાજ ! એમ નહિ, જે મેં ચાર સંકલ્પ કર્યા હતા તે મળ્યા ત્યારે મેં જાણ્યું જે, ભગવાન ખરા. પછી આપનો દૃઢ નિશ્ચય કરીને પગે લાગ્યો. હવે મને તમારો સત્સંગી કરો.” એમ કહીને મહારાજને હાથે વર્તમાન ધારીને દૃઢ સત્સંગી થયા.

પછી મહારાજ તેમને કહે જે, ‘આવા સંકલ્પ કરવા નહીં. કાં જે, ભગવાન તો અલમસ્ત-જાતિ છે, તે કોઈ સમે તો સંકલ્પ પૂરા કરે ને કોઈ સમે તો ના કરે. આ તો અમે અંતર્યામીપણે જાણીને તમારા સંકલ્પ પૂરા કર્યા; નહિ તો આમાં બગડત કે’નું ?’ તે વાત સાંભળી દરબાર કહે જે, ‘હે કૃપાનાથ ! તમોએ દયા કરી મારા સંકલ્પ પૂરા કર્યા, નહીં તો મારું બગડત.’ એમ કહી સભામાં બેસતા હતા. એવી રીતે મહારાજ પોતાનાં ઐશ્વર્ય-પ્રતાપ દેખાડીને ઘણાક જણાને સત્સંગ કરાવતા હતા. ॥૬૨॥

૬૩. જોબન વરતાલે મહારાજને રંગ રમવાની વાત પૂછી.

અને એક દિવસે ત્યાં આંબલે સભા કરીને પોતે બિરાજમાન હતા. તે સમે જોબન વરતાલો ઘણા સ્નેહથી મહારાજને પૂછતા હતા જે, “હે મહારાજ ! આપ અહીં વારંવાર રંગ ઉત્સવ કરો છો. તે સારુ આપ કહો તો ચીરાબંધ[1] રંગના હોજ કરાવું. કારણ કે આગળ ફૂલડોલનો ઉત્સવ આવે છે ને તે ઉત્સવ ઉપર આપ આજ્ઞા આપો તો આપને રમવા સારુ ઘણીક પિચકારીઓ, ગુલાલ તથા રંગ એ આદિક સામાન હું તથા નારાયણગર બાવો બંને થઈને મંગાવીએ.”

તે વાત સાંભળીને મહારાજ ઘણું પ્રસન્ન થઈને બોલતા હતા જે, “બહુ સારું, **ધનનું ફળ તો એ જ છે જે, ભગવાન ને ભગવાનના**

૧.ઈંટ કે પથ્થરથી જડેલું – પાકું

સંતના ઉપયોગમાં આવે ને તે રાજી થાય એ જ ફળ છે." એમ કહીને મહારાજ કહે જે, 'મંગાવો, ને સંત તથા સત્સંગી પ્રત્યે કંકોતરીઓ લખો જે, અહીં વડતાલે મહારાજ ફૂલડોલનો ઉત્સવ કરવાના છે. તે ફૂલડોલ ઉપર પધારજો.'

એ વાત સાંભળીને જોબન વડતાલે તથા નારાયણગર બાવો એમણે કંકોતરીઓ લખી ને ગુલાલ વિગેરે સામાન મંગાવ્યો ને ચૌદસેં (૧૪૦૦) પિચકારીઓ કરાવી ને મહારાજના સારુ પિત્તળની પિચકારી કરાવી ને તે ઉપર સોનાનો ઢોળ ચડાવ્યો. ને જે પિચકારીએ મહારાજ રંગ રમ્યા હતા તે પિચકારી હાલમાં વડતાલે હરિમંડપમાં છે. ॥૬૩॥

૬૪. મહારાજ વરતાલે બ્રાહ્મણનો પંચકણીનો[૧] રોટલો જમ્યા.

અને મહારાજ એક દિવસ આંબલે સભા કરીને વિરાજતા હતા. ને કંકોતરીઓ લખેલી તેથી ઘણાક સંત પણ ત્યાં આવતા હતા. ને ઘણાક હરિજનો પણ ત્યાં આવતા હતા. તે એકેક ઝાડવે પોતપોતાના ઉતારા રાખે ને ત્યાં થાળ કરીને મહારાજને જમવા સારુ બોલાવે. ત્યારે મહારાજ ત્યાં જઈને તેમના થાળ હેતે સહિત જમી આવે ને ત્યાં આંબલા હેઠે આવીને સભા કરે ને ઘણીક પોતાનાં ઐશ્વર્ય-પ્રતાપ માહાત્મ્ય સંબંધી વાર્તાઓ કરે. અને પોતે હરિજનોને હેતથી દર્શન દે ને તેનાં નાડી-પ્રાણ પોતાની મૂર્તિને વિશે તાણી લે, તેથી જેમ ચિત્રમાં ચિત્રેલી હોયને શું ? એવી રીતે બાઈ-ભાઈ સર્વે સ્થિર રહે.

ને કેટલાક તો મહારાજનાં દર્શનના આનંદને લીધે જમવાનું પણ ભૂલી જાય; ને કેટલાક તો મહારાજ જ્યારે ત્યાંથી ઊઠીને સુતારની ઓરડીએ પોઢવા તથા જમવા પધારે, તેટલાકમાં કોઈકે મૂઠી બાજરી પલાળેલી હોય તથા મૂઠી સાથવો તેને ખાઈને દિવસનું નિર્ગમન કરે;

૧.જુદી જુદી જાતના અનાજના મિશ્રણનો

ને કેટલાક તો મહારાજનાં દર્શનના આનંદથી બહુ સુખને પામતા હતા. એવી રીતે મહા મોટો ઉત્સાહ ને હરખથી દિવસ જાય.

અને ઉમરેઠના એક બ્રાહ્મણ ગરીબ અવસ્થાએ યુક્ત હતા. તે બીજા હરિજનો મહારાજની પૂજા કરે અથવા થાળ જમાડે તે જોઈને પોતાના અંતરમાં બહુ પ્રશ્ચાતાપ કરતા. ને નિરંતર પોતાના મનમાં વિચાર કરે જે, 'મારા જેવો કોઈ અભાગિયો નહીં. કારણ કે સર્વે આ પુરુષોત્તમનારાયણ ભગવાનને થાળ જમાડે છે ને પૂજા કરે છે. તે એમનાં બહુ જ મોટાં ભાગ્ય છે ! કેમ જે ઘણાક ત્યાગી-તપસ્વીઓ ઘણાક દાખડાઓ ભગવાન સારુ કરે છે તોપણ પ્રસન્ન નથી થાતા. તે આ ભગવાનને પોતાને ઉતારે તેડીને જમાડે છે.' એમ પોતે પોતાના મનમાં સંકલ્પ કર્યા કરે છે.

અને તે બ્રાહ્મણ એક દિવસ તે આંબલાથી ઉતરાદી પાસાએ કૂવો છે, તેની પાસે ગામડેથી લોટ માંગી લાવીને કલેડામાં રોટલો કરીને લાખાલુણીની ભાજી લોટામાં કરતો હતો ને મહારાજનું સ્મરણ કરતો. તેના સંકલ્પને જાણીને મહારાજ સુતારની ઓરડીએ મધ્યાહ્ન સમે પોઢ્યા હતા. તે ઊઠીને બ્રહ્મચારીને કહે જે, 'આપણો લોટો લ્યો, મારે ના'વા જાવું છે.' ત્યારે બ્રહ્મચારી કહે જે, 'અહીં નાવ.' ત્યારે મહારાજ કહે જે, 'ના, બહાર જાવું છે.' એમ કહીને પોતે ઊઠી મોજડીઓ પહેરીને ચાલ્યા અને બ્રહ્મચારી પણ લોટો લઈને કેડે ચાલ્યા.

ને મહારાજ ત્યાંથી ચાલ્યા તે જ્યાં બ્રાહ્મણ રોટલો કરીને ભાજી ઉતારીને જેવા જમવા બેસે છે. તેવામાં ત્યાં જઈને મહારાજ ઊભા રહીને કહે જે, 'ભૂદેવ, અમને ભૂખ લાગી છે. તે જમવાનું તૈયાર હોય તે અમને આપો.' તે વાત સાંભળીને તે બ્રાહ્મણ ઘણા હરખથી મહારાજને કહે કે, 'આ તો પંચકણીનો રોટલો ને લાખાલુણીની ભાજી છે.' ત્યારે મહારાજ કહે જે, 'એ તો બહુ સારી છે.' એમ કહી પોતે જમવા સારુ બેઠા.

ને તે બ્રાહ્મણે મહારાજને ઘણા હેતથી તે પંચકણીનો રોટલો ને

લાખાલુણીની ભાજી આપી. ને કહે જે, 'હે મહારાજ ! વિદુરજીની ભાજી તથા સુદામાના તાંદુલ તથા શબરીબાઈનાં બોર તેવું આ જમણ છે.' પછી મહારાજ એનો રોટલો ને ભાજી તેના સ્નેહથી જમી, ચળુ કરીને જળપાન કર્યું.

તે સમે એ બ્રાહ્મણ કહે જે, 'હે મહારાજ ! ઘણા દિવસનો મારો સંકલ્પ હતો. તે સર્વજ્ઞ ને ભક્તમનોરથપૂરક એવા જે તમો, તે મારો સંકલ્પ સત્ય કર્યો.' એમ કહી વિનંતીએ સહિત મહારાજનાં ચરણારવિંદમાં પડી રોમાંચિત ગાત્ર તથા ગદ્‌ગદ કંઠે ને આંખને વિશે પ્રેમનાં આંસુથી મહારાજનાં ચરણારવિંદને અભિષેક કરતો સતો ને વારંવાર વિનંતી કરી સ્તુતિ કરીને કહે જે, 'હે ભક્તમનોરથપૂરક ! એવું જે તમારું નામ તે આજ (તમે) સત્ય કર્યું.' એમ કહીને મહારાજને પગે લાગીને પોતે ત્યાં ને ત્યાં બેઠો.

ને મહારાજ એવી રીતે પોતાના ભક્તને વશપણું જણાવતા થકા એમના પ્રેમને વશ થઈને તેનો રોટલો ને ભાજી જમીને ત્યાંથી પાછા ઓરડીમાં આવીને પોઢી ગયા. ત્યારે બ્રહ્મચારી કહે જે, "હે મહારાજ ! ના'વા જતા હતાને ?" ત્યારે મહારાજ કહે જે, 'એ નાહી આવ્યા.' એમ રમૂજ કરીને પોતે પોઢી જાતા હતા. ॥૬૪॥

૬૫. મહારાજ વરતાલે ફૂલદોલ ઉત્સવ કરી રંગ રમ્યા.

એવી રીતે પોતાના ભક્તજનના મનોરથ પૂરા કરતા ને વાતોચીતો કરીને પોતાના ભક્તોને પોતાનું સુખ આપતા થકા ફૂલદોલના ઉત્સવ સુધી ત્યાં રહ્યા. ને ફૂલદોલના ઉત્સવ ઉપર દેશાંતર થકી સંતમંડળ તથા સર્વે હરિજન ત્યાં આવ્યા. તે સર્વેને મહારાજ મળતા તથા છાતીમાં ચરણારવિંદ આપતા. અને તે તે દેશના સમાચાર પૂછતા થકા દરરોજ આંબલે સભા કરતા ને પરસ્પર સંતોને સામાસામી પ્રશ્ન-ઉત્તર કરાવે.

તેમાં કઠણ પ્રશ્ન હોય તેનો ઉત્તર પોતે કરે. અને હરિજનો સંતોને રસોઈ આપે ત્યારે પોતે ઘણા હેતથી પીરસવા પધારે ને સંતોને વારંવાર પંગતમાં ફરીને જમાડતા. એમ કરતાં કરતાં હુતાશની થઈ રહી.

ને બીજે દિવસે ફૂલદોલ હતો. તે જોબન વરતાલે બે બેડિયાં[1] ગુલાલ આગવો મંગાવ્યો હતો ને નારાયણગર બાવે પણ તેટલો જ મંગાવ્યો હતો. અને બીજા હરિજનોએ પણ જેને જેટલી શ્રદ્ધા તેટલો તેમણે રંગ મંગાવ્યો હતો. અને જોબન વરતાલે રંગના બે મોટા હોજ ભરાવ્યા હતા. અને કેટલાંક રંગનાં વાસણ પણ ભરાવ્યાં હતાં. અને આંબલાથી ઉતરાદે પાસે કૂવો છે તેનું પાણી હોજમાં આવે એવી જુક્તિ કરાવીને ટાટના બે કોશ જોડાવ્યા હતા. અને એક બાવળનો મોટો વ્રક્ષ હતો. તેના ઉપર બાર મણની નોબત ચડાવી હતી.

અને અમદાવાદના હરિજનો પણ 'મહારાજ ફૂલદોલનો ઉત્સવ વડતાલે કરવાના છે,' એમ જાણી અઢાર જોડ ત્રાસાં લઈને ત્યાં આવ્યા. એવી રીતે ફૂલદોલની સામગ્રી પડવાને દિવસે તૈયાર થઈ. પછી મહારાજ પણ તે દિવસે વહેલા ઊઠીને પોતાનો નિત્યવિધિ કરીને શ્વેત વસ્ત્ર ધારણ કરી તથા ફૂલના હાર, બાજુબંધ, ગજરા તેને ધારણ કરીને ચાખડીએ ચઢીને આંબલે પધાર્યા. ને ત્યાં મહારાજને બેસવા સારુ મોટો મંચ કર્યો હતો ને તે ઉપર ઢોલિયો હતો, તેના ઉપર મહારાજ વિરાજમાન થયા.

અને પછી સર્વે સંત, પાર્ષદ, હરિજન ઉત્સાહે યુક્ત હતા. તેમને જોઈને મહારાજ પણ તૈયાર થઈ મંચ ઉપરથી હેઠે ઊતરીને સંતને કહે જે, 'અડધોઅડધ તડાં[2] કરો તો અમે રંગ રમીએ, નહિ તો નહિ રમીએ.' તે વાત સાંભળી મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, અદ્‌ભુતાનંદસ્વામી એ આદિક સર્વે સંત કહે જે, 'હે મહારાજ ! તમે જેમ કહો તેમ કરીએ.'

તે વાત સાંભળીને એક પાસા સંત ને બીજી પાસા પાર્ષદ ને

૧.ગાડાં ૨.વિભાગ

પોતે. એવી રીતે વિક્તિ કરીને ઉગમણી પાસાનો જે રંગનો ભરેલો હોજ તથા ગુલાલનો અડધો ઢગલો તે સંતને આપ્યો અને આથમણા પાસાનો હોજ તથા તેટલો ગુલાલ પોતે રાખ્યો. એવી રીતે વિક્તિ કરીને સોનાની પિચકારી પોતે હસ્તને વિશે લઈને સર્વે સંતને તથા હરિજનોને પ્રસાદીનો રંગ છાંટ્યો. પછી રમવાની છૂટી થઈ.

તે સમે આકાશને વિશે બ્રહ્મા, વિષ્ણુ, શિવ આદિક દેવતાનાં વિમાન તથા ગોલોક, વૈકુંઠ, અક્ષરધામ આદિકના પાર્ષદ મહારાજની તથા સંતની પરસ્પર રંગક્રીડારૂપી ઉત્સવનાં દર્શન સારુ આવ્યા. તેની ભીડ આકાશને વિશે થાતી હતી. ને સૂર્ય પણ આકાશને વિશે સ્થિર થઈ જાતો હતો. અને સંત ને મહારાજનો એવો પરસ્પર રંગ-ઉત્સવ થાય, તે હજારો પિચકારીઓ છૂટે ને ગુલાલની મૂઠીઓ છૂટે. તેણે કરીને આકાશ રક્તવર્ણ થઈ ગયો ને દેવતાનાં વિમાન પણ રક્ત થયાં તથા ઝાડવાં રક્ત થયાં. એમ પરસ્પર રમતા સતા કોઈ કોઈને હારે નહીં.

તે સમે સુરા ખાચરે રંગનો ઘડો ભરી નિત્યાનંદસ્વામી ઉપર રેડ્યો. ત્યારે બ્રહ્માનંદસ્વામીએ રંગનો ઘડો ભરીને સુરા ખાચર ઉપર રેડ્યો ને ગુલાલની મૂઠી એમની આંખ્યો ઉપર નાખી; તેથી આંખ્યે દેખાયું નહીં. ત્યારે સોમલો ખાચર ઊઠ્યા ને રંગનો ઘડો ભરીને બ્રહ્માનંદસ્વામી ઉપર રેડ્યો. તે જોઈને નિત્યાનંદસ્વામી રંગનો ઘડો ભરીને સોમલા ખાચર ઉપર રેડીને ગુલાલની મૂઠી લઈને આંખ્ય ઉપર નાખી તેથી આંખમાં ગુલાલ ભરાયો તેથી આંખ્યે દેખાયું નહીં એટલે બેય મોરવીને જીત્યા.

અને પછી મહારાજને હોજે બધાય સાધુ જઈ પૂગ્યા ને મહારાજના ઉપર રંગની પિચકારીઓ ને ગુલાલની મૂઠીઓ ફેંકવા માંડી. તેથી મહારાજ અકળાઈને મંચ ઉપર ચઢી ગયા. ને આડી ઢાલ ધરી તોય ચારે પાસેથી સાધુ પિચકારીઓ મારે ને ગુલાલ નાંખે. અને અદ્‌ભુતાનંદ

સ્વામી કહે જે, 'મેં પણ મહારાજ ઉપર દશ-પંદર પિચકારીઓ નાખી, ને ગુલાલ પણ પાંચ-દસ મૂઠીઓ નાખ્યો.' એવી રીતે ચારે પાસે સંત મહારાજના ઉપર રંગ તથા ગુલાલ નાખવા મંડ્યા.

ને મંચ ઉપર ઢોલિયો હતો તે ઉપર મહારાજ ચઢી ગયા તોપણ સંતે રંગ તથા ગુલાલ નાખીને મહારાજને બહુ અકળાવ્યા. તેથી મહારાજ આ ઈસે ને પેલી ઈસે જાય, તેથી ઢોલિયો ભાંગી ગયો. અને મહારાજ અકળાઈને નાન ખાચરને કહે જે, 'અમારી ઘોડી લાવો.' ત્યારે નાન ખાચર ઘોડી લઈને આવ્યા. તે જોઈને નિત્યાનંદસ્વામી જાણે જે, મહારાજ ઘોડીએ બેસીને જાતા રહેશે. તે સારુ ઘોડીની આંખ્યમાં રંગની ભરેલી પિચકારીઓ મારી, તેથી ઘોડી ભાગી ગઈ.

ત્યારે પછી ફરીથી મહારાજ કહે જે, 'અમારી ઘોડી લાવો, ઘોડી લાવો.' ત્યારે વળી નાન ખાચર ઘોડી લઈ આવ્યા. ત્યારે અદ્‌ભુતાનંદ સ્વામીએ રંગની ભરેલી બે પિચકારીઓ ઘોડીના નાકમાં મારી. તેથી ઘોડી ફરીથી ભાગી ગઈ. ને વળી ફરીથી મહારાજ કહે જે, 'અમારી ઘોડી લાવો.'

ત્યારે નાન ખાચર કહે જે, 'હે મહારાજ ! બરછીની બુરીઓમાં ઘોડી સામી આવે, પણ રંગની પિચકારીઓમાં ઘોડી નથી આવતી.' એમ કહીને ઘોડીને પાછે પગલે ઉપર લૂગડું નાખી સંત ન દેખે એવી રીતે લાવ્યા.

તે સમે મહારાજ ઘોડી ઉપર સ્વાર થઈને કહે જે, "ભાઈ, સાધુ જીત્યા... સાધુ જીત્યા... હવે રમત રાખો." એવી રીતે બહુ રંગક્રીડા કરી. તેથી નીચે પૃથ્વી ગારારૂપ થઈને ગુલાલથી રાતી થઈ જાતી હતી. એવી રીતે ત્રીજા પો'ર સુધી રંગક્રીડા કરતા હતા ને પોતાના ભક્ત-જનને આનંદ ઉપજાવીને પોતાનો અલૌકિક પ્રતાપ જણાવીને સુખ આપતા હતા. ॥૬૫॥

૬૬. મહારાજ રંગે રમીને ધનાતળાવે નાવા સારુ ગયા.

અને પછી સંતમંડળ તથા હરિજનોએ સહિત આગળ અઢાર જોડ ત્રાસાં વાગતે થકે પોતે **ધના તલાવડી**એ ના'વા સારુ પધાર્યા. અને ત્યાં જઈ રંગનાં ભીંજેલાં સર્વે વસ્ત્ર ઉતારીને જોબન વરતાલાને પોતે આપ્યાં. ને શ્વેત વસ્ત્ર પહેરીને તલાવડીમાં ના'વા સારુ પ્રવેશ કર્યો. ત્યાં નાતાં નાતાં સુરા ખાચરને કહે જે, 'તમે ક્ષત્રિયને આ સાધુએ હરાવ્યા. તે ઢાંકણીમાં પાણી ઘાલીને બૂડી મરો..!'

એવાં મહારાજનાં વચન સાંભળીને સુરો ખાચર કહે જે, "હે મહારાજ ! અમને એ બાવા કાણું(શું) હરાવે ? ને જો હું ને બ્રહ્માનંદ સ્વામી જોડે ડબકી મારીએ ને જે પહેલાં નીકળે તે હાર્યા કહેવાય." એમ કહીને સુરે ખાચરે ડબકી મારી. ને પછીથી બ્રહ્માનંદસ્વામીએ ડબકી મારી ને સુરો ખાચર થોડીકવાર પાણીમાં રહીને બહાર નીકળ્યા. અને બ્રહ્માનંદસ્વામી નીકળવાના થયા તેટલામાં સુરો ખાચર ફરીથી ડબકી મારી ગયા. ને બ્રહ્માનંદસ્વામી બહાર નીકળીને જોવે તો સુરો ખાચર નહિ નીકળેલા. ને પછીથી સુરો ખાચર નીકળ્યા ને મહારાજને કહે જે, "હે મહારાજ ! બ્રહ્માનંદસ્વામી હાર્યા..., બ્રહ્માનંદસ્વામી હાર્યા..." એ વાત સાંભળીને બ્રહ્માનંદસ્વામી કહે જે, "તમે ભગવાન થઈને કપટ કરો છો."

તે સાંભળીને મહારાજ કહે જે, "અમારે કપટ નથી, સુરા ખાચરને કપટ છે." એવી રીતે ઘણી રમૂજ કરતા થકા ત્યાં બહુવાર નાહ્યા. તે નાહીને બહાર નીકળીને શ્વેત વસ્ત્ર ધારણ કરતા હતા. અને એ સમે તલાવડીનું પાણી મહારાજ તથા સંત-પાર્ષદ તથા હરિજન નાહ્યા તેથી રંગ રંગ થઈ ગયું. એવી રીતે મહારાજ નાહીને વસ્ત્ર પહેરીને કોઠીના વૃક્ષ નીચે ઊભા રહ્યા. તે સમે કોઠી ઉપરથી કોઠું પડ્યું. તેને જોઈને મહારાજ કહે જે, "આ વૃક્ષ નીચે કોઈ હોય તો માથું ફૂટી

જાય, એવાં કોઠાં છે.” એમ બોલતા હતા ને પછી ચાલવાનો વિચાર કરતા હતા. ॥૬૬॥

૬૭. મહારાજે એક પગીને ખડબૂચાનો પરચો આપ્યો.

અને પછી સર્વે સંતમંડળ, પાર્ષદ તથા હરિજન નાહીને વસ્ત્ર પહેરીને તૈયાર થયા, એમ જાણીને પોતે ઘોડી ઉપર બેસવા જાય છે. તે સમે એક **ઠાકોર પગી** મહારાજને કહે જે, “તમે ભગવાન કહેવાવ છો ને સર્વેના અંતરની વાત જાણો છો. ત્યારે તમે કહો જે, મારા ખેતરમાં શું છે ?”

તે વાત સાંભળીને મહારાજ તેને કહે જે, “તમોએ ત્રણ ખડબુચા ભોંયમાં દાટ્યાં છે. તેમાં એક તારા મામાને આપવા સારુ દાટ્યું હતું, તે સડી ગયું છે ને તારા સારુ જે દાટ્યું હતું તે શિયાળયાં ખોતરી ખાઈ ગયાં છે, ને અમારા સારુ દાટ્યું હતું તે છે; તે લઈ આવ.” ત્યારે મહારાજનાં વચન સાંભળીને પગીએ ખેતરમાં જઈને જોયું તો તે પ્રમાણે દીઠું; તે મહારાજે જેવું કહ્યું હતું તેમ થયેલું. તે જોઈને મહારાજનું ખડબુચું લઈને મહારાજ પાસે આવ્યો ને મહારાજની પાસે ભેટ મેલ્યું. ને કહે જે, “તમે ભગવાન ખરા !” એવી રીતે નિશ્ચય કરીને તે ગયો.

પછી મહારાજ ઘોડી ઉપર સવાર થઈને વાજતે-ગાજતે આંબલે આવીને સભા કરીને બેઠા. તે સમે મહારાજને જમવા સારુ બ્રહ્મચારીએ થાળ કર્યો હતો. તે તૈયાર થયો તેથી મહારાજને જમવા સારુ બોલાવ્યા. ને પોતે જમવા સારુ સુતારની ઓરડીએ પધાર્યા ને ઉગમણે મુખારવિંદે બાજઠ ઉપર બેઠા ને બ્રહ્મચારીએ થાળ લાવીને મોઢા આગળ મેલ્યો. તે થાળમાં પરસુલીની સુંદર સેવો તથા રોટલી, કંસાર, શાક, પાપડ, પાપડી, અથાણાં, રાયતાં, ભજિયાં, ચટણીઓ, કમોદનો ભાત, દાળ વગેરે જમીને તૃપ્ત થઈને, ચળુ કરી મુખવાસ લઈને ફરીથી આંબલે પધાર્યા ને સભામાં આવી વિરાજમાન થતા હતા. ને સર્વે સંત હરિભક્તને પોતાની મૂર્તિનાં દર્શન દેતા હતા. ॥૬૭॥

૬૮. મહારાજ તથા સંતને અમદાવાદના સોની ગંગારામે સેવો જમાડી.

અને વળી અમદાવાદના **સોની ગંગારામભાઈ** સંત સારુ પરસુલીની સેવો તથા સાકર-ઘીનાં ગાડાં ભરાવીને ત્યાં લાવ્યા હતા. (આંબલેથી ઉગમણે બાજુ હાલમાં બોરસડીનું વૃક્ષ છે) ત્યાં મોરે આંબાનાં વૃક્ષ હતાં ત્યાં તે જ દિવસે સંત સારુ સેવોની રસોઈ તથા દાળ, ભાત, શાક વગેરે સર્વે તૈયાર કરાવ્યાં. એટલે સંતને બોલાવવા સારુ સભામાં આવીને કહે જે, "હે મહારાજ ! સંતની રસોઈ તૈયાર થઈ ગઈ, માટે જમવા સારુ પધારો !" ને મહારાજને કહે જે, "તમો પીરસવા પધારો !"

તે વચન સાંભળીને મહારાજે સર્વે સંતને કહ્યું જે, "જાવ, પંગત કરો." ત્યારે સર્વે સંત ઊઠ્યા ને એ બેઠકથી ઉગમણે પાસે પગંત કરી ને મહારાજ પોતે પીરસવા પધાર્યા અને સર્વે સંતને પ્રથમ સેવો પીરસી. પછીથી સાકર પોસે પોસે ફેરવતા ને પછવાડેથી ઘી પીરસ્યું. ને પછી સર્વે સંતને પીરસીને પોતે ઉતરાદી બાજુ પાટ ઉપર વિરાજમાન થયા. તે સમે મહારાજ ને સંતની રંગક્રીડાનાં દર્શન સારુ આકાશને વિશે આવીને રહેલા એવા જે દેવાદિક તે ચંદન ને પુષ્પનો વરસાદ કરતા હતા. તે ચંદન ને પુષ્પના વરસાદને જોઈને સંત તથા હરિજન મહારાજને પૂછતા હતા કે, "આ ચંદન ને પુષ્પ ક્યાંથી પડે છે ?"

તે સાંભળીને મહારાજ કહે જે, "તમારી ને અમારી રંગક્રીડાનો ઉત્સવ તેને જાણીને મુક્તો તથા દેવાદિક તમારાં દર્શન સારુ આવ્યા હતા. તે દર્શન કરી તથા તમારી પૂજા કરીને પોતપોતાના સ્થાનકે જાતા હતા." એમ મહારાજે કહ્યું. તે વાર્તા સાંભળીને સર્વે સંત તથા ઘણા હરિજનો મહા મોટું આશ્ચર્ય પામીને મહારાજને સર્વના કારણ જાણીને દૃઢ નિશ્ચય કરતા હતા. અને સંત જમી રહ્યા ત્યાં સુધી મહારાજ પોતે બેઠા ને સંતની પંગત ઊઠી ત્યારે હાથ-પગ ધોઈને સભામાં આવીને વિરાજમાન થયા ને સંત પણ સભામાં આવીને બેસતા હતા.

તે જ દિવસે ગામ વરતાલના **સુતાર વાસણદાસ** તથા **નિષ્કુળાનંદ સ્વામી** આ બંને જણાએ 'મહારાજ ફૂલદોલનો ઉત્સવ અહીં કરવાના છે' એમ જાણીને પ્રથમથી જ બાર બારીઓ ને પાંચ શીખર જેને છે એવો હીંડોળો કરી રાખ્યો હતો. તેમાંનું એક શીખર હાલમાં રામપ્રતાપજી મહારાજના બંગલામાં શય્યાના ઢોલિયા ઉપર છે. તે હિંડોળો આંબલીથી દક્ષિણ દિશા ભણી બે મોટા આંબા હતા, તેની વચ્ચે મહારાજને બેસવા સારુ પ્રથમથી જ તૈયાર કરી રાખ્યો હતો. ત્યાં હાલ આરસનો ઓટો પ્રસાદીનો છે. ॥૬૮॥

૬૯. મહારાજ વરતાલે હિંડોળે બિરાજ્યા ને બાર સ્વરૂપે થયા તે વાત

અને વળી જે સમે સંત ને મહારાજની સભા આંબલા હેઠે થયેલી છે તે સમે આવીને **જોબન વરતાલો** તથા **નારાયણગર બાવો** તથા **વાસણદાસ સુતાર** – એ આદિક હરિજન મહારાજને પ્રાર્થના કરી કહે જે, "હે મહારાજ ! આપ હિંડોળે બિરાજો !" એવી હરિજનોની વિનંતી સાંભળીને મહારાજ સભામાંથી ઊઠીને હિંડોળા ઉપર વિરાજમાન થયા. તે સમે સુરતના હરિજનોએ ધર્મપુરમાં ધારણ કરાવેલો જે મુગટ તે મહારાજને મસ્તકે ધારણ કરાવતા હતા. ને વેઢ, વીંટીઓ, કુંડળ, જરિયાની વસ્ત્ર મહારાજને ધારણ કરાવીને ચંદન-પુષ્પે કરીને મહારાજની પૂજા કરીને ભારે મોટા પુષ્પના હાર પહેરાવતા હતા. ને મોટી સવાસો દીવાની આરતી કરી ને મહારાજને વિનંતીએ સહિત પગે લાગીને બેસતા હતા.

અને જે સમે મહારાજે મુગટ ધારણ કર્યો તે સમે મહારાજનાં દર્શન કરવા સારુ હજારો મનુષ્યની ભીડ થઈ. તે મહારાજને હાર પહેરાવવા સારુ જવાય નહિ ને જ્યાં ઊભા તે ત્યાંના ત્યાં ઊભા રહ્યા. **એવી ભીડ જોઈને પરમ દયાળુ તથા કૃપાળુ એવા ભગવાન છે માટે સર્વના ઉપર દયા કરી એ સમે બાર સ્વરૂપે થઈને બાર બારીઓએ બાર**

મુગટે સહિત સર્વે હરિજનને પોતાનાં દર્શન આપતા હતા. અને છેટે હાર લઈને ઊભા રહેલા એવા જે હરિજનો તેમને ચમત્કાર દેખાડતા હતા જે, 'આપણા હાર હાથોહાથ લે છે, કેટલાક છડીએ કરીને લે છે.' એમ થડમાંના હરિજન ને છેટેના હરિજનોના મનોરથ પૂરા કરતા હતા.

એવી રીતે ઘણીવાર સુધી પોતે હિંડોળે ઝૂલ્યા અને મૃદંગ, ઝાંઝ લઈ સંત મહારાજના યશ તથા ગુણનાં પદ ગાવતા જાય અને જેમ કેફે કરીને ગાંડા થયા હોયને શું ?! એમ ઘણા હરખથી કીર્તન ગાય ને ડોલતા જાય. એવો સંતનો તથા હરિજનોનો પ્રેમ જોઈને મહારાજ ઘણી વાર હિંડોળે મુગટે સહિત ઝૂલતા હતા ને સર્વે ભક્તજનને અલૌકિક ચમત્કાર જણાવતા હતા. ॥૬૯॥

૭૦. જોબન વરતાલે તથા નારાયણગર બાવે મહારાજની પૂજા કરી તે વાત

અને પછી મહારાજ હિંડોળેથી ઊતરી સભામાં આવી વિરાજમાન થયા અને મુગટ ઉતારીને મૂક્યો. તે સમે સુરતના હરિજનોએ ફરીથી પોતાના દેશની પાઘડી મહારાજને ધારણ કરાવી. ફરીથી પૂજા કરી પગે લાગી સભાને વિશે બેસતા હતા. ને મહારાજ ઘણીવાર તે પાઘડીએ સહિત હરિજનને દર્શન દઈ સુખિયા કરી, પછી પોતે ત્યાંથી ઊઠીને ચાલ્યા, તે આવીને સુતારની ઓરડીએ પોઢી ગયા. ને સર્વે સંત તથા હરિજનો તો ત્યાં ને ત્યાં સૂઈ ગયા.

બીજે દિવસે પ્રાતઃકાળ થયો ત્યારે મહારાજ પોતે ઊઠીને, નિત્યવિધિ કરીને, ચાખડીએ ચડીને આંબલે આવી, સભા કરીને વિરાજમાન થતા હતા. ને સર્વે સંત તથા હરિજનો પણ નિત્યવિધિ કરીને સભામાં આવીને બેસતા હતા.

તે સમે મહારાજ સર્વે સંત પ્રત્યે કહે જે, "ગઈ કાલે રંગ રમતે રમતે તમોએ અમને બહુ અકળાવ્યા ને અમો મંચ ઉપર ચડીને ઢોલિયા

ઉપર ચડી ગયા. ને આડી ઢાલ ધરી તોપણ તમોએ બહુ પિચકારી તથા ગુલાલથી અમને અકળાવ્યા. તેથી ઢોલિયો પણ ભાંગી ગયો." અને કહે જે, "આ અદ્‌ભુતાનંદસ્વામીએ પણ અમને દસ-પંદર પિચકારીઓ તથા ગુલાલની મૂઠીઓ અમારા ઉપર નાખી."

તે સાંભળી બ્રહ્માનંદસ્વામી કહે જે, "હે મહારાજ ! લાગ આવે ત્યારે કોઈ ના મેલે." એમ પોતાના સંતની સાથે રમૂજ કરે છે. તે સમે જોબન વરતાલો પોતાને ઘેર રંગ તથા ગુલાલ તૈયાર કરીને મહારાજને સમીપે આવીને કહે જે, "સંતે સહિત મારે ઘેર પધારો અને ત્યાં આવી રંગક્રીડા કરો ! હું રંગ તથા ગુલાલ તૈયાર કરીને આપને બોલાવવા સારુ આવ્યો છું, તે દયા કરીને પધારો !" એવાં જોબન વરતાલાનાં વચન સાંભળીને મહારાજ સંત તથા હરિજનોએ સહિત ત્યાં પધાર્યા. ને એમના ઘરને કરે મેડા ઉપર ઓતરાદી પાસે બારી છે. તે બારી ઉપર બેસી સર્વે સંતની ઉપર તથા હરિજનો ઉપર રંગ તથા ગુલાલ નાંખતા હતા.

એવી રીતે ઘણીવાર સુધી ત્યાં રંગ ઉત્સવ કરીને ઘોડીએ સવાર થઈને સંતે સહિત ગામથી ઉતરાદે પાસે **સુંદર પગી**નો કૂવો છે. ત્યાં એ કૂવાનું થાળું ભરાવીને પંડે તેમાં નાહ્યા ને પ્રસાદીનું પાણી પોતાના હાથે કૂવામાં નાખતા હતા. અને પછી પોતે બહાર નીકળી જે જગાએ ઓટો છે તે જગાએ ઊભા રહીને શ્વેત વસ્ત્ર પહેરી પરમહંસે સહિત આંબલે પધાર્યા.

અને ઉમરેઠના હરિજનોએ સંતને રસોઈ આપેલી તે પણ તૈયાર થઈ હતી. પછી સંત જમવા સારુ પધાર્યા ને પોતા સારુ આંબલાથી ઉગમણે પાસે મોટો આંબાનો વૃક્ષ હતો ત્યાં ઉમરેઠના હરિજનોનો ઉતારો હતો. તે હરિજનોએ ત્યાં મહારાજને જમવા સારુ થાળ કર્યો હતો. માટે પોતે ત્યાં પધારીને ઉગમણે મુખારવિંદે જમવા સારુ બાજઠ ઉપર બેઠા. તે હરિજનનો પ્રેમ જોઈ સારી રીતે પોતે જમી તૃપ્ત થઈને ચળુ

કરીને જળપાન કરી મુખવાસ લઈને સભાને વિશે આવીને વિરાજમાન થયા. ને સર્વે સંત પણ જમીને સભામાં આવીને બેઠા.

તે સમે **જોબન વરતાલો** તથા **નારાયણગર બાવો** મહારાજની પૂજા કરવા સારુ પૂજાની સામગ્રી લઈને ત્યાં આવીને સભામાં ચંદન-પુષ્પ તથા વસ્ત્ર-ઘરેણાં એ આદિક વતે કરી મહારાજની પૂજા કરી. ને મહારાજના મોઢા આગળ રૂપિયાના થાળ ભરીને તથા ફળ-ફૂલ એ આદિકની ભેટ મૂકી ને આરતી કરતા હતા. પછી મહારાજને પગે લાગીને ચરણારવિંદ છાતીએ તથા મસ્તકને વિશે લઈને સભાને વિશે બેસતા હતા. ॥૭૦॥

૭૧. મહારાજે ઊંઘ સંબંધી વાતો કરી ને સંતને મળ્યા તે વાત

અને તેવી જ રીતે પછી અમદાવાદના, બુરાનપુરના તથા ઉમરેઠ આદિક બીજાં ઘણાં ગામોના હરિજનોએ જેની જેવી શ્રદ્ધા તે પ્રમાણે સર્વે, મહારાજની ચંદન-પુષ્પે તથા વસ્ત્ર-ઘરેણાંએ પૂજા કરી તથા ઘણી પ્રકારની ભેટ મૂકીને આરતી કરતા હતા. ને મહારાજને પગે લાગીને સર્વે સભાને વિશે બેસતા હતા. એવી રીતે મહારાજની પૂજા કરતાં કરતાં તે દિવસ સંધ્યા વખત થઈ.

તે સમે આરતી કરવા સૌ ઊભા થઈને આરતી તથા અષ્ટક તથા સ્તુતિ બોલી ધૂન કરીને સર્વે મહારાજને દંડવતપ્રણામ કરીને સભાને વિશે બેસતા હતા. અને તે સમે મહારાજ સર્વે સદ્‌ગુરુને વારાફરતી વાતો કરાવતા હતા. એવી રીતે વાતો કરાવતાં કરાવતાં મધ્યરાત ગઈ. ને પોતે પછીથી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ તથા પોતાના સ્વરૂપ સંબંધી વાત કરવા લાગ્યા. ને સંત તથા કેટલાક હરિજનો ઊંઘથી ત્યાં ને ત્યાં સૂઈ ગયા. દસ-વીસેક સંત તથા અદ્‌ભુતાનંદસ્વામી કહે, “હું એટલા અમે જાગતા હતા.”

તે જોઈને મહારાજે મુક્તાનંદસ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, "હે સ્વામી, અમારાં દર્શનમાં માલ છે ? કે અમારી વાતમાં માલ છે ? કે ઊંઘમાં માલ છે ?" એ પ્રશ્નને સાંભળીને મુક્તાનંદસ્વામી કહે જે, "હે મહારાજ, તમારાં દર્શન સારુ તો ઘણાક યોગીઓ અષ્ટાંગયોગને સિદ્ધ કરીને થાકી જાય છે, ને તપસ્વીઓ તપ કરીને થાકી જાય છે, ને રાજાઓ રાજ્ય મૂકીને વનમાં જાય છે તેમને પણ; તથા બ્રહ્માદિક દેવ તેમને પણ **સર્વ અવતારના અવતારી અને સર્વના કારણ ને અક્ષરપતિ એવા જે તમે, તે વૈરાટ બ્રહ્માનાં પચાસ વરસે આ બ્રહ્માંડને વિશે પધાર્યા છો. એવા જે તમે, તે તમારાં દર્શન ઘણાં દુર્લભ છે. અને તમારી વાર્તા તો તેથી પણ ઘણી દુર્લભ છે; પણ પાપણી ઊંઘ છે તે સંતને તથા હરિજનોને કનડે છે."** એમ મુક્તાનંદસ્વામી કહેતા હતા. ॥૭૧॥

૭૨. મહારાજે હેતે સહિત બધા સંતને આખી રાત વાતો કરી.

અને વળી એવી રીતનાં મુક્તાનંદસ્વામીનાં વચન સાંભળીને મહારાજ મુક્તાનંદસ્વામીને કહે જે, "સંતની ઊંઘ કેમ કરીએ તો ટળે ?" તે વચન સાંભળીને બ્રહ્માનંદસ્વામીના મનમાં એમ સંકલ્પ રહ્યો હતો જે, 'મહારાજે આપણને રંગ રમાડી તથા જમાડીને ઘણું સુખ આપ્યું પણ મળ્યા નથી.' એવો સંકલ્પ સ્વામીના મનમાં હતો. તેથી બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! આ જેટલા સંત જાગે છે એટલાને તમે મળો તો સવારે એ સંત ઊઠે ત્યારે 'મહારાજ સર્વેને મળ્યા' તે વાત સાંભળીને (તેમના) મનમાં પશ્ચાતાપ થાય તો ફરીને ઊંઘે નહિ. એ ઊંઘ ટાળવાનો ઉપાય છે."

ત્યારે મહારાજ કહે જે, "ઠીક, આવો મળીએ." એમ કહીને પોતે ઊભા થયા ને મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી તથા નિત્યાનંદ સ્વામી તથા અદ્‌ભુતાનંદસ્વામી તથા ગુણાતીતાનંદસ્વામી

તથા જગન્નિવાસાનંદ સ્વામીને મળ્યા. અને **પ્રેમાનંદસ્વામી** મહારાજને મળવા સારુ આવ્યા પણ પોતે નીચે ખાંભે હતા ને મહારાજ પાટ ઉપર ઊભા હતા તેથી મહારાજની નાભી ને પ્રેમાનંદસ્વામીનું મુખ બરોબર આવી રહ્યું. તેથી પ્રેમાનંદસ્વામીએ ઘણા સ્નેહથી મહારાજની નાભીમાં બચી કરી.

તે જોઈને મહારાજ ખડખડ હસીને કહે જે, "ઓઈ પ્રેમસખી ભાવ ભજવી ગઈ." એમ કહીને બ્રહ્માનંદસ્વામીને કહે જે, "હે બ્રહ્માનંદસ્વામી, આ પ્રેમસખી તો સખીભાવ ભજવીને અમારી નાભીમાં બચી કરી ગઈ."

તે વાત સાંભળીને બ્રહ્માનંદસ્વામી કહે જે, "ગાંડી છે ? જે, લાગ આવે ત્યારે મેલે ?" એવાં સ્વામીનાં વચન સાંભળીને મહારાજ તથા સંત ઘણું હસ્યા. તે સમે **જિજ્ઞાસાનંદસ્વામી** મહારાજને મળીને ત્યાંથી ચાલીને જ્યાં સંત સૂઈ ગયા હતા તે સર્વેને કહે જે, "તમારો બાપ મળતો છે... તમારો બાપ મળતો છે..." એમ કહીને સર્વે સંતને જગાડ્યા.

તે સંત આંખ્યો ચોળતાં ચોળતાં મહારાજને મળવા સારુ આવ્યા. તે જોઈ મહારાજ કહે જે, "હે બ્રહ્માનંદસ્વામી, આપણે થોડાક હતા ને આ સંત ક્યાંથી આવ્યા ?" એમ કહીને પોતાની મેળે બોલ્યા જે, "જરૂર પેલા જિજ્ઞાસાનંદનાં કામ હશે !" એમ કહીને જિજ્ઞાસાનંદસ્વામીને બોલાવવા મંડ્યા, પણ જિજ્ઞાસાનંદસ્વામીએ તો સાંભળ્યું પણ નહીં.

એવી રીતે મળતાં મળતાં સવાર થઈ ગયું. પછીથી સ્વામીને કહે જે, "આ તો સવાર થયું." તે વાત સાંભળીને અદ્‌ભુતાનદસ્વામી કહે જે, "હે મહારાજ ! આપણે ઊંઘ ઉડાડવી હતી તે ઊંઘ ઊડી ગઈ." એવી રીતે સારી રીતે પોતાના સંતોને પોતાનું સુખ આપીને પોતે ના'વા સારુ સુતારની ઓરડીએ ગયા ને સંત પણ ના'વા જતા હતા. ॥૭૨॥

૭૩. મહારાજે સર્વે સત્સંગીને પોતાને ઘેર જવાની વાત કરી.

અને પછી નાહી ધોઈ નિત્યવિધિ કરીને સભાને વિશે આવીને વિરાજમાન થાતા હતા. અને મહારાજ સભામાં પધાર્યા તેમ જાણી સર્વે સંત તથા હજારો હરિજન આવી સભામાં બેઠા. તે સમે મહારાજ સાધુનાં લક્ષણની તથા બ્રહ્મચર્ય વ્રતની તથા ગૃહસ્થના ધર્મની તથા બાઈઓના ધર્મની વિક્તિએ સહિત ઘણીક વાર્તા કરતા હતા. અને પોતાના સ્વરૂપનો માહાત્મ્યે જ્ઞાને સહિત હરિજનના અંતરને વિશે હંમેશ ઉત્સાહ રહે એવો દૃઢ નિશ્ચય કરાવી પોતાનું સુખ આપીને સત્તર દિવસ સુધી પોતાને સમીપે રાખી લાડ લડાવ્યા. અને હરિજનોને પોતાની પ્રસાદીના હાર તથા વસ્ત્ર તથા થાળની પ્રસાદી એ આદિક આપી રાજી કરીને પોતપોતાનાં ગામ જવાની સર્વેને આજ્ઞા આપતા હતા.

તે સમે કેટલાક હરિજનો મહારાજને વિનંતીએ સહિત પગે લાગી ચરણારવિંદ છાતીમાં લઈ મહારાજની મૂર્તિનું તથા રંગ ઉત્સવનું ચિંતવન કરતા સતા પોતપોતાનાં ગામ જતા હતા. અને મહારાજ તો પોતે ત્યાં રહેતા હતા અને કેટલાક સંત્સગીઓ પણ રહેતા હતા. એવી રીતે તે દિવસે સર્વેને સુખ દેતાં દેતાં બપોર થયા, એટલે બ્રહ્મચારીએ મહારાજને જમવા સારુ થાળ તૈયાર કર્યો હતો તે મહારાજ જમવા સારુ પધાર્યા. અને નારાયણગર બાવે પોતાના મઠની કેડે ધર્મશાળા છે ત્યાં સંતની રસોઈ કરાવી હતી. તે સંત સર્વે ત્યાં જમવા સારુ ગયા ને જમીને આંબલે આવીને બેસતા હતા.

અને મહારાજ થાળ જમીને ત્યાં નારાયણગર બાવાને ઘરે મેડા ઉપર પોઢતા હતા. અને થોડીવાર પોઢીને પોતે ઊઠ્યા અને ઊઠીને મુખ ધોઈ કોગળા કરી, જળપાન કરીને જોબન વરતાલાના ઘર આગળ ઉગમણા પાસાએ ચોક છે ત્યાં પોતે; જોબન વરતાલાની બે દીકરીઓ પરણેલા ધણીને મૂકીને સાંખ્યયોગને પાળતી. તેના પ્રેમના વશ થઈને

ચોકમાં સભા કરીને વિરાજમાન થાતા હતા. અને સંત સર્વે ત્યાં આવીને બેસતા હતા ને મહારાજ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિક સંબંધી ઘણીક વાર્તાઓ કરતા હતા. ॥૭૩॥

૭૪. મહારાજ બામરોલી તખા પગીને ત્યાં પધાર્યા.

અને વળી ગામ બામરોલીના તખો પગી હતા. તેમની દીકરીઓ પરણ્યા ધણીને મૂકીને સાંખ્ય-યોગ પાળીને મહારાજનું ભજન કરતાં. તેમણે સહિત તખો પગી ત્યાં આવ્યા. ને મહારાજને વિનંતીએ સહિત પગે લાગીને કહે જે, “હે મહારાજ ! મારે ગામ સંતે સહિત પધારો ! મારાથી આપની જેવી બનશે તેવી સેવા કરીશ.” એવી રીતનાં તેનાં વચન સાંભળીને મહારાજ કહે જે, “સવારે અમે તમારે ત્યાં સંતે સહિત આવીશું, તમે જાવ.” એવાં મહારાજનાં વચન સાંભળીને ઘણા હરખથી તખો પગી તથા તેમનાં દીકરી બન્ને પોતાને ગામ આવીને સર્વે સામાન તૈયાર કરી રાખ્યો.

બીજે દિવસે મહારાજ તથા સંત નાહી ધોઈ નિત્યવિધિ કરી તૈયાર થઈને ઘોડીએ બેસીને ચાલ્યા, તે ગામ **બામરોલી** ગયા. ને ત્યાં મહારાજ પધાર્યા તે વાત સાંભળી સર્વે ઠાકોર ભાયડા વાજિંત્રે સહિત મહારાજને સામા આવીને પગે લાગી વાજતે-ગાજતે ત્યાં એક મોટો રાયણનો વૃક્ષ છે ત્યાં ઢોલિયા ઉપર વિરાજમાન કરતા હતા. અને તે જ રાયણે મહારાજને ઝુલાવવા સારુ પ્રથમથી જ હિંડોળો બાંધી રાખ્યો હતો. તે ઉપર મહારાજને વિરાજમાન કરીને તખા પગીનાં દીકરી ઘણા સ્નેહથી સોના-રૂપાનાં ફૂલે કરીને મહારાજને વધાવતાં હતાં અને મહારાજને પગે લાગીને પોતાને ઘેર ગયાં.

તે સમે સંત ઝાંઝ, મૃદંગ લઈને મહારાજની મૂર્તિનું વર્ણન જેમાં આવે એવાં પદ બોલીને ઉત્સવ કરતા હતા ને રંગ તથા ગુલાલ ઉડાડતા હતા. એવી રીતે બપોર સુધી મહારાજ હિંડોળે ઝૂલ્યા. પછી હિંડોળેથી ઊતરી બ્રહ્મચારીએ થાળ કર્યો હતો તે ત્યાં જઈ પોતે ઉતરાદે મુખારવિંદે

બાજઠ ઉપર જમવા સારુ બેઠા. બ્રહ્મચારી થાળ લાવીને આગળ મૂક્યો, તેને બહુ વાર સુધી જમી, તૃપ્ત થઈ ચળુ કરી, જળપાન કરી મુખવાસ લઈને રાયણ હેઠે આવીને ઢોલિયા ઉપર વિરાજમાન થયા.

તે સમે સંતો માટે ખાંડના લાડુની રસોઈ તૈયાર થઈ એટલે મહારાજ સંતને પીરસવા સારુ ડાબે ખભે ખેશ નાખીને કેડ સંગાથે તાણી બાંધીને સંતને પીરસવા સારુ પંગતમાં પધાર્યા. અને સંતને વારંવાર ‘લો લાડુ, લો લાડુ’ એવા શબ્દ કરતા સતા પાંચ વાર પંગતમાં ફરી સંતને જમાડ્યા. ને પોતે હાથપગ ધોઈને ત્યાંથી ચાખડીએ ચડીને રાયણ હેઠે આવીને ઢોલિયે વિરાજમાન થયા. અને સંત પણ જમી ચળુ કરીને સભામાં આવીને બેસતા હતા. અને પછી તે તખા પગી વિગેરે સર્વે ઠાકોર ભાયડા મહારાજની પ્રસાદી જમીને સભામાં આવીને બેસતા હતા. ॥૭૪॥

૭૫. મહારાજે બામરોલી તખા પગીને ઘેર પધરામણી કરી.

અને વળી તે સમે તખા પગીએ મહારાજની પધરામણી સારુ પ્રાર્થના કરી ને કહે જે, “હે મહારાજ ! સંતે સહિત અમારે ઘેર પધારો !” એવાં એમનાં વચન સાંભળીને કહે જે, “સારું.” એમ કહીને નાન ખાચરને કહે જે, “અમારી ઘોડી લાવો.” ત્યારે નાન ખાચર ઘોડી લઈ આવીને ઊભા રહ્યા. અને મહારાજ ઘોડીએ સવાર થયા. એ સમે છત્ર, ચામર, અબદાગીરી, છડીદાર એ સર્વે તૈયાર થઈને ચાલ્યા.

તે સમે મુક્તાનંદસ્વામી ઘોડીની આગળ ઊભા રહીને પોતાને પગે ઘૂઘરા બાંધીને હસ્તને વિશે કડતાલા લઈને મહારાજની મૂર્તિ સામી વૃત્તિ રાખીને પ્રેમ સહિત પાછે પગલે પોતે ચાલે ને ઘણા સ્નેહથી રોમાંચિત ગદ્‌ગદ કંઠેથી ગાયન કરવા લાગ્યા. તેથી ઘોડી પણ સ્થિર થઈને સ્વામી જેટલો પગ ઉપાડે તેટલો જ પગ ઘોડી ઉપાડે.

ને મહારાજ પણ ઘોડી ઉપર સ્વામીના પ્રેમથી સ્થિર થઈને ઘોડીની

લગામ મૂકી દઈને સ્થિર થકા બેસતા હતા. અને તે સમે સ્વામીએ એવું ગાયન કર્યું જે, ઘૂઘરાનો શબ્દ તથા કડતાલાનો શબ્દ તથા પોતાના કંઠનો શબ્દ તે સર્વે એક થઈ જાય એવું ગાયન કર્યું. અને એ ગાયન થકી સર્વે સંત તથા હરિજન બાઈ ભાઈ એ સર્વેનાં ચિત્તને તાણી લેતા હતા. અને જેમ ચિત્રમાં ચિત્રામણ કાઢ્યાં હોયને શું ! એવી રીતે સર્વેને સ્થિર કરતા. અને શાસ્ત્રમાં પણ એ વચન છે જે, 'ધ્રૂવજીએ પોતાના પ્રાણવાયુ બંધ કર્યા તેથી સર્વેના પ્રાણવાયુ બંધ થયા.'

અને મહારાજે પણ પ્રથમના સત્તાવીસના વચનામૃતમાં કહ્યું છે : **'સંતની સર્વે ઈન્દ્રિઓને વિશે ભગવાન રહ્યા છે. તે માટે એ સંત તો સર્વે જગતનાં નાડીપ્રાણ ખેંચવા સમર્થ છે.'** એવાં વચનને સત્ય કરતા ને શ્રીજીમહારાજની મૂર્તિને વિશે પોતાની સર્વે ઈન્દ્રિઓની વૃત્તિને જોડતા થકા મહા સ્નેહે કરીને પાછે પગલે ગાયન કરતા સતા ધીરે ધીરે ત્રીજે પો'રથી ચાલ્યા; તે સંધ્યા વખતે તખા પગીનું ઘર એક ખેતરવા જેટલું છેટું હતું ત્યાં પૂગ્યા.

પછી મહારાજ ઘોડીએથી ઊતરીને ઘરમાં પધાર્યા ને ઢોલિયે વિરાજમાન થયા. ને તખા પગીએ ચંદન-પુષ્પ તથા કુસુમના હાર, સેલું, સરપાવ એ આદિક સર્વે પૂજાના સામાને કરી મહારાજની પૂજા કરી, ને આરતી ઉતારી. ને સંતને વસ્ત્ર ઓઢાડી તથા ફૂલના હાર પહેરાવી મહારાજને પગે લાગ્યા. અને પછી મહારાજ ત્યાંથી પધરામણી કરીને ચાલ્યા તે રાયણે આવી સભા કરીને બેસતા હતા.

તે સમે ઉગમણી પાસા ખેતર છે. તેમાં ઠાકોરભાઈડાની બાઈયું સર્વે ભેગા થઈ ગરબો તથા માટલીઓ લઈ ઘણા સ્નેહથી મહારાજનાં કીર્તન ગાવવા લાગ્યાં. તે ગાતે ગાતે રાતના બાર વાગ્યા. તે સમે મહારાજ તેમના પ્રેમથી તણાયા એવા થકા પોતે ઊઠી બાઈઓ ગાતી હતી, ત્યાં તેને મધ્યે જઈને પોતે ખુરશી નંખાવીને બેસતા હતા. અને પોતાની પ્રસાદીનાં પતાસાં તથા ચરણારવિંદ સર્વેને છાતીમાં આપીને

તેમને ઘણું રાજી કરી ગાયન રખાવીને પોતે ત્યાંથી રાયણ હેઠે આવીને ઢોલિયા ઉપર પોઢી જતા હતા.

અને બીજે દિવસે પ્રાતઃકાળે ઊઠીને ત્યાં કૂવો છે તે કૂવા ઉપર નાહી ધોઈને તખા પગીનાં દીકરીનું જે ઘર હતું ત્યાં જઈને તેની કોઠીમાં બાજરી હતી. તે જોઈને બાઈને કહે જે, **"આ કોઠીને મોઢે માટલું મૂકીને સીવી લ્યો ને સાણે થઈને બાજરી કાઢજો; તમારે ખૂટશે નહીં. અને જો ઉઘાડશો તો ખૂટી જાશે."** એમ બાઈને વર આપીને રાયણ હેઠે આવી ઘોડે સ્વાર થઈ સંતે સહિત વરતાલ પધારતા હવા. ॥૭૫॥

૭૬. મહારાજે સંતોને પરદેશ જવાની આજ્ઞા કરી.

અને જેવી રીતે બામરોલીમાં મહારાજ હિંડોળે વિરાજ્યા ને રંગ ઉત્સવ કર્યો તેવી જ રીતે **નરસંડા**, **કંજરી** તથા **વલોટવા** એ આદિક સર્વે ફરતા ગામોમાં રંગ ઉત્સવ કરતાં કરતાં રામનવમીનો ઉત્સવ આવ્યો. તે ઉત્સવ ઉપર અનેક ભક્તજન આવ્યા. તે દિવસે પોતાના જન્મનો રાતના દસ વાગે મોટો ઉત્સવ કરીને સભા કરી. ને રાત્રીએ જાગરણ કરીને સવારે ઊઠી સર્વે સંત તથા હરિજન ના'વા સારુ ગયા. ને મહારાજ પણ નાહીને નિત્યવિધિ કરીને થાળ થયો તે જમવા સારુ પધાર્યા.

તે ઓરડીમાં ઉગમણે મુખારવિંદે બાજઠ ઉપર બેસીને જમતા હતા. પછી જમી તૃપ્ત થઈ ચળુ કરી જળપાન કરીને મુખવાસ લઈને હાલમાં આચાર્યજી મહારાજની હવેલી છે તે જગાએ આંબલી તથા લીમડાનાં વૃક્ષ હતાં તેની છાયાએ સભા કરીને બેસતા હતા. ને સંત તથા હરિજન સભાને વિશે બેઠા.

ને મહારાજ સર્વે સંત પ્રત્યે કહે જે, **"દેશ પરદેશ જાઓ ને સ્ત્રી-દ્રવ્યાદિકનો યોગ થાય ને તેમાં ન બંધાય, ત્યારે તે સાધુ સાચા કહેવાય."** એમ કહીને સંતને કહે જે, "પરદેશ એકાએકી જાવ." તે વાત સાંભળીને સુરો ખાચર કહે જે, "હે મહારાજ ! પરદેશમાં તો

ઘણા ભણેલા હોય ને કોઈક પ્રશ્ન પૂછે ને ઉત્તર ન થાય તો કપાળમાં ઊનો પૈસો કરીને ડામ દે એવા છે. ને હાથીને પગે બાંધે ને સાજા-માંદા થાય તો ચાકરી કોણ કરે ?”

તે વાત સાંભળીને મહારાજ કહે જે, “મને તમે કેવો જાણો છો ?” ત્યારે સુરોખાચર કહે જે, **“તમને તો જગતના કારણ ને સર્વે અંતર્યામી ને સર્વેના કર્તા ને સાક્ષાત અક્ષરપતિ પુરુષોત્તમનારાયણ ભગવાન એવા હું તમને જાણું છું.”** ત્યારે કહે જે, “પૈસો ડામનારામાં કોણ રહ્યો છે ? ને હાથીને પગે કોણ બાંધે એવો છે ? ને બંદીખાને નાખે એવો કોણ છે ?” એમ કહી કહે જે, **“હે સંતો, તમે પરદેશમાં જાવ, મારી આજ્ઞા પાળે તેને હું સુનો નહિ મેલું ને માંદા થાશે તો ગમે તેમાં રહી ચાકરી કરાવીશ. અને એ જ્યાં જશે ત્યાં એક હું ને એક સંત એવી રીતે રક્ષા કરીશ.”** એવાં મહારાજનાં વચન સાંભળીને અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, “અમને સર્વેને ઘણી હિંમત આવી અને અમે સાઠ સંત મહારાજની આજ્ઞા લઈને પરદેશ ચાલ્યા.” ॥૭૬॥

૭૭. મહારાજે વરતાલના હરિજનોને ધીરજતાની વાત કરી.

અને પછી રામનવમીનો ઉત્સવ થઈ રહ્યો. અને સર્વે હરિજનો પોતપોતાની શક્તિ પ્રમાણે મહારાજની ચંદન, પુષ્પાદિકે કરીને પૂજા કરી રહ્યા. ત્યાર પછી મહારાજ સર્વે હરિજન પ્રત્યે કહે જે, “તમે સર્વે સૌ સૌના દેશમાં પોતાને ઘેર જાઓ, અને આ રામનવમીનો ઉત્સવ તથા અમારી મૂર્તિનું સ્મરણ હંમેશાં રાખજો અને અમારી આજ્ઞા પાળજો. અને અમે આ વડતાલમાં બે માસ રહ્યા અને હવે અમે પણ ગઢપુર જાશું.” એવી રીતે સર્વે હરિજનને આજ્ઞા કરી.

તે સમે સર્વે હરિજનો મહારાજનાં દર્શન કરી તથા આજ્ઞા લઈ ચાલ્યા. અને મહારાજ સભામાંથી ઊઠીને સુતારની ઓરડીએ જઈને પોઢી ગયા. અને સાંજના ઊઠી સભા કરીને સર્વે હરિજન તથા પરદેશ ગયા

તે વિનાના બીજા સંત આવીને સભામાં બેઠા. તેમના પ્રત્યે મહારાજ કહે જે, "સવારે એકાદશી છે તે એકાદશીનો ઉત્સવ કરી બારસનાં પારણાં કરીને આપણે ચાલવું છે." એમ કહેતા હતા.

અને વ્રતપુરીના હરિજનોને પોતાનો વિયોગ થાય તેથી ઘણું દુઃખ થાશે, એમ જાણીને ધીરજતાની વાત કરીને કહે જે, **"તમારે સર્વેને અંતરમાં અમારી મૂર્તિનું તથા આ બે માસ અમોએ ઘણીક લીલા કરી તેનું ચિંતવન હંમેશાં કરવું."** એમ કહીને કહે જે, **"આ અમારી લીલાનું સ્મરણ કેવું છે ? તો જે પાપી હોય તેને પણ પાપ છોડાવી મોક્ષ આપે એવું છે. માટે હંમેશ તમારે ચિંતવન કરવું."**

એવી રીતે ઘણી જ ધીરજતાની વાત કરીને પોતે સભામાંથી ઊઠીને સુતારની ઓરડીએ આવ્યા. ને આવીને દૂધ, સાકર, પૂરી, વંતાક-વાલોળનું શાક, પાપડ, ચટણી – એ આદિક ભોજન બ્રહ્મચારીએ કર્યાં હતાં તેને જમ્યા. પછી ચળુ કરીને જળપાન કરી મુખવાસ લઈને પોઢી જતા હતા. ॥૭૭॥

૭૮. અદ્‌ભુતાનંદસ્વામી વરતાલથી કંજબારી ગયા.

અને ત્યાર પછી અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, "હું તો વડતાલથી મહારાજની આજ્ઞા લઈને ચાલ્યો તે **ભરૂચ** નર્મદા નદી ઊતરીને એકાએકી (ચાલ્યો. આ વખતે) કર-પાતર અને ઉદર-ઝોળી, એક ખલકો ને કોપીન ને એક ચોપડી, બીજું કંઈ નહિ; એવો થકો ત્યાંથી શહેર **માંડવી** ગયો. ને ત્યાંથી ચાલ્યો તે દક્ષિણમાં એક **કંજબારી** નામે મોટું શહેર આવ્યું. ને તેની આથમણી દિશાએ મોટી નદી છે. અને તે શહેરનો રાજા જ્ઞાતિએ બ્રાહ્મણ ને **નારસંગ રાવળ** એવે નામે હતો.

તે શહેરમાં હું થોડોક દિવસ રહ્યો તે સમે પૂગ્યો. ને નદીમાં પોસે પાણી પીને દરવાજાને બહારલી પાસાએ એક ઓટો હતો તે ઉપર તેણે મને છેટેથી બેઠેલો જોઈને નોકરને કહે જે, "પેલા પરમહંસને કહીએ જે, કિલ્લાની માંહીલી પાસા આવો. ને ત્યાં રાત્રીએ જનજનાવર આવે

તો બીવરાવે તેથી શહેરમાં આવો." એમ પોતાના ચાકરને કહીને મારી પાસે મોકલ્યો. તે ચાકર મારી પાસે આવીને મને કહે જે, "રાજા સાહેબ કહે છે જે, શહેરમાં આવો, અહીં વાઘની બીક છે."

તે સાંભળીને મેં તે ચાકરને એમ કહ્યું જે, સ્ત્રીની કાષ્ટની પૂતળી જ્યાં હોય ત્યાં રહેવાની અમારા ગુરુની આજ્ઞા નથી. તે સાંભળીને તે ચાકરે જઈને રાજાને વાત કહી. ત્યારે રાજા કહે જે, "આપણા ગુરુને નાહવાની ધર્મશાળા છે, તેમાં કોઈ સ્ત્રીનો યોગ નથી. માટે ત્યાં બોલાવીને ઉતારો." એમ રાજાએ ચાકરને કહ્યું. તે ચાકર ફરીથી મારી પાસે આવીને કહે જે, "રાજાના ગુરુને ના'વાની ધર્મશાળા છે ત્યાં કોઈ સ્ત્રીનો પ્રવેશ નથી. તેથી તમે ત્યાં આવીને ઊતરો. એમ રાજા સાહેબે કહ્યું છે." તે સાંભળીને હું ત્યાં જઈને ઊતર્યો.

તે સમે એ રાજાનો ગુરુ કૌમુદિ, ન્યાય, ઉત્તર મીમાંસા, પૂર્વ મીમાંસા એવે નામે ઘણાંક શાસ્ત્ર તથા પુરાણ તેને ભણેલો એવો તે રાજાનો ગુરુ ત્યાં ના'વા સારુ આવ્યો. તે બહિર્ભૂમિ જઈ આવી નાહી ધોઈને મારી પાસે આવીને બેઠો. ને મને કહે જે, "તમારું યોગપટ શું છે ? અને તમે કેના સાધુ છો ?"

ત્યારે મેં કહ્યું જે, મારું નામ તો અદ્‌ભુતાનંદસ્વામી છે અને અમે સ્વામિનારાયણ ભગવાનના પરમહંસ છીએ. એ વાત સાંભળીને મારે ખભે મહારાજની વાતોની નાની ચોપડી હતી. તે જોઈને મને કહે જે, "આ શાનું પુસ્તક છે ? ને મહીં શી વાત છે ?" ત્યારે મેં કહ્યું જે, "તેમાં તો છ શાસ્ત્રની તથા અઢાર પુરાણની વાત છે."

તેને સાંભળીને એના અંતરમાં મહારાજના પ્રતાપથી ઘણી બીક લાગી, ને મનમાં એમ વિચાર કરવા લાગ્યો જે, આ સર્વે શાસ્ત્રની તથા પુરાણની વાર્તા આટલી ચોપડીમાં આણી છે. તેથી બહુ મોટા વિદ્વાન હશે ને મને પ્રશ્ન પૂછશે તો મારાથી ઉત્તર નહિ થાય ને જો મને આજ્ઞા કરે તો અહીંથી હું ઊઠીને જાઉં. એવી રીતે વારંવાર મનને

વિશે સંકલ્પ કરતો હતો.

અને મને મહારાજે એના અંતરના સંકલ્પ જણાવ્યા જે, આના અંતરમાં આવા સંકલ્પ થાય છે. તેથી આને તમે ઊઠવાનું કહો. એમ મહારાજે મને જણાવ્યું. તેથી મેં તેમને કહ્યું જે, "હે બાવાજી, તમારા મનમાં ઊઠવાનો સંકલ્પ કરો છો તેથી ઊઠવું હોય તો ઊઠી જાવ." એ વાત સાંભળીને ઘણો વિનય તથા નમ્રતા લાવીને મને કહે જે, "તમે તો કોઈક ઈશ્વર મૂર્તિ છો ને મારા અંતરની વાત તમોએ મને કહી તેથી તમો કોઈ બહુ મોટા છો." એવી વિનંતી કરી પગે લાગીને પોતે પોતાના ઉતારે ગયો ને હું તો ત્યાંને ત્યાં રહેતો હતો. ॥૭૮॥

૭૯. અદ્‌ભુતાનંદસ્વામીની કંજબારીના રાજાએ પૂજા કરી તે વાત

અને એ રાજાનો ગુરુ રાજાની પાસે જઈને રાજાને કહે જે, "આ તો કોઈ મોટા ઈશ્વર અવતાર છે. કેમ જે, મારા મનનો સંકલ્પ અંતરજામીપણે મને કહ્યો, તેથી મેં અનુમાન કર્યું ને શાસ્ત્રમાં પણ એવી વાત છે જે, 'કોઈક મહાસમર્થ હોય તે જ અંતરના ઘાટ કહે' તે એમણે અંતરની વાત કરી, તેથી મેં એમને બહુ મોટા જાણ્યા. માટે તમો સવારે આપણે અહીં બોલાવી ખર્ચી તથા પૂજાવિધિથી સારી રીતે સત્કાર કરવો. કારણ કે એમનો સત્કાર કરીએ તો આપણી ઉપર ભગવાન રાજી થાય ને રાજમાં કોઈ પ્રકારનાં વિઘન ન આવે અને એ મારા કરતાં કોટી ઘણા મોટા છે." એવી ગુરુની વાત સાંભળીને રાજા કહે જે, "તમે જેમ કહો તેમ કરું." એવી રીતે ગુરુ જેમ કહે તેમ કરે એવો રાજા ગુરુને વશ હતો.

પછી બીજે દહાડે સવારે તે રાજાએ મારા પ્રત્યે સંદેશો કહાવ્યો જે, 'તમે અહીં કચેરીમાં પધારો ને અહીં સ્ત્રીનો યોગ નથી. નહિ તો હું ત્યાં આવું.' એવું રાજાના ચાકરે મને આવીને કહ્યું. તે વાત સાંભળીને (સ્વામી કહે જે,) હું ત્યાં કચેરીમાં ગયો. ત્યારે તેમણે ખુરશી નાખી ને રાજા તથા સર્વે કચેરી ઊભી થઈને સત્કાર કર્યો ને હું પણ

જઈને ખુરશી ઉપર બેઠો. તે સમે રૂપિયા પાંચસેં તથા ફળ, ફૂલ તથા સાકર એ આદિક સર્વે ભેટ મેલી ને ચંદન-પુષ્પે કરીને પૂજા કરી ને પગે લાગીને રાજા બેઠા.

ત્યારે મેં કહ્યું જે, **'समलोष्टाश्मकांचनः'** એમ શાસ્ત્રમાં કહ્યું છે તેથી અમારે ધન જોઈએ નહીં. ત્યારે રાજા કહે જે, "ખર્ચી થાશે તથા વાહનમાં કામ લાગશે." ત્યારે મેં કહ્યું જે, પગે ચાલીને તીર્થ કરવું ને **'भवति भिक्षां देहि'** કરીને તીરથ કરવું (દેહ નિર્વાહ કરવો) ને અમે તો સ્વામિનારાયણના સાધુ છીએ, તેથી સ્ત્રી-દ્રવ્ય ખપે નહીં. માટે તમો રૂપિયા લઈ લ્યો."

એ વાત સાંભળીને રાજા કહે જે, "હે મહારાજ ! ધન ન રાખે તથા સ્ત્રીને ન અડે એવા પરમહંસ તો આજ દેખ્યા. માટે હે મહારાજ, આ રૂપિયા તો તમોને ભેટ મેલ્યા, તે હવે શિવ નિર્માલ્ય થયા. તે મારે તો ખપે નહીં, તમારી ખુશી પડે તેમ તમો કરો અથવા તમારી નજરમાં આવે તો બ્રાહ્મણને દઈ દ્યો, પણ મારે તો ખપે નહીં."

તેવાં રાજાનાં વચન સાંભળીને કચેરીમાં બેઠેલા જે બ્રાહ્મણો તેને મેં આજ્ઞા કરી તે બ્રાહ્મણોએ લઈ લીધા. અને સાકર તથા ફળ ફૂલ જે હતાં તે રાજાને તથા રાજાના બે કુંવરને પ્રસાદીનાં કરીને આપ્યાં.

ત્યાર પછી રાજા કહે જે, "હે મહારાજ ! તમો દરબારમાં પધારો તો સર્વે દર્શન કરે." ત્યારે મેં કહ્યું જે, સ્ત્રીની કાષ્ટની પૂતળી જ્યાં હોય ત્યાં જવાની અમારા ગુરુની આજ્ઞા નથી. તે વાત સાંભળીને રાજાને તથા સર્વે કારભારી મંડળને ઘણો જ મહિમાએ સહિત ભાર આવ્યો. ને મને રાજા કહે જે, "તમે જમશો ક્યાં ?" ત્યારે મેં કહ્યું જે, કોઈક બ્રાહ્મણ જમાડશે તો જમશું, નહિ તો ભિક્ષા કરશું.

તે વાત સાંભળીને જેને રૂપિયા આપ્યા હતા તેવા તે બ્રાહ્મણ કહે જે, "મારે ઘેર જમશે." એમ કહીને તેમને ઘેર મને બોલાવી ગયા અને હું ત્યાં જમીને ઉતારા ઉપર આવતો હતો." ॥૭૯॥

૮૦. સ્વામી કંજબારીથી છાના ચાલ્યા તે વાત

અને વળી તે જ રાતે રાજા ગુરુને બોલાવીને કહે જે, "આ તો કોઈક ઈશ્વર અવતાર જેવા બહુ મોટા છે. કારણ કે સ્ત્રી-દ્રવ્યાદિકમાં તો ઈશ્વર વિના બીજો કોઈ ન લોભાય તેમ નથી, સર્વે લોભાય એમ છે. કારણ કે બ્રહ્મા, શિવ, ઈન્દ્રાદિક પણ ઘણા લોભાયા ને ધર્મભ્રષ્ટ થયા છે." તે વાત સાંભળીને ગુરુ કહે જે, "તારા પાંચસેં રૂપિયામાં એ મોટા છે તે શું લોભાય ? એની તો એને ગણતી નથી, પણ તમે જો આ તમારી દીકરી જે છે તે એમને પરણાવો ને આ રાજગાદી જે છે તે એમને સોંપીને રાજ્યાભિષેક કરો તો એ આપણે અહીંયાં રહે. અને આપણે સર્વે એના દાસ થઈને વરતશું ને એ કહે તેમ કરશું."

એવી ગુરુની વાત સાંભળીને રાજા કહે જે, "તમે જેમ કહો તેમ હું કરું." ત્યારે ગુરુ કહે જે, "આપણે જોષીને બોલાવીને મૂરત જોવરાવો." ત્યારે રાજાએ જોષીને બોલાવીને પૂછ્યું. ત્યારે જોષી કહે જે, "કન્યાદાન દેવાનું તથા રાજ્યાભિષેક કરવાનું આજથી દસમે દિવસે બહુ સારું મૂરત છે."

તે વાત સાંભળી ગુરુ કહે જે, "એ જો આ વાત જાણશે તો જતા રહેશે. તે સારુ છાની ચોકી મૂકી દ્યો ને આ વિચાર ગુપ્ત રાખો." એમ કહીને ગુરુ ગયા. અને રાજાએ તે જ વખતે જ્યાં અદ્‌ભુતાનંદસ્વામી ઊતર્યા છે તે જ ધર્મશાળામાં ચોકી મૂકી દીધી. અને સ્વામી કહે જે, "હું ના'વા જાઉં તથા જમવા ગામમાં જાઉં ત્યાં મારી કેડે કેડે સિપાઈ ફર્યા કરે. એમ કરતાં કરતાં પાંચ-છ દિવસ ગયા.

ને છઠ્ઠે દિવસે ત્રીજે પો'રે રાજાના બે કુંવર મારી પાસે આવીને બેઠા. તેને મેં પૂછ્યું જે, 'તમારા બાપ ને તમારા ગુરુ કંઈ વાતો કરે છે ?' ત્યારે તે કહે જે, "મહારાજ, તમને અમારાં બે'ન પરણાવશું ને તમને રાજ્ય-ગાદી સોંપશું ને અમે તો સર્વે તમારા દાસ થઈને રહીશું. એવો વિચાર અમારા બાપ ને ગુરુએ કર્યો છે. ને તમે જાતા

ન રહો તે સારુ ચોકી મેલી છે. ને હવે ચાર દિવસ બાકી છે. ને પાંચમે દિવસે મૂરત છે.”

એ વાત સાંભળીને (સ્વામી કહે જે,) મેં મનને વિશે વિચાર કર્યો જે, ઘરનું બંધન તો તોડીને હું સાધુ થયો ને મીંઢળ પણ મહારાજે છોડ્યું હતું. અને આ તો બીજું બંધન આવ્યું, હવે કેમ કરવું ? એમ વિચાર કરીને મેં એમ નિશ્ચય કર્યો જે, ‘એકાદ દહાડો અહીં રહીને લાગ આવેથી ચાલી નીકળવું. અને હમણે જો ચાલીએ તો રોકી પાડે.’ એમ કહીને(વિચારીને) એક દિવસ રહીને બીજે દિવસે રાતના ત્રણ વાગે ઊઠીને, સિપાઈને સૂતા મેલીને ચાલી નીકળ્યો. ને નદીનું એક કોતર આવ્યું તેમાં સંતાઈ ગયો. ને પછવાડેથી સવાર થયું એટલે જાહેર થયું જે, ‘પરમહંસ ભાગી ગયા.’

તે વાત સાંભળીને રાજા કહે જે, “જેટલા રસ્તા છે તે રસ્તે રસ્તે સવાર દોડાવો, ને જ્યાં હોય ત્યાંથી બોલાવી લાવો.” એવી રીતે રાજાએ આજ્ઞા કરી. તેથી સવારો જેટલા રસ્તા હતા તેટલે રસ્તે દોડીને કોઈ બે ગાઉ, કોઈ ચાર ગાઉ એમ જઈ જઈને પાછા આવીને રાજાને કહે જે, ‘કંઈએ મળ્યા નહીં, એ તો અલોપ થઈ જાય એમ થઈ ગયા.” ॥૮૦॥

૮૧. સ્વામી સંઘવા શહેર ગયા તે વાત

અને સ્વામી કહે, “હું તો કોતરમાંથી સ્વાર પાછા વળ્યા એટલે નીકળીને ખલકો બગલમાં મારીને કોપીનભેર ચાલ્યો. તે **સંઘવા** શહેરની પોઠ દાણા નાંખવા સારુ આવેલી, તે ચાલી તે ભેગો હું પણ ચાલ્યો. તે એક ગાઉ ભેગો ચાલ્યો. ને પછી મહારાજની મૂર્તિ ધારીને એવો ઉતાવળો ચાલ્યો જે, ત્યાંથી ચાલીસ ગાઉ સંઘવું શહેર થાય ત્યાં આવ્યો. ત્યારે શહેરના દરવાજા અડકાઈ[૧] ગયેલા ને ચોકીવાળા દરવાજા ઉપર બંદૂકો ભરીને બેઠેલા. તે મને જોઈને કહે જે, “એ હેરૂ આવ્યો, મારો..!’ ત્યારે મેં કહ્યું જે, ભાઈ, અમે કંઈ શત્રુ નથી. અમે તો વટેમાર્ગુ છીએ.

૧.બંધ થઈ

ત્યારે તેમણે બંદૂક છાતીએથી હેઠે ઉતારી અને મને તો થાક બહુ લાગેલો ને ભૂખ પણ બહુ લાગેલી અને કંઈ રહેવાનું સ્થાન નહીં. તેથી દરવાજાને સમીપે શિવનું મંદિર હતું ત્યાં જઈને પગ વળે નહીં તેથી પગને ઓળસી ઓળસીને વાળ્યા ને પછી બેઠો.

તે સમે ગામમાંથી બે બ્રાહ્મણ દરવાજાની બારી ઉઘાડીને શિવને દર્શને આવ્યા. તેમણે મને દેખ્યો ને તે મને કહે જે, "હે પરમહંસ, તમે આજ ક્યાંથી આવ્યા છો ?" ત્યારે મેં કહ્યું જે, હું તો કંજબારીથી આજે આવ્યો. ત્યારે તે બ્રાહ્મણ કહે જે, "કંજબારીનો તો ચાર દિવસનો રસ્તો છે, તે તમો આજે આવ્યા એમ કહો છો, તે કેમ મનાય ?" અને પછી તે બ્રાહ્મણ કહે જે, "અમારી પોઠ આજે ઉપડવાની હતી." તે સાંભળીને મેં તે બ્રાહ્મણને કહ્યું જે, તમારી પોઠ આજે ઊપડી ને તેની ભેગો હું એક ગાઉ ચાલ્યો ને પછીથી ઉતાવળો ચાલ્યો, તે અહીં આવ્યો. ને અહીં તો દરવાજો અડકાઈ ગયો તેથી અમે અહીં બેઠા.

તે વાત સાંભળીને તે બ્રાહ્મણ કહે જે, "હે મહારાજ ! તમે તો બહુ ચાલ્યા. માટે ભૂખ્યા પણ હશો" ત્યારે મેં કહ્યું જે, ભૂખ્યા ને તરસ્યા બન્ને છીએ. ત્યારે તે બ્રાહ્મણ કહે જે, "અમો જમવાનું લાવીએ છીએ." એમ કહીને તે બ્રાહ્મણ ઘેર જઈ થાળીમાં ખીચડી તથા પાણીનો લોટો લઈને આવ્યા. પછી મને કહે જે, "હે મહારાજ ! તમને જમતા સુધી તો અમારાથી અહીં નહિ રહેવાય. કારણ કે દરવાજાની બારી અડકાવી દે."

ત્યારે મેં કહ્યું જે, આ ધોયેલા ઓટલા ઉપર ખીચડી મૂકીને તથા આ તુંબડીમાં પાણી રેડીને તમો જાવ ને પછી હું જમીશ એમ કહ્યું. ત્યારે તે બ્રાહ્મણ કહે જે, "તમે જમીને અહીં રાત રહેજો ને સવારે અમે તમને શહેરમાં લઈ જઈશું." એમ કહીને ખીચડી મૂકીને ગયા. ને હું જમીને ત્યાં સૂઈ રહ્યો; ને ત્યાંથી બીજે દિવસે સવારે ઊઠીને ચાલી નીકળતો હતો. ॥૮૧॥

૮૨. સ્વામી ગામ મેથીથી ઉજ્જૈન નગરી ગયા.

અને વળી ત્યાંથી ચાલ્યો તે ફરતાં ફરતાં **માલેગામ** આવ્યો. ને ત્યાં આથમણા પાસાએ નદીને કાંઠે શિવનું મંદીર છે, તેમાં ત્રણ દિવસ રહ્યો. પછી ત્યાંથી ચાલ્યો તે **ધુલિયા**ની પાસે **મેથીગામ** છે ત્યાં આવીને ગામથી બહાર નદીમાં આવીને બેઠો હતો. તે સમે ગામમાંથી એક અતીત આવ્યો. તે મને જોઈને કહે જે, "તમે મારે ઘેર જમવા સારુ ચાલો." ત્યારે મેં કહ્યું જે, તમે કેવા છો ? ત્યારે તે કહે જે, "અમે અતીત છીએ." ત્યારે મેં કહ્યું જે, તમારું તો અમારે ખપે નહીં. ત્યારે તે કહે જે, "મારે ઘેર તો બ્રાહ્મણ રસોઈયો છે. તે બ્રાહ્મણ હંમેશ રસોઈ કરે છે ને અમે જમીએ છીએ ને ભગવાનનું ભજન કરીએ છીએ. માટે તમો જમવા સારુ ચાલો."

ત્યારે (સ્વામી કહે જે,) હું ત્યાં જમવા સારુ ગયો ને પછી જમવા બેઠો. તે સમે તે અતીતને બે દીકરી કુંવારી હતી. તેને પરણાવવા સારુ મને ગયા મોર વર ખોળતો હતો. તેવામાં હું એને ઘેર જમવા ગયો. તે વખતે તે અતીતે પોતાની દીકરીઓને છેટેથી મને દેખાડ્યો. ત્યારે તે દીકરીઓ મને જોઈ ઘણું રાજી થઈ, ને એના બાપને કહે જે, 'અમારા લાયક એ વર છે.' એમ કહ્યું.

તે સાંભળીને એ અતીતે મોટો કાગળ લાવીને લખાવ્યો. તેમાં એવી વિક્તિ લખી જે, સાઠ હજાર રૂપિયા બે દીકરીઓને પ્રથમથી આપું છું અને સાઠ હજાર રૂપિયા જમાઈને અત્યારથી આપું છું ને મારે ઘરે ઘરજમાઈ થઈને રહે. અને હું જ્યારે મરું ત્યારે મારી સર્વે મિલ્કત એમની છે. એવો કાગળ લખીને ગામ લોકોની સહી કરાવીને (અદ્‌ભુતાનંદસ્વામી કહે જે,) મને આપ્યો.

ત્યારે એ કાગળ વાંચીને મેં મનમાં વિચાર કર્યો જે, 'રાજ્યનું બંધન મૂકીને હું ચાલી નીકળ્યો, ત્યારે આ બીજું બંધન આવ્યું. અને

જો મહારાજને મૂકીને આમાં બંધાયા તો ઘોર નરકમાં પડી ચૂક્યા' એમ મન સંગાથે વિચાર કરીને કહ્યું જે, "આ કાગળ તમારી પાસે રાખો, ને હું ઉતારે જઈ આવું પછી આવીશ." એમ કહીને (અદ્‌ભુતાનંદસ્વામી કહે જે,) હું તો ત્યાંથી ચાલ્યો તે ફરતો ફરતો ઉજ્જૈન નગરી ગયો.

ને ત્યાં ક્ષિપ્રા નામની નદી છે. તેમાં શ્રીકૃષ્ણ ભગવાન જે જગ્યાએ નાહ્યા હતા તે જગ્યાએ હું પણ મહારાજને સંભારતો સંભારતો નાહ્યો. ને પછી ગામમાં ભિક્ષાવૃત્તિ કરી જમીને પછી મનમાં એક સંકલ્પ થયો જે, હવે તો મહારાજ પાસે જઈએ તો ઠીક, નહિ તો ક્યાંક બંધાઈ જવાશે. એમ સંકલ્પ કરીને ત્યાં બે દિવસ રહીને ત્યાંથી ચાલતો હતો. ॥૮૨॥

૮૩. સ્વામી બુરાનપુર થઈને ગામ નાગડકે આવ્યા.

અને પછી ત્યાંથી ચાલ્યો તે ફરતો ફરતો **બુરાનપુર** આવ્યો. અને એ શહેરમાં **નરોનારાયણનંદસ્વામી** તથા **કૃષ્ણાનંદસ્વામી** તથા **પૂર્ણાનંદ સ્વામી** ને હું એ અમે ચાર જણા ભેગા થયા. તે સમે **પ્રેમાનંદસ્વામી** અમારાથી પહેલાં બુરાનપુરમાં એક **તાપીદાસ** કરીને જબરા વૈરાગી હતા. તેના અખાડામાં ગાયન શીખતા થકા છ મહિનાથી ત્યાં રહેલા. તે તેમના હાથી ઉપર બેસીને ચોક કહેવાય છે ત્યાં થઈને અખાડામાં જતા હતા. તેમને અમે દેખ્યા ને તેમણે અમને પણ દેખ્યા.

અને પછી પ્રેમાનંદસ્વામી ઉતારા ઉપર ચાલ્યા ગયા. ને અમે ચારેય જણાએ વિચાર કર્યો જે, સ્વામીને આપણી સાથે લઈને ચાલીએ તો ઠીક. એમ વિચાર કરીને રાત્રીએ તાપીદાસના અખાડામાં જઈને પ્રેમાનંદસ્વામીને બોલાવીને (અદ્‌ભુતાનંદસ્વામી કહે જે,) મારે રાજાનું તથા બીજાં ઘણાંક બંધન આવ્યાં, તે બધી વાત પ્રેમાનંદસ્વામીને કહી.

તે મારી વાત સાંભળીને પ્રેમાનંદસ્વામી કહે જે, 'મારા મનમાં તો એમ થઈ ગયું હતું જે, અહીં રહીએ, એમ મને મન છેતરી ગયું

હતું. તે આ તમારી વાત સાંભળીને તીવ્ર સંકલ્પ થયો જે, આપણે સર્વે હવે તો મહારાજ પાસે જઈએ.' એમ વિચાર કરીને અમે પાંચેય ત્યાંથી ચાલી નીકળ્યા, તે ફરતાં ફરતાં સોએક ગાઉ ભેગા ચાલ્યા.

ને પછી સૌ એકાએકી થઈને ચાલ્યા. કારણ કે મહારાજની ભેગા રહેવાની આજ્ઞા નો'તી. તેથી એકાએકી ચાલ્યા, તે (અદ્‌ભુતાનંદ સ્વામી કહે જે,) હું તો ફરતો ફરતો ચરોતર દેશમાં ગામ **ગાના**ના સીમાડામાં આવ્યો. ત્યારે મારે છ ઉપવાસ થયેલા, તેથી કોઠીના તોડા પાડ્યા પણ તે તો કાંઈ ખાધા ગયા નહીં. અને ત્યાંથી ચાલીને ગામમાં જઈને ભિક્ષા કરું એવા વિચારે ગામની ભાગોળે આવ્યો. ત્યાં તો એક પાટીદાર સામો મળ્યો.

તે કહે જે, ‘અલ્યા, સ્વામિનારાયણનો મુંડિયો આવ્યો, તે આપણું ગામ ખરાબ કરશે.' તેથી તે ગામમાં મને ના પેસવા દીધો. તેથી હું તો ત્યાંથી ચાલ્યો તે બારોબાર શહેર **નડિયાદ** ગયો. ને ત્યાં આખા ગામમાં માગ્યું પણ મહાદેવને માથે મેલે એટલો પણ લોટ કોઈએ મને સ્વામિનારાયણનો મુંડિયો જાણીને ન આપ્યો.

અને પછી ત્યાંથી થડમાં એક **પીપલગ** નામે ગામ છે તે ગામમાં માગ્યું. ત્યારે નવટાંક કોદરાનો લોટ મળ્યો. તે લોટ ગામથી આથમણી પાસે કૂવાની થડમાં સમડો હતો, તેની નીચે વેરી નાખીને આઠમે ઉપવાસે **ડભાણ** જઈને ખાધું. ને ત્યાં બે-ચાર દિવસ રહીને ત્યાંથી ચાલ્યો તે ગામ **બુધેજ** આવ્યો ત્યારે ખાવાનું મળ્યું.

એવી રીતે તે દિવસે ખાવાનાં ગામ ગણાતાં જે, આ ગામમાં ખાવાનું મળશે, આ ગામમાં ખાવાનું નહિ મળે, એમ ગામ ગણાતાં. પછી ત્યાંથી ચાલ્યો તે ગામ **કમિયાળે** થઈને **ધોલેરે** થઈને **માનસંગ ડોડિયાની ચોકડી**માં આવ્યો. ને ત્યાં માનસંગ ડોડિયે ખીચડી ને કઢી જમાડી. અને પછી ત્યાંથી હું ચાલ્યો તે **નાગડકા**ના સીમાડામાં આવીને રહેતો હતો." ॥૮૩॥

૮૪. મહારાજે ગામ કોઠાવીની બાઈને રોટલાનો પરચો આપ્યો તે વાત

અને શ્રીજીમહારાજે વરતાલથી સંતને પરદેશમાં મોકલીને તથા હરિજનોને પોતપોતાનાં ઘેર મોકલીને પછી પોતે બારસને દિવસે પ્રાતઃકાળે ઊઠી, નિત્યવિધિ કરીને તથા પારણાં કરીને થોડાક સંતો તથા પાર્ષદે સહિત પોતે વરતાલથી ચાલ્યા. તે પછી મહારાજને વળાવવા સારુ વરતાલના ઘણા હરિજનો પછવાડે છેટે સુધી આવેલા. તેમને ઘણા સ્નેહથી તથા મધુર વચન કહીને પાછા વાળીને પોતે ત્યાંથી ચાલ્યા. તે રસ્તામાં ગામ **કોઠાવી**ના સીમાડામાં આવ્યા.

ને તે ગામમાં એક પાટીદાર હતા. તેમના ઘરનાં બાઈ મઠ-બાવટાના રોટલા મજુર સારુ ઘડતાં હતાં. તે સમે એક રોટલો બહુ સારો ફૂલીને થયો. તેને જોઈને તે બાઈએ મનમાં સંકલ્પ કર્યો જે, ‘આ રોટલો તો ભગવાન જમે એવો છે !’ એવો સંકલ્પ કરેલો. અને પછીથી તે બાઈએ મજુરના રોટલા ટોપલામાં ભરીને તથા તામડીમાં મઠની દાળ ભરી, ને તે તામડી હાથમાં લઈને રસ્તામાં ચાલતાં હતાં. તેના મનનો સંકલ્પ પૂરો કરવા સારુ મહારાજ કાઠીને છેટે મૂકી, પોતે ઉતાવળા ચાલીને બાઈની બરોબર થઈને તે બાઈને કહે જે, “આ ટોપલામાં શું છે ?” ત્યારે બાઈ કહે જે, “હે મહારાજ ! મજુરના રોટલા છે. તે લઈને હુ ખેતરમાં આપવા જાઉં છું.”

તે સાંભળીને મહારાજ કહે જે, “અમને એક રોટલો ના આલો ?” ત્યારે તે બાઈ કહે જે, “હોવે લ્યો, તમને આપું.” એમ કહીને રાયણનો વૃક્ષ હતો તેની નીચે ટોપલો ઉતારીને બાઈએ બાજરીનો રોટલો ને ભાજી મહારાજને મોટા મનુષ્ય જાણીને આપ્યો. ત્યારે મહારાજ કહે જે, “આ રોટલો તો સારો નથી.” ત્યારે તે બાઈએ બીજો આપ્યો, એમ બે-ચાર રોટલા બદલીને કહે જે, **“અમારો જે રોટલો છે તે લાવો.”** ત્યારે તે બાઈ કહે જે, “તમારો કેમ ?” ત્યારે મહારાજ કહે જે, “તમોએ ઘડતાં

ઘડતાં સંકલ્પ કર્યો હતો જે, 'આ રોટલો તો ભગવાન જમે એવો છે.' તે તમારા મનના સંકલ્પ જાણીને અમે ભગવાન છીએ તે તમારો સંકલ્પ પૂરો કરવા સારુ આવ્યા છીએ, માટે તે રોટલો આપો." એમ કહ્યું.

ત્યારે તે બાઈએ તે જ રોટલો કાઢીને મહારાજને આપ્યો. ને ભાજી તથા મઠની દાળ બન્ને આપ્યાં. પછીથી મહારાજ બાઈના પ્રેમથી રોટલો હાથને વિશે લઈને મઠની દાળ તથા ભાજીએ સહિત જમતા હતા. તેટલાકમાં કાઠી કેડેથી આવ્યા ને કહે જે, 'હે મહારાજ ! તમે ભગવાન થઈને અમને મેલીને એકલા કાણું જમતા છો ?' એમ કહીને કાઠી મહારાજના હાથમાંથી રોટલો લેવા સારુ આમ જાય તો મહારાજ આમ ફરે, ને આમ જાય તો આમ ફરે, તેવી રીતે લીલા કરતા સતા અડધોક રોટલો જમી ગયા.

પછી સુરા ખાચરે મહારાજને કહ્યું જે, 'કાણું બાવટાનો રોટલો જમતા છો ? પેટમાં દુઃખશે.' એમ કહી પ્રસાદીના માહાત્મ્ય થકી ખૂંચી લઈને જમી ગયા. પછીથી મહારાજ હાથ ધોઈ જળપાન કરીને બાઈને કહે જે, "તમે અમારી પાસે કાંઈક માગો." ત્યારે બાઈ કહે જે, "હે મહારાજ ! તમારાં ચરણારવિંદની સેવામાં રાખજો ને અંત સમે વહેલા તેડવા સારુ પધારજો ને જ્યારે હું સ્મરણ કરું ત્યારે આવી મૂર્તિનાં મને દર્શન થાય ને હમણે પૂજવા સારુ તમારાં ચરણારવિંદ પાડેલાં મને આપો !" એટલા વર બાઈએ માગ્યા. તે બાઈના બધા વર આપી તથા પૂજવા સારુ ચરણારવિંદ આપતા હતા ને પોતે ત્યાંથી ચાલતા હતા. ॥૮૪॥

૮૫. ગામ બુધેજમાં પરચો આપીને સત્સંગ કરાવ્યો.

અને પછી ત્યાંથી સ્વારે સહિત ચાલ્યા તે ગામ **નાર** થઈને **ઉંટવાડે** ગયા. ને ત્યાં ઉંટવાડામાં રહેલા જે **જોઈતા પગી** તે મહારાજને આવતા સાંભળી સામા આવી મહારાજનાં દર્શન કરી ઘણીક વિનંતી કરી પોતાને

ઘરે મહારાજને કાઠીએ સહિત લઈ જઈ, રસોઈ કરાવીને મહારાજને સારી રીતે જમાડતા હતા. અને પછીથી સંત તથા પાર્ષદને જમાડીને મહારાજને ઢોલિયા ઉપર વિરાજમાન કરીને આરતી ઉતારી પગે લાગીને મહારાજને કહે જે, "હે મહારાજ ! કંઈક પ્રસાદીની મહેરબાની કરો !" તે વાત સાંભળીને મહારાજ પોતાને પહેરવાની મોજડીઓ હતી તે જોઈતા પગીને આપતા હતા.

ને ત્યાં પોતે રાત રહીને બીજે દિવસે સવારમાં ઊઠી સ્વાર થઈને ગામ **બુધેજ** આવ્યા. ને તે બુધેજના **દરબાર હઠીભાઈ** તથા તેમના પુત્ર **ખોડાભાઈ** તથા **તેજાભાઈ** તથા ગામના બીજા મનુષ્ય વાજિંત્રે સહિત મહારાજની સામા આવ્યા. ને મહારાજને પગે લાગી વિનંતી કરીને વાજતે-ગાજતે પોતાના દરબારમાં પધરાવ્યા. ને મોતિયા-જલેબી (વગેરે) પકવાનની રસોઈ તૈયાર કરી રાખી હતી. તે મહારાજને સર્વે સંત-પાર્ષદને જમાડતા હતા. ને તે જ દિવસે એમના દરબારમાં લીમડા નીચે સભા કરીને મહારાજ વિરાજમાન થયા. ત્યાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ એ સંબંધી ઘણીક વાર્તા રાતના નવ વાગ્યા સુધી કરી. ને પછી પોતે દરબારમાં જઈને પોઢી ગયા ને સર્વે સંત પણ પોઢતા હતા.

અને બીજે દિવસે પ્રાતઃકાળે સ્નાનવિધિ કરીને મહારાજ સભામાં વિરાજમાન થયા. વડતાલથી દરબાર હઠીભાઈ 'સ્વામિનારાયણ ભગવાન છે,' એવો નિશ્ચય કરીને, વર્તમાન ધારીને સત્સંગી થઈને ઘેર આવીને ઘરનાં મનુષ્યને કહે જે, "તમે સત્સંગી થાઓ, સ્વામિનારાયણ ભગવાન છે. ને મને પરચો આપ્યો, તેથી હું સંત્સગી થયો." એ વાત સાંભળીને ઘરનું મનુષ્ય કહે જે, "મને પરચો આપે તો હું સત્સંગી થાઉં."

ત્યારે હઠીભાઈ કહે જે, "તમે સંકલ્પ કરજો, સ્વામિનારાયણ પૂરો કરશે." એવી વાત સાંભળીને બાઈએ સંકલ્પ કર્યો જે, 'મારી ભેંસને અઢી શેર ઘી થાય છે. તે જો સ્વામિનારાયણ ભગવાન હોય તો ત્રણ શેર ઘી થાય,' એવો સંકલ્પ કરીને બીજે દિવસે બાઈએ વલોણું કર્યું.

ત્યારે ત્રણ શેર ઘી થયું. તે અડધો શેર ઘી જુદું રાખી મેલ્યું હતું.

એ વાતને મહારાજ પ્રસિદ્ધ કરવા સારુ, સભામાં ખોડાભાઈ બેઠા હતા તેમને મહારાજ કહે જે, "હે ખોડાભાઈ, અમે નાના હતા ત્યારે ઘી પીતા હતા. તે અછેર[1] ઘી સારું ચોખું હોય તો લાવો." એ વાત સાંભળીને ખોડાભાઈ પોતાના ઘેરથી ઘી લાવ્યા. તેને જોઈ મહારાજ કહે જે, "આ ઘી સારું નથી." ત્યારે વળી બીજે ઘેરથી લાવ્યા. તે જોઈને કહે જે, "આ સારું નથી." એવી રીતે બે-ચાર ઘેરથી ઘી લાવ્યા, તેને જોઈને કહે જે, "આ સારું નથી." એમ કહીને ના પાડી. તે વાત જોઈને હઠીભાઈના ઘરનાં બાઈ કહે જે, "હે મહારાજ ! તમારી થાપણ કાંઈ ઓળવી નથી, શા સારુ છોકરાને આંટા ખવરાવો છો ? તમારું અડધો શેર ઘી જુદું રાખી મૂક્યું છે, તે માગી લ્યો."

એવાં બાઈનાં વચન સાંભળીને મહારાજ કહે જે, "એ શું કે' છે ?" ત્યારે હઠીભાઈએ કહ્યું જે, "હે મહારાજ, એવો સંકલ્પ એમણે કર્યો હતો જે, સ્વામિનારાયણ ભગવાન હોય તો અછેર ઘી વધારે થાય. તેથી ઘી વધારે થયું છે. તે વાટકીમાં ગાળીને જુદું રાખી મૂક્યું છે."

તે સાંભળીને મહારાજ કહે જે, 'હે સંતો, અમે તો અછેર ઘીના છીએ. જો અછેર ઘી વધારે ન થયું હોત તો અમે ભગવાન નહિ.' એવી વાત કરીને સર્વે સભાને હસાવી ને પોતાના મહિમાની તથા પોતાના પ્રતાપની ઘણીક વાત કરી. તેને સાંભળીને એ બાઈ તથા બીજી બાઈઓ ઘણાંક સત્સંગી થાતાં હતાં.

અને મહારાજની વાત સાંભળીને હઠીભાઈએ ઢોલકાવાળાને બોલાવીને, ઢોલ વગડાવીને સર્વને ભેળા કરીને કહે જે, 'સ્વામિનારાયણના સત્સંગી થાવું હોય તો અમારા ગામમાં રહો, નહિ તો બીજા ગામમાં જાતા રહો.' એવાં દરબારનાં વચન સાંભળીને સર્વે કહે જે, 'તમે જેમ કહો તેમ અમે સર્વે કરીશું.' ત્યારે હઠીભાઈએ

૧.૨૫૦ ગ્રામ

મહારાજને કહ્યું જે, 'હે મહારાજ, તમે અમારી સર્વે પ્રજાને વર્તમાન ધરાવીને સત્સંગી કરો.'

એવાં દરબારનાં વચન સાંભળીને મહારાજ સર્વેને વર્તમાન ધરાવતા હતા. ને પછી ખોડાભાઈએ મહારાજને જમવા સારુ દૂધપાક, પૂરી, ખાંડના લાડું, ભજિયાં, વડાં, શાક, રાઈતાં, ચટણી, પાપડ, પાપડી, દાળ-ભાત વગેરેનો થાળ કરાવ્યો હતો. તે મહારાજ જમવા સારુ પધાર્યા ને ઓતરાદા બારની ઓસરીએ ઉગમણે મુખારવિંદે બાજઠ ઉપર બેસીને જમતા હવા. ॥૮૫॥

૮૬. મહારાજે સુરા ખાચર સાથે રમૂજ કરી તથા ધોલેરામાં મીઠું ને સેવ જમ્યા.

અને પછી જમી ચળુ કરી તૃપ્ત થઈ મુખવાસ લઈને હઠીભાઈને કહે જે, "અમે અમારા દેશમાંથી એકાએકી અહીં આવ્યા હતા ને તમે જારનું સદાવ્રત દેતા હતા. તે અમે આવી સદાવ્રત માગ્યું ત્યારે અમને જાર આપવા માંડી. તે અમે જાર લીધી નહીં ને ત્યારમત્યાર[1] માગ્યું. ત્યારે અમને કહે જે, 'તમારા જેવા ઘણાક ત્યારમત્યાર લેવા સારુ આવે છે ને તમે તો પાતળા છો, ને અહીં તો ઘાણીના થડિયા જેવા ને પાંચ હાથ ઊંચા એવા આવે છે. માટે જાર લેવી હોય તો લ્યો.'

ત્યારે અમે કહ્યું જે, જાર લાવો. ત્યારે તે આપનાર કહે જે, 'આ ઓસરીમાં પાંચ આંટા મારો ત્યારે આપીએ.' ત્યારે અમે આ ઓસરીમાં પાંચ આંટા માર્યા ને જારનું સદાવ્રત લઈને દશ-વીસ દાણા જમીને આ લીમડા હેઠે જાર વેરીને ચાલ્યા ગયા હતા. તે આજ આવ્યા." તે વાત સાંભળીને એ સર્વે હરિજનોએ ઘણો અફસોસ કર્યો. તેને જોઈને મહારાજ કહે જે, 'તે પુણ્યથી જ અમે તમારે ઘેર આવ્યા, તમારે કાંઈ શોક કરવો નહિ.' એમ કહી રાજી કરીને પોતે ત્યાંથી ઊઠીને સંતની

૧.જે તૈયાર હોય તે

તથા પાર્ષદની પંગત જમવા બેઠી હતી ત્યાં આવીને ઢોલિયા ઉપર બેઠા. ને સુરા ખાચર તથા સોમલા ખાચર એ સર્વને કહે જે, 'સારી પેઠે જમજો, આજે આપણે ચાલવું નથી.' એમ કહીને સર્વેને સારી પેઠે જમાડ્યા. અને સર્વે જમી રહ્યા ત્યારપછી મહારાજ કહે જે, 'સર્વે તૈયાર થાઓ, આપણે ચાલવું છે.'

તે વાત સાંભળીને સર્વે સંત તથા પાર્ષદ તૈયાર થયા. ને સુરા ખાચર કહે જે, "હે મહારાજ ! વગર મોતના કાણું મારી નાખતા છો ? હમણે તો એવું કહેતા હતા જે, 'આપણે ચાલવા નથી, ખૂબ જમો." એમ કહીને ચાલવાની તૈયારી કરી ને સર્વે પાર્ષદે સહિત પોતે સવાર થઈ ગામમાંથી ચાલ્યા. ને સર્વે ગામના હરિજન મહારાજને વળાવવા સારુ પછવાડે છેટા સુધી જતા હતા. તેમને મહારાજ પાછા વાળીને કાઠીએ સહિત રસ્તામાં ચાલતા હતા.

અને તે સમે સુરો ખાચર મહારાજને કહે જે, "હે મહારાજ ! પેટ ફાટું જાતો છે ને ડચુક ડચુક થાતો છે." તે વાત સાંભળી મહારાજ કહે જે, 'અન્ન પારકું હતું પણ પેટ તો પારકું નો'તું, શું કરવા બહુ ખાધું હતું ?' ત્યારે સુરો ખાચર કહે જે, "તમે જૂઠું બોલીને કહ્યું હતું જે, ચાલવું નથી." એવી રીતની રમૂજ કરતા થકા બે-ચાર ગાઉ ગયા. ત્યારે સુરો ખાચર કહે જે, "હે મહારાજ ! ભણે ભૂખ બહુ લાગી છે ને પેટને ભૂખે ઉબાળા વળે છે."

તે સાંભળી મહારાજ કહે જે, "જો કાઠી, હમણે તો એમ કહેતો હતો જે, 'પેટ ફાટી જાય છે ને હમણે કહે છે ભૂખ લાગી છે." એમ કહીને મહારાજ કહે જે, "ધોલેરા વિના ક્યાંય રાત રહેવું નથી. અને તમારે સર્વેને જે જમવું હોય તે સંકલ્પ કરો." એમ મહારાજ સર્વે કાઠી સ્વારને કહેતા હતા.

પછી મહારાજનાં એવાં વચન સાંભળીને સુરો ખાચર વડાંનો સંકલ્પ કરતા હતા ને સોમલો ખાચર ભજિયાંનો સંકલ્પ કરતા હતા.

એવી રીતે બીજા સર્વે કોઈ રોટલી, કોઈ દાળભાત, કોઈ કંસાર, કોઈ લાડુ, કોઈ પૂરી – એ આદિક સર્વે બહુ સંકલ્પ કરતા હતા. અને મહારાજના પ્રતાપ થકી ધોલેરામાં **અજુબા** એવે નામે એક બાઈ હતાં. તે અંતરજામીપણે કરીને તે સર્વેના સંકલ્પને જાણીને જુદી જુદી ભાતની સર્વે રસોઈ કરી ઢાંકી મેલતાં હતાં. અને મહારાજના સારુ પરસુલીની સેવો તૈયાર કરી રાખી.

પછી મહારાજ તથા પાર્ષદ રાતના દસ વાગે પધાર્યા ને કહે જે, 'દરબાર, ઉઘાડો !' એવો મહારાજનો શબ્દ સાંભળીને તત્કાળ દરબાર ઉઘાડ્યો. ને ચોરામાં મહારાજને ઉતારો આપીને, ઘોડા બંધાવીને કહે જે, "હે મહારાજ ! તમે જમવા સારુ પધારો !" ત્યારે મહારાજ કહે જે, "સારું." એમ કહી પાર્ષદે સહિત જમવા પધાર્યા ને નાહી-ધોઈને ઉગમણે મુખારવિંદે બાજઠ ઉપર જમવા સારુ બેઠા ને સર્વે પાર્ષદ મહારાજની સમીપે જમવા સારુ બેઠા.

તે સમયે મહારાજ કહે જે, "જેણે જેણે જેવા સંકલ્પ કર્યા હોય, તેને તે પ્રમાણે તેમને ભોજન આપો." એમ કહીને જેણે જે સંકલ્પ કર્યા હતા તેને તે દેવરાવતા હતા. ને સુરા ખાચરે વડાંનો સંકલ્પ કર્યો હતો તેને વડાં દેવરાવ્યાં અને મહારાજને પરસુલીની સેવો થાળમાં પીરસી ને પ્રેમથી નિયમ રહ્યો નહીં, તેથી સાકરને ઠેકાણે દળેલું મીઠું હતું તે નાંખતાં હતાં. ને ઘી પીરસીને કહે જે, "હે મહારાજ ! જમો." તે સમે મહારાજ તથા પાર્ષદ જમવા માંડ્યા.

અને સુરો ખાચર વડાં જમતા હતા, તે વડાં જમતાં ગળે બાઝ્યાં. તેથી ઓ ! ઓ ! કરીને મહારાજને કહે જે, "ભણું એકલા એકલા લાંબું લાંબું કાણું જમતા છો ? ને મારા તો પ્રાણ જાય છે, થોડાસા મને દ્યો !" એમ બોલતા સતા મહારાજને ખડખડ હસાવતા હતા. એવાં સુરા ખાચરનાં વચન સાંભળીને મહારાજ બાઈને કહે જે, "આ તારું ખાધું જાય એમ નથી." ત્યારે બાઈ કહે જે, "હે મહારાજ ! થોડીક

સાકર આપું." ત્યારે મહારાજ કહે જે, "નહીં જોઈએ." એવી રીતે સેવો જમી પ્રસાદી સારુ થોડીક રહેવા દઈને ભાત-દાળ જમીને ચળુ કરી, જળપાન કરી, મુખવાસ લઈને ઉતારા ઉપર જઈને પોઢી ગયા.

અને પછી બાઈએ પ્રસાદ લીધો. ત્યારે પોતાને ખબર પડી જે, 'હાય હાય, મેં તો મહારાજને મીઠું ને સેવો જમાડી ને સાકર તો રહી ગઈ !' એમ જાણી આખી રાત ઘણો પ્રશ્ચાતાપ કરી મહારાજની ઘણીક પ્રાર્થના કરી. ને પોતાનો અપરાધ ક્ષમા કરાવવા સારુ સવારે ઊઠીને જ્યાં મહારાજ પોઢ્યા હતા ત્યાં જઈને વિનંતીએ સહિત મહારાજની પ્રાર્થના કરીને કહે જે, "હે મહારાજ ! ગઈ કાલે મેં તમારો ઘણો અપરાધ કર્યો ને તમે કહેશો જે, શો અપરાધ કર્યો ? તો મેં તમોને સેવો ને મીઠું જમાડ્યું. તેથી હવે મારા અંતરમાં ઘણી બળતરા થાય છે, ને શાંતિ થાતી નથી."

એવાં બાઈનાં વચન સાંભળીને મહારાજ કહે જે, "હવેથી તમે સો ફેરા સાકર જમાડશો તોપણ એવો સ્વાદ નહિ આવે." એમ કહીને પછી કહે જે, "જાવ, થાળ કરો, અમે આજે જમીશું." એવાં મહારાજનાં વચન સાંભળી બાઈ રાજી થઈને ઘેર આવી. પછી નાહી-ધોઈ પવિત્ર થઈને સેવો-કંસાર-રોટલી-ભજિયાં ને વડાં – એ આદિક ભારે થાળ કરીને પછી મહારાજને જમવા સારુ પ્રથમ જેમ બાજોઠ ઉપર બેસાડ્યા હતા તેવી રીતે બેસારીને ઘણા સ્નેહથી જમાડતાં હતાં ને મહારાજ પણ તેમના પ્રેમથી જમીને એમને આગલા દિવસની બળતરા હતી તેને સારી પેઠે સમાવતા હતા.

અને પછી પોતે ચળુ કરી જળપાન કરીને મુખવાસ લઈને ઉતારે પધાર્યા. અને સર્વે પાર્ષદને પણ તેવી રીતે જમાડીને ઉતારા ઉપર મોકલતા હતા. અને પછવાડેથી મહારાજના થાળની પ્રસાદી દરબારમાં સર્વેને જમાડીને પોતે(બાઈ) જમતાં હતાં. અને મહારાજ તથા પાર્ષદ જમીને પોઢી ગયા. ॥૮૬॥

૮૭. ધોલેરામાં પૂજાભાઈએ મંદિર કરવાની પ્રાર્થના કરી.

અને પછી ત્રીજે પો'રે મહારાજ ઊઠીને મુખારવિંદ ધોઈ જળપાન કરીને પાર્ષદે તથા તે ગામના હરિજને સહિત તળાવની પાળ ઉપર આવી હરિભક્તે ઢોલિયો બિછાવ્યો હતો તે ઉપર મહારાજ વિરાજમાન થયા. તે સમે મહારાજને ઘણા રાજી જાણીને **પૂજાભાઈ** તથા બીજા હરિજનો કહે જે, "હે મહારાજ ! અમારે અહીંયાં એક મંદિર કરીને દેવ પધરાવો તો અમારા દેશનો સત્સંગ રહે." એવાં હરિજનનાં વચન સાંભળીને મહારાજ કહે જે, "આ અમારો ઢોલિયો છે તે જગ્યાએ સિંહાસન આવે એવી રીતનું મંદિર કરવું." એમ મહારાજે કહ્યું.

તે સાંભળીને **નિષ્કુળાનંદસ્વામી**એ એંધાણ રે'વા[૧] સારુ ઢોલિયાના ચાર પાયાની ચાર જગ્યાએ ખીલીઓ રોપી દીધી. ને એંધાણ કરી મેલ્યું હતું તે જગ્યાએ હાલમાં મદનમોહનજી મહારાજનું સિંહાસન છે. એવું મંદિર કર્યું છે. એવી રીતે મહારાજ ત્યાં ઘણીવાર હવા ખાઈને ઊઠ્યા. તે સમયે સુરતના કંતરાટી[૨] તળાવ ખોદાવતા હતા. તેને મહારાજ કહે જે, "ખોદાવીને અહીં ધૂળ નંખાવજો." ત્યારે તે કહે જે, "હે મહારાજ, મારે માથે લઈને નાખીશ." એમ કહીને મહારાજને રાજી કર્યા. ને મહારાજ ત્યાંથી દરબારમાં આવી દૂધ-પૂરી, શાક-અથાણાં વિગેરે જમીને પછી પોઢી ગયા.

અને પછી બીજે દિવસે પ્રાતઃકાળે ઊઠી સ્નાન-સંધ્યાવિધિ કરી થાળ જમીને ત્યાંથી પાર્ષદે સહિત ચાલ્યા, તે **કારિયાણી** જઈને રાત રહ્યા. ને ત્યાંથી બીજે દિવસે ચાલ્યા તે ગામ **નાગડકા**માં સુરા ખાચરના દરબારમાં મહારાજ જઈને રહેતા હતા. અને પોતે શ્રીમદ્ ભાગવતની કથા કરાવતા હતા. તે સમે અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, "હું નાગડકાના સીમાડામાં આવીને રહ્યો હતો. તે મેં મહારાજને સંદેશો કહાવ્યો જે,

૧.નિશાન રાખવા ૨.કોન્ટ્રાક્ટર; ઈજારેદાર

તમોએ વરતાલથી પરદેશમાં મોકલ્યો હતો, તે હું પરદેશ જઈને અહીં આવ્યો છું. તે આપની મરજી હોય તો ત્યાં આવું; નહિ તો પરદેશમાં જાઉં. એવું મેં મહારાજને કહેવરાવ્યું.

તે સાંભળીને મહારાજે મને કહેવરાવ્યું જે, 'બહુ જ સારું, તમો અહીં આવો.' તે સાંભળીને હું ઘણા હરખથી બહુ દિવસથી મહારાજનાં દર્શન નો'તા થયા માટે બહુ ઉત્સાહથી દરબારમાં ગયો. અને મહારાજે મને દરબારમાં પેસતાં દીઠો ને તત્કાળ ઢોલિયા ઉપરથી ઊતરી મારી સામા આવી મુને ઘણા સ્નેહથી બથમાં ઘાલીને મળતા હતા. ને મળીને મને બથમાં લઈને દરબારમાં ઓરડાની ઓસરી ઉપર પોતાના ઢોલિયાની પાસે બેસાડીને પરદેશની સર્વે હકીકત પૂછતા હવા. ત્યારે મેં જેવી રીતે મારે બંધન આવ્યું તથા સુખ-દુઃખ આવ્યું તે સર્વે રીત કહી સંભળાવી. ને પોતે તો અંતર્જામી છે માટે એ સર્વે વાત જાણે છે પણ મનુષ્યનાટક ધારણ કર્યું છે. માટે પૂછવાની એવી રીત તેથી પૂછીને સર્વેને એ વાત સંભળાવી.

❋ મહારાજે અદ્‌ભુતાનંદસ્વામીની મોટપ કહી.

પછી પોતે કહે જે, 'આ તો બહુ મોટા મુક્તાનંદસ્વામી જેવા છે.' એમ કહીને કહે જે, 'જે માયાએ બ્રહ્માની લાજ લીધી તથા શિવની લાજ લીધી તથા ઈન્દ્ર, ચંદ્ર, વરુણ, બૃહસ્પતિ – એ આદિક સર્વેની લાજ લીધી; એવી માયા છે. તે માયાને આ અદ્‌ભુતાનંદસ્વામી લાતે મારીને અહીં આવ્યા છે. માટે એમનો વૈરાગ્ય તો એવો શોભે છે જે, ધીંગાણું થયું હોય ને છાતીના ઘા લીધા હોય, તે જેમ શોભે છે.' એમ કહીને મને કહે જે, **'હે સ્વામી, તમે ઊભા થાવ.' એમ કહીને મને ઊભો કરીને સર્વેને કહે જે, 'આમનાં દર્શન કરો, એમનાં દર્શન તો અમારાં દર્શન તુલ્ય છે.'** એમ કહીને મને હેઠે બેસાડ્યો. ને પછીથી પોતે થાળ થયો તે જમવા સારુ પધાર્યા. ને ત્યાં બાજઠ ઉપર જમવા સારુ બેઠા. અને પછી જમીને તૃપ્ત થઈને મને પ્રસાદી આપતા હવા.

એવી રીતે નાગડકામાં છ મહિના રહેતા હવા. ને પોતાના પ્રતાપને દેખાડતા હવા અને સૌને સત્સંગ કરાવતા હવા. ॥૮૭॥

૮૮. શાંતિબાને વલોણું કરાવ્યું અને ચાલીસ જોડ ચરણારવિંદ પાડી આપ્યાં.

અને વળી એક દિવસે સુરા ખાચરના ઘરનાં **શાંતીબા** નામે હતાં. તે સવારે ઊઠીને વલોણું પૂરીને દાસી પાણી ભરવા ગયેલી તેથી શાંતીબા પોતે (રાહ જોતાં) ઊભા રહેલાં. અને મહારાજ ઓસરીમાં ઢોલિયા ઉપર પોઢ્યા હતા. તે ઊઠીને શાંતીબાને કહે જે, "તમે કેમ ઊભા રહ્યાં છો ?" ત્યારે શાંતીબા કહે જે, "દાસી પાણી ભરવા ગઈ છે." તે સાંભળીને મહારાજ કહે જે, "અમે આવીએ ?" ત્યારે બાઈ કહે જે, "તમે આવો, કેમ જે, પૂર્વેનો તમારો અભ્યાસ છે." તે સાંભળીને મહારાજ તત્કાળ ત્યાં જઈને વલોણું તાણતા હવા. ને પછી વલોણું તાણી રહ્યા ત્યારે બાઈએ મહારાજને સાકર ને માખણ જમાડ્યું. એવી રીતે બાઈને વલોણું તાણવા લાગ્યું[૧], એવી (શ્રીહરિએ) લીલા કરી.

અને તે જ દિવસે મહારાજને ઘણા રાજી જાણીને શાંતીબા કહે જે, "હે મહારાજ ! મારે પૂજવા સારુ ચરણારવિંદ નથી. તે મને ચરણારવિંદ પાડી આપો તો હું રંગ કરું." તે વાત સાંભળીને મહારાજ કહે જે, "સારું રંગ કરો." ત્યારે તે બાઈએ રંગ કરીને, મહારાજને બોલાવ્યાં. તે મહારાજે રજાઈમાં ચાલીસ જોડ ચરણારવિંદ બાઈને પાડી આપ્યાં.

❋ મહારાજે સુરા ખાચરની દીકરી પાસે દેદો કુટાવ્યો.

અને વળી એક દિવસે મહારાજ એમની વાડીમાં પધાર્યા. ને ઘણીવાર બેઠા તેથી તરસ્યા થયા ને પોતાને પીવા સારુ પાણી લેવા સુરા ખાચરનાં ઘરનાં બાઈ શાંતીબાને ખબર આપી. તે શાંતીબા 'મહારાજ તરસ્યા છે' તેમ જાણીને પોતાની દીકરીને સારા ઠંડા પાણીનો ઘડો

૧.મહારાજ સાથે વલોણું તાણવાનો લાભ મળ્યો.

ભરી આપ્યો. તે બે-ચાર સરખેસરખી દીકરીઓ લઈને વાડીમાં જ્યાં મહારાજ બિરાજ્યા હતા ત્યાં જઈને મહારાજને સુરા ખાચરના દીકરી કહે જે, "હે મહારાજ ! મારી માએ આપને પીવા સારુ પાણી મોકલ્યું છે, તે તમે પીવો."

ત્યારે મહારાજ કહે, "તમે દેદો કૂટો તો અમે પાણી પીએ." ત્યારે તે સુરા ખાચરનાં દીકરી કહે જે, "હે મહારાજ ! તમે પાણી પીવો ને અમે દેદો કૂટશું." ત્યારે મહારાજ કહે જે, "તમે પહેલો દેદો કૂટો, તો અમે પાણી પીએ." ત્યારે તે દીકરીઓ ભેળી થઈને દેદો કૂટતી હતી. ને પછી પોતે મહારાજે પાણી પીધું. એવી રીતે જીવના ઉપર બહુ દયા, તેથી કરીને જાણે કોઈ રીતે અમારું સ્મરણ રહે તો ઠીક; એટલા સારુ દેદો કૂટાવીને પછીથી દરબારમાં પધાર્યા. ॥૮૮॥

૮૯. ગઢપુરમાં મહારાજે જન્માષ્ટમીનો સમૈયો કર્યો.

અને વળી એક દિવસે **ગઢડામાં** **દાદા ખાચરને** ઘેર 'આઠમના સમૈયા ઉપર સંત આવશે તે સંતને જમવા સારુ જલેબી, મોતિયા લાડુ, સાટા, ગાંઠિયા – એ આદિક પકવાન કરાવીને તૈયાર રાખો.' એમ મહારાજ કે'તા હવા. તે વાત સાંભળીને દાદા ખાચર કંદોઈને બોલાવીને પકવાન તૈયાર કરાવી મેલતા હવા. અને આઠમ ઉપર સંત તથા હરિજનો ઘણાક આવ્યા. અને આઠમનો ઉપવાસ કરીને રાત્રે જાગરણ કર્યું. ને જન્મ-સમયને વિશે હજારો હરિજનોને તથા સંતને કૃષ્ણ સ્વરૂપે દર્શન દેતા હવા. ને પછીથી સવારે ઊઠીને સંતે સહિત ખળખળિયે ના'વા પધાર્યા. ને નાહીને સંતે સહિત દરબારમાં પધાર્યા.

અને પોતે થાળ જમીને તૃપ્ત થઈને ચળુ કરીને અક્ષરઓરડીની કેડે ઓસરીઓ હતી, ત્યાં સંતની પંગત થઈ ને પોતે પીરસવા પધાર્યા. ને પ્રથમથી પકવાન કરી રાખેલાં તે સંતને પીરસ્યાં. ને પછી પોતે દહીં

લેવા સારુ જે ઓરડામાં વલોણું થાતું હતું ત્યાં જઈને દહીંનું ગોરસું લીધું.

તે સમે મોટીબા આવી મહારાજને કહે જે, "હે મહારાજ ! તમને હું દહીં આપું." એમ કહીને પોતે દોણું ઝાલ્યું. તેનું કારણ કે, તોર(મલાઈ) ઉપરથી ઉતારી લઈને મોટીબા જાણે જે, 'હું દહીં આપું તો સવારે તે તોરનું ઘી મહારાજના થાળમાં કામ લાગે.' એમ જાણીને દોણું ઝાલ્યું. તે તાણા-ખેંચમાં દોણું ફૂટી ગયું. અને મહારાજે બીજું દોણું લીધું તે પણ તાણા-ખેંચમાં ફૂટી ગયું. તેથી મહારાજના તથા મોટીબાનાં બન્નેનાં લૂગડાં તથા શરીર દહીં દહીં થઈ ગયું.

એથી મહારાજને આવતાં વાર લાગી. ને બ્રહ્માનંદસ્વામીએ બન્નેનાં લૂગડાં દહીંવાળાં દેખીને સર્વે સંતને કહે જે, "આપણે સર્વે ચળુ કરી ઊઠીને ઉતારા ઉપર જઈએ. બેની લડાઈમાં આપણું દહીં ખોટું થયું." એમ સર્વે સંતને કહ્યું. તેથી સર્વે ઉતારે ગયા. ને મહારાજ ને મોટીબા ગંગાજળિયા (કૂવા) ઉપર આવી નાહીને મહારાજ અક્ષરઓરડીમાં ગયા ને મોટીબા દરબારમાં ગયાં. ॥૮૯॥

૯૦. ગઢપુરમાં બ્રહ્માનંદસ્વામીએ દાણલીલાનાં કીર્તન કર્યાં.

અને વળી બ્રહ્માનંદસ્વામીએ ઉતારા ઉપર જઈને એ ઉપર દાણલીલાનાં ચોવીસ કીર્તન કર્યાં. તે કીર્તનમાં એમ વાર્તા આણી જે, **'એ લડાઈની વાત બ્રહ્માનંદ જાણે રે,'** એવાં કીર્તન કરીને ત્રીજે પો'ર દરબારમાં સભા થઈ. તે સભામાં બ્રહ્માનંદસ્વામીએ દાણલીલાનાં કીર્તન ગાયાં.

તે કીર્તન સાંભળીને મહારાજ બ્રહ્માનંદસ્વામીને વઢીને કહે જે, "એવું અમે ક્યારે કર્યું છે ?" ત્યારે સ્વામી કહે જે, "અમે તો દીઠું એવું ગાયું." એ સાંભળીને મહારાજ મોટીબાને કહે જે, "હે મોટીબા, આમને થાળ આપજો જેથી આપણને ફજેત કરતા મટે." તે સાંભળને

સ્વામી કહે જે, "મા-બાપની ફજેતીમાં થાળ મળતો દેખાય છે." એવી રમૂજ તે દિવસે કરતા હતા. ॥૯૦॥

૯૧. મહારાજ ગઢપુરમાં ઉદાસ થઈ ગયા.

અને વળી એક દિવસ મહારાજ બહુ ઉદાસ થઈને સભામાં વિરાજમાન થયા હતા. ને કોઈને બોલાવે પણ નહીં ને કોઈની સામું પણ જોવે નહીં. તેથી સંત તથા કાઠી સર્વે ઉદાસ થકાં બેસી રહ્યા. ને બ્રહ્માનંદસ્વામી તથા સુરો ખાચર ઘણું મહારાજને હસાવવા સારુ ટીખળ તથા રમૂજ કરે, પણ મહારાજ હસે નહીં.

ને ઘણીવાર એવી રીતે ઉદાસ થઈ બેઠેલા જોઈને, બ્રહ્માનંદસ્વામી ત્યાંથી ઊઠીને ઉતારે જઈને વેરાગણનો વેશ લઈને સભા ભણી લાજ કાઢી મહારાજના સામે નેત્ર રાખી માથે લૂંગડું ઓઢીને બાઈઓના ભણી ગયા. તે જોઈને મોટીબા તથા રાજબાઈ એ આદિક બાઈઓ બધાં ઊઠ્યાં. ને 'કોણ છે ? કોણ છે ?' એમ બકોર પાડવા મંડ્યાં. તેથી પાછા વળીને સાધુની સભા ભણી આવ્યા.

તેને જોઈને સર્વે સંત ઊભા થઈને કહે જે, "આ કોણ છે ? ઉપવાસ પાડશે, કાઢી મેલો કાઢી મેલો." એવો બકોર સાંભળીને પાછા વળી બાઈઓના ભણી જાય ને વળી સાધુના ભણી આવે. એમ બે-ત્રણ-ચાર વાર આવ-જાવ કરી ને ઘણો બકોર થયો. તે સાંભળીને મહારાજ લગારેક હસતાં થકાં બ્રહ્માનંદસ્વામીના સામું જોઈને કહે જે, "ઠકરાણી એકલાં કેમ છો ?" એવાં મહારાજનાં વચન સાંભળીને બ્રહ્માનંદસ્વામી કહે જે, "ઠાકોર રિસાઈને બેઠા છે, એટલા સારુ એકલાં છીએ." એવાં વચન સાંભળીને મહારાજ તથા સર્વે સંત તથા બાઈઓ સર્વે ખડખડ હસી ઊઠ્યાં. એવી રીતે મહારાજની ઉદાસી મટાડી.

અને તે જ દિવસે બ્રહ્માનંદસ્વામી મહારાજને કહે જે, "આ સુરો ખાચર એક કીર્તન શીખી લાવ્યા છે, તે તમે કહો તો બોલે." ત્યારે

મહારાજ કહે જે, "બોલો." એટલે સુરોખાચર એવું કીર્તન બોલ્યા જે -

"પીર ને વિહામણ રે પીર ને વિહામણ રે,
એની બુનને રાખું પોતે પરીબ્રહ્મ છે રે."

એમ કહીને મોટો રાગ કર્યો. તેને સાંભળીને મહારાજ કહે જે, "એની બુનને રાખું, તે શું ?" ત્યારે સુરો ખાચર કહે જે, "હે મહારાજ! આ મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી દોઢ મેલે છે એમ એ તો મેં દોઢ મેલી." એવી વાત સાંભળીને મહારાજ ઘણું રાજી થઈને ખડખડ હસતા હવા. ॥૯૧॥

૯૨. મહારાજે ગઢપુરમાં રાતનો દિવસ ને ઉનાળાનો શિયાળો કર્યો તે વાત

અને વળી એક દિવસે મહારાજ અક્ષરઓરડીમાં વૈશાખ મહિનાની રાત્રીએ પોઢ્યા હતા. તે સમે મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી તથા અદ્‌ભુતાનંદસ્વામી – એ આદિક સર્વે બેઠા હતા ને અડધી રાતનો સમય થવા આવ્યો. તે સમે મહારાજ કહે જે, "હે સ્વામી ! આ પોષ મહિનાની ટાઢ અમને બહુ વાય છે. તેથી અમને ઘણાં ગોદડાં ઓઢાડો ને સગડી મંગાવો, તો અમે તાપીએ તો ટાઢ ઊડે."

તે વાત સાંભળીને ગોદડાં ઓઢાડ્યાં ને સગડી મંગાવી. ને તાપીને પછી પોતે થોડીકવાર સૂઈ જઈને પછીથી કહે જે, "હે સ્વામી ! આ વૈશાખ મહિનાનો મધ્યાહ્નનો સૂર્ય બહુ તપ્યો, તેથી અમને ઘામ થાય છે. તે પંખા લઈને વાયરો નાંખો તો ઘામ મટે." તે સાંભળીને સંતે વાયરો નાંખ્યો, પણ કોઈ સંતે કશીયે શંકા કરી નહીં.

તે વાત જોઈને મહારાજ સર્વે સંત પ્રત્યે બોલ્યા જે, "હે સંતો ! મેં તમને ઉનાળાનો શિયાળો કહ્યો તોય તમે કહ્યું નહીં જે, ઉનાળો છે,

ને અડધી રાતના બપોર કહ્યા તોય તમે શંકા કરી નહીં ને મેં સગડી મંગાવી તોય તમે લાવ્યા ને લૂંગડાં પલાળીને મેં વાયરો નંખાવ્યો તો તમે નાંખ્યો, પણ શંકા કરી નહીં."

એવાં મહારાજનાં વચન સાંભળીને સર્વે સદ્‌ગુરુ કહે જે, **"હે મહારાજ ! અમો તો રાતનો દિવસ કરનારા તથા દિવસની રાત કરનારા ને શિયાળાને ઉનાળો કરનારા ને ઉનાળાનો શિયાળો કરનારા, તમારા વિના બીજા કોઈને જાણતા નથી. સર્વેના કર્તા-હર્તા તમને એકને જ જાણીએ છીએ; એટલે શું કરવા શંકા કરીએ ?"**

આવાં સંતનાં વચન સાંભળીને મહારાજ કહે જે, 'હે સંતો ! તમારે અમારો એવો વિશ્વાસ છે ?' ત્યારે સંત કહે જે, 'હા મહારાજ.' એ વાત મધ્ય પ્રકરણના પાંત્રીના વચનામૃતમાં છે. તેની વિક્તિ જે, મહારાજે એમ કહ્યું છે જે, 'તમે સર્વે મારે વિશ્વાસે રહ્યા છો ને હું કહું તેમ તમે સર્વે કરો છો ને હું જેવી તેવી વાતે તમને ચઢાવી દઉં તો સર્વેને કૂવામાં નાંખીને ઉપરથી પાણાની શીલા ઢાંકે એવું થાય.' એવી રીતે મહારાજે એ વચનામૃતમાં કહ્યું છે. ॥૯૨॥

૯૩. મહારાજે ઢોલિયો વગડે લઈ જવાનું કહ્યું તે વાત

અને એક દિવસે મહારાજ પોતે અક્ષરઓરડીમાં પોઢ્યા હતા. તે સમે સર્વે સદ્‌ગુરુ તથા અદ્‌ભુતાનંદસ્વામી કહે, "હું પણ પાસે હતો." ને તે સમે મહારાજ કહે જે, 'અમારો ઢોલિયો ગાડું મંગાવીને તે ઉપર મેલો. અને આપણે વગડે જઈને સૂઈ રહીએ તો ઊંઘ આવે.' એવાં મહારાજનાં વચન સાંભળીને બ્રહ્માનંદસ્વામી કહે જે, "હે કરીમ ભગત, ગાડું લાવો, મહારાજને વગડે જાવું છે." ત્યારે **કરીમ ભગત** કહે જે, "હા, આ ગાડું લાવું." એમ કહીને ઊઠ્યા.

પછી બ્રહ્માનંદસ્વામી કહે, "મહારાજ, તમે ચાદર ઓઢો ને ગાડું આવ્યું, ને અમે ઢોલિયો ઉપાડીને ગાડામાં મેલીએ." એમ કહીને એક

પાસાએ નિત્યાનંદસ્વામીએ ઢોલિયો ઉપાડ્યો ને એક પાસાએ બ્રહ્માનંદ સ્વામીએ ઉપાડીને, ગાડું ચાલે તેમ થોડીકવાર (ઢોલિયો) ઊંચો-નીચો કરીને હેઠે મેલીને કહે જે, "હે મહારાજ ! આ વગડો આવ્યો, પોઢી જાવ." એમ કહીને નિત્યાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી હેઠે બેઠા.

તે બે કલાક મહારાજ પોઢ્યા. પછી જાગીને જુવે ત્યાં તો અક્ષરઓરડી દેખીને કહે જે, "હે સંતો, તમે અમને છેતર્યા." એવાં મહારાજનાં વચન સાંભળીને બ્રહ્માનંદસ્વામી કહે જે, "હે બાપા ! તમે પણ મને છેતરતા હતા." એવી રીતે રમૂજ કરીને સંતને પોતાનું એકાંતનું સુખ આપીને પછીથી કહે જે, "હવે સર્વે ઉતારા ઉપર જાવ." એમ કહીને પોઢી ગયા. અને સર્વે સદ્‌ગુરુઓ ઉતારા ઉપર જાતા હવા. ॥૯૩॥

૯૪. મહારાજ રિસાઈને ચાલ્યા ને દાદા ખાચરે પાછા વાળ્યા તે વાત

અને વળી એક દિવસ મહારાજ ઉદાસ થઈને કરીમ ભગતને કહે જે, 'અમારા સારુ ગાડું લાવો, ને આપણે અહીંથી જાતું રહેવું છે.' એમ કહી ગાડું મંગાવી, ગાડામાં બેસીને પોતે રિસાઈને ચાલ્યા. ત્યારે દાદો ખાચર ગાડાની આગળ જઈને ચીલામાં સૂતા. તેને જોઈને કરીમ ભગતે ગાડું ઊભું રાખ્યું. ત્યારે મહારાજ કહે જે, "કેમ ગાડું ઊભું રાખ્યું ?" ત્યારે કરીમ ભગત કહે જે, "દાદો ખાચર ચીલામાં સૂતા છે." ત્યારે મહારાજ કહે જે, "પડખે થઈને હાંક્ય."

ત્યારે વળી દાદો ખાચર આગળ આવીને સૂતા. તેને જોઈને ફરી ઊભું રાખ્યું. ત્યારે મહારાજ કહે જે, "કેમ ઊભું રાખ્યું ?" ત્યારે કરીમ ભગત કહે જે, "દાદો ખાચર સૂતા છે, તેથી ઊભું રાખ્યું છે." ત્યારે મહારાજ કહે જે, "એના ઉપર થઈને હાંક, નૈ તો પથરા માર." એવાં વચન મહારાજનાં સાંભળીને દાદા ખાચર પોક મેલીને રડતા હવા. તે સાંભળીને મહારાજ કહે જે, "હે કરીમ, ગાડું પાછું વાળ્ય, ભૂત

વળગ્યું તે છાલ નહીં મેલે." એમ કહી ગાડું પાછું વાળીને દાદા ખાચરે સહિત દરબારમાં આવતા હવા ને સર્વેને આનંદ આપતા હવા. ॥૯૪॥

૯૫. મહારાજે દાદા ખાચરની પરીક્ષા લીધી.

અને એક દિવસે (મહારાજ) દાદા ખાચરની પરીક્ષા લેતા થકા દાદા ખાચરને કહે જે, "હે દાદા, આ તમારો ગરાસ છે તે સર્વે તમારી બે'નોને લખી આપો." એવાં મહારાજનાં વચન સાંભળીને દાદા ખાચર રાજી થકા કહે જે, "બહુ સારું મહારાજ, લખી આપું." એમ કહીને લેખ કરી આપ્યો.

ત્યારે મહારાજ કહે જે, "હે દાદા, બે'નના રાજમાં તો ભાઈથી રે'વાય નહીં." ત્યારે દાદો ખાચર કહે જે, 'હે મહારાજ ! કારિયાણી જઈને વસ્તા ખાચરના ચાકર રહીને નિરવાહ કરીશું.' એવાં દાદા ખાચરનાં વચન સાંભળીને મહારાજ કહે જે, "એક ટાયડુ આપીએ, તે ઉપર બેસીને જાવ." એમ કહીને ટાયડુ આપ્યું. તે ઉપર બેસીને દાદો ખાચર રાધાવાવ સુધી ગયા.

ને મહારાજ દાદા ખાચરના ઘરનાં મનુષ્યને કહે જે, "દાદો ખાચર તો કારિયાણી ચાકર રહેવા સારુ ગયા, તમે કેમ કરશો ?" ત્યારે બાઈ કહે જે, "હે મહારાજ ! તમોએ પતિવ્રતાના ધર્મ લખી આપ્યા છે, તેમાં કહ્યું છે જે, 'પોતાનો પતિ જ્યાં હોય ત્યાં જાવું.' તેથી હું પણ ત્યાં જઈશ." એ વચન સાંભળી મહારાજ કહે જે, "ચાલીને જાશો કે કાંઈ વાહન જોઈશે ?" ત્યારે બાઈ કહે જે, "વાહન આપો તો ઠીક, નહિ તો ચાલીને જઈશ." એવાં બાઈનાં વચન સાંભળીને વાહન આપ્યું. તે બેસીને રાધાવાવ સુધી એ પણ ગયાં.

અને પછીથી મહારાજ મોટીબા તથા લાડુબાને કહે જે, "તમે રાજ લઈને તો બેઠાં, પણ ભાવનગરની કચેરીમાં કામ આવશે ત્યારે જાવું પડશે, તે કોણ જાશે ?" એવાં મહારાજનાં વચન સાંભળીને કહે

જે, “હે મહારાજ ! આ તો અમારે ઘણી ઉપાધિ થઈ ને ચાકર રાખવો પડશે.” તેવાં બાઈઓનાં વચન સાંભળીને મહારાજ કહે જે, “દાદા ખાચર કારિયાણી ચાકર રે’વા જાય છે, તે તમે બોલાવીને ચાકર રાખો.”

એવાં મહારાજનાં વચન સાંભળીને બાઈઓ કહે જે, “હે મહારાજ ! ઘણું સારું, પાછા બોલાવો.” એમ કહીને દાદા ખાચરને બોલાવવા સારુ મહારાજે મનુષ્ય મોકલ્યું. તેને એમ કહ્યું જે, “તમારી બે’નોનામાં આવીને ચાકર રહો.” એમ મનુષ્યની પાસે કે’વરાવ્યું. તે મનુષ્યે દાદા ખાચરની પાસે જઈને તેમ કહ્યું. તે સાંભળીને દાદો ખાચર તથા તેમના ઘરનાં બન્ને રાધાવાવથી પાછા આવતાં હવાં. એવી રીતે પરીક્ષા લેતા હવા, પણ દાદા ખાચરના મનને વિશે કોઈ વાતનો લગારેય સંશય ન થાતો હવો.

એવી રીતે એમને ઘેર અન્નકોટ, જન્માષ્ટમી, માણેકઠારી, વસંતપંચમી, ફૂલડોલ – એ આદિક ઉત્સવના દિવસ આવે ત્યારે મોરથી મહારાજ કહે જે, “ગામડાંના હરિજન આવશે તે ક્યાં ઊતરશે ?” એમ કહીને દાદા ખાચરને કહે જે, **“તમે તમારું ઘર ખાલી કરો ને બીજે ઘેર રહેવા સારુ જાવ.”** ત્યારે તે બીજે ઘેર જાય.

એવી રીતે તે ઘર બદલાવતાં બદલાવતાં **ચોવીશ વરસમાં છપન વાર વાસ** ફેરવાવ્યો, પણ તેમણે કોઈ દિવસ એમ કહ્યું નહીં જે, ‘હે મહારાજ ! એક ઘરમાં મને રહેવા દ્યો.’ જેમ મહારાજે કહ્યું તેમ દાદા ખાચર તથા એમના ઘરનાં માણસ કરતાં હવાં, પણ કોઈ દિવસ મહારાજનાં વચનમાં સંશય ન કરતાં હવાં. ॥૯૫॥

૯૬. જીવુબાએ અખંડાનંદસ્વામીની સેવા કરી મહારાજને રાજી કર્યા.

અને એક દિવસે **જીવુબા** તથા **લાડુબા** બેય બે’નો ગાડી લઈને કરિયાણે મીણબાઈને મળવા સારુ ગયાં. તેમને મળીને વાતોચીતો કરીને

પાછાં આવતાં ઘેલાને કાંઠે **મોટા અંખડાનંદસ્વામી**ને પેટબેસણાનો[૧] રોગ થયો, તેથી ઘેલાને કાંઠે પડ્યા પડ્યા 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' ભજન કરતા. તે શબ્દ સાંભળીને તે બે બે'નોએ ગાડી ઊભી રાખી ને હાંકેડુને કહે જે, 'જા, એ કોણ ભજન કરે છે ?' ત્યારે તે હાંકેડુ જોઈ આવીને કહે જે, 'એ તો કોઈ માંદા સાધુ છે.'

ત્યારે બેય બે'નો કહે જે, "આ ગાડીમાં એમને સુવાડીને દરબારમાં લઈ ચાલો." એમ કહીને પોતે અરવણ[૧] પગે ચાલ્યાં આવ્યાં. ને સ્વામીને ગાડીમાં સુવાડીને દરબારમાં લાવી, ઢોલિયા ઉપર મશરૂના ગાદલા ઉપર સુવાડીને ચાકરી કરતાં. ને બગડેલાં લૂગડાં રાત્રીએ ધોઈ આવે.

એવી રીતે દોઢ માસ સુધી બહુ ચાકરી કરી. તેથી સ્વામીના મનમાં એમ થયા કરે જે, 'આમને આપણે શું આપીએ ?' એમ સંકલ્પ કર્યા કરે. એમ કરતે કરતે એક દિવસે રાતના બાર વાગે સ્વામીએ મોટીબાને કહેવરાવ્યું જે, 'બાજરાનો રોટલા ને તાંદલિયાની ભાજી હોય તો ખાઈએ, ભૂખ બહુ લાગી છે.' તે વાત સાંભળીને મોટીબાએ પોતાના ચાકરને કહ્યું જે, "લક્ષ્મીવાડીએ જઈને વાડીવાળાને કહેજે જે, મહારાજના સારુ ભાજી જોઈએ છીએ, તે તત્કાળ આપશે; તે તું લઈ આવ." એમ કહીને ચાકરને મોકલ્યો.

પછી તે ચાકર ભાજી લઈને આવ્યો. ને બાઈએ ભાજી સુધારીને વઘારી ને તૈયાર કરીને બાજરાનો રોટલો ઊનો કરી ઘીએ ચોપડીને ભાજી ને રોટલો બન્ને સ્વામીને આપ્યાં. તે સ્વામી જમીને બહુ રાજી થયા ને પછી સૂઈ ગયા. ને સવારે મહારાજ અક્ષરઓરડીમાંથી ઊઠી ગંગાજળિયા કૂવા ઉપર દાતણ કરતા હતા.

તે સમે મોટીબા કહે જે, "હે મહારાજ ! આજ તો હું તમારા વાંકમાં આવી છું." એમ કહ્યું. તે સાંભળીને મહારાજ કહે જે, "શા વાંકમાં આવ્યાં છો ?" ત્યારે બાઈ કહે જે, "હે મહારાજ ! તમારું

૧.પગરખાં વિના ઉઘાડા ૨.ઝાડાનો

નામ દઈને આજ રાતના બાર વાગે તાંદલિયાની ભાજી મંગાવી ને બાજરાનો રોટલો કરીને સ્વામીને ભૂખ લાગી હતી, તે મેં જમાડ્યો."

તે વાર્તા સાંભળીને મહારાજ ઘણું પ્રસન્ન થઈને કહે જે, "એ વાંક કે બીજો ? એ તો અમારે કરવાનું હતું તે તમોએ કર્યું. ને તમે દોઢ માસથી સ્વામીનાં બગડેલાં લૂગડાં ધોવો છો, એવી ઘણી ચાકરી કરી છે તેને હું જાણું છું, તેથી હું તમારા ઉપર ઘણો રાજી છું; તમો આ સમે જે વર માગો તે આપું." એવાં મહારાજનાં વચન સાંભળી **જીવુબા કહે જે, "હે મહારાજ ! આ ગઢડું તમારું ઘરબાર, ને બીજો પ્રદેશ; એ વર આપો."** ત્યારે મહારાજ કહે જે, "ઘણો જ કઠણ વર માગ્યો." એમ કહીને કહે જે, 'તથાસ્તુ..!' એ વર જીવુબાને આપતા હવા. ॥૯૬॥

૯૭. મુક્તાનંદસ્વામીને કાળનાં દર્શન થયાં.

વળી એક સમે ગઢડામાં મુક્તાનંદસ્વામીને સાધુની જાયગામાં રાતે સ્વપ્નામાં કાળનાં દર્શન થયાં. તેથી સ્વામીએ જાગીને જોયું ત્યારે કાળ મોટો વિકરાળ ભયંકર રૂપ કરીને ઊભેલો ને પેટ ઠોક્યા કરે ને કહે જે, "હું ભૂખ્યો છું, મને આજ્ઞા આપો." એવાં કાળનાં વચન સાંભળીને સ્વામીએ મનમાં વિચાર કર્યો જે, 'જો કાળને હું આજ્ઞા કરીશ તો હજારો મનુષ્ય દુઃખી થાશે, ને આ પણ ભૂખ્યો છે; તે એને પણ ખાવાનું આપવું પડે."

એમ વિચાર કરીને સ્વામીએ કાળને સંતોષ થાય એવો સંકલ્પ કર્યો જે, 'આપણે મહારાજને થાળ કરાવીએ ને જમાડીએ. ને સંતને ગળવાણાની[1] રસોઈ આપીએ અને બ્રહ્મચારીને જમાડીએ. ને બ્રાહ્મણને એક સવા રૂપિયાની ગાય આપીએ, તેથી સર્વે પ્રકારે કાળને શાંતિ થાશે.' એમ વિચાર કરીને સ્વામી પોઢી ગયા. અને સવારે ઊઠી સ્નાનવિધિ

૧.ઘઉંના લોટની રાબ તેની

કરીને પૂજા કરતા હતા. તે (સમે) **મુકુંદ બ્રહ્મચારી** આવીને સ્વામીને પગે લાગીને બેઠા. તે સમે સ્વામીએ ચંદન તથા ફૂલના હારથી બ્રહ્મચારીની પૂજા કરી ને ધોતિયું ઓઢાડીને પછી સાકરનો પડિયો હાથમાં આપીને કહે જે, “મહારાજને થાળ કરીને જમાડીને પછીથી તમે જમજો.” એમ કહીને બ્રહ્મચારીને મોકલ્યા.

તે સમે મહારાજ લીમડા હેઠે સભા કરીને વિરાજમાન હતા. તે બ્રહ્મચારીને પૂજાયેલા આવતાં જોઈને મહારાજ કહે જે, “બ્રહ્મચારી, અત્યારમાં ક્યાં પૂજાઈ આવ્યા ?” ત્યારે બ્રહ્મચારી કહે જે, “હે મહારાજ, સ્વામીએ મારી પૂજા કરીને મને કહ્યું છે જે, ‘મહારાજના થાળ ભેગા જમજો.” એવું સાંભળીને મહારાજ કહે જે, “અમારા ભેગા જમવાના કહ્યા છે ?” એવું મહારાજનું વચન સાંભળીને બ્રહ્મચારી કહે જે, “તમે તો ગમે તેમ કહેશો પણ મને તો કહ્યું છે તેમ તમારી પાસે મેં કહ્યું.” ત્યારે વળી મહારાજ કહે જે, ‘લ્યો, કહો.’ ત્યારે વળી ફરીથી બ્રહ્મચારીએ તેમ ને તેમ કહ્યું. એમ મહારાજ રમૂજ કરે છે તેટલાકમાં સ્વામી સભામાં આવી મહારાજનાં દર્શન કરીને બેઠા.

ત્યારે મહારાજ સ્વામીને કહે જે, “હે સ્વામી ! આજે બ્રહ્મચારીની કેમ પૂજા કરી ?” એ વાત સાંભળીને સ્વામીએ બધી રાતની હકીકત કહી સંભળાવી. એવી સ્વામીની વાત સાંભળીને મહારાજ કહે જે, “હે મોટીબા, સ્વામી તો અમારા ગુરુ ને તમારા પણ ગુરુ; માટે સ્વામીની ગલવાણાની રસોઈ નહીં. સ્વામીની તો મોતિયા-જલેબીની રસોઈ ઘટે. માટે ચણાની દાળ તૈયાર હોય તો દળાવો ને લખુ કંદોઈને બોલાવો.” ત્યારે મોટીબા કહે જે, “હે મહારાજ ! દાળ તો તૈયાર છે ને બીજો સામાન પણ તૈયાર છે.” એમ કહીને દાળ દળાવવા માંડી ને લખુ કંદોઈને બોલાવ્યા. એ પણ આવીને મહારાજને કહે જે, “શી આજ્ઞા છે.”

ત્યારે મહારાજ કહે જે, “કાલે સવારે મોતિયા લાડુ તૈયાર જોઈએ.” ત્યારે લખુ કંદોઈ કહે જે, “હે મહારાજ ! દસ-વીસ ખબરદાર

મનુષ્ય મારી સહાયમાં આપો, તો સવાર શું સાંજે તૈયાર કરી આપું." એવાં વચન સાંભળી મહારાજે સર્વે ભણનારા સંતને આજ્ઞા કરી જે, 'લખુ કંદોઈ કહે તેમ કરજો.' અને મુક્તાનંદસ્વામીને કહે જે, "સ્વામી, સવારે રસોઈ તૈયાર થાશે." ત્યારે સ્વામી કહે જે, 'ઠીક.'

તે સમે સભામાં બેઠેલા એવા ગૃહસ્થ હરિજનો તે અવસર જાણીને ઊઠીને બજારેથી જેને જેવી શ્રદ્ધા તે પ્રમાણે સાકર - કોઈ દસ શેર, કોઈ અધમણ, કોઈ મણ – એ પ્રમાણે લાવીને મહારાજના મોઢા આગળ મેલતા હવા. ને મહારાજનાં ચરણારવિંદ છાતીમાં લઈને પગે લાગીને સભામાં બેસતા હવા. તે સમે **બોરુ** ગામના બે વણિક ભાઈ હતા તે ગોળની ભીલી લઈને આવ્યા ને મહારાજના મોઢા આગળ મેલી, ને ચરણારવિંદ લેવા સારુ આવ્યા. ત્યારે મહારાજ કહે જે, "ગોળ લાવે તે બ્રહ્માનંદ સ્વામીને પગે લાગે." ત્યારે તે વાણિયા કહે જે, "હે મહારાજ ! ગોળ કડવો છે ને સાકર એકલી ગળી છે ?" એમ કહી ફરીથી સાકર એક મણ લઈ આવીને મહારાજના મોઢા આગળ મેલી ને પગે લાગી ચરણારવિંદ સારુ આવ્યા.

ત્યારે મહારાજે ચરણારવિંદ તાણી લીધાં. તે જોઈને તે વણિક કહે જે, "હે બાપજી ! ગોળ-સાકર બેય લીધાં ને હવે કેમ ચરણારવિંદ તાણી લ્યો છો ? બહુ દાખડેથી પૈસા મળે છે ને અહીં તો લક્ષ્મી પગમાં ઠોકરો ખાય છે." એવાં તે વણિકનાં વચન સાંભળીને રમૂજ કરીને ચરણારવિંદ આપતા હવા. ને પછી ત્યાંથી ઊઠી દરબારમાં જઈ થાળ જમીને પોઢી ગયા. અને સંત જમીને ઉતારા ઉપર જાતા હવા. ॥૯૭॥

૯૮. મુક્તાનંદસ્વામીએ સંતને જમાડીને કાળને શાંતિ પમાડી.

અને પછી લખુ કંદોઈ મોતૈયા કરવા મંડ્યા, તે મોતૈયા લાડુ રાતના બાર વાગે તૈયાર થયા. ત્યારે સૌ ભણનારા સંત કહે જે, "ક્યાં મેલીશું ?"

એમ કહીને પછી ગોળની કઢઈ હતી. તેને લાડુબાના ઓરડામાં ઘોડિયાટે[1] દોરડાં નાંખીને ઊંચી લટકાવીને માંહી લાડુ મૂકીને સર્વે ભણનારા તથા લખુ કંદોઈ ઊંઘી ગયા. ને સવારે ઊઠીને ઉન્મત્તગંગામાં નાહી આવીને નિત્યવિધિ કરીને દાળ-ભાત, ભજિયાં, વડાં, શાક એ વિગેરે સર્વે રસોઈ ભણનારા કરવા લાગ્યા.

અને મહારાજ સવારે ઊઠીને ગંગાજળિયા કૂવા ઉપર સ્નાનવિધિ કરીને તત્કાળ વસ્ત્ર પહેરીને ચાખડીએ ચડી સોટી લઈને જ્યાં સાધુ રસોઈ કરતા હતા ત્યાં આવીને કહે જે, “લાડુ ક્યાં મેલ્યા છે ?” ત્યારે **પવિત્રાનંદસ્વામી** કહે જે, “આવો મહારાજ, લાડુ બતાવીએ.” એમ કહીને મહારાજને લાડુબાના ઓરડામાં લઈ જઈને લાડુ બતાવ્યા. તે જોઈને મહારાજ કહે જે, “ઓ તમારા ભલા થાય, ભણનારા તો બહુ બુદ્ધિવાળા ! જુવોને, કહ્યા વિના કીડી-મકોડી ચડે નહીં એવી રીતના લાડુ મેલ્યા છે.” એમ કહીને સર્વે ભણનારાને બહુ વખાણતા હવા.

પછી સભામાં આવી વિરાજમાન થયા ને થાળ થયો એટલે જમવા સારુ પધાર્યા. ને એ જ મોતૈયા લાડુ તથા સંતોએ કરેલાં જે દાળ-ભાત, શાક, ભજિયાં, વડાં – એ આદિક સર્વે થાળ જમીને તૃપ્ત થઈ, ચળુ કરી મુખવાસ લઈને સંતોને પીરસવા પધાર્યા. ને પંગતમાં, ‘લ્યો લાડુ... લ્યો લાડુ...’ એવા શબ્દ કરતા ને વારંવાર પંગતને વિશે ફરતા. ને પોતાને મુક્તાનંદસ્વામી ઉપર ઘણું હેત તેથી સંતોને બહુ સ્નેહે કરી જમાડીને પછી દહીં ને દૂધ પંગતમાં ફેરવતા હવા. ને ફરતાં ફરતાં બ્રહ્માનંદસ્વામી પાસે જઈને કહે જે, “લ્યો દહીં.”

ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે જે, “નહીં જોઈએ, નહીં જોઈએ.” એવાં સ્વામીનાં વચન સાંભળીને સ્વામીના માથા ઉપર દહીંનું તપેલું રેડતા હવા. અને પછીથી પોશ[2] ભરીને સાકર સ્વામીના માથા ઉપર નાખીને ગણપતિ બનાવતા હવા. એવી લીલા મહારાજ કરતા હવા.

૧.મોભને ટેકવવાનનં ત્રિકોણ લાકડાં ઉપર ૨.ખોબો

એ લીલાનાં બ્રહ્માનંદસ્વામીએ કીર્તન કર્યાં છે જે –

"દહીં દૂધના ગાડવા રે માથે ઢોળે માવ,
ઘેલા થઈને ગોવાળિયા રે ખૂબ પીએ કરી ખેલ."

પછી મહારાજ બ્રહ્માનંદસ્વામીને પીરસીને સર્વે સંતોને જોરાવરીથી દહીં, દૂધ, સાકર પીરસીને પોતે હાથ ધોઈને સભામાં આવીને વિરાજમાન થયા. અને સર્વે સંત જમીને ચળુ કરીને સભાને વિશે આવીને બેસતા હવા.

તે સમે મુક્તાનંદસ્વામીને મહારાજ કહે જે, "હે સ્વામી ! આ **ગોરહર** નામની ગાય છે તે તમો બ્રાહ્મણને આપો. પણ અમે એ ગાયનાં દૂધ-દહીં બહુ જમ્યા છીએ; માટે ખડ-પાણીએ સુખી થાય એવા બ્રાહ્મણને આપજો." એવાં મહારાજનાં વચન સાંભળીને સ્વામીએ મનમાં વિચાર કર્યો જે, 'ધર્મકુળથી બીજો પવિત્ર બ્રાહ્મણ કોઈ નથી.' એમ વિચાર કરીને **સીતારામજી મહારાજ**ને ગાય આપતા હવા. એવી રીતે કાળને શાંતિ પમાડીને લોકને પણ સુખિયા કરતા હવા. ॥૯૮॥

૯૯. દાદા ખાચરને આપત્કાળ આવ્યો તે વાત

અને **જીવા ખાચરે** પ્રથમ મહારાજ માંદા થયા ત્યારે પોતાના ઓરડામાં સંડાસ કર્યો હતો. ને હળનાં લાકડાં ચીરીને મહારાજને તપાડતા હતા. તે જ જીવો ખાચર કોઈક પ્રકારના વહેવારથી 'મહારાજને તથા દાદા ખાચરને ઝાલવા ને દાદા ખાચરનો દરબાર લૂંટવો,' એવા વિચારથી **માંડવધાર**માં **જેઠો ગોવાળિયો** તથા **ભડલીવાળો ભાણ ખાચર** એ બધા ભેગા થઈને બસેં મનુષ્ય માંડવધારમાં ભેગું કર્યું. ને ભેગું કરીને અફીણ પાઈને ખીચડી ખવડાવી. ને ઠરાવ કરતા હતા જે, 'સવારે દરબાર લૂંટવો તથા દાદા ખાચરને તથા સ્વામિનારાયણને ઝાલી લેવા.' એ વિચાર કરીને સર્વે સૂઈ ગયા હતા.

અને એ વાતને અંતરજામીપણે મહારાજે જાણી ને પોતાની પાસે

રહેલા જે ઘણાક કાઠી તથા ગરાસિયા તેમને મહારાજ કહે જે, "આ દાદા ખાચરને થોડોક આપત્‌કાળ આવ્યો છે તે આપણે કેમ કરશું ?" ત્યારે જે શૂરવીર હતા ને દૃઢ મહારાજના સ્વરૂપનો નિશ્ચય જેને હતો તે સર્વે એમ બોલ્યા જે, "હે મહારાજ ! તમે કહો તો અત્યારે તમારા પ્રતાપથી એનો ઘાણ કાઢી નાખીએ." એવાં વચન બોલતા હવા. અને જેને નિશ્ચયમાં કાચપ હતી તે તો એવું બોલ્યા જે, "આ ગરાસ તો દાદા ખાચરનાં છોકરાં ખાશે ને મહારાજ માથાં તો આપણાં કપાવે છે !" એવાં વચન બોલતા હવા.

એ બે પ્રકારનાં વચન સાંભળીને મહારાજ કહે જે, "આપણે વાળુ કરીને સૂઈ જાવ, સવારે વાત છે." એમ કહીને સર્વેને સુવાડીને મહારાજ પોતે કરીમ ભગતને કહે જે, "હે કરીમ, ગાડું લાવો, આપણે આંહીંથી જાતું રહેવું છે." એવાં મહારાજનાં વચન સાંભળીને કરીમ ભગત તત્કાળ ગાડું લાવીને મહારાજને કહે જે, "ગાડું આવ્યું." ત્યારે મહારાજ કહે જે, 'ચાલો,' એમ કહીને ગાડામાં બેઠા.

તે સમે **નાજો જોગિયો** ગાડાની કેડે તરવાર લઈને આવતા હવા ને (કરીમ ભગત) ગાડું ગઢડા ગામમાંથી બહાર કાઢીને ઉગમણી પાસાએ હાંકવા મંડ્યો. તે વખતે મહારાજ કહે જે, '**માંડવધાર**ને રસ્તે ગાડું હાંકો ને આપણે માંડવધાર જાવું છે.' એમ કહીને માંડવધારને રસ્તે ગાડું હંકાવ્યું. તેને જોઈને નાજો જોગિયો કહે જે, "હે મહારાજ ! આપણે ત્રણ જણા છીએ અને માંડવધારમાં બસેં મનુષ્ય ભેગું થયું છે ને વાઘની બોડમાં[૧] કાણું[૨] જાતા છો ?' એવાં નાજા જોગિયાનાં વચન સાંભળીને મહારાજ કહે જે, "તને બીક લાગતી હોય તો પાછો જા. અમે માંડવધાર જાશું.'

એમ કહીને ગાડુ માંડવધારને રસ્તે ચલાવ્યું ને માંડવધાર પૂગીને માંડવધારની બજાર આગળ થઈને, જે જગ્યાએ મનુષ્ય સૂતા હતા ત્યાં

૧.ગુફામાં ૨.શા માટે

જઈને ગાડું છોડાવી ઊંટડો ઊંચો કરીને ભોંયમાં પછાડ્યો. તેથી બ્રહ્માંડ ફાટી જાય એવો કડાકો થયો. તેને સાંભળીને સૂતેલા સર્વે મનુષ્યને બહુ ત્રાસ પડ્યો. ને જાણ્યું જે, 'હજારો મનુષ્ય આવ્યું છે ને તોપોના જેવા ભડાકા થાય છે.' એવો ત્રાસ પડ્યો ને 'મારી નાંખ્યા રે બાપ, મારી નાંખ્યા રે' એવું કહીને ઊઠી ઊઠીને ભાગી જતા હવા. ને કોઈનો જોડો, કોઈનું હથિયાર, કોઈનું લૂગડું પડી રહેતું હવું. એવી રીતે રાનોરાન ને પાનોપાન[1] થઈ ગયું.

ને મહારાજ પંડે તરવાર ઉઘાડી લઈ ગામમાં ઘરોઘર ફરીને કહે જે, "આ ગામમાં સવારે રે'શો તો માથાં કાપી નાંખીશું." તેથી ગામલોક પણ બીયને ત્રાસથી પોતપોતાનાં છોકરાં લઈને તે જ વખતે ભાગી ગયાં. અને પંડે પણ એવો ઐશ્વર્ય-પ્રતાપ ચમત્કાર દેખાડીને ગાડામાં બેસીને પાછા ગઢડે દરબારમાં આવીને પોઢી જાતા હવા. ને સવારે ઊઠી નિત્યવિધિ કરી સભામાં બિરાજમાન થયા.

તે સમે જીવો ખાચર મહારાજનાં દર્શન કરવા સારુ આવ્યા ને દર્શન કરીને સભામાં બેઠા. તેમને મહારાજ કહે જે, "હે જીવા ખાચર, માંડવધારમાં કંઈક મનુષ્ય ભેગું થયું હતુંને, તે કેમ થયું ?" ત્યારે જીવો ખાચર કહે જે, "મહારાજ, એ તો માંહોમાંહે બળવો થયો તેથી ભાગી ગયું." ત્યારે મહારાજ કહે જે, "કોઈક ભગવાન છે તે એમ કરે." એ વાર્તા પ્રથમ પ્રકરણ ચુમોતેરના વચનામૃતમાં છે.

તેમાં મહારાજે મરમ મેલ્યો છે જે, 'આ દાદા ખાચરને થોડોક આપત્‌કાળ હતો તેમાં જેનાં જેવાં અંગ હતાં તે જણાય જાતાં હવાં.' એમ એ વચનામૃતમાં મરમ આણ્યો છે. તે આપત્‌કાળ કિયો ? તો આ વાત કહી તે આપત્‌કાળ. તેને મહારાજ પોતાની લીલામાત્રે કરી નાશ કરતા હતા. ।।૯૯।।

૧.રફે-દફે

૧૦૦. મહારાજે નરોનારાયણનંદ, કૃષ્ણાનંદ તથા પૂર્ણાનદસ્વામીને બુરાનપુર મોકલ્યા.

અને મહારાજ એવી રીતે ગઢડામાં રહ્યા થકા એક દિવસ મુક્તાનંદસ્વામીને કહે જે, 'તમે પચાસ સાધુ લઈને **વડોદરે** જાવ. અને હરિજનને અમારા સ્વરૂપ સબંધી તથા ધર્મ, જ્ઞાન, વૈરાગ, ભક્તિ સબંધી વાતું કરજો.' એમ કહીને મુક્તાનંદસ્વામીને વડોદરે પચાસ સાધુ લઈને મોકલ્યા. અને **નરોનારાયણાનંદસ્વામી** તથા **કૃષ્ણાનંદસ્વામી** તથા **પૂર્ણાનંદસ્વામી** એ ત્રણ સંતને કહે જે, "તમે **બુરાનપુર** જાવ.' ત્યારે તે ત્રણ સંત કહે જે, "હે મહારાજ ! અમને તો ભણતાં આવડતું નથી."

ત્યારે મહારાજે એક સોટીના બે છેડા, તેમાંનો એક છેડો લાલ કર્યો અને બીજી પાસાએ પીળો કર્યો ને પછી કહે જે, "આ સોટી લઈને જાઓ." ને કહે જે, "આ લાલ છેડો અડાડશો ત્યારે સમાધિ થાશે અને પીળો અડાડશો ત્યારે સમાધિમાંથી જાગશે." એમ કહીને સોટી આપી ને ત્રણેય સંતને બુરાનપુર મોકલ્યા.

પછી એ ત્રણેય સંત ફરતા ફરતા બુરાનપુર પૂગ્યા. ને ત્યાં તાપી નદીમાં નાહીને આથમણી પાસા રાજઘાટ ઊપર બેસીને મહારાજની તથા જમપુરની વાતો કહેવા માંડી. તે જમપુરની વાતો સાંભળીને જે માણસ સ્વામીની પાસે બેઠા હતા તે સર્વે કહે જે, 'એ વાત તો ખોટી છે.' એવું સાંભળીને કૃષ્ણાનંદસ્વામીએ સોટી લઈ દશ-વીસ મનુષ્ય બેઠું હતું તેમને 'જમપુરીમાં જાવ.' એવો સંકલ્પ કરીને સોટી અડાડી.

એ દશ-વીસ મનુષ્યને સમાધિ થઈ તેથી સર્વે જમપુરીમાં ગયા ને ત્યાંનાં દુઃખ જોઈ ત્રાહી ત્રાહી કરવા લાગ્યા. ને લોક સમાધિમાં સમજે નહિ, તેથી એમ કહેવા લાગ્યા જે, "આ તો સર્વે મરી ગયા." એવું સાંભળીને સોટીનો પીળો છેડો અડાડ્યો. તેથી તે સર્વે માણસ સમાધિમાંથી ઊઠીને બહાર આવીને કહે જે, "હે મહારાજ ! આ

તો સર્વે વાત જમપુરીની સાચી છે, ને અમે બહુ દુઃખ પામ્યા. હવે એ દુઃખ શાથી મટે તે કહો.” ત્યારે સંત કહે જે, **“સ્વામિનારાયણ સ્વામિનારાયણ’ ભજન કરો તો એ દુઃખ મટે ને અક્ષરધામ મળે.”** ત્યારે તે કહે જે, “અક્ષરધામ કેવું હોય ? તે અમને દેખાડો.” ત્યારે વળી સંતે અક્ષરધામનો સંકલ્પ કરીને સોટીનો છેડો અડાડ્યો, તેથી સમાધિ થઈ ગઈ ને અક્ષરધામ દીઠું. ને પછી સમાધિમાંથી એ સર્વેને ઉઠાડ્યા.

[illegible]

ત્યારે તે સર્વે કહે જે, “હે મહારાજ ! તમે ભગવાન છો.” એવાં એમનાં વચન સાંભળીને સંત કહે જે, “અમે તો ભગવાન નથી, ભગવાનના દાસ છીએ ને **સાક્ષાત પુરુષોત્તમનારાયણ, સર્વ અવતારના અવતારી ને સર્વેના કારણ એવા સહજાનંદસ્વામી તે ભગવાન છે.”** એવાં સંતનાં વચન સાંભળીને ઘણાંક મનુષ્ય સત્સંગી થયાં. અને સંતો સોટી દ્વારાએ સત્સંગ કરાવતા થકા ઘણા દિવસ ત્યાં રહેતા હતા. ॥૧૦૦॥

૧૦૧. બુરાનપુરના ભવજીભાઈના નિશ્ચયની વાત

અને પછી ઘણા દિવસે બુરાનપુરથી સંત ચાલવાને તૈયાર થયા. તે સમે એક બ્રહ્મક્ષત્રિ **ભવજીભાઈ** નામે હતા. તેને સર્વેએ ના પાડી તોપણ સંતની સાથે પ્રગટ ભગવાનનાં દર્શન કરવા સારુ ચાલ્યા. તે સંત તથા ભવજીભાઈ સર્વે મળી ઘણે દિવસે **ગઢપુર** આવ્યા ને મહારાજનાં દર્શન કરવા સારુ ગયા. તે સમે મહારાજ વતું કરાવતા હતા. તે વતું કરાવી રહીને હાથ-પગ તથા મસ્તકને ધોયા વિના તથા નાહ્યા વિના

એમ ને એમ તે સમે થાળ થયો હતો, તે થાળ ત્યાં ને ત્યાં મંગાવીને જમવા સારુ બેઠા.

તે મહારાજ વતું કરાવીને નાહ્યા નહિ ને જમવા બેઠા. તે જોઈને ભવજીભાઈને ઘણો સંશય થયો. તેનું કારણ કે દક્ષિણ દેશમાં વતાનો વિધિ બહુ રાખે છે. તેથી ઘણો સંશય થયો ને બહુ મૂંઝાયા ને સંતને કહે જે, "તમે મને છેતરીને આંહીં લાવ્યા ને તમે કહેતા હતા જે, 'આ તો ભગવાન છે, પણ ભગવાન હોય તો આવી ક્રિયા કરે જ નહીં. ને મને બુરાનપુરમાં સૌ ના પાડતા હતા ને હું અહીં આવ્યો, હવે કેમ થાશે ? દેશ છેટો રહ્યો !"

એવા ભવજીભાઈ મૂંઝાયેલા જોઈને સંત કહે જે, "તમે કાંઈ ચિંતા કરશો નહીં, અમો તમારી સાથે આવીને દેશમાં પુગાડીશું. ને ભગવાન તો અલમસ્ત-જાતી છે. જુઓને એમણે આ અમને એક સોટી આપી છે. તેમાં એવો ચમત્કાર મેલ્યો છે જે, 'એક પાસે અડાડીએ ત્યારે સમાધિ થાય છે ને બીજે પાસાએ અડાડીએ ત્યારે ઊઠે છે,' તો પછી ચેતનમાં ચમત્કાર મેલે તેમાં શું કહેવું ?" એવી રીતે ઘણોક મહારાજનો મહિમા કહીને સંતોષ પમાડીને ઉતારા ઉપર લઈ જઈને જમાડતા હવા.

ને તે જ દિવસે ત્રીજે પો'ર લીમડા હેઠે સભા કરીને મહારાજ વિરાજમાન થયા. તે સાંભળીને સંત ભવજીભાઈને કહે જે, "ચાલો, આપણે સભામાં જાઈએ." ત્યારે ભવજીભાઈ કહે જે, "હું તો નહિ આવું." ત્યારે સંત કહે જે, "અહીં બેઠા છો તેથી(એમ) ત્યાં બેસજો."

[illegible]

તે સમે મહારાજે કૃપાદૃષ્ટિ કરીને ભવજીભાઈ સામું જોયું, તેથી તત્કાળ સમાધિ થઈ. **એ જ મહારાજની મૂર્તિ આગળ, ને કેડે ભવજીભાઈ ત્યાંથી દેવલોકમાં ગયા ને ત્યાંથી બ્રહ્માના લોકમાં તથા શિવના લોકમાં તથા સૂર્યનાં મંડળમાં થઈને વૈકુંઠમાં ગયા. ને ત્યાંથી શ્વેતદ્વીપ તથા ગોલોકમાં થઈને અક્ષરધામમાં જઈ દિવ્ય સિંહાસન ઉપર પોતે બિરાજમાન થયા. ને (ત્યાં) અનંતકોટી મુક્ત મહારાજની સ્તુતિ કરતા હવા.** એવી રીતે ભવજીભાઈને બે કલાક સુધી અક્ષરધામમાં રાખીને પાછા સમાધિમાંથી બહાર કાઢ્યા.

તે સમે ભવજીભાઈએ એવાં અનંત ઐશ્વર્ય-પ્રતાપ જોઈને ભગવાનપણાનો દૃઢ નિશ્ચય કરીને રોમાંચિતગાત્રે તથા ગદ્‌ગદ કંઠે થઈને મહારાજની ઘણીક સ્તુતિ કરી. ને કહે જે, **"હે મહારાજ ! તમે સર્વ અવતારના અવતારી ને સર્વના કારણ ને સર્વ ધામના ધામી એવા પુરુષોત્તમ ભગવાન છો."** એવાં વચન સાંભળીને મહારાજ કહે જે, "અમે તો વતું કરાવીને (નાહ્યા વિના) જમ્યા. તેથી ભગવાન નહીં." ત્યારે ભવજીભાઈ કહે જે, "તમે સો વાર વતું કરાવીને જમો તોપણ ભગવાન ખરા." એવી રીતે પોતાના સ્વરૂપનો દૃઢ નિશ્ચય કરાવીને દોઢ માસ સુધી પોતાની પાસે રાખીને બુરાનપુર પાછા મોકલ્યા. તેથી તે શહેરમાં **શિવા શા** વિગેરે ઘણાક હરિજનો થયા ને મહારાજની બહુ પોશાગ તથા ઘરેણાં વિગેરેની સેવા કરતા હવા. ને પોતે મહારાજના પ્રતાપની સર્વે હરિજનને વાતો કહીને સત્સંગ કરાવતા હવા. ॥૧૦૧॥

૧૦૨. વડોદરામાં સભા કરવાનો ઠરાવ થયો તે વાત

અને મહારાજે મુક્તાનંદસ્વામીને વડોદરે મોકલ્યા હતા. તે મુક્તાનંદસ્વામી વડોદરામાં ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિ સબંધી તથા સાધુનાં લક્ષણની તથા ભગવત્‌સ્વરૂપની ઘણીક વાતો કરતા હવા. તેને સાંભળીને ઘણાક માણસો કહેવા લાગ્યા જે, 'આ તો ભગવાન જેવા સંત છે.' એમ કહીને મોટા મોટા **શિવરામ ગાડદી** તથા **નારૂપંત નાના** એ આદિક ઘણાક સત્સંગી થાતા હવા. ને સ્વામીનો પ્રતાપ જોઈને ન દેખી ખમતા, તે જવાસાની પેઠે બળી ઊઠ્યા. એવા મતવાદીઓ ભેગા થઈને **સયાજીરાવ ગાયકવાડ**ને કહે જે, "અમારે સ્વામિનારાયણના સાધુ સંગાથે સભા કરવી છે."

તે વાત સાંભળીને સયાજીરાવ ગાયકવાડે મુક્તાનંદસ્વામીને ખબર કરી જે, 'મતવાદી સભા કરવાનું કહે છે, આપની શી મરજી છે ?' એ વાત સાંભળીને સ્વામીએ હા પાડી. તેથી સભા કરવાનો દિવસ નિશ્ચય કર્યો ને મુક્તાનંદસ્વામી તે દિવસે સંસ્કૃત ભણેલા નહિ. તેથી સ્વામીના મનમાં ઘણો વિચાર થયો જે, 'આપણે સંસ્કૃત ભણેલા નથી ને શાસ્ત્રીઓ તથા પુરાણીઓ ઘણાક વિદ્વાનો આવશે ને મતવાદી પણ પ્રશ્ન પૂછશે, ત્યારે આપણે શો જવાબ દેશું ?' એમ ચિંતા કરીને મહારાજની મૂર્તિનું ધ્યાન કરવા સારુ પોતે બેઠા.

તે સમે શ્રીજીમહારાજે સર્વે અંગને વિષે જરિયાની વસ્ત્ર ધારણ કરેલાં ને મસ્તકને વિષે ભારે જરિયાની મોળિયું બાધેલું. તેમાં છોગું તથા મોતીના તથા હિરાના તોરા તથા શિરપેચ તેને ધારી રહેલા ને કાનને વિષે મકરાકૃત કુંડળ ધારેલાં અને કોટને વિષે મોહનમાળા તથા ઉતરીઓ-ગળચવો નંગે જડિત, એવાં ઘરેણાં કંઠને વિશે ધારી રહેલા ને હાથને વિષે નંગે જડિત વેઢ-વીંટીઓ તથા પોંચી, કડાં, સાકળાં, બાજુબંધ – એ આદિક હસ્તને વિશે ઘરેણાં ધારણ કરેલાં તથા કેડને વિષે કંદોરો તથા ચરણમાં ઝાંઝર તથા સાંકળાં, તોડા – એ આદિક

ઘરેણાં ધારણ કરેલાં ને કોટાનકોટી સૂર્યના જેવો અંગોઅંગને વિષેથી પ્રકાશ નીકળે છે. એવી રીતની શોભાએ યુક્ત, એવા પ્રતાપે જુક્ત સ્વામીને દર્શન આપીને સ્વામી પ્રત્યે એમ બોલ્યા જે, "હે સ્વામી, તમે કાંઈ ચિંતા રાખશો નહિ, તમારી સાથે હું છું."

એવી રીતના શ્રીજીમહારાજની મૂર્તિનાં દર્શન કરીને તથા વચન સાંભળીને સ્વામીને મહામોટો આનંદનો સમુદ્ર ઊલટ્યો હોયને શું ! એવી રીતનો જે હરખ તેને વિષે સ્વામી ઘણીવાર એકાગ્રચિત્તે થઈને ગદ્‌ગદ કંઠે થઈ ગયેલા ને શરીરની સુધ પણ ભૂલી ગયેલા. તેથી ઘણી વારે ચેતન થઈને એ મહારાજની મૂર્તિનાં દર્શનથી આનંદ થયો. તે આનંદને બહારલી પાસા જણાવતા થકા તત્કાળ સરોદો લઈને આઠ કીર્તન નવાં કરીને સરોદામાં ગાતા હવા. તે કીર્તનનાં નામ –

વા'લા રમઝમ કરતાં કાન મારે ઘેર આવો રે;
મારા પૂરા કરવા કોડ હસીને બોલાવો રે.

એ આઠે કીર્તન ગાઈ રહ્યા ત્યારે મહારાજ અંતર્ધાન થઈ જાતા હવા. ॥૧૦૨॥

૧૦૩. મુક્તાનંદસ્વામી વડોદરાની સભા જીત્યા.

અને પછી મુક્તાનંદસ્વામીને મહારાજનાં દર્શન થયેલા તેથી પાછા તેના તે કીર્તન તત્કાળ ઘણા હરખે કરીને સરોદામાં ફરીથી ગાય છે, તેવા સમે કચેરીમાંથી જાસૂસ બોલાવવા સારુ આવ્યા. તેમણે સ્વામીનાં કીર્તન સાંભળ્યાં ને કહે જે, "આ કીર્તન કેનાં કરેલાં ગાય છે ?" ત્યારે બીજા કહે જે, "એ તો કરતા જાય છે ને ગાતા જાય છે." તે સાંભળીને જાસૂસ કહે જે, "એમને કોણ જીતનાર છે ?" એમ કહીને પછી સ્વામીને કહે જે, "તમો સભામાં પધારો !"

એવાં વચન સાંભળીને સ્વામી પચાસ સાધુએ સહિત સભામાં પધાર્યા. ને ત્યાં મતવાદીઓએ ઘણાક પ્રશ્ન પૂછ્યા ને કહે જે, "તમારા

સ્વામિનારાયણને ભગવાન શાથી કહો છો ?" ત્યારે સ્વામી કહે જે, "ભગવાન હોય તેનાં ચરણારવિંદમાં **સોળ ચિહ્ન** હોય. તેમાં જમણા ચરણારવિંદમાં નવ તથા ડાબા ચરણાવિંદમાં સાત, એવી રીતે હોય તેને ભગવાન કહેવાય એમ શાસ્ત્રમાં કહ્યું છે. ને વળી **છ ભગ** હોય અને જેને જોઈને તત્કાળ સમાધિ થાય." તેના ઉપર સ્વામી શ્લોક બોલ્યા જે –

'सर्वज्ञता तृप्तिरनादिबोधः, स्वतन्त्रता नित्यमलुप्तदृष्टिः ।'

એ શ્લોક બોલીને છ ભગ કહીને ભગવાનપણું પ્રતિપાદન કર્યું. તેથી સર્વે શાસ્ત્રી-પંડિતોએ 'સ્વામિનારાયણ નક્કી ભગવાન છે' એવું કબૂલ કર્યું.

તે સમે શિવારામ ગારદી સભામાં બેઠા હતા તથા બીજા સર્વે શાસ્ત્રી, પુરાણીઓ બેઠા હતા. તે સર્વેએ જાણ્યું જે, મુક્તાનંદસ્વામી સભા જીત્યા. તેથી સર્વ હરિજન શ્રીસહજાનંદસ્વામીની જય બોલતા હવા. અને સ્વામી સભામાંથી સંતમંડળે સહિત ઊઠીને ઉતારા ઉપર આવતા હવા. ને વડોદરા શહેરમાં હરિજનને બહુ આનંદ ઊપજતો હવો. ॥૧૦૩॥

૧૦૪. નાથભક્તે ગઢડે જઈ સભા જીત્યાની વાત કહી.

અને વળી સ્વામિનારાયણનું ભગવાનપણું વડોદરાની સભામાં પ્રતિપાદન થયું, તેથી નાથભક્ત હતા તેને બહુ જ હરખ થયો. તેથી તે સભામાંથી જ પોતે ચાલી નીકળ્યા. તે બે રાત વચ્ચે રહીને ત્રીજે દિવસે સવારમાં **ગઢપુરમાં** જઈને મહારાજ શ્રીવાસુદેવનારાયણના ઓરડાની ઓસરીએ બિરાજમાન હતા. તે સમે ઘણાક હરખથી નાથભક્ત મહારાજને કહે જે, "હે મહારાજ ! મુક્તાનંદસ્વામી વડોદરાની સભા જીત્યા."

એ વાત સાંભળીને મહારાજ કહે જે, "તમે ક્યારે ચાલ્યા હતા ?"

ત્યારે નાથભક્ત કહે જે, 'પરમ દિવસે સભામાંથી સ્વામી ઊઠીને ઉતારે ગયા ને હું અહીં આવ્યો.' તે સાંભળીને મહારાજ કહે જે, 'બહુ ચાલ્યા, તે થાકી ગયા હશો !" એમ કહીને કહે જે, 'હે મોટીબા, આ નાથભક્તને ઊભા ઊભા ગોળ ને થીનું ઘી લાવીને ખવરાવો ને ઊને પાણીએ ચોળીને નવરાવો.' તે સાંભળીને મોટીબાએ તેમ કર્યું.

ને મહારાજ કહે જે, "હે મોટીબા, મુક્તાનંદસ્વામી વડોદરાની સભા જીત્યા, ને સ્વામિનારાયણ ભગવાનનું પ્રતિપાદન કર્યું; માટે આજ તો સાકર વેંચવી જોઈએ !" તે સાંભળીને મોટીબા કહે જે, "હે મહારાજ ! ઘણું સારું." એમ કહીને સાકર મંગાવીને દરબારમાં વેંચાવી ને કહે જે, "મુક્તાનંદસ્વામી વડોદરાની સભા જીત્યા તેની સાકર છે." એમ કહીને **પછી મહારાજે ઘણા ઉત્સાહથી બસેં જોડ ચરણારવિંદ કાગળ ઉપર પાડ્યાં.**

પછી અદ્‌ભુતાનંદસ્વામીને બોલાવીને કહે જે, "આ ચરણારવિંદ લઈને તમે નાથભક્તની જોડે વડોદરે જાવ, ને ત્યાં જઈને મુક્તાનંદસ્વામીને આ ચરણારવિંદ આપજો; ને કહેજો જે, મહારાજ તમારા ઉપર બહુ રાજી છે ને આ ચરણારવિંદ પાડીને તમને આપવા સારુ મને મોકલ્યો છે." ત્યારે મેં કહ્યું, 'સારુ' એમ કહીને હું નાથભક્ત સાથે વડોદરે ગયો. ને મુક્તાનંદસ્વામીના મોઢા આગળ બસેં જોડ ચરણારવિંદ મેલ્યાં.

તે સમે મુક્તાનંદસ્વામી કહે જે, 'હે અદ્‌ભુતાનંદસ્વામી, ચાર જોડ ચરણારવિંદ તમે લઈ લ્યો.' એમ કહીને ચાર જોડ ચરણારવિંદ મને આપ્યાં. ને પોતાની સાથે પચાસ સાધુ હતા તેમને તથા હરિભક્તોને બીજા વહેંચી આપ્યાં.

એ વાત સાંભળીને **નિર્વિકલ્પાનંદ** હતો તે બળી ઊઠ્યો. ને કહે જે, 'એમાં શી મોટી વાત કરી તે સાકર વહેંચી !? હમકું કહ્યા હોત તો હમ બડોદરાકી સભા જીતા'તે !' એમ કહીને કહે જે, 'મુક્તાનંદ સ્વામીની વાતો તો લુવાણાની કઢીમાં ડુંગળીનું ફોતરું એવી છે. કેમ

કે લુવાણાને ઘેર તો ખેરેખેરા[1] ભરેલા હોય, એમ મારા મોઢા આગળ સ્વામીની વાત તો એવી છે.' એમ એ વચન બોલ્યાં.

તેને સાંભળીને મહારાજ ઘણા ઉદાસ થઈ ગયા. અને કહે જે, **'આ તો મારોય પણ ઉત્કર્ષ સહન ન કરી શક્યો !'** એમ કહીને કહે જે, 'અમારે તો આ સત્સંગમાં હવે રહેવા નથી.' એમ કહીને બહુ જ ઉદાસ થઈ જતા હવા. ॥૧૦૪॥

૧૦૫. મહારાજ ઉદાસ થયા ને આદરજ ગયા તે વાત

પછી મહારાજનું ઉદાસપણું જોઈને દાદા ખાચર તથા સુરા ખાચર તથા સોમલા ખાચર તથા હરજી ઠક્કર તથા લાધો ઠક્કર એ સર્વે પાર્ષદ તથા મોટીબા તથા લાડુબા તથા રાજબાઈ – એ આદિક સર્વેને મહારાજ કહે જે, "સત્સંગના કોઈક મોટેરા થાય ને કોઈને સત્સંગમાંથી કાઢવો-રાખવો તે માથે રાખે તો અમે રહીએ, નહિ તો નહીં રહીએ."

એવાં મહારાજનાં વચન સાંભળીને તે સર્વે હરિજન કહે જે, "સર્વે સંતને આવતા સુધી તમે અહીં રહો, ને સર્વે સંત આવશે ત્યારે તેમને અમે કહીશું જે, 'કોઈક મોટેરા થાઓ ને કોઈકને કાઢવો-રાખવો માથે રાખો તો મહારાજ સત્સંગમાં રહે, નહિ તો નહીં રહે.' એમ અમે સર્વે મળીને સંતને કહેશું. ને એ સર્વેમાંથી કોઈક મોટેરા થાય તો તમે રહેજો." એવાં એ દાદા ખાચર આદિક સર્વેનાં વચન સાંભળીને મહારાજ કહે જે, "ઠીક, સાધુ આવતા સુધી અમે રહેશું." એમ કહીને ત્યાં રહ્યા.

પછી ત્યાંથી ચાલ્યા તે **કારિયાણી** થઈને **વાગડ** ગયા. ને ત્યાંથી **કાણોતર** થઈને **આદરજ** સમૈયો કરવા સારુ આવ્યા. અને **બ્રહ્માનંદસ્વામી** વડનગર-વીસનગર ભણી ફરવા સારુ ગયા હતા તે પણ બીજે દિવસે આદરજ આવ્યા. તેમને દાદા ખાચરે તથા સુરા ખાચરે વાત કરી જે, "મહારાજ તો બહુ ઉદાસ થઈ ગયા હતા ને કહેતા જે, 'અમે કોઈક

૧.વખારે વખાર્યું; ગોડાઉનો

સંત મોટેરા થાય તો સત્સંગમાં રહીએ.' એમ મહારાજે કહ્યું. ત્યારે અમે કહ્યું જે, સાધુ આવે ને કોઈ મોટેરા થાય તો રહેજો." એવું કહીને અહીં સુધી આવ્યા છીએ.

એ વાત સાંભળીને બીજે દિવસે સવારમાં નાહી-ધોઈ પરવારીને મહારાજ તથા સર્વે સંતની મોટી સભા થઈ. તે સમે બ્રહ્માનંદસ્વામી મહારાજને કહે જે, "ગાદીએ બેસવું ને પૂજાવું તે કેને કડવું લાગે ? જેને કે'શો તે મોટેરા થાશે ! ને તમે સત્સંગમાં એક ખૂણે પડ્યા રહેજો, તમને કોણ ઓળખે છે જે, 'આ ભગવાન છે ?' અમે કોઈને વાતો કરીને કહીએ છીએ જે, આ સ્વામિનારાયણ ભગવાન છે, ત્યારે તમને કોઈક ભગવાન જાણે છે ને અમે તમને પ્રસિદ્ધ કર્યા છે. ને આટલા સાધુ છે તેમ તમને એક સાધુ વધારે જાણીશું, ને એક ખૂણે પડ્યા રહો."

એમ કહીને પછી કહે જે, "મુક્તાનંદસ્વામીને આવવા દ્યો, પછી જેમ કહેશો તેમ કરીશું." એવી રીતનાં બ્રહ્માનંદસ્વામીનાં હાસ્યનાં વચન સાંભળીને મહારાજ બહુ રાજી થયા. ને કહે જે, "ત્યારે તો અમે સત્સંગમાં રહીશું." એવી રીતે બ્રહ્માનંદસ્વામી યુક્તિનાં વચન કહીને મહારાજનું ઉદાસપણું ટાળતા હવા. ને તે દિવસે કથાવાર્તા, કીર્તન કરતાં આખો દિવસ વીતી ગયો. ને સાંજે આરતી-ધૂન કરીને વાળુ-પાણી કરીને પોઢી જાતા હવા. ॥૧૦૫॥

૧૦૬. મહારાજે આદરજમાં મુકતાનંદસ્વામી તથા ચૈતન્યાનંદસ્વામીને મોટેરા કર્યા.

અને વળી બીજે દિવસ પ્રાતઃકાળ થયો. ત્યારે ઊઠી સ્નાનાદિક નિત્યવિધિ કરીને મહારાજ તથા સર્વે સંત સભામાં આવીને બેસતા હવા. અને મુક્તાનંદસ્વામી પણ તે જ દિવસે વડોદરેથી અદ્‌ભુતાનંદ સ્વામી આદિક પચાસ સંત તથા હરિભક્તોએ સહિત ત્યાં આવીને દંડવત કરીને મહારાજને મળીને દર્શન કરીને સભામાં બેઠા. તે સમે

નિત્યાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામીએ મહારાજની ઉદાસીપણાની સર્વે વાત મુક્તાનંદસ્વામીને કહી.

તે સાંભળીને સ્વામી સભામાં તે જ વખતે હાથ જોડી ઊભા થઈને મહારાજને વિનંતીએ સહિત કહે જે, "હે મહારાજ ! તમે કહો તેની આજ્ઞામાં અમે સર્વે રહીશું ને તમે સત્સંગમાં રહો." એવાં સ્વામીનાં વચન સાંભળીને પછી મહારાજે એક વેલ(બળદગાડી) પડી હતી તેના ઉપર પાટ મૂકીને મુક્તાનંદસ્વામી તથા ચૈતન્યાનંદસ્વામી એ બન્નેને તે ઉપર બેસારીને બેયની મહારાજે આરતી ઉતારી. પછી મહારાજના હાથમાંથી લઈને નિત્યાનંદસ્વામીએ બેયની આરતી ઉતારી ને તેમના હાથમાંથી લઈને બ્રહ્માનંદસ્વામીએ એ બેની આરતી ઉતારી; પણ બીજા આઠ રહ્યા તેમાંથી કોઈ ના ઊઠ્યા.

એવી રીતે **મુક્તાનંદસ્વામી** તથા **ચૈતન્યાનંદસ્વામી** તથા **નિત્યાનંદસ્વામી** તથા **બ્રહ્માનંદસ્વામી** – એ ચારને મહારાજે ત્યાં **સદ્‌ગુરુ કર્યા** ને કહે જે, **"આ સત્સંગમાં કોઈને કાઢવો-રાખવો તે તમારે માથે, ને તમે આજથી આ સત્સંગના ધણી છો."** એમ મહારાજે કહ્યું. ને સર્વે સંતને કહે જે, "તમારે સર્વેને આમની આજ્ઞામાં રહેવું." એવી રીતે એ ચારેયને મહારાજે સદ્‌ગુરુ કર્યા ત્યારે મહારાજની સર્વે ઉદાસી ટળી. ॥૧૦૬॥

૧૦૭. મહારાજે આદરજમાં અન્નકૂટનો સમૈયો કર્યો તે વાત

અને વળી એ ચારની આજ્ઞામાં રહેવું, પણ બીજા મોરે બાર સદ્‌ગુરુ મહારાજે કર્યા હતા તેમાંથી એ ચારને મોટેરા કર્યા પણ બીજા આઠ તે **નિર્વિકારાનંદ** તથા **નિર્વિકલ્પાનંદ** તથા **પૂર્ણાનંદ** એ આદિકમાંથી કોઈ માને કરીને ન ઊઠતા હવા. ને કહે જે, 'એને શું મોટેરા કર્યા ? ને હમકું કર્યા હોત તો શું ન થાત ?' એમ જાણીને ન ઊઠ્યા. અને અન્નકોટના દિવસે પ્રાતઃકાળે સર્વે સંત તથા હરિભક્ત નિત્યવિધિ કરીને

સભા કરીને મહારાજ સભામાં બેસતા હવા. તે સમે સર્વે સંત પણ સભામાં બેઠા હતા.

તે સમે મહારાજ સર્વે સંતની ઉપાસનાની દૃઢતા જોવા સારુ સર્વે સંતના પ્રત્યે બોલતા હતા જે, "હે સંતો, અમે કહીએ તેનું ધ્યાન કરો." એમ વારંવાર એક કલાક સુધી કહ્યા કર્યું, પણ કોઈ સંત બોલ્યા નહીં. અને એક સંત મહારાજને કહે જે, "તમે કહો તેનું ધ્યાન કરું." ત્યારે મહારાજ કહે જે, "આવ, મારી પાસે બેસ." એમ કહીને પાસે બેસાડ્યા. ને સર્વે સંતને કહે જે, "હું કહું તેનું ધ્યાન કરો." તોય પણ કોઈ સંત બોલ્યા નહીં.

પછી એક હિંદુસ્તાની **તત્ત્વાનંદસ્વામી** વૃદ્ધ હતા. તે સભામાં ઊભા થઈને મહારાજને સમીપે આવીને બેસતા હતા. ને મહારાજનાં મુખારવિંદ સામા હાથ કરીને કહે જે, **"હે બેટી કા બાપ ! ધ્યાન તો જેનું થાતું હશે તેનું જ થાશે, બીજાનું ધ્યાન નહીં થાય...નહીં થાય..."** એમ વારંવાર મહારાજને કહીને કહે જે, **"આજ્ઞામાં તો કહો તેની આજ્ઞામાં રે'શું, ને ધ્યાન તો તમારા વિના કોઈનું નહીં કરીએ !"** આવી રીતનાં બળનાં વચન સાંભળીને મહારાજ ઘણું પ્રસન્ન થયા ને મનમાં એમ જાણતા હતા જે, 'મારા પાડ્યા પણ ઉપાસનામાંથી પડ્યા નહીં, તો બીજાના પાડ્યા કેમ પડે ?' એમ (તત્ત્વાનંદસ્વામીએ) પોતાના મન સંગાથે ઉપાસનાની દૃઢતા કરી હતી.

તે સમે મહારાજની પાસે પ્રથમ બેઠેલા જે સંત તે કહે જે, "હે મહારાજ ! તમે કહો તેનું ધ્યાન કરું." એવું તે સંતનું વચન સાંભળીને મહારાજ કહે જે, "ભાગી જા, તું સત્સંગી જ ક્યાં છો ?" એવી રીતે અલૌકિક ચરિત્ર ત્યાં કર્યું. તેને એકાંતિક સંત હોય તે જાણે ને બીજાનું તો તે સાધુની પેઠે ધર(મૂળ) જાય. એવી રીતે મહારાજે પોતાની ઉપાસનાની દૃઢતા કરાવવા સારુ વાત એવી કરતા હતા. એવી રીતે ત્યાં અન્નકોટનો સમૈયો કરતા હવા. ॥૧૦૭॥

૧૦૮. ગામ ડડુસરના ગલુજીની ડોશીની વાત

અને પછી ત્યાંથી મહારાજ ચાલ્યા તે ફરતાં ફરતાં **વડથલ** આવ્યા. ને ત્યાંથી ગામ **ડડુસર** ગયા ને ત્યાં **રજપૂત ગલુજી**ની મા તે વખતે ત્યાં દેહ મૂકી ગયેલાં. તેમને ગલુજીએ ગાંસડી બાંધીને માળ ઉપર મેલીને નાહી-ધોઈ પવિત્ર થઈ સામૈયું લઈને ગલુજીભાઈ સામા જઈને મહારાજને વાજતે-ગાજતે ગામમાં લાવી પોતાના ફળિયાથી છેટે બીજા ફળિયામાં ઉતારો કરાવ્યો.

ને ત્યાં સંતને માટે તથા મહારાજ સારુ રસોઈ કરાવી ને મહારાજ તથા સર્વે સંતને રૂડી રીતે જમાડ્યા. ને પછી મહારાજની પૂજા કરી આરતી ઉતારી ને મહારાજને ભાગોળ સુધી વળાવવા ગયા. ને પછી વળાવીને ગલુજીભાઈ પાછા વળ્યા. તે સમે મહારાજ અંતરજામીપણે કહે જે, "હે ગલુજી, હવે જાઓ ને તમારી ડોસીની દાહક્રિયા કરો." એમ કહીને મહારાજ ત્યાંથી ચાલ્યા, તે ગામ **મહુધા** સોંસરા થઈને ગામ **ઉમરેઠ** પધારતા હવા. ॥૧૦૮॥

૧૦૯. ગામ ઉમરેઠમાં મહારાજ પધાર્યા ને વેદ બોલાવ્યા તે વાત

અને વળી ગામ ઉમરેઠમાં **નંદુભાઈ**ને ઘેર ઊતર્યા અને ત્યાં મહારાજ સારુ થાળ તથા સંતને માટે રસોઈ કરાવી ને મહારાજને તથા સર્વે સંતોને જમાડીને સાંજના પો'રની મોટી સભા થઈ. તે સભામાં મહારાજ બિરાજમાન થયા. તે સમે ગામના સર્વે બ્રાહ્મણ આવીને મહારાજને પ્રશ્ન પૂછતા હવા જે, "હે સ્વામિનારાયણ ! શંકરસ્વામીએ પાડાને પૂંછડે વેદ બોલાવ્યા હતા. ને તમે જો ભગવાન હો તો તેમ કરો."

એવો પ્રશ્ન સાંભળીને મહારાજ કહે જે, "તમને પ્રશ્ન પૂછતાં

આવડ્યું નહીં. કેમ જે, વેદ પૂંછડે બોલાવે તો અશુદ્ધ થાય, પણ પાડા જેવો કોઈક અભણ બ્રાહ્મણ હશે તેને મોઢે બોલાવ્યા હશે !" ત્યારે તે સર્વે બ્રાહ્મણ કહે જે, "હે મહારાજ ! તમે કહો છો તે વાત સાચી." ત્યારે મહારાજ કહે જે, "તમારી નજરમાં આવે તેવો બ્રાહ્મણ ખોળી લાવો." એવાં મહારાજનાં વચન સાંભળીને ગામમાં એક ડભાણનો બ્રાહ્મણ ભિક્ષા કરતો હતો. તેને 'ક' કહે ત્યારે એ બ્રાહ્મણ 'ખ' કહે એવો ડાહ્યો હતો. તેને બોલાવીને સભામાં મહારાજના મોઢા આગળ ઊભો રાખીને બીજા બ્રાહ્મણ કહે જે, "આને મોઢે વેદ બોલાવો."

ત્યારે મહારાજ કહે જે, "તમે સર્વે કહો તે વેદ બોલે." ત્યારે તે બ્રાહ્મણે કહ્યું કે, "સામવેદ બોલાવો." ત્યારે પેલો અભણ બ્રાહ્મણ સામવેદનું ઉચ્ચારણ શુદ્ધ કરતો હવો. એવી રીતે સામવેદ આદિક ચારેય વેદ સાત દિવસ સુધી મહારાજે તે બ્રાહ્મણને બોલાવ્યા. પછી આઠમે દિવસે સમાપ્તિ કરી. ત્યાર પછી તે બ્રાહ્મણને બીજા લોકો પૂછવા લાગ્યા. ત્યારે તે કહે જે, "મને તો કાળો અક્ષર આવડતો નથી." એવી રીતે અલૌકિક ઐશ્વર્ય-પ્રતાપ દેખાડ્યો.

તે જોઈને ઘણાક ખેડાવાળ બ્રાહ્મણ મહારાજના આશ્રિત થતા હતા. ને કહે જે, **"આ તો સાક્ષાત સર્વ અવતારના અવતારી પુરુષોત્તમ ભગવાન છે."** એમ જાણીને પ્રગટ ભજન કરતા હતા. અને મહારાજને પોશાક, ધૂપ, દીપ, ચંદન પુષ્પ – એ આદિક ષોડશોપચારે કરીને પૂજા કરી ને આરતી ઉતારી સ્તુતિ કરીને પગે લાગીને કહે જે, "હે મહારાજ ! તમે તો ભગવાન છો." એમ કહીને સર્વે સંત તથા મહારાજને ભારે ભારે રસોઈ આપીને સર્વે હરિજન રાખતા હતા. ને પોતાને ઘેર પધરાવી પધરામણીઓ કરીને ઘણો લાવ લેતા હવા. એવી રીતે **શ્રીજીમહારાજ ઉમરેઠ ગામમાં સાત વખત પધાર્યા.**

તેમાં એક સમયે વૈશાખ માસમાં કેરીઓ ટાણે પોતે હજાર મનુષ્યે સહિત ત્યાં પધાર્યા. અને તે હરિજનો સર્વે મળીને મહારાજને ઘણા

દિવસ રાખી રસ-રોટલીની રસોઈઓ જમાડી. (અને પ્રથમ જે જગ્યાએ વેદ બોલાવ્યા હતા તે જગ્યા હાલ પ્રસાદીનો ઓટો છે.) એવી રીતે મહારાજ ઉમરેઠમાં ઘણા દિવસ રહીને ત્યાંથી ચાલ્યા. ત્યારે સર્વે ગામના હરિજનો વળાવવા સારુ આવ્યા. તેમને મધુર વચને કરી શાંતિ પમાડી મહારાજે પાછા વાળ્યા, ને પોતે મહારાજ ગામ **સામરખે** આવ્યા.

અને ઉમરેઠનાં **જમનાબાઈ** મહારાજને જમાડ્યા વિના રહી ગયાં, તેથી તેમના અંતરમાં બહુ પશ્ચાતાપ થયો જે, 'મારા જેવી અભાગણી કોઈ નહીં. કારણ કે મહારાજે આ ગામમાં રહીને અલૌકિક પરચા આપ્યા ને સર્વે હરિજનને ઘેર જમ્યા ને ઘણા દિવસ રહ્યા; તોપણ હું મહારાજને જમાડી ન શકી !'

એવી રીતે જમનાબાઈ પ્રશ્ચાતાપ કરવા લાગ્યાં. તેના અંતરની વાત જાણીને મહારાજ દિવ્યરૂપે પાછા ઉમરેઠ જઈને જમનાબાઈને કહે જે, "તમે થાળ કરો, અમે જમીશું." ત્યારે તે બાઈએ ઘણા હેતથી થાળ કર્યો. તેને મહારાજ જમીને પધાર્યા. એવી રીતે દિવ્યરૂપે તેનો થાળ જમીને તેનો સંકલ્પ પૂરો કરતા હતા. ||૧૦૯||

૧૧૦. ગામ સામરખેથી આણંદમાં લીલા કરી વરતાલ આવ્યા.

અને ગામ સામરખામાં એક (વખતા) પગી હતા. તેણે ચાર-પાંચ ગાડાં કેરીઓ પકવેલી તૈયાર (રાખી) હતી. ને મહારાજ ત્યાં થઈને પધારતા હતા. ત્યારે તે પગીએ પાર્ષદને પૂછ્યું જે, "આ કોણ જાય છે ?" ત્યારે પાર્ષદે કહ્યું જે, "સ્વામિનારાયણ ભગવાન છે." ત્યારે તે સાંભળીને તે પગીએ જઈને મહારાજની ઘોડીનું ચોકડું ઝાલ્યું. ને કહે જે, "હે મહારાજ ! તમે અહીં રાત રહો, ને જેવી મારાથી બનશે તેવી આપની સેવા કરીશ."

ત્યારે મહારાજ કહે જે, "અમારી સાથે મનુષ્ય બહુ છે તથા ઘોડા

ઘણા છે; તેને ચંદી જોઈશે.” એવાં મહારાજનાં વચન સાંભળીને તે પગી કહે જે, “હે મહારાજ ! ધરબલીમાં[૧] ધાન છે, માટલીમાં મઠ છે, બાપાના પ્રતાપથી ઢગના ઢગ છે..!” એમ કહીને મહારાજને રાજી કર્યા, ને પોતાના ખેતરમાં ઉતારો કરાવીને રાખ્યા.

પછી મહારાજ સર્વે સ્વારને કહે જે, “આ બાજરીની કોઠી છે તે નાની છે, તે ઊંધી પાડશો નહીં ને સાણેથી કાઢી કાઢીને સર્વેને ચંદી આપો તથા માટલીમાંથી મઠ પણ કાઢીને આપો.” ત્યારે તેમણે તેમ જ કર્યું. તે સર્વે ઘોડા તથા બળદને ખાણ આપ્યું તોપણ તે ધરબલીમાં બાજરી એટલી ને એટલી રહી, ને મઠ પણ એટલા ને એટલા રહ્યા; પણ ખૂટ્યા નહીં. એવો અલૌકિક ઐશ્વર્ય-પ્રતાપ જણાવતા હતા. અને પેલી જે ચાર-પાંચ ગાડાં કેરીઓ પાકેલી હતી તે સર્વેને ચાર-ચાર કેરીઓ આપતા હતા. તે સર્વેને પૂગી ને પોતે પણ પાંચ-છ કેરીઓ જમ્યા; એવી રીતની લીલા કરીને ત્યાં રાત રહ્યા.

ને પ્રભાતે ત્યાંથી ચાલ્યા. અને ગામ **આણંદ**ના સર્વે જણે મળીને વિચાર કર્યો કે, ‘સ્વામિનારાયણ આપણા ગામ સોંસરા થઈને જવાના છે, તે આપણે ના જવા દેવા; ને મારવું કે મરવું પણ ગામમાં થઈને ના જવા દેવા.’ એવો વિચાર કરીને બીજો પણ એવો વિચાર કર્યો જે, ‘સામસામી લડાઈ થાય ને કોઈ મરે તો તેના છોકરાને બાર વીંઘા **આઢિયું** નામે ખેતર આપવું. અને ઘાયલ થાય તેને વાણિયાની દુકાન સોંપવી.’ એવી રીતે તેમણે વિચાર કર્યો.

તે સર્વેના વિચારને અંતર્યામી એવા જે શ્રીજીમહારાજ તેમણે જાણ્યો. પછી પ્રભાતે ઊઠીને **સામરખે**થી ચાલ્યા. ત્યારે હંમેશ પોતે તથા કાઠી તથા પાળા આગળ ચાલે ને સંતમંડળ પછવાડે ધીરે ધીરે ચાલ્યા જાય, એવી હંમેશની રીત હતી. ને તે દિવસે તેમનો એવો વિચાર અંતરજામીપણે જાણીને સર્વે સંતને આગળ ચલાવ્યા ને પોતે

૧.નાની કોઠીમાં

ને પાર્ષદ ને કાઠી ને જોબન વરતાલો – એ આદિક સર્વેને પોતાની સાથે રાખીને ધીરે ધીરે **આણંદ** ગામ સમીપે આવ્યા.

તેટલામાં તો ગામમાં ઝુંઝારનું ઝઘડું થયું.[1] તેનો શબ્દ સાંભળીને **બ્રહ્માનંદસ્વામી મુક્તાનંદસ્વામી**ને કહે જે, "આ કંઈ સામૈયાનો શબ્દ નથી, આ તો ઝુંઝારનો[2] શબ્દ છે." એટલાકમાં ગામમાંથી લોકો ઈંટાળા-ધૂળ ઉછાળતાં ને મવડી મવડી કરતાં ને સાધુ ઉપર ધૂળ ને ઈંટાળા નાંખતાં નાંખતાં સામા આવ્યા.

તેને જોઈને જોબન વરતાલો તથા કાઠી કહે જે, "હે મહારાજ ! અમારે નામે છોકરું છાનું રહે, ને અમે તમારા ભેગા છીએ ને અમારા સાધુ ઉપર ધૂળ ને ઈંટાળા નાંખે છે; એ અમારાથી ખમાતું નથી, ને અમારી લાજ(નો) પોણો રૂપિયો થાય છે." એવાં જોબન વરતાલાનાં વચન સાંભળીને મહારાજ કહે જે, "અમારી (લાજનો) તો સવા રૂપિયો થાય છે. ને કોઈએ જો કશું કર્યું તો કાઢી મેલીશ; ને તમને ગામ(લોકોને) મારવા સારુ રાખ્યા નથી." એવી રીતે ક્ષમા રાખી ગામની પછવાડે થઈને વડતાલે પધારતા હવા. ॥૧૧૦॥

૧૧૧. વરતાલમાં એકાદશીના સમૈયા ઉપર હરિભક્તને તેડાવ્યા તે વાત

અને પછી વરતાલમાં આવ્યા ને હાલ ઉગમણી બેઠક છે ત્યાં સભા કરીને બેઠા. ને મહારાજ જોબન વરતાલાને કહે જે, "કોણ જીત્યું ?" ત્યારે જોબન વરતાલો કહે જે, "એ જીત્યા ને આપણે હાર્યા." ત્યારે મહારાજ કહે, **"એમ નહીં, આપણે જીત્યા. કેમ જે, કંઈક સંતાપ હશે તો એમને હશે. ને આપડે આંઈ નિરાંત કરીને બેઠા છીએ, ને ભગવદ્‌વાર્તા કરીએ છીએ."** એવાં મહારાજનાં વચન સાંભળીને જોબન વરતાલો કહે જે, "હે મહારાજ ! તમે ક્ષમા રાખો પણ અમારાથી ક્ષમા ના રહે." એવી રીતે મહારાજ ક્ષમા કરતા હવા. અને એવી રીતની

૧.લડાઈની નોબત વાગી. ૨.લડાઈ સૂચક

ઘણીક ક્ષમા સંબંધી સભામાં વારતા કરીને પછી થાળ થયો એટલે જમવા પધાર્યા. અને સર્વે સંતો પણ જમવા સારુ ગયા. ને તે દશમનો દિવસ હતો. ને દેશાંતરના હરિજનો એકાદશીના સમૈયા ઉપર આવતા હવા.

તે સર્વેને મહારાજ સભામાં બિરાજમાન થઈને પોતાનાં દર્શન આપતા હવા ને તેમને તે તે દેશના સમાચાર પૂછતા હતા. ને સર્વે હરિભક્તની ઉતારા વિગેરેની ઘણીક ખબર રાખતા હતા. ને સંધ્યા ટાણે આરતી-ધૂન્ય સંતે સહિત સભામાં કરતા હતા. ને પછી સંતની તથા હરિજનની બહુ મોટી સભા થઈ. તેમાં મહારાજે પોતાનાં ઐશ્વર્ય પ્રતાપ સંબંધી તથા ધર્મ સંબંધી ઘણીક વારતા કરી ને સર્વે સંત તથા હરિભક્તોને પોતાની મૂર્તિનાં દર્શનનું સુખ રાતના બાર વાગ્યા સુધી આપતા હતા. ને પછીથી મહારાજ પોતે પોઢવા સારુ પધારતા હતા. ને સર્વે સંત તથા હરિજન સૌ પોતપોતાના ઉતારે સૂવા સારુ જતા હવા. ॥૧૧૧॥

૧૧૨. વરતાલમાં એકાદશીનો સમૈયો કર્યો ને ચમત્કાર જણાવ્યા તે વાત

અને પછી બીજે દિવસે એકાદશી હતી. તે દિવસે પ્રાતઃકાળે ઊઠીને પોતાનો નિત્યવિધિ કરીને સભામાં આવીને વિરાજમાન થયા. તે સમે સંત તથા સર્વે હરિજન સભામાં આવીને મહારાજનાં દર્શન કરીને બેસતા હતા. તે દિવસે મહારાજે એકાદશીના મહિમાની ઘણીક વાર્તા કરી. ને સદ્‌ગુરુ પાસે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ સંબંધી ઘણીક વાર્તા કરાવતા હતા. અને તે દિવસે એકાદશીનો ભારે મોટો ઉત્સવ તથા જાગરણને કરતા હતા.

ને બારસને દિવસે સંતે સહિત ગોમતીજીમાં નાહીને **જેતલપુરવાળા ગંગામા**એ થાળ તૈયાર કરી રાખ્યો હતો તે જમવા માટે મહારાજને તેડવા માટે મનુષ્ય આવ્યું; તે ભેળા મહારાજ જમવા પધાર્યા. ને ત્યાં થાળ

જમીને પોતે (વાસણ) સુતારની ઓરડીએ પોઢી ગયા. અને સંતની રસોઈ થઈ એટલે સંત પણ જમવા સારુ પધાર્યા; તે જમીને સૌ સૌને ઉતારે ગયા.

અને પછી મહારાજ ત્રીજે પો'ર જાગતા હતા. અને મુખારવિંદ ધોઈને કોગળા કરી જળપાન કરીને સભાને વિશે આંબલે બિરાજમાન થયા. તે સાંભળીને સર્વે સંત તથા હજારો હરિજન જેમ ચમકને દેખીને લોઢું ચળે એમ મહારાજને દર્શને કરીને ખેંચાઈ ગયાં છે અંતઃકરણ ને ઈન્દ્રિયો જેમનાં, એવા થકા સભાને વિશે કાષ્ટનાં પૂતળાં હોય ને શું..! એવી રીતે તેજે યુક્ત પોતાની ચતુર્ભુજ મૂર્તિરૂપે દર્શન દેતા હતા. અને **કોઈને અક્ષરધામમાં રહેલી જે મૂર્તિ ને આ મૂર્તિ તે એક જ છે એવાં દર્શન દેતા હતા. અને કેટલાકને અક્ષરધામમાં બેઠા છે એમ મનાય પણ આ દેહાદિકની સ્મૃતિ રહે નહીં. એવી રીતે પોતાનું અલૌકિક ઐશ્વર્ય પોતાના ભક્તજનને દેખાડ્યું.** આમ પોતાનું સુખ ત્યાં પંદર દિવસ રહીને સર્વે સંત-હરિજનને આપતા હવા. ॥૧૧૨॥

૧૧૩. ઉદેપુર-જોધપુરના ઝમકુબાઈની વાત

અને સોળમે દિવસે મહારાજ ચાલવાને તૈયાર થયા. તે સમે **નારાયણગર બાવે** હાથ જોડીને મહારાજની પ્રાર્થના કરી ને કહે જે, "હે મહારાજ ! મારી મોતિયા-જલેબીની રસોઈ જમીને પછીથી પધારો." એવી બાવાની વિનંતી સાંભળીને મહારાજ રહેતા હતા. ને તે જ દિવસે હાલમાં હનુમાનજીની કેડે જે લીમડો છે ત્યાં સભા કરીને બિરાજમાન થતા હતા.

અને તે સમે **ઉદેપુર-જોધપુરના** રાણાના ઘરનાં બાઈ નામે **ઝમકુબાઈ** હતાં. એમને મે'મદાવાદના વડાદરા બ્રાહ્મણ ભિક્ષા માગવા સારુ ત્યાં ગયેલા, તે કૂવા ઉપર ના'તા હશે તે ના'તાં ના'તાં સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ઉચ્ચારણ કરતા હતા. તેને સાંભળીને તેમનો રસોઈયો બ્રાહ્મણ એ કૂવા પર ના'વા સારુ આવેલો. તેણે પૂછ્યું કે, "સ્વામિનારાયણ કોણ છે?"

ત્યારે તે વડાદરા બ્રાહ્મણે સર્વે ઐશ્વર્ય-પ્રતાપની, સમાધિની વાર્તા તે રસોઈયાને કહી સંભળાવી; ને પોતે તો શહેરમાં ગયો. અને તે રસોઈયો પણ દરબારમાં ગયો. તેણે એ રાણીની આગળ (મહારાજના) સર્વે ઐશ્વર્ય-પ્રતાપની (ને) સમાધિની વાર્તા કરી. તેને સાંભળીને તે રાણીના મનમાં બહુ જ શાંતિ થઈ ને શીતલતા થઈ ને બહુ જ તેજ-પ્રતાપ જણાયો.

અને તેમના મનમાં એમ થયું કે, "હવે ક્યારે સ્વામિનારાયણને મળીએ ?" તેથી તે રસોઈયાને કહે જે, "તમને જેણે વાત કરી તે બ્રાહ્મણને તમે અહીં બોલાવી લાવો." ત્યારે તે રસોઈયો શહેરમાંથી મહેમદાવાદના વડાદરા બ્રાહ્મણને ખોળીને બોલાવી લાવ્યો.

ત્યારે રાણીએ બ્રાહ્મણને પૂછ્યું જે, "સ્વામિનારાયણ કોણ છે ?" ત્યારે તે બ્રાહ્મણે મહારાજના પ્રતાપની ઘણી વાત કરી ને સાધુની વાર્તા ને ત્યાગી બાઈયુંની વાત કરી. તે સાંભળીને રાણીના મનમાં રાજ્યનું સુખ તો ઉલટાં અન્ન જેવું થઈ ગયું. ને મનમાં એમ વિચાર થયો જે, 'એ ભગવાનને ક્યારે આપણે મળીએ ?' એવી બહુ જ ત્વરા થઈ, તેથી બ્રાહ્મણને રાણી કહે જે, "હું તમને વીસ હજાર રૂપિયા આપું ને તમે મને સ્વામિનારાયણ પાસે લઈ જાવ." પણ તે બ્રાહ્મણ તો રાજાની રાણી તેથી મનમાં બહુ જ બીક લાગી ને કહે જે, "મને તો રાજા મારી નાંખે, એ મારું કામ નહીં." એમ કહીને ઊઠ્યો.

ત્યારે બાઈએ બસે-પાંચસેની મતા એને આપીને કહ્યું જે, "તમે બહુ મોટું કામ કર્યું, ભગવાન ઓળખાવ્યા !" એમ કહીને તે બ્રાહ્મણને રજા આપી તેથી બ્રાહ્મણ શહેરમાં ગયો. અને પોતાને તો મહારાજની કૃપાથી તીવ્ર વૈરાગ્ય ઉદય થયો તેથી મનમાં એમ થયું જે, **"ક્યારે આ રાજને મેલું ? ને કેમ કરીને નીકળું ? ને મહારાજને મળું." એમ ત્રણેય અવસ્થામાં નિશ્ચય થઈ ગયો.** તેથી એક દિવસ સંધ્યા સમે પુરુષનો વેશ લઈ, પોતાની પાસે ખર્ચી લેવા જેટલી લઈને દરબારમાંથી (ચાલી)

નીકળ્યા ને જ્યાં ઊંટિયાં મરેલાં નાંખે તેવી ખાઈ હતી ત્યાં સંતાઈને બે દિવસ ખાઈમાં રહ્યા. પછી ત્રીજે દિવસે ભૂખ્યા ને તરસ્યા ચાલ્યાં. ને વિષ્ટા કરતાંય રાજ્યનું સુખ અતિ ઊતરતું થઈ ગયું. એવા થકા રસ્તામાં પુરુષને વેશે બે-ચાર-પાંચ ગાઉ આવ્યા. ત્યાં તો થાક ને ભૂખ બહુ લાગી, તેથી ચાલી શકાય તેવું રહ્યું નહીં. ને વૃક્ષની છાંયે બેસીને તે બ્રાહ્મણે સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન શિખવાડેલું તે ભજન કરવા મંડ્યાં.

તે જ સમયે મહારાજ બ્રાહ્મણનો વેશ લઈને દળના[1] લાડુ વિગેરે ઝોયણા(ઝોળી)માં લઈને ત્યાં આવ્યા. ને તે બાઈને કહે જે, “તમે કોણ છો ? ને ક્યાં જવું છે ? ને તમે પુરુષનો વેશ લીધો છે પણ અમને સ્ત્રી જણાઓ છો; ને તમે ભૂખ્યા પણ છો.” એમ કહીને પોતાની પાસે જમવાનું હતું તે આપ્યું ને પાણી પાયું. ને કહે જે, “તમારે ક્યાં જાવું છે ?”

ત્યારે બાઈ કહે જે, “મારે ગુજરાત દેશમાં સ્વામિનારાયણ છે તેમને દરશને જાવું છે.” ત્યારે તે બ્રાહ્મણ કહે જે, “મારે પણ ગુજરાતમાં જાવું છે. ચાલો, આપણે બન્ને સાથે ચાલીએ.” એમ સંગાથ કરીને પોતે ભેળા ચાલ્યા ને ટાણે ટાણે ખાધા-પીધાની સર્વે ખબર રાખતા થકા થોડા દિવસમાં **વરતાલ**ના સીમાડામાં **સોનારકૂઈ** આગળ તલાવડી છે ત્યાં આવીને બેઠા. ને બાઈને કહે જે, “તમે આ રસ્તે જતાં આગળ થોડેક છેટે વડતાલ ગામ આવે છે ને તેમાં સ્વામિનારાયણ બિરાજે છે. તે તમે ત્યાં જાવ ને હું પણ નાહી-ધોઈને ત્યાં આવું છું.”

એમ કહીને પોતે કેડે રહી ગયા ને બાઈ ત્યાંથી ચાલીને મહારાજ જ્યાં સભા કરીને લીમડા નીચે બેઠા છે ત્યાં છેટે ઊભા રહીને દર્શન કર્યાં. તે દર્શન કર્યા થકી જ નાડી-પ્રાણ ખેંચાઈ ગયાં. અને સમાધિ થઈ ને તે સમાધિમાં અક્ષરધામ દેખાડ્યું. અને અનંતકોટી પાર્ષદ હાથ

૧.ઘઉંના લોટના મગદળના

જોડીને વિનંતી આ મૂર્તિની કરે છે. અને આ સર્વે સભા પણ ત્યાં જ બેઠી છે ને પોતે પણ ત્યાં જ છે. એવું સમાધિને વિશે અલૌકિક ઐશ્વર્ય પોતાને દેખાડ્યું ને એક કલાક સમાધિમાં રાખ્યાં.

ને પછી સમાધિથી બહાર આવ્યાં ત્યારે પેલા બ્રાહ્મણની વાટ જુવે ને ખોળે, પણ બ્રાહ્મણ તો આવ્યો નહીં; તેથી પોતે વિચારમાં પડ્યાં. તે સમે મહારાજે સર્વે સભાને ઊઠવાની આજ્ઞા કરી તે સર્વે ઊઠી ગયા.

પછીથી તે બાઈને બોલાવીને એમનું નામ તથા દેશ તથા ગામ તથા બધી રીત પૂછી. ત્યારે તે બાઈએ બધી વાત કહી. પોતાનું નામ ઝમકુંબાઈ તે પણ કહ્યું. ત્યારે મહારાજ કહે જે, "તમે કઈ રીતે અહીં આવી શક્યાં ?" ત્યારે બાઈ કહે જે, "મારી સંગાથે એક બ્રાહ્મણ હતો. તે મારી ખાધે-પીધે ચાકરી-બરદાસ કરતો કરતો, મને જેમ મેનામાં બેસારીને લાવે એવી રીતે થોડા દિવસમાં આ ગામના સીમાડામાં લાવીને, તલાવડીને કાંઠેથી એ કેડે રહી ગયો ને મને અહીં મોકલી. અને એણે કહ્યું જે, 'હું આવું છું, તમે જાવો.' એમ કહીને કેડે રહી ગયો. તેને હું ઓળખું છું." એ વાત સાંભળીને મહારાજ કહે જે, "તે બ્રાહ્મણને તમે ઓળખો છો ?" ત્યારે બાઈ કહે જે, "હા."

ત્યારે મહારાજ કહે જે, "અમે હતા." એમ કહીને વાટ-ઘાટનાં સર્વે એંધાણ આપ્યાં. **તેથી તે બાઈને ત્રણેય અવસ્થામાં આ તો સાક્ષાત પુરુષોત્તમનારાયણ સર્વે અવતારના અવતારી છે ને મારા ઉપર કૃપા કરીને મને પોતાની જાણીને બંધનમાંથી છોડાવી લીધી. એવો દૃઢ નિશ્ચય ભગવાનપણાનો થયો** ને ત્યાં મહારાજ પાસે રહ્યાં.

અને મહારાજે ઉપાધિ થાય તેથી નામ ફેરવીને બીજું **માતાજી** એવું નામ પાડીને ભૂજવાળા **લાધીબાઈ**ની જોડ કરી આપતા હતા. એવી રીતનાં ઐશ્વર્ય-પ્રતાપ પોતે દેખાડીને રાખતા હતા. અને પોતાના ભક્તજનને કર્મબંધનમાંથી પોતાના પ્રતાપે કરીને મુકાવતા હતા. ॥૧૧૩॥

૧૧૪. બોચાસણના કાશીદાસ મોટાની વાત

અને મહારાજે એવી રીતે **વરતાલે** સમૈયો કર્યો. તે સમૈયા ઉપર **બોચાસણ**ના પટેલ **કાશીદાસ** આવ્યા હતા. તેમણે મહારાજની પ્રાર્થના કરી હતી જે, "હે મહારાજ ! અમારે ગામ પધારો !" તેથી મહારાજ વરતાલે સમૈયો કરીને ચાલ્યા તે બોચાસણ ગયા. ને કાશીદાસભાઈને ઘેર ગયા. તે વખતે કાશીદાસ ઘેર નો'તા ને ગળીને કોઠે ગયા હતા. તેથી મહારાજ એમનાં મા(નાનીબા)ને કહે જે, "કાશીદાસ ક્યાં ગયા છે ?" ત્યારે એમની માએ કહ્યું જે, "સીમમાં ગયા છે, તે હમણાં આવશે. ને તમે ધર્મશાળામાં ઉતારો કરો."

તે સાંભળીને મહારાજે ત્યાં ઉતારો કર્યો. ને મહારાજ સારુ ઢોલિયો લાવ્યા તે ઉપર પોતે વિરાજમાન થયા ને સભા કરીને બેઠા. ને મહારાજ સુરા ખાચરને કહે જે, "કાશીદાસ કણબી કુળમાં મોટા હરિજન છે." એવી વાત કરે છે. તેવામાં તો કાશીદાસ મોટા આવ્યા. ને લૂંગડાં તથા શરીર, ગળી વલોવે તેથી કાળું હતું.

તે જોઈને સુરો ખાચર કહે જે, "હે મહારાજ ! આ તમારા મોટા ભગત કે શું ?" ત્યારે મહારાજ કહે જે, "હા." ત્યારે સુરો ખાચર કહે જે, "શરીર ને લૂંગડાં કાળાં કેમ છે ?" ત્યારે મહારાજ કહે જે, "એ તો ગળી વલોવે છે." ત્યારે સુરો ખાચર કહે જે, "હે મહારાજ ! તમારા બે ભક્ત મોટા : તેમાં એક ધર્મરાજા, તેને ત્યાં જમપુરીના કુંડ છે ને બીજા કાશીદાસ, એમને ત્યાં ગળીના કુંડ છે." એવું મહારાજને વચન કહ્યું. તેથી મહારાજ આકળા થઈને કહે જે, "એમ કેમ બોલો છો ?" ત્યારે સુરો ખાચર કહે જે, "હું ખોટું કહું છું ? હું તો સાચું કહું છું." એવું સાંભળીને મહારાજ કહે જે, "હે કાશીદાસ મોટા, તમે ગળીના કોઠા ખોદી નાખો, હાલ હાલ ખોદી નાંખો." તે વચન માનીને કાશીદાસ મોટાએ કોઠા ખોદી નાંખ્યા, પણ સંશય કર્યો નહીં. એવી દૃઢતાની વાત મહારાજે મધ્ય પ્રકરણના ઓગણસાઠના વચનામૃતમાં કહી છે.

અને મહારાજ મોટાને કહે જે, "શેરડી વાવો." ત્યારે કાશીદાસ કહે જે, "હે મહારાજ ! આ જમીનમાં તો મઠ પણ પૂરા પાકતા નથી તો શેરડી કેમ થાય ?" ત્યારે મહારાજ કહે જે, "ઘણું ખાતર નાખો તથા ખેડ વધારે કરો એટલે શેરડી થાશે." એ વચન મહારાજનું માનીને કાશીદાસ મોટાએ શેરડી વવરાવી. અને મહારાજ તથા સંત તથા પાર્ષદ તેમને બે-ચાર દિવસ રસોઈ જમાડી પૂજા કરી ને માફામાં[1] બેસાડીને પોતાના જેટલાં સગાં હતાં તેમને ઘેર ઘેર ફેરવ્યા. અને મહારાજનાં વચનથી શેરડી કરી તે **એક એક સાંઠો તોલતાં સોળ શેર સોળ શેરનો થયો;** એવી શેરડી થઈ ને પીલવા માંડી.

તે સમે મહારાજ સુરા ખાચર તથા બીજા કાઠી તથા પાર્ષદ તથા સંતોએ સહિત **બોચાસણ** પધાર્યા. અને કાશીદાસની માને કહે જે, "કાશીદાસ ક્યાં ગયા છે ?" ત્યારે તે કહે જે, "હે મહારાજ ! એ તો શેરડીને કોલે ગયા છે, તે હું બોલાવું છું." એટલાકમાં કાશીદાસ આવીને મહારાજને કહે જે, "હે મહારાજ ! કોલે પધારો." એમ કહીને મહારાજને કોલે લઈ ગયા. ને ત્યાં કૂવાને સમીપે ઝાડને છાંયે ઢોલિયો નાખીને બિરાજમાન કર્યા. ને શેરડી લાવીને નાંખી ને મહારાજ તથા સંત તથા સુરા ખાચર વગેરે જમવા મંડ્યા.

તે સમે મહારાજ સુરા ખાચરને કહે જે, "સુરા ખાચર, શેરડી બહુ સારી થઈ." ત્યારે સુરા ખાચર કહે જે, "મફત થઈ છે." પછી એ વાત સાંભળીને મહારાજ કહે જે, "જો આ કાઠી ફર્યો !" એવી રીતે મહારાજ રમૂજ કરતા જાય ને પાર્ષદે સહિત તથા સંતે સહિત શેરડી જમતા જાય. તે સમે સાધુ **આનંદસ્વામી** આદિક સાઠ સાધુ હતા. તેમના સારુ કાશીદાસ મોટાએ રસોઈ કરાવી ને મહારાજ તથા સંત સર્વે જમવા બેઠા. તે સમે આકાશમાંથી હજારો વિમાન ઊતર્યાં. તેમાંથી કોઈ વિમાનમાંથી દસ સંત નીકળ્યા, કોઈમાંથી પંદર, કોઈમાંથી વીસ; એવી રીતે દરેક વિમાનમાંથી

૧.જેને માથે છત હોય એવા નાનાગાડામાં

સાધુ નીકળ્યા ને જમવા સારુ બેઠા. તે વિમાને કરીને અઢાર વીઘાનું ખેતર ભરાઈ ગયું. તે હજારો સંત ને કાશીદાસના પિતા **કાનદાસ** તથા સર્વે ગામના લોક પણ વિમાનને ને સંતોને દેખે, પણ કાશીદાસ ન દેખે. તે જોઈને કાશીદાસના પિતા કાનદાસભાઈ તે કાશીદાસને કહે જે, "હે કાશીદાસ, તમે કેટલા માણસની રસોઈ કરાવી છે."

ત્યારે કાશીદાસ કહે જે, "સાઠ મનુષ્યની રસોઈ કરાવી છે." ત્યારે કાનદાસભાઈ કહે જે, "આ તો અનેક સાધુ છે તે શું જમશે ? ને આપડી લાજ જાશે." અને કાનદાસ કહે જે, 'હે કાશીદાસ, તમે વધારે લોટ વિગેરે સામાન લાવો." ત્યારે કાશીદાસ મોટા કહે જે, "કાંઈ ફકર નહિ, રસોઈ બધાય સંતોને પૂગશે." ત્યારે કાનદાસ કહે જે, 'ઠીક.'

પછી સર્વે સંતો જમ્યા ને પ્રસાદ વધ્યો તે ગામમાં તપેલામાં ઘાલીને લઈ ગયા. ને આખા ગામમાં વેંચ્યો ને સર્વેને પ્રસાદી આપી તોપણ એટલો ને એટલો પ્રસાદ રહ્યો. એવો અલૌકિક પરચો જોઈને કાનદાસભાઈ તથા બધાં ગામનાં માણસ મહારાજને ભગવાન નો'તા માનતાં તે સર્વે કહે જે, **"આ તો સર્વે અવતારના અવતારી પુરુષોત્તમ નારાયણ છે." એવો નિશ્ચય કરીને પ્રગટ મહારાજનું ભજન કરતાં હતાં.** એવી રીતે મહારાજનાં વચનથી હજુ પર્યંત શેરડી સારી થાય છે. એવો અલૌકિક પ્રતાપ મહારાજે **બોચાસણ** ગામમાં દેખાડ્યો છે ને લીલા કરી છે. (તે જગ્યાએ હાલ બેઠક છે તથા ખેતરનું તથા કૂવાનું નામ **'વિમાનિયો કૂવો'** ને ખેતરનું નામ **'વિમાનિયું ખેતર'** એવા નામ હજુ સુધી કહેવાય છે.) ॥૧૧૪॥

૧૧૫. ગામ સીંજીવાડાના પ્રભુદાસ બારોટની વાત

અને વળી કાશીદાસ મોટા મહારાજને પોતાનાં બધા સગાં-વા'લાને ઘેર ફેરવીને સૌને દર્શન કરાવીને પછી મહારાજને **બુધેજ** લાવતા હતા. ને ત્યાં મહારાજ બુધેજમાં રહીને **વસંતપંચમી**નો ભારે મોટો ઉત્સવ કરતા

હતા. ને રંગ ઉડાડીને હરિજનને આનંદ આપતા હતા. ને બુધેજમાં થોડાક દિવસ રહીને ગામ **ઉંટવાળે જોઈતા પગી**ને ત્યાં રાત રહીને પછી ત્યાંથી ચાલ્યા. તે સંઘે સહિત **સીંજીવાડે** ગયા. ને ગામ સુંસરા ચાલ્યા જાય છે તેટલાકમાં સર્વે હરિજનને ખબર થઈ જે, 'મહારાજ આપણા ગામ સુંસરા થઈને જાય છે.'

પછી સર્વે હરિભગત મહારાજનાં દર્શન કરવા સારુ આવ્યા ને મહારાજને કહે જે, "હે મહારાજ ! છાસો પીયને જાવ." પણ મહારાજે માન્યું નહીં." ત્યારે તે હરિજનોએ **જગરૂપ બારોટ**ના ઘરનાં બાઈ હતાં તેમને કહ્યું જે, 'મહારાજ આપણા ગામમાંથી ભૂખ્યા જાય છે.' એટલે બાઈ તત્કાળ ઊઠી ભાગોળે જઈને આગળ ફરી વળી. ને મહારાજની ઘોડીનું ચોકડું ઝાલીને પાછા વાળ્યા.

ત્યારે મહારાજ કહે જે, "કોણ છે ? અમને ઉપવાસ પડશે." ત્યારે બાઈ કહે જે, 'ચાલો ઉપવાસવાળા, ઘર મેલીને ચાલ્યા, તે એમ નહિ જવાય.' એમ કહીને ઘોડીનું ચોકડું ઝાલીને પોતાને ઘેર લઈ ગયાં. અને સર્વે સંતોને તથા સર્વે સંઘને ખાંડના લાડુની રસોઈ કરાવીને મહારાજને હાથે પિરસાવીને જમાડતાં હતાં. ને મહારાજના સારુ દૂધપાક, માલપૂડા, ભજિયાં, શાક દાળ-ભાત વિગેરે કરાવતાં હતાં.

તે થાળ તૈયાર થયો એટલે મહારાજને જમવા સારુ ઉતરાદે મુખારવિંદે બાજઠ ઉપર બેસાર્યા. ને મહારાજ બાઈનો પ્રેમ જોઈને ઘણીવાર જમ્યા. ને પછી બાઈને કહે જે, "કંઈ ઈચ્છા છે ? ઈચ્છા હોય તો માગો, અમે તમને આપીએ." ત્યારે બાઈ કહે જે, "હે મહારાજ ! બાળની ઈચ્છા છે, તે એક છોકરાની." ત્યારે મહારાજે કહે જે, "જાવ છોકરો થશે." તે મહારાજના આપેલા **પ્રભુદાસ બારોટ** થયા. ને મહારાજે બાઈને પૂજવા સારુ ચરણારવિંદ પાડીને આપ્યાં. ને રાતે મહારાજ પોઢી ગયા. ને બીજે દિવસે ત્યાંથી રસોઈ જમીને ચાલતા હવા. ॥૧૧૫॥

૧૧૬. મહારાજ ગામ વાયણાની ભાગોળે જમ્યા.

અને મહારાજ સીંજીવાડેથી જમીને ચાલ્યા, તે **ગલિયાણે** સાબરમતી નદી ઊતરીને સામે કાંઠે ગયા. ત્યારે ચાર ઘડી દિવસ તે વખતે હતો. અને સામે કાંઠે જઈને મહારાજ એમ બોલ્યા જે, 'રીંગણાં હોય તો શાક કરીએ.' એ વચનને સાંભળીને ગામ **ઝીંઝરના ખોડાભાઈ** ગરાસિયા તથા **માતરો ધાધલ** કાઠી એ બંને પાછા નદી ઊતરીને આ કાંઠે આવીને એક રીંગણાંની વાડી હતી ત્યાં આવ્યા.

તેમને જોઈને વાડીમાં તેનો ધણી હતો. તેણે જાણ્યું જે, 'મને કાઠી ઝાલી જાશે.' તેથી વાડીથી બારણે નીસરીને નાઠો. તેને ખોડાભાઈ કહે જે, 'અલ્યા ઊભો રહે, ઊભો રહે.' પણ એ તો ના ઊભો રહ્યો. ત્યારે આમણે ઘોડા ઉતાવળા હાંક્યા ને તેને ઝાલ્યો ને કહે જે, 'તને અમારે કાંઈ મારવો નથી ને ઝાલવો નથી. ને તું તારી વાડીમાં ચાલ ને અમને એક રીંગણું આપ.' ત્યારે તે કહે જે, 'તારો બાપ આવે તોપણ ના આપું.'

ત્યારે ખોડાભાઈએ પોતાના ગુંજામાં એક અડધો હતો. તે હાથમાં લઈને કહે જે, 'હે ભાઈ, તું આ અડધો રૂપિયો લે ને અમને એક રીંગણું આપ.' એમ કહ્યું. તેથી તે વખત સાત-આઠ મણનાં રીંગણાં વેચાતાં હતાં. તે લોભાઈને વાડીમાં આવીને બે રીંગણાં તોડી લાવ્યો. ને લાવીને એક રીંગણું ખોડાભાઈના હાથમાં આપ્યું. ત્યારે તેમણે અડધો રૂપિયો આપીને રીંગણું લીધું ને એક તો સંતાડી રાખ્યું હતું. તેને માતરે ધાધલે દીઠેલું. તેને કહે જે, 'ગધીના માંગણના, પેલું રીંગણું લાવ ઓરું. કોઈ ભગવાનથી તો ડર.' એવું કહ્યું. તેને સાંભળીને બીજું રીંગણું આપ્યું. એ બેય લઈને ત્યાંથી **વાયણા**ની ભાગોળે મહારાજ સંઘે સહિત ઊતર્યા હતા ને પોતે ઘઉંના લોટની બાટીઓ કરી છાંણાંના તાપમાં શેકી તૈયાર ઘીમાં બોળી હતી. તેટલાકમાં ખોડાભાઈએ બેય રીંગણાં લાવી મહારાજના મોઢા આગળ મૂક્યાં.

તે રીંગણાં જોઈને મહારાજ મોટીબાને કહે જે, 'તપેલી લાવો, શાક કરીએ.' એમ કહીને પોતાને હાથે સુધારીને શાક તૈયાર કરીને જમવા સારુ બેઠા. ને તે બાટી ને શાક જમતા જાય ને શાકનાં બહુ વખાણ કરે. તેથી મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી તથા અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, 'હું પણ હતો' તથા દાદા ખાચર તથા સુરા ખાચર – એ સર્વે શાકનાં વખાણ સાંભળીને બહુ વિચારમાં પડ્યા જે, 'ઘણા દિવસથી મહારાજ શાક તો જમે છે, પણ આજ બહુ વખાણે છે; તેનું કારણ કાંઈક હશે ?' એમ માંહી પરસ્પર વાત કરે છે, તેટલાકમાં માતરો ધાધલ કાઠી કહે જે, 'હે મહારાજ ! એ શાક કાંઈ અમથું સ્વાદુ થયું નથી ! કેમ જે, આ ગરાસિયે એક રીંગણાનો અડધો રૂપિયો આપ્યો છે. ને બીજું તો હું ડરકાવી(ડરાવી)ને લાવ્યો છું. તેથી સ્વાદુ થયું છે.'

તે વાત સાંભળીને દાદા ખાચર તથા બોટાદના ભગો શેઠ આદિક શાહુકાર હરિજનો હતા તે પણ આશ્ચર્ય પામ્યા. ને કહે જે, 'આ ગરાસિયે સમય સાચવી લીધો.' એવી રીતે ત્યાં રમૂજ કરીને જમીને ચળુ કરીને પોતે ત્યાં સંઘે સહિત પોઢતા હવા. ॥૧૧૬॥

૧૧૭. ગાંફ ગામની ભાગોળે રોટલા, દહીં ને દૂધ જમ્યા.

અને પછી બીજે દિવસે પ્રભાતે ઊઠીને ઘોડે સ્વાર થઈને ચાલ્યા, તે **બોરૂ** થઈને **કમિયાળે** આવતા હતા. ને ત્યાં **દાદા વણાર** તથા **હઠી વણાર** એ આદિક સર્વે હરિજને મહારાજને રાખ્યા. ને મહારાજને સારુ થાળ કરાવ્યો, ને સર્વે સંતોને તથા હરિજન પાર્ષદો માટે જાદરિયાની રસોઈ કરાવીને જમાડ્યા. અને તળાવને કાંઠે હાલમાં **હનુમાનજી** પધરાવેલા છે તે જગાએ સાંજના સભા કરીને બેઠા હતા.

તે સમે દેવી પુત્ર **નથુભાઈ તથા મોડજીભાઈ** એ બંને ભાઈએ મળીને મહારાજની સન્મુખ કીર્તન ગાયાં ને મહારાજને રાજી કર્યા. ને

મહારાજ સર્વે હરિજનને પોતાનાં દર્શન ઘણીવાર દઈને ત્યાંથી ગામમાં આવીને ગઢવીના ફળિયામાં હાલમાં ઓટો છે તે જગ્યાએ ઢોલિયા ઉપર પોઢી ગયા. ને ત્યાંથી સવારે ઊઠીને ચાલ્યા ને ગામ **ગાંફ**માં સર્વે હરિજનને ઘેર ઘેર એવી ખબર અપાવી જે, 'પોતપોતાને ઘેર રોટલા કરીને દહીં-દૂધ, ઘી, ગોળે સહિત સર્વે લઈને ગામની ભાગોળે આવજો ને ત્યાં અમે જમીશું. એવી કમિયાળેથી ચાલ્યા મોર આગલે દિવસ ખબર કરાવી હતી. તેથી હરિજન સર્વે દહીં-દૂધ લઈ ભાગોળે તૈયાર ઊભા હતા. અને મહારાજ પણ ત્યાં આવ્યા. એટલે નાહી ધોઈને મહારાજ તથા સર્વે સંતો પંગત કરીને ત્યાં **ગાંફ**ના સર્વે હરિજનો રોટલા, દહીં, દૂધ, શાક વિગેરે લાવ્યા હતા તે મહારાજને તથા સંતને તથા સર્વે પાર્ષદને જમાડ્યા.

અને મહારાજ ત્યાં સભા કરીને બેઠા છે; તેટલાકમાં એ ગામમાં રહેનારા **પૂંજો રાવળ** કરીને હરિજન હતા. તેમણે મનમાં વિચાર એમ ધાર્યો જે, 'રોટલા તો આપણે લઈ જઈશું તે જમી જાશે, પણ પ્રસાદ આપણને નહીં મળે.' એમ ધારીને સુખડી શેકાવીને તાંસડામાં ભરીને ત્યાં લાવ્યા. ત્યારે ત્યાં મહારાજ તથા સંત જમીને બેઠેલા. તે સમે મહારાજના મોઢા આગળ સુખડી મેલીને પગે લાગ્યા.

ત્યારે મહારાજ તો અંતરજામી છે. તે પ્રસાદની આશાથી સુખડી લાવેલા તે સંકલ્પ એમનો જાણીને મહારાજ કહે જે, 'આ સુખડી આપણા ગાડીત[૧] લોક છે તેમને આપી દ્યો.' એમ કહીને સુખડી અપાવી દીધી. ત્યારે પૂંજો રાવળ કહે જે, 'હે મહારાજ ! હું તો આપ જમીને પ્રસાદી આપો એટલા સારુ લાવ્યો હતો. ને તમે તો બારોબાર કાઢી.' ત્યારે મહારાજ કહે જે, 'અમે પણ તમારો સંકલ્પ જાણીને એ કામ કર્યું છે.' એમ કહીને સર્વે સભાને હસાવતા હતા ને સર્વે હરિભગતને પોતાની મૂર્તિનું સુખ આપતા હવા. ॥૧૧૭॥

૧.ગાડી હાંકનારા

૧૧૮. ગામ ગાંફના પૂજા રાવળની વાત અને રાજકુંવરને ચાંદલો કર્યો.

અને વળી એક વખત **ગાંફ**ના રાજા(મનુભા)ના કુંવર(અજુભા) પરણેલા. ને તે રાજા ખરેખરા હરિજન હતા. તેથી શ્રીજીમહારાજ ગઢડેથી ગામ ગાંફમાં પધાર્યા. અને **પૂંજા રાવળ** સદગ્રહસ્થ હતા ને બીજા સર્વે હરિજનના વે'વાર સાધારણ તેથી મહારાજ પૂંજાભાઈને કહે જે, 'સો રૂપિયા લાવો, અમારે દરબારના કુંવરને ચાંલ્લો કરવા સારુ જાવું છે.' એમ ત્રણ વાર મહારાજે કહ્યું.

ત્યારે પૂંજો રાવળ કહે જે, 'હે મહારાજ ! તમારે રૂપિયાની શી ખોટ છે ? લક્ષ્મી હાથ જોડીને હાજરા-હાજર ઊભી છે.' એમ પૂંજા રાવળને લોભની પ્રકૃતિ તેથી મહારાજને રૂપિયા ના આપ્યા. ત્યારે મહારાજ કહે જે, 'આ તો લોભિયો છે, તે નહીં આપે.' એમ કહીને બીજા કણબી હરિભક્ત પાસે બેઠા હતા તેને મહારાજ કહે જે, 'તમને સો રૂપિયા આ ગામમાંથી મળશે ? જો મળે તો લઈ આવો.'

એવું મહારાજનું વચન સાંભળીને હરિભક્તે રૂપિયા લઈ આવીને મહારાજને આપ્યા. અને મહારાજ રૂપિયા લઈને દરબારમાં પધાર્યા. ને રાજાએ મહારાજનો ઘણો સત્કાર કરીને ગાદી ઉપર બિરાજમાન કર્યા. ને કુંવરને મહારાજને પગે લગાડ્યા. તે સમે મહારાજે ચાંલ્લો કરી રૂપિયા સો કુંવરના હાથમાં આપ્યા.

તે જોઈને કુંવરના પિતા કહે જે, 'હે મહારાજ ! એનાં મોટાં ભાગ્ય જે, તમારાં દર્શન થયાં. ને રૂપિયા તમારા અમારે ન જોઈએ.' એવાં દરબારનાં વચન સાંભળીને મહારાજ કહે જે, 'એ તો પ્રસાદી લેવાય.' ત્યારે દરબારે માંહીથી રૂપિયા ચાર પ્રસાદીના જાણીને લીધા. ને બીજા પચીસ રૂપિયા માંહી ઉમેરીને પાછા મહારાજને આપ્યા. તે રૂપિયા મહારાજે લઈને જે લાવ્યો હતો તે હરિજનને આપ્યા. ને કહે જે,

'તું લાવ્યો હોય તેના આપી આવ ને પચીસ રૂપિયા તારે ઘેર રાખજે.'

તે જોઈને પૂંજો રાવળ કહે જે, 'આપણે મહારાજને રૂપિયા આપ્યા હોત તો પચીસ રૂપિયા વધારે આવત.' એવી રીતે **એ હરિજન સારા હતા, પણ લોભની પ્રકૃતિ તેથી મહારાજની બંને ટાણે મરજી ના સચવાઈ.** અને જે રૂપિયા દરબારે લીધા તેમાંના બે રૂપિયા એમના દીવાન **દેવશંકરભાઈ વ્યાસ**ને ઘેર હાલમાં છે. એવી રીતે ગાંફમાં મહારાજ જમીને સર્વે હરિજનને દર્શન દઈને ત્યાંથી ચાલ્યા, તે ગામ **ખરડ** આવતા હતા. ને ત્યાં તળાવ ઉપર ઉતારો કરતા હવા. ॥૧૧૮॥

૧૧૯. ગામ ખરડની ભાગોળે ખીચડી ને ઘી જમ્યા તે વાત

અને ત્યાં તળાવ ઉપર સંત પાસે ખીચડી કરાવી. તે જોઈને મહારાજ કહે જે, 'ખીચડી થોડી પડશે ને એમાં ઘી ખૂબ હોય તો ખીચડી પૂગે.' એમ કહીને પોતે ઘોડે સ્વાર થઈને ગામમાં પધાર્યા. ને કહે જે, 'જેને ઘી વેચવાના હોય તે અમને આપો.' એવાં મહારાજનાં વચન સાંભળીને લોકો કહે જે, 'કાનુડો ઘી લેવા આવ્યા છે, તે આપણે સર્વે આપો.'

પછી ગામના સર્વે લોકો ઘીનાં માણિયાં લઈને આવે ને કહે જે, 'આ તો અધમણ ઘી છે.' ત્યારે મહારાજ અધમણના રૂપિયા આપીને ઘી લઈ લે. ને કોઈ કહે જે, 'પંદર શેર ઘી છે, ને કોઈ કહે જે, મણ છે.' એ પ્રમાણે રૂપિયા આપી આપીને ઘી લીધું ને ઘી લઈને ઉતારા ઉપર પોતે પધાર્યા.

અને સંતની પંગત તળાવના કાંઠા ઉપર કરી ને કુંભારના ઘરનાં રામપાતર મંગાવીને સંતને આપ્યાં. અને સંતે ખીચડી રામપાતરમાં પીરસી ને મહારાજ પોતે ઘી પીરસવા મંડ્યા. તેથી ખીચડી ઉપર ઘી છલકાઈ જાય ને રેલા ચાલે. એવી રીતે ઘી પીરસ્યું ને **અદ્‌ભુતાનંદ સ્વામી** કહે જે, 'મારા ભાઈ **ચૈતન્યાનંદસ્વામી** હતા તે મહારાજના સામું જોઈ રહ્યા હતા. તેથી મહારાજ કહે જે, 'ખીચડીમાં ખાડો કરતા

નથી ને અમારી સામું જોઈ રહ્યા છો !?' એમ કહીને પોતાને હાથે રામપાતરમાં ખીચડી હતી તે ખીચડીમાં ખાડો કરીને ઘી રેડ્યું. તે ખીચડી તણાય જાય તેટલું ઘી રેડ્યું. એવી રીતે સર્વે સંતને ખીચડીમાં ઘી પીરસ્યું ને હેઠે ઢોળ્યું; તે પૃથ્વી પણ પલળી ગઈ. એવી રીતે એ તળાવ ઉપર ખીચડી થોડી હતી ને ઘી ખૂબ પીરસ્યું; તેથી ખીચડી વધી પડી, એવી લીલા એ જગાએ કરીને પોતે ખીચડી ને ઘી ને દહીં જમ્યા.

પછી ચળુ કરી મુખવાસ લઈને પછી સભા કરીને વિરાજમાન થયા. ને ત્યાં રાત રહ્યા. (તે જગ્યાએ હાલમાં છતરી કરી છે.) અને બીજે દિવસે ત્યાંથી ચાલ્યા તે સંતોએ સહિત પોતે **સારંગપુર** પધાર્યા. ને ત્યાંથી **જીવા ખાચર**ના દરબારમાં ઉતારો કર્યો. ને સંતના સારુ રસોઈ કરાવીને મહારાજના સારુ જીવા ખાચરે થાળ કરાવ્યો હતો. તે પછી મહારાજ જમ્યા ને સંત પણ જમ્યા ને ત્યાં રાત રહ્યા ને ત્યાંથી બીજે દિવસ **ગઢપુર** પધારતા હવા. ॥૧૧૯॥

૧૨૦. મહારાજે મુકુંદ બ્રહ્મચારીને બે પ્રકારનું ભોજન આપ્યું તે વાત

અને વળી એક દિવસે **ગઢડા**માં એવી વાત સાંભળી જે, '**મચ્છુ** કાંઠે એક ગરાસિયો આંધળો છે. તે કહે જે, 'સ્વામિનારાયણ ભગવાન કહેવાય છે તે મારા સો પ્રશ્નના ઉત્તર સંગાથે[1] કરે તો એ સાચા ભગવાન ખરા ! નહિ તો આપણે જ્યારે કંઈક અઢીએ ચડે[2] તો ઝાલીને બંધીખાને નાંખવા.' એવી વાત મહારાજે ગઢડામાં સાંભળી. તેથી મહારાજ બ્રહ્મચારીને લઈને પોતે એકાએકી ચાલી નીકળ્યા.

તે ત્યાંથી જતાં રસ્તામાં બ્રહ્મચારી મહારાજને કહે જે, "હે મહારાજ ! ભૂખ લાગી છે." ત્યારે મહારાજ કહે જે, "તમને ખાવાનું અમે આપીએ, તમે ધીમે ધીમે કેડે આવો." એમ કહી મહારાજ આગળ ચાલ્યા. ને ત્યાં એક ભરવાડનું ગામ આવ્યું ને ત્યાં કૂવા ઉપર પોતે

૧.એકસાથે ૨.લાગમાં આવે; હડફેટે ચડે ત્યારે

વેરાગણનો વેશ લઈને બાઇયું પાણી કાઢતી હતી. તેને કહે જે, "મારે જાવું નથી ને પેલો બ્રહ્મચારી મુને પરાણે લઈ જાય છે; તે મુકાવો તો ઠીક." ત્યારે તે બાઇયો ઘેર જાઈને ભરવાડને કહ્યું જે, "આ બાઈને જાવું નથી, ને પેલા બ્રહ્મચારી લઈ જાય છે; તે મુકાવો."

ત્યારે તે ભરવાડો લાકડીઓ લઈને તે ગામથી બ્રહ્મચારીને મારવા સારુ આવ્યા." ત્યારે મહારાજે જાણ્યું જે મારશે. તે સમે હતા તેવા પુરુષ થઈને ઊભા રહ્યા ને તે ભરવાડ ભોંઠા પડ્યા ને પાછા ગયા. ને બ્રહ્મચારી કહે જે, "હે મહારાજ ! આવું ખાવાનું મેં માગ્યું હતું ? હાડકાં ભાંગવાનું ? હમણે હાંડકાં ભાંગી નાંખત. ત્યારે મહારાજ કહે જે, "ચાલો બ્રહ્મચારી, સાચેસાચું ખાવાનું આપીએ." એમ રમૂજ કરીને ત્યાંથી બ્રહ્મચારીને કેડે રાખી પોતે આગળ ચાલ્યા.

ત્યાં ભરવાડો ગાયો ચારીને દસ-વીસેક ભરવાડ ગામમાં આવતા હતા. તેમને કહે જે, "હું તમારો સગો છું." ત્યારે તે ભરવાડ કહે જે, "તમારે ને અમારે શી સગાઈ છે ?" ત્યારે મહારાજ કહે જે, "આ તમારી ગાયોને તમે રોકો તો રોકાય કે ના રોકાય ?" ત્યારે તે ભરવાડ કહે જે, "અમને મૂકીને કંઈ ગાયો જાય નહીં." ત્યારે મહારાજ કહે જે, "તમે સારી રીતે રોકજો."

ત્યારે તે ભરવાડ કહે જે, "સારું." એમ કહીને મહારાજ બે ખેતરવા છેટે જઈને પોતે શબ્દ કર્યો જે, 'ધોર હેર મોકડે' એવા શબ્દથી ગાયોને બોલાવી, એટલે ગાયો ગોવાળોને ન ગણીને ઊંચાં પૂછડાં કરીને મહારાજની ચારે પાસે હીહોરા કરીને વીંટાઈ વળી. તે જોઈને બધા ભરવાડ કહે જે, "આ તો જરૂર કૃષ્ણ છે, તે આપણા સગા ખરા." એમ કહી મહારાજને પોતાને ઘેર તેડી જઈ દૂધપાક-પૂરીની રસોઈ કરાવી. તેવામાં બ્રહ્મચારી આવ્યા ને મહારાજ ને બ્રહ્મચારી બેય જમવા સારુ બેઠા. ત્યારે મહારાજ કહે જે, "બ્રહ્મચારી, જમવાનું પેલું સારું કે આ સારું ?" ત્યારે બ્રહ્મચારી કહે જે, "આ સારું ને આવું ને આવું

દરરોજ આપજો." એવી રીતે જમીને તે ગામમાં રાત રહ્યા. (ને તે ગામમાં હાલ ભરવાડોને સત્સંગ છે.)

ને ત્યાંથી બીજે દિવસે મહારાજ ચાલ્યા તે રસ્તામાં એક ગામ આવ્યું. તે ગામની ભાગોળે કૂવો હતો ને કૂવાની સમીપે એક વૃક્ષ હતો. તેની નીચે બ્રહ્મચારીના ખોળામાં માથું મૂકીને મહારાજ થોડીક વાર પોઢી ગયા. ને કૂવા ઉપર બાઈયો પાણી ભરવા આવેલી. તે જોઈને કહે જે, "આ બાવો કેવો બાવીને વિશે આસક્ત છે, તે ખોળામાં સુવારી છે !" એવી વાત સાંભળીને મહારાજ બ્રહ્મચારીને કહે જે, "હે બ્રહ્મચારી ! એ શું કહે છે ?"

ત્યારે બ્રહ્મચારી કહે જે, "કંઈ કહેતા નથી." એમ કહીને પોતે ઊઠ્યા એટલે પેલી બાઈયું ભોંઠી પડી. ને બાઈઓના સામું જોઈને તેમને સમાધિ કરાવી. તેથી હાથમાં ઘડા કાઢવાનાં દોરડાં સજ્જડ થઈ ગયાં ને ચિત્રામણમાં ચીતરેલી હોયને શું ! એવી રીતે ઘણીવાર રાખી. ને પછી સમાધિમાંથી બારણે કાઢીયો, ત્યારે તે બાઈયો સર્વે કહે જે, 'આ તો ભગવાન છે !' એમ જાણીને વીંટાઈ વળીયો. ને મહારાજને ગામમાં લઈ જઈ સારી રીતે રસોઈ-પાણી કરી જમાડ્યા. ને રાત રાખીને મહારાજનો સત્સંગ કરીને પ્રત્યક્ષ સ્વામિનારાયણનું ભજન કરતી હવીયો. એવી રીતે બાઈઓને પોતાના સ્વરૂપનો અલૌકિક નિશ્ચય કરાવીને પરચો આપીને ચાલી નીકળતા હવા. ॥૧૨૦॥

૧૨૧. ગામ સાંઢવાળાના કણબીની વાત

અને વળી ત્યાંથી ચાલ્યા તે એક **સાંઢવાળુ** ગામ છે ત્યાં આવ્યા. ને એ ગામમાં એક કણબી પાકું સદાવ્રત આપે ને રસોઈ કરાવીને જમાડે. ને ખાટલા ઉપર સુવાડીને પગ જુવે. કારણ કે શાસ્ત્રમાંથી તેણે એમ વાત સાંભળેલી જે, 'ભગવાનનાં ચરણારવિંદમાં સોળ ચિહ્ન હોય,' તેથી જમાડી ખાટલામાં સુવાડીને પગ જોતો હતો. અને મહારાજને

જમાડીને ખાટલામાં સુવાડીને મહારાજનાં ચરણારવિંદ જોવા સારુ બેય ધણી-ધણિયાણી ખાટલાની કેડે ફર્યા કરે; પણ મહારાજે તો ટૂંટિયું વાળેલું તેથી ઘણીવાર સુધી વાટ જોવરાવી ને પછીથી ચરણારવિંદ લાંબાં કર્યાં.

તે જોઈને બેય ધણી-ધણિયાણી મહારાજને ચરણારવિંદ ઝાલીને કહે જે, "હે મહારાજ ! તમે ભગવાન છો, તેથી અમને તમારા શિષ્ય કરો." ત્યારે મહારાજ કહે જે, "અમે ભગવાન નહીં." ત્યારે તે કહે જે, "તમારાં ચરણારવિંદને વિશે સોળ ચિહ્ન છે, એથી તમે ભગવાન છો એમ અમારા અંતરમાં ખાતરી થઈ છે." એવાં તેનાં વચન સાંભળીને મહારાજ પોતે પોતાના સ્વરૂપનું જ્ઞાન આપીને પોતાનું પ્રત્યક્ષ ભજન કરાવ્યું. અને ત્યાં ત્રણ દિવસ રહીને પોતે ત્યાંથી ચાલતા હતા. ॥૧૨૧॥

૧૨૨. મચ્છુ કાંઠે દેવળિયાના દેવીસંઘની વાત

અને વળી ત્યાંથી ચાલ્યા તે જે ગરાસિયો સ્વામિનારાયણને બંધીખાને નાંખવા ફરતો હતો તે ગામ **દેવળિયા**ને રસ્તે મહારાજ ચાલ્યા. ત્યાં લોકો કહે જે, "હે સ્વામિનારાયણ ! તમને તો દેવળિયાના **દેવીસંઘજી** ત્યાં જાશો તો બંધીખાને નાંખશે. તેથી તમે જાશો નહિ." ત્યારે બ્રહ્મચારી કહે જે, 'હે મહારાજ ! આપણે આંઈથી પાછા વળીએ.' ત્યારે મહારાજ કહે જે, "તમને બીક લાગતી હોય તો ના આવશો, અમે તો જાશું." એમ કહીને પોતે ઉતાવળા ચાલીને ગામ દેવળિયે ગયા. ને દરબારમાં જઈને કહે જે, "દરબાર ક્યાં છે ?" ત્યારે કહે જે, "કચેરીમાં છે." ત્યારે મહારાજ કચેરીમાં જાઈને ઊભા રહ્યા.

ત્યારે દેવીસંઘે પૂછ્યું જે, "તમે કોણ છો ?" ત્યારે મહારાજ કહે જે, "અમે સ્વામિનારાયણ ભગવાન છીએ, પણ તમારું શું નામ છે ?" ત્યારે તે કહે જે, "સચ્ચિદાનંદ." ત્યારે મહારાજ કહે જે, "ચિત શબ્દ તો પ્રકાશનો વાચક છે, તે તમે તમારા અંગમાંથી પ્રકાશ દેખાડો; નહિ તો અમે દેખાડીએ." એમ કહીને પોતે પ્રકાશ દેખાડ્યો. તેથી બધો

દરબાર તેજ તેજ થઈ ગયો. ને તે આંધળો હતો તે એને પણ સૂઝ્યું.

અને થોડીકવાર પ્રકાશ દેખાડીને (મહારાજ) કહે જે, "આ પ્રકાશ સંકેલી લ્યો." ત્યારે તે કહે જે, "મારાથી નહિ સંકેલાય, તમે સંકેલી લ્યો." ત્યારે સર્વે તેજ મહારાજે સંકેલી લીધું. ને પછી તે દેવીસંઘ (નોકરને) કહે જે, "સ્વામિનારાયણને બંગલામાં ઉતારો આપો અને સાકરનાં સીધાં આપો." અને તે સીધાં તૈયાર કરાવે છે, તેવામાં બ્રહ્મચારી આવ્યા. તે મહારાજ ને બ્રહ્મચારી બેય બંગલામાં ઊતર્યા. ને મહારાજ સારુ બ્રહ્મચારી રસોઈ કરવા મંડ્યા. ને રસોઈ તૈયાર થઈ એટલે બેય જણ જમવા સારુ બેઠા.

તે સમે મહારાજ બ્રહ્મચારીને કહે જે, "હે બ્રહ્મચારી, તમે તો કહેતા હતા જે, બંધીખાનામાં નાખશે ને આ તો સાકરનાં સીધાં મળ્યાં ?" ત્યારે બ્રહ્મચારી કહે જે, "કોણ જાણે શુંય દેખાડ્યું હશે ? ત્યારે આપ્યા હશે." એમ કહીને ત્યાં રહ્યા. અને તે ગરાસિયાને તેજ દેખાડ્યું તોપણ ભગવાનપણાનો બરોબર નિશ્ચય ન થયો. તેથી એણે સો જણને જુદા જુદા સો પ્રશ્ન શીખવાડીને તૈયાર કરીને મહારાજને બોલાવવા સારુ મનુષ્ય મોકલ્યું. ત્યારે મહારાજ કહે જે, "તમારે જેટલા પ્રશ્ન તૈયાર કરાવવા હોય તેટલા કરી રાખજો. ને અમે કાલે સભામાં આવીશું."

અને પછી બીજે દિવસે મહારાજ સભામાં પધાર્યા, ત્યારે સો જણાએ સો પ્રશ્નો સંગાથે પૂછ્યા. તે સમે **મહારાજ સો સ્વરૂપે થઈને સર્વેના એક સાથે પ્રશ્નના ઉત્તર કરતા હતા. તેથી તે સર્વેને ભગવાનપણાનો નિશ્ચય થઈ ગયો. ને પ્રગટ પુરુષોત્તમ એવા આ સ્વામિનારાયણ ભગવાન છે.** એમ જાણીને મહારાજનો આશ્રય કરીને મહારાજનું ભજન કરતા હતા. એવી રીતે પોતાનો અલૌકિક ચમત્કાર, ઐશ્વર્ય-પ્રતાપ દેખાડીને ત્યાં ત્રણ દિવસ રહીને ત્યાંથી ચાલતા હતા. તે ગામ **ભાદરે** થઈને **ખોડિયાદ** થઈને **માણાવદર** આવતા હવા. ॥૧૨૨॥

૧૨૩. મહારાજ જાળિયામાં માંદા થયા.

અને મહારાજ **માણાવદર** આવીને **પર્વતભાઈ**ને કહે જે, “અમારે માંદા થાવા છે. તે અહીં માંદા થઈએ.” ત્યારે પર્વતભાઈ કહે જે, “ના મહારાજ, સૌને દર્શન દ્યો ને વાતોચીતો કરો.” એવાં પર્વતભાઈનાં વચન સાંભળીને બે દિવસ ત્યાં રહીને ત્યાંથી ચાલ્યા તે **પંચાળે** આવ્યા. ને ત્યાં **ઝીણાભાઈ**ને કહે જે, “અમારે માંદા થાવા છે તે અહીં માંદા થઈએ.” ત્યારે ઝીણોભાઈ કહે જે, “માંદા થઈને શું કામ છે ? સર્વેને વાતોચીતો કરીને સુખિયા કરો.” એવાં વચન સાંભળીને ત્યાં એક રાત રહીને **આખે-પીપલાણે** પધાર્યા. ને પીપલાણામાં **નરસિંહ મહેતા**ને કહે જે, “અમારે અહીં માંદા થાવા છે, તે માંદા થઈએ.” ત્યારે નરસિંહ મહેતા કહે જે, “ના મહારાજ, સર્વેને દર્શન દઈને સુખિયા કરો.” એવું સાંભળીને ત્યાં એક દિવસ બેય ગામમાં રહીને ત્યાંથી ચાલ્યા, તે **ગણોદ** થઈને ગામ **જાળિયે** આવ્યા.

ને ત્યાં **હીરાભાઈ**નાં માને કહે જે, “અમારે માંદા થાવા છે, તે માંદા થઈએ.” ત્યારે બાઈ કહે જે, **“આપની મરજીમાં આવે તેમ કરો.”** એવાં બાઈનાં વચન સાંભળીને પોતે માંદા થયા. ને ઋષભદેવની દીક્ષાને ગ્રહણ કરીને ખાવું પીવું સર્વે મૂકી દીધું, પણ તે બાઈને મહારાજ ઉપર ઘણો સ્નેહ, તેથી મહારાજને વારે વારે જમવાનું પૂછે જે, ‘હે મહારાજ ! તમે કંઈ જમશો ?’ ત્યારે મહારાજ બાઈની પાસે જે વસ્તુ ગામમાં ન મળતી હોય તે વસ્તુ માગે. ત્યારે બાઈ કહે જે, “હે મહારાજ ! એ વસ્તુ તો અહીં નથી મળતી.”

ત્યારે મહારાજ બાઈ ઉપર આકળા થઈને મારવા ઊઠે ને કહે જે, “માગીએ છીએ તે તો આપતી નથી.” એવી રીતે અગિયાર દિવસ મંદવાડ રાખ્યો. ને બારમા દિવસે રાતે બાઈને કહે જે, “મને બહુ ભૂખ લાગી છે, માટે કાંઈ ખાવાનું આપો.” ત્યારે બાઈએ તરત મગ બાફીને મહારાજને જમાડ્યાં.

ને સવાર થયું એટલે હીરાભાઈને કહે જે, “આ **વેણું નદી**માં પાણી પૂગે એટલે પાણીએ અમને નવરાવો તો અમે સાજા થઈએ.” એવાં મહારાજનાં વચન સાંભળીને સર્વે બાઈ-ભાઈ નદીમાંથી પાણીનાં બેડાં લઈ આવ્યાં ને મહારાજને પથ્થરની છાટ[1] ઉપર બેસાડીને નવરાવવા મંડ્યાં. તે નવરાવતે નવરાવતે ઘણાં બેડાં પાણીએ નવરાવ્યા, તોપણ નદીમાં પાણી પૂગ્યું નહીં.

ત્યારે હિરાભાઈએ મનમાં વિચાર કરીને મહારાજની પછવાડે તાસળામાંથી નાયેલું પાણી ભરી લઈને વેણું નદીમાં રેડી આવ્યા. ને મહારાજને કહે જે, “હે મહારાજ ! નદીમાં પાણી પૂગ્યું.” ત્યારે મહારાજ કહે જે, “અમે સાજા થયા.” પછી નાહીને વસ્ત્ર પહેરીને જમવા સારુ બેઠા. તે હીરાભાઈની માએ મહારાજના સારુ મોતિયા લાડુ, જલેબી, સુખડી, ગાંઠિયા, શીરો-પૂરી, શાક, ભજિયાં, વડાં, દાળ-ભાત – એ આદિક ભારે થાળ કર્યો હતો. તે લાવીને મહારાજના મુખ આગળ મેલ્યો.

ત્યારે મહારાજ ધીરે ધીરે જમતા જાય ને પાણી પીતા જાય. તે સમે બાઈના મનમાં એવો સંકલ્પ થયો જે, ‘આવો દીકરો હોય તો આપણે દરરોજ નવરાવીએ ને જમાડીએ,’ એવો સંકલ્પ થયો. તેને મહારાજ અંતરજામીપણે જાણતા હતા. ને પોતે વિચાર કરતા હતા. ॥૧૨૩॥

૧૨૪. મહારાજે જાળિયામાં હિરાભાઈની માને પુત્રનું સુખ આપ્યું.

અને વળી પછી મહારાજે એમ વિચાર કર્યો જે, **‘મારા જેવો બીજો દીકરો ક્યાંથી લાવવો ? એવો તો હું એક જ છું, બીજો કોઈ નથી. તે મારે ફરી આને ત્યાં જન્મ લેવો પડશે; તેથી આ ફેરે જ દીકરાનો ભાવ પૂરો કરું.’** એમ જાણીને પોતે જમતાં જમતાં રિસાઈને ચળુ કરી ઊઠ્યા. ત્યારે બાઈ કહે જે, ‘હે મહારાજ ! પૂરું જમ્યા

૧.પાતળી પથ્થરની શિલા

વિના કેમ ઊઠ્યા ?' ત્યારે મહારાજ કહે જે, "અમારે તો અહીં રે'વું નથી." ત્યારે બાઈ કહે જે, "કેમ રે'વું નથી ?" ત્યારે મહારાજ કહે જે, "તું અમને આવ્ય બાપ દીકરા, એમ કહે તો અમે રહીએ." ત્યારે તે વાત સાંભળીને બાઈ લજ્જાને પામ્યાં ને મહારાજ ત્યાંથી રિસાઈને ચાલ્યા. ને બાઈ પણ કેડે રડતાં રડતાં ચાલ્યાં. ને બીજા હરિજન પણ મહારાજને 'રહો રહો' એમ કહેતાં કહેતાં ભાગોળ સુધી મહારાજની કેડે કેડે સૌ ચાલ્યા આવે છે.

તેવાકમાં કોઈ એક મુસલમાન સામો આવતો હતો. તે સર્વેને દીલગીર જોઈને મહારાજને કહે જે, "હે સ્વામિનારાયણ ! તુમ તો ખુદા હો ને દયાળુ હો, તે નિર્દય કેમ હો ગયે ? કેમ કે સબ કેડે રડતે રડતે આવતે હૈ ને તુમ તો પાછે નહીં વળતે." એવાં મુસલમાનનાં વચન સાંભળીને મહારાજ કહે જે, **"જો આ બાઈ આવ્ય બાપ દીકરા, એમ કહે તો હમણે હું પાછો વળું."** એવી વાત સાંભળીને તે (મુસલમાન) બાઈની પાસે જઈને કહે જે, "હે બાઈ ! તેરા ક્યા જાતા હૈ ? આવ્ય બાપ દીકરા કહેને !"

ત્યારે બાઈ કહે જે, "એ તો સાક્ષાત જગતકર્તા ખુદા છે, એને દીકરા કેમ કહેવાય ?" પછી એમ કહીને તે મુસલમાન ચાલ્યો ગયો. ને મહારાજ સીમાડા સુધી ગયા ને પાછા ન વળ્યા. ત્યારે બાઈએ મનમાં વિચાર કર્યો જે, 'હવે પાછા નહિ વળે.' એમ જાણીને કહે જે, **"આવ્ય બાપ દીકરા !"** એમ કહ્યું.

ત્યારે મહારાજ તરત પાછા વળીને ગામમાં આવ્યા ને **હીરાભાઈ**ને ઘેર રહ્યા. ને બાઈ દરરોજ પોતાની એક બાખડી[1] ભેંસ હતી એનું દૂધ મહારાજને પાય. ત્યારે મહારાજ કહે જે, "તમે સાકર નાંખીને અમને દૂધ પાવ છો તે અમે નહિ પીએ." ત્યારે બાઈ કહે જે, "એ ભેંસનું દૂધ એવું છે, ને તમે ઊભા રહો, ને હું દોઈને તમને આપું."

૧.વિયાયા બાદ જેને સાત-આઠ મહિના થઈ ગયા હોય તેવી

ત્યારે મહારાજ કહે જે, 'ઠીક.' પછી મહારાજ જોવા સારુ ઊભા રહ્યા ને બાઈએ દોઈને મહારાજને દૂધ આપ્યું, તે મહારાજે પીધું. અને મહારાજ કહે જે, "આ દૂધ તો સાકર જેવું છે. તેથી એનું **'સાકરિયા ભેંસ'** એવું નામ પાડ્યું. એવી રીતે એને ઘેર દોઢ માસ રહીને પુત્રપણાનું સુખ આપીને બાઈનો પુત્રપણાનો સંકલ્પ પૂરો કરતા હતા. ને મહારાજ ત્યાંથી ચાલ્યા, તે ગામ **ઉપલેટા** જાતા હતા. ॥૧૨૪॥

૧૨૫. મહારાજ જૂનેગઢ પધાર્યા તે વાત

અને પછી મહારાજ ત્યાંથી ચાલ્યા ને તે સાકરિયા ભેંસનું દૂધ મહારાજ જમે તેથી જે ગામ મહારાજ જાય તે ગામમાં તે ભેંસ કેડે કેડે જાય. ને મહારાજ એનું જ દૂધ જમે તેથી (ભક્તો) એ ભેંસને ખાણદાણ ઘણું ખવડાવે. તેથી ભેંસ હેવાઈ થઈને મહારાજની સાથે ગામોગામ ફરે. તેથી લોકોએ એવી વાત ઉડાડી જે, 'આ સ્વામિનારાયણની પ્રસાદી બાઈને ખાવા આપી, તે બાઈએ ખાધી નહીં, ને ભેંસના ખાણમાં નાંખી તે ભેંસે ખાધી; તેથી ભેંસ ગાંડી થઈ. તે જ્યાં સ્વામિનારાયણ જાય છે ત્યાં કેડે કેડે ભેંસ જાય છે.' એવી વાત ઉડાડી.

અને મહારાજ ત્યાંથી ચાલ્યા તે ગામ **ઉપલેટા**માં રાત રહ્યા. ને હુતાશનીનો સમૈયો **જૂનેગઢ**માં કરવો એ સારુ સર્વે સંત તથા કાઠી આદિક સર્વેને તેડાવતા હતા. તે સર્વે ત્યાં આવીને ભેગા થયા. ને પછી ત્યાંથી ચાલ્યા તે જૂનેગઢ આવ્યા. ને એ વખતે મહારાજ ભેગું એક હજાર મનુષ્ય હતું. તે જોઈને નાગર લોકોએ શહેરનો દરવાજો બંધ કરાવ્યો ને પેસવા દીધા નહીં, તેથી મહારાજ સંઘે સહિત બહાર ઉતારો કરી રાત રહ્યા.

ને સવારે નાગર લોકોએ નવાબસાહેબને કહ્યું જે, "સ્વામિનારાયણ તમારું રાજ લેશે. કેમ જે, એમની સંગાથે કાઠી, કોળી તથા ગરાસિયા એ આદિક ઘણું મનુષ્ય છે; ને વળી આપે ખુદા કહેવાય છે." એવી નાગરની વાત સાંભળીને નવાબસાહેબ કહે જે, **"ખુદા કા દિયા તો**

હમ રાજ કરતા હૈ, ને ખુદાને લેવા હોય તો ક્યા બેર[1] હૈ, કુછ બેર નહીં હૈ. પણ સુખેથી સ્વામિનારાયણને શહેરમાં આવવા દ્યો.” એવો રાજાએ હુકમ કર્યો.

ને ગામ **પંચાળા**ના દરબાર **ઝીણાભાઈ** પોતાના કારભારી હતા. તેમને નવાબસાહેબ કહે જે, “જાવ, આપણી સવારી - ડંકો, નિશાન તથા પાયગા[2] લઈને સામા જઈ સત્કારે સહિત સ્વામિનારાયણને શહેરમાં પધરાવો.” એવાં રાજાનાં વચન સાંભળીને (ઝીણાભાઈ) પોતાના મનમાં ભાવતું હતું ને વળી રાજાએ હુકમ કર્યો. તેથી બમણી સવારી વાજિંત્રે સહિત લઈ સામા ગયા. ને વાજતે-ગાજતે મહારાજને શહેરમાં પધરાવતા હતા.

તે સમે મહારાજે અંગને વિશે સર્વે જરિયાની વસ્ત્ર ધારણ કર્યાં હતાં, ને પોતે ઘોડી ઉપર સવાર થયા હતા. ને છત્ર, ચામર, અબદાગરીએ સહિત છડીદાર ‘જય જય’ શબ્દને ઉચ્ચારણ કરે, ને આગળ અનેક પ્રકારનાં વાજિંત્ર વાગે. એવી રીતની શોભાએ સહિત શહેરમાં સર્વેને દર્શન દેતાં દેતાં ધીરે ધીરે બજારમાં ચાલ્યા આવે છે. તે સમે હજારો મનુષ્યનાં નાડી-પ્રાણ ખેંચીને લાકડાંનાં પૂતળાં હોય એમ (સમાધિ) કરાવતા હતા. ને પોતે સર્વેને દર્શન દેતા હતા.

તે સમે કોઈ હરિજને કાકડી લાવીને મહારાજના હાથમાં આપી. તેને પોતે લીધી ને ત્યાંથી આગળ ચાલતા થકા જ્યાં ચોખંડી (બજાર) છે ત્યાં રાજાની હવેલી છે. તે હવેલી ઉપર નવાબ સાહેબ મહારાજનાં દર્શન સારુ બેઠેલા. તે વાત જાણી મહારાજે ઘોડી ત્યાં ઊભી રાખી. ને કાકડી સુધાર્યા વિના એક હાથમાં ઘોડીની લગામ ને બીજે હાથે કરીને કાકડી જમતા હતા.

તે જોઈને નવાબ સાહેબના મનમાં એમ થયું જે, **“આ તો સાક્ષાત ખુદા જ છે, ને ખુદા ના હોય તો આટલા મનુષ્યમાં કાકડી જમ્યું**

૧.દેર ૨.સરદારના હુકમ પ્રમાણે ચાલતા ઘોડા તથા સ્વારોનો સમૂહ

ક્યું જાય ? દેખ ખુદાને કોઈ કી અપેક્ષા નહીં હૈ, તેથી કાકડી જમતા હૈ." એવો દૃઢ પ્રત્યક્ષ ખુદાપણાનો નિશ્ચય કરાવીને ત્યાંથી ચાલ્યા. ને મહારાજને કાકડી જમતાં જોઈને કેટલાક અસુરાંશ હતા તેમણે અવગુણ લીધો ને ભાગી ગયા.

ને ત્યાંથી મહારાજ ધીરે ધીરે આગળ ચાલ્યા આવે છે, ત્યાં એક **ચકુભાઈ નાગર** હતા. તેમની માએ સાકરનું પાણી કરી લોટામાં ભરીને એવો સંકલ્પ કર્યો હતો જે, **'સ્વામિનારાયણ ભગવાન હોય તો આ પાણી મારી પાસે માગી લઈને પીવે.'** એવો બાઈનો સંકલ્પ જાણીને મહારાજે તે ઠેકાણું આવ્યું એટલે ઘોડી ઊભી રાખી. ને બાઈને બોલાવીને કહે જે, **"અમારા સારુ તમોએ સાકરનું પાણી કરી રાખ્યું છે તે લાવો, અમને તરસ લાગી છે."** ત્યારે તે બાઈએ લાવીને હરખે સહિત આપ્યું. તેનું મહારાજે પાન કર્યું.

તે જોઈને બાઈ 'આ સાક્ષાત પુરુષોત્તમનારાયણ છે' એવો નિશ્ચય કરતાં હતાં. એવી રીતે બજારમાં કેટલાકના મનના મનોરથ પૂરા કરતા થકા ધીરે ધીરે ચાલતા ચાલતા હાલમાં મંદિર છે તે જગ્યાએ વાડી હતી તે વાડીમાં આસોપાલવનાં વૃક્ષ હતાં. ત્યાં સંતે સહિત મહારાજે ઉતારો કર્યો. પછી થાળ તૈયાર થયો એટલે **ઝીણાભાઈ**ના દીવાનખાનામાં જમવા પધાર્યા, ને જમીને ત્યાં ને ત્યાં મહારાજ પોઢી ગયા. ને સંતોના સારુ ઝીણાભાઈએ રસોઈ કરાવી હતી. તે સંત પણ જમીને વાડીમાં ને વાડીમાં ઉતારો કરીને પોઢતા હવા. ॥૧૨૫॥

૧૨૬. જૂનાગઢના રાજાએ મહારાજની પધરામણી કરી.

અને વળી બીજે દિવસે પ્રાતઃકાળે મહારાજ ઊઠ્યા, ને સ્નાન આદિક નિત્યવિધિ કરીને સભાને વિશે બિરાજમાન થયા. અને સર્વે સંતો પણ ઊઠીને પોતાનો નિત્યવિધિ કરીને સભામાં આવીને બેસતા

હતા. તે (સમયે) શહેરમાંથી મોટા શાસ્ત્રીઓ તથા પુરાણીઓ ઘણા મળીને ત્યાં સભામાં આવીને બેઠા. ને મહારાજને ઘણાક પ્રશ્ન પૂછતા હતા. તેમના પ્રશ્નના ઉત્તર મહારાજ ખુલાસાબંધ કરતા હતા.

અને શાસ્ત્રીઓને મહારાજ પોતે પ્રશ્ન પૂછતા હતા. તેના ઉત્તર શાસ્ત્રી તથા પુરાણીઓથી થયા નહીં. તેથી તે સર્વે કહે જે, **"આ તો જરૂર ભગવાન છે."** એમ કહીને મહારાજને કહે જે, "અમારે સમાધિ જોવાની ઘણી ઈચ્છા છે." એવાં તેનાં વચન સાંભળીને મહારાજ **સચ્ચિદાનંદસ્વામી**ને સમાધિ કરાવતા હતા. અને તેમને કહે જે, "જુવો" ત્યારે તે જોઈને કહે જે, "સાચી સમાધિ છે." એમ કહીને મહારાજને કહે જે, 'તમે તો ભગવાન છો, તે અમારા ઉપર દયા રાખજો ને અમારું સારું કરજો.' એમ કહીને સર્વે પોતપોતાના ઘેર ગયા.

અને મહારાજ થાળ થયો એટલે જમવા સારુ દીવાનખાનામાં પધાર્યા. ને સંતની રસોઈ થઈ એટલે સંતો પણ જમવા પધાર્યા. ને પછી ત્રીજે પો'ર સભા થઈ. તે સમે **નવાબસાહેબે** મહારાજને કહેવરાવ્યુ જે, "અમારે આપની પધરામણી કરવી છે, તેથી દરબારમાં સંતે સહિત પધારો !" તે વાત સાંભળીને મહારાજ તથા સર્વે સંત તૈયાર થઈને વાજતે ગાજતે ડંકો, નિશાન, અબદાગીરી, છત્ર, ચામર તથા સ્વારીએ સહિત દરબારમાં પધાર્યા.

ત્યાં નવાબસાહેબે સન્મુખ આવીને પોતાની કચેરીખાનામાં મહારાજને કોચ[૧] ઉપર વિરાજમાન કર્યા. અને મહારાજની ચંદન, પુષ્પ, શેલું, શરપાવ – એ આદિક વતે પૂજા કરી. ને પછી મોટી આરતી કરી. ને પછી સોનામહોરો તથા રૂપિયાના થાળ ભરીને મહારાજના મોઢા આગળ ભેટ મૂકી, ને ઘણીવાર મહારાજની સ્તુતિ કરીને મહારાજની સમીપે બેઠા. તે સમે મહારાજે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ સંબંધી ઘણીક વાર્તા કરી. ને નવાબસાહેબની રજા માગીને મહારાજ ત્યાંથી

૧. ગાડી; બગી

ઊઠતા હતા. ને સર્વે સભાને દયા કરીને દર્શન દેતા હતા.

અને પછી તે સમે બધા નાગરો નવાબસાહેબને કહે જે, 'અમારે સ્વામિનારાયણ સંગાથે ચર્ચા કરવી છે.' તે વાત સાંભળીને નવાબસાહેબે મહારાજને કહ્યું જે, "આ સર્વે કહે છે જે, 'અમારે ચર્ચા કરવી છે." ત્યારે મહારાજ કહે જે, 'આ **નિત્યાનંદસ્વામી**ને અમે આંઈ બેસારીને જઈએ છીએ; એ તેમની સાથે ચર્ચા કરશે.' એમ કહીને મહારાજ ત્યાંથી ચાલ્યા ને નવાબસાહેબ રસ્તા સુધી મહારાજને વળાવવા આવ્યા. ને મહારાજ નવાબને પાછા વાળીને પોતે ઉતારા ઉપર પધાર્યા. ॥૧૨૬॥

૧૨૭. નિત્યાનંદસ્વામી જૂનાગઢમાં સભા જીત્યા તે વાત

અને પછી નિત્યાનંદસ્વામી દરબારમાં રહ્યા. તે સમે મોટી સભા થઈ. ને એક **નરસિંહ પંડ્યા** શાસ્ત્રી હતા. તેમણે નિત્યાનંદસ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, 'હે નિત્યાનંદજી ! તમારા સ્વામિનારાયણને તમો ભગવાન કેમ કહો છો ? તે કોઈ કાશીના પંડિતોએ પ્રમાણ કર્યું, કે ડાકોરનાએ પ્રમાણ કર્યું, કે વડોદરાની સભામાં પ્રમાણ કર્યું, તેથી ભગવાન કહો છો ? કે તમારે જાણે કહો છો ?'

ત્યારે નિત્યાનંદસ્વામી કહે જે, "સૂર્ય ઊગ્યો ને અંધારાનો નાશ થયો, તેથી 'સૂર્ય નથી' સહુ એમ કહે. ને સહુ કહે જે, સૂર્ય છે તોય સાચા છે ને ના કહે તોપણ સૂર્ય સાચા છે." એવું સાંભળીને નવાબસાહેબ કહે જે, 'હે નિત્યાનંદજી ! ક્યા ચર્ચા હોઈ ?' ત્યારે સ્વામી કહે જે, "એવી ચર્ચા થઈ જે, આ તમારા નરસિંહ પંડ્યા કહે છે જે, 'સૂર્ય ઊગ્યા તેને સૌ દુનિયા કહે જે, સૂર્ય સાચા તો સાચા, નહિ તો ખોટા.' એવી ચર્ચા હોઈ." તે વાત સાંભળીને નવાબસાહેબ કહે જે, 'બો'ત બૂરા કિયા. સૂર્ય તો દુનિયા કહે સાચા તોય સાચા ને ખોટા કહે તોય સાચા છે.'

ત્યાર પછી બીજો પ્રશ્ન નરસિંહ પંડ્યે નિત્યાનંદસ્વામીને પૂછ્યો,

તે પ્રશ્નનું નામ **'वन्दे महापुरुष ! ते चरणारविंदम्'** તેમાં મહાપુરુષનાં ચરણારવિંદને નમસ્કાર શા સારુ કર્યો ?' એવો પ્રશ્ન પૂછ્યો. ત્યારે તેનો ઉત્તર નિત્યાનંદસ્વામીએ એવો કર્યો જે, "મોટા મનુષ્ય હોય તેમને એમ કહેવાય જે, અમે આપના પગની રજ છીએ, પણ માથાનો મુગટ છીએ; એમ ન કહેવાય. ને આ તો જગતકર્તા ભગવાન છે. તેથી એમનાં ચરણારવિંદને નમસ્કાર કર્યો છે." એમ કહીને પછી નિત્યાનંદસ્વામી કહે જે, 'તમે એનો અર્થ કહો.' ત્યારે તે નરસિંહ પંડ્યો કહે જે, 'ભગવાનનું સર્વે દેહ અપવિત્ર છે ને ચરણારવિંદ પવિત્ર છે; તેથી તેને નમસ્કાર કર્યો છે.' ત્યારે વળી નવાબસાહેબ બોલ્યા જે, "હે નિત્યાનંદજી ! ક્યા ચર્ચા હોઈ ?"

ત્યારે નિત્યાનંદસ્વામી કહે જે, 'આ તમારા નરસિંહ પંડ્યા કહેતા હૈ જે, 'ખુદા કા સબી જુસા[1] નપાક[2] હૈ, અને કદમ હી પાક હૈ.' એવું સાંભળીને નવાબસાહેબ કહે જે, 'બો'ત બૂરા કિયા, બો'ત બૂરા કિયા !' એમ કહીને નવાબસાહેબ કહે જે, **'ખુદા કા તો સબી જુસા પાક હૈ.'** એવી રીતે નિત્યાનંદસ્વામી સભા જીત્યા. ને સ્વામિનારાયણ ભગવાનનું પ્રતિપાદન કરીને પછીથી નવાબસાહેબની રજા માંગી, ને ઉતારે સભામાં આવીને બેઠા. ને મહારાજને સર્વે વાર્તા કરતા હતા. ને પછી સંધ્યા વખત થઈ ત્યારે આરતી-ધૂન કરીને સર્વે સભામાં બેઠા. તે સમે મહારાજે ઘણી ઐશ્વર્ય-પ્રતાપ સબંધી વાર્તા કરી, ને પોઢવા સારુ દીવાનખાને પધાર્યા. ને સંત સર્વે ત્યાંને ત્યાં સૂઈ રહ્યા. ॥૧૨૭॥

૧૨૮. મહારાજે જૂનાગઢમાં હૂતાશનીનો સમૈયો કર્યો ને રંગે રમ્યા.

અને પછી બીજે દિવસે હુતાશની હતી. તે દિવસ (મહારાજ) સવારમાં ઊઠી નિત્યવિધિ કરીને સભા કરી ને દેશાંતરના હરિજનો

૧.દેહ; શરીર ૨.અપવિત્ર; અશુદ્ધ

આવેલા તેમને ધર્માદિક સંબંધી વાર્તા કરી ને પોતાનાં દર્શન આપીને તથા બોલાવી-ચલાવીને પોતાનું સુખ સારી પેઠે આપતા હવા. ને પછી થાળ થયો તે પોતે જમવા સારુ દીવાનખાનામાં પધાર્યા. ને સંતના માટે **ઝીણાભાઈએ** મોતૈયા લાડુ, જલેબી, સાટા એ આદિક પકવાનની રસોઈ કરાવી હતી. તેથી પીરસવા સારુ મહારાજ પંગતમાં આવ્યા. ને સર્વે સંતને પકવાન પીરસીને સારી પેઠે જમાડ્યા. ને પછી હાથ-પગ ધોઈને ઉતારે જઈને પોઢતા હતા. ને પછી ત્રીજે પો'ર ઊઠીને મુખારવિંદ ધોઈને કોગળા કરી, જળપાન કરીને સભા કરી. ને સર્વે સંત-હરિભક્તોને બહુ સુખ આપ્યું. એવી રીતે હુતાશનીનો દિવસ ગયો.

ને બીજે દિવસે સવારમાં ઊઠી **દામોદર કુંડે** સર્વે સંત તથા હરિજને સહિત મહારાજ ના'વા પધાર્યા. ને દામોદરકુંડમાં નાહીને બ્રાહ્મણને ઘણીક દક્ષિણા આપી. ને પછી ત્યાંથી ચાલ્યા તે **હાટકેશ્વર મહાદેવ** થઈને ઉતારે પધાર્યા. ને ઝીણાભાઈએ રંગ તથા ગુલાલ તૈયાર કરી રાખ્યો હતો. તે સર્વે હરિજન તથા સંતના ઉપર મહારાજ પંડે રંગ તથા ગુલાલ નાંખતા હતા. ને પરસ્પર રંગની ઝડી મચી, ને ત્યાં કેટલાક વાજિંત્ર વાજતાં હતાં. ને **આકાશમાં બ્રહ્મા, વિષ્ણુ, શિવ એ આદિક સર્વે દેવ પોતપોતાના વિમાનમાં બેસીને મહારાજનાં તથા સંતનાં દર્શન કરવા આવ્યા.** ને ત્યાં આકાશમાં ઊભા રહ્યા થકા દુંદુભિ આદિક વાજિંત્રને હરખેથી વજાડતા, ને પુષ્પની વૃષ્ટિ કરતા હતા. ને નારદાદિક મુનિઓ વેણુને વગાડીને મહારાજની લીલાનું ગાન કરતા હતા. ને અપ્સરાનો ગણ નૃત્ય કરતો હતો.

તે સમે સર્વે હરિજનો દેવલોકનાં વિમાન આકાશમાં રહેલાં તેને જોઈને ઘણું આશ્ચર્ય પામતા હતા. એવો અલૌકિક ચમત્કાર મહારાજ રંગઉત્સવમાં દેખાડતા હતા. ને **જેટલા સંત તથા હરિજન હતા તેટલા રૂપે પોતે થઈને રંગ ઉત્સવ કરતા હતા. ને સર્વે સંત તથા હરિજન**

એમ જાણે જે, 'મહારાજ મારી સાથે જ રમે છે.' એવી રીતે અનેક રૂપે થઈ સંતને તથા હરિજનને અલૌકિક ચમત્કાર દેખાડતા થકા રંગ ઉત્સવ ઘણીવાર કરીને પછી રમતની સમાપ્તિ કરી. ને દીવાનખાનામાં હાલમાં કૂવો છે ત્યાં નાહીને દીવાનખાને થાળ જમવા સારુ પધાર્યા. ને સંતોની નાહી-ધોઈને પંગત થઈ, તે જમતા હતા. એવી રીતે હુતાશનીનો ઉત્સવ કરીને સર્વે હરિજનને પોતપોતાના દેશમાં જવાની આજ્ઞા કરી. ને બીજે દિવસે મહારાજે નવાબ સરકારની રજા માંગીને વાજતે ગાજતે શહેર બારણે નીકળીને ત્યાંથી ગોંડળ પધારતા હવા. ॥૧૨૮॥

૧૨૯. મહારાજ ગોંડળના રાજાને ત્યાં પધાર્યા તે વાત

અને ગોંડળના રાજા **હઠીભાઈ**એ જાણ્યું જે, 'મહારાજ પધારે છે' એમ જાણીને ઘણીક પ્રકારનાં વાજિંત્ર તથા પાયગા, ડંકો, નિશાને સહિત પોતાના કારભારીએ સહિત રાજા સામા આવ્યા. ને મહારાજને ઘણા સત્કારથી શહેરમાં પધરાવ્યા. ને બાગમાં મુકામ આપ્યો અને ભારે સારી રસોઈ કરાવી હતી. તે મહારાજ ને સંત જમ્યા ને પછી સભા કરીને બેસતા હતા.

તે સમયે રાજા સભામાં આવ્યા તથા બીજા ઘણાક પંડિતો આવ્યા. ને ઘણા પ્રશ્ન-ઉત્તર થયા. તેમાં મહારાજ સર્વેને જીતતા હવા ને પોતાનો જય કરતા હતા. ને રાજાએ સહિત સર્વે સભા ઊઠી ને શહેરમાં ગયા. ને મહારાજ ત્યાં રહ્યા. ને બીજે દિવસે મહારાજને દરબારમાં વાજતે-ગાજતે પધરાવ્યા. ને (દરબારે) ઘણીક કેસર, ચંદન, પુષ્પ એ આદિક વતે કરીને મહારાજની પૂજા કરી. ને સોનામો'ર તથા રૂપિયાના થાળ ભરીને ભેટ મેલી. ને શેલું શિરપાવ કરીને મોટી આરતી ઉતારી. ને સ્તુતિ કરીને કહે જે, **"હે મહારાજ ! મને આપનાં ચરણમાં રાખજો, એ વર મને આપો."**

ત્યારે મહારાજ કહે જે, 'ઠીક.' એવી રીતે દરબારે વિનંતિએ સહિત પગે લાગીને મહારાજને ચાલવાની રજા આપી. તે પછી મહારાજ

ત્યાંથી ચાલ્યા ને દરબાર વળાવવા સારુ આવ્યા હતા, તેમને પાછા વાળીને પોતે **કોટડે** પધાર્યા. ને ત્યાં રાત રહીને ચાલ્યા તે **વાંકિયે મોકા ખાચર**ને ત્યાં એકાદશીને દિવસે આવતા હતા. ॥૧૨૯॥

૧૩૦. ગામ કરિયાણાનાં મીણબાઈની વાત

અને વાંકિયાના મોકા ખાચર કહે જે, "હે મહારાજ ! રસોઈ કરવાની સંતને આજ્ઞા આપો." ત્યારે મહારાજ કહે જે, "આજ તો એકાદશી છે." ત્યારે મોકા ખાચર કહે જે, "આપનાં ચરણારવિંદ અંકિત એવું આ ગામ છે. તે હેતુ માટે એકાદશી તો મારા શત્રુને ત્યાં હોય, ને મોકાને ત્યાં એકાદશી કાણું ? વાંકિયાના સીમાડામાં પેસે નહીં." એવી રીતનો ઘણો આગ્રહ મોકા ખાચરે લીધો. તેથી મહારાજે રસોઈ કરવાની આજ્ઞા આપી. તે રસોઈ કરીને સંતને જમાડ્યા.

એવી રીતે ત્યાં રાત રહીને ત્યાંથી ચાલ્યા, તે **કરિયાણે** મીણબાઈને ત્યાં પધાર્યા. ને ત્યાં એક દિવસ રહીને ચાલવા તૈયાર થયા. ત્યારે બાઈ કહે જે, "થાળ જમીને ચાલો." ત્યારે મહારાજ કહે જે, "જમવા સારુ નહીં રહીએ."

ત્યારે બાઈ કહે જે, "બારથી તો જાશો પણ અંતરમાંથી જાવ, ત્યારે બળિયા બહુ !" એમ કહીને મૂર્તિ ધારીને ધ્યાનમાં બેઠાં. ને મહારાજને પ્રેમરૂપી દોરીએ ચરણારવિંદ બાંધી રાખ્યાં, તે સંત તથા ઘોડી વગેરે ચાલવા સમર્થ ન થયાં. ને પાછા વળી મહારાજ દરબારમાં આવીને કહે જે, "રસોઈ કરો, અમે જમીશું." એવાં વચન સાંભળીને બાઈએ હરખેથી થાળ કર્યો ને સંતના માટે રસોઈ કરાવી. ને મહારાજને જમવા સારુ બોલાવ્યાં ને મહારાજ આવીને થાળ જમ્યા. ને પછી ચળુ કરી જળપાન કરી મુખવાસ લઈને સભામાં બેઠા.

તે સમે મહારાજે વાત કરી જે, "આ મીણબાઈ છે તે અમે ઘેર હતા ને ઘેરથી વનમાં ગયા ને જ્યાં જ્યાં અમે ફર્યા ત્યાં ત્યાં સર્વે

ઠેકાણે અમને પ્રત્યક્ષ દેખતાં હતાં; ને હજુ પણ એમ ને એમ દેખ્યા કરે છે, એવાં છે. ને એમની જે પ્રેમરૂપી દોરડી તેણે કરીને ભગવાનનાં ચરણારવિંદ બાંધ્યાં છે, તેથી **'ભગવાન ભક્તનું હૃદય તેને ત્યાગ કરવા સમર્થ નથી થાતા.'** એમ જે શાસ્ત્રમાં કહ્યું છે તે વાત આમણે આજે સત્ય કરી. હવે એ રજા આપે તો ચાલીએ." એવાં મહારાજનાં વચન સાંભળીને બાઈ ઘણી વિનંતીએ સહિત મહારાજને કહે જે, "આપની મરજી હોય તેમ કરો." એવું કહ્યું તેને સાંભળીને મહારાજ સંતે સહિત તૈયાર થઈને ચાલ્યા, તે ત્યાંથી **ગઢપુર** આવતા હતા. ॥૧૩૦॥

૧૩૧. મહારાજે અદ્‌ભુતાનંદસ્વામીને સર્વોપરી નિશ્ચય કરાવવાની વાત કહી.

અને એક દિવસ ગઢપુરમાં વાસુદેવનારાયણના ઓરડાની ઓસરીએ સભા કરીને બિરાજમાન થયા હતા. તે સમે અદ્‌ભુતાનંદ સ્વામી કહે જે, "હું દેશમાંથી ફરીને ચૈતન્યાનંદસ્વામી તથા ઉદારાનંદ સ્વામી તથા નિષ્કામાનંદસ્વામી એ આદિક બાર સંતે સહિત આવ્યો. ને મહારાજનાં દર્શન કરી મળીને સભામાં બેઠો. તે સમે મહારાજે મને દેશના સમાચાર પૂછ્યા. ને વળી એમ પૂછ્યું જે, 'હે અદ્‌ભુતાનંદ સ્વામી, તમે દેશમાં હરિજન આગળ ભગવાનની વાતો કરો છો, ત્યારે અમને કેવા કહો છો ?'

ત્યારે સ્વામી કહે જે, દત્ત, કપિલ તથા રામ-કૃષ્ણ જેવા કહીએ છીએ. ત્યારે મહારાજ કહે જે, 'સ્વામી, (ત્યારે દેશ) ફર્યાનું શું કામ ? કેમ જે, કોઈ પુરુષે અડધા પૈસાનો મૂળો લઈ સવારમાં ખાધો હોય ને પછીથી સાત ભાતનાં પકવાન જમે પણ મૂળાનો ઓડકાર ઉપર આવે. **તેમ તમને સર્વે અવતારના અવતારી ને સર્વના કારણ ને સાક્ષાત પુરુષોત્તમનારાયણ એવો હું તમને મળ્યો છું. તે એવી મારા સંબંધી સામાને નિશ્ચયની વાત કેમ ઘાલતા નથી ?** ને તમારા અંતરમાં આ વાત ભરેલી રહે છે ?' એમ મહારાજે મને કહ્યું.

ત્યારે મેં મહારાજને કહ્યું જે, 'હે મહારાજ ! કુંભારના ચાકની પેઠે કહેવાનો વેગ તો અંતરમાં આવે છે જે, કહીએ જ, પણ આજ્ઞા આડી આવે છે; તેથી કહી શકાતું નથી.' એવું મેં કહ્યું.

તેને સાંભળીને **મહારાજ કહે જે, 'આજથી રાજાથી તે રાંક સુધી પ્રત્યક્ષ પુરુષોત્તમ મહારાજ છે, એવી વાત કરજો.'** એવું સાંભળીને એક

સંતના મનમાં એવો ઘાટ થયો જે, 'રાજાને કહેવા જઈએ તો બંધીખાને નાખે, અગર હાથીને પગે બાંધે.' એવો ઘાટ થયો. તે અંતરજામીપણે જાણીને મહારાજ કહે જે, **"હાથીને પગે બાંધનારામાં તથા બંધીખાને નાખનારામાં કોણ રહ્યો છે ? સુખેથી સર્વોપરીની વાત કરજો."** એમ મને મહારાજ કહેતા હતા. ॥૧૩૧॥

૧૩૨. કરાલીના અમીન રણછોડભાઈની વાત

અને એક દિવસ મહારાજ સભા કરીને બેઠા હતા ને **મુક્તાનંદ સ્વામી**ને વીસ સાધુ લઈને **વાકળ દેશ**માં **કરાલી** ગામ છે ત્યાં તથા બીજાં ગામોમાં ફરવા મોકલ્યા હતા. તે અટલાદરા, પાદરા આદિક ઘણાં ગામો ફરીને કરાલી આવીને દોઢ મહિનો રહ્યા. ને ત્યાંથી ચાલ્યા તે **ચરોતર**માં થઈ **ગઢપુર**માં માણેકઠારી પૂનમ ઉપર આવ્યા. ને મહારાજનાં દર્શન કરી મળીને સભામાં બેઠા. ને પછી મહારાજે તે તે દેશના સમાચાર પૂછ્યા ને કહે જે, "કરાલીમાં કેટલું રહ્યા ?"

ત્યારે સ્વામી કહે જે, "દોઢ મહિના સુધી રહ્યા." એમ કહ્યું. તે સમે કરાલીના **અમીન રણછોડભાઈ** આદિક મહારાજને દર્શને ઉત્સવ ઉપર આવ્યા ને મહારાજનાં દર્શન કરી સભામાં બેઠા. ને તે રણછોડ ભાઈને ચાર દીકરા હતા. તેથી તે જ વર્ષે ચાર ઘરાં કરાવ્યાં હતાં. અને સ્વામી ત્યાં દોઢ માસ રહ્યા ને તે દિવસે અન્ન-વસ્ત્રની બહુ તાણ પણ સ્વામીને અન્નની તથા વસ્ત્રની ખબર પૂછેલી નહીં. અને મુક્તાનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, "હે મહારાજ ! એમણે ઘરાં બહુ સારાં કર્યાં છે."

તે વાત સાંભળીને તે કરાલીના અમીન કહે જે, "હે મહારાજ ! તમારા સારુ અમે ઘરાં કર્યાં છે ને તમે છાનાં રહો તે કોઈ જાણે નહીં, પણ **તમે તો આ એક દાદો ખાચર દેખી રહ્યા છો."** એવાં મરમનાં વચન સાંભળીને મહારાજ બોલ્યા જે, "તમોએ ઘરાં તો તમારે ચાર

છોકરાં છે તેને સારુ કર્યાં છે ને અમારું નામ શા સારુ દ્યો છો ? ને મારા સાધુ કરાલીમાં દોઢ માસ સુધી રહ્યા, પણ એકેય દિવસ અન્નનું કે ગરણાં જેટલું વસ્ત્રનું તમોએ પૂછ્યું છે ? પૂછ્યું હોય તો કહો. ને **દાદા ખાચરને તો દિવસમાં પાંચ-પાંચ ખાસડાં મારીએ છીએ તે ખમે છે. ને અમે પે'રવાનું લૂગડું પણ આપતા નથી, તેથી ફાટલાં લૂગડાં પહેરે છે; ને એક ઠેકાણે રે'વા દેતા નથી અને ચોવીસ વર્ષમાં છપ્પન વાર વાસ ફેરવાવ્યો;** ને બલાડીનાં બચોળિયાંની પેઠે ફર્યાફર કરે છે પણ મનમાં લેશમાત્ર 'મારું છે' એવો સંકલ્પ કરતા નથી. તેથી હું અહીં રહ્યો છું. ને દરરોજ પાંચસેં સાધુ એના ઘરનું અનાજ જમે છે." એમ કહીને તેમને ઠબકો દીધો.

ને તેને સાંભળીને તે હરિજન કહે જે, "હે મહારાજ ! (તમે) ભૂલ ઓળખાવી, ને મારી ભૂલ માફ કરજો." એવી વિનંતીએ સહિત મહારાજને પગે લાગતા હતા. ને પછી મહારાજે તેમને **લાલજીની મૂર્તિ** પ્રસાદીની કરીને પૂજવા સારુ આપતા હતા. તે ગઢપુરથી લઈને કલાલી આવ્યા. (તે પ્રસાદીના લાલજી હાલ કલાલી મંદિરમાં પધરાવેલા છે.) એવી રીતે મહારાજ સર્વે હરિભક્તની ભૂલ ઓળખાવતા હતા. ॥૧૩૨॥

૧૩૩. મહારાજે પોતાના પુરુષોત્તમપણાની દૃઢતાની વાત કહી.

અને વળી પૂનમને દિવસે લીમડા નીચે મહારાજ પાટ ઉપર વિરાજમાન થયા હતા. તે સમે સર્વે સંતો તથા દેશાંતરના હરિજનો સભામાં આવીને બેઠા. તથા બીજા કેટલાક હરિજનો છેટા ઊભા હતા. તેમને અમદાવાદના **દામોદરભાઈ** કહે જે, "હે હરિજનો, મહારાજનાં દર્શન કરો ને સભામાં બેસો." તે વાત સાંભળીને મહારાજ પોતાનું પુરુષોત્તમપણું સર્વેને જણાવતા થકા બોલ્યા જે, "હે દામોદર ! તું કહે છે, ને હરિજન કહે છે પણ મારી પાસે રહીને તમે શું સમજ્યા ?"

એમ કહીને મહારાજ પોતે બોલ્યા જે, "હે દામોદર ! મેં અક્ષરધામમાંથી વિચાર કર્યો જે, મારો સિદ્ધાંત છે, તે મારા ઘણા અવતાર થયા પણ કોઈએ ના પ્રવર્તાવ્યો. તેથી હું મનમાં વિચાર કરી મારી સભા જોઈને તેમાંથી શૂરવીર એવા અક્ષરમુક્ત લઈને અહીં આવ્યો છું. કેની પેઠે ? તો જેમ કોઈ બે રાજા હોય તેને સામા રાજાનું રાજ લેવું હોય ત્યારે લાખ ફોજના પટાદાર મેલે તોપણ તેનું રાજ ના લેવાય, પણ ધણી પોતે ભારે ભારે શૂરવીર લઈને ચઢે ને તેનું રાજ લઈ લે.

એ દૃષ્ટાંત છે પણ એનો સિદ્ધાંત તો સત્યયુગમાં તથા ત્રેતાયુગમાં તથા દ્વાપરમાં ધર્મનું સ્થાપન કરવું તે કઠણ નહીં પણ તે થયું નહીં; ને કળિરૂપી વાંકો રાજા તેમાં ધર્મનું સ્થાપન કરવું તે ઘણું કઠણ. તેથી આ બધા અક્ષરમુક્ત લઈને હું આવ્યો છું. ને હવેથી આમના મળેલા થાશે, તે હરિભક્તો તો કહેવાય અને આ તો સર્વે મુક્ત છે." **એવી રીતે સર્વે અવતારનું અવતારીપણું ને કારણપણું સર્વેને જણાવતા થકા પોતાના પ્રત્યક્ષ પુરુષોત્તમપણાની વાત સભામાં કરી.**

અને વળી પોતાના પુરુષોત્તપણાની સર્વેને ઉપાસનાની દૃઢતા થાય તે સારુ એક દૃષ્ટાંત પોતે કહેતા હવા. તે સર્વેને કહે જે, "સર્વે સાંભળો." એમ કહીને બોલ્યા જે, "કાઠિયાવાડ દેશમાં એક કણબી હતો. તેના દીકરાનું વીસ ગાઉ ઉપર લગ્ન કર્યું હતું. અને લગ્ન ઉપર વરને શણગારીને ત્યાં જાન લઈને સૌ પોતપોતાનાં ગાડાં-બળદ જોડી મારપછાડ ઘી પાવા સારુ એકબીજાની આગળ ગયા. ને વરને ગાડે એનો વે'વાર સાધારણ તેથી બળદ નબળા જોડ્યા હતા. તેથી ધીરે ધીરે ચાલે. તે વરનું ગાડું કેડે રહી ગયું ને કોઈએ વરની સંભાળ લીધી નહીં. ને વરના ગાડાનો હાંકેડું ઘાંયજો હતો.

તે ચારેક ગાઉ ગાડું આવ્યું ને હાંકેડું થાક્યો. તેથી વરને કહ્યું જે, 'આ બધા તમારા વડે હાંણસે-માણસે, ખાશે-પીશે ને સુખિયા થાશે; પણ તમારી કોઈએ ખબર લીધી નહીં. ને તમે પણ લગ્નમાં પરણવાના

નથી ને આ બળદ તો ચાર દિવસે પૂગશે ને આપણે ભૂખે મરશું તેથી તમો કહો તો હું ગાડું પાછું વાળું ને ઘેર જઈએ તો આપણે બે રોટલા ભેગા થઈએ.' એવું હાંકેડુંનું વચન સાંભળીને વર કહે જે, 'ઠીક.' એટલે ગાડું પાછું વાળીને ઘેર ગયા. ને જાન તો તે ગામ પૂગી ને કન્યાના બાપને કહે જે, 'પાણી લાવો ઠંડાં ને બળદને ઘી પાવ તથા બળદને ખડ અપાવો.'

એવાં જાનૈયાનાં વચન સાંભળીને કન્યાનો બાપ કહે કે, 'વર ક્યાં ?' ત્યારે તે બધા વિચારમાં પડ્યા જે, 'વરનું ગાડું તો કેડે રહ્યું હતું, ને વર તો પાછળ રહી ગયો.' એમ કહ્યું તેથી કન્યાના બાપે કંઈ સત્કાર કર્યો નહીં. ને વરને મૂકીને ગયા તેથી પાછું વળવું પડ્યું ને જ્યારે પોતાને ગામ આવ્યા ત્યારે ખાવાનું મળ્યું. એમ વરને મૂકીને ગયા એટલે ચાલીશ ગાઉનું રપલિયું[1] થયું.

એ દૃષ્ટાંત પણ એનું સિદ્ધાંત એ છે જે, **સર્વે અવતારનો અવતારી તે હું ને અક્ષરમુક્તે સહિત પુરુષોત્તમ જે મને સર્વે ક્રિયાને વિશે આગળ રાખશે ને ઉપાસનાની દૃઢતા કરશે તો સર્વે વાતે સુખિયા થશે. કેની પેઠે ? તો વરને લઈને જાનૈયા સર્વે સુખિયા થાય છે તેમ. અને જે વરને મૂકીને જાય છે તે દુખી થાય છે. એમ મને મૂકશે તેને ચોરાશી લાખ જનમનું રપલિયું થાશે."** એવી રીતે પોતાના પુરુષોત્તમપણાની ઉપાસનાની દૃઢતાની વાત સર્વેને સંભળાવતા હતા ને નિશ્ચય કરાવતા હતા. ॥૧૩૩॥

૧૩૪. મહારાજે ચરણના અંગૂઠામાં તેજ પ્રગટ કર્યું.

અને વળી એક દિવસે સંધ્યા આરતી પછી સભામાંથી ઊઠીને નિત્યાનંદસ્વામી તથા શુકસ્વામી ને મહારાજ એ ત્રણ મળીને લાડુબાના ઓરડાની પછવાડે બીજો ઓરડો હતો ત્યાં બેસીને સત્સંગિજીવન સંબંધી

૧.ખાલી ધક્કો; ફોગટ ફેરો

વાર્તાના ખરડા લખતા હતા. તે લખતાં લખતાં બે-ત્રણ-ચાર ખરડા લખીને તૈયાર કર્યા હતા. તેને વાંચીને મહારાજ કહે જે, “આ તો સારા ન થયા.” એમ કહીને ખોટા પાડ્યા. ત્યારે નિત્યાનંદસ્વામી કહે જે, “હે મહારાજ ! વિચારીને લખાવો તો ઠીક.” એવું સ્વામીનું વચન સાંભળીને મહારાજ કહે જે, “સ્વામી, તમે સૂઈ જાવ ને બાર વાગ્યા છે.” ત્યારે સ્વામી મહારાજની આજ્ઞાથી સૂઈ ગયા.

અને શુકસ્વામી દીવામાં દીવેલ ખૂટેલું તેથી સ્વામી દીવેલ લેવા સારુ ઊઠીને કોડિયું લઈને ચાલે છે. તેટલાંકમાં મહારાજ કહે જે, “સ્વામી, કેમ કોડિયું લઈને ચાલ્યા ?” ત્યારે સ્વામી કહે જે, ‘દીવેલ ખૂટ્યું છે, તે હું લઈ આવું.’ ત્યારે મહારાજ કહે જે, “અજવાળાનું કામ છે કે દીવેલનું કામ છે ?” ત્યારે સ્વામી કહે જે, “અજવાળાનું કામ છે.” એમ કહીને કોડિયું હેઠે મેલીને બેઠા.

પછી મહારાજે પોતાનો જમણો પગ પલાંઠી વાળેલો હતો તે ઊભો કર્યો. તે સમે જમણા પગના અંગૂઠાના નખમાંથી તેજનો સમૂહ ઊંચો ચાલ્યો. જેમ ઓચિંતાનો સૂર્ય ઊગે એવી રીતનો તેજનો સમૂહ નીકળ્યો. ને સૂર્યનું તેજ તો બાળે આ તો સમીપે બેઠા હોય તેને સુખ કરે, એવું તેજ સવાર સુધી રહ્યું. અને શુકસ્વામી કહે જે, “મેં સવારોસવાર ચાર વાગ્યા સુધી તે તેજને અજવાળે લખ્યું. ને પછી નહાવાનું પાણી થયું તેથી સેવક બોલાવવા આવ્યા; તેથી મહારાજ ના’વા પધાર્યા ત્યારે તેજ બંધ થયું.

ને નાહી આવીને થાળ થયો તેથી લાડુબાના ઓરડામાં જમવા સારુ ઉગમણે મુખારવિંદે બાજઠ ઉપર બેઠા. અને લાડુબા તથા મોટીબા એ પણ પડખે બેઠાં હતાં. ને લાડુબાના ઓરડામાં થઈને તે દિવસ સૂંસરું જવાતું, તેથી હું બધા ખરડા બાંધીને ચાલ્યો. તે મહારાજ જમતા હતા તે સમે મહારાજને પગે લાગ્યો. ત્યારે મહારાજ કહે જે, ‘હે સ્વામી ! પ્રસાદી લ્યો.’ ત્યારે લાડુબા જાણે જે, થાળ દઈ દેશે. તેથી મહારાજને

કહે જે, 'સ્વામી નાહ્યા નથી.' ત્યારે મેં મરમ કર્યો જે, "કોઈક આપે ને કોઈક લે તેમાં કોઈને આડું ફરવું નહીં. એમ કહીને કહ્યું જે, પ્રસાદી લાવો મહારાજ ! ત્યારે મહારાજે મને પ્રસાદ આપ્યો. તે ત્યાં ને ત્યાં હું જમ્યો. ને પછી ચળુ કરીને ઊઠ્યો."

ત્યારે મહારાજ કહે જે, 'હે સ્વામી ! તમારી ઉપર હું બહુ રાજી થયો છું. તમને શું આપું ?' એમ કહીને કહે જે, 'હે સ્વામી ! તમારી પાસે કાતર છે ?' ત્યારે મેં કહ્યું જે, હા મહારાજ ! ત્યારે મહારાજ કહે જે, 'આ અમારી ચોટલી કાપી લ્યો.' ત્યારે લાડુબા કહે જે, 'હે મહારાજ ! મુંડિયા ન થવાય.' ત્યારે મહારાજ કહે જે, 'જેના ચેલા મુંડિયા હોય તેના ગુરુને મુંડિયા થાતાં શો બાધ છે ? એ તો થવાય.' એમ મહારાજે કહ્યું. ત્યારે મેં કાતર કાઢીને મહારાજની ચોટી કાપી લીધી ને દોરે વીંટીને કાતર ભેગી મેલી.

ને પછી હું સાધુની જાયગામાં આવીને તુંબડી લઈ દાતણ લઈને ઉન્મત્તગંગામાં ના'વા ગયો. ને ત્યાં નાહી-ધોઈ પવિત્ર થઈ આવતો હતો." એવી રીતે શ્રીજીમહારાજ શુકસ્વામીને પ્રત્યક્ષ પુરુષોત્તમપણું જણાવતા હતા. અને જે ચોટી શ્રીજીમહારાજની શુકસ્વામીએ કાપી લીધી હતી તે એમના શિષ્ય પાસે છે. ॥૧૩૪॥

૧૩૫. મુક્તાનંદસ્વામીએ મહારાજને શાંતિનો ઉપાય પૂછ્યો.

અને એક દિવસે મહારાજ ગઢપુરમાં સભા કરીને બેઠા હતા. તે દિવસે મુક્તાનંદસ્વામીએ મહારાજને પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! શાંતીની વાત કરો." ત્યારે મહારાજ પોતાના જન્મથી આરંભીને પોતે જે જે ચરિત્ર કર્યાં તથા ચમત્કાર-પ્રતાપ દેખાડ્યો તે વાર્તા કરતા હતા. તે કેવી રીતે ? તો મહારાજ કહે જે, "અમે **અયોધ્યા**માં રહેતા હતા. ત્યારે હનુમાનજી આદિક જે જે દેવમંદિર હતાં ત્યાં ફરતા, ને વેરાગીને

પ્રશ્ન પૂછતા અને તેનાથી ઉત્તર ના થાય ત્યારે ક્રોધ કરે, તે અમે બીતા નહિ, એને ઘણોક અલૌકિક ચમત્કાર દેખાડતા. ને કોઈને સમાધિ કરાવીને સજ્જડ કરીને ચાલી નીકળતા. અને ઘર મૂકીને વનમાં ગયા.

ને ત્યાંથી ફરતાં ફરતાં **ગોપાળયોગી** પાસે એક વર્ષ રહ્યા. ને ત્યાંથી **નવલખા પર્વત** ઉપર ગયા. ત્યારે અમને નવલાખ સિદ્ધ મળવા સારુ ઊઠ્યા. તેમને અમે નવલાખ સ્વરૂપે મળ્યા ને તેમને અમારા સ્વરૂપનું જ્ઞાન આપી દર્શન દઈને ત્યાંથી ચાલ્યા, તે ફરતાં ફરતાં વનમાં એક **જેરામ** ને એની મા બંને રહેતાં હતાં ત્યાં આવ્યા. ને ત્યાંથી ચાલ્યા તે **જગન્નાથપુરી**માં આવ્યા. ને ત્યાં દસ હજાર વેરાગીનો ઘાણ કાઢી નંખાવ્યો. ને ત્યાંથી ચાલ્યા તે **પિબેક**ને જીત્યો ને ત્યાંથી ચાલ્યા તે **પંઢરપુર** આવ્યા.

ને પછી **નાસિક ત્રંબક** થઈ **તાપી** નદી ઊતરીને પછી **નર્મદા, મહીસાગર, સાબરમતી** નદી ઊતરીને **ભીમનાથ** થઈને **ગોપનાથ** ગયા. ને ત્યાંથી **તળાજા, ઊના** થઈને **ગુપ્તપ્રયાગ** આવ્યા ને દોઢ માસ રાયણ હેઠે રહ્યા. ને ત્યાંથી **લોઢવે** આવ્યા ને લોઢવામાં ત્રણ માસ રહીને **પ્રાચી** થઈ **પ્રભાસ** ગયા. ને ત્યાંથી **માંગરોળ** થઈને **લોજ**માં આવીને વાવ ઉપર બેઠા. ને **સુખાનંદસ્વામી** તમારી પાસે તેડી લાવ્યા. ને પછી **રામાનંદસ્વામી**નો મેળાપ થયો ને પછી સ્વામી સ્વધામ ગયા ને પછી અમે ભૂજ ગયા. ને ત્યાંથી પાછા **આખુ-પીપલાણુ-પંચાળુ** એ આદિક ગામોમાં ફરતાં ફરતાં **કારિયાણી** થઈને અહીં આવ્યા." એમ પોતાની લીલા સંબંધી શાંતીની વાત કરીને જણાવ્યું જે, **'મારી લીલા સંભારવી, તેથી મારી મૂર્તિનું સ્મરણ સે'જે થઈ આવે. ને જે મૂર્તિનું સ્મરણ તે જ શાંતીને કરનારું છે.'** એમ જાણીને મહારાજે શાંતીનો ઉત્તર કર્યો પણ એ વાત સ્વામીને સમજાઈ નહીં. ને સ્વામીના મનમાં એમ થયું જે, 'મહારાજ બીજે રસ્તે ચઢી ગયા.' પછી મહારાજ ઊઠીને અક્ષરઓરડીમાં પધાર્યા. અને સંત સર્વે ઉતારા ઉપર ગયા.

અને બીજે દિવસે સભા થઈ ત્યારે પણ સ્વામીએ શાંતીનો પ્રશ્ન પૂછ્યો. ત્યારે મહારાજ કહે જે, “સ્વામી, અમે **સ્વરૂપાનંદસ્વામી** માંદા થયા હતા તે જોવા ગયા ને સ્વામી પણ બહુ આત્મનિષ્ઠ હતા. તે કેવા ? તો **પોતાને ગૂમડું થયું હતું તેમાં જીવ પડ્યા. તેમાંથી જીવ નીચે ખરી પડ્યો. તેને હાથે ઝાલીને ગૂમડાંમાં મેલીને કહે જે, ‘ખા, એ તેરા ખાણા હૈ.’ એવા આત્મનિષ્ઠ હતા.** તેને પણ બહુ બળતરા થઈ ને રહેવાય નહીં. તેથી અમને કહે જે, ‘હે મહારાજ ! બહુ જ બળતરા થાય છે.’ તેથી અમે મળિયાગર ચંદન ઘસીને સ્વામીને શરીરે ચોપડ્યું, પણ શાંતી થઈ નહીં. ત્યારે સ્વામી કહે જે, ‘મહારાજ, બળતરા શમતી નથી.’

ત્યારે અમે કહ્યું જે, અમોએ તો તમને બળતરા શમે તે સારુ મળિયાગર ચંદન ચોપડ્યું, તોય ના શમી. ત્યારે કેમ કરીએ ? એવાં વચન સાંભળીને સ્વામી અકળાઈને કહે જે, ‘હે મહારાજ ! તમારા જ કામ હૈ, ને તમે જ બળતરા મેલી છે. એ દૂસરાકા કામ નહીં હૈ ને મુથી રહા નહીં જાતા હૈ.’ ત્યારે અમે સ્વામીને કહ્યું જે, આ દાદા ખાચરના દરબારને તથા લીમતરું તથા આ બજાર, ખળખળિયો – એમ અમે જ્યાં નાયા-ધોયા હઈયે તથા બેઠા હઈયે તેનું ચિંતવન કરો તો શાંતી થાય. ત્યારે તેમણે તેમ કર્યું, ત્યારે શાંતી થઈ.”

એમ બીજે દિવસે મહારાજે સભામાં કહ્યું ને પોતાના જન્મથી લઈને ગઢડામાં પોતે આવ્યા ત્યાં સુધીનું ચરિત્ર કહી સંભળાવ્યું. તોપણ સ્વામી તે વાતને ન સમજતા હતા ને મહારાજ અક્ષરઓરડીએ ગયા ને સર્વે સંતો પોતપોતાના ઉતારામાં ગયા. ॥૧૩૫॥

૧૩૬. મુક્તાનંદસ્વામી ને નિત્યાનંદસ્વામી બેયને કારિયાણી વનવાસ દીધો.

અને ત્રીજે દિવસે સભા થઈ ત્યારે તેનો તે પ્રશ્ન સભામાં કર્યો. ત્યારે મહારાજ કહે જે, “હે સ્વામી ! નિત્યાનંદસ્વામી એ પ્રશ્નનો ઉત્તર

કરશે.” એમ કહીને મહારાજ પોતે ઊઠી ગયા ને સર્વે સભા ઊઠી. ને મુક્તાનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામી બેય ઊઠીને ઉતારા ઉપર આવતા હતા. ને નિત્યાનંદસ્વામી મહારાજે શાંતીનો ઉત્તર કર્યો તેને સમજેલા. તેથી મુક્તાનંદસ્વામીને કહે જે, “હે સ્વામી ! મહારાજે બે દિવસથી શાંતીનો પ્રશ્નનો ઉત્તર એવો કર્યો જે, **‘મારા બાળચરિત્રનું સ્મરણ કરે તેથી મારી મૂર્તિનું ચિંતવન થાય, એ જ શાંતીનો ઉપાય છે. એ જેવો બીજો કોઈ શાંતીનો ઉપાય નથી.’** એવો ઉત્તર કર્યો. તે આપને સમજાયો નહીં તેથી આજે ત્રીજી વાર તમોએ પ્રશ્ન પૂછ્યો તેથી મહારાજ ઊઠીને ચાલી નીકળ્યા.”

એ વાત સાંભળીને મુક્તાનંદસ્વામી બોલ્યા જે, ‘હે નિત્યાનંદ સ્વામી ! મહારાજે બરોબર શાંતીની વાત કરી, પણ મારા સમજ્યામાં આવી નહીં. ને આ તમે કહ્યું તેથી ગેડ પાકી બેસી ગઈ જે, ભગવાનની મૂર્તિ વિના બીજે કંઈ શાંતિ નથી.’ એવી વાત બે સદ્‌ગુરુ મળીને કરે છે. તેટલાકમાં મહારાજે કરીમ ભગતને બોલાવીને કહ્યું જે, “તમે ગાડું જોડી બેય સદ્‌ગુરુને કારિયાણી મેલીને આવજો.” એવું કરીમ ભગતને કહ્યું. તેથી કરીમ ભગતે સદ્‌ગુરુની પાસે આવીને કહ્યું જે, “તમો તૈયાર થાજો, સવારે કારિયાણી જવાનું છે. ને મહારાજ કહે જે, બારોબાર જાય, અમારે દર્શને પણ ના આવે.”

એવાં કરીમનાં વચન સાંભળીને નિત્યાનંદસ્વામી કહે જે, “હે સ્વામી ! અતિ પ્રશ્નમાંથી આવું નિપજ્યું.” એવું સાંભળી મુક્તાનંદ સ્વામીને મહારાજનો વિયોગ થાશે. તે નિમિત્તની ઘણી બળતરા થઈ. તે સવારોસવાર નિદ્રા પણ આવી નહીં, તેટલાકમાં કરીમભગત ગાડું લઈને આવ્યા. તે ગાડામાં બેય સદ્‌ગુરુને બેસાડીને લઈ ચાલ્યા. તે **કારિયાણી** ગયા ને પછી ત્યાં સદ્‌ગુરુને ઉતારીને પાછા વળે છે; તેટલાકમાં મુક્તાનંદસ્વામીએ બહુ જ વિનંતીએ સહિત મહારાજની પ્રાર્થના કરીમભગત દ્વારે કે’વરાવી, ને કહે જે, “હે કરીમભગત !

અમને મહારાજ ભેગા કોઈ દિવસ કરજો." એવાં સ્વામીનાં દિલગીરીનાં વચન સાંભળીને કરીમભગત ગાડું જોડીને ગઢડે આવ્યા.

ને મહારાજને સ્વામીની વિનંતી કહીને કહે જે, "હે મહારાજ ! સીતાજીને રામચંદ્રે વનવાસ દીધો. તે કામમાં લક્ષ્મણજીને મોકલ્યા હતા. તેમ તમોએ મને આ કામમાં પ્રેર્યો ને સ્વામી તો બહુ જ પ્રશ્ચાતાપ કરે છે." એવાં કરીમભગતનાં વચન સાંભળીને જેમ ન જાણતા હોયને શું ? તેમ કરીમભગતને કહે જે, "હે કરીમભગત, એવું થયું ? જાવ જાવ, ગાડું લઈને સ્વામીને તેડી લાવો." તેથી કરીમભગત ગાડું લઈને બીજે દિવસે બેય સદ્‌ગુરુને તેડી લાવ્યા.

ને બેય સદ્‌ગુરુ મહારાજને વિનંતીએ સહિત પગે લાગીને બેઠા. ને મુક્તાનંદસ્વામી મહારાજને વિનંતી કરીને કહે જે, **"હે મહારાજ ! તમોએ શાંતિની વાત બે દિવસ કરી પણ તે મને સમજાઈ નહીં. તેથી મેં ત્રીજે દિવસે પ્રશ્ન કર્યો ને નિત્યાનંદસ્વામી સમજી ગયા હતા. તે એમણે મને કહ્યું ત્યારે સમજાયું. માટે મારી ભૂલ માફ કરો,** તમોએ મારું બહુ જ હિત કર્યું, નૈ તો આ વાત સમજાત નહીં." એમ કહી વિનંતીએ સહિત મહારાજને પગે લાગતા હતા. ને બેય સદ્‌ગુરુ દર્શન કરીને પોતાને ઉતારે જાતા હવા. ||૧૩૬||

૧૩૭. સંતોની ધ્રાંગધ્રાના વૈરાગીએ પૂજા કરીને લૂંટી લીધા તે વાત

અને વળી એક દિવસે મહારાજે પ્રકરણ ફેરવ્યું. તે સંતને જગતના વૈરાગી ફરે છે તેમ ઠાકોરજીનું સિંહાસન ને માંહી ઠાકોરજીની મૂર્તિ ને થાળ તથા આરતી, ધુન્ય, ઘડિયાળ, શંખ, તુરાઈએ સહિત વગાડીને આરતી કરવી; ને ગામોગામ બહાર જમાતની પેઠે ઉતારો કરવો ને ફરવું, એવું પ્રકરણ ચલાવ્યું. તેથી સંતમંડળ તેમ કરતાં ને ગામોગામ ફરતાં ફરતાં **ધ્રાંગધ્રા**માં ગયા. ને ત્યાં વૈરાગીની જમાત આવી. તેમણે

બધી રીત જોઈને કહે જે, "આમણે તો આપડી બધી રીત લીધી, તેથી એમનો સંપ્રદાય ચાલશે ને આપડું ભાંગી પડશે. તે એમને આપડી રીત મુકાવી દઈએ. એમ વિચાર કરીને દરબારમાં જઈને દરબારને લાંચ ભરીને કહે જે, "તમે બોલશો નહીં, અમારી રીત સ્વામિનારાયણ વાળાએ લીધી છે. તે અમારે મુકાવવી છે."

ત્યારે દરબાર કહે જે, 'ઠીક.' એવી રીતનું વચન સાંભળીને ત્યાંથી જમાત પોતાનાં હથિયારો લઈને જ્યાં સાધુનું મંડળ હતું ત્યાં સાધુને લૂંટવા મંડ્યા ને મારવા મંડ્યા. તે જોઈને મુક્તાનંદસ્વામી કહે જે, 'હે મહાપુરુષો ! નિર્માની વર્તમાનનું આજ કામ પડ્યું છે. તે તમે કંઈક કરશો તો સ્વામિનારાયણની લાજ જાશે.' એમ કહીને લૂંટવા આવ્યા હતા તેને કહે જે, 'તમને લૂંટતાં આવડતું નથી ને લૂંટતાં આવડતું હોય તો હથિયાર હેઠે મેલો નહીં. માટે હથિયાર હાથ કરો. કેમ જે, આ તો બધાય પટાના રમનારા છે. તે કોઈના હાથમાં હથિયાર આવશે તો તમને સર્વેને મારશે.' એમ કહીને હથિયાર હાથ કરાવ્યાં.

ને તે વેરાગી લોકોએ ઠાકોરજીનું સિંહાસન ભાંગી નાંખ્યું ને મૂર્તિ ખંડિત કરી ને ઘડિયાળ, તુરાઈ, શંખ વિગેરે વાજિંત્ર લઈ ગયા. ત્યારપછી **કપિલેશ્વરાનંદસ્વામી**ને છાતીમાં બરછી અડાડી. ત્યારે સ્વામી કહે જે, "તારા ને આ બરછીના રઈ રઈ જેટલા કટકા કરું. ચાલીસ મણ બાજરીની કોઠી ભરેલી હોય તો ગણતીમાં નથી ને જમવાનું પાંચ મણનો લાડુ હોય ત્યાં સુધી કડકો પડ્યો રહે નહીં એવું મારામાં બળ છે, પણ સ્વામિનારાયણની આજ્ઞા આડી આવે છે." એમ કહ્યું. એવી રીતે સંતમંડળને લૂંટીને ગયા.

ત્યાર પછી સર્વે સંતો ભેગા થઈને દરબારમાં ફરિયાદે ગયા. ત્યારે પ્રથમથી વૈરાગીએ લાંચ ભરેલી તેથી દરબાર કહે જે, "ગાયેગાયો ભરી પીવો." ત્યારે આપણા સંત કહે જે, 'એક ગાય તો શીંગડાવાળી છે ને એક બોડી છે.' ત્યારે રાજા કહે જે, "શીંગડાવાળી તોય ગાયને ?" એમ

કહીને ન્યાય કર્યો નહીં. તેથી સર્વે સાધુ ત્યાંથી પાછા વળીને ફરતાં ફરતાં **ગઢપુર**માં આવ્યા ને મહારાજને સર્વે હકીકત કહી.

ત્યારે મહારાજ કહે જે, "તમોએ ક્ષમા રાખી તે બહુ સારું થયું, ને તમારી ક્ષમાએ કરીને એમનો પરાભવ થાશે. ને જ્ઞાનદૃષ્ટિએ કરીને જુવો તો આપણું આમાં શું ગયું ? કાંઈ ગયું નથી. ને તમે કોણ છો તે વિચારી જુઓ." એમ કહીને સર્વે સંતને પોતાના પૂર્વના સ્વરૂપનું જ્ઞાન આપ્યું. તેથી સર્વે સંત કહે જે, **"અમે તો અક્ષરમુક્ત છીએ, તેજોમય આપણું સ્વરૂપ છે ને મહારાજ આપણે સમીપે બેઠા છે."** એવું સર્વેને પોતપોતાનું સ્વરૂપ દેખાડીને સર્વેનો શોક ટાળી નાખ્યો.

તે વાત જોઈને સંત કહે જે, "અમને અમારું પૂર્વનું જ્ઞાન રે'વા દ્યો." ત્યારે મહારાજ કહે જે, "એમાં તમને સુખ નહીં આવે. કારણ કે કોઈ જીવ અપરાધ કરશે તે સર્વેને દુર્વાસાની પેઠે દુઃખ થાય; તેટલા સારુ તમો મારી મૂર્તિનું ધ્યાન કરશો ત્યારે તમને આ જ્ઞાન થઈ આવશે." એવી રીતે શ્રીજીમહારાજ પોતાનો અલૌકિક ચમત્કાર દેખાડીને સંતનો શોક હરતા હતા. ને આનંદ કરાવતા હતા ને સૌને પોતાની મૂર્તિનાં દર્શન વારે વારે આપતા હતા. ॥૧૩૭॥

૧૩૮. કીડીસખીને ધીરજ આપી તથા નાથાખાચરની વાત

અને એક દિવસે મહારાજ સભા કરીને બેઠા હતા. તે સમે **કીડીસખી** (ઉર્ફે) ભગવદાનંદ કરી ભારે ગવૈયા ને મધુર કંઠ, તે મહારાજની આગળ ગાયન કરે. ત્યારે મહારાજ ડોલતાં ડોલતાં ઈસ પર આવે. એવો એમના ગાયન ઉપર મહારાજનો રાજીપો; તેથી એમના મનમાં ગાયનનું માન આવ્યું. તેથી મનમાં એમ સંકલ્પ કર્યો જે, 'આવું ગાયન કોઈક રાજા આગળ કરીશ તો રાજા રાજી થઈને મને ગામ આપશે; તો હું ખાન-પાન, વિષય ભોગવીશ.' એવો સંકલ્પ થયો. તેથી મહારાજને કહે જે, "મારે જાવું છે."

ત્યારે મહારાજ કહે જે, "તમારે અમારા થાળની પ્રસાદી બે ટાણાં લેવી ને તમે સત્સંગમાં રહો." ત્યારે તે કહે જે, "ના મહારાજ !" ત્યારે મહારાજ કહે જે, "તમે શા સારુ સત્સંગમાંથી જાવ છો ?" ત્યારે તે કહે જે, "વિષય સારુ હું જાઉં છું." ત્યારે મહારાજ કહે જે, "તમે અમને શું જાણો છો ?" ત્યારે તે કહે જે, "હે મહારાજ ! હું તમને ભગવાન જાણું છું."

ત્યારે મહારાજ કહે જે, 'આ જગતને વિષય કોણ આપે છે ?" ત્યારે તે કહે જે, "તમો આપો છો." ત્યારે મહારાજ કહે જે, "સર્વેને હું આપું છું પણ તમને નહીં આપું." ત્યારે તે કહે જે, "કેમ નહીં આપો ?" ત્યારે મહારાજ કહે જે, "નહિ આપું." એમ મહારાજે કહ્યું પણ વિષના વેગથી મહારાજનું વચન ન માનીને સત્સંગથી બહાર ગયા. ને રસ્તે ચાલતાં વાડમાં હાથ ઘાલ્યો તે કંઈક (ઝેરી) જનાવર કરડ્યું; તેથી આંગળીઓ સડીને તૂટી પડી. ને સરોદો વગાડે એવું રહ્યું નહીં પણ ખડ વેચીને દહાડા કાઢે એવુંય રહ્યું નહીં. તે મહારાજનું વચન ન માન્યું તેથી દુઃખ થયું, તે જાણવા સારુ આ વાત લખી છે.

તે જ દિવસે ગામ **પીપલગના ભગવાનદાસ** કેરીઓનો ટોપલો લઈને આવ્યા ને સભામાં મહારાજના મોઢા આગળ મેલીને પગે લાગ્યા. ત્યારે મહારાજ કહે જે, "ભગવાનદાસ, તમો અમારા સારુ સાઠ ગાઉથી કેરીઓ લાવ્યા, તે બહુ દાખડા કર્યા." એમ મહારાજ ભગવાનદાસ ઉપર રાજી થઈને ટોપલામાંથી એક કેરી હાથમાં લીધી.

તે સમે સુરા ખાચરનો દીકરો નાથો ખાચર સુરા ખાચરના ખોળામાં બેઠા હતા. તેની નજર કેરી સામી ગઈ. તેને જોઈને મહારાજ કહે જે, "તારા કોટમાં બસેં રૂપિયાનો સોનાનો દોરો છે, તે અમને આપ તો આ કેરી તને આપીએ." એવું મહારાજનું વચન સાંભળીને નાથા ખાચરે દોરો આપ્યો ને મહારાજના હાથમાંથી કેરી લીધી.

તે જોઈને મહારાજ વાત કરવા લાગ્યા ને કહે જે, "જુઓ, આ

બસો રૂપિયાનો દોરો છે, તેમાં કેટલીક કેરીઓ રહી છે; તેનું જ્ઞાન આ બાળકને હમણાં નથી. તે હમણે તો દોરા થકી અધિક એણે કેરી માની છે. તેમ આ સર્વ જીવની બુદ્ધિ બાળકના જેવી છે, ને દોરાને ઠેકાણે ભગવાન છે ને કેરીને ઠેકાણે વિષય છે. તે જ્યાં સુધી ભગવાનનું જ્ઞાન નથી ત્યાં સુધી કેરીને અધિક માને છે ને ભગવાનનું જ્ઞાન થાશે ત્યારે વિષયને તુચ્છ સમજશે. કેની પેઠે ? તો બાળકને જ્યારે આ દોરાનું જ્ઞાન થાશે ત્યારે કેરી સાટે દોરો નહીં આપે." એવી રીતે વિષયના નિષેધની ઘણીક વાર્તા તે દિવસ કરતા હતા. ॥૧૩૮॥

૧૩૯. વિષ્ણુદાસ બદરિકાશ્રમમાંથી બોર લાવ્યા.

અને એક દિવસ મહારાજ લીમડા નીચે સભા કરીને વિરાજમાન થયા હતા ને પોતે બદરિકાશ્રમમાં રહેનારા મુક્તની વાર્તા કરતાં કહે જે, "ત્યાં મોટા બોર થાય છે, તે બોરને તે મુક્ત જમે છે ને ભગવાનનું ભજન કરે છે." એવી વાત સાંભળીને સુરા ખાચર કહે જે, "હે મહારાજ ! એ બોર કેવાં સ્વાદુ હશે ને કેવાં મોટાં હશે ? અમે લઈ આવીએ ?" ત્યારે મહારાજ કહે જે, "તારી ચાર પેઢી જાય તોય પણ પુગાય નહીં." ત્યારે સુરો ખાચર કહે જે, "એ સ્વાદુ(બોર) ક્યાંથી મળે ?" ત્યારે મહારાજ કહે જે, "આ (સાધુ) વિષ્ણુદાસ છે તે તો સાડા ત્રણ દિવસમાં લઈને અહીં આવે." ત્યારે સુરો ખાચર કહે જે, "હે મહારાજ, દયા કરીને મંગાવો, જોઈએ તો ખરા !"

ત્યારે મહારાજ કહે જે, "હે વિષ્ણુદાસ ! તમે બદરિકાશ્રમમા જાવ ને બોર લઈ આવો." ત્યારે વિષ્ણુદાસ કહે જે, "હે મહારાજ ! ભાતું જોઈએ." ત્યારે મહારાજે પાંચ શેર સુખડી લાવી પ્રસાદીની કરીને બંધાવી. ને કહે જે, "હવે તમે જાવ." ત્યારે વિષ્ણુદાસ કહે જે, 'હે મહારાજ ! મેં મારગ દીઠો નથી તે મારે જોડ જોઈએ.' ત્યારે મહારાજ કહે જે, "તમારા સારુ જોડ અમે આગળ રાખી મૂકી છે. માટે તમે

અહીંથી ચાલો ને સાંજ પડે ત્યાં તમે રાત રહેજો; ને ત્યાં એક વડ ને તળાવ આવશે ત્યાં સૂઈ રહેજો ને સવારે ઊઠીને ચાલજો."

એમ કહીને હાથની સાને કરીને ઉત્તર દિશા ભણી રસ્તો બતાવ્યો, તેથી વિષ્ણુદાસ ચાલ્યા. તે જતાં જતાં સાંજ પડવા આવી ત્યાં વડ ને તળાવ દેખાયું; ત્યાં પોતે સૂઈ રહ્યા. ને બીજે દિવસે ઊઠીને ચાલ્યા તે ચાલતે ચાલતે થોડોક દિવસ રહ્યો ત્યારે પથરા નદી આવી. તેને કાઠે પોતે ઊભા રહીને પોતા પાસે લાકડી હતી. તેને પાણીમાં બોળી તે પાણીને યોગે કરીને ગળી ગઈ. તેથી પોતે પગ ના બોળ્યો ને વિચારમાં પડ્યા. તે સમે મહારાજની મૂર્તિનું ચિંતવન કરી ને મહારાજના બળથી નદી સૂંસરા ચાલ્યા ગયા પણ કાંઈ થયું નહીં. ને કાઠેથી આઘા ચાલ્યા ત્યારે મનમાં એમ વિચાર થયો જે, 'ઝાડ ઉપર ચડીને રાત રહું.' તેવાકમાં ઘડિયાળ તથા તુરાઈ એ આદિકનો શબ્દ સંભળાયો. તે શબ્દને સાંભળીને આઘા ચાલ્યા ત્યાં તો બોરડી પણ દેખાઈ ને હજારો મુક્તનાં સ્થાન પણ દીઠાં. તેને જોતાં જોતાં ચાલ્યા, ત્યાં આગળ મુક્તની મોટી સભા બેઠેલી. તેને મધ્યે **નરનારાયણ** બેઠેલા તેમને દીઠા.

તે સમે નરનારાયણ તથા બધા ઋષિ વિષ્ણુદાસજીને જોઈને હરખથી ઊભા થઈને વિષ્ણુદાસજીને મળતા હતા. તે મળીને પોતાની પાસે બેસાડ્યા ને સર્વે અહીંના સમાચાર પૂછ્યા. ત્યારે વિષ્ણુદાસજીએ સર્વે યથાવિધિ મહારાજનું સામર્થ ઐશ્વર્ય, પ્રતાપ તથા સંતની રીત કહી દેખાડી. ત્યારે તે નરનારાયણ કહે જે, **"કંઈક મહાપ્રભુનો પ્રસાદ અમ સારુ લાવ્યા છો ?"** ત્યારે વિષ્ણુદાસ કહે, 'કંઈ નથી.'

ત્યારે સર્વે કહે જે, "આ કાંઈક લાવ્યા છે ખરા !" એમ કહીને વિષ્ણુદાસની પાસેથી સુખડી નરનારાયણ દેવે લઈ લીધી. ને પોતે પ્રસાદ લીધો ને સર્વેને વહેંચી આપ્યો. પછી કહે જે, "હે વિષ્ણુદાસ ! તમે ભલે આવ્યા ! કેમ જે, અમને પ્રસાદ મળ્યો તે ઘણો લાભ થયો. ને મહાપ્રભુજીના સમાચાર તમે કહ્યા તેથી અમને અતિશય પ્રત્યક્ષ

(દર્શન) જેટલો લાભ થયો. હવે તમારું આવવાનું કારણ કહો." ત્યારે વિષ્ણુદાસજીએ કહ્યું જે, "હું બોર લેવા સારુ આવ્યો છું." પછી તે બોરડી સામું જોયું ત્યાં તો મણ મણનું બોર દેખાય ને કંઈક તો ફૂલમાં છે એવાં પણ દીઠાં. એવી રીતે અનેક વિધિનાં બોર દીઠાં તેથી મનમાં ઘણા રાજી થયા. પછી નરનારાયણ દેવને કહ્યું જે, "મને બોર લેવા સારુ મોકલ્યો છે." ત્યારે તેમણે બે બોર મણ મણનાં આપ્યાં. ત્યારે તે બોર લઈને કહે જે, "હું કેમ કરીને જાઉં ?"

ત્યારે નરનારાયણ કહે જે, "ચાર સિદ્ધ તમને મેલવા સારુ આવે છે. તે મેલીને પાછા આવશે અને તમે રસ્તામાં ચાલજો એટલે એક ગામ આવશે. ત્યાં તમને સદાવ્રત મળશે. તે ત્યાં તમે જમીને એક બાવાની જગ્યા આવશે ત્યાં સૂઈ રહેજો. ને **મહાપ્રભુજીને અમારા તથા મુક્તના ઘણા દંડવતપૂર્વકથી નારાયણ કહેજો ને વિનંતીએ સહિત અમારા વતી પગે લાગજો."** એમ કહીને વિષ્ણુદાસની સાથે મુક્તને મોકલ્યા. પણ વિષ્ણુદાસથી બેઉ બોર ઉપડે નહીં, તેથી અડધું પડી મેલીને દોઢ બોર લઈને મુક્તની સાથે ચાલ્યા. તે પથરા નદી ઊતરીને આ કાંઠે આવ્યા. ત્યારે મુક્ત પગે લાગીને પાછા ગયા.

અને વિષ્ણુદાસજી ત્યાંથી ચાલ્યા આવે છે એટલામાં બે વાઘ એમની આગળ ચાલે, એવી રીતે ચાલતે ચાલતે એક શહેર આવ્યું. ત્યાં વણિક સદાવ્રતવાળો મળ્યો. તે કહે જે, 'મારે ઘેર ચાલો.' એમ કહીને ઘેર તેડી જઈને સારી પેઠે જમાડ્યા ને ગામથી છેટે એક બાવાની જગ્યા હતી. તેમાં સુવારીને કહે જે, "તમે મને પૂછીને સવારે ચાલજો, પૂછ્યા વિના ચાલશો નહીં.' એમ કહીને તે વાણિયો ઘેર ગયો ને વિષ્ણુદાસ સૂઈ ગયા. ને સવારે ઊઠ્યા ત્યારે ત્યાં ગામ પણ નહીં ને વસ્તી પણ નહીં ને જગ્યા પણ નહીં ને એક બાવો બેસી રહેલો.

તેને જોઈને વિષ્ણુદાસજી કહે જે, "આ જગ્યા ક્યાં ગઈ ? ને ગામ ક્યાં ગયું ?" ત્યારે તે બાવો કહે જે, "અહીં તો જગ્યા કુછ નહીં

હૈ ને વાણિયા બી નહીં હૈ. તુમ ચલો, હમ તુમેરી સાથ આતે હૈ." એમ કહીને વિષ્ણુદાસની સાથે તે બાવો ચાલ્યો. ને વિષ્ણુદાસ ત્યાંથી ચાલ્યા તે પ્રથમ જે વડ ને તળાવ આવ્યું હતું ત્યાં બન્ને જણ આવ્યા. પછી ત્યાંથી ચાલ્યા તે ગઢપુરમાં ચોથે દિવસે આવીને મહારાજને સભામાં દોઢ બોર આપ્યું. ને ત્યાંના સર્વે સમાચાર કહ્યા. તે સાંભળીને સર્વે સાધુ તથા સુરો ખાચર તથા હરિજન વિગેરે સર્વે ઘણું આશ્ચર્ય પામ્યાં. અને બોર સુધારીને સર્વેને પ્રસાદ આપ્યો તે સર્વે જમી ગયા. અને જે બાવાને સાથે તેડી લાવ્યા તે કોણ હતા ? **તો પૂર્વે મહારાજને વનમાં સાથવો ને મીઠું આપ્યું હતું તે શિવજી હતા.** તેમને અહીં તેડી લાવ્યા.

તે મહારાજે તેમનું નામ **'શંકરસ્વામી'** પાડીને સાધુ કર્યા ને વિષ્ણુદાસજીની જોડ કરી આપી. **એવો ઐશ્વર્ય-પ્રતાપ તો પોતાના સંત દ્વારે બતાવ્યો. ને અવતાર આદિકનાં જેવાં કાર્ય તો સંત દ્વારે કરાવ્યાં. ત્યારે એમને સર્વે અવતારના અવતારી કોણ ના કહે ? સર્વે કહે.** મેં તો આ એક જ ચમત્કાર કહ્યો, એવા અગણીત ચમત્કાર દેખાય છે. તે મેં મારી નજરે જોયા છે." એમ અદ્‌ભુતાનંદસ્વામી કહેતા હતા. ને સ્વામી કહે જે, "કહેતાં લખતાં પાર આવે એમ નથી ને આ તો અલ્પ કહ્યું છે. એવી રીતે મહારાજે બદરિકાશ્રમમાંથી વિષ્ણુદાસ(સ્વામી) પાસે બોર મંગાવીને સર્વેને પ્રસાદ જમાડ્યો અને હું પણ બોરનો પ્રસાદ લઈને જમી ગયો." એમ અદ્‌ભુતાનંદસ્વામી કહેતા હતા. ॥૧૩૯॥

૧૪૦. ભણનારા સાધુએ મહારાજને કેરી જમાડી.

અને વળી ગઢડામાં લક્ષ્મીબાગમાં **કાળિયો** નામે એક **આંબો** હતો. તે ઉપર કેરીઓ ઘણી હતી ને સાખ પડી હતી. તેથી કરીમ ભગતને સાચવવા મેલ્યા હતા. તે કરીમ ભગતે એક દીવસે ચાર કેરીઓ લઈને મુક્તાનંદસ્વામીને આપી. તે મુક્તાનંદસ્વામીએ ચાર કેરી પકવી ને રસ-રોટલી કરીને મહારાજને જમાડતા હતા. તેવી જ રીતે કરીમ ભગતે બીજી ચાર કેરીઓ નિત્યાનંદસ્વામીને આપીયો તથા બ્રહ્માનંદસ્વામીને

આપીયો તથા ચૈતન્યાનંદસ્વામીને આપીયો. તે સર્વે સંતો મહારાજને જમાડતા હતા. ને ભણનારા સાધુ નિરતંર વાડીએ નાહ્વા જાય ને કરીમ ભગતને કહે જે, "હે કરીમભગત ! અમારે મહારાજને કેરીઓ જમાડવી છે, તે અમને આપો." એમ સર્વે ભણનારા વારાફરતી કેરીઓ લાવીને મહારાજને જમાડે.

તે એક દીવસે કરીમ ભગતે પાંચ કેરીઓ લઈને મહારાજ પાસે મેલીયો. તે કેરીઓ જોઈને મહારાજ કહે જે, "હે કરીમ ભગત, કાળિયા આંબા ઉપર કેટલી કેરીઓ છે ?" ત્યારે કરીમ ભગત કહે જે, "હે મહારાજ ! થોડી કેરીઓ છે." ત્યારે મહારાજ કહે જે, "કેમ થોડી છે ?" ત્યારે કરીમ ભગત કહે જે, "હે મહારાજ ! ભણનારા સાધુ વારાફરતી નાહ્વા સારુ આવે છે ને કહે જે, 'ભગત, અમને કેરીઓ આપો, અમારે મહારાજને જમાડવી છે.' તે જો હું તમારા સારુ માગે ને ના આપું તો હું ભગત ના ઠરું ને આપું છું તો કેરીઓ ઓછી થાય છે." એમ કહીને ભગત વાડીએ ગયા.

પછી મહારાજ ભણનારા સાધુને કહે જે, "તમે અમને કેરીઓ જમાડો છો તે આગળ પામવા સારુ જમાડો છો; માટે તમને આ ને આ દેહે કરીઓ ખૂબ ખવરાવીએ." એમ કહીને લાધા ઠક્કરને કહે જે, "વરતાલ આદિક ગામડાંના હરિજન ઉપર કાગળ લખો જે, 'અમારા ભણનારા સાધુ તમારે ત્યાં મોકલ્યા છે. તે ખૂબ કેરીઓ ખવરાવજો.' એવો કાગળ મહારાજે લાધા ઠક્કર પાસે લખાવ્યો. ને ભણનારાને કહે જે, "તમો તૈયાર થાવ." ત્યારે તે ભણનારા ઉતારા ઉપર જઈ તૈયાર થવા મંડ્યા.

તેમને જોઈને બ્રહ્માનંદસ્વામીએ પૂછ્યું જે, 'અલ્યા, ક્યાં જાવ છો ?' ત્યારે ભણનારાએ સર્વે હકીકત બ્રહ્માનંદસ્વામીને કહી. તેથી બ્રહ્માનંદસ્વામી, મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી. એ ચારેય સદ્‌ગુરુ અક્ષરઓરડીમાં મહારાજની પાસે આવીને બેઠા.

ને બ્રહ્માનંદસ્વામી કહે જે, 'હે મહારાજ ! તમે ભણનારાને દંડ

બહુ સારો આપ્યો." ત્યારે મહારાજ કહે જે, "કેમ ?" ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે જે, "હે મહારાજ ! એક રાજા હતો. તે દૂધ-ભાત ને સાકર જમતો હતો. તેને જમતે જમતે એક સાકરની કાંકરી દાંત તળે આવી. તે જોઈને રાજા કહે જે, 'આવી સાકર કોણે દળી હતી ?' ત્યારે કહે જે, 'દાસીએ દળી હતી.' ત્યારે રાજા કહે જે, 'એને સાકર ચવરાવો.' તેમ તમોએ કર્યું."

ત્યારે મહારાજ કહે જે, "એમ કેમ કહો છો ?" ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે જે, "આ ભણનારા કોઈ સારસ્વતની એક વૃત્તિ ભણ્યા છે, કોઈ બે ભણ્યા છે. તે સર્વે ભૂલી જાશે. કેમ જે, કેરીઓ ખાવાની મનમાં ઈચ્છા હતી. તે તમોએ કાગળ લખ્યો તેથી હરિજન ખૂબ કેરીઓ ખવરાવશે ને ખાઈને ખૂબ ઊંઘી જાશે; તેથી ભણેલું ભૂલી જાશે." એવાં બ્રહ્માનંદસ્વામીનાં વચન સાંભળીને મહારાજ કહે જે, "લાધા ઠક્કર, કાગળ ફાડી નાખો ને ભણનારાને જવાની ના પાડો." ત્યારે લાધે ઠક્કરે એમ કર્યું. એવી રીતની મહારાજ રમૂજ કરતા હતા. ॥૧૪૦॥

૧૪૧. ગોંડળના શેખમિયાંની વાત

વળી એક દીવસે મહારાજ નાન ખાચરના ઓરડાની ઉગમણા બારની ઓસરીએ વિરાજમાન હતા. તે સમે ગામ ગોંડળના શેખમિયાં આવ્યા. તે મહારાજનાં દર્શન કરીને મહારાજની પાસે બેઠા. તેના નિશ્ચયની પરીક્ષા કરવા સારુ તથા બધા કાઠીના મનમાં એમ રે'તું હતું જે, 'આ મુસલમાન છે ને મહારાજ એને પાસે બેસારે છે; ને વળી આપણી આગળ પણ બેસારે છે.' એવો કાઠીનો સંકલ્પ ટાળવા સારુ મહારાજ શેખજીને કહે જે, "તું મને માર્ય." એવું સો વાર મહારાજે કહ્યું. અને એ ના પાડે તોપણ મહારાજે બહુ વાર કહ્યું.

ત્યારે એકવાર શેખજી એવું બોલી ગયા જે, **'તમે કહેતા હો તો હું મારું.'** એવું શેખજીનું વચન સાંભળીને મહારાજ કહે જે, 'કોઈ

આટલામાં છે ? આ અમને મારું એમ કહે છે, માટે એને અહીંથી ધક્કે મારી કાઢી મેલો.' તે સમે કાઠી તો વાટ જોઈ રહ્યા હતા. તે શેખજીને ધક્કે મારીને ઓસરી ઉપરથી ઉતારી મેલ્યો. ને બપોરે જમવાની પંક્તિ થઈ ત્યારે એમને કોઈકે જમવાનું આપ્યું. ત્યારે તે જોઈને મહારાજ કહે જે, "આને જમવાનુ કેણે આપ્યું ? એની તાંસળીમાં ધૂળ નાખો." એમ કહીને ધૂળ નંખાવી ને દરબારમાંથી કાઢી મેલ્યા.

તે શેખજી ગોંડળ ગયા ને ગોંડળના રાજા હઠીભાઈને ત્યાં ચાકર રહ્યા. તે વાત મહારાજે જાણી તેથી દરબારને કે'વરાવ્યું જે, 'એ અમને 'મારું' એમ કહીને આવ્યો છે. તેને તમે સત્સંગી થઈને નોકરીમાં કેમ રાખ્યો ?' તે વાત દરબારે સાંભળી ને પોતે શેખજીને રજા આપી. તે ત્યાંથી શેખજી **રાજકોટ** જઈને કુસંગમાં ચાકર રહ્યા.

અને એક દિવસ દાદા ખાચરને રાજકોટ કોઈક કામે જવાનું થયું. ત્યારે મહારાજ દાદા ખાચરને કહે જે, 'પેલો શેખજી મળે તો એની સાથે બોલશો નહીં." ત્યારે દાદા ખાચર કહે જે, 'ઠીક.' એમ કહીને રાજકોટ ગયા. ને દાદા ખાચરને રાજકોટ આવેલા જાણીને શેખજી દાદા ખાચર પાસે આવીને ઘણોક પશ્ચાત્તાપ કરીને કહે જે, **"મારા જેવો કોઈ મૂરખ નહીં ને મેં બહુ ભૂંડું કામ કર્યું. ને મહારાજ તો પરમ દયાળુ છે ને કૃપાળુ છે ને હું જીવ તે મારા અપરાધ સામું નહીં જુવે ને કોઈક દિવસે મહારાજનાં મને દયા કરીને દર્શન કરાવજો." એવી રીતે સીતાજીની પેઠે પોતાનો અવગુણ લીધો, પણ મહારાજનો લેશમાત્ર અવગુણ ના લીધો.** તેથી દાદા ખાચરે મહારાજને એ વાત લખી જણાવી.

ત્યારે મહારાજે કહી મોકલ્યું જે, 'જેમ શેખજી કહે તેમ કરજો, એના ઉપર હું ઘણો રાજી છું.' એવું લખી મોકલ્યું. તેથી દાદા ખાચર પોતાની સંગાથે શેખજીને લઈને ગઢડે આવ્યા. તે જ્યાં ગઢડાનો સીમાડો આવ્યો ત્યારે ઘોડા ઉપરથી ઊતરીને શેખજીએ હાથ જોડ્યા ને

મોઢામાં ખડ લીધું ને બગલમાં ઘોડાની સરક; એવી રીતે દરબારમાં આવ્યા.

તે સમે મહારાજ જે જગ્યાએ 'મારો મારો' કહ્યું હતું તે જ જગ્યાએ વિરાજમાન હતા. તે ત્યાંથી તત્કાળ ઊઠી સનમુખ જઈને શેખજીને મળતા હતા ને હાથ ઝાલીને પોતાની પાસે બેસાડતા હતા. તે વાત જોઈને કાઠીનો જે પાસે બેસાડવાનો સંકલ્પ હતો તે ટળી ગયો. ને સર્વે એમ કે'વા લાગ્યા જે, **"આના જેવી આપણી પરીક્ષા લે તો આપણે સત્સંગ રહે નહીં.** અને આપણ સર્વે એમ મનમાં ધારતા હતા જે, આને આપણી આગળ બેસારે છે, પણ તે બેસારવા જેવા જ છે; તેથી મહારાજ બેસારતા હતા, તે આપણને નક્કી સમજાયું. માટે એમનાં ચરિત્રને વિશે આપણે કોઈ વાતનો સંશય કરવા જેવું છે જ નહીં. ને એ જે કરતા હશે તે સારુ જ કરતા હશે..!" એવી રીતે મહારાજે શેખજીના નિશ્ચયની પરીક્ષા સર્વેને જણાવી ને સર્વેને જે સંશય હતો તેને ટાળી નાખતા હતા. એવી રીતે ગઢપુરમાં રહીને અનેક પ્રકારની લીલા કરતા હતા. ॥૧૪૧॥

૧૪૨. ગામ બોટાદના હમીર ખાચરના નિશ્ચયની વાત

અને મહારાજે નિશ્ચય ઉપર બીજી વાત કરી જે, "ગામ બોટાદના રહેવાસી હમીર ખાચર નામે કાઠી હતા. તેની વિગતી જે હમીર ખાચરે મહારાજને સર્વે સંતે સહિત પોતાને ઘેર તેડીને હુતાશનીનો સમૈયો કરાવ્યો. વળી સંતને રસોઈ ઘણી વાર આપી ને મહારાજને ઘણી વાર તેડ્યા, પણ 'આ મહારાજ ભગવાન છે' એવો નિશ્ચય ન થયો. ને મહારાજને મોટા પુરુષ જાણીને પગે લાગે, પણ ભગવાન જાણીને દંડવત કોઈ દિવસે કરે નહીં.

તે વાત સંતે જાણી તેથી મહારાજનો ભગવાનપણાનો નિશ્ચય કરાવા સારુ ઘણા સદ્‌ગુરુઓએ ઘણીક વાતો કરી, પણ મહારાજ

ભગવાન છે એવી ઘેડ ન બેઠી. પણ સાધુ આવે ત્યારે સાધુ પાસે બેસવાનો તો અભ્યાસ ખરો. તેથી અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, "હું ફરતો ફરતો બોટાદમાં જઈને એમના દરબારમાં ઊતર્યો ને ત્યાં રાત રહ્યો. ને બીજે દિવસે સવારમાં નાહી-ધોઈને દરબારમાં એક ઓરડી હતી ત્યાં સાધુ હમેશાં ઊતરતા. ત્યાં બેસીને મહારાજની માનસીપૂજા મેં કરી. તેવામાં હમીર ખાચર આવીને મારી સામા બેઠા.

તે સમે મારી પાસે મહારાજની પ્રસાદીનું વસ્ત્ર હતું. તે મેં ઘણા સ્નેહથી આંખ્યે અડાડ્યું તથા છાતીએ અડાડ્યું તથા માથે અડાડ્યું. તે જોઈને દરબાર મને કહે જે, 'એ શું છે ?' ત્યારે મેં કહ્યું જે, જે છે તે ઠીક છે. ત્યારે દરબાર કહે જે, 'ના, મને કહો.' એમ હઠ લીધી. તેથી મેં એમને વાત કરી જે, હે દરબાર ! **તમારે તો સાક્ષાત પુરુષોત્તમનારાયણ ને સર્વે અવતારના અવતારી ને સર્વના કારણ ને જગતકર્તા એવા આ શ્રીજીમહારાજ છે. તેમનાં દર્શન-સ્પર્શનો હમેશાં યોગ છે.** અને અમે તો આજ્ઞાને વશ, તેથી દેશ-પરદેશમાં જાવું પડે ને કહે ત્યારે અવાય. ત્યારે વર્ષ દા'ડે તથા છ મહીને દર્શન થાય. તેથી આ મહારાજનું પ્રસાદીનું વસ્ત્ર પાસે રાખી મેલ્યું છે. તેનાં દર્શન કરીને પ્રત્યક્ષનાં દર્શન થાય એવો આનંદ માનીએ છીએ. તે આ પ્રસાદીનું વસ્ત્ર છે."

તે વાત સાંભળીને દરબારના અંતરમાં સત્ત્વગુણ તેથી ઘેડ બેસી ગઈ. ને કહે જે, 'હે સ્વામી ! હું તો મૂરખ ને મૂરખ રહ્યો. આજ દિન સુધી કાંઈ પણ સમજ્યો નહિ ને આજ જ આપની વાતથી ઘેડ બેઠી. ને મારા ગાદલાં પ્રસાદીનાં, ગોદડાં પ્રસાદીનાં, સર્વે વાસણ પ્રસાદીનાં એ વિગેરે સર્વે પદાર્થ મારું પ્રસાદીનું છે.' એમ કહીને પોતે સ્વામીને પગે લાગીને કહે જે, 'હું તો ગઢડે જઈને મહારાજનાં દર્શન કરીશ ત્યારે છાશો પીશ, ને તમે મારા ઉપર બહુ જ દયા કરી.' એમ કહીને પોતાની ઘોડી મંગાવી ને સ્વાર થઈને પોતે ચાલ્યા. ત્યારે બીજા કહે જે, 'બાપુ, છાશો પીયને જાવ.' ત્યારે કહે જે, "હવે તો મહારાજનાં દર્શન

કર્યાં વગર છાશો પીવાય નહીં. ઘણા દિવસ દર્શન કર્યાં વિના છાસો પીધી.” એમ કહીને ત્યાંથી ચાલ્યા તે ગઢડે દરબારમાં આવ્યા. તે કોઈ દિવસ મહારાજને દંડવત કરતા નો’તા ને તે દિવસે ઘોડીએથી ઊતરીને દંડ પડે તેમ દંડવત કરવા મંડ્યા. તે જોઈને મહારાજ નાન ખાચરના ઓરડાની ઓસરી ઉપર વિરાજતા હતા. ત્યાંથી ઉતાવળા ઊઠીને હમીર ખાચરનો હાથ ઝાલી, દંડવત રખાવી પોતાની પાસે બેસારીને મહારાજ કહે જે, ‘હે હમીર ખાચર ! કાચા પાણા તો શિયાળિયાય કરડે, પણ પાકા પાણાને કરડે ? તે શું થયું ?’ એવાં મહારાજનાં વચન સાંભળીને વિનંતીએ સહિત હમીર ખાચર કહે જે, ‘હે મહારાજ ! કરનારે કર્યું.’

ત્યારે મહારાજ કહે જે, ‘કેણે કર્યું ? ને કોણ સાધુ છે ?’ ત્યારે હમીર ખાચર કહે જે, ‘અદ્‌ભુતાનંદસ્વામી છે તેમણે કર્યું.’ તે વાત સાંભળીને મહારાજ કહે જે, **‘અદ્‌ભુતાનંદસ્વામીએ તો મહા અદ્‌ભુત કામ કર્યું ને પોતાનું નામ સાર્થક કર્યું.’** એવી રીતે નિશ્ચયની વાત બહુ અટપટી છે.’ એમ મહારાજ કહેતા હતા. એ વાત વચનામૃતમાં આણી છે તે લોયાના અઢારના વચનામૃતમાં છે. ॥૧૪૨॥

૧૪૩. કુંડળનાં રાઈબા ને તેના છોકરાની પક્ષની વાત

અને એક દિવસે શ્રીજીમહારાજ સભામાં બેઠા હતા ને સર્વે સંત તથા હરિજન પણ બેઠા હતા ને મહારાજ સર્વે હરિજનોની આગળ સત્સંગના પક્ષની વાત કરવા લાગ્યા. તે પક્ષ ઉપર ગામ કુંડળના રહેવાસી **રાઈબા** કરીને બાઈ હતાં. તેમને એક **હાથિયો** તથા બીજો **મામૈયો** તથા ત્રીજો **રામ** એ ત્રણ દીકરા હતા. ને કારિયાણીના **માંચા ખાચર** ભાવનગરના રાજ સંગાથે બારવટે નીકળ્યા. તે વાત જાણીને રાઈબા સત્સંગના પક્ષથી પોતાના ત્રણ દીકરા ને પોતે ગાડામાં સામાન ભરીને માંચા ખાચર સંગાથે બારવટે નીકળ્યાં.

તેને જોઈને માંચો ખાચર કહે જે, ‘હે બેન, તમે કેમ આવ્યા ?’ ત્યારે રાઈબા કહે જે, **“તમે પણ સ્વામિનારાયણના શિષ્ય છો ને અમે**

પણ સ્વામિનારાયણ શિષ્ય છીએ. તેથી એક બાપનો નાતો થયો. તે તમે મરો ને આ(મારા દીકરા) જીવીને શું કરવાના છે ?" એવી રીતે પક્ષ લઈ માંચા ખાચરની સંગાથે નીકળ્યાં. તે ફરતાં ફરતાં એક ભાવનગરના રાજનું (આસોદર) ગામ હતું તેમાં રાત ઉપર લૂંટવાનો મનસૂબો કર્યો. તે જ રાત્રીએ શ્રીજીમહારજે દર્શન દઈને રાઈબાને કહ્યું જે, "તમારો દીકરો હાથિયો નામે છે તે સવારે લુટવા જાશે, ત્યાં લલાટમાં ગોળી વાગશે; તેથી એનો દેહ પડશે ને અમે ધામમાં લઈ જાશું." એવુ બાઈને કહીને અંતર્ધાન થઈ ગયા.

પછી બાઈએ સવારે ઊઠીને હરખથી દાળ-ભાત-કંસાર કરી ત્રણે ભાઈને જમવા બેસાર્યા. ને હાથિયાને કહે જે, 'ભાઈ, આજ તો મારે હાથે ખૂબ જમો ને આજે તમારે ધામમાં જવાનું છે; તેથી સામે મોઢે મરજો, પણ મારી દીટડીએ ધાવેલો છે તેથી પાછો પગ ભરશો નહીં. અને સૌ બાયડી-છોકરાં સારુ તથા ગામ-ગરાસ સારુ મરે છે અને આ તો સત્સંગના પક્ષ સારુ મરવાનું છે; તેથી ભગવાન ઘણું રાજી થાશે." એવાં માનાં વચન સાંભળીને હાથિયો કહે જે, "કાંઈ ચિંતા રાખશો નહિ, હું સામે મોઢે મરીશ. ને મરવાનું તો સૌને છે પણ સત્સંગીના પક્ષમાં મરાશે એ ઘણી મોટી વાત છે." એમ કહીને પોતાની માને કહે જે, "તમે રાજી રહેજો."

પછી જમી ચળુ કરીને ઢાલ-તરવાર બાંધી ઘોડીએ સ્વાર થઈને ગયા. ને ત્યાં લડતે લડતે ગોળી કપાળમાં વાગી, તેથી દેહનો ત્યાગ કરાવી ને મહારાજ પોતાના ધામમાં તેડી ગયા. ને ઘોડી હતી તે ત્યાંથી જ્યાં મુકામ હતો ત્યાં આવી. ત્યારે રાઈબા ઘોડીને મળીને કહે જે, "ખરી તું ! મારા દીકરાને ધામમાં પુગાડીને આવી." એમ કહીને પાણી પાયું ને ખરેરો[૧] કર્યો, ને ઘોડી નીમળીને[૨] બાંધીને પછી સવા મણ સાકર મંગાવીને વહેંચી.

૧.હાથ ફેરવવો ૨.કપાળે ચાંદલો કરી ચોખા ચોડીને

તે સમે માંચો ખાચર આવ્યા ને બાઈને કહે જે, 'બહુ ખોટું થયું !' એમ કહીને દીલગીર થયા. તેને જોઈને બાઈ કહે જે, **"ભગવાનના ધામમાં ગયા એનો શો શોક કરો છો ? આ બે કેડે રહ્યા તેનો શોક કરો."** એમ કહીને કહે જે, "સાકર લ્યો, અહીંના કરતાં કોટાનકોટી ઘણું મહારાજે રાજી થઈને એમને સુખ આપ્યું. તેનો શો શોક કરવો ?" એવી રીતે મહારાજ કહે જે, "સત્સંગના પક્ષ સારુ માથાં આપે છે." એવી રીતની સભામાં મહારાજ વાત કરતા હતા. ॥૧૪૩॥

૧૪૪. ગામ લાખણકાના નાજા જોગિયાની પક્ષની વાત

અને વળી એક દિવસ સભામાં મહારાજે સત્સંગના પક્ષની સર્વે સંતના આગળ વાત કરી. તેની વિગતી : મહારાજ કહે જે, "**લાખણકા** નામે ગામ છે. તેમાં **નાજો જોગિયો** તથા એમના ભાઈ તથા એમની મા એ ત્રણ આડા કાઠી સત્સંગી હતાં. અને ગામધણી સત્સંગનો દ્વેષી કાઠી હતો. તે એક સમે સાધુ ગામમાં ઝોળી માગવા સારુ આવ્યા. તેથી જે ગામધણી કાઠી હતો તેણે લાકડી મારીને સાધુને ગામમાંથી કાઢી મેલ્યા. તે વાતને રાતે નાજો જોગિયો ને એનો ભાઈ સીમમાંથી આવ્યા ત્યારે એમની માએ એમને વાત કરી જે, "આપણા સાધુને લાકડી મારીને ગામધણીએ કાઢી મેલ્યા." એવી વાત સાંભળીને બેય ભાઈ કહે જે, "આપણે અહીં રે'વું નથી." તેથી ગાડામાં પોતાનો ઘરનો સામાન ભરી લઈને ગઢડામાં આવ્યા.

ને મહારાજ કહે જે, મારી પાસે આવીને વાત કરીને કહે જે, 'હે મહારાજ ! મારા સાધુને એક લાકડી મારી છે, તેથી મારે એને એક લાકડી મારવી છે.' ત્યારે મેં કહ્યું જે, એ તો ગામધણી છે ને તમો તો ઘરધણી છો. ત્યારે નાજો જોગિયો કહે જે, 'મારે જીવવું નથી ને મારા સાધુને એણે એક લાકડી મારી છે; તે હું એને એક લાકડી મારીશ ત્યારે મને નિરાંત થાશે. તે હું તમારી રજા લેવા સારુ અહીં આવ્યો છું.' ત્યારે (મહારાજ કહે જે,) મેં એને બહુ સમજાવ્યો જે,

ઘણાય લોક સાધુને મારે છે ને ગામમાંથી કાઢી મેલે છે; ને સાધુનો તો નિર્માની ધરમ છે. એવું ઘણું સમજાવ્યું પણ ના સમજ્યો. ત્યારે અમે કહ્યું જે, એક જ લાકડી મારજે. એવી રીતે અમારી આજ્ઞા લઈને કેસરિયાં કરી જીવવાની કોરનો ખપ મૂકીને ત્યાં ગયા.

ને તે કાઠી ઉઘાડે માથે દરબારમાં ગાદી-તકિયે બેઠો હતો. તેને કહે જે, 'તેં મારા સાધુને એક લાકડી મારી છે, તેથી મારે તને એક લાકડી મારવી છે.' એમ કહ્યું. તેને સાંભળીને તે કાઠી ગાદી-તકિયેથી ઊઠીને તલવાર લઈ જેટલાકમાં સામો મારવા સારુ આવે છે તેટલાકમાં જ કડિયાળી લાકડી પોતાની પાસે હતી. તે બે હાથમાં ઘાલીને એના માથામાં મારી તેથી એના પ્રાણ નીકળી ગયા. ને પોતે ત્યાંથી તરત પાછા વળી ગયા ને ગઢડે આવ્યા. ને કહે જે, 'હે મહારાજ ! તમારી આજ્ઞા લોપી નથી. એક લાકડીમાં જ જમપુરીમાં મોકલી દીધો.'

ત્યારે (મહારાજ કહે જે,) હવે તમે ક્યાં રહેશો ? ત્યારે તે કહે જે, 'જસદણ ભોંયરાનો રાજા મોટો આલો ખાચર[1] છે ત્યાં જઈને રહીશું.' એમ કહીને ત્યાંથી ગયા. ત્યારે આલે ખાચરે રહેવા ઘર ને ખેડવા જમીન આપી ને હેતે રાખ્યા. એવી રીતે ત્યાં રહ્યા છે.

તેમને એક દિવસ બોલાવીને આલો ખાચર કહે જે, 'તમારા સ્વામિનારાયણ ભગવાન હોય તો પરમ દિવસે મને દર્શન દે, નહિ તો તમારા ગૂઠણ ભાંગું.' અને એ રાજા પોતાના રાજમા કોઈ ચોર હાથ આવે તો તેને બંધીખાને નાખે ને એના ગૂઠણ ભાંગીને પડ્યો મેલે ને ખાવા આપે. તેથી કોઈ એના રાજમાં ચોર સરખો શબ્દ નહીં. તેણે જ આમના ગૂઠણ ભાંગવાનું ઠરાવ્યું.

તેથી (મહારાજ કહે જે,) અમે અંતરજામીપણે જાણી ને અમે તો અમદાવાદ ભણી હતા પણ ત્યાંથી જે ચાલ્યા તે જે દિવસે મુદત હતી તે દિવસે એક કલાક મોર ત્યાં ગયા. ને નાજો જોગિયો તથા

૧.અન્ય શાસ્ત્રોમાં જેને વાજસુર ખાચર કહ્યા છે.

એમની મા વાટ જોઈને (પ્રાર્થના કરતા) તથા સર્વે ગામનાં લોક કહે જે, 'આ નાજો જોગિયો ભગત થયો છે તેના આજ ગૂઠણ ભાંગશે.' એવું જેટલાકમાં કહે છે તેટલાકમાં જ અમે જઈને ઊભા રહ્યા. તેથી નાજા જોગિયાને ઘણો આનંદ થયો.

ને અમે એની સંગાથે દરબારમાં ગયા. અને અમને દરબારે ઘણા સ્નેહથી સત્કાર કરીને ગાદી ઉપર બેસાડીને વિનંતીએ સહિત પગે લાગીને કહે જે, 'આજ તમે મને દર્શન ન દીધાં હોત તો નાજા જોગિયાના ગૂઠણ હું ભાંગત. ને તમો જરૂર ભગવાન છો ! તે મારાં મોટાં ભાગ્ય ! તે તમારાં દર્શન થયાં.' એમ કહી રહ્યો ત્યારે અમે ઊઠ્યા. તે સમે તે કહે જે, 'મહારાજ બેસો.'

ત્યારે અમે કહ્યું જે, અમારું વચન માનો તો બેસીએ. ત્યારે તે કહે જે, 'તમે જેમ કહો તેમ કરું.' ત્યારે (મહારાજ કહે જે,) તમે ગૂઠણ ભાંગવાના પડ્યા મૂકો ને બીજો દંડ દ્યો. ત્યારે આલો ખાચર કહે જે, 'તમે તેડવા આવો તો ગૂઠણ ભાંગવાના મૂકી દઉં.' ત્યારે (અમે) ઠીક કહીને તેડવા આવવાનું કબૂલ કર્યું ને ગૂઠણ ભાંગવાના મુકાવી દીધા." એવી રીતે સત્સંગના પક્ષની શ્રીજીમહારાજે સભામાં વાત કરી. ને એ નાજો જોગિયો પછી સાધુ થયા ને મહારાજ **'ઘનશ્યામદાસજી'** નામ પાડતા હતા. ॥૧૪૪॥

૧૪૫. અમદાવાદથી સાહેબે કુબેરસંગને ગઢડે મોકલ્યા તે વાત

અને એક દિવસે મહારાજ પોતે અક્ષરઓરડીમાં બિરાજમાન હતા. ત્યાં અમદાવાદના સાહેબે પત્ર મોકલ્યો. તેની વિગતી : એક વખતે મહારાજ પોતે અમદાવાદ પધાર્યા હતા. ત્યારે ત્યાં પેશવા સરકારનું રાજ હતું. તે પેશવાએ મહારાજને કહ્યું જે, "અમારું રાજ હોય ત્યાં સુધી તમારે અહીં ના આવવું." તેથી મહારાજ ત્યાં નવ વરસથી પધારેલા

નહીં. ને પોતાને ડભાણના યજ્ઞમાં જે **એરણસાહેબ** તથા **દુર્લભસાહેબ** એવા ચાર સાહેબ મળ્યા હતા. તેમણે અમદાવાદ લીધું.

ને અમદાવાદમાં જે **પાદશાહી વાડી** હતી ત્યારે તેમાં એક વાઘ રહેતો હતો. તે કોઈક દિવસ બહાર નીકળતો ત્યારે મનુષની ઘાત કરતો. એવી વાત સાંભળીને એરણ સાહેબ હાથી ઉપર લોઢાનું પાંજરું મૂકીને બે મોરીવાળી બંદૂકમાં ગોળી ભરીને વાઘને મારવા સારુ ગયા ને વાઘને મારવા સારુ બંદૂક છોડી. તે ગોળી વાઘને બેમાંથી એકેય વાગી નહીં. ને વાઘ ખીજવાયો ને એમને મારવા સારુ આવ્યો. તે જ વખતે ડભાણમાં શ્રીજીમહારાજનાં દર્શન કર્યાં હતાં ને સર્વે જરિયાન વસ્ત્ર તથા ઘરેણાં અંગને વિશે ધારણ કર્યાં હતાં, તેવી જ મૂર્તિ (તેમની) આગળ ઢાલ-તલવાર બાંધીને વાઘ સન્મુખ ઊભી રહી ને પોતાની રક્ષા કરી.

એવી રીતે ભદ્રમાં આવતાં સુધી એ મૂર્તિએ સાહેબની રક્ષા કરી, ને વાઘને કાઢી મૂક્યો. એવી રીતે મહારાજે પોતાની રક્ષા કરી, તેથી તેમનાં દર્શન કરીને મનમાં એમ નિશ્ચય થયો જે, 'આ સ્વામિનારાયણ ભગવાને મને ઉગાર્યો, નહિ તો મુને વાઘ મારી નાખત. માટે મારે સ્વામિનારાયણને અહીં તેડાવવા.' એવો સંકલ્પ છાનો મનમાં રાખતા હતા. અને બીજે ત્રીજે દિવસે કચેરીમાં સભા ભરીને મોટા શેઠ શાહુકારને સાહેબ પ્રશ્ન પૂછતા હતા જે, "તમારા હિંદુમાં બડા સંપ્રદાય કોણ હૈં." ત્યારે સર્વે કહે જે, "શક્તિપંથી તથા ગોસાઈજી મહારાજનો સંપ્રદાય એ બે મોટા મારગ છે." પણ સ્વામિનારાયણનું કોઈએ નામ ના લીધું.

ત્યારે ફરીથી સાહેબે પ્રશ્ન પૂછ્યો જે, "સાંખ્ય માર્ગમાં ને યોગ માર્ગમાં કોણ કુશળ છે ?" એવા પ્રશ્ન સાંભળીને સર્વે બોલ્યા જે, "સાંખ્યમાં ને યોગમાં તો સ્વામિનારાયણ કુશળ છે." ત્યારે સાહેબ પંડે જાણતા થકા અજાણ્યા થઈને કહે જે, "સ્વામિનારાયણ કોણ છે ?" ત્યારે **કુબેરસંગજી**ના ભાઈ **મોતીસંગજી** ગાદીના છડીદાર હતા. તેમણે કહ્યું જે, "ડભાણમાં યજ્ઞ કર્યો એ સ્વામિનારાયણ છે. તે હાલમાં કાઠિયાવાડમાં

છે.” ત્યારે સાહેબ કહે જે, “અહીં કેમ આવતા નથી ?” ત્યારે મોતીસંગ કહે જે, “પેશવા સરકારે કહ્યું હતું જે, ‘અમારું રાજ હોય ત્યાં સુધી તમારે આવવું નહીં’ તેથી નથી આવતા.”

ત્યારે સાહેબ કહે જે, “અબી તો સાહેબકા રાજ હૈં, તે એમને તેડાવો. ને એમના અહીં કોઈ શિષ્ય છે ?” ત્યારે મોતીસંગ કહે જે, “સાહેબ, મારા ભાઈ એમના શિષ્ય છે.” ત્યારે સાહેબ કહે જે, “એમને બોલાવો.” તેથી કુબેરસંગજીને બોલાવ્યા. ને સાહેબ કહે જે, “સ્વામિનારાયણને તું અહીં તેડાવ્ય.” ત્યારે કુબેરસંગજી કહે જે, “મારા તેડાવ્યા સ્વામિનારાયણ આવે નહીં, આપ તેડાવો તો આવે.” એવાં કુબેરસંગજીનાં વચન સાંભળીને સાહેબે મહારાજને તેડાવવાનો કાગળ લખીને આપ્યો. ને સર્વે કચેરીમંડળને કહે જે, ‘સ્વામિનારાયણનો હું વકીલ છું, માટે ત્રણ દિવસમાં છૂટી છે જેને પ્રશ્ન પૂછવો હોય તો પૂછજો. અને સ્વામિનારાયણ આવશે ને કોઈ ઉપાધિ કરશે તો તેને હું શિક્ષા કરીશ.” એમ કહીને કુબેરસંગજીને મોકલ્યા. તે કુબેરસંગજી ગઢડે આવીને અક્ષરઓરડીમાં મહારાજ બિરાજે છે ત્યાં આવીને કાગળ આપતા હતા. ॥૧૪૫॥

૧૪૬. મહારાજ ગઢડેથી અમદાવાદ જવા સારુ ભેંસજાળ ગયા.

અને બીજે દિવસે મહારાજે કુબેરસંગજી લાવેલા જે પત્ર તે સર્વે સભાને વાંચી સંભળાવ્યો. ને સર્વે મળીને અમદાવાદ જવાની તૈયારી કરી. ને કુબેરસંગને કહ્યું જે, “અમે આવીશું.” એમ કહીને એમને આગળથી મોકલતા હતા. અને પછી પોતે સંતમંડળ તથા પાર્ષદે સહિત ગઢડેથી ચાલ્યા તે **સારંગપુર** આવ્યા. ને ત્યાંથી **સુંદરિયાણે** આવ્યા. ને ત્યાંથી મહારાજ ચાલ્યા તે **ભેંસજાળ** જઈને જમ્યા ને ત્યાં રાત ગરાસિયાના ઘરમાં રહ્યા.

ને ત્યાંના રહેવાશી **કાયાભાઈ ગરાશિયા** હતા. તેમના ઘરનાં

બાઈ (ચાંદબા) ભારે સત્સંગી હતાં. ને તેમને ઓઝલમાં રહેવાનું તેથી મહારાજનાં દર્શન થયાં નહીં. ને મહારાજ સવારે વે'લા ચાલવાના (હતા) તેથી દર્શન થાય એમ નહીં. તેથી બાઈ મનમાં પશ્ચાતાપ કરીને કહે જે, 'દર્શન વિના હું રહીશ.' એવો વિચાર કરીને સૌ ઊંઘી ગયા.

તે વખતે બાઈએ જે ઘરમાં મહારાજ પોઢ્યા છે તે ઘરની પછીત કોચીને માંહી જઈને મહારાજનાં દર્શન કર્યાં. ત્યારે મહારાજ કહે જે, "કોણ એ ?" ત્યારે બાઈ કહે જે, "એ તો હું કાયાભાઈના ઘરનાં." ત્યારે મહારાજ કહે જે, "અત્યારે કેમ ?" ત્યારે બાઈ કહે જે, "ઓઝલ તેથી તમારાં દર્શન દિવસે ન થયાં ને સવારે થાય એમ નો'તું; તેથી ઘર કોચીને આપને દર્શને આવી છું. માટે મને કંઈક પ્રસાદીની દયા કરો !"

એવાં બાઈનાં વચન સાંભળીને પરમ દયાળુ શ્રીહરિએ પોતે ઓઢેલી જે ધડકી તે બાઈને આપી. ને એક વાટકી પાણી પીધેલી આપીને કહે જે, "હવે તમે જાઓ." ત્યારે તે બાઈ બેય વસ્તુ લઈને પોતાને ઘેર ગયાં. તે બન્નેય વસ્તુ હાલમાં ભેંસજાળમાં છે. પછી મહારાજ બ્રહ્મચારીને કહે જે, "હે બ્રહ્મચારી ! અમને ટાઢ વાય છે." ત્યારે બ્રહ્મચારી કહે જે, "હે કૃપાનાથ ! ધડકી ઓઢાડી છેને ?" ત્યારે મહારાજ કહે જે, "ચોર આવ્યા, તે ધડકી લઈ ગયા." પણ નામ આપ્યું નહીં; તેથી બ્રહ્મચારીએ બીજી મોટીબા પાસેથી લઈને ઓઢાડી. ને સવારે ઊઠીને ભેંસજાળથી **વાગડ** જાતા હતા. ॥૧૪૬॥

૧૪૭. જીવનમુક્તાકા પંથ ક્યું ચલાયા હૈ ? એ બાવાની વાત

અને વાગડ થઈને **કંથારિયે** ગયા. ને ત્યાંથી ચાલ્યા તે રસ્તામાં એક **પાંચતળાવ** કરીને ગામ હતું. ત્યાં પોતે વતું કરાવવા સારુ ગામમાંથી ઘાંયજો બોલાવ્યો ને વતું કરાવવા સારુ બેઠા. અને મુક્તાનંદસ્વામીના

મનમાં એમ થયું જે, 'મહારાજની પ્રસાદીનું પાણી છે તેથી આપણે પણ વતું કરાવીએ. તેથી સ્વામી ત્યાં આવ્યા ને સ્વામીને માટે આસન ધાબળીનું નાખ્યું હતું તેને દબાવીને **પૂર્ણાનંદસ્વામી** જે **ગજો ગઢવી** હતા તે, ને બીજા જે એમના જોડિયા ગવૈયા તે બન્નેને ખભે સરોદા ભરવેલા ને સ્વામીનું આસન દબાવીને બેઠા.

તે જોઈને મહારાજ સ્વામીને કહે જે, "હે સ્વામી ! માન તો મૂર્તિમાન હોય." ત્યારે મુક્તાનંદસ્વામી કહે જે, "કાંય માનની મૂર્તિ તો સાંભળી નથી ને દેખી પણ નથી." ત્યારે મહારાજ કહે જે, "માથે રૂમાલ બાંધ્યા હોય તથા ગાતડીઓ વાળી હોય ને ખભે સરોદા ભરાવેલા હોય ને આવ્યા હોય." એમ કહીને એમની પાસા[1] બે આંગળીઓથી બેયને બતાવ્યા. તેથી સ્વામીનું આસન મૂકીને તે સમે છેટે બેઠા ને પછીથી વિમુખ થઈને ઘેર ગયા.

અને મહારાજનું વતું કરવા સારુ વાળંદે મસ્તક પલાળીને બે આંગળ વતું કર્યું. તે છર[2] પોતાને બહુ વસમો લાગ્યો, તેથી મહારાજે વતું કરવાનું બંધ કરાવીને ફેંટો માથે બાંધ્યો. તે જોઈને વાળંદ કહે જે, "કેમ ફેંટો બાંધ્યો ?" ત્યારે મહારાજ કહે, "મોટા પુરુષનાં વતાં તો બે-ત્રણ-ચાર ગામે પૂરાં થાય." એમ કહીને ઊઠ્યા.

ત્યારે મુક્તાનંદસ્વામી કહે જે, "આપણે વતું કરાવીએ." એમ જાણીને સ્વામી વતું કરાવવા બેસવાનો વિચાર કરે છે. તેવામાં મહારાજ કહે જે, "હે સ્વામી ! આમાં તો જીવની ઘાત છે. તમો ગુજરાતમાં કરાવજો." એમ કહી મહારાજ ઉતારા ઉપર જઈ સંતે સહિત જમીને ત્યાંથી ચાલ્યા. તે રસ્તે ચાલતાં ચાલતાં બ્રહ્માનંદસ્વામી થાકેલા, તે ઘોડા ઉપર બેઠેલા ને એ સૌની આગળ ચાલ્યા જાય છે.

તે સમે વગડામાં એક તળાવ આવ્યું ને ત્યાં ભારે જગ્યા. તેમાં વેરાગી રહેતા હતા. તેણે જાણ્યું જે, 'જીવનમુક્તા જાય છે.' એમ

૧.બાજુમાં બેઠેલા સંતોને ૨.અસ્ત્રો

જાણી મોટો ચમઠો[1] લઈને ધર્મરાજાના ઘરનો હોયને શું ? એવો થઈને રસ્તામાં આવીને બ્રહ્માનંદસ્વામીના ઘોડાનું ચોકડું ઝાલી ઊભા રાખીને કહે જે, "તુમને જીવનમુક્તાકા પંથ ચલાયા હૈં ?" એમ કહીને ચમઠો ઉગામ્યો. તેથી બ્રહ્માનંદસ્વામી બીન્યા ને મનમાં વિચાર કર્યો જે, 'આ બે ચમઠા મારશે તો સોળાં[2] ઊઠશે.' એમ વિચારીને પોતે બહુ કળાદાર તેથી કહે જે, 'મેં તો જીવનમુક્તાનો પંથ નથી ચલાવ્યો ને કેડે આવે છે તેમણે ચલાવ્યો છે.' એવું કહ્યું. ત્યારે તે વેરાગીએ બ્રહ્માનંદસ્વામીના ઘોડાનું ચોકડું મૂકી દીધું.

તે બ્રહ્માનંદસ્વામી કહે જે, 'જમના હાથમાંથી છૂટ્યા.' એમ જાણીને ઘોડું ઉતાવળું હાંકીને આગળ ગયા. ને તે જીવનમુક્તાને ઓળખે નહીં, એથી પછવાડે મહારાજ આવ્યા એટલે મહારાજની ઘોડીનું ચોકડું ઝાલીને કહે, "ક્યું તુમને જીવનમુક્તાકા પંથ ચલાયા હૈં ?" એવું સાંભળીને મહારાજ કહે જે, "અમે તો જીવનમુક્તાનો પંથ નથી ચલાવ્યો, પણ પછવાડે આવે છે એણે ચલાવ્યો છે." એવાં મહારાજનાં વચન સાંભળીને મહારાજની ઘોડીનું ચોકડું મૂકી દઈને સુરા ખાચર આવ્યા એટલે એમની ઘોડીનું ચોકડું ઝાલીને કહે જે, "ક્યું તુમને જીવનમુક્તાકા પંથ ચલાયા હૈં ?"

તે વાત સાંભળીને સુરા ખાચરે જાણ્યું જે, 'અમારા ભણી મહારાજે ઉત્તર આપવા સારુ મોકલ્યો છે.' એમ જાણીને મોઢું ઠેકાણે રાખીને કહે જે, "રહો, તમને ઉત્તર આપીએ છીએ." એમ કહીને સર્વે કાઠીને સાનમાં સમજાવ્યા. તેથી બધાએ ઘોડાની ઘૂમર વચ્ચે ઘાલીને ભાલા ઊભા હતા તે નીચા કરીને બળદને જેમ આરો ગોંચે તેવી જ રીતે ભાલેથી ઘોચવા મંડ્યા. ને કહે જે, "બાવાજી, દેખો જીવનમુક્તકા પંથ યું ચલાતા હૈં, યું ચલાતા હૈં." એમ કહીને ભાલેથી ચારે પાસા ઘોચવા મંડ્યા. તેથી કહે જે, "જો હું જીવતા સુધી હવે જીવનમુક્તાકાં

૧.ચીપિયો ૨.મારથી શરીર પર પડતાં લીસોટા કે કાપા

નામ દઉં તો મને સો રામદુવાઈ છે." એવા સમ ખાધા ત્યારે કાઠી મેલીને ચાલ્યા. તે આગળ જતાં એક વડનો વૃક્ષ આવ્યો. તેની નીચે બ્રહ્માનંદસ્વામી તથા મહારાજ ઊભા હતા. તેમની ભેળા કાઠી જાઈને ઊભા રહ્યા.

તે સમે મહારાજ બ્રહ્માનંદસ્વામીને કહે જે, "હે બ્રહ્માનંદસ્વામી કેમ થયા ?" ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે જે, "હે મહારાજ ! મને મારવાની બીક લાગી તેથી મેં તમારી ભણી મોકલ્યો." ત્યારે મહારાજ કહે જે, "અમે પણ સુરા ખાચર ભણી મોકલ્યો." એવું સાંભળીને સુરો ખાચર કહે જે, "હે મહારાજ ! અમે તો એવો ઉત્તર આપ્યો છે કે જીવતા સુધી ફરીથી તમારું નામ લે નહીં." એવી રીતે રમૂજ કરતા હતા. ll૧૪૭ll

૧૪૮. ગામ દેવળિયાના જાલમસંગની વાત

અને વળી ત્યાંથી ચાલ્યા તે **દેવળિયા**ના દરબાર **જાલમસંગજી** ભેગા હતા. તેમણે જાણ્યું જે, મહારાજને વાળંદ સારો મળ્યો નહીં, તેથી મહારાજે વતું અધૂરું રાખ્યું છે. એમ જાણીને પોતે પોતાની ઘોડી ઉપર બેસીને ઉતાવળા પોતાને ગામ ગયા ને સારો વાળંદ બોલાવીને પછી તેને ઘોડાનું પેગડું ઝલાવ્યું ને તેની કોથળી પોતાને ખભે ભરવી લીધી ને પોતાના ગામથી ગાઉ એક છેટે તલાવડી છે ને વડ-પીપળનાં વૃક્ષ છે. તેની નીચે આવ્યા ને મહારાજ પણ ત્યાં આવ્યા.

ત્યારે મહારાજને જાલમસંગજી કહે જે, "હે મહારાજ ! આ વાળંદ બહુ સારો છે, વતું કરાવો." ત્યારે મહારાજે જાણ્યું જે, "આ ગરાસિયે બહુ દાખડાથી તથા ખભે કોથળી ભરવીને તેડી લાવ્યો છે ને આપણે વતું નહિ કરાવીએ તો દુઃખ લાગશે." એમ જાણીને વતું કરાવવા બેઠા. તે વતું કરાવી રહ્યા ત્યારે મુક્તાનંદસ્વામી પ્રસાદીનું (પાણી) જાણીને વતું કરાવવા બેસવાનો વિચાર કરે છે. તેવામાં મહારાજ કહે જે, "હે સ્વામી ! પેલામાં જીવની ઘાત હતી ને આમાં દેહની ઘાત છે;

માટે તમે તો ગુજરાતમા કરાવજો." એમ કહીને તળાવમાં નાહીધોઈ ઘોડે સવાર થઈને ગામ **દેવળિયે** આવ્યા. ને ચોરામાં સર્વે કાઠી તથા સંતમંડળે સહિત ઉતારો કરતા હતા.

પછી જાલમસંગજીએ રસોઈ કરાવી તેથી મહારાજ તથા સર્વે સંત તથા પાર્ષદો સર્વે જમતા હતા. ને જે સમે સંતમંડળ જમી રહ્યા તે સમે જાલમસંગજીની મા(કેશાબા) મહારાજને કહે જે, "સવારે થાળ જમીને ચાલજો." ત્યારે મહારાજ કહે જે, 'અમે થાળ જમવા સારુ નહિ રહીએ, અમારે અમદાવાદ જવાનું છે તેથી ઉતાવળ છે.'

એવાં મહારાજનાં વચન સાંભળીને બાઈ ઘેર આવ્યાં. અને સર્વે કાઠી તથા સંત ઊંઘી ગયા. ત્યારે બાઈએ ઘરમાંથી ચોકડું[1] લઈને જ્યાં મહારાજ ઊતર્યા છે ત્યાં મહારાજની ઘોડી બાંધેલી હતી. તેને છોડીને ચોકડું ચડાવીને દોરી લાવીને પોતાની ઘોડશાળમાં બાંધી, ને લીલું ખડ નાખ્યું.

પછી બારણું અડકાવીને પોતે સાવરણો લઈને પાછે પગલેથી પોતાનાં પગલાં તથા ઘોડીનાં પગલાં ન દેખાય એવી જુક્તિથી બધો ચોક વાળ્યો. પછી પોતે દરબારમાં રસોઈનો સામાન તૈયાર કરાવા મંડ્યાં. તેટલામાં તો સવાર થયું. તેથી મહારાજની ઘોડીના સેવક નાન ખાચર જાણે જે, મહારાજને ચાલવાનું છે, તેથી ઘોડી તૈયાર કરું. એમ વિચાર કરી દળી[2] લઈને ઘોડી ઉપર મૂકવા જાય છે ને ત્યાં અંધારું તેથી એમના મનમાં એમ રહ્યું જે, 'ઘોડી ઊભી છે.' એમ જાણીને મેલવા ગયા. તે દળી તો હેઠે પડી ગઈ. ત્યારે નાન ખાચરે જાણ્યું જે, ઘોડી નથી.

તેથી મહારાજને જઈને કહે જે, "હે મહારાજ ! આપડી ઘોડી ચોર લઈ ગયા." ત્યારે મહારાજ કહે જે, "આ સર્વે કાઠી આપણી ચોકીમાં છે તોય ચોર લઈ ગયા ?" એમ કહીને જાલમસંગજીને બોલાવીને કહે

૧.ઘોડાના મોઢામાં રહેતો લગામનો લોઢાનો ભાગ ૨.ઘોડા ઉપર નાખવાની ગાદલી

જે, "અમારી ઘોડી ચોર લઈ ગયા તેથી પગલું કાઢો." ત્યારે જાલમસંગે સર્વેને બોલાવીને પગલું કાઢવાનો ઉદ્યમ કર્યો; પણ કંઈ પગલું જણાય નહીં. તેથી સર્વે મૂંઝાઈને મહારાજને કહે જે, 'હે મહારાજ ! પગલું તો કંઈ ચાલતું નથી.' ત્યારે મહારાજ જાલમસંગજીને કહે જે, "તમારા ગામમાંથી અમારી ઘોડી ગઈ, તે પાતાળમાંથી તથા આકાશમાંથી અમને લાવી દ્યો.' એવું મહારાજનું વચન સાંભળીને જાલમસંગજી પોતાની મા(કેશાબા) પાસે આવીને કહે જે, 'હે મા ! મહારાજની ઘોડી આપડા ગામમાંથી ગઈ.'

એવાં વચન સાંભળીને જાલમસંગજીનાં મા મહારાજ પાસે આવી મહારાજને કહે જે, "થાળ જમવાની હા પાડો તો ઘોડી મળે." ત્યારે મહારાજ કહે જે, "એની મેળે જ થાળ જમવો પડશે. કારણ કે ઘોડી નથી." ત્યારે બાઈ એવાં વચન સાંભળીને મહારાજને કહે જે, "આવો ઘોડી બતાવું." તેથી મહારાજ બાઈની સાથે ગયા. ત્યારે બાઈએ સાંકળ ઉઘાડીને ઘોડી બતાવી. ત્યારે મહારાજ કહે જે, "આ ઘોડી કેમ કરી તમે લાવ્યા ?" ત્યારે બાઈએ સર્વે હકીકત કહી. તેને સાંભળીને મહારાજ ઉતારા ઉપર આવીને બેઠા.

ને સર્વે કાઠીને કહે જે, "ઢાંકણીમાં પાણી લઈ બૂડી મરો. કારણ કે તમે અમારી ચોકીમાં હતા ને આ સ્ત્રીએ તમારી લાજ લીધી. તથા ભેંસજાળમાં પણ સ્ત્રીએ લાજ લીધી હતી. તેથી ઢાંકણીમાં પાણી ભરીને બૂડી મરવા જેવું થયું." એવાં મહારાજનાં વચન સાંભળીને સુરો ખાચર કહે જે, "હે મહારાજ ! સ્ત્રીએ તો બ્રહ્માની લાજ લીધી, શિવની લાજ લીધી, ચંદ્રની, વરુણની, ઇન્દ્રની, યમરાજાની, અગ્નિની – એ આદિ સર્વેની સ્ત્રીએ લાજ લીધી છે. તે અમારી લે તેમાં શી નવાઈ ?" એમ કહીને મહારાજને રાજી કર્યા. ને પછી નાહી-ધોઈ નિત્યવિધિ કરી ને થાળ થયો તેથી મહારાજ તથા સંત તથા પાર્ષદ વિગેરે સર્વે જમવા પધારતા હતા. ॥૧૪૮॥

૧૪૯. મહારાજ અમદાવાદ પધાર્યા ને સાહેબ સામા આવ્યા ને મહારાજનાં દર્શન કર્યાં તે વાત

એવી રીતે દેવળિયામાં લીલા કરીને પછી ત્યાંથી ચાલ્યા તે અમદાવાદ ઢૂંકડા થયા. ત્યારે મોરથી સાહેબને ખબર થઈ. તેથી સાહેબ હિંદુના શાસ્ત્રીઓને બોલાવીને એમ પૂછતો હતો જે, 'તમારા શાસ્ત્રમાં મોટા પુરુષને સનમુખ જાય તેનું કેટલું ફળ કહ્યું છે ?' એવો પ્રશ્ન સાંભળીને શાસ્ત્રીઓ કહે જે, **"ડગલે ડગલે અશ્વમેધ જગનનું ફળ થાય, એમ કહ્યું છે."** તે વાત સાંભળીને સાહેબ કુબેરસંગજીને કહે જે, 'તમારા સ્વામિનારાયણ એક કોસભર[1] છેટા હોય ત્યારે મને ખબર કરજો. મારે એમની સામું જાવું છે.' એમ સાહેબે મોરથી કહી રાખેલું. તેથી મહારાજને કોસભર ઊભા રાખીને સાહેબને ખબર કરી.

તેથી સાહેબ તથા મઢમ એ બન્ને પગપાળે ચાલીને મહારાજ સન્મુખ એક ગાઉ આવ્યાં. તે સમે મહારાજ સભા કરીને બેઠા હતા. તે મઢમ તથા સાહેબને આવતાં જોઈને મહારાજ સર્વે સંતને કહે જે, "ઉપવાસ પડશે, છેટા રહો." તેથી સર્વે છેટે જાઈને ઊભા રહ્યા. ને સાહેબ ને મઢમ મહારાજના એક ડાબે ચરણારવિંદે ને એક જમણે ચરણારવિંદે પગે લાગ્યાં. ને ઘણી વાર સુધી હેતથી મહારાજનાં ચરણ મેલે નહીં. તેથી મહારાજે પરાણે પરાણે મેલાવ્યાં. ત્યારે મહારાજના સનમુખ હાથ જોડીને ઊભા રહ્યાં.

તે સમે મહારાજે સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કરેલાં ને અંગને વિશે વાલની વીંટી પણ ઘરેણાં નામે મળે નહીં. ને જ્યારે ડભાણના યજ્ઞમાં સાહેબે યજ્ઞમાં મહારાજનાં દર્શન કર્યાં હતા. ત્યારે તો હજારો રૂપિયાના દાગીના તથા જરિયાની વસ્ત્ર ધારેલાં ને અહીં તો સાદેસાદાં મહારાજનાં દર્શન થયાં. તેથી સાહેબ મહારાજને કહે જે, "હે સ્વામિનારાયણ ! તમારે દરદર[1] ક્યું આયા હૈં ?" ત્યારે મહારાજ કહે જે, "હે સાહેબ !

૧.ત્રણ કી.મી. ૨.દારિદ્ર

હમારે દરદર નહીં હૈં પણ જે સમે સેવક લોકો જેવાં વસ્ત્ર તથા અલંકાર ધારણ કરાવે તેવાં ધારણ કરીએ ને દરદર હમારે નહીં હૈં. ને ડભાણમાં તો સેવકોએ એવાં વસ્ત્ર ધારણ કરાવ્યાં હતાં ને આ સમે આવાં છે." એમ મહારાજે કહ્યું. તેને સાંભળીને સાહેબ ઘણો ખુશી થયો.

ને મહારાજે વાઘ થકી જે પોતાની રક્ષા કરી હતી તે વાત બધી સાહેબે સર્વે સંત તથા હરિજનને સાંભળતાં કહી બતાવી. ને મહારાજની ઘણી વિનંતી કરીને કહે જે, "તમે તો સાક્ષાત જગતકર્તા એક ઈશ્વર છો, તે તમોએ મારી ઘણી રક્ષા કરી ને હું તમારો સેવક છું. તમે કહો તો તમારી સંગાથે ચાલું ને કહો તો પછવાડે રહું. ને આજ તમારાં દર્શનથી મારા જન્મનું સાફલ્ય થયું ને હું કૃતાર્થ થયો." એમ કહીને ટોપી ઉતારી, ને સર્વે સંતને પગે લાગીને મહારાજ સન્મુખ ઊભા.

ત્યારે મહારાજ કહે જે, "તમે આગળ જાવ ને અમે તો ધીરે ધીરે સૌને દર્શન દેતાં દેતાં આવશું." એવાં મહારાજનાં વચન સાંભળીને સાહેબ પગે લાગીને ચાલ્યા. તે સમે મહારાજે ગુલાબનાં પુષ્પના હાર તથા ગુચ્છ એ બન્નેને આપતા હતા. તેને લઈને રાજી થકા ત્યાંથી બન્ને જણ આગળ ચાલ્યાં ગયાં. અને મહારાજ ત્યાં સર્વ હરિજનોને દર્શન દેતા થકા સભા કરીને ત્યાં બિરાજતા હતા. ॥૧૪૯॥

૧૫૦. મહારાજ અમદાવાદ શહેરમાં પધાર્યા.

અને બહુ દિવસથી મહારાજ અમદાવાદમાં પધારેલા નહીં તેથી 'મહારાજ આજ પધારે છે' એવી ખબર શે'રમાં સર્વે હરિજનને થઈ. તેથી ઘણો પ્રેમ ઉત્પન્ન થયો. તેથી પુષ્પ-ચંદન, ભેટ સામ્રગીઓ તથા અનેક પ્રકારનાં વાજિંત્ર લઈને મહારાજની સન્મુખ સર્વે હરિજન આવતા હતા. ને મહારાજને વિનંતીએ સહિત પગે લાગીને ચંદન-પુષ્પે કરીને મહારાજની પૂજા કરતા હતા. ને ભેટ - બરફી, પેંડા, ફળ, ફૂલ વિગેરે મહારાજની પાસે મેલીને વિનંતીએ સહિત પગે લાગીને મહારાજને કહે

જે, “હવે તમે ઘોડે સ્વાર થાવ ને દયા કરીને શહેરમાં સર્વેને દર્શન દ્યો.” એવાં સર્વે હરિજનનાં વચન સાંભળીને ઘોડીએ સ્વાર થયા.

પછી છતર, ચામર, અબદાગરી એ આદિક રાજચિહ્ને સહિત તથા અનેક પ્રકારનાં વાજિંત્રના શબ્દે સહિત સર્વેને દર્શન દેતાં દેતાં ધીરે ધીરે ત્યાંથી ચાલ્યા. તે સમે પોતાનાં અંગ ઉપર પુષ્પના હાર તથા બાજુબંધ, ગજરા, ગુચ્છ, ફૂલના તોરા – એ આદિક સર્વે ફૂલનાં ઘરેણાં ધારણ કર્યાં હતાં. તેથી બહુ જ **મૂર્તિની શોભા જોઈને દેવાદિક બધા વિમાને સહિત આવીને આકાશમાં સ્થિર થયા. ને વિમાનમાં બેઠા થકા સમાધિને પામતા હતા.** નૃતક જન નાચ કરતા હતા. ને ગાંધર્વ મહારાજના યશનું ગાન કરતા હતા. અને દેવ સર્વે પ્રસન્ન થયા થકા મહારાજની ઉપર પુષ્પનો વરસાત કરતા હતા.

એવી રીતે મનુષ્ય તથા દેવાદિકનાં મનને પોતાની મૂર્તિને વિશે તાણી લેતા થકા ધીરે ધીરે બજારે જાઈને આનંદ ઉપજાવતા થકા ચાલતાં ચાલતાં શહેરમાં ફરીને નવાવાસમાં આવીને ઉતારો કરતા હતા. અને હરિજનોએ મહારાજના સારુ થાળ તૈયાર કરાવેલો તેથી મહારાજ જમવા પધાર્યા. ને સંત માટે રસોઈ તૈયાર કરાવેલી તેથી સંત તથા પાર્ષદ વિગેરે જમવા સારુ ગયા. પછી સર્વે સંત જમીને સભામાં આવીને બેઠા. અને મહારાજ થાળ જમી આવીને સભામાં બિરાજમાન થયા.

તે સમે હજારો હરિજન આવીને સભામાં બેસતા હતા. ને કેટલાક શાસ્ત્રી તથા પુરાણીઓ આવીને સભામાં બેઠા હતા. તેમણે મહારાજને ઘણા પ્રશ્ન પૂછ્યા. તેના ઉત્તર શાસ્ત્ર પ્રમાણે મહારાજે કર્યા. તેને સાંભળીને શાસ્ત્રીઓ તથા પુરાણીઓ ઘણા રાજી થયા. ને મહારાજને પગે લાગીને પોતપોતાને ઘેર ગયા. ને મહારાજ સર્વે હરિજનોની આગળ પોતાના પુરુષોત્તમપણાની તથા સંતના મહિમાની ઘણીક વાર્તા કરતા હતા. પછી મહારાજ પોતે પોઢવા પધાર્યા ને સંતો પણ ગયા ને હરિજનો પણ પોતપોતાને ઘેર જાતા હતા. ॥૧૫૦॥

૧૫૧. અમદાવાદના મંદિરનો લેખ સાહેબે કરી આપ્યો.

અને બીજે દિવસે મહારાજ સવારમાં ઊઠીને સર્વે સંત તથા હરિભક્તોએ સહિત ઘોડેસ્વાર થઈને સાબરમતી નાહવા પધાર્યા. અને સાબરમતીમાં નાહીને નિત્યવિધિ કરીને સંતે સહિત પાછા ઉતારા ઉપર આવ્યા ને સભામાં બિરાજમાન થયા. ને સર્વે સંત તથા હરિજન પણ સભામાં બેઠા. તે સમે મહારાજે બ્રહ્મચર્યવ્રત સંબંધી ઘણીક વાત કરી ને તેના ઉપર માંડવઋષિનું તથા સહદેવ જોશીનું તથા ભિષ્મપિતાનું દૃષ્ટાંત દેતા હતા. અને **પોતે પોતાના અક્ષરધામમાંથી અહીં પધાર્યા તે સંબંધી ઘણીક વાર્તા કરતા હતા**. ને હરિજનને ઘણોક આનંદ પમાડતા હતા.

તે સમે થાળ થયો તેથી મહારાજ જમવા પધાર્યા તથા સંતો પણ જમવા પધાર્યા. પછી જમીને થોડીક વાર પોઢી ગયા ને પછી ઊઠ્યા. તે સમે સાહેબે ભદ્રમાં મહારાજને તેડાવવા સારુ સંદેશો મોકલ્યો. તે સાંભળીને મહારાજ તથા સંત તૈયાર થઈને મહારાજ ઘોડેસ્વાર થયા, ને છત્ર-ચામર તથા વાજિંત્રે સહિત વાજતે ગાજતે ભદ્રમાં પધાર્યા. ને પ્રથમ જે ઠેકાણે પોતાને તેલના ટાંકામાં માહીં હથિયાર બાંધી રાખ્યાં હતાં, ને તેમાં નાંખવાના હતા તે જગાએ મહારાજને બેસવા સારુ ભારે સિંહાસન કરી રાખ્યું હતું. તેમાં મહારાજને પધરાવ્યા. ને વિનંતીએ સહિત સાહેબે મહારાજની ઘણી સ્તુતિ કરી.

પછી સંપ્રદાયની સર્વે રીતને પૂછી તથા સંતની રીત તથા બાઈ તથા ભાઈની રીતને પૂછી. તેને મહારાજે વિસ્તારે સહિત કહી બતાવી. તે સાંભળીને તે સર્વે વાત સાહેબે લખી લીધી. પછી મહારાજની ચંદન-પુષ્પેથી પૂજા કરી આરતી ઉતારી. ને મહારાજને કહે જે, **"મહારાજ, મારા જેવું કામકાજ કહો. કારણ કે તમે અમારા સરદાર છો ને હું આપનો દાસ છું."** એવાં સાહેબનાં વચન સાંભળીને મહારાજ કહે

જે, "અમારે દેવમંદિર કરવા છે. તે જમીન અમને આપો." ત્યારે સાહેબ કહે જે, "સો વર્ષ સુધી જગ્યા આપવાનો મને હુકમ છે." ત્યારે મહારાજ કહે જે, "અમારે તો ચાંદો-સૂર્ય તપે ત્યાં સુધીની જોઈએ."

ત્યારે સાહેબ કહે જે, "હું વિલાયત લખાણ કરીને હુકમ મંગાવું, પછી આપ કહો તેટલી જગ્યા આપું." ત્યારે મહારાજ કહે જે, "બહુ સારું લખાણ કરો." ત્યારે સાહેબે લખાણ કર્યું. પણ સર્વેના અંતર્યામી મહારાજ છે ને સર્વેના અંતરમાં રહેલા, તેથી ત્યાં (વિલાયત)વાળાએ એવું લખાણ કર્યું જે, **'એક ચાંદો-સૂર્ય તપે એટલી તો શું ? પણ સો ચાંદા-સૂર્ય તપે ત્યાં સુધીની એમને જોઈએ તેટલી જગ્યા આપજો.'** એવો લખાણનો જવાબ આવ્યો. તે વાંચીને સાહેબ ઘણા રાજી થયા, ને મહારાજને કહે જે, "તમારે જોઈએ તેટલી જગ્યાનો હું લેખ કરી આપું." ત્યારે મહારાજે નરનારાયણ દેવનું હાલમાં મંદિર છે તેટલી જગ્યાનો લેખ કરાવી લીધો. પછી ઉતારા ઉપર મહારાજ પધાર્યા. ને મંદિર કરવાની હરિજનને આજ્ઞા આપીને તે દિવસ ત્યાં રાત રહ્યા.

ને બીજે દિવસે સવારના પો'રમાં ઊઠ્યા, પછી નિત્યવિધિ કરીને થાળ થયો તે જમવા પધાર્યા, ને સંત પણ જમવા સારુ ગયા. પછી જમી આવીને મહારાજ તથા સંત તૈયાર થઈને **અસલાલી** પધાર્યા. ને ત્યાંથી **જેતલપુર** પધારતા હતા. ને ત્યાં જેતલપુરમાં ગંગામાને ત્યાં મહારાજ થાળ જમ્યા. ને એમના ઘરમાં બે મૂર્તિઓ હતી તેનાં દર્શન કરીને ત્યાં પોઢી જાતા હતા. ને સંત પણ જમીને તે જગ્યામાં પોઢતા હતા. ॥૧૫૧॥

૧૫૨. મુક્તાનંદસ્વામી આદિક વીસ સાધુને જેતલપુર ભણવા મોકલ્યા.

અને બીજે દિવસે સવારમાં મહારાજ ઊઠ્યા અને પોતાનો સ્નાનાદિક નિત્યવિધિ કરીને મહોલ ઉપર આવીને વિરાજમાન થયા. ને ત્યાંના એક પાટીદાર હતા. તે પંચકણીનો રોટલો તથા ભીંડાનું શાક

લઈને આવ્યા. ને મહારાજને કહે જે, "હે મહારાજ ! હું ગરીબ છું, તેથી મારો આટલો રોટલો અંગીકાર કરો !" એવાં તે પાટીદારનાં વચન સાંભળી મહારાજે એક હાથમાં રોટલો લીધો ને બીજે હાથે ભાંગતા જાય ને જમતા જાય. એવી રીતની લીલા કરતા હતા.

અને એ લીલા – **'स्नातं चंदन चर्चितं'** એ શ્લોકમાં વર્ણન કરી છે. એવી રીતે મોહોલ ઉપર સભા કરીને પોતે બેઠા થકા 'સંત તથા હરિજનની આગળ વિચારીને વચન બોલવા.' એમ કહીને કહે જે, **"એક વચને માર માર કરતો આવ્યો હોય તો શાંતિ પામીને પાછો જાય ને એક વચન, શાંત હોય તે પણ મારવા તૈયાર થાય એવું છે."** એમ કહીને મહારાજ તે ઉપર મુક્તાનંદસ્વામીની વાત કરવા લાગ્યા.

તેની વિગતી : મહારાજ કહે જે, "અમે ગઢડામાં વિરાજતા હતા. તે સમે અયોધ્યામાં બધા વૈરાગીઓ ભેગા થયા. તેમાં વાતનો એવો પ્રસંગ નીકળ્યો જે, 'જીવનમુક્તાના પંથમાં એક **મુક્તાનંદ** નામે સાધુ છે. તે સઘળા ભેખનો કુવાડો છે.' એવી વાતને સાંભળીને સો દોઢસો વૈરાગીનો મહંત હતો તે ઊભો થઈ સર્વેને કહે જે, "મારે એ મુક્તાનંદના ગળાનું લોહી પીવું." એવી પ્રતિજ્ઞા કરી જમાત લઈને ત્યાંથી ચાલ્યો. તે વાત અમે ગઢડામાં અંતરજામીપણે જાણી ને સભામાં મુક્તાનંદસ્વામી આગળ એમ કહ્યું જે, હે સ્વામી ! કોઈક ભસતું ભસતું કૂતરું આવે તેને રોટલાનું બટકું નાખીએ તો ભસતું છાનું રહે. તેમ કોઈક માર માર કરતો આવ્યો હોય તેને ફૂલનો હાર તથા નાળિયેર મેલીને પગે લાગીએ તો ક્રોધ શાંત પડે. એમ અમે કહ્યું.

પછી બીજે દિવસે **મુક્તાનંદસ્વામી તથા અદ્‌ભુતાનંદસ્વામી** એ આદિક વીસ સાધુને **જેતલપુર** ભણવા સારુ મોકલ્યા. તે સાધુ તમારે અહીં આવીને **આસજીભાઈ**ની ખડકીને મેડે ઊતર્યા. ને તે દિવસે સંત કાવડ માગતા. ને દાળ, ચોખા, લોટ માગી લાવે, તે સંત જમે પછી વગડે જાય. કારણ કે ગામમાં રહેવાની તે દિવસે બંધી, તેથી વગડે

ઝાડવા હેઠે રહે ને ચૈતન્યાનંદસ્વામી નિરંતર કાવડ માગવા જતા હતા. તેમની એક દિવસે દાઢ દુઃખવા આવી, તેથી કાવડ માગવા ન ગયા.

ત્યારે **અદ્‌ભુતાનંદસ્વામી ને ચૈતન્યાનંદસ્વામી** બંને **અમદાવાદ**માં **રામદાસજીભાઈ**ને દર્શને ગયા. ત્યારે રામદાસજીભાઈએ અદ્‌ભુતાનંદ સ્વામીની આગળ સંતના મહિમાની એવી વાત કરી જે, **'આ સંત તો સાક્ષાત પ્રગટ પુરુષોત્તમના ઉપાસક છે, ને એમનો મહિમા અગાધ છે. તે કેવો ? તો આ સંતને કોઈ અન્ન આપે અથવા વસ્ત્ર આપે તો તે આપનારનું કલ્યાણ થાય, તેમાં શું કહેવું ? પણ એ વસ્ત્ર વણ્યું હોય, કાંત્યુ હોય, પિંજ્યુ હોય; ને હળે જે બળદને જોડ્યા હોય – એ આદિક સર્વેનું બીજબળ થાય ને મોક્ષને પામે. એવો આ સંતનો મહિમા ને પ્રતાપ છે.'** પણ ચૈતન્યાનંદસ્વામી કહે જે, 'મારી દાઢ દુઃખે છે તેથી હું તો કાવડ નહીં માગું.' ત્યારે અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, 'હે સ્વામી ! હું કાવડ માંગીશ.' ત્યારે રામદાસજીભાઈ કહે જે, 'તમને તો મહારાજે ભણવા સારુ મોકલ્યા છે, તે ભણો.' ત્યારે અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, **'ભણીને પણ સંતની સેવા કરીશું તો વૃદ્ધિને પામીશું.'** ત્યારે રામદાસજીભાઈ કહે જે, 'ઘણું સારું, તમો માગજો.' એમ રાજી થઈને અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, 'મને આજ્ઞા આપી, તેથી જેતલપુરમાં છ મહિના મેં કાવડ માગી. તેથી સંત મારી ઉપર બહુ રાજી થયા ને મહારાજ પણ ઘણા રાજી થયા. ને મારે પગે વાળો નીકળ્યો હતો તે પણ મટી ગયો.' એવી રીતે અદ્‌ભુતાનંદસ્વામી તથા મુક્તાનંદસ્વામી આદિક સાધુ ભણવા સારુ રહ્યા હતા. ॥૧૫૨॥

૧૫૩. જેતલપુરમાં અયોધ્યાનો વૈરાગી મુક્તાનંદસ્વામીને મારવા આવ્યો.

અને તેવા સમામાં અયોધ્યાથી પ્રતિજ્ઞા કરીને નીકળેલો એવો જે વૈરાગી તે પોતાની જમાત લઈને તળાવને કાંઠે ઊતર્યો. ને મુક્તાનંદ

સ્વામી ક્યાં છે ? એમ ગામેગામ પૂછતો હતો. તેથી અહીં પણ પૂછ્યું જે, 'અહીં મુક્તાનંદ છે ?' ત્યારે તે દિવસ સંતના હિતેચ્છુ બહુ હતા. તેથી એમ કહ્યું જે, 'મુક્તાનંદસ્વામી અહીં છે.' એવી વાત સાંભળી તે વૈરાગીને અંગોઅંગને વિશે ક્રોધ જેને ઉત્પન્ન થયો છે એવો થકો પોતાનાં હથિયાર લઈ 'પોતાની પ્રતિજ્ઞા સાચી કરવી' એવા ઠરાવથી ગામમાં જ્યાં મુક્તાનંદસ્વામી ઊતર્યા છે, ત્યાં આવ્યો.

તેને જોઈને સ્વામી પોતાની પાસે નાળિયેર તથા ફૂલનો હાર કોઈક લાવેલા તેને લઈને સ્વામી એની સામા આવ્યા ને ફૂલનો હાર પહેરાવીને નાળિયેર મેલ્યું ને દંડવત કરીને સ્વામીએ આસન આપ્યું. તેના ઉપર એને બેસાડીને બીજા સંત મેડે હતા તેમને કહે જે, 'હે સંતો, નીચે આવો.' ત્યારે સંત સર્વે નીચે આવ્યા. તેમને સ્વામી કહે જે, 'આ સાક્ષાત વૈકુંઠનાથના પાર્ષદ છે, તેમનાં દર્શન કરો.' એવાં સ્વામીનાં વચન સાંભળીને સર્વે સંત પગે લાગીને બેઠા.

તે સમે સ્વામી કહે જે, 'અજામેલને જમ મારતા હતા. તે સમે વૈકુંઠનાથના પાર્ષદે મેલાવ્યા, તે આ વૈકુંઠનાથના પાર્ષદનાં આપણે આજ દર્શન થયાં; તે બહુ મોટો લાભ થયો. ને આપણી બીકમાત્ર પણ નાશ પામી ગઈ. ને આપણી રક્ષા સારુ એમણે હથિયાર બાંધ્યાં છે; ને એમનું નામ ઉચ્ચારણ કર્યાથી ગૃહસ્થનાં ઘર પવિત્ર થાય. ને ગંગાના પાપને હરનારા જે સંત કહ્યા છે તે આ છે. માટે આપણાં જેવાં કોઈનાં ભાગ્ય નહિ, કારણ કે એમનાં દર્શન થયાં !' એવાં સ્વામીનાં ઘણાક મધુર વચન સાંભળી એના અંતરમાં એમ થયું જે, સારા ભેખનો કુવાડો જે મુક્તાનંદ છે, તે મુક્તાનંદ આ નહિ, બીજો કોઈ હશે ! કારણ કે આવો નિર્માની તે મુક્તાનંદ હોય નહીં.

એમ વિચારી મુક્તાનંદસ્વામીને પૂછ્યું જે, 'તમારામાં મુક્તાનંદ કોણ હે ?' ત્યારે સ્વામી કહે જે, "અમારામાં તો હું એક જ મુક્તાનંદ છું." ત્યારે તે કહે જે, 'મુક્તાનંદ તો સારા ભેખનો કુવાડો છે, ને

તમે એક જ મુક્તાનંદ છો, દૂસરા નહિ હે ?' ત્યારે મુક્તાનંદસ્વામી કહે જે, 'હું એ જ છું, બીજો કોઈ નથી.' એવાં સ્વામીનાં વચન સાંભળીને એનો ક્રોધ જે હતો તે સર્વે વૈરાગીના ઉપર ઉતારીને એમ કહેતો હતો જે, 'એ સર્વે વૈરાગી ગધા જેસે હૈ, ને આરબ જેસે હૈ ને ભાવર જેસે હૈ.'

એમ કહીને કહે જે, 'એસા ગઉભેખકું મેં કુછ કિયા હોત તો મેરા ક્યા હાલ હોત ?' એમ કહીને સ્વામીને પગે લાગ્યો, ને ક્રોધ વૈરાગી પર ઉતારીને પોતાનો અપરાધ ક્ષમા કરાવી ઉતારા ઉપર ગયો. એવી રીતે મુક્તાનંદસ્વામીનાં મધુર વચનથી મારવા સારુ આવેલો પણ શાંતિ પામીને જતો હતો. એવી રીતે મહારાજ, સંત તથા હરિજનને તે મહોલ ઉપર વાત કરતા હતા. પછી ત્યાંથી ગંગામાને ત્યાં થાળ થયો તે પોતે જમવા પધારતા હતા. ને જમીને ત્યાં પોઢી જાતા હતા. ને સંત પણ જમવા પધારતા હતા. ॥૧૫૩॥

૧૫૪. મહારાજ સુરત પધાર્યા ને અરદેસરને મોળિયું આપ્યું.

પછી એક દિવસ મહારાજ ચાલ્યા તે **ડભાણ** આવ્યા. ડભાણમાં રાત રહીને **વરતાલ** પધાર્યા ને વડતાલમાં રામનવમીનો સમૈયો કર્યો. પછી ત્યાંથી સંતે સહિત **બામણગામ** થઈને **વાલવોડ** મહી નદી ઊતરીને ગામ **પાદરે** થઈને **દોરે** ગયા. ને ત્યાંથી **ભરૂચ** નર્મદા નદી ઊતરીને ગામ **ઓલપાડ** ગયા ને ત્યાં રાત રહ્યા. ને ઓલપાડથી **અશ્વનીકુમાર**ને આરે ઊતરીને તાપી નદીને કાંઠે **નારાયણબાગ**માં રહ્યા.

તે સમે શહેર **સુરત**ના હજારો હરિજન 'મહારાજ પધાર્યા છે' એમ જાણી ઘણા હરખથી પુષ્પ, ચંદન, ફળ-ફૂલ, બરફી, પેંડા – એ આદિક ભેટો લઈને આવતા હતા. ને મહારાજની પૂજા કરીને હાર પહેરાવીને ભેટ આગળ મૂકીને પગે લાગીને બેસતા હતા. ને તે સમે

સર્વેના મનને વિશે મહા મોટો ઉત્સાહ થાતો હતો. અને હરિજનોએ મહારાજના સારુ એ બાગમાં થાળ કરાવ્યો ને સંતના સારુ રસોઈ કરાવી હતી. તે સમે મહારાજ સર્વે હરિજનોને પોતાનાં દર્શન આપી સુખિયા કરી થાળ જમવા પધાર્યા ને સંતો પણ જમવા સારુ પધાર્યા. પછી મહારાજ થાળ જમી જળપાન કરી, મુખવાસ લઈ સભામાં આવીને બિરાજમાન થયા અને સર્વે સંત પણ સભામાં આવીને બેઠા.

તે સમે મહારાજે સંતના મહિમાની ઘણીક વાર્તા કરી. તેને સાંભળીને સર્વે હરિજન બહુ જ ઉત્સાહને પામતા હતા. ને કહે જે, **"આજ અમારાં મોટાં ભાગ્ય થયાં. કારણ કે બ્રહ્માદિકને પણ જેનાં દર્શન દુર્લભ છે એવા તમે સાક્ષાત્ પ્રત્યક્ષ પુરુષોત્તમનારાયણ સર્વ અવતારના અવતારી છે તેમનાં દર્શન આજે અમને થયાં.** તે ઘણા દિવસનો અમારો મનોરથ હતો તે તમોએ આજે પૂરો કર્યો." એવી રીતે કહીને વિનંતીએ સહિત મહારાજને પગે લાગીને શહેરમાં પોતપોતાને ઘરે મહારાજની આજ્ઞાથી જાતા હતા. અને મહારાજ તો ત્યાં ને ત્યાં બાગને વિશે છપરપલંગ ઉપર પોઢી જાતા હતા.

ને બીજે દિવસે પ્રાતઃકાળે ઊઠીને તાપીમાં સ્નાન કરી નિત્યવિધિ કરી બાગને વિશે સભા કરી બિરાજમાન થાતા હતા. તે સમે શહેરનો સૂબો પારસી **અરદેશરજી** નામે હતા. તેમને મહારાજે પરચો આપેલો તેથી ભારે સત્સંગી થયેલા. તે અરદેશરજી પાલખી તથા અનેક પ્રકારનાં વાજિંત્ર તથા ઘોડવેલો એ આદિ વાહન તથા સામૈયાનો સર્વે સામાન લઈ સર્વે હરિજને સહિત મહારાજને તેડવા સારુ આવ્યા. ને મહારાજને ઘણી વિનંતીએ સહિત પાલખી ઉપર બેસાડીને છત્ર, ચામર, અબદાગીરી આદિક શોભાએ યુક્ત ઘણા સ્નેહથી અરદેશરજી તથા **ભાલચંદ શેઠ** એ આદિક સર્વે હરિજન મળીને ધીરે ધીરે શહેરમાં મહારાજને લાવ્યા.

અને મહારાજ પણ બજારે ધીરે ધીરે શહેરના લોકોને પોતાનાં દર્શન દેતાં દેતાં ને તેમનાં મન પોતાને વિશે તાણી લેતા, તેથી ચિત્રામણમાં

ચીતરેલાં પૂતળાં હોયને શું ? એમ સ્થિર રહેતા હતા. અને તે સમે અનેક વાજિંત્રનો શબ્દ થયો. તે દસે દિશાઓને વિશે વ્યાપ્યો. તેને સાંભળીને બ્રહ્માદિક સર્વે દેવ પોતપોતાનાં વિમાનમાં બેસીને આવ્યા. ને ગૌલોક, બદરિકાશ્રમ, શ્વેતદ્વીપ, વૈકુંઠ – એ આદિક ધામના પાર્ષદ પોતાના પ્રાણના પતિ એવા ભગવાન તેમનાં દર્શન સારુ ત્યાં સર્વે આવતા હતા. અને દર્શન કરીને ઘણો આનંદ પામતા હતા.

તે સમે પુષ્પનો વરસાદ મહારાજ તથા સંતોના ઉપર કરતા હતા. ને અપ્સરાઓ ઉત્સાહથી નૃત્ય કરતી હતી ને ગાંધર્વ મહારાજના ગુણનું ગાયન કરતા હતા. એવી રીતે દેવ તથા મુક્ત તથા મનુષ્ય એ સર્વેને મહામોટો ઉત્સાહ પમાડતા સતા શહેરમાં બજારે બજારે ફરીને ઉતારા ઉપર આવતા હતા. અને સભામાં બિરાજમાન થયા ને સર્વેને સૌ સૌને ઘેર જવાની આજ્ઞા આપી ને સંતને જમવાની આજ્ઞા આપી ને પોતે પણ થાળ જમવા સારુ પધાર્યા. અને જમીને મુખવાસ લઈ પોઢી જાતા હતા. એવી રીતે તે દિવસ આનંદમાં ગયો.

અને બીજે દિવસે સવારમાં ઊઠી સ્નાનાદિક નિત્યવિધિ કરીને સભા કરી બિરાજમાન થયા. તે સમે હજારો શાસ્ત્રીઓ તથા પુરાણીઓ આવ્યા. તેમણે મહારાજને પ્રશ્ન પૂછ્યા. તેમના ઉત્તર મહારાજ તરત કરીને તેમને જીતતા હતા. ને **પોતાના પુરુષોત્તમપણાનો નિશ્ચય ઘણા લોકોને કરાવ્યો.** એવી રીતે એ શહેરમાં નવ દિવસ રહીને સર્વે હરિજનોને ઘરે ઘરે પધરામણી કરી. પછી શહેરમાં નવાબને ત્યાં પધરામણી કરી. તથા અરદેશરભાઈને ત્યાં પધરામણી કરી.

અને સર્વે હરિજનને સુખ આપી પછી ત્યાંથી ચાલ્યા. ને સર્વે હરિજન વળાવવા સારુ આવ્યા. તેમને પાછા વાળીને અરદેશરજીને તે સમે મળીને પોતાને માથે બાંધેલું જે છોગે સહિત મોળિયું તે અરદેશરજીને માથે મેલીને કહે જે, "હવે તમે સર્વે પાછા વળો." એવી રીતે એમને પાછા વાળીને પોતે ચાલ્યા. અને અરદેશરજીએ મહારાજના હાથનું

બાંધેલું એવું જે મોળિયું, તેને એમ ને એમ બાંધેલું પ્રસાદીનું રહે તેથી નીચે લૂગડું ઘાલીને તકતો મોટો કરાવીને પોતાને ઘરે હાટિયાને વિશે પધરાવતા હતા. (તે મોળિયું હજુ સુધી મહારાજનું બાંધેલું તેમ ને તેમ છે.) ॥૧૫૪॥

૧૫૫. બોટાદમાં શેખજી ને મૂળજીનો વિવાહ કર્યો.

અને મહારાજ **સુરત**થી ચાલ્યા તે તાપી નદી ઊતરી, નર્મદા ઊતરીને **હળદર** આવતા હતા. ને ત્યાંથી ગામ રણું આવ્યા. ને **ડભાસે** થઈને **બામણગામ** આવીને રાત રહ્યા. ને બીજે દિવસ જમીને ત્યાંથી ચાલ્યા તે **મોકમ બારૈયા**ના **શેરડી(ગામ)** થઈને **વડતાલે** આવ્યા. ને વડતાલે થોડુંક રહીને ત્યાંથી ચાલ્યા તે ગામ **ચાંગે** થઈને **વસો** પધાર્યા. ને (ત્યાં **રામ સરોવર** ઉપર હાલમાં છત્રી છે) તે જગ્યાએ ઊતરતા હતા. ને બીજે દિવસે ખાંડના લાડુની હરિજનોએ રસોઈ કરાવી. તે રસોઈ જમીને સંતે સહિત પોતે ચાલ્યા તે ફરતાં ફરતાં **કૌકે** થઈને **ઝાખડે** થઈને **ધોલેરે** ગયા. ને ત્યાં બે દિવસ રહીને ત્યાંથી ચાલ્યા તે ફરતાં ફરતાં મહારાજ **કારિયાણી** પધાર્યા. ને ત્યાંથી **બોટાદ** ગયા ને ત્યાં હમીર ખાચરના દરબારમાં ઊતર્યા.

ત્યાં દરબારમાં દાદો ખાચર, સુરો ખાચર, સોમલો ખાચર એ આદિક પોતાના એકાંતિક સખા બેઠા છે. તે સમે ગામ **લીમડી**નો **મુળજી વણિક** હતો, તે ત્યાં મહારાજને દર્શને આવ્યો. તે મુળજી પ્રથમ સાંખ્યયોગી હતો. તેને મહારાજે કર્મયોગી કરવા સારુ ગઢડેથી સુરા ખાચરને તથા સોમલા ખાચરને મોકલ્યા હતા. ત્યારે તેમણે મુળજીને કહ્યું જે, "તું સાંખ્યયોગ રહેવા દે, ને કર્મયોગી થા." એમ મહારાજે કહ્યું છે. તે વચન ન માન્યું ને આજ્ઞાનો ભંગ થયો. તેથી એણે બે સ્ત્રીઓ પરણીને ગૃહસ્થાશ્રમ કર્યો, પણ મહારાજનો નિશ્ચય પાકો તેથી મહારાજને દર્શને ત્યાં આવ્યો.

તે જોઈને સુરો ખાચર મહારાજને કહે જે, "હે મહારાજ ! પેલો મુળજી આવ્યો છે." ત્યારે મહારાજ કહે જે, "એને અહીં બોલાવી લાવો." તેથી એને બોલાવી લાવ્યા. ત્યારે મહારાજ કહે જે, 'હે મુળજી, કેટલી (સ્ત્રી) કરી ?' ત્યારે મુળજી કહે જે, 'હે મહારાજ, બે કરી.' ત્યારે મહારાજ કહે જે, 'ત્રીજી પણ જોઈએ.' ત્યારે મુળજી કહે જે, 'ના મહારાજ, હવે ના જોઈએ.' ત્યારે મહારાજ કહે જે, 'જોઈએ.' એમ કહીને ગોંડળવાળા શેખમિયાં બેઠા હતા. તેમને કહે જે, 'હે શેખજી, તમારે બે છે. તેમાંથી મુમદિયાની મા મુળજીને આપો.'

ત્યારે મુળજી કહે જે, 'હે મહારાજ ! હું હિંદુ ને એ મુસલમાન એ કેમ બનશે ?' ત્યારે મહારાજ કહે જે, 'સાંખ્યયોગી હતા તે કર્મજોગી થયા, એ બન્યું કે નહીં ?' એમ કહીને શેખજીને કહે જે, 'તમે આલો જ.' ત્યારે શેખજી કહે જે, 'હે મહારાજ ! મુમદિયાની મા તો ગોંડળ છે.' ત્યારે મહારાજ કહે જે, 'પરણે ત્યારે કેમ કરે ?' ત્યારે સુરો ખાચર કહે જે, 'હે મહારાજ ! ચોરી બાંધે ને માંહી અગ્નિ સળગાવે ને છેડા બાંધે, ને ફેરા ફેરવે ને ગીતો ગાય એમ કરે.'

ત્યારે મહારાજ કહે જે, 'શેખમિયાં ને મુળજીના છેડા બાંધો ને ફેરા ફેરવો ને ગીતો ગાવ.' ત્યારે સુરો ખાચર કહે જે, 'ઠીક મહારાજ, એમ કરીએ.' એમ કહીને બેયના છેડા બાંધ્યા ને દેવતા સળગાવ્યો ને ફેરા ફેરવ્યા. તે સમે કાઠી એવું ગીત ગાવા લાગ્યા જે –

'ગણુણું ગણુણું ધૂપ જાવ, ગણુણું ગણુણું ધૂપ જાવ.' એવું ગીત ગાયું ને સોળ ફેરા ફેરવ્યા. ને શેખજીને કહે જે, 'હવે તો તમે ગોંડળ જાવ, ત્યારે મોકલી દેજો.' એવી રીતે હમીર ખાચરના દરબારમાં મુળજીના નિશ્ચયની પરીક્ષા કરતા થકા એવી રીતની રમૂજ કરતા હતા. પણ મુળજીને **'સર્વોપરી પુરુષોત્તમનારાયણ છે' એવી દઢ ગાંઠ તેથી લગારેય સંશય થયો નહીં.** ને પોતે મહારાજની એવી રીતની લીલા જોઈને મહા આનંદને પામતો હતો. ॥૧૫૫॥

૧૫૬. ગામ લોયાના શાક-ઉત્સવ લીલાની વાત

અને એક દિવસ મહારાજ **બોટાદ**માં હમીર ખાચરના દરબારમાં બિરાજમાન થયા હતા. તે સમે સુરા ખાચર નાગડકેથી મહારાજનાં દર્શન સારુ તૈયાર થયા. તે સમે એમના ઘરનાં બાઈ **શાંતીબા** ઘણા હેતથી કહે જે, “મહારાજને આપણે ઘેર તેડી લાવજો.” ત્યારે સુરો ખાચર કહે જે, “મહારાજ ના આવે તો હું કેમ કરું ?” ત્યારે બાઈ કહે જે, “તમે સાધુ થાજો.” એવું સાંભળીને સુરો ખાચર બોટાદ આવ્યા ને મહારાજનાં દર્શન કરીને પાસે બેઠા.

તે સમે મોટીબા કહે જે, “અહીંથી હવે ગઢડે પધારો ને લક્ષ્મીવાડીમાં રીંગણાં બહુ થયાં છે.” એવાં વચન મોટીબાનાં સાંભળીને મહારાજે ગઢડે જવાની હા પાડી. તે સમે સુરો ખાચર મહારાજને કહે જે, “હે મહારાજ ! અમારે લોયે પધારો !” ત્યારે મહારાજ કહે જે, “અમે ગઢડાની હા પાડી છે.” ત્યારે સુરો ખાચર કહે જે, “મને સાધુ કરો !” ત્યારે મહારાજ કહે જે, “એમ કેમ કહો છો ?” ત્યારે સુરો ખાચર કહે જે, “હે મહારાજ ! ઘરમાંથી મને એમ કહ્યું છે જે, ‘મહારાજ આપણે ત્યાં ન પધારે તો તમે સાધુ થાજો.’ એમ કહ્યું છે. તેથી મુને સાધુ કરો.”

એવાં વચન સુરા ખાચરનાં સાંભળીને મહારાજ કહે જે, “તમે ઘરનાંને વશ છો ? કે ઘરનાં તમારે વશ છે ?” એવાં વચન મહારાજનાં સાંભળીને સુરો ખાચર કહે જે, “હે મહારાજ ! અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ એવા જે તમે તે હે બાપા ! તમે મોટીબાને વશ થઈને ગઢડે જવાની હા પાડી. ત્યારે અમે તો જીવ તે એને વશ હઈએ.” એવું મહારાજને સખાભાવથી વચન કહ્યું.

તે વચન સાંભળીને મહારાજે મોટીબાને બોલાવીને કહ્યું જે, “હવે અમે ગઢડે નહિ આવીએ, ને અમે લોયે જાશું.” એમ કહીને સંતમંડળે સહિત મહારાજ **લોયે** પધાર્યા. ને ત્યાં ફરતાં ગામડેથી સંત તથા હરિજનો

રીંગણાં મોકલાવે. તે ગાડેગાડાં રીંગણાં આવે. અને મહારાજ પંડે તે રીંગણાંનું શાક કરે. ને હલદી-મસાલો પોતે નાખે ને સાઠ મણ રીંગણાં ને બાર મણ ઘી એવી રીતે વઘાર મેલે, તેથી એવું સ્વાદુ શાક થાય તે રાધા-લક્ષ્મીને પણ ના આવડે ! એવું શાક ને ઘઉંની રોટલીઓ મહારાજ ડંકો લઈને સર્વે સંતોને પોતે પીરસે ને હરિજનોને પણ પીરસે આમ સર્વે સંતો તથા હરિભક્તને જમાડે. અને કેટલાક હરિજનો એ શાકને પનવાડાંમાં[1] સૂકવી પ્રસાદીનું જાણીને ઘેર લઈ જાતા હતા.

એવી રીતે અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, ‘બે માસ પર્યંત રોટલીને પડી મૂકીને શાક એકલું જમીએ, એવું સ્વાદુ થાતું.’ ને એક દિવસે મહારાજ શાક પીરસીને જરા છેટે ગયા. તે સમે મુક્તાનંદસ્વામી બ્રહ્માનંદસ્વામીને કહે જે, “હે સ્વામી, આ શાકનાં વખાણ કેમ કરતા નથી ?” ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે જે, “જેને સંભળાવવું છે, તે તો છેટા ગયા.” એ બ્રહ્માનંદસ્વામીનું વચન સાંભળીને મહારાજ કહે જે, “જે તમારે કહેવું હોય તે કહો, હું સાંભળું છું.”

ત્યારે બ્રહ્માનંદસ્વામી શાકનાં વખાણ કરવા મંડ્યા જે, “આવું શાક તો રાધાને ના આવડે, લક્ષ્મીને ના આવડે. તથા કોઈ દેવને ના આવડે, કોઈ મુક્તને ના આવડે. જુવોને હે સ્વામી ! આ શાકના સ્વાદથી બ્રહ્માદિક દેવ તથા સર્વે ધામના મુક્ત તે પણ સ્વાદથી ખેંચાયા થકા પોતાના સ્થાનનો ત્યાગ કરીને આપણી જોડે પંગતમાં આવીને બેસીને જમે છે. અને એવાં વખાણ કરે છે જે, ‘આવું શાક તો કોઈ દિવસ જમ્યા નો’તા ને જમશું પણ નહીં.” એમ કહીને શીશ ડોલાવે છે. એવી રીતે શાકનાં વખાણ કર્યાં.

તેને સાંભળીને મુક્તાનંદસ્વામી કહે જે, “હે સ્વામી ! રાધા-લક્ષ્મી કંઈ અંતરજામી નથી. તેથી આટલું મીઠું-હળદર જોઈએ, તે જાણે નહીં. અને આ તો સર્વેના અંતરજામી છે. તેથી સ્વાદુ ઘણું થાય છે.”

૧.પતરાળામાં

એવી રીતે જમતાં જમતાં વખાણ કર્યાં. તેને સાંભળીને મહારાજ ઘણું રાજી થયા ને સંતોને પીરસીને પોતે પણ શાક જમવા બેસતા હતા. ને પછી શાક-રોટલીઓ જમીને ત્રપ્ત થઈને ચળુ કરી પાન-બીડી લઈને સભામાં બિરાજમાન થાતા હતા. ને સંતોને તથા હરિજનનોને ઘણીક વાતો કરીને સુખ આપતા હતા. એવી રીતે લોયામાં શાક-ઉત્સવની લીલા કરતા હતા. ॥૧૫૬॥

૧૫૭. લોયામાં મહારાજને રામપ્રતાપજી તથા ઈચ્છારામજી પ્રથમવાર ભેગા થયા.

અને વળી એક સમે **માયાતીતાનંદસ્વામી** ફરતાં ફરતાં **અયોધ્યા**માં ગયા. ત્યાં જઈને મહારાજના મોટાભાઈ જે **રામપ્રતાપજી મહારાજ** તથા **ઈચ્છારામજી મહારાજ**ને બુરાનપુરના એંધાણે સહિત વાત કરી. તેથી 'અમારા એ જ ભાઈ' એવો રામપ્રતાપભાઈ નિશ્ચય કરતા હતા. તેથી બંને ભાઈ ત્યાંથી ચાલ્યા તે ઘણે દિવસે અહીં ગુજરાતમાં આવ્યા. ને પછી ત્યાંથી કાઠિયાવાડ જાતાં બે ભાઈ ભૂલ્યા પડ્યા. તેથી ઈચ્છારામજી મહારાજ લોયામાં બે દિવસ આગમચ[1] આવ્યા. ને **મહારાજનાં દર્શન કર્યાં ત્યાંથી જ ત્રણે અવસ્થામાં 'આ પૂરણ પૂરુષોત્તમ ભગવાન છે' એવો નિશ્ચય થઈ ગયો.**

અને ત્રીજે દિવસે રામપ્રતાપભાઈને આવતાં સાંભળીને મહારાજ સંતે સહિત સામા આવ્યા. તે ઈચ્છારામભાઈ મહારાજથી આગળ ભાઈની સામા ગયા ને ભાઈને મળીને કહે જે, "હે બડે ભાઈ ! આ તો ભગવાન છે. તેમને પાવ પડવા[2] દેશો નહીં." ત્યારે રામપ્રતાપભાઈ કહે જે, 'ઠીક, હું પાવ નહિ પડવા દઉં.' તેટલાકમાં જ મહારાજ આવ્યા. ને રામપ્રતાપભાઈને બથમાં ઘાલીને મળ્યા. તે સમે મહારાજ રામપ્રતાપ મહારાજની બથમાંથી નીકળીને રામપ્રતાપ ભાઈના પગમાં પડ્યા.

૧.અગાઉ ૨.પગે લાગવા

તે જોઈને ઈચ્છરામભાઈ કહે જે, "હે બડે ભાઈ, એ ક્યા કિયા ?" એવું સાંભળીને રામપ્રતાપભાઈ કહે જે, "મેં ક્યાં કરું ? ઘનશ્યામ ઢીસલી પડે ને મેરા પાવ પકડે." એમ કહીને મહારાજની સાથે ગામમાં આવ્યા. અને ત્રણેય ભાઈ સાંજે સભામાં બેઠા ને પરસ્પર વાતો પૂછવા માંડી. તેવામાં તો થાળ થયો તે જમવા સારુ પધાર્યા ને જમીને રાતે પોઢી ગયા.

અને બીજે દિવસ સવારમાં ઊઠીને મહારાજ શાક કરવા મંડ્યા. ને શાક થઈ રહ્યું ત્યારે સંતોને ડંકો લઈ પીરસવા મંડ્યા. તે જોઈને રામપ્રતાપજીભાઈ ઈચ્છારામજીને કહે જે, "હે ભાઈ ! ઘનશ્યામ તો ભેખકા ભઠિયાર[૧] હો ગયે." એવું સાંભળીને મહારાજ કહે જે, **"હે ભાઈ ! આ ભેખનું ભઠિયારું તો બ્રહ્માદિક દેવને મળે એમ નથી. ને આ તો બધા અક્ષરમુક્ત છે; ને જીવને જન્મ-મરણનાં બંધન થકી છોડાવે એવી એમની સેવા છે."** એવી રીતે સંતના મહિમાની ઘણીક વાત ભાઈને કરી. ને બીજે દિવસે ચંદ્રગ્રહણ આવ્યું. તે ગ્રહણ (પૂરું થયું ત્યારે) સુખભાદર નદીમાં નાહી આવીને પછી સંતની પંક્તિ કરીને જમાડ્યા. ને પછી પોતે જમ્યા ને પછી પૂર્વ દેશની બધી રીત-ભાત પૂછી. એવી રીતે લોયામાં બે માસ શાક-ઉત્સવ લીલા કરીને સર્વે સંતોને તથા સુરા ખાચર આદિક હરિજનોને સુખ આપતા હતા. ॥૧૫૭॥

૧૫૮. રામપ્રતાપભાઈના નિશ્ચયની વાત

અને પછી ત્યાંથી મહારાજ સંતે સહિત **ગઢપુર**માં પધાર્યા. ને થોડા દિવસ ગઢડામાં રહ્યા છે. તે સમે ગામ **પંચાળા**ના **દરબાર ઝીણાભાઈ** મહારાજને તેડવા સારુ ગઢપુર આવ્યા. ને તેમણે મહારાજને પોતાને ગામ લઈ જવા સારુ વિનંતી કરી. તેમની પ્રાર્થના સાંભળીને મહારાજે જવાની હા પાડી. ને ત્યાં હુતાશનીનો સમૈયો કરવાની પણ હા પાડી. ને ઝીણાભાઈને મહારાજે સામાન (તૈયાર) કરવા સારુ આગળ મોકલ્યા.

૧.સાધુના રસોઈયા

અને રામપ્રતાપજી મહારાજની સેવામાં **જેરામ બ્રહ્મચારી**ને મૂક્યા ને રામપ્રતાપભાઈને ઘણીક સાધુના મહિમાની વાતો કરી. તથા સાધુએ મહારાજના પુરુષોત્તમપણાની વાતુ કરી પણ 'આ મહારાજ ભગવાન છે' એવો નિશ્ચય (થયો) નહીં. તેથી **અરદેસર બાવો** કરીને એમનો ગુરુ હતો. તેનો મુંજનો આડબંધ પૂજામાં રાખેલો. તેની દરરોજ પૂજા કરી પાણીમાં બોળીને આચમન કરે.

એ વાતને મુક્તાનંદસ્વામીએ જેરામ બ્રહ્મચારીના કહેવાથી જાણેલી. ને પછી સ્વામીએ મનમાં વિચાર કર્યો જે, 'આપણે તો મહારાજને પુરુષોત્તમ જાણીએ છીએ. અને આ સર્વે સાધુ તથા બાઈ-ભાઈ પુરુષોત્તમ જાણે છે, પણ કોઈક આ ભાઈને આડબંધની પૂજા કરતાં ને આચમન કરતાં દેખીને અવગુણ લેશે; તેથી પાછા પડશે ને તેમના અંતરમાં એમ થાશે જે, એમના ભાઈ જ મહારાજને ભગવાન નથી જાણતા ને બીજાને જાણે છે. ત્યારે આ મહારાજ ભગવાન હશે કે નહીં હોય ? એવી રીતનો સંશય કરીને મહારાજનો અવગુણ લેશે તો તેના જીવનું બગડશે.'

એવો મનમાં વિચાર કરીને મુક્તાનંદસ્વામીએ જેરામબ્રહ્મચારીને કહ્યું જે, "એ આડબંધને તમે લઈને બાળી મેલજો." ત્યારે બ્રહ્મચારી કહે જે, "મને વઢે." ત્યારે મુક્તાનંદસ્વામી કહે જે, "હું આવીશ, ને તમને વઢવા નહીં દઉં." એમ કહીને બ્રહ્મચારીને મોકલ્યા. ત્યારે બ્રહ્મચારીએ સ્વામીએ કહ્યું તેમ કર્યું. ને બીજે દિવસે સવારમાં રામપ્રતાપજીભાઈ ઊઠીને નાહી-ધોઈને પૂજા કરવા સારુ બેઠા. તે વખતે આડબંધ નહીં તેથી અકળાઈને કહે જે, "મેરા અરદેસરરામકા આડબંધ કુન છીનાઈ ગયે ?"

તે સમે મુક્તાનંદસ્વામી આવીને કહે જે, "હે ભાઈ ! શુ છે ? ને કેમ અકળાયા છો ?" ત્યારે ભાઈ કહે જે, "મેરા અરદેસરરામકા આડબંધ તો કોઈક છીનાઈ ગયું." તે વાત સાંભળીને મુક્તાનંદસ્વામી કહે જે,

"આ તો સર્વે અરદેસરરામથી ઘણા મોટા છે ને તમારા અરદેસરરામના આડબંધને કોઈ લે એમ નથી. તમે ભૂલી ગયા હશો, તેથી આપણે ખોળ કરીએ." એમ કહીને જ્યાં બાળી મૂક્યો હતો ત્યાં જઈને કહે જે, "આ કંઈક બળી ગયું છે." ત્યારે ભાઈ કહે જે, "એ આડબંધ બળી ગયો છે." એમ જાણીને તેની રાખ લઈને કપાળે ઘસી.

તે જોઈને મુક્તાનંદસ્વામીએ એમ મનમાં વિચાર કર્યો જે, 'ભગવાનની માયાનું બળ અઘાત[1] છે. જુવોને, જેના ભાઈ આવા ભગવાન છે ને અનેક પરચા એમને આપ્યા છે તોપણ ભગવાનપણાનો હજુ સુધી નિશ્ચય ન થાતો હવો. માટે 'નિશ્ચયની વાત બહુ અટપટી છે ને સંત દ્વારે નિશ્ચય થાતો હવો.' એ વાત વચનામૃતમાં લખી છે. ॥૧૫૮॥

૧૫૯. મહારાજ પંચાળે પધાર્યા ને ઘણી લીલા કરી.

અને વળી મહારાજે ઝીણાભાઈને વાયદો કરેલો તેથી પોતે સંતે સહિત **પંચાળે** જવાની તૈયારી કરીને સંતે સહિત ચાલ્યા. તે **કરિયાણે** મીણબાઈને ત્યાં રાત રહ્યા. ને ત્યાંથી ચાલ્યા તે **કોટડે** ગયા. ને કોટડેથી ચાલ્યા તે વાણિયાની **વંથળી** ગયા. ને ત્યાંથી ચાલ્યા તે **બીજી વંથળી** જૂનાગઢ પાસે છે, ત્યાં ગયા ને રાત રહ્યા. ને ત્યાંથી પંચાળે ગયા ને ઝીણાભાઈના દરબારમાં ઊતર્યા. ને ગામથી આથમણે પાસે ખાખરાનું વન હતું ત્યાં સર્વે સંત ઊતર્યા. ને જમવા સારુ દરબારમાં આવી જમીને ઉતારા ઉપર જાય, ને મહારાજ દરબારમાં થાળ થાય, તે હંમેશાં દરબારમાં જમે.

ને સાંજના ગામથી આથમણી પાસા(બાજુ) એક મોટો વડ હતો તેની નીચે સભા થાય. ને સંત તથા હરિજન મહારાજને પ્રશ્ન પૂછે. તેના ઉત્તર મહારાજ ઘણા વિસ્તારથી સર્વેને સમજાય એવી રીતે વિસ્તારે સહિત કરતા હતા. અને દરબારે સંતને માટે રસોઈ કરવા બ્રાહ્મણ

૧.અગાધ; અપાર

રસોયા રાખેલા. તે રસોઈ કરે ને સંત દરરોજ જમે ને સભા થાય ને સભામાં સંત ગાવણાં કરે. તેને સાંભળીને મહારાજ બહુ રાજી થાય, ને માહીં પડકારા કરતા જાય. એવી રીતે સર્વેને પોતાનું સુખ આપતા હતા. અને ઘણા સ્નેહથી મહારાજના સારુ ઝીણાભાઈ દરરોજ નવા નવા થાળ કરાવે ને મહારાજને જમાડે. એવી રીતે આનંદમાં દોઢ માસ જતો હતો.

અને હુતાશનીનો સમૈયો નજીક આવ્યો, તેથી ઝીણાભાઈએ મહારાજને પૂછ્યું જે, “હે મહારાજ ! હુતાશનીનો ઉત્સવ આવ્યો ને તમે કહો તો રંગના હોજ પાકા કરાવીએ. રંગ તથા ગુલાલ આપની મરજી હોય તો મંગાવીએ.” એવું ઝીણાભાઈનું વચન સાંભળીને મહારાજ કહે જે, “બહુ સારું, તમો કરાવો.” એવું મહારાજનું વચન સાંભળીને દરબાર ઘણું રાજી થયા.

ને પાકા હોજ કરાવ્યા ને મહારાજને બેસવા સારુ એક ઓટો કરાવ્યો. (તે હોજ હજુ સુધી પ્રસાદીના છે.) ને હુતાશનીને દિવસે સભાને વિશે મહારાજ બિરાજમાન થયા હતા. ને તે દિવસે સંત મૃદંગ-કાંસા લઈને ઉત્સવ કરતા હતા. ને મહારાજને ફૂલડોળે ઝુલાવવા સારુ એક હિંડોળો સારો શોભાયમાન પંચરંગનો કરીને વડે બાંધતા હતા. અને મહારાજને તથા સંતને રમવા સારુ રંગ કઢાવીને બંને હોજ ભરાવતા હતા. ॥૧૫૯॥

૧૬૦. મહારાજે પંચાળે ફૂલદોલનો ઉચ્છવ કર્યો ને રંગ રમ્યા તે વાત

અને બીજે દિવસે પ્રાતઃકાળે મહારાજે ઊઠીને નિત્યવિધિ કર્યો ને શ્વેત વસ્ત્ર ધારણ કરીને ચાખડીઓ પે'રી, હાથમાં સોટી લઈને સભામાં આવીને વડ નીચે વિરાજમાન થયા. અને સર્વે સંત પણ રંગ રમવા સારુ તૈયાર થઈને આવ્યા. તે સમે મહારાજ પણ તૈયાર થઈને હોજ આગળ આવીને ઊભા રહ્યા. અને હાથમાં પિચકારી લઈ રંગ ભરીને

સર્વે સંતને રંગ નાખતા હતા અને રમવાની છુટ્ટી કરતા હતા.

પછી એક બાજુ સંત ને બીજી બાજુ મહારાજ ને પાર્ષદ, એવી રીતનાં બે તડાં કર્યાં. ને ગુલાલ પણ વહેંચીને આપ્યો. તે સમે સામસામી રંગની ઝડી મચી. ને અનેક પ્રકારનાં વાજિંત્ર વાગતાં હતાં. **તે સમે આકાશને વિશે બ્રહ્મા, વિષ્ણુ, શિવ એ આદિક બધા દેવ પોતપોતાનાં વેમાન તથા વાજિંત્ર લઈને આકાશને વિશે આવ્યા. ને સંત તથા મહારાજની રંગક્રીડા જોઈને ઘણા સ્નેહથી દુંદુભિ આદિક વાજિંત્ર વગાડતા હતા.** ને નારદાદિક દેવ વેણુને વગાડતા હતા. ને અપ્સરાનો ગણ તે નૃત્યને કરતો હતો.

એવી રીતે આકાશમાં મહામોટો ઉત્સવ થાતો હતો. ને દેવ સર્વે ઘણા સ્નેહથી મહારાજ તથા સંતના ઉપર પુષ્પની વૃષ્ટિ કરતા હતા. ને એવી રીતે મહારાજ તથા સંત તેમના સામસામી તડા, તેથી કોઈ કોઈને હારે નહિ. એવી રીતે રમતાં રમતાં ત્રીજો પો'ર થયો, પણ કોઈ હાર્યું નહીં.

પછી મહારાજે સર્વેને કહ્યું જે, "આપણે સર્વે જીત્યા ને હવે રમત રાખો, ને નાહવા ચાલો." એવી રીતનાં મહારાજનાં વચન સાંભળીને રમત બંધ રાખી. ને મહારાજની સાથે નાહવા પધાર્યા ને વાજિંત્રે સહિત ધીરે ધીરે નદીએ નાહવા પધાર્યા. ને તે સર્વે રંગ ભરેલાં વસ્ત્ર ઝીણાભાઈને આપીને નદીમાં સંતે સહિત પોતે નાહીને બહાર નીકળ્યા. ને પછી સર્વે શ્વેત વસ્ત્ર પે'રીને ઘોડીએ સ્વાર થઈને સંતે સહિત સર્વે દરબારમાં પધાર્યા. ને થાળ થયો તે મહારાજ પોતે જમવા સારુ પધાર્યા ને ત્યાં થાળ જમીને તૃપ્ત થઈને ચળુ કરીને જળપાન કરી પાનબીડી લઈને પછી સંતની પંગતમાં પીરસવા સારુ પધાર્યા.

અને મોતૈયા લાડુ ને જલેબી હાથમાં લઈને 'લ્યો લાડુ, લ્યો જલેબી, લ્યો લાડુ,' એવી રીતના શબ્દ કરતા જાય ને સંતને પીરસતા જાય. ને વારંવાર પંગતમાં ફરીને સંતોને સારી પેઠે જમાડીને પોતે હાથ-પગ ધોઈને હિંડોળે આવીને વિરાજમાન થયા. ને સંત સર્વે જમીને

તૃપ્ત થઈને વડ આગળ આવીને સભામાં મૃદંગ, સારંગી તથા તાલ લઈને ઉત્સવનાં કીર્તન ગાતા હતા. એવી રીતે ફૂલદોળનો ઉત્સવ કર્યો. ને મહારાજને હિંડોળે ઝુલાવ્યા ને અડધી રાત્રી ગઈ.

તે સમે દેવાદિક સર્વે મહારાજની ઉપર પુષ્પનો વરસાદ કરીને તથા મહારાજની આજ્ઞા માગીને પોતપોતાને સ્થાનકે જાતા હતા. ને મહારાજ હિંડોળેથી ઊતરી દરબારમાં જઈને પોઢતા હતા. અને સંતો પણ પોતપોતાને સ્થાનકે જઈને પોઢતા હતા. ને હરિજન પણ પોતપોતાને ઉતારે જઈને સૂઈ ગયા. એવી રીતે ફૂલદોલનો ઉત્સવ ઝીણાભાઈ કરાવતા હતા. એમ મહારાજ સર્વે સંતો તથા હરિજન તથા ઝીણાભાઈ વિગેરેને મહા આનંદ ઉપજાવતા હતા. ॥૧૬૦॥

૧૬૧. રામપ્રતાપભાઈને નિશ્ચય કરાવ્યો ને ધનુષની પણછ ચડાવી તે વાત

અને બીજે દિવસે સવારમાં ઊઠી નિત્યવિધિ કરીને (મહારાજ) સભામાં આવીને વિરાજમાન થયા. અને સર્વે સંતો પણ નિત્યવિધિ કરીને સભામાં આવીને બેસતા હતા. ને રામપ્રતાપજી મહારાજ તથા ઈચ્છારામજી મહારાજ તથા સર્વે હરિજન સભામાં આવીને બેઠા. તે સમે **ધુવા-બરાઈ**નો હરિજન જાતીએ લુહાર. તે હુતાશનીના ઉત્સવ ઉપર ત્યાં મહારાજને દર્શને આવ્યા હતા.

તે મહારાજની પૂજા કરવા સારુ સભામાં આવ્યા ને તેમણે ચંદન, પુષ્પ તથા એમના દેશની મહારાજને તંગડી[1] પહેરાવી તથા કબજો[2] પહેરાવ્યો. ને એમના દેશનું શેલું ટૂંકું ખભે નંખાવ્યું; ને એમના દેશની પાઘડી માથે ધરાવી; ને તેમાં ફૂલના તથા મોતીના તથા હીરના તોરા ખોસ્યા; ને મહારાજને ખભે બાણનો ભાથો બંધાવ્યો ને હાથમાં ધનુષ્ય આપ્યું. એવી રીતે ભેટ સામગ્રીએ કરીને પૂજા કરી, ને આરતી ઉતારીને

૧.ટૂંકી ચોરણી ૨.બાંય વગરનું કે ટૂંકી બાંયનું વસ્ત્ર

દંડવતપ્રણામ કરી પગે લાગીને સર્વે સંતની ચંદન-પુષ્પે કરીને પૂજા કરી ને સંતને પગે લાગીને સભામાં બેસતા હતા.

તે સમે મહારાજ રામપ્રતાપભાઈને કહે જે, "હે ભાઈ ! આ પણછ ચઢાવો." એમ કહીને રામપ્રતાપજીભાઈના હાથમાં ધનુષ્ય આપ્યું. તે સમે રામપ્રતાપ મહારાજ ધનુષ્ય લઈ એક હાથે પૃથ્વીમાં ખૂણો પછાડીને નરમ થાય તેથી પણછ ચઢે, તેને ચઢાવી કહેવાય. અને બીજો હાથ અડાડે નહિ. એવી રીતે બે-ત્રણ વાર પૃથ્વીમાં રામપ્રતાપભાઈએ ધનુષ્ય પછાડ્યું, પણ પણછ ચઢી નહીં. ત્યારે ભાઈ ગુજરાત દેશના પાણીને નિષેધ કરતા થકા બોલ્યા જે, "આ ગુજરાત દેશકા પાણી બોત ખરાબ હૈ. હમ નિર્બળ હો ગયે." એમ નિષેધ કર્યું.

એવું સાંભળીને મહારાજ બ્રહ્માનંદસ્વામીને કહે જે, "હે સ્વામી, ભાઈને કંઈ જમવાનું પચે છે કે નહિ ?" એવું મહારાજનું વચન સાંભળીને બ્રહ્માનંદસ્વામી કહે જે, "હે મહારાજ ! સવારમાં પાંચ શેર દૂધ ને શેર સાકર, એટલું તો સવારમાં જોઈએ; અને બપોરે વેંતભર દાળ ને હાથભર રોટી - એટલું તો બપોરે જોઈએ; ને સાંજની વાળુ તો ઊભી છે." એવું બ્રહ્માનંદસ્વામીએ કહ્યું. તેથી મહારાજ તથા સર્વે સભા હસતી હતી. અને મહારાજ બ્રહ્માનંદસ્વામીને કહે જે, "ભાઈને એટલું પચે છે તોય ગુજરાતકાં પાણી નિર્બળ છે ?" એમ ભાઈને કહ્યું.

અને પછી મહારાજ ભાઈને કહે જે, "એ ધનુષ તમારાથી નહિ ચઢે, લાવો હું ચઢાવું." એમ કહીને રામપ્રતાપભાઈના હાથમાંથી ધનુષ્ય મહારાજે પોતે લઈને એક જ વાર પૃથ્વીમાં પછાડીને પણછ ચઢાવી. ને તે પણછ ઉપર બાણ સાંધીને રામપ્રતાપભાઈ સામી નજર કરીને એવો ચમત્કાર દેખાડ્યો જે, તે સમે જ **'આ તો સર્વે અવતારના અવતારી ને પૂરણ પુરુષોત્તમભગવાન છે' એવો દૃઢ નિશ્ચય કરીને (રામપ્રતાપભાઈ) હાથ જોડીને મહારાજની સન્મુખ સભામાં ઊભા થઈ ઘણીક સ્તુતિ કરી. ને વિનંતીએ સહિત મહારાજને પગે લાગીને કહે જે, "હે મહારાજ !**

આજ સુધી મારે તમારે વિશે ભાઈની બુદ્ધિ હતી તે આજ ટળી ગઈ. ને તમે ભગવાન છો એવો આજથી દૃઢ નિશ્ચય થયો." એમ કહીને મહારાજને પગે લાગીને આસન ઉપર બેઠા. એવી રીતે શ્રીજીમહારાજે પોતાનું અલૌકિક ઐશ્વર્ય ચમત્કાર ભાઈને દેખાડીને પોતાના સ્વરૂપનો દૃઢ નિશ્ચય કરાવતા હતા.

અને તે સમે બીજા દેશાંતરના હરિજનો આવેલા તેઓ પોતપોતાની શક્તિ પ્રમાણે મહારાજની પૂજા કરતા હતા. એવી રીતે દેશ દેશના હરિભક્તોને પૂજા કરતાં કરતાં બપોર થયા. ને પછી થાળ થયો તે મહારાજ જમવા સારુ દરબારમાં પધાર્યા અને સંત પણ જમવા પધાર્યા. ને હરિજન પણ સૌ સૌને ઉતારે જાતા હતા. ને મહારાજ જમીને દરબારમાં થોડીક વાર પોઢતા હતા. ॥૧૬૧॥

૧૬૨. મહારાજ પંચાળામાં રાસોત્સવ રમ્યા.

અને પછી મહારાજ ઊઠી મુખારવિંદ ધોઈ, કોગળા કરી, જળપાન કરીને ત્રીજે પો'ર સભામાં આવીને બિરાજમાન થયા, ને સર્વે સંત તથા હરિજન સર્વે સભામાં આવીને બેઠા. તે સમે **ધુવાબરાઈ**ના હરિજને સવારમાં મહારાજની પૂજા કરીને ધનુષ મહારાજને આપેલું તથા પોતાના દેશી શણગાર ધારણ કરાવેલા. તે શોભાનું વર્ણન આવે એવું તે સમાનું બ્રહ્માનંદસ્વામીએ કીર્તન કર્યું ને મહારાજ આગળ ગાયું. તેમાં એવો શબ્દ આણ્યો છે જે –

લીધી લટકાળે નંદલાલ કે હાથ કબાણને,
એની ચટકે રંગીલી ચાલ હરે મન પ્રાણને.

એ કીર્તન બ્રહ્માનંદસ્વામીએ કરીને સભામાં ગાયાં. તેને સાંભળી મહારાજ ઘણું પ્રસન્ન થયા. ને પછી સંધ્યા વખત થઈ તે આરતી કરવા સારુ ઊઠ્યા. ને પછી આરતી કરી રહ્યા પછી મહારાજ સર્વે સંતને કહે જે, "રાસમંડળ કરીને કીર્તન ગાઓ." ત્યારે સંતોએ મહારાજનો ઢોલિયો

વચ્ચે ઢાળીને તે ઉપર મહારાજને વિરાજમાન કર્યા ને ચારે પાસા સંત તથા હરિજન ફરવા મંડ્યા. ને તેમાં બ્રહ્માનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી તથા પ્રજ્ઞાનંદસ્વામી એ આદિક સંત મહારાજના ઢોલિયાની ચારે પાસા ફરતા જાય ને કીર્તન બોલતા જાય ને બીજા સર્વે સંત ઝીલતા જાય. એવી રીતે પ્રેમે સહિત ગરબીઓને ગાતાં સંતોને જોઈને મહારાજ પોતે ગાવા સારુ ઊઠીને સંત ભેગા તાળી પાડે.

તે સમે એક પ્રેમી હરિજન લુવાણો હતો. તે પોતાને ઘેર જઈને પગે બાંધવાના ઝીણા ઘૂઘરા લઈ આવીને મહારાજનાં ચરણારવિંદે બાંધ્યા. ને ત્યાં પૃથ્વી કઠણ તેથી ઘૂઘરાનો ખણખણાટ શબ્દ થાય ને મહારાજ ફરતાં ફરતાં ગાય. તે સમાની શોભાના બ્રહ્માનંદસ્વામીએ કીર્તન કર્યાં છે. તેમાં એવી વાત આણી છે જે –

સખી ગોકુળ ગામના ચોકમાં રે, ખાંતે માંડ્યો રસીલે ખેલ;
રમે રાસ રંગીલો રંગમાં રે.
તાળી પાડે રૂપાળી તાનમાં રે, મુખે ગાવે મનોહર ગીત,
કહી શોભા ન જાય પ્યારા કાનની રે.
છેલો ઠમકે માંડે પાવ ઠાવકા રે, વાજે ઘૂઘરડીનો ઘેર;
કહી શોભા ન જાય પ્યારા કાનની રે.

એ કીર્તન બ્રહ્માનંદસ્વામીએ કર્યાં છે. એવી રીતે રાસમંડળ કરીને કીર્તન ગાતાં ગાતાં રાત્રીના બાર વાગ્યા, તોપણ મહારાજે રાખો એમ ના કહ્યું. ત્યારે બ્રહ્માનંદસ્વામી પ્રથમનું ચરણ બોલે, ને મધ્યનું બોલે ને છેલ્લું બોલે. ને એમ જાણે જે, મહારાજ હમણે કહેશે જે, 'રાખો' એમ કહે એવી વાટ જોતે જોતે ઘણી વાર થઈ તોય મહારાજ તો રાખો એમ કહે નહિ. ત્યારે બ્રહ્માનંદસ્વામીએ એક સંતને કહ્યું જે, "તમે સાધુના ઉતારામાં જઈને કહેજો જે, ચોર ચોર છે." ત્યારે તે સાધુએ જઈને એમ કહ્યું જે, "ચોર છે, ચોર છે." એમ બૂમ પાડી.

ત્યારે તે સાંભળીને મહારાજ કહે જે, "શું છે ? શું છે ?" એમ

કહ્યું. તેવામાં બધું ભંગાણ પડ્યું ને ગાવાનું બંધ રહ્યું. તે સમે મહારાજ અંતરજામીપણાથી બ્રહ્માનંદસ્વામીને કહે જે, "જરૂર આ તો તમારું કામ હશે !" તેવાં મહારાજનાં વચન સાંભળીને બ્રહ્માનંદસ્વામી કહે જે, "હે મહારાજ ! પગ ફરીને દુખ્યા, ને હાથ પણ દુખ્યા ને મોઢું પણ દુખ્યું તોય પણ તમે ના પાડી નહિ, ત્યારે અમે અમારી કળા કરી." એવાં બ્રહ્માનંદસ્વામીનાં વચન સાંભળીને મહારાજ ઘણું રાજી થયા. ને સર્વે સંતોને મળીને છાતીમાં ચરણારવિંદ આપ્યાં. એવી રીતે સંતોને તથા હરિજનોને સુખ આપીને પોતે દરબારમાં પોઢવા સારુ પધાર્યા ને સંતો ઉતારે જાતા હતા. ॥૧૬૨॥

૧૬૩. ઝીણાભાઈએ મહારાજની ઘણીક પૂજા કરી તે વાત

અને બીજે દિવસે સવારમાં ઊઠી નાહીધોઈ નિત્યવિધિ કરીને સભામાં વિરાજમાન થયા. તે સમે મહારાજને પ્રકરણ ફેરવવું. તે સારુ સર્વે સંતોને મહારાજ કહે જે, "આપણા સંપ્રદાયમાં દીક્ષા સર્વને સુખકારી થાય ને શાસ્ત્રમાં પણ મળતું આવે ને કોઈને અપશુકન પણ ન થાય; એવી રીતે સૌ સંત આ **ગોપી તલાવડી**માંથી તિલક કરી કરીને અહીં આવો." એવું મહારાજનું વચન સાંભળીને સંત સર્વે તિલક કરીને મહારાજની પાસે આવ્યા.

ને મહારાજે સર્વ સંતનાં તિલક જોઈને **નિત્યાનંદસ્વામી**એ હાલમાં આપણે કરીએ છીએ એવું તિલક કરેલું. તે જોઈને મહારાજે પ્રમાણ કર્યું. ને કહે જે, **"હવે આજથી આવું તિલક સર્વેને કરવું, ને કુમકુમનો ચાંદલો મધ્યે કરવો. ને બેવડી કંઠી કંઠને વિશે ધારવી ને માળા પણ રાખવી** ને જમવા સારુ લાકડાનાં પતર **આણંદજી સંગેડિયા** પાસે ઉતરાવીને અમે આપીશું તે સૌને રાખવા; ને પે'રવા ઓઢવાનાં વસ્ત્ર પણ ભગવાં રાખવા ને તુંબડાં અળસીનું તેલ ને રાળ તેનાથી રંગીને રાખવા." એવી રીતે સર્વે સંતોને આજ્ઞા કરી.

અને ગામમાંથી આથમણી પાસા તલાવડી છે તે તલાવડીમાં મહારાજ ઘણીવાર સંતે સહિત નાહ્યા છે તેથી એ તળાવડીનું નામ ગોપી તળાવડી છે. એવી રીતે પંચાળામાં દોઢ માસ લીલા કરીને હરિજનને સુખ આપતા હતા. ને પછીથી ચાલવા સારુ દરબારની રજા માગી. ત્યારે દરબારે વિનંતીએ સહિત ઘણી સ્તુતિ કરીને રાખ્યા. ને બીજે દિવસે મોતિયા લાડુ, જલેબી તથા સાટા એ આદિક પકવાનની રસોઈ કરાવી. ને મહારાજને હાથે સર્વે સંતોને તથા હરિજનોને પીરસાવીને જમાડ્યા હતા.

અને પાછલે પો'ર દિવસે સભા થઈ. તે સમે મહારાજની કેસર-ચંદન પુષ્પના હાર તથા વેઢ,વીંટી, કડાં, સાંકળાં તથા મંડીલ, જામો, સુરવાળ, શેલું – એ આદિક તથા રૂપિયાના થાળ ભરીને આગળ મેલીને મહારાજની એવી રીતે પૂજા કરી ને આરતી ઉતારી પગે લાગીને મહારાજને કહે જે, "હે મહારાજ ! આ અમારું છે તે સર્વસ્વ તમારું છે." એમ કહીને મહારાજને ઘણા રાજી કર્યા. ને સંતની ચંદન-પુષ્પે કરીને તથા વસ્ત્રે કરીને પૂજા કરતા હતા.

એવી રીતે દરબારે દોઢ માસ પોતાને ઘેર સંતે સહિત મહારાજને રાખીને ઘણીક સેવા કરીને રાજી કર્યા. ને પછી મહારાજને ગઢડે જવાની પોતે રજા આપી. તેથી મહારાજ બીજે દિવસે ત્યાંથી સંતે સહિત ચાલતા હતા. ને પછી **જૂનેગઢ** થઈને **ગોંડલ** થઈને **કોટડે** થઈને **ગઢપુર** આવતા હતા. ॥૧૬૩॥

૧૬૪. બાર પાર્ષદો બસેં મનુષ્યને જીત્યા.

અને વળી ગામ **મોરબી**ના રહેવાસી **બેચર ચાવડા** નામે કરીને વીસ વર્ષની અવસ્થાવાળા હતા. તેમને આગળ કામ લાગે એમ જાણીને પટો રમવા મહારાજ પોતે દોઢ માસ સુધી શીખવાડતા હતા. તે કેવી રીતે ? તો એક ઢાલ ને એક દંડીકો પોતે લે અને એક બીજી ઢાલ ને

દંડીકો બેચરને આપે. એવી રીતે પટો રમતાં શીખવાડ્યો. તે આવતી ગોળી કાપી નાંખે એવા હુશિયાર કર્યા.

અને દાદા ખાચરના બાપ એભલ ખાચરે દેહ મૂકવા સમે મહારાજને દાદા ખાચરની તથા ગરાસની ભલામણ કરેલી. તેથી દાદા ખાચરનું ગામ માંડવધાર ગરાસનું હતું. તેની દબાણ ભડલીવાળા ભાણ ખાચરે કરેલી. તે મહારાજે છોડાવી, તેથી મહારાજ ઉપર એને બહુ શત્રુતા થયેલી, પણ **ભગુજી** નામે મહારાજના પાર્ષદ બહુ હુશિયાર હતા, તેથી કાંઈ ઉપાય ચાલે નહીં.

ત્યારે ભાણ ખાચરે બે(આરબ) ભાઈ **ખબડ ને મતારો** હતા તેમને બોલાવીને કહે જે, "તમને બસેં વીઘા જમીન તથા બસેં મનુષ્ય હું આપું, પણ તમે ભગુજીનું માથું લાવશો ?" ત્યારે તેમણે હા પાડી ને કહે જે, "એ તો અમારા મોઢા આગળ મચ્છરિયા જેવો છે, એનો શો ભાર છે ?" એમ કહીને લાગમાં લેવા હંમેશાં ફર્યા કરે.

તેવા સમામાં એક દિવસ **ભગુજી** તથા **રતનજી બાપુ** તથા **બેચર** એ આદિક **બાર પાર્ષદ** જ્યારે આથમણી દિશે જાવું હોય ત્યારે સાવચેત થઈ હથિયારે સહિત જાય. કારણ કે પોતાને શત્રુતા છે એમ જાણે; તેથી એક દિવસે એ બારેય મળીને માંડવધારથી આથમણા સાલેમાળમાં[૧] જાતા હતા. તેને ચાર[૨] દ્વારે જાણીને ખબડ બસેં મનુષ્ય સાથે બંધૂકોમાં ગોળીઓ ભરી બંધૂકો તૈયાર રાખી, ધારની ઓથે સંતાઈ રહેલા. તે જેવામાં તે પાર્ષદ આવે છે, તેવામાં બસેં જણાએ છાતીએ બંધૂકો ચઢાવી ને એકદમ છોડીને હાકલ કરી. તેથી પાર્ષદ નીચે સૂઈ ગયા ને ગોળીઓ ઉપર થઈને ચાલી ગઈ, પણ ગોળીઓ કોઈને વાગી નહીં.

પછી સામસામા ભેગા થયા ને કહે જે, "હે ખબડ ! અમારા ઉપર તમે ઘાવ કરો." ત્યારે ખબડ કહે જે, "ભગુજી કોણ છે ?" ત્યારે ભગુજી કહે જે, "હું આ રહ્યો, પણ તારે ઘા કરવો હોય તો કર."

૧.એ નામના પર્વતમાં ૨.જાસૂસ; ગુપ્તચર

ત્યારે ખબડે ભગુજી ઉપર ઘા કર્યો. તે તરવાર માથામાં જતાં ખસીને ચાલી તેથી બચી ગયા. ને ભગુજીએ જે જનોઈ વાઢ ઘા કર્યો, તેથી ખબડનું માથું હેઠે લટકી ગયું. ને બાપુ રતનજીને શૂરવીરપણું આવ્યું તેથી ઢાલ છોડવાની ભૂલી ગયા ને કાંડું કપાઈને હેઠે પડ્યું, તેની પણ ખબર રહી નહિ. ને બેચર શૂરવીરપણા થકી હજારોના ઘા ઢાલમાં ઝીલતો જાય, ને પટો ખેલતો જાય ને ભગુજીની રક્ષા કરતો જાય ને આગળ મારતા જાય. એવી રીતે બાર પાર્ષદે બસેંને ઘાયલ કર્યા.

ને બેચરને મહારાજે પટો રમવા શીખવાડેલો તેથી પોતાને લગારેય ઈજા ન આવવા દીધી ને કેટલાયને મારી નાખ્યા, ને કેટલાકના હાથપગ કાપી નાંખ્યા. ને કેટલાક તો ‘મારી નાખ્યા રે, મારી નાખ્યા રે’ એવા શબ્દ કરતાં ભાગી ગયા. એવી રીતે રાનોરાન ને પાનોપાન થઈ ગયા. અને પાર્ષદ એનાં મડદાં ઢસડીને રામપરાના સીમાડામાં નાખી આવતા હતા.

અને પછી પાછા વળીને આવે છે. તે સમે કાંડું કપાઈ ગયેલું પડેલું, તેને જોઈને બાપુ રતનજી કહે જે, “આ કાંડું કેનું પડ્યું છે ?” ત્યારે બીજા કહે જે, “તમારું.” ત્યારે પોતાને સરત આવી, તેથી કાંડું લઈને પોતાની બગલમાં મારીને ચાલ્યા આવે છે; તેટલાકમાં ગઢડામાં મહારાજને ખબર થઈ. તે વહાર ચઢીને મહારાજ સામા આવે છે. તેટલાકમાં બાર પાર્ષદો મહારાજના પ્રતાપથી બસેંની આગળ જીત કરીને આવ્યા ને મહારાજને મળ્યા. ને પછી બનેલી હકીકત કહી અને દરબારમાં આવીને ખાટલે પાર્ષદને સુવાડ્યા.

તે સમે જે અસુરાંશ હતા તેમણે પાર્ષદને ચમક થાય તે સારુ વાજિંત્ર તથા ભડાકા કરાવ્યા હતા. તેને સાંભળીને મહારાજ કહે જે, **“મારા પાર્ષદને મરવાનું હશે તોપણ આ સમે નહિ મરવા દઉં, અને કાળનો શો ભાર છે ? તે મારા પાર્ષદને કંઈ કરી શકે ? હું જ એક જગતકર્તા છું.”** એવી રીતે પોતાનું ઐશ્વર્ય, ચમત્કાર તથા પ્રતાપ

જણાવીને પાર્ષદની રક્ષા કરતા હતા. ને જે મતારો ઘવરાયેલો ને ટેભા લઈ ખાટલામાં સૂતેલો, તે સૂતો સૂતો બેચરનાં વખાણ કરે જે, 'ધન્ય છે તારા માત-પિતાને !' એમ કહીને કહે જે, 'બેચર યુદ્ધમાં ફૂલ ફરે એમ ફરતો, માટે એની મા ન મરે..!!

એવું એનું સાંભળીને બીજા કહે જે, 'તારા ટેભા ટૂટી જાશે.' ત્યારે કહે જે, 'બળ્યા તૂટશે તો, પણ ધન્ય છે બેચરિયાને ! એની મા ન મરે !' એવી રીતે શત્રુ પાસે પોતાના પાર્ષદનાં વખાણ કરાવતા હતા. એવી રીતે પોતે ચમત્કાર, ઐશ્વર્ય, પ્રતાપ દેખાડતા હતા. તે વખતનાં બ્રહ્માનંદસ્વામીએ કીર્તન કર્યાં, તેમાં આ વાત આણી છે જે – **'સાચા શૂરા રે જેના વેરી ઘાવ વખાણે...'** એવી રીતે પાર્ષદની પોતે રક્ષા કરી ને દાદા ખાચરને રાખતા હતા. ॥૧૬૪॥

૧૬૫. ગામ વેમારડીમાં મુક્તાનંદસ્વામીને હિંડોળે ઝુલાવ્યા.

અને અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, "મને એકાએકી મહારાજે ફરવા મેલેલો. તેથી હું ફરતો ફરતો ગુજરાત દેશમાં થઈ કાનમમાં ગામ **વેમારડી** ગયો. ને ત્યાં એક વડનો વૃક્ષ હતો તેની નીચે રહ્યો. ને એ ગામમાં પટેલ **ભક્તિભાઈ** હતા. તેમને મેં સત્સંગ કરાવ્યો. તે પુણ્યથી બધું ગામ સત્સંગી થયું. અને **ચોરંદાના અમીન બેચરભાઈ**ને સત્સંગ કરાવ્યો, તેથી બીજા ઘણા સત્સંગી થયા. તે સર્વે મળીને મને કહે જે, 'તમે મહારાજને અહીં તેડી લાવો, અમારાથી બનશે તેવી સેવા કરીશું. માટે તમે અહીં તેડી લાવો.' તેથી હું મહારાજને તેડવા સારુ **ગઢડે** આવ્યો ને મહારાજને વાત કરી.

ત્યારે મહારાજ કહે જે, 'આ મુક્તાનંદસ્વામીને તેડી જાવ, ને અમારી સેવા કરો તેમ સ્વામીની સેવા કરજો.' એમ મને કહીને સ્વામીને કહે જે, 'હે મુક્તાનંદસ્વામી ! તમે અદ્‌ભુતાનંદસ્વામીની સાથે જાવ, ને

હિંડોળે બેસારે તો બેસજો, ને વસ્ત્ર-ઘરેણાં પે'રાવે તો પે'રજો.' એવી રીતે મુક્તાનંદસ્વામીને કહીને મારી સંગાથે સ્વામીને સાધુએ સહિત મોકલ્યા. ને હું સ્વામીને તેડીને **વેમારડી**માં આવ્યો. ને હરિજનને કહ્યું જે, મહારાજની પેઠે આપણે સ્વામીને પૂજવા, તેથી મહારાજ ઘણું રાજી થાશે. એવું મેં હરિજનને કહ્યું. ત્યારે હરિજનોએ વડે હિંડોળો બાંધ્યો અને મુક્તાનંદસ્વામીને ભારે ભારે વસ્ત્ર તથા ઘરેણાં પે'રાવીને હિંડોળે ઝુલાવ્યા.

એવી રીતે અઢાર દિવસ સુધી મુક્તાનંદસ્વામીને ઝુલાવ્યા. તેથી **કંડારી**ના **અમીન** તથા **ત્રીકમભાઈ** વગેરે પાટીદારો ત્યાં આવ્યા હતા. તેમને સ્વામીનાં દર્શન થયાં તેથી સર્વે પાપ બળી ગયાં. ને પછીથી તે સર્વેને મેં સત્સંગ કરાવ્યો. એવી રીતે કાનમમાં મુક્તાનંદસ્વામીને હિંડોળે ઝુલાવ્યા, તેથી ઘણો સત્સંગ થાતો હવો. અને પછી અમે ત્યાંથી ફરતાં ફરતાં **ગઢપુર** આવ્યા. તે સમે મહારાજે સ્વામીને સર્વે વાર્તા પૂછી. ત્યારે સ્વામીએ હરિભક્તોનો પ્રેમ તથા પોતાની પૂજા જેવી રીતે કરી તે સર્વે વાર્તા મહારાજને કહેતા હતા. તેથી મહારાજ ઘણા રાજી થાતા હવા." ॥૧૬૫॥

૧૬૬. મહારાજ અમદાવાદ નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરવા પધાર્યા.

અને તે સમે અમદાવાદથી મંદિર પૂરું થયાનો કાગળ આવ્યો. તેને વાંચીને સર્વે સંતોને તથા હરિજનોને મહારાજ કહે જે, "આપણે અમદાવાદમાં નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરવા સારુ જાવું જોઈશે. ને સર્વે હરિજનોને કંકોત્રી દ્વારે ખબર કરો જે, પ્રતિષ્ઠા ઉપર અમદાવાદ આવે, એવી રીતની ખબર કરો." એમ કહીને ગામોગામ કંકોતરીઓ લખાવીને મોકલી દીધી.

અને પછી પોતે **ગઢપુર**થી સંતે સહિત તથા પાર્ષદ તથા દાદા

ખાચર વિગેરે હરિજને સહિત ચાલ્યા, તે **સારંગપુર** આવ્યા. ને ત્યાં રાત રહીને ત્યાંથી ચાલ્યા તે **વાગડ** થઈને **મછિયાવ** આવ્યા. ને ત્યાંથી **દસકોશી**માં થઈને **અમદાવાદ** પધાર્યા. ને 'મહારાજ આવે છે' એ ખબર હરિજને જાણી ને વાજિંત્રે સહિત સામૈયું લઈને (આવ્યા. ને) સત્કારે સહિત વાજતે-ગાજતે શહેરમાં પધાર્યા. ને બજારે બજારે સર્વે જનને પોતાનાં દર્શન આપતા થકા ધીરે ધીરે ઉતારા ઉપર પધાર્યા.

ને ત્યાં થાળ તૈયાર થયો હતો તેથી જમવા સારુ પધાર્યા ને જમીને પોતે પોઢી ગયા. ને સંતની રસોઈ થઈ તેથી સંતો સર્વે જમવા સારુ ગયા. ને મહારાજ થોડીક વાર પોતે પોઢીને ઊઠ્યા ને નરનારાયણદેવનું મંદિર જોઈને પોતે ઘણું રાજી થયા. ને કહે જે, "બહુ સારાં મંદિર થયાં." એમ કહીને સભાને વિશે વિરાજમાન થાતા હવા. ને સંત તથા હરિજન સભામાં આવીને બેસતા હતા. અને મહારાજે વેદિયા બ્રાહ્મણ બોલાવીને નરનારાયણદેવની પ્રતિષ્ઠાનો આરંભ કુંડ કરાવીને પછી કરાવતા હતા. ને સંધ્યા આરતી થઈ, તે આરતી થઈ રહી ત્યારે સભામાં આવીને વિરાજમાન થાતા હતા. ને ઘણી વાર સુધી પોતે સહુને વાતોચીતો કરીને સુખ આપતા હતા ને પછી પોઢી જાતા હતા. અને સંતો પણ પોઢી જાતા હતા. ને હરિજન સૌ સૌને ઉતારે જતા હતા. ॥૧૬૬॥

૧૬૭. અમદાવાદ નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરી.

અને બીજે દિવસે પ્રાતઃકાળે ઊઠી નિત્યવિધિ કરીને સભામાં આવીને બિરાજમાન થયા. ને સંત તથા હરિજન પણ સભામાં આવીને બેઠા. ને જે સમે નરનારાયણદેવની પ્રતિષ્ઠાની આરતી કરવાનો સમય થયો તે સમે પોતે નરનારાયણદેવની વાજિંત્રે સહિત આરતી કરતા હતા. ને વેદિયા વેદની ધ્વનિ કરતા હતા. અને બધા સંત અષ્ટક ઉચારણ કરતા હતા. અને દેવ આકાશમાંથી પુષ્પનો વરસાદ કરતા હતા. એવી

રીતે જયજયકાર શબ્દ થઈ રહેતો હતો. અને પછી મહારાજ સભામાં આવીને બેસતા હતા, ને વેદિયા બ્રાહ્મણોને ઘણીક દક્ષિણા આપતા હતા. અને બીજા બ્રાહ્મણોને પણ ઘણીક દક્ષિણા આપતા હતા. અને વેદિયા આદિક સર્વે બ્રાહ્મણને જમાડતા હતા, ને સંતને પણ જમાડતા હતા. અને પછી પોતે જમીને તૃપ્ત થઈને સભામાં આવીને બિરાજમાન થાતા હતા.

તે સમે **આનંદસ્વામી**એ ખેસ લાવીને મહારાજને આપ્યા. ને મહારાજ સર્વે સંતને ઓઢાડતા હતા. એવી રીતે **સંવત ૧૮૭૮ના ફાગણસુદી ત્રીજને દિવસે પ્રતિષ્ઠા કરી.** ને સાંજે આનંદસ્વામીને મહારાજે પૂછ્યું જે, "કેટલા રૂપિયા સિલકમાં છે ?"

ત્યારે આનંદસ્વામી કહે જે, "સાડી ઓગણચાલીશ(૩૯।।) રૂપિયા છે." ત્યારે મહારાજ કહે જે, "દેવ પધરાવે ત્યારે બ્રાહ્મણ જમાડવા પડે." ત્યારે આનંદસ્વામી કહે જે, "શ્રદ્ધા હોય તો શહેરની ચોરાસી કરે, નહીં તો થોડા બ્રાહ્મણ જમાડે. જેવી શ્રદ્ધા તે પ્રમાણે કરે." એવું વચન સાંભળીને મહારાજ કહે જે, "સાડી ઓગણચાલીશ રૂપિયામાં કેટલા બ્રાહ્મણ જમે ?" ત્યારે આનંદસ્વામી કહે જે, "થોડાક જમે." ત્યારે મહારાજ કહે જે, "શહેરની ચોરાસી કરશું." ત્યારે આનંદસ્વામી કહે જે, "હે મહારાજ ! મનસૂબે કંઈ વાત થાય નહિ. આ શહેરની ચોરાસી તો છ મહિના આગમચથી[1] સામાન કરે ત્યારે થાય ને આપણા ઘરમાં તો પાશેર લોટ પણ નથી." ત્યારે મહારાજ કહે જે, "એમાં કંઈ વાર નહિ. આપણે તો ચોરાસી કરીએ !" એમ કહીને શહેરમાં જેટલા નાત્ય પટેલિયા[2] બ્રાહ્મણ હતા તેમને બોલાવ્યા. ને તેમને મહારાજ કહે જે, "તમારે સવારે અમારે આંહીં રાંધવા સારુ આવવું. અને તમે તમારા ચોકાનો[3] લોટ વરતો[4] હોય તે સૌ સૌનો લખવો." એવી રીતનાં મહારાજનાં વચન સાંભળીને સર્વે બ્રાહ્મણ કહે જે, "હે મહારાજ !

૧.અગાઉથી ૨.નાતના આગેવાનો ૩.રસોડાનો ૪.વપરાતો

અમારી મશ્કરી કરો છો કે શું ?" ત્યારે મહારાજ કહે જે, "અમારા સામાન બગડે તો તેનું મૂલ તમારી પાસે લઈએ ને તમોને અમે સામાન ન આપીએ તો તેનું મૂલ તમે અમારી પાસેથી લેજો. એ લખ્યું[1] કરી આપો." એમ કહીને લખાવી લીધું.

પછીથી શહેરના હરિજનોને મહારાજે આજ્ઞા કરી જે, "જેને ઉધારે ખાંડ, સાકર, ઘી, લોટ, દાળ, ચોખા, મસાલા વિગેરે જેટલા હજારનું જેને મળે, તેટલા તે સાટવી[2] આવો. ને સવારે એ સામાન લઈને **કાંકરિયા તળાવ** ઉપર મોકલાવો." ત્યારે હરિજન કહે જે, "ત્યાં તો કીડીઓ, મકોડીઓ, કાગડા, સમળાં વગેરે ઘણાં પડશે ને સામાન બગાડશે." ત્યારે મહારાજ કહે જે, **"એટલામાં કશુંય જનાવર નહિ આવે, સુખેથી સામાન પુગાડો."** એવાં મહારાજનાં વચન સાંભળીને હરિભક્ત ઘણા હરખથી સામાન શહેરમાંથી સાટવી આવ્યા. ત્યાર પછી બ્રાહ્મણને રજા દઈ દીધી. તે દિવસે એટલું કામ કરીને મહારાજ પોઢી જાતા હવા. ॥૧૬૭॥

૧૬૮. અમદાવાદની મહારાજે ત્રણ દિવસમાં ચોરાસી કરી.

અને બીજે દિવસે પ્રાતઃકાળે ઊઠીને નિત્યવિધિ કરીને કાંકરિયા ઉપર જઈને વિરાજમાન થયા. અને હરિભક્તોએ સામાન બધો લાવીને ગંજ[3] કર્યા. તે સમે બ્રાહ્મણ સૌ સૌના ચોકાનાં વાસણ લઈને રાંધવા સારુ આવ્યા. ને તળાવ ઉપર ચાલીશ ચોકા થયા. ને બ્રાહ્મણોએ રસોઈ કરવા માંડી. તે સમે શહેરમાં એક ચાલીશ મણ ઘીનું ચોકિયું ગાડું આવતું હતું. તેને જોઈને એક બ્રાહ્મણ બળદના મોરડા[4] ઝાલીને આખું ગાડું ઘીનું ભરેલું પોતાને ઘેર હાંકી જવા મંડ્યો.

તે સમે ત્યાં **નિષ્કુળાનંદસ્વામી** આવતા હતા. તેમણે જાણ્યું જે,

૧.લખાણ ૨.ખરીદી ૩.ઢગલા ૪.ઢોરને ગળે બાંધવાનો ગાળિયો - દોરડું

'આ બ્રાહ્મણ આખું ગાડું પોતાને ઘેર હાંકી જાય છે.' એમ જાણીને સ્વામી બળદના મોયડા બ્રાહ્મણના હાથમાંથી મેલાવવા મંડ્યા. તે સમે બ્રાહ્મણને ક્રોધ આવ્યો. તેથી સ્વામીને હાથે બચકું ભર્યું, પણ સ્વામીએ ગાડું હાંકી જવા ના દીધું. તેની ખબર મહારાજને થઈ.

પછી ચોકે ચોકે હાથમાં સોટી લઈને પગમાં ચાખડીઓ પહેરીને ફરતા જાય ને એમ કહેતા જાય જે, "ઘી, ખાંડ ને લાડુ ખૂબ ખાજો, પણ સાધુનાં કાંડાં કરડશો નહીં." એવું મહારાજનું વચન સાંભળીને કેટલાક બ્રાહ્મણ કહે જે, "હે મહારાજ ! કોઈક મૂર્ખો હશે, તેણે એવું કર્યું હશે; ને ડાહ્યો હોય તે તો કોઈ એવું કરે નહીં." એવી રીતે વિનય કરી અપરાધ ક્ષમા કરાવ્યો. ને રસોઈ તૈયાર થઈ એટલે ચાલીશેય ચોકાના બ્રાહ્મણની પંગત સંગાથે થઈ. તે જમતે જમતે ત્રીજો પહોર થઈ ગયો ત્યારે સર્વે બ્રાહ્મણ જમી રહ્યા, તોય લાડુ ઘણા વધ્યા. તે પ્રતિષ્ઠા ઉપર આવેલો જે હરિજનનો સંઘ તેને જમાડતા હતા ને સંતને પણ જમાડતા હતા. ને મહારાજ ચાલવા તૈયાર થયા.

તે સમે હરિજન કહે જે, "હે મહારાજ ! પૈસાનું કેમ કરીએ ?" ત્યારે મહારાજ કહે જે, "ઊભા રહો !" એમ કહીને પોતે હાલમાં છત્રી છે તે જગાએ ઢોલિયા ઉપર વિરાજમાન થયા ને સર્વે બાઈ-ભાઈ હરિજનને કહે જે, "પૂજા કરવા આવો." એમ કહીને એક ચાદર પથરાવી. અને બાઈયો પૂજા કરવા આવ્યાં તેના ભેળાં લક્ષ્મીજી રૂપિયાના થાળ ભરીને મહારાજની પૂજા કરીને ગયાં. ત્યાર પછી મહારાજે પૂજા કરવાની બંધ કરી. ને ગામના હરિજનોને કહે જે, "સૌ સૌ જે સામાન લાવ્યા હોય તેટલા રૂપિયા ગણી જાવ." ત્યારે તે હરિજનોએ ગણી લીધા.

પછી એક અડધો રૂપિયો વધ્યો. તેને જોઈને હરિજનો કહે જે, "અડધો વધ્યો તેને કેમ કરીએ ?" ત્યારે મહારાજ કહે જે, "નરનારાયણ દેવને ચરણે મેલજો." એમ કહીને પોતે સ્વાર થયા, તે જેતલપુર આવતા હતા. અને પછવાડે ચોરાસીના બ્રાહ્મણ જમતાં જમતાં સામાન વધ્યો.

તે સાધુને મંદિરમાં લઈ જતાં ચાલીશ રૂપિયા તો ભાડું થયું, એટલો સામાન વધ્યો. તેને જોઈને આનંદસ્વામી તથા શહેરના હરિજન તથા સર્વે સંઘના હરિજન તથા કુસંગી લોકો – એ સર્વે નરનારાયણ દેવની પ્રતિષ્ઠા ને ત્રણ દિવસમાં અમદાવાદની ચોરાસી કરીને પોતે પધાર્યા. એ વાત જોઈને સર્વે ઘણું આશ્ચર્ય પામતા હતા. ॥૧૬૮॥

૧૬૯. મુક્તાનંદસ્વામી આદિક વીસ સાધુ જેતલપુર ભણતા હતા ત્યારે સંતદાસજીએ કરેલી નિશ્ચયની વાત

અને વળી જેતલપુરમાં મહારાજ સભા કરીને બિરાજમાન થયા. તે સમે **વિજાપુર**ના હરિજન બાઈ-ભાઈ આવીને મહારાજની સન્મુખ ઊભાં હતાં. તે ભાઈનું નામ **કલ્યાણભાઈ** ને બાઈનું નામ **વજીબા**. તેને જોઈને મહારાજ મુક્તાનંદસ્વામીને કહે જે, "હે સ્વામી ! આ અદ્‌ભુતાનંદસ્વામીને અમે પ્રકરણ ફેરવ્યું હતું ને કહ્યું હતું જે, એક ગામમાં એક રાત રહેવું, ને બીજી રાત બીજા ગામમાં રહેવું. એવી રીતે ફરતાં ફરતાં તે વિજાપુર ગયા. ને ત્યાં આ હરિભક્ત કોસ ફેરવતા હતા. તેને કેડે જઈને (સ્વામીએ તેમને સત્સંગ કરાવ્યો છે.)

અને તમે ને અદ્‌ભુતાનંદસ્વામી અહીં રહ્યા હતા ને વીસ સાધુ તમારી સાથે હતા. અને **સંતદાસજી** બદરિકાશ્રમમાંથી દિશાઓરૂપી જેને વસ્ત્ર છે એવા થકા અહીં આવીને કહે જે, 'મકનદાસ હૈં ?' એવું તમારું પૂર્વનું નામ લઈને તમારી યાદ કરી તોપણ કોઈ ના સમજ્યું. ત્યારે ફરીથી કહે જે, 'રામગલોલદાસજી હૈં ?' એમ કહ્યું. એટલાકમાં તો તમે આવીને સંતદાસજીને કહ્યું જે, 'સંતદાસ છે ?' ત્યારે સંતદાસજી કહે જે, 'હોયગા.' એવું સાંભળીને તમે ને આ અદ્‌ભુતાનંદસ્વામી સર્વે મળીને વસ્ત્ર પહેરાવ્યાં ને નવરાવ્યા, ધોવરાવ્યા ને જમાડ્યા.

ત્યાર પછી તમે સર્વે વાત સંતદાસજીને પૂછી. ત્યારે સંતદાસજીએ તમને એમ કહ્યું જે, 'હે મકનદાસ ! ઘંટા ખૂબ ભરેલા તમારે હાથ

આવ્યા છે.' ત્યારે તમે કહ્યું જે, 'ઘંટો ભરેલો શું ને ખાલી શું ? એમાં અમે કંઈ સમજતા નથી.' ત્યારે સંતદાસજી કહે જે, **"સબ ધામને વિશે રહેનારા તે સર્વે એમ કહે છે : 'તમે ત્યાં જાવ ને અમારા કારણ એ છે, ને એમના મેલ્યા થકા (અમે) અહીં રહ્યા છીએ.' એવી રીતે સબ ધામના રહેનારા તમારી આશા કરે છે. એ ઘંટા ખૂબ ભરેલા હાથ આવ્યા છે. ને તુમ કોઈ કી આશા નહીં કરતા હો."** એવી રીતે નિશ્ચયની સંતદાસજી દસ દિવસ અહીં રહી વાર્તા કરતા હતા. ॥૧૬૯॥

૧૭૦. વિજાપુરના કલ્યાણભાઈના નિશ્ચયની વાત

અને વળી સંતદાસજીએ જેવી નિશ્ચય સંબંધી તમારી આગળ ને અદ્‌ભુતાનંદસ્વામી આગળ વાત કરી હતી, તેવો જ નિશ્ચય અદ્‌ભુતાનંદ સ્વામીએ આ હરિજનને વાતો કરીને સત્સંગ કરાવીને કરાવ્યો જે, 'સ્વામિનારાયણ વિના ચતુર્ભુજ બીજો ભગવાન આવે તોય માનવો નહિ. ને આ સાધુ વિના બીજો દ્વાદશ ટીલાં કરીને આવે તોપણ માનવો નહિ.' એવો નિશ્ચય કરાવી બે દિવસ ત્યાં રહીને અદ્‌ભુતાનંદસ્વામી ફરતાં ફરતાં અહીં આવ્યા. ને અમે આ હરિજનની પરીક્ષા લેવા સારુ એમને ઘેર બાર ટીલાં કરીને વૈરાગીનો વેશ લઈને ગયા, ને જય સીતારામ કહીને ઊભા રહ્યા. ત્યારે આ બાઈ અમને કહે જે, 'અમે તો સ્વામિનારાયણ વિના બીજા કોઈને માનતા નથી. ને હે બાવા ! તું ગામમાં જા.' એમ અમને કહ્યું, તોપણ અમે ખસ્યા નહિ, ને હઠિલા થઈને ત્યાં બેસી રહ્યા. ને સાંજે એમના પતિ આવ્યા.

તેમને બાઈએ કહ્યું જે, 'આ બાવો બપોરનો આવ્યો છે, તે હું ના પાડું છું ને તિરસ્કાર કરું છું, પણ અહીંથી જતો નથી.' ત્યારે એમના પતિ જે આ કલ્યાણભાઈ તેમણે મને કહ્યું જે, 'હે બાવા ! તમે જાવ, અમે તો સ્વામિનારાયણના સાધુને જ માનીએ છીએ, અને બીજાને નથી માનતા.' એમ કહ્યું તોપણ અમે ઊઠ્યા નહીં.

અને એ જમવા બેઠા ત્યારે અમને એક થાળીમાં ખીચડી ને વાડકામાં દૂધ આપ્યું. તે અમે જમ્યા ને થોડીકવાર ત્યાં સૂઈ રહ્યા. ને પછીથી અમે કહ્યું જે, અમારાં પાસાં[1] તપે છે, તે ગોદડું લાવો. ત્યારે આ બાઈ ખિજાવા મંડ્યાં ને ખીજીને ગોદડું આપ્યું. ને ફરીથી અમે ખાટલો માગ્યો, ત્યારે ખીજીને ખાટલો આપવા બહાર આવ્યાં.

ત્યારે અમે સામો પીપળો હતો તેના ગાળામાં સૂતાં સૂતાં પગ વધારીને મેલ્યા. તે એ બાઈએ દેખ્યાં ને કહે જે, 'હે બાવા ! તેં તો પીપળાના ગાળામાં પગ મૂક્યા છે, પણ એની ટોચમાં મેલે અથવા આકાશમાં અડાડે પણ સ્વામિનારાયણ વિના અમે બીજાને ભગવાન નહિ માનીએ.' એમ કહી ખાટલો આપી ઘરમાં ગયાં. ને અમે ખાટલામાં સૂઈ રહ્યા, ને સવારે ઊઠીને ચાલ્યા ગયા. માટે હે મુક્તાનંદસ્વામી ! નિશ્ચય જોઈએ તો આમના જેવો જોઈએ."

એવી રીતે ઘણીક વાત કરીને પછી **ગંગામા**ને ત્યાં થાળ થયો તે જમવા સારુ પધાર્યા. ને જમીને એ રાત રહીને સંતે સહિત ત્યાંથી ચાલ્યા તે **ધોળકે** જઈને રાત રહ્યા. ને ત્યાંથી ચાલ્યા તે **ગણેશ ધોળકા**ના દેવળમાં રાત રહ્યા. ને ત્યાંથી ચાલ્યા તે **વાગડ**માં **શેઠ ચીકાશા** તથા **મુળજી**ના દરબારમાં રાત રહ્યા. ને બીજે દિવસે જમીને ત્યાંથી ચાલ્યા તે ગામ **બગડ**માં રાત રહ્યા. ને ત્યાંથી ચાલ્યા તે **ગઢપુર** પધારતા હતા. ||૧૭૦||

૧૭૧. પંચાળાના દરબાર ઝીણાભાઈ દેહ મૂકી ગયા.

અને ત્યાં થોડાક દિવસ રહ્યા તેટલાકમાં પંચાળાના દરબાર ઝીણાભાઈ જૂનાગઢમાં માંદા થયા. તેથી મહારાજને તેડવા સારુ મનુષ્ય આવ્યું. તેની સંગાથે થોડાક સ્વાર લઈ મહારાજ જૂનેગઢ પધાર્યા. ને ત્યાં ઝીણાભાઈના દીવાનખાના આગળ ઊતર્યા. ને ઝીણાભાઈને પોતાનાં દર્શન દીધાં. ને કહે જે, "હે ઝીણાભાઈ ! અમારી પાસે કંઈ વર માગો." એમ મહારાજે કહ્યું.

૧.પડખાં

તેને સાંભળીને ઝીણાભાઈ કહે જે, "હે મહારાજ ! આ મુકુંદ બ્રહ્મચારી તમારી સેવા કરે છે, એવી સેવા તો મુને ક્યાંથી મળે ? પણ આ **રતનજી** તથા **મિયાંજી** જેવી તમારી સેવા કરે છે તેવી સેવા મુને આપજો; અને બીજો એ વર માગું છું જે અહીં એક મંદિર કરીને ઠાકોરજી પધરાવાય તો આ સોરઠ દેશનો સત્સંગ રહેશે, નહિ તો નહિ રહે. એ બે વર મુને આપો."

ત્યારે મહારાજ કહે જે, "જાવ, તમને એ બે વર આપ્યા." જે વખતે મહારાજે કહ્યું તે સમે કોઈકે ઝીણાભાઈને કહ્યું જે, 'આ તમારા દીકરા હઠીભાઈ તેમની ભલામણ મહારાજને કરો.' એવું સાંભળીને ઝીણાભાઈ કહે જે, "મારે બાપે મહારાજને મારી ભલામણ ક્યારે કરી હતી ? ને જે સત્સંગી થાશે તેની મહારાજ ખબર રાખશે, ને એ સત્સંગી થાશે તો હું નહિ કહું તોય ખબર રાખશે, ને સત્સંગી નહિ થાય તો હું કહીશ તોય નહિ રાખે." એમ કહીને મહારાજની મૂર્તિમાં વૃત્તિ રાખી, ને દેહત્યાગ કરીને દિવ્ય દેહે વિમાનમાં બેસીને અક્ષરધામમાં ગયા.

અને પછીથી મહારાજ એમના દેહની દાહક્રિયા **દામોદરકુંડ** ઉપર લઈ જઈને કરાવી. ને દામોદરકુંડથી આગળ **નારાયણધરે** નાહીને પાછા દીવાનખાને આવીને એમના ભાઈની હાલમાં મંદિર છે તે વાડી હતી. તે જગ્યાનો લેખ તત્કાળ **દાદાભાઈ** પાસે કરાવી લીધો. ને પછી મહારાજ એમનું ખરચપાણી કરીને ત્યાંથી ચાલ્યા તે **ગોંડળ** આવીને રહ્યા. ને ત્યાંથી **કોટડે** થઈને **ગઢડે** આવતા હતા. ॥૧૭૧॥

૧૭૨. વડતાલે મંદિર કરવાનો આરંભ કર્યો.

અને વળી મહારાજ એક દિવસે ગઢપુરમાં સંધ્યા સમે સભા કરીને લીમડા હેઠે બિરાજમાન થયા હતા ને સર્વે સંત પણ સભામાં બેઠા હતા. તે વખતે મહારાજ કહે જે, "આપણે ગુજરાતમાં એક મંદિર કરીએ." એમ કહીને સર્વે સંતને કહે જે, "તમારી નજરમાં મંદિર

કરવા જેવું કિયું ગામ આવે છે, તે ખોળી કાઢો.” એવું મહારાજનું વચન સાંભળીને કોઈક સંત એમ કહે જે, ‘બામણગામમાં ઠીક છે, પાસે મહીસાગર નદી છે.’ ત્યારે કોઈ કહે જે, ડભાણ ઠીક છે, કોઈ કહે જે, બોચાસણ ઠીક છે, કોઈ કહે જે, ઉમરેઠ ઠીક છે; એવી રીતે બહુ મત પડ્યા.

તેને સાંભળીને મહારાજ કહે જે, “તમે કહેતા હો તો અમારી નજરમાં આવ્યું છે, તે તમને હું કહું.” ત્યારે સર્વે સંત કહે જે, “તમે કહો.” ત્યારે મહારાજ કહે જે, “અમને તો વરતાલ ચરોતરના મધ્યમાં છે, તે અમને બહુ ગમે છે. માટે એં(ત્યાં) મંદિર થાય તો ઘણું સારું. ને ફરતા ચારે પાસા મુમુક્ષુ જન પણ ભાથાંમાં તીર ભર્યાં હોય તેમ છે.” એવી રીતે મહારાજે કહ્યું. તેને સાંભળીને સર્વે સંત કહે જે, “અમનેય પણ એ ઘણું ગમે છે, ને ત્યાં મંદિર કરો.” એવાં સંતનાં વચન સાંભળીને મહારાજ કહે જે, **“હે બ્રહ્માનંદસ્વામી !** તમે વરતાલે મંદિર કરવા સારુ જાવ.” ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે જે, “હે મહારાજ, અમારે ખરચી જોઈએ.” ત્યારે મહારાજ **હરજી ઠક્કર**ને કહે જે, “સ્વામીને બાર રૂપિયા ખરચીના આપજો.” એમ બ્રહ્માનંદસ્વામીને કહીને મહારાજ થાળ જમવા સારુ પધાર્યા. અને જમીને તૃપ્ત થઈને અક્ષરઓરડીએ પોઢી ગયા.

અને બીજે દિવસે સવારમાં ઊઠી નિત્યવિધિ કરી સભામાં વિરાજમાન થયા. તે સમે બ્રહ્માનંદસ્વામી સવારમાં ઊઠી નાહી-ધોઈને સંતમંડળે સહિત તૈયાર થઈ મહારાજને મળવા સારુ આવ્યા. ને પછી મહારાજને મળીને ચાલ્યા. તે વખતે મહારાજ સ્વામીને કહે જે, “આપણે વરતાલના તળાવ ઉપર **હનુમાનજીનું મંદિર** છે, તેથી નાનું મંદિર કરવું.” એવું મહારાજનું વચન સાંભળીને બ્રહ્માનંદસ્વામી કહે જે, “ઠીક” એમ કહીને બ્રહ્માનંદસ્વામી ચાલ્યા, તે કારિયાણી થઈને પોલારપર ગયા. ને ત્યાંથી કમિયાળે થઈને નાનીબોરુ ગયા. ને ત્યાંથી

સીંજીવાડે થઈને વરતાલ આવીને માતાની ધર્મશાળામાં ઊતર્યા. પછી નારાયણગર બાવાને તથા જોબન વરતાલાને તથા પટેલ કુબેરભાઈને તથા પા. રણછોડભાઈ તથા વાસણદાસ સુતાર – એ આદિક સર્વે હરિજનને ભેગા કરીને કહે જે, "અમને તો અહીં મંદિર કરવા સારુ મહારાજે મોકલ્યા છે." તે વાત સાંભળીને સર્વે હરિજન બહુ હરખને પામતા હવા. ને બ્રહ્માનંદસ્વામીને કહે જે, "હે સ્વામી, તમે જેમ કહો તેમ અમે કરીએ. અને આ જે અમારું સર્વે ધન-ધામ છે તે તમારું છે, એમ જાણજો." એવું હરિજનનું વચન સાંભળીને સ્વામી તે સર્વેને કહે જે, "આપણે પ્રથમ તો ઈંટો પાડવી."

ત્યારે જોબન વરતાલો કહે જે, "હે સ્વામી ! તમારે એક રોટલા અમને સર્વને આપવા, ને જોળના કુંભાર તથા બામરોલીના કુંભાર તથા સંજાયાના કુંભાર તથા વરતાલના કુંભાર – એ વિગેરેને અમે ઈંટો પાડવા સારુ વગર પૈસેથી લાવીશું ને એમને ખાવાનું આપીશું. ને લાકડાંની તો ખોટ નથી, જેટલાં જોઈએ તેટલાં છે." એવું જોબન વરતાલાનું વચન સાંભળીને બ્રહ્માનંદસ્વામી કહે જે, 'અમે ભિક્ષા માગીને તમને જમાડીશું.' એમ ઠરાવ કરીને ઉગમણી હાલમાં બેઠક છે તે જગ્યાએ નવ લાખ ઈંટો પાડીને નવ ઈંટવા ખડક્યા. ને તે તૈયાર થયા તોપણ પેલા બાર રૂપિયા ખરચીના આપ્યા હતા તે બાંધ્યા રહ્યા.

અને સ્વામીને હાલમાં મંદિર છે તે જગ્યાનો લેખ કરી આપ્યો. તે લઈને પછી સ્વામીએ ધર્મદેવનું મંદિર ને લક્ષ્મીનારાયણ દેવનું મંદિર એ બેનો પાયો ખોદાવ્યો. તેટલાકમાં તો મહારાજને ગઢડે કોઈકે ખબર કહી જે, "હે મહારાજ ! બ્રહ્માનંદસ્વામીએ તો બહુ મોટું કામ આરંભ્યું." એવું સાંભળીને મહારાજે બ્રહ્માનંદસ્વામીના ઉપર તે ઠબકાનો કાગળ લખ્યો. તેમાં એમ સાખી લખી જે –

આપકી પોંચ વિચાર કે, કરીએ તેતી દોડ;
તેતા પાઉ પસારીએ, જેતી લંબી સોડ.

એ સાખી કાગળમાં લખીને બીડ્યો. તે કાગળ બ્રહ્માનંદસ્વામીની પાસે આવ્યો. તેને વાંચીને બ્રહ્માનંદસ્વામી મનમાં ઘણો વિચાર કરીને આઠ છપ્પા નવા કરીને તે કાગળમાં લખીને, પછી મહારાજના ઉપર લખ્યું જે, 'કરોડોપતિનો શાહુકાર હોય તેનો વાણોતર પાંચ રૂપિયાનો વેપાર કરે તેમાં શાહુકારની લાજ જાય. વાણોતરને તો કાંઈ ચિંતા નહીં. તે ઉપર સાખી લખી જે –

સાહેબ સરીખા શેઠિયા, વસે નગરકી માંય;
તાકે ધનકી ક્યા કમી, જાકી હુંડી ચલે નવખંડ માંય.

તેમ અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ ને લક્ષ્મી તો હાજર છે જેને આગે હાથ જોડીને ઊભી રહી છે; ને સર્વે અવતારના અવતારી ને સર્વેના કારણ એવા જે તમે, તે તમારો સેવક એવો જે હું તે મારી કાંઈ લાજ જવાની નથી.' એવી રીતનો મહારાજના કાગળનો ઉત્તર બ્રહ્માનંદસ્વામીએ મોકલ્યો. તેને વાંચીને મહારાજ નિત્યાનંદસ્વામીને બોલાવીને કહે જે, "હે સ્વામી ! તમે ના પાડવા સારુ જાવ." એવું મહારાજનું વચન સાંભળીને નિત્યાનંદસ્વામી વરતાલે આવ્યા. ને બ્રહ્માનંદસ્વામીને કહે જે, "બે શિખરનું મંદિર શોભે નહિ ને ત્રણ શિખરનું સારું શોભે, તેથી ત્રીજું શિખર આપણે કરીએ." એમ કહીને ત્રીજા શિખરનો પાયો ખોદ્યો.

તે વાત પાછી કોઈકે મહારાજને કહી જે, 'તમે તો નિત્યાનંદ સ્વામીને ના પાડવા સારુ મોકલ્યા છે ને એમણે તો ત્યાં જઈને સામું વધાર્યું.' એવું સાંભળીને મહારાજ મનમાં વિચાર કરતા હતા ને પછી વરતાલ પધારતા હતા. ॥૧૭૨॥

૧૭૩. વડતાલનું મંદિર પૂરું થયું તે વાત

અને વળી ત્યાર પછી મહારાજ બે-ચાર દિવસ **ગઢપુર**માં રહીને પોતે ત્યાંથી થોડાક સ્વારે સહિત ચાલ્યા, તે ગામ **સારંગપુર** આવીને

રાત રહ્યા. ને ત્યાંથી ચાલ્યા તે **રોજકે** આવ્યા ને ત્યાંથી જમીને પછી ચાલ્યા તે **નાની બોરુ** રાત રહ્યા. ને ત્યાંથી ચાલ્યા તે **સીંજીવાડે** આવ્યા ને ત્યાં **જગરૂપ બારોટ**ને ઘેર રાત રહ્યા. ને થાળ જમીને બીજે દિવસે ત્યાંથી ચાલ્યા તે **વરતાલે** આવતા હતા.

અને પછી બધી જગ્યા જોઈને બ્રહ્માનંદસ્વામીને કહે જે, "મંડપે સહિત બધો પાયો સંગાથે આપણે ગાળો." એમ કહીને એકંદર[૧] પાયો ગળાવ્યો. ને પછી પોતે ઉગમણી બેઠકે જઈને પોતાને માથે જરિયાની મંડીલ હતું તેના ઉપર ઈંટવાડે જઈને બે ઈંટો પોતે લીધી, ને બે ઈંટો લઈને ચાલ્યા. ને પછવાડેથી હરિજન ઈંટો લઈ લઈને ચાલ્યા. એવી રીતે મહારાજ ત્રણ વાર બબ્બે ઈંટો લાવ્યા તે છ ઈંટો થઈ. તે ઈંટો પ્રસાદીની લક્ષ્મીનારાયણ દેવના સિંહાસનમાં ઘાલી છે. એવી રીતે મહારાજ ત્રણવાર ઈંટો લાવ્યા, તેથી નવલાખ ઈંટો ઈંટવાડામાં ન રહી, એટલું મનુષ્ય મહારાજનાં દર્શન સારુ ભરાયેલું હતું.

અને ભક્તિપ્રિયાનંદસ્વામી હતા તે કાછડો વાળી મોટું ધૂળનું ગારિયું મહીં પડીને કરે ને કેટલાક સંત તગારાથી ગાર આપે ને મહારાજ થરે થરે ઈંટો ગોઠવવાની બતાવતા જાય ને ફરતા જાય. એવી રીતે કામ કરતાં સાંજ પડે, ત્યારે ગારાવાળા સંતોને મહારાજ એમ ને એમ ગારા સોતા મળે, ને કહે જે, "આ તો ચંદન છે." એવી રીતે સર્વેને ઉત્સાહ આપતા સતા મંદિરનું કામ અતિ ઉતાવળું લીધું[૨], તેથી ઊભણી[૩] બરોબર કામ આવ્યું. ને શિખરનું કામ ચલાવ્યું તે પણ થોડે દિવસે પૂરું થાતું હતું. ॥૧૭૩॥

૧૭૪. મહુધાના અમીન અજુભાઈ બાપાની વાત

અને મંદિર તૈયાર થયું એટલે મધ્યના મંદિરમાં **નરનારાયણ** બે મૂર્તિઓ પધરાવી ને મહારાજ ગઢપુર પધાર્યા. ને પછી અનકોટનો સમૈયો ગઢપુર કરીને પછી અહીં વરતાલે પ્રબોધિની એકાદશીના સમૈયા ઉપર

૧.એકસાથે; સામટો ૨.ચલાવ્યું ૩.તળિયાથી મેડા સુધીની ઊંચાઈ

મહારાજ પધાર્યા. ને મહારાજનાં દર્શન સારુ દેશ દેશાંતરના હરિજનો આવતા હતા. તેમાં **બુરાનપુર**ના હરિજન **શિવાશા** તથા **ભવજીભાઈ** તથા **હિરાભાઈ** એ આદિક હરિજનોનો સંઘ મહારાજના સારુ પોશાક પોતાને હાથે વણીને લાવ્યા. ને **નિમાડ દેશ**ના **ગોવિંદ બાપો** આદિક હરિજનોનો સમૂહ મહારાજ સારુ પોશાક લઈને આવ્યા.

અને મહારાજે પ્રબોધિનીનો સમૈયો કરીને નરનારાયણ દેવની મૂર્તિઓનું ઉત્થાપન કરીને **લક્ષ્મીનારાયણ દેવની મૂર્તિઓની પ્રતિષ્ઠા** શાસ્ત્રના વિધિ પ્રમાણે વેદી કરાવીને, ઉમરેઠના વેદિયા બ્રાહ્મણ પાસે વેદોક્ત વિધિ પ્રમાણે કરાવી **સંવત્ ૧૮૮૦ના કારતક સુદી દ્વાદશીને રોજ પ્રતિષ્ઠા કરી.** ને સર્વેને બ્રહ્મભોજન કરાવ્યું તથા સર્વે સંઘના હરિજનોને જમાડ્યા. એવી રીતે લક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી. અને પ્રતિષ્ઠા થઈ રહી તે પછી સર્વે હરિભક્તોએ મહારાજની પૂજા કરવા માંડી.

તે સમે ગામ **મહુધા**ના અમીન પટેલ **અજુભાઈ** પૂજા કરવા સારુ ઊઠ્યા. તેમને જોઈને મહારાજ કહે જે, “તમોએ બહુ સેવા કરી, ને તમારી સેવાએ કરીને હું ઘણો રાજી થયો છું; ને તમારે તો વંશપરંપરા દાસપણું રાખવું.” એમ મહારાજ કહેતા હતા. તે સમે અજુભાઈએ વિનંતીએ સહિત મહારાજનું વચન માથે ચઢાવી પગે લાગીને કહે જે, “સારું મહારાજ, તમે કહેશો તેમ કરીશું.” એવાં વચન અજુભાઈનાં સાંભળીને મહારાજ ઘણું રાજી થયા.

તે સમે મહારાજનો રાજીપો જાણીને અદ્‌ભુતાનંદસ્વામી આગળ વાત કરેલી જે, ‘અમારે પુત્ર નથી, તેથી દત્તક લેવા છે.’ એમ કહેલું. તેથી અદ્‌ભુતાનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, “હે મહારાજ ! બાપાને પુત્ર નથી, તેથી દત્તક લેવાનો વિચાર કરે છે.” એવું સાંભળીને મહારાજ બોલ્યા જે, “હે અજુભાઈ ! તમે દત્તક ના લેશો, તમારે પુત્ર થાશે.” એમ મહારાજે કહ્યું, તેથી અજુભાઈ બાપાને **જીવાભાઈ** તથા **હીમાભાઈ**

નામે બે પુત્ર થયા. તેમાં જીવાભાઈ ત્રણ વરસના થયા ત્યારે અજુભાઈ બાપા તથા તેમના ઘરનાં માણસ પુત્રને લઈને વડતાલે મહારાજનાં દર્શન કરવા સારુ આવ્યાં. તે સમે મહારાજ ઉગમણી બેઠકે આંબલા હેઠે સભામાં વિરાજમાન થયા હતા. તે વખતે મહારાજની પાસે જીવાભાઈને લાવીને બેસાર્યા.

તેમને જોઈને મહારાજે પોતાના બે હાથ ઉપર લઈને રમાડ્યા, ને માથે બે હાથ મેલ્યા. ને એમ બોલ્યા જે, "હે બ્રહ્મચારી ! સાંકળાં, કલ્લીઓ, ઊતરી – એ સોનાનાં ઘરેણાં તથા ટોપી-રૂમાલ એ લાવો." તેથી બ્રહ્મચારીએ સર્વે વસ્તુ લાવીને મહારાજને આપી. તે મહારાજે લઈને જીવાભાઈને પહેરાવ્યાં ને રૂમાલ ઓઢાડ્યો. તે સમે અજુભાઈ બાપા કહે જે, "હે મહારાજ ! તમારી તો પ્રસન્નતા જોઈએ, ને ઘરેણાં તો ના જોઈએ." એમ કહીને મહારાજને પાછાં આપ્યાં ને એક રૂમાલ રાખ્યો. તે પ્રસાદીનો રૂમાલ હાલ તેમના ઘરમાં છે. ॥૧૭૪॥

૧૭૫. વડતાલમાં લક્ષ્મીનારાયણ દેવ આદિક મૂર્તિઓ પધરાવી.

અને વળી પછી મધ્યના મંદિરમાં લક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી રહ્યા પછી દક્ષિણાદા મંદિરમાં **વ્રંદાવનવિહારી** ને **પોતાના સ્વરૂપ**ની પ્રતિષ્ઠા કરી. ને ઉતરાદા મંદિરમાં પોતાનાં **માતાપિતાની ને પોતાની મૂર્તિ**ની પ્રતિષ્ઠા કરી. એવી રીતે પોતાના ભક્તજનને ધ્યાન કરવા સારુ પોતાની વરતાલમાં બે મૂર્તિઓ પોતે સ્થાપન કરતા હતા. તે વાત પણ પોતે ધામમાં જવાને તૈયાર થયા ત્યારે રામપ્રતાપજી મહારાજે પૂછ્યું જે, "હે ભાઈ ! મારે તમારાં દર્શન ક્યાં કરવા ?" ત્યારે મહારાજે પોતે કહ્યું જે, "વરતાલમાં દક્ષિણાદા મંદિરમાં મારું સ્વરૂપ છે. તેમાં હું પ્રત્યક્ષ વિરાજીશ. ત્યાં તમારે મારાં દર્શન કરવાં." એવી રીતે મહારાજ કહેતા હતા.

અને બીજે દિવસે સવારના પો'રમાં મંદિરની કેડે સભા કરીને પોતે વિરાજમાન થયા. તે સમે બુરાનપુરના હરિજનો મહારાજની પૂજા કરવા સારુ આવ્યા. તેમણે ઘણા સ્નેહથી ચંદન-પુષ્પના હાર તથા તોરા, બાજુબંધ, ગજરા તથા વેઢ, વીંટીઓ, કડાં, સાંકળાં, ઊતરી તથા ગુઢા રંગનો રેંટો તથા મંડીલ, સેલું, સુરવાળ, જામો – એ આદિક ભારે પૂજા મહારાજની કરીને આરતી ઉતારતા હતા.

પછી મહારાજને પગે લાગીને સાષ્ટાંગ દંડવતપ્રણામ કરતા હતા. અને પછી સંતની પૂજા કરતા હતા. કેસર, ચંદન તથા પુષ્પના હાર તથા વસ્ત્ર એ આદિક વતે સર્વે સંતોની પૂજા કરી. ને મહારાજની સ્તુતિ કરીને કહે જે, “હે મહારાજ ! અમે પરદેશમાં પડ્યા, તેથી અમારે કાંઈ દર્શન કરવા સારુ જોઈએ. તે દયા કરીને **નારાયણની મૂર્તિ** અમને આપો, તો અમો લઈ જઈને લક્ષ્મીજી જોડે પધરાવીશું, એટલે લક્ષ્મીનારાયણ કહેવાશે.” એવું હરિજનનું વચન સાંભળીને મહારાજે દયા કરીને નારાયણની મૂર્તિ તેમને આપી. એટલાકમાં નીમાડના હરિભક્ત ગોવિંદબાપે મહારાજની પૂજા કરી, ને પ્રાર્થના કરીને મહારાજને કહે જે, “હે મહારાજ ! અમારો દેશ ઘણો દૂર પડ્યો, તેથી અમારે દર્શન કરવા સારુ કંઈક જોઈએ. માટે દયા કરીને **નરની મૂર્તિ** અમને આપો.” એવું હરિજનનું વચન સાંભળીને મહારાજે તેમને નરની મૂર્તિ આપી.

ને બુરાનપુરવાળા હરિજને નારાયણની મૂર્તિને બુરાનપુરમાં સ્થાપન કર્યા ને જોડે લક્ષ્મીજી પધરાવ્યાં, તેથી લક્ષ્મીનારાયણદેવ કહેવાયા. અને ગોવિંદબાપે નીમાડ દેશમાં **ધરગામ** છે તેમાં શિખરબંધ મંદિર કરીને નર અને લક્ષ્મીજી બંનેની સ્થાપના કરી. તેથી લક્ષ્મીનારાયણ કહેવાય છે. અને એવી રીતે બુરાનપુરના હરિજનોએ મહારાજની ભારે પૂજા કરી. તે જોઈને બ્રહ્માનંદસ્વામીના મનમાં એમ થયું જે, ‘આ પોશાક મહારાજ કોઈકને દઈ દેશે, તેથી લક્ષ્મીનારાયણદેવને આપે તો ઘણું સારું.’ એમ વિચાર કરીને બ્રહ્મચારીને કહે જે, “આજ તો ઠાકોરજીના

શણગાર સાદા કરજો.” એમ કહીને સ્વામી સભામાં ગયા. એટલાકમાં બ્રહ્મચારીએ આરતી કરી. તેને સાંભળીને મહારાજ મંદિરમાં દર્શન કરવા સારુ આવ્યા ને લક્ષ્મીનારાયણદેવની ઉતરાદી સાખે ઊભા રહીને ઠાકોરજીનાં દર્શન કરીને, શણગાર સાદા જોઈને બ્રહ્માનંદસ્વામીને કહે જે, “ઠાકોરજીને આવા શણગાર કેમ ધરાવ્યા છે ?”

ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે જે, “હે મહારાજ ! ઠાકોરજી તો આપના મોઢા આગળ અરજ કરે છે જે, તમારા જેવા સેવક ને અમારા આવા હાલ !?” એમ કહે છે. એવું સાંભળીને મહારાજે પોતાનો પોશાક સર્વે ઉતારીને ઠાકોરજીને આપ્યો. ને પોતે શ્વેત વસ્ત્ર પહેરીને સભામાં આવીને વિરાજતા હતા. ને પછીથી થાળ થયો તે જમવા સારુ પધાર્યા ને જમીને પોઢી જતા હતા. ને સર્વે સંતો જમવા સારુ જતા હતા. અને હરિજન સર્વે પોતપોતાને ઉતારે જતા હતા. ॥૧૭૫॥

૧૭૬. મહારાજે પ્રકરણ ફેરવીને ઉપાસનાનો માર્ગ ચલાવ્યો.

અને બીજે દિવસે સવારના પો’રમાં ઊઠીને નિત્યવિધિ કરીને લક્ષ્મીનારાયણદેવની પ્રદક્ષણાઓ કરવા માંડી. તે દરરોજ બસેં બસેં પ્રદક્ષણાઓ કરે ને સંતો પણ મહારાજની કેડે ફરે. ને મહારાજ તો ચાલમાં ચાલે. ને અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, “અમે તો કેડે દોટો મેલીએ તોય પૂગીએ નહિ.” તેથી મુક્તાનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, “હે મહારાજ ! તમે તો ભગવાન છો ને અમે તો જીવ છીએ, તે પુગાતું નથી; ને આવડી પ્રદક્ષણાઓ તમો શા સારુ કરો છો ?” એવું મુક્તાનંદનું વચન સાંભળીને તે સમે તો મહારાજ કંઈ બોલ્યા નહીં.

અને બપોરે જેતલપુરનાં ગંગામા આવ્યાં હતાં. તેમણે થાળ કર્યો ને મહારાજને જમવા સારુ બોલાવ્યા. તે મહારાજ જમવા પધાર્યા. ને જમીને રામપ્રતાપજી મહારાજનો બંગલો છે ત્યાં આવીને વિરાજમાન

થયા. અને સંત પણ જમીને ધરમશાળામાં આવ્યા. તે સમે સર્વે મોટેરા સંતોને બંગલે બોલાવ્યા, ને પોતે વાત કરવા લાગ્યા. અને મુક્તાનંદ સ્વામીને કહે જે, “હે સ્વામી ! તમે અમને જે સવારે પૂછતા હતા જે, શા સારુ પ્રદક્ષણા કરો છો ? તેનું કારણ હું તમને કહું છું. તેને તમે સાંભળો

જે મોરલા ઘણા અવતાર થયા તે અવતાર પણ ન રહ્યા ને તેમના ભક્ત પણ ન રહ્યા, ને આપણે પણ નહિ રહીએ. પણ તેમને પૃષ્ટ ભાગે અધર્મની પ્રવૃત્તિ થઈ છે, ને મારે તો મોક્ષનો માર્ગ ચાલતો રાખવો છે. તે સારુ તમને ભગત કરવા હું પ્રદક્ષણા કરું છું.” એવું મહારાજનું વચન સાંભળીને મુક્તાનંદસ્વામી કહે જે, “હે મહારાજ !

૨

ત્યારે **મહારાજ કહે, "તમે ભગત તો થયા છો પણ મારા વિના કોઈને માનો નહિ, ને આ સર્વે જ્ઞાતિઓમાંથી ભગત થયા છે તે પણ મારા વિના કોઈ બીજાને માને નહિ. તેથી હે સ્વામી ! ત્યાગનો માર્ગ મોળો પાડી ઉપાસનાનો માર્ગ રાખ્યો છે.** ને આ માર્ગમાં જેવો તેવો જીવ હોય તો એનું પણ કલ્યાણ થાય. તે સારુ આ મૂર્તિઓને તમે માનો, તો તમને વળગ્યા એટલા સંત માને; ને તેમને વળગ્યા એટલા હરિજનો માને તો ઉપાસનાની પરંપરા રહે, ને કલ્યાણનો માર્ગ પણ રહે." એમ કહીને બ્રહ્માનંદસ્વામીને શાલિગ્રામ પૂજવા સારુ આપ્યા.

ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે જે, "એક પાસા ચંદન ઘસીશું ને એક પાસા ચરચીશું." એવું વચન સાંભળીને મહારાજ બ્રહ્માનંદસ્વામી ઉપર ખીજ્યા. ત્યારે મુક્તાનંદસ્વામી કહે જે, "હે મહાપુરુષ ! પ્રકરણ સમજો." તેથી બ્રહ્માનંદસ્વામી સમજી ગયા ને કહે જે, "હે મહારાજ, તમે કહેશો તેમ અમે કરીશું." ત્યારે મહારાજ કહે જે, "આજથી કોઈ ગૃહસ્થનું રાંધેલું જમવું નહિ ને પોતાના હાથે રસોઈ કરીને ઠાકોરજીને નૈવેદ ધરીને જમવું." એવી રીતે ઉપાસનાનો માર્ગ ચલાવતા હતા. ॥૧૭૬॥

૧૭૭. વડતાલે ગોમતીજી ગળાવવા માંડ્યા તે વાત

અને વળી શ્રીજીમહારાજ એક દિવસ સાંજના સભા કરીને બેઠા હતા. તે સમે ગોમતીજી કરવાનો વિચાર કરીને હાલમાં ગોમતીજી છે, તે જગાએ પહેલાં **'ધારુ'** નામે તળાવ હતું. તેમાં પોતે ઘણી વાર નાહ્યા હતા, ને સંતો પણ ઘણી વાર નાહ્યા હતા. એમ જાણીને ગોમતીજી કરવાનો એક ઠરાવ કરીને બીજે દિવસે ગાળવા માંડ્યું. તે હજારો હરિજનો ગોમતીજી ખોદે ને પોતે પણ માથે ધૂળની ટોપલીઓ લે. એવી રીતે દિવસે સંતો ને હરિજનો ગોમતીજી ખોદે, ને રાત્રીએ દેવ લોકો ખોદે. તે શાથી જણાય ? તો સાંજે ખોદેલી ઘણી ધૂળ પડી હોય ને સવારે આવીને જુએ તો કાંઠે પડેલી હોય. તેને જોઈને સંત તથા સત્સંગી કહે જે, "આ ધૂળ કોણ કાઢી ગયું ?" ત્યારે સમાધિવાળા

સંતો તથા મહારાજ કહે જે, “એ તો દેવ ભક્તિ કરી ગયા.”

અને એક દિવસે મહારાજ ગોમતી ખોદાવે ને પંડે ધૂળ લે છે. તેવા સમામાં વડોદરાના સયાજીરાવ ગાયકવાડ સરકારના દીવાન **નારુપંત નાના** નામે કરીને હતા. તે મહારાજનાં દર્શન સારુ વડોદરાથી આવ્યા. તેમણે મહારાજને ગોમતીજીમાંથી ધૂળ કાઢતાં દેખીને પોતાની હજારો રૂપિયાની શાલ હતી તેમાં ધૂળની ટોપલી બાંધીને માથે મેલી ને ધૂળ કાઢવા મંડ્યા.

તેને જોઈને મહારાજ કહે જે, “હે નારુપંથ ! તમે આ શાલમાં ક્યાં ધૂળ ભરી ? આ શાલ તો ભારે છે !” ત્યારે નારુપંથ નાના કહે જે, “હે મહારાજ ! આવાં ચેથરાં તો ઘણાં મળશે, પણ આવો લાવ ક્યાંથી મળશે ?” એવી રીતે ગોમતીજી પોતાને હાથે પોતાને માથે ધૂળ લઈને ગળાવ્યાં. અને એને કાંઠે હજારો હરિજનને છાપો અપાવરાવી ને ગોમતીજીમાં નવરાવ્યા. માટે એ ગોમતીજીનો મહિમા અગાધ છે. ને ‘એમાં જે નાશે ને લક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કરશે તેને હું મારા ધામમાં લઈ જાઈશ.’ એવી રીતે મહારાજ ગોમતીજીને કાંઠે બેઠક છે તે જગ્યાએ સભામાં બેસીને આ વાર્તા કરતા હતા, ને સર્વેને આવો વર આપતા હતા. ॥૧૭૭॥

૧૭૮. ધ્યાનાનંદસ્વામીના સ્વભાવ તથા નિશ્ચયની વાત

અને વળી એક દિવસે ગોમતીજીને કાંઠે સભા કરીને વિરાજમાન થયા હતા. તે સમે મુક્તાનંદસ્વામીને અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, “આપણને દોઢસો સાધુને મહારાજે **સુરત** મોકલ્યા હતા. તે દિવસે વિમુખની સાથે બોલવાની બંધી હતી. ને અમે ફરતાં ફરતાં સુરત ગયા ને ત્યાં એક વાડીમાં ઊતર્યા. ને ગામમાં ભિક્ષાવૃત્તિ કરી લાવીએ ને જમીએ. એવામાં સાધુ માંદા થયા ને (અદ્‌ભુતાનંદસ્વામી કહે જે,) હું એક સાજો હતો. તે સર્વે સંતની સેવા કરું. ને રાબ-રોટલો કોઈને

જોઈએ તે ગામમાં સાંખ્યયોગી બાઈઓને ખબર કરાવું, એટલે તે કરી લાવે. અને સંતને એક કૂવો હતો. તેનું થાળું બાંધીને ત્રણ દેગડીઓ ઊનું પાણી રેડું ને બીજું ટાઢું નાખું. એવી રીતે સંતને નવરાવું ને જમાડું.

એમ સેવા કરતાં કરતાં ત્રણ સંત તો ભગવાનના ધામમાં ગયા. તેનાં નામ : એક **અખિલબ્રહ્માંડેશ્વરાનંદસ્વામી, ત્રીવિક્રમાનંદસ્વામી ને ત્રીજા પ્રભવાનંદસ્વામી** એ ત્રણ સંતે ઐશ્વર્ય-પ્રતાપ જણાવીને એમ કહ્યું જે, 'આ મહારાજ તેડવા આવ્યા છે ને અમે અક્ષરધામમાં જઈએ છીએ.' એવી રીતે કહીને બધા ધામમાં ગયા. ત્યાર પછી સર્વે સંતો સાજા થયા. ને વળી કોઈકે ઝોળીમાં ઝેર નાંખ્યું, તેથી પણ મહારાજે રક્ષા કરી ને સાજા કર્યા. ને હરિજનોને કથાવાર્તા કરવા મંડ્યા.

તે સમે એક(છાપી ગામના) **ધ્યાનાનંદ** કરીને સાધુ હતા. તે આકરા વર્તતા, તેથી પોતાના સ્વભાવને વશ થઈને નીકળી ગયેલા, પણ સ્વામિનારાયણનો નિશ્ચય ત્રણેય અવસ્થામાં પેઠેલો. તેથી પાંચ-પચીસ ગાઉ જાય ને ત્યાં કોઈ સ્વામિનારાયણનું નામ લે એવો ના દેખે, ત્યારે વળી પાછા જ્યાં સ્વામિનારાયણનું નામ લે એવા સત્સંગી હોય ત્યાં આવીને રહે. તે સાધુ (અદ્‌ભુતાનંદસ્વામી કહે જે,) અમે જ્યાં ઊતર્યા હતા ત્યાં આવીને બેસવા મંડ્યા. ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, 'તમારી સાથે અમારે બોલવાની પણ આજ્ઞા નથી.'

ત્યારે તે સાધુ કહે જે, 'તમે કહો તો આ નીચ જ્ઞાતિ ઊભા રહે છે, ત્યાં હું ઊભો રહું ને તમારાં દર્શન કરું.' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'ઠીક.' તેથી તે સાધુ છેટે ઊભા રહે, ને લોકોને વાતો કરે ને કહે જે, 'આ સાધુ તો સોનાની થાળી જેવા છે, ને હું તો લોઢાના ખીલા જેવો છું.' એવી વાતો કરીને ઘણાને સત્સંગ કરાવ્યો. તેથી સંત સર્વે એમના ઉપર રાજી થયા ને અમે ત્યાંથી 'વડતાલે મહારાજ આવ્યા છે' એવી વાત સાંભળીને ચાલ્યા. તે અમારી સાથે તેડી લાવ્યા. ને તે સાધુ તે જ દિવસે ગોમતીજીને કાંઠે મહારાજ સભા કરીને વિરાજમાન છે ને

હજારો સંત તથા હરિજનો બેઠા છે.

તે સમે હાથ જોડીને મહારાજને કહે જે, **'હે મહારાજ ! મારો નિશ્ચય તોડી નંખાવો તો હું જ્યાં ત્યાં કંઈક કાળું મોઢુ લઈ પડ્યો રહું. ને આ તમારા સંત તો સોનાની થાળી જેવા છે ને હું તો લોઢાના ખીલા જેવો છું. તે તમારા સંતને લાજ પમાડું છું.'** એવું વચન એ સાધુનું સાંભળીને મહારાજ મુક્તાનંદસ્વામીને પૂછતા હતા. ત્યારે મુક્તાનંદસ્વામી કહે જે, 'હે મહારાજ ! એનો નિશ્ચય તો એવો છે, ને અમે કહ્યું જે, છેટા ઊભા રહો તો છેટે દોઢ માસ ઊભા રહી ઘણા કુસંગીને સત્સંગી કર્યા.'

એવી રીતનું મુક્તાનંદસ્વામીનું વચન સાંભળીને મહારાજ તેની ઉપર દયા કરીને કહે જે, 'હે ધ્યાનાનંદજી, તમે સત્સંગમાં રહો.' ત્યારે તે ધ્યાનાનંદ કહે જે, **'હે મહારાજ ! તમે તો મને રાખો છો, પણ મારો સ્વભાવ મને રહેવા દેતો નથી.'** ત્યારે મહારાજ કહે જે, 'રહો, હવે રહેવા દેશે.' ત્યારે તે સાધુ રહ્યા. ને અઢી મહિના સત્સંગમાં રહીને દેહ મૂકીને ભગવાનના ધામમાં ગયા. એવી રીતે નિશ્ચયનું બળ હતું, તો મોક્ષ થયો." ॥૧૭૮॥

૧૭૯. મહારાજે મનુષ્યચરિત્ર કર્યું તે દાદા ખાચરના નિશ્ચયની વાત

અને વળી ગોમતીજીને કાંઠે એક દિવસ મહારાજ વિરાજમાન હતા. અને તે સમયને વિશે પોતે સર્વે સંતના પર તે વાર્તા કરવા મંડ્યા. તેમાં ગીતાનો શ્લોક **"जन्मकर्म च मे दिव्यं"** એ બોલીને પોતે એમ કહ્યું જે, **"અમારાં જન્મ ને કર્મ જેને નિશ્ચયનું બળ હોય, તેને દિવ્ય જણાય, ને લોકની લાજ પણ આડી ના આવે."** એમ કહીને પોતાની વાત મહારાજે કરવા માંડી જે, "અમે ધર્મપુર જવા સારુ ગઢડેથી કરીમ ભગત પાસે ગાડું જોડાવીને લાડુબા ને જીવુબા તેમણે સહિત **વરતાલ**

આવીને જોબન વરતાલાના મેડે ઊતર્યા. ત્યારે પછવાડેથી લોકોએ વાતો એવી કરવા માંડી જે, **'સ્વામિનારાયણ દાદા ખાચરની બે બે'નોને લઈને જતા રહ્યા.' પણ દાદા ખાચરનાં મનુષ્યોને અમારા નિશ્ચયનું દૃઢ બળ, તેથી મનમાં કોઈ વાતનો અમારો અભાવ આવ્યો નહિ.** ને અમને ખોળવા સારુ નાજા જોગિયાને મોકલ્યા. ને નાજો જોગિયો અહીં આવીને જગમાલ પગીને ત્યાં ચાકર રહ્યા.

પછી એક દિવસે ઘોડાનું ચોકડું લઈ (જોબનના) મેડે આવ્યા ને અમને દેખ્યા ને અમે એને વઢ્યા ને કહ્યું જે, 'આ કાઠી ક્યાંથી આવ્યો છે ?' ત્યારે એ કહે જે, 'તમારા જેવા જોગટા તો ઘણાય આવશે ને હું તો ઘરધણી છું.' એમ કહીને અમને કહે જે, 'જે તમારો ભગત થાય છે તેના લોકમાં ભવાડા ગવાય છે.' એમ કહીને કહે જે, 'પેલા દાદા ખાચરના ઘરનાં મનુષ્યોને કહ્યા વિના અડધી રાતે અહીં આવ્યા છો, તેથી તે લોકો જળ વિના માછલું જેમ તરફડે તેમ તરફડે છે.'

ત્યારે અમે કહ્યું જે, હે નાજા જોગિયા, જાવ તેમને ખબર કરો અને તેડી લાવો. ત્યારે નાજો જોગિયો ત્યાં ગયા. ને ત્યાં સર્વેને ખબર કરીને દાદા ખાચરને અહીં તેડી લાવ્યા. એવી રીતે નિશ્ચયનું દૃઢ બળ હતું તો અમારાં મનુષ્યચરિત્રને વિશે દિવ્યભાવ રહેતો હતો." ॥૧૭૯॥

૧૮૦. કારેલાનો બાવો મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામીનાં નાક-કાન કાપવા તૈયાર થયો.

અને વળી એક બીજી નિશ્ચય ઉપર મહારાજે વાર્તા કરી જે, **"મુક્તાનંદસ્વામી ને બ્રહ્માનંદસ્વામી** એ બે ઝાલાવાડમાં કારેલા ગામમાં ફરતાં ફરતાં ગયા હતા. ત્યાં એમને એક વૈરાગી મળ્યો. તે બે જણને ઝાલીને પોતાની જગ્યામાં લઈ ગયો. ને પછી છરો ઘસવા સારુ બેઠો. ને કહે જે, 'હે જીવનમુક્તી, તેરા નાક ને કાન દોય કાટુંગા.' એમ બોલતો જાય ને ગાળો દેતો જાય.

તેને જોઈને બ્રહ્માનંદસ્વામી મુકતાનંદસ્વામીને કહે જે, 'હે સ્વામી, બીજું તો ઠીક છે, ને હાથ કાપે માથું કાપે તે સારું પણ આ બાવો નાક-કાન કાપશે ને આપણે સભામાં આગળ બેસવું જોઈશે, ત્યારે લોક સૌ એમ કહેશે જે, સ્વામીનાં નાક-કાન કેમ કાપ્યાં હશે ?' એવું બ્રહ્માનંદસ્વામીનું વચન સાંભળીને મુક્તાનંદસ્વામી કહે જે, 'હે સ્વામી, શાસ્ત્રમાં પૂર્વના ભક્તોની વાતો છે જે, કોણેક કરવત મુકાવ્યા, કોઈક ભંગિયાને ત્યાં વેચાયા છે, કોઈએ માનો ત્યાગ કર્યો છે, કોઈકે બાપનો ત્યાગ કર્યો છે – એવી રીતે ભગવાન ભજ્યા. એ વાર્તા શાસ્ત્રમા લખાણી છે. તે ભેગી ભગવાનને અર્થે આપણાં નાક-કાન કપાશે તે વાત પણ લખાશે.'

એમ કહીને સ્વામી કહે જે, 'હે બ્રહ્માનંદસ્વામી, હમણે મહારાજ આપણી રક્ષા કરશે.' એમ સ્વામીએ કહ્યું. ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે જે, 'હમણે મહારાજ શું રક્ષા કરશે ? આને ઊઠતા વાર છે ?' એમ જ્યાં કહે છે તેટલાંકમાં (મહારાજ કહે) અમે એ ગામનો પટેલ હતો તેના ઘરનાં બાઈ દ્વારે પ્રવેશ કર્યો ને તે બાઈને ત્યાં મોકલી. તે સમે તે વૈરાગી ગાળો ભાંડતો હતો. તેને સાંભળીને તે બાઈ પાછી વળીને ચોરે આવી ને રાવણિયાને[૧] કહ્યું જે, 'પેલા બે સાધુને ઓલ્યો બાવો ગાળો દે છે, તે તેમને તું મુકાવીને સીમાડા સુધી વળાવીને પાછો આવજે.'

એવાં બાઈનાં વચન સાંભળીને તે રાવણિયો છેટેથી ગાળો દેતો દેતો આવ્યો. તેનાં વચન સાંભળીને મુકતાનંદસ્વામી કહે જે, 'હે બ્રહ્માનંદસ્વામી, એ મહારાજ આવ્યા !' એમ કહ્યું. તેટલાંકમાં રાવણિયો બાવાને ગાળો દઈ બેય સંત મુકાવીને સીમાડા સુધી મૂકી ગયો. **તે સમે દૃઢ નિશ્ચયનું બળ મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામીને હતું તો કોઈ વાતનો અંતરમાં ખેદ થયો નહીં.** ને બાવાને ત્યાં ને ત્યાં જ સજડ કરી નાખે એવું બેયમાં બળ હતું, પણ મારી આજ્ઞાથી કાંઈ ના કરતા હવા." અને વળી નિશ્ચય ઉપર જોબન વરતાલાની વાત મહારાજ કરતા હવા. ॥૧૮૦॥

૧.ગામના ચોકીદારને

૧૮૧. જોબન વરતાલાના નિશ્ચયની વાત

એક દિવસે જોબન વરતાલો પોતાની બે દીકરીઓ સહિત વરતાલથી મહારાજનાં દર્શન કરવા સારુ ગઢડે જતાં હતાં. તે ચાલતાં ચાલતાં **ધોલેરા** ગયાં અને ત્યાંથી ચાલ્યાં તે **પોલારપર** ગયાં. ને ત્યાં તળાવને કાંઠે ઢેબરાં ખાઈ પાણી પીને બેઠાં. તેટલાંકમાં ગામમાંથી દસ-વીસેક વાણિયા નીકળ્યા. તેમણે આમને પૂછ્યું જે, 'તમારે ક્યાં રહેવું ?' ત્યારે જોબન વરતાલો કહે જે, 'અમારે ગુજરાતમાં રહેવું.'

ત્યારે તે વાણિયા કહે જે, 'ગુજરાતમાં એક જોબન વરતાલો કહેવાય છે, તેની બે દીકરીઓ સ્વામિનારાયણ લઈ ગયા છે. તે વાત સાચી છે ?' એવું સાંભળીને જોબન વરતાલો કહે જે, 'સ્વામિનારાયણ બે લઈ ગયા છે કે વધારે ?' એમ કહીને કહે જે, શ્રીકૃષ્ણ ભગવાને સોળ હજાર એકસો ને આઠ કરી હતી. તેટલી કરશે ત્યાં સુધી તો હું શ્રીકૃષ્ણ જેવા જાણીશ. ને એથી બમણી કરશે અથવા ત્રણ ગણી કરશે તો શ્રીકૃષ્ણ કરતાં ત્રણ ગણા મોટા સ્વામિનારાણને જાણીશ.' એમ કહીને કહે જે, 'જોબન વરતાલો તો હું ને મારી બે દીકરીઓ તો આ રહીયો, પણ તમારી મા-બોનને સાચવજો. કોઈક લઈ જાય નહીં.' એવું વચન કહ્યું, પણ નિશ્ચયનું બળ તેથી લેશમાત્ર અવગુણ ના આવતો હવો." એવી રીતે મહારાજ વાર્તા કરતા હવા. ॥૧૮૧॥

૧૮૨. ગામ વસોના શિવા ગઢવીના નિશ્ચયની વાત

અને વળી નિશ્ચય ઉપર એક બીજી વાત મહારાજ કરતા હવા. તે ગામ વસોના **શિવો ગઢવી** હતા. તે **કસિયાભાઈ** રામદાસની પાસે કચેરીમાં બેઠેલા હતા. તેમણે તે સમે 'સ્વામિનારાયણ વરતાલ પધાર્યા છે' એવી વાત સાંભળીને તે તત્કાળ કચેરીમાંથી ઊઠીને ઊભા થયા. તેમને જોઈને કસિયોભાઈ કહે જે, 'હે ગઢવી, કેમ ઊભા થયા ?' ત્યારે શિવો ગઢવી કહે જે, 'અમારા સ્વામિનારાયણ વરતાલે આવ્યા

છે, તે મારે દર્શન કરવા સારુ જાવું છે.' એવું સાંભળીને કસિયોભાઈ કહે જે, 'તારા સ્વામિનારાયણ તને શો સરપાવ બંધાવાના છે ? તે ત્યાં જા છો ?' ત્યારે શિવો ગઢવી કહે જે, **'એ બાપા સરપાવ આપે અગર ના આપે, પણ તમારા કરતાં લાખ દરજ્જે એ મોટા છે. ને તમે તો આ લોકનું પદાર્થ આપો ને એ તો જન્મમરણનું તથા જમપુરીનું દુઃખ કાપીને પોતાનું અક્ષરધામ આપે એવા છે.** ને ભગવાન છે તેથી હું જાઉં છું.' એમ કહીને શિવો ગઢવી આ જગ્યાએ આવીને અમારાં દર્શન કરીને અહીં બેઠા.

તે જ વખતે અમે રૂનો ભરેલો સુરવાળ હતો તથા અતલસનો જામો પહેર્યો હતો તથા મોળિયું, શેલું – એ સર્વે વસ્ત્રને અમે ઉતારીને શિવા ગઢવીને એ પોશાક પે'રાવ્યો. ને એમ કહ્યું કે, 'આ પોશાક પહેરીને કસિયાભાઈની પાસે જઈને કહેજો જે, મારા સ્વામિનારાયણ ભગવાન છે. તે તમે અહીં વાત કરી હતી, પણ અંતરજામીપણે જાણીને પોશાક આપીને તમારી પાસે કહેવા સારુ મોકલ્યો છે.' એમ કહીને મહારાજે શિવા ગઢવીને વસો પાછો મોકલ્યો. ને ગઢવીએ કસિયા ભાઈની પાસે જઈને કે'વરાવ્યું હતું તેમ કહ્યું." એવી રીતે નિશ્ચય ઉપર એવી વાત મહારાજે કરી. અને(મહારાજે જે શિવા ગઢવીને પ્રસાદીનો પોશાક આપ્યો તેમાંની બે વસ્તુ હાલમાં વસોના મંદિરમાં છે. તેનાં નામ એક સુરવાલ ને એક જામો બે વસ્તુ છે.) ॥૧૮૨॥

૧૮૩. મહારાજે અદ્‌ભુતાનંદસ્વામીને સુખ-દુઃખની વાત પૂછી.

અને વળી એક દિવસે મહારાજ મંદિરની પછવાડે સભા કરીને વિરાજમાન હતા. તે સમે સર્વે સંતને સુખ-દુઃખની મોરના પ્રકરણની વાત પૂછતા હતા. ત્યારે અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, "પ્રથમ મને મહારાજે પૂછ્યું જે, 'હે સ્વામી, તમે પે'લાં આ ગામમાં વીસ સાધુ લઈ આવ્યા

હતા, ત્યારે કેવું પ્રકરણ હતું ?' એવું મહારાજે મને કહ્યું." ત્યારે અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, "હે મહારાજ ! અહીંથી આથમણી પાસા કૂવો છે ત્યાં એક રાણ્ય છે. ત્યાં અગનોતેરાની સાલમાં શિયાળામાં અમે વીસ સાધુ ત્યાં રહ્યા હતા ને રાણ્ય હેઠે ઊતર્યા હતા.

તે વખતે માવઠું થયું તેથી ટાઢ પણ બહુ પડી. તેથી કેટલાંક વાંદરાં તથા મોર મરી ગયાં ને અમારાં શરીર ફાટી ગયાં ને લોહી ચૂવે ને ખાવાનું નહિ, ને ઓઢવાનો આકાશ, પાથરવાની પૃથ્વી, તેથી પો'ર દિવસ ચઢે ત્યારે ઊઠી તળાવે નાવા સારુ જઈએ. ને પાણીમાં પગ મેલીએ ત્યારે પાણી પણ બોળે એવું ઠરી જાય, એવું પાણી. ને કંઈ ફળ-ફૂલ મળે ના મળે એવું ખાવાનું, તેથી શરીરમાં હાડકાં ને ચામડી રહ્યાં.

અને એક દિવસે બહુ ટાઢ પડી તેથી એક **અનંતાનંદસ્વામી** હતા. તે ટાઢ ન ખમાઈ તેથી મેણિયા કોદરાનું પરાળનું કુંદવું[1] હતું. તેમાં પેસીને ઉપર પરાળ વાળેલું તેથી ટાઢ ઓછી થઈ ને ઊંઘી ગયા. તે સમે વાદળાંથી અંધારું ઘોર ને રાત, તેથી કોઈ કોઈને મોઢું સૂઝે નહિ. તેવામાં બે ચોર પરાળ બાંધવા સારુ આવીને ચાદર પાથરી ને પરાળ મેલ્યું. તે ભેગા એ સ્વામીને મૂકીને પરાળની ગાંસડી બાંધી ને ચોરના મનમાં એમ થયું જે, 'કંઈક આકોસ(કીમતી) વસ્તુ કોઈકે સંતાડેલી છે.' એમ જાણી ગાંસડીમાં બાંધી ને એકને માથે ગાંસડી ચડાવી.

તે સમે સ્વામીને ગરમાળો થયો તેથી ચેતન આવ્યું. ને એમ જાણ્યું જે, 'મને કોઈ બાંધીને માથે મેલીને ચાલે છે. તે પડતું નાખશે તો હાડકાં ભાંગી નાખશે. તેથી એને હું કહું તો ધીરે રહીને નાખે.' એમ મન સાથે વિચાર કરીને સ્વામી કહે જે, 'હે ભાઈ, તું નાખ તો ધીરે રહીને નાખજે.' એવું જ્યાં કહ્યું ત્યાં તો ચોર બિન્યા. ને કહે જે, 'ઓય મારા બાપ રે ખાધા.' એમ કહીને ગાંસડી કુંદવા ભણી નાખીને

૧.ઓઘો; ગંજી

નાસી ગયા ને છેટે જઈને ઊભા રહ્યા, ને ચાદર મેલીને જવાય નહીં.

તે સમે (અદ્‌ભુતાનંદસ્વામી કહે જે,) હું જાગતો હતો, તે મેં સાધુ ગણ્યા તે ઓગણીશ થયા. ત્યારે મેં કહ્યું જે, ભાઈ, એ તો અમારા સાધુ હશે. ટાઢ બહુ છે તેથી પરાળમાં પેઠા હશે. માટે ઊભા રહો, હું જોઉં છું. ત્યારે મેં આવીને ગાંસડી છોડી ને અનંતાનંદસ્વામીને કાઢ્યા ને ચોરને કહ્યું જે, ભાઈ, તમારી ચાદર લઈ જાવ. ત્યારે ચોર અહીંથી ચાદર લઈ ગયા. એવી રીતનું દુઃખ તેની વાત મહારાજને મેં કહી." ।।૧૮૩।।

૧૮૪. વડતાલમાં મુક્તાનંદસ્વામી વિગેરે સંતને ચારસો વૈરાગી મારવા આવ્યા.

અને સ્વામી કહે જે, "મેં બીજી વાત પણ કહી જે, હે મહારાજ, આ નારાયણગર બાવાના ઘરની કેડે માતાની ધરમશાળા છે. તેમાં આ મુકતાનંદસ્વામી ને હું એ આદિક ઘણાક સાધુ ઊતર્યા હતા ને અહીં ચારસેં વૈરાગીની જમાત આવી ને આટલામાં ઊતરેલી ને સર્વે ધર્મરાજાના પાર્ષદ. એમાં એકેય વિષ્ણુના પાર્ષદ નહિ. તેમને ખબર થઈ જે, 'સ્વામિનારાયણના મુંડિયા અહીંયાં છે.' એવું જાણીને એમણે વિચાર કર્યો જે, 'સ્વામિનારાયણના મુંડિયાને આપણે મારી નાખીએ.' એવો વિચાર કરી સાંજનો પો'ર થયો એટલે હથિયાર બાંધી તૈયાર થઈ, તે જેટલાકમાં આવે છે ત્યારે મોરથી નારાયણગર બાવાને તથા અમને ખબર થઈ જે, 'મારવા આવે છે.'

ત્યારે નારાયણ બાવો આવીને કહે જે, 'હે મહારાજ ! તમે બહાર નીકળશો તોય તમને એ મારશે, ને માંય રહેશો તોય એ પાપી મારશે.' ને તે દિવસે જોબન વરતાલો સત્સંગી નહિ ને બાવો એકલા સત્સંગી, તેથી બાવાને બહુ ચિંતા થઈ. ને મુક્તાનંદસ્વામીના મોઢા આગળ ગળગળા થઈ ગયા. તેથી હે મહારાજ ! અમે સર્વે મળીને

તમારી પ્રાર્થના કરી ને એમ કહ્યું જે, 'તમે જેમ કરશો તેમ ખરું.'

તેવા સમામાં બામરોલીના ઠાકોર ભાયડાનું રાવણું[1] આવીને અમારી પાસે સો માણસ બેઠું હતું. તે ઊઠીને જેટલાંકમાં બહાર નીકળે છે તેટલાંકમાં જ પેલા બધા વૈરાગી આવ્યા, ને બારલી પાસા ભીડો થયો. તેમાંથી ઠાકોર ભાયડાએ એમનાં હથિયાર ઝાલ્યાં, ને તાણા-ખેચ થઈ.

તે સમે હે મહારાજ ! તમે એવી કળા કરી જે, પેલો જાણે જે મારું હથિયાર પેલો તાણે છે, ને પેલો જાણે પેલો તાણે છે. તેથી પરસ્પર પહેલાં ગાળાગાળી આવ્યા ને પછીથી તો હથિયાર લઈને માંહોમાંહી મારવા મંડ્યા. તે સમે અમે બારણું અટકાવી દીધું. ને તેવા તે માંહોમાંહી આઠ દસેક તો એના એ સ્થળે પાર પડી ગયા ને કેટલાંકનાં માથાં ફૂટ્યાં ને કેટલાંકના હાથ કપાઈ ગયા. ને એમ મોઢે બોલતા જાય જે, 'હે બાબુ, તેરી ગાય હું.' એમ કહેતા જાય ને ધોકે મારતા જાય. તેમાં નાસતે નાસતે બે તો તળાવ ઉપલ્યા કૂવામાં પડ્યા ને બીજા કેટલાક નાસી-ભાગી ગયા ને એનો સામાન પડ્યો રહ્યો. તેને જોબન વરતાલો લઈ ગયો. એવી રીતે રાનોરાન ને પાનોપાન થઈ ગયા. એવી રીતે હે મહારાજ ! તમોએ અમારી રક્ષા કરી હતી." ॥૧૮૪॥

૧૮૫. ગામ ભદામના ગણેશજી તથા અદ્‌ભુતાનંદસ્વામીની વાત

અને વળી અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, "તમોએ મને એકાએકી ફરવા સારુ મેલ્યો હતો. તે હું ફરતાં ફરતાં નર્મદા ઊતરીને રાજના દેશમાં[2] ગામ ભદામ ગયો. ને એક પાટીદારના બે દીકરા હતા. ને તેનું નામ **દલાભાઈ** તેમને મેં વાતો કરીને સત્સંગી કર્યા. અને બીજે દિવસે એકાદશી હતી તેથી ઉપવાસ કર્યો. અને બીજે દિવસ બારસ થઈ ત્યારે પેલા હરિજન તેમણે મને શેર ખીચડી લાવી દીધી ને કુંભારને

૧.ટોળું; સભા ૨.રાજપીપળા વિસ્તારના

ઘેરથી હાંલ્લી લાવી દીધી.

તે હું નદીને કાંઠે ખીચડી જેટલામાં રાંધું છું ને પૂરી ચઢી નથી તેટલાકમા **નાંદોદ**ના રાજાનો દીવાન ગામ ભદામનો રહેવાશી હતો. ને જ્ઞાતે પાટીદાર હતો ને તેનું નામ **ગણેશજી** હતું. તે પોતાની હવેલીના ગોખ ઉપર બેઠેલો. તે સમે ગામમાં એક **નરસીરામ** કરીને બાવો હતો. તેણે દીવાનસાહેબને કહ્યું જે, 'હે દીવાનસાહેબ, તમે છતે આપણા ગામમાં સ્વામિનારાયણનું ટીખળ પેસે છે.' ત્યારે દીવાન કહે જે, 'ક્યાં છે ?'

'પેલો મુંડિયો નદીમાં ખીચડી રાંધે છે.' એમ નરસીરામ બાવો કહે છે. તે બાવાનું વચન સાંભળીને દીવાન કહે જે, 'અરે કોઈ છે ?' ત્યારે સિપાઈ હાજર હતો તે બોલ્યો : 'હા સાહેબ, આ રહ્યો હું.' ત્યારે દીવાન કહે જે, 'જા, પેલા સ્વામિનારાયણના મુંડિયાને ગામમાંથી કાઢી મેલ.' એમ કહીને મોકલ્યો.

ત્યારે તે સિપાઈ મારી પાસે આવીને મને કહે જે, 'દીવાનસાહેબ એમ કહે છે જે, તમે ગામમાંથી જાવ.' ત્યારે (અદ્‌ભુતાનંસ્વામી કહે જે,) મેં સિપાઈને એમ કહ્યું જે, આ ખીચડી ચઢે એટલે ખાઈને હું જાઈશ. તમારા ગામમાં હું નહિ પેસું. એમ કહ્યું તેથી સિપાઈ પાછો ગયો. ને દીવાનને કહ્યું જે, 'ખીચડી ખાઈને જશે.' એવું સાંભળીને દીવાન મહા ક્રોધમાન થઈને સિપાઈને કહે જે, 'હમણે ને હમણે કાઢ, નહિ તો તને હું ઉચાગર[1] કરીશ.' એવું સાંભળીને સિપાઈ પાછો મારી પાસે આવીને મને કહે જે, 'મારો રોટલો ઊઠે છે ને હાંલ્લી ફોડવાની કહે છે ને તમારા સારુ મને ઉચાગર કરે છે.'

એવું સિપાઈનું વચન સાંભળીને મેં તેને કહ્યું જે, હાંલ્લી ફોડીશ નહીં ને ખીચડી ચઢે ત્યારે લઈ જજે. અને મારા સારુ (તને) એ દુઃખ છે, તેથી હું આ ચાલ્યો. એમ કહીને હું **ચિત્રાવાડી** ગયો. ને તે ગામ

૧.બરતરફ; સસ્પેન્ડ

એક ગાઉ (દૂર) છે ત્યાં એક **ભીખાભાઈ** કરીને પાટીદાર હતા. તેને ઘેર જઈને માગ્યું. ત્યારે તેણે શેર લોટ બાજરીનો આપ્યો. તેની બાટીઓ કરીને મેં ખાધી. તેથી તેનું તમે ઘણું સારું કર્યું. ને તેને સાત દીકરા તમે આપ્યા. ને તે ભદામના દીવાને મને કાઢ્યો તે જ રાત્રીએ એની બુદ્ધિ તમોએ ફેરવી. તેથી રાત્રે સિપાઈને બોલાવીને કહે જે, 'પેલા હરિભાઈને બાંધીને મારો.'

ત્યારે એ ગામમાં દીવાનના સામાવડિયા પાટીદાર બીજા રહેતા હતા. તેના દીકરાનું નામ **હરિભાઈ,** તેને જઈ તે સિપાઈઓએ માર્યો. તેથી તે પાટીદારોએ સિપાઈને ઝાલી લીધા. ને તે છોકરાને મારેલો તેથી લોહીલુહાણ થયેલો. તે છોકરાને ખાટલામાં નાખીને તેરસને દિવસ સવારે નાંદોદ લઈ જઈને રાજાના મોઢા આગળ મેલ્યો.

તેને જોઈ રાજા બહુ ત્રાસને પામ્યો ને કહે જે, 'આવું કામ કેણે કર્યું ?' ત્યારે તે પાટીદાર કહે જે, 'હે સાહેબ ! તમારા દીવાન ગણેશજીભાઈએ આ સિપાઈઓ મૂકીને આજ રાત્રીએ આ કામ કરાવ્યું. ને આવા ને આવા દિવસમાં અનેક કામ કરે છે, એક નહિ. ને બધા રાજ્યનો પૈસો લઈ પોતાની હવેલીમાં ખજીના કરીને ભરેલો છે.' એવું સાંભળીને સિપાઈઓને રાજાએ પૂછ્યું જે, 'તમે કેના હુકમથી આ કામ કર્યું ?' ત્યારે સિપાઈ કહે જે, 'હે રાજા સાહેબ ! દીવાનના કહેવાથી એમ કર્યું છે.' એવી રીતની જ્યાં વાત થાય છે તેવાકમાં દીવાનસાહેબ ત્યાં આવ્યા ને રાજાને સલામ કરીને બેઠા.

તે સમે રાજાએ દીવાનને પૂછ્યું જે, 'આવાં ને આવાં કામ કેટલાં કરો છો ?' ત્યારે દીવાન નામકર[૧] ગયો જે, 'એ મારું કામ નથી કરેલું.' ત્યારે સિપાઈઓને બોલાવીને રાજાએ પૂછ્યું, ત્યારે સિપાઈઓએ પણ એમ કહ્યું જે, 'રાજા સાહેબ, દીવાનની આજ્ઞાથી કર્યું છે.' ત્યારે દીવાન કહે જે, 'મેં તો તમને પેલો સ્વામિનારાયણનો સત્સંગી થયેલો

૧.ફરી

જે પેલો છોકરો હરિભાઈ નામે કરીને છે, તેને મારવા સારુ મોકલ્યા હતા ને આને તમે કેમ માર્યો ?' એવું સાંભળીને સિપાઈ કહે જે, 'હે દીવાનસાહેબ, હવે કહીને કેમ ફરી જાવ છો ?'

ત્યારે એ ગુનો રાજાએ સાચો જાણ્યો. તેથી રાજાને ક્રોધ ચઢ્યો ને કહે જે, 'કોઈ છે આટલામાં ? જાવ, દીવાનને બંધીખાને નાખો ને એમની હવેલી છે તે ખોદીને તમામ પૈસો આપડે અહીં લાવો.' એવી રીતે દીવાન કેદમાં પડ્યા ને ત્યાં ને ત્યાં મરી ગયા. ને ઘરનું પચીસ માણસ હતું તે બે-ત્રણ દિવસમાં મરી ગયું. ને રાજા હવેલી ખોદાવીને પૈસો લઈ ગયા.

અને (અદ્‌ભુતાનંસ્વામી કહે જે,) હે મહારાજ ! મારા અંતરમાં તો એનું બગડે એવો સંકલ્પયે નો'તો, પણ તમે અપરાધ ખમી શક્યા નહીં. ને સાધુના અપરાધનું ફળ તમે બતાવ્યું. ને ચિત્રાવાડીના પાટીદારનું સારું થયું. એ સેવાનું ફળ તમો બતાવતા હતા." એવી રીતે અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, 'મેં મહારાજને સુખ-દુઃખની સર્વે વાત કહી દેખાડી ને બીજા સર્વે સંત પણ જેને જેને જેવી સુખ-દુઃખની વાત બનેલી તે સર્વે કહી દેખાડતા હતા.' ॥૧૮૫॥

૧૮૬. વડતાલમાં છોકરાએ મનને જીતી મહારાજને કાકડી આપી તથા મહારાજે વાંદરાને માળા ફેરવાવી તે વાત

અને શ્રીજીમહારાજ એક દિવસે ગોમતીજીને કાઠે આંબાવાડિયામાં સભા કરીને વિરાજમાન થયા હતા. અને સંત તથા અનેક હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. તે સમે એક ઠાકોર ભાયડાનો છોકરો સત્તર-અઢાર વરસની ઉમરનો હતો. તે પોતાના ખેતરમાં ચીભડાની સારી કાકડી થયેલી, તેને તોડીને હાથમાં લઈને મનમાં એમ વિચાર કરવા લાગ્યો જે, 'આ કાકડીને હું ખાઈ જાઉં કે આ કાકડી મહારાજને આપું

તો ઠીક ? એવી રીતે મન સંગાતે લડાઈ કરતો કરતો મનને જીતીને કાકડી લઈને મહારાજ સભામાં બેઠા છે ત્યાં લાવીને મહારાજના મોઢા આગળ કાકડી મેલી.

તે કાકડીને જોઈને પોતાના મોઢા આગળ દસ શેર બરફીની માટલી સુરતના હરિજને મેલેલી, તેને લઈને રાજી થઈને તે છોકરાને આપી. ને પછી મહારાજ મુક્તાનંદસ્વામીને કહે જે, “હે સ્વામી ! આણે બહુ દાખડો કર્યો ને મન સાથે લડાઈ બહુ કરી.” એવું મહારાજનું વચન સાંભળીને મુક્તાનંદસ્વામી કહે જે, “હે મહારાજ ! એ કાકડી લાવ્યો, તેમાં તે શું બહુ દાખડો કર્યો, તે એમ કહો છો ?”

એવું સ્વામીનું વચન સાંભળીને **મહારાજ કહે જે, “હે સ્વામી ! મન જીતવું એ તો બહુ કઠણ છે, ને જેણે મન જીત્યું તેણે સર્વે જગત જીત્યું. ને મોટા મોટા એ મનના આગળ હારીને ભ્રષ્ટ થયા છે.** એ મનને આ જીતીને અમારી પાસે કાકડી લાવ્યો. તે કેવી રીતે મનને જીત્યું ? તો એક મન કહે જે, ‘હું ખાઈ જાઉં.’ વળી કહે જે, ‘ના ના, ભગવાનને આપું.’ એવી રીતે મન સાથે લડાઈ લઈ મનને જીતીને કાકડી લાવીને અમને આપી. તેથી અમે એના ઉપર બહુ રાજી થઈને આ બરફીની માટલી આપી.

એવી રીતે હે સ્વામી, **જે અમારી આજ્ઞા પાળીને મનને જીતે તો અમે એના ઉપર રાજી થઈ એના જન્મ-મરણનાં દુઃખ મટાડીને તથા જમપુરીનાં દુઃખ તથા ચોરાસીના મટાડીને અમારા અક્ષરધામનું દિવ્ય અલૌકિક સુખ આપીએ એવા અમે છીએ.”** એ ઉપર ઘણીક પોતાની આજ્ઞા પાળવાની વાત કરીને બ્રહ્મચર્યની વાત કરી. ને એનો મહિમા ભારતનું આખ્યાન સહદેવ જોષીનું તથા પતિવ્રતાબાઈનું તથા ભીષ્મપિતાનું કહી સંભળાવતા હતા. એવી રીતની આજ્ઞાની વાર્તા સભામાં કરે છે.

તેવા સમામાં ગામ **બરવાળા**નો એક **કુંભાર લાધો** કરીને હતો,

તેને અદ્‌ભુતાનંદસ્વામીએ સત્સંગી કરેલો. તેથી વરતાલે દર્શન કરવા સારુ આવેલો. ને કાને પણ બહેરો તે છેટે ઊભો રહેતો હતો ને મનમાં એમ સંકલ્પ કરે જે, 'નીચ જ્ઞાતીમાં મારે કર્મે કરીને જન્મ આવ્યો ને વળી કર્મે કરીને બેરો થયો, તેથી ભગવાનની વાત સંભળાતી નથી.' એમ સંકલ્પ કરીને મનમાં ઘણો પશ્ચાતાપ કરતો હતો.

તેનો સંકલ્પ અંતરજામીપણે જાણીને મહારાજે તેને પોતાની પાસે બોલાવીને, ઢોલિયા પાસે બેસારીને મહારાજે એના કાનમાં વાત કરી જે, **"ભગત, તમે આ સૂર્ય ઊગે છે ને તેની કીરણો છેટા સુધી છે. તે કીરણોને ને સૂર્યને એકતા છે. તેની પેઠે મારી આજ્ઞા પાળે ને છેટો રહે તોપણ મારે (ને) એને એકતા છે; ને આજ્ઞા ન પાળે ને થડમાં રહેતો હોય તો મારે ને એને એકતા નથી, એમ જાણજો."** એવું મહારાજનું વચન સાંભળીને તે ભગત કહે જે, "હે મહારાજ ! તમે મને ન્યાલ કર્યો ને અંતરની વાત કરી." એમ કહીને ઘણો આનંદ પામ્યો.

અને વળી તે સમે આંબા ઉપર વાંદરાં કૂદવા મંડ્યાં. તેને જોઈને બ્રહ્માનંદસ્વામીએ મહારાજને પૂછ્યું જે, "હે મહારાજ ! રામ અવતારમાં આ વાંદરાંએ શી રીતે માળા ફેરવી હશે ?" એવું વચન બ્રહ્માનંદસ્વામીનું સાંભળીને મહારાજે તે વાંદરાં સામું જોયું. તેથી બે-ત્રણ વાંદરાં આંબેથી ઊતરીને મહારાજના ઢોલિયા પાસે આવીને બેઠા. તેને જોઈને મહારાજ કહે જે, "હે બ્રહ્માનંદસ્વામી, આમને માળાઓ આપો." ત્યારે બ્રહ્માનંદસ્વામીએ માળાઓ આપી. તે માળા ત્રણે વાંદરાં ફેરવવા મંડ્યાં.

તેને જોઈને મહારાજ કહે જે, "હે બ્રહ્માનંદસ્વામી, આવી રીતે માળા ફેરવાવી." એવુ જોઈને બ્રહ્માનંદસ્વામી તથા સભાને વિષે બેઠેલા સંત તથા હરિજન ભાઈ-ભાઈ સર્વે આશ્ચર્ય પામતાં હતાં. પછીથી તે વાંદરાં માળાઓ મેલીને આંબા ઉપર ચઢી ગયાં. એવી રીતે એ જગ્યાએ ઘણું ઐશ્વર્ય-પ્રતાપ જણાવતા હતા. એવી રીતે વરતાલમાં રહ્યા થકા

ઐશ્વર્ય-ચમત્કાર ઘણા દિવસ દેખાડીને, પછી **વરતાલ**થી સંતે સહિત ચાલ્યા, તે **મહેળાવ** આવીને રાત રહ્યા.

ને ત્યાંથી ચાલ્યા તે **બુધેજ**માં રહ્યા ને બુધેજથી ચાલ્યા તે **ધોલેરે** ગયા. ને **પૂંજાભાઈ**એ કહ્યું જે, "હે મહારાજ ! અહીં મંદિર કરવા સારુ સાધુ મૂકતા જાવ." એવું વચન સાંભળીને સંતને મંદિર કરવા સારુ મેલીને પોતે ચાલ્યા, તે **નાવડે શેઠ જીણાભાઈ**ને ત્યાં રાત રહ્યા. ને ત્યાંથી ચાલ્યા તે ગામ **કુંડળ રાઈબા**ને ત્યાં ગયા. ને માંચા ખાચરનો પક્ષ બાઈએ બહુ રાખેલો, તેથી મહારાજ બાઈના ઉપર રાજી થઈને કહે જે, "હે બાઈ, તમે માગો તે વર હું આપું."

ત્યારે બાઈ કહે જે, "હે મહારાજ ! એક તો તમારે આજથી બે ટાણાં જમવું, ને એકાદશીનું વ્રત ન કરવું, ને ઠંડે પાણીએ નહાવું નહિ, ને મારો દેહ પડે ત્યારે તમારાં ચરણની સેવામાં રાખજો. એ વર રાજી થયા હોય તો મને આપો." ત્યારે મહારાજે રાજી થઈને બાઈને બધાય વર આપ્યા. ને બાઈએ મોતિયા, જલેબી, સાટા – એ આદિક પકવાનની રસોઈ કરાવી ને મહારાજ તથા સંતની દરબારમાં પંગત કરાવીને જમાડ્યાં. એવી રીતે કુંડળમાં બાઈને વર આપીને ત્યાંથી ચાલ્યા તે **ગઢપુર** આવતા હતા. ॥૧૮૬॥

૧૮૭. જૂનાગઢનું મંદિર કરવા સારુ બ્રહ્માનંદસ્વામીને મોકલ્યા.

અને વળી એક દિવસે શ્રીજીમહારાજ સભા કરીને લીમડા હેઠે બિરાજમાન થયા હતા. તેવા સમામાં જૂનેગઢથી મનુષ્ય આવ્યું જે, 'મંદિર કરવા સારુ જૂનેગઢ સાધુ મોકલો.' ત્યારે મહારાજે બ્રહ્માનંદ સ્વામીને જૂનેગઢ મંદિર કરવા સારુ જવાની આજ્ઞા કરી. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને કહ્યુ જે, "મારે સાધુ જોઈએ." ત્યારે મહારાજે અદ્‌ભુતાનંદસ્વામીને આજ્ઞા કરી. ત્યારે સ્વામીએ જવાની હા પાડી ને

સ્વામી કહે, "મને ત્રીજે પો'ર તાવ આવ્યો, તેથી બ્રહ્માનંદસ્વામી ગયા ને હું રહી ગયો; ને બીજે દિવસે તાવ ઓછો થયો."

અને મહારાજ તે રાત્રીએ દરબારમાં સભા કરીને વિરાજમાન થયા હતા. તે સમે જીવુબાએ મહારાજને કહ્યું જે, "હે મહારાજ ! આ સ્થાન બહુ પ્રસાદીનું કહેવાય; માટે અહીં પણ મંદિર કરવું જોઈએ." એવું સાંભળીને મહારાજ કહે જે, "હા, એ વાત ઠીક કહો છો, પણ આપણે ક્યાં મંદિર કરવા ?" ત્યારે સર્વે સભામાં બેઠેલા તે સૌ જુદા જુદા બોલ્યા ને એમ કહ્યું જે, "આ ખળખળિયાને કાંઠે ટેકરો છે ત્યાં કરીએ, ને કોઈ કહે જે, વંડામાં કરીએ, અને કોઈ કહે જે, લક્ષ્મીબાગમાં કરીએ.' એમ બહુ મત થયા.

તેને સાંભળીને મહારાજ કહે જે, "દાદા ખાચરને બોલાવો, ને દાદા ખાચર કહે ત્યાં મંદિર કરીએ." એમ કહીને દાદા ખાચરને બોલાવીને પૂછ્યું જે, "હે દરબાર, તમે કહો ત્યાં મંદિર કરીએ." ત્યારે દરબાર મહારાજનાં વચન સાંભળી વિચાર કરીને કહે જે, "હે મહારાજ ! આ દક્ષણાદા બારના ઓરડા પાડીને દરબારમાં મંદિર કરો, તે કોઈનો ખાળો[1] થાય નહીં." એવું દાદા ખાચરનું વચન સાંભળીને મહારાજ ઘણું રાજી થયા ને હા પાડી.

ને કહે જે, "હવે મંદિર કરવા સારુ માનત કેને કરીશું ?" ત્યારે એક **અખંડાનંદસ્વામી** હતા તે કહે જે, "હે મહારાજ ! **અદ્‌ભુતાનંદ સ્વામી**ને તાવ આવ્યો હતો, તેથી જૂનેગઢ નથી ગયા ને અહીં રહ્યા છે." એવું સાંભળીને મહારાજે અદ્‌ભુતાનંદસ્વામીને સભામાં બોલાવ્યા. ને પછી મહારાજ અદ્‌ભુતાનંદસ્વામીને કહે જે, "હે સ્વામી, આ મંદિરનું કામ તમે આગળ થઈને કરાવો." એમ કહ્યું.

ત્યારે સ્વામી કહે જે, "મેં મહારાજને કહ્યું જે, હે મહારાજ ! મારું કહ્યું સૌ કેમ માને ?" ત્યારે મહારાજ કહે જે, "તમારું કહ્યું કરે તે અહીં

૧.અટકાયત; હરકત

રહે ને ના કરે તે ફરવા જાય." એમ મહારાજે કહ્યું. તેને સાંભળીને સૌ સંત તથા પાર્ષદ કહે જે, "હે મહારાજ ! જેમ અદ્‌ભુતાનંદસ્વામી કહેશે તેમ અમે કરશું." એવું સાંભળીને મહારાજ થાળ જમવા પધાર્યા અને જમીને અક્ષરઓરડીમાં પોઢી જાતા હતા. ||૧૮૭||

૧૮૮. ગઢપુરમાં મંદિર કરવાનો આરંભ કર્યો તે વાત

અને બીજે દિવસે સવાર થયું ત્યારે મહારાજ ઊઠીને સંડાસ જઈ, ગંગાજળિયા કૂવા ઉપર આવી, હાથ-પગ ધોઈ, દાતણ-પાણી કરીને, સ્નાન કરી નિત્યવિધિ કરીને, લીમડા નીચે સભામાં આવીને વિરાજમાન થયા. ને પાર્ષદને પથ્થર કાઢવાની આજ્ઞા કરી ને બીજા સંતોને દક્ષણાદા બારના ઓરડા પાડવાની આજ્ઞા કરી. તેથી સંતોએ ઓરડા પાડી પાધર[1] કર્યું ને પાયા ખોદવા માંડ્યા.

ને પાયામાં પૂરવા સારુ પથ્થર જોઈએ, તે સારુ ઘેલાથી ઉગમણી પથ્થરની ખાણ હતી ત્યાં પથ્થર કાઢીને ગંજ મારેલા. તેને લાવવાને સારુ મહારાજ ઘેલામાં ખુરશી નાખીને બિરાજમાન થયા. ને સર્વે સંત તથા હરિજનને એમ આજ્ઞા કરી જે, "સામે કાંઠેથી પથ્થર પાંચ પાંચ વાર આ કાંઠે લાવી નાખવા ને અહીંથી બાઈઓ મંદિરમાં લઈ જાશે." એવી આજ્ઞા કરી તેથી સૌ આ કાંઠે લાવી પથ્થર નાખે છે.

તેવા સમામાં **ગઢાળીના આંબો શેઠ** મહારાજ સારુ ઢોલિયો, ગાદલાં, ગાલમસુરિયાં મજુરને માથે ચઢાવીને લાવ્યા. તેને જોઈને સુરા ખાચરે મહારાજને પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! આ આંબા શેઠે તો સર્વસ્વ ભગવાનને અર્થે કર્યું તેને તો અમે દેખ્યું, પણ બળીરાજાએ પૂર્વે શું પુન્ય કર્યું હશે, તેથી તેને ભગવાન મળ્યા ?" એવા પ્રશ્નને સાંભળીને મહારાજ તેનો ઉત્તર કરતા થકા બોલ્યા જે, "પૂર્વે બલીરાજા વણિક હતો, ને તે વિષયી બહુ હતો. ને તમાકુ ને ચૂનો બહુ ખાતો હતો.

૧.સપાટ; મેદાન જેવું

તે એક દેવ મંદિરમાં ગયો. ત્યાં તમાકુ ખાઈને ચૂનાવાળી આંગળી લૂછી, તેથી દેવ ઉપર પાણી પડતું હતું તે બંધ થઈ ગયું. એટલું જ પુણ્ય હતું ને એનો દેહ પડ્યો, ને જમપુરીમાં ગયો. ને ત્યાં પુણ્ય-પાપનો ધર્મરાજાની આગળ તપાસ કર્યો. ત્યારે પાપ તો ઘણું નીકળ્યું ને પુણ્ય તો ચૂનાવાળી આંગળી લૂછી એટલુ જ નીકળ્યું.

તેને જોઈને ધર્મરાજા કહે જે, "તારું પાપ તો ઘણું છે ને પુન્ય થોડું છે; તે તમારે પુન્યનું ફળ બે ઘડી ઈન્દ્રનું રાજ મળે એટલું છે. તે પહેલું ભોગવવું છે કે પછી ?"

તે કહે જે, 'લાવને પુન્યનું ફળ જ પહેલું ભોગવી લઉં, પાપનું ફળ તો છે જ.' એમ વિચાર કરીને ધર્મરાજાને કહે જે, "પહેલું પુન્ય હું ભોગવીશ." એમ કહ્યું. ત્યારે ધર્મરાજાએ ઈન્દ્રની બે ઘડી ગાદીનો હુકમ કર્યો.

ત્યારે એ બલિરાજા ચેતી ગયો. તે રાજ્ય બ્રાહ્મણને આપ્યુ ને સારાં સારાં વસ્ત્ર તથા ચંદન-પુષ્પ એ આદિક સામાન લઈને બદરિકાશ્રમમાં જઈને નરનારાયણદેવની પૂજા કરી, ને પછી બધા ઋષિઓની પણ પૂજા કરી. એવી રીતે પૂજા કરીને પાછો ઈન્દ્રની ગાદી ઉપર આવ્યો. ત્યાં તો પુન્યનાં ખાતાં વધી ગયાં ને પાપ તો ઓછું થઈ ગયું.

તે જોઈને ધર્મરાજાએ વિચાર કર્યો જે, 'આ તો ચેતી ગયો !' તેથી કંઈક પાપ અંશનો ભાગ રહેલો. તે સારુ વિચાર કરીને દૈત્યનો રાજા બળિ નામે કર્યો. એવી રીતે બળિરાજા થયા. તેણે યજ્ઞ કર્યો ત્યાં વામનજી ભગવાન યાચવા આવ્યા, ને શુક્રાચાર્યે ના પાડી તોય ભગવાનને સર્વસ્વ અર્પણ કરી દીધું. તેથી ભગવાન એમને વશ થાતા હતા."

એવી રીતે એ પ્રશ્ન-ઉત્તર મહારાજ કરતા હતા. તેટલાકમાં સર્વે પથ્થર મંદિરમાં આવી ગયા ને મહારાજ ત્યાંથી ઊઠીને મંદિરમાં પધારતા હતા. ॥૧૮૮॥

૧૮૯. ગઢડાનું મંદિર બંધ કરાવવા હલ્લા આવી પણ હેરાન થઈ.

અને વળી એવી રીતે અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, “મંદિરનું કામ ચલાવતે ચલાવતે ઓટો પૂરો થયો. તેવા સમામાં **જીવા ખાચરે ભાવનગર** ખબર **વજેસંગ ઠાકોર**ને કે'વરાવી કે, ‘દાદા ખાચર તો કોઠો કરે છે,’ એવી ખબર કે'વરાવી તેને વાર લાગી. ત્યારે પંડે ઘોડીએ સ્વાર થઈ ભાવનગર ચાલ્યા. તે વાત સચ્ચિદાનંદસ્વામીએ જાણી ને પછી પોતે સમાધિ દ્વારાએ ઘોડીમાં પ્રવેશ કરીને જીવા ખાચરને ઘોડી ઉપરથી પાડી નાખ્યા. તે પથ્થર ઉપર જેમ કોઈક પછાડે ને વાગે તેમ હાડકેહાડકું કચર કરી નાખ્યું. તેથી ખાટલે ઘાલી ઘેર ઉપાડી લાવ્યા.

તેવા સમામાં ભાવનગરથી બસેં મનુષ્યની હલ્લાં મંદિરનો ઓટા ખોદાવવા સારુ ઢાલો, તરવારો, બંધૂકો આદિક હથિયાર તથા લડાઈનો સામાન લઈને આવીને સામી જગ્યામાં ઊતર્યા. ને કહે જે, ‘તમે મંદિરનું કામ ચલાવશો નહિ ને ઠાકોર સાહેબની દવાઈ[1] છે.’ એમ કહીને કામ બંધ કરાવ્યું. તોપણ મહારાજે બંધ ન કર્યું, કામ ચાલતું રાખ્યું; તેથી એ હલ્લાં લઈને આવેલો જે અધિકારી તે કહે જે, “આપણે લડાઈની તૈયારી કરો.” એમ કહીને લડાઈ કરવા સારુ સર્વને દારૂગોળી આપીને તૈયાર કર્યા.

તે જ સમયે મહારાજે પણ **ભગુજી** આદિક પાર્ષદને બંધૂકો ભરાવીને તૈયાર રાખ્યા. તે સમે સચ્ચિદાનંદસ્વામીએ જાણ્યું જે, ‘લડાઈ થવાની તૈયારી થઈ છે.’ તેથી દરબારમાં એક હળ પડ્યું હતું, તે લઈને લીમડા આગળ આવ્યા. તેને જોઈને મહારાજ કહે જે, “હે સ્વામી ! આ શું છે ?” ત્યારે સચ્ચિદાનંદસ્વામી કહે જે, “આ લડવા આવ્યાં છે. તેમનાં માથાં આ હળે કરીને ફોડી નાખવા છે. તે સારુ આ હળ લઈને હું જાઉં છું.” ત્યારે મહારાજ કહે જે, “ હે સ્વામી ! તમે રહેવા દ્યો.”

૧.મનાઈ

એમ કહીને હળ હેઠે મેલાવ્યું ને સર્વ સંતો સભામાં બેઠા. તે સમે તેમણે મનુષ્ય મોકલ્યું જે, 'તમે તૈયારી કરો ને અમે તૈયાર છીએ.' એવું મનુષ્યે આવીને ભગુજીને કહ્યું. તે સમે ભગુજી કહે જે, "જેની માએ સવા શેર સૂંઠ ખાધી હોય તે આવી જાવ, પ્રભુ અમારી કોર છે." એવું વચન કહ્યું. તેને સાંભળીને તે મનુષ્ય ત્યાં ગયો ને કહ્યું.

તે સમે એ લડવા જેટલાકમાં આવે છે તેટલાકમાં જ (દારૂ ભરવાના) શિંગડામાં દેવતા મહારાજની ઇચ્છાથી એની મેળે જ ઉત્પન્ન થયો. તેથી શિંગડાવાળાને હથિયારે સહિત ઊંચા ઉપાડે ને પડતાં મેલે. તેથી ઊંચો જાઈને પડે તે પણ મરે ને જેના ઉપર તે પડે તે પણ મરે, ને કંઈક ઘાયલ થાય. એવી રીતે ઘણાંકનો ઘાણ નીકળી ગયો, ને કેટલાક ઘાયલ થયા. એવી રીતે લડાઈ કરવા આવેલા તેમાંથી કંઈક જીવતા રહ્યા તે ભાગી ગયા.

અને જે ઊંચા ઉછળતાં અને નીચે પડતાં તેને જોઈને સભામાં બેઠેલા જે સંત તથા હરિજન તે મહારાજને કહે જે, "હે મહારાજ ! આ શું થાય છે ?" ત્યારે મહારાજ કહે જે, 'એ તો લડાઈ કરવા આવ્યા છે, તે લડાઈ કરે છે.' એવી રીતે એ લડાઈ કરીને જીવતા રહ્યા તે ભાગી ગયા ને ભાવનગર જઈને કહે જે, 'એ સ્વામિનારાયણ તો ભગવાન છે. એં(ત્યાં) આપણું બળ ચાલે એમ નથી.' એવું કહેતા હતા. એવું અલૌકિક ઐશ્વર્ય મહારાજ એ સમે દેખાડતા હવા. ||૧૮૯||

૧૯૦. જૂનાગઢ, ભૂજ, ધોલેરા તથા ગઢપુરમાં મૂર્તિઓ પધરાવી.

અને વળી એવી રીતે અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, "મંદિરનું કામ ચાલે છે, તેવા સમામાં જૂનાગઢનું મંદિર પૂરું થયું. તેથી મહારાજને તેડવા સારુ સંત આવ્યા. તે સંતની સાથે મહારાજ **જૂનેગઢ** પધાર્યા ને **રાધારમણ દેવ**ની મૂર્તિઓ પધરાવી ને ભારે ઉત્સવ કરતા હવા.

પછી ત્યાં થોડાક દિવસ રહીને **ભૂજમાં નરનારાયણ દેવની પ્રતિષ્ઠા** કરવા સારુ ગયા. ત્યાં જઈ નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી ને પાછા ગઢડે આવ્યા. તેવામાં ધોલેરાનું મંદિર પૂરું થયું. તેથી ખબર આવી જે, 'મૂર્તિઓ પધરાવવા સારુ મહારાજને કહે જે, 'હે મહારાજ, ધોલેરે પધારો.'

તે વાત સાંભળી મહારાજ સંતે સહિત **ધોલેરે** પધાર્યા, ને ત્યાં **મદનમોહનજી મહારાજની પ્રતિષ્ઠા** વેદ વિધિએ સહિત કરાવી. ને પછી ગઢડે પધાર્યા. ત્યાં તો ગઢપુરના મંદિરનાં શિખર બાકી હતાં ને મહારાજ જેવામાં ગોપીનાથજી મહારાજની પ્રતિષ્ઠા કરવાનો આરંભ કરે છે. તેવામાં ભાવનગરથી બસેં મનુષ્યની હલ્લા આવી ને એના ઉતારામાં ઊતરીને મહારાજને ખબર કહેવરાવી જે, 'તમે મંદિરનું કામ ચલાવશો નહિ ને ચલાવશો તો અમે મંદિર ખોદી નાખીશું.' એવું મહારાજને આવીને કહ્યું.

તેથી મહારાજ તે દિવસે વિચાર કરીને ગોપીનાથજી મહારાજને રાત્રીએ સિંહાસન ઉપર મધ્યના મંદિરમાં બરોબર બેસારીને મહારાજ ત્યાંથી પાર્ષદ તથા સંતમંડળે સહિત વરતાલે સમૈયો કરવા ચાલ્યા, તે રાધાવાવ આવીને બેઠા. ને પછી અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, "મને ને નિત્યાનંદસ્વામીને મહારાજ કહે જે, 'તમે સવારે આરતી કરીને તમે બે જણ કારિયાણી આવજો ને અહીં મુકુંદબ્રહ્મચારી તથા ભગુજીને મંદિરમાં મૂકીને આવજો.' એમ અમને કહીને મહારાજ ત્યાંથી **કારિયાણી** પધાર્યા.

અને અમે મંદિરમાં આવીને સવારમાં મુકુંદ બ્રહ્મચારીએ ઠાકોરજીને શણગાર ધારણ કરાવ્યા. ને સવારમાં આરતી ઉતારી. ને નિત્યાનંદસ્વામીએ જીતરંગો શંખ વગાડ્યો. તેનો શબ્દ તથા ઘડિયાળનો શબ્દ તથા નોબતનો શબ્દ સાંભળીને શહેર બધું દર્શને આવ્યું. ને કહે જે, 'જબરેશ્વર બેઠા, જબરેશ્વર બેઠા,' એવું કહેતા હતા. તે શાથી ? તો જબરજસથી બેઠા તેથી જબરેશ્વર લોક કહેવા મંડ્યાં.'

અને (અદ્‌ભુતાનંદસ્વામી કહે જે,) અમે ખુરમા ને છાશ ખાઈને નિત્યાનંદસ્વામી ને હું બંને જણા ચાલ્યા, તે કારિયાણી આવ્યા. તે સમે મહારાજ થાળ જમવા સારુ બેઠેલા ને અમે જઈને પગે લાગીને બેઠા. તે સમે મહારાજે બધી હકીકત પૂછી તે અમે કહી.'

તેને સાંભળીને મહારાજ ઘણું રાજી થઈને મોટીબાને કહે જે, "હે મોટીબા ! તમારે ઘેર આ નિત્યાનંદસ્વામી ને અદ્‌ભુતાનંદસ્વામી ઠાકોરજી પધરાવીને આવ્યા. તે આજ તો એમને થાળની બધી પ્રસાદી આપવી." ત્યારે મોટીબા કહે જે, "હે મહારાજ ! દરરોજ તો આપીએ છીએ." ત્યારે મહારાજ કહે જે, "આજ તો વિશેષ કરીને આપવી જોઈએ." એમ કહીને મહારાજે બધો થાળ અમને આપ્યો. તે અમે જમીને બીજા સર્વે સંતને પ્રસાદ વહેંચી દીધો.

ને પછી પંગત થઈ તેથી મહારાજ સર્વે સંતને પીરસવા સારુ પધાર્યા. તે મોતિયાલાડુ, જલેબી, સાટા, દહીં-દૂધ ખૂબ સર્વે સંતને વારંવાર પીરસતા હતા ને હેતે કરીને જમાડતા હતા. એવી રીતે કારિયાણીમાં ઘણા દિવસ રહીને વરતાલે સમૈયો કરવા સારુ **કારિયાણી**થી ચાલ્યા. તે ગામ **ઝીંઝર** આવ્યા ને ઝીંઝરથી **ધોલેરે** આવ્યા ને દરબારમાં ઉતારો કર્યો. ને ત્યાં બે દિવસ રહીને ત્યાંથી ચાલ્યા તે **દાદાભાઈની પીપળી**માં રાત રહ્યા. ને ત્યાંથી ચાલ્યા તે **બુધેજ** આવ્યા ને રાત રહીને ચાલ્યા, તે **પીપળાવ**માં જ્યાં માતાનો ચોક છે ત્યાં આવીને ઊતર્યા. ને **પ્રભાશંકરભાઈ**એ રસોઈ કરાવી ને મહારાજ તથા સંત-પાર્ષદ વિગેરે જમીને મહારાજ સભા કરીને બેઠા.

તે સમે ગામના પાટીદારો તથા બ્રાહ્મણો તેમણે આવીને એમ પ્રશ્ન પૂછ્યો જે, "હે સ્વામિનારાયણ ! આ બધું જગત સાધુ થઈ જાય તો તમારા સાધુને ખાવાનું કોણ આપે ?" ત્યારે મહારાજ સામો કોઠીનો વૃક્ષ હતો, તે સામું જોઈને બોલ્યા જે, "આ કોઠાં કેના કરેલા છે તથા આંબે કેરીઓ કોણ કરે છે ?" ત્યારે તે બધા કહે જે, "ભગવાન કરે

છે." ત્યારે મહારાજ કહે જે, "અમે ભગવાન છીએ, તે આવી રીતે લાડવા કરીએ તો થાય કે ના થાય ?" ત્યારે તે કહે જે, 'થાય'

ત્યારે મહારાજ કહે જે, "બધા જગતને સાધુ કરવા એ તમારું કામ છે. ને આ કોઠીએ તથા આંબે લાડવા કરવા એ અમારું કામ છે." ત્યારે તે કહે જે, 'બધું જગત સાધુ ના થાય.' ત્યારે મહારાજ કહે જે, "કોઠીએ લાડુ ન થાય.' એવી રીતે ઘણીક વાતો કરી, તેથી તે બ્રાહ્મણ તથા પાટીદારો સત્સંગી થાતા હવા. ॥૧૯૦॥

૧૯૧. મહારાજ પ્રબોધીનીના સમૈયા ઉપર વરતાલ પધાર્યા.

અને વળી એવી રીતે **પીપળાવ**માં ચમત્કાર ઐશ્ચર્ય પ્રતાપ જણાવી રાત રહીને સવારે ચાલવા તૈયાર થયા. તે સમે એક **મનોરભાઈ** કરીને પાટીદાર હતા. તે મહારાજને કહે જે, "હે મહારાજ ! છાશો પીયને ચાલજો." ત્યારે મહારાજ કહે જે, "અમારે તો લક્ષ્મીનારાયણ દેવના થાળ ભેગા જમવા છે." એવું મહારાજનું વચન સાંભળીને તે પાટીદારે બહુ ખેચ કરીને કહે જે, "છાશો પીને જાવ." ત્યારે મહારાજ કહે જે, "ભાઈ, અમે તો નહિ રહીએ."

ત્યારે કાઠીએ એમ જાણ્યું જે, 'વડતાલે પૂગતાં સોરું[1] મોડું થાશે. તેથી આપણે મહારાજને જાવા દઈને પછવાડેથી છાશો પીયને જાશું.' એમ કહીને તે પાટીદારની સાથે છાશો પીવા સારુ કાઠી ગયા. ને તે પાટીદારે ઘર આગળ બેસારીને ત્રણ-ચાર દિવસની ખાટી છાશ ને ચીણાનો[2] અડધો અડધો રોટલો બધાયને આપ્યો. ને પછીથી એ કાઠી જ્યાં જમવા જાય ને ખાટી છાશ મોઢે અડાડી ને ચીણાનો રોટલો તેનું એક એક બચકું ખાધું. તે માથામાં ઝટકો મારે એવું વસમું લાગ્યું. ને ચીણાનો રોટલો કરડ કરડ બોલે. તેથી પરસ્પર મરમ કરવા માંડ્યા

૧.સુધીમાં ૨.એ નામનું હલકું ધાન તેનો

કે, 'ભાઈ, આ તો કંઈ માથે બની ! ને હવે આને નાખી દેવાય પણ નહીં ને ખવાય પણ નહીં.'

તે સમે તે હરિભક્તો પ્રેમથી કહે જે, 'લ્યો, વધારે રોટલો લ્યો જમો.' એવું હરિભક્તનું વચન સાંભળીને કહે જે, "ભાઈ, આ રોટલો ખૂટશે તો ઘણો છે." એમ કહીને એક હાથમાં રોટલો ને એક હાથમાં તાંસળી લઈને ઊભા થઈને હરિજનને કહે જે, "ત્યાં બહાર જઈને જમીશું. કેમ કે ઘોડા ભાગોળે બાંધ્યા છે, તેથી ત્યાં જઈને જમશું." એમ કહીને ગામથી બહાર આવીને છાશો ઢોળી દીધી ને રોટલા કૂતરાંને નાખી દઈને હાથ ધોઈ પાણી પીને સ્વાર થઈને ત્યાંથી ચાલ્યા. તે વડતાલમાં આવીને ઘોડા બાંધીને લક્ષ્મીનારાયણ દેવના મંદિરની પછવાડે સભા કરીને મહારાજ બેઠેલા ને મોટા મોટા સંત બેઠેલા. તે સમે સોમલો ખાચર તથા સુરો ખાચર તથા મોકો ખાચર તથા દાદો ખાચર – એ આદિક સર્વે કાઠી સભામાં આવી મહારાજનાં દર્શન કરીને સભામાં બેઠા.

તેમને જોઈને મહારાજ બ્રહ્માનંદસ્વામીને કહે જે, "આમને જમવાની કાંઈ ઉતાવળ કરશો નહીં. છાશો પીયને આવ્યા છે." એવું મહારાજનું વચન સાંભળીને સુરે ખાચરે એમ વિચાર કર્યો જે, 'હવે આપણને મોડું જમવાનું મળશે, તેથી કંઈ કળા કરીએ તો વહેલું મળે.' એમ વિચાર કરીને માથેથી મોળિયું ઉતારીને સોમલા ખાચરની આગળ માથું નીચું કરીને કહે જે, "સોમલા ખાચર, મારું માથું જોને, ગધીનો વાળછો ગરુન ગયો કે છે ?"

ત્યારે સોમલે ખાચરે માથેથી મોળિયું ઉતારીને સુરા ખાચરની આગળ માથું નમાવીને કહે જે, "હે સુરા, મારા માથા ઉપર જોને, મુવાળો ગરુન ગયો કે છે ?" એવી રીતે સર્વે કાઠી મોળિયાં ઉતારીને એકબીજાનાં મોઢાં આગળ માથાં નીચાં કરીને પરસ્પર કહેવા લાગ્યા જે, "હે ભાઈ, તારા માથા ઉપર થોડાક રહ્યા છે, ને બીજા મુવાળા ગરુન ગયા છે." એવી રીતે પરસ્પર ટીખળ સભામાં આરંભ્યું.

તેને જોઈને મહારાજ કહે જે, "હે સુરા ખાચર, આ શું થયું છે ? તે માથાં એકબીજાને પરસ્પર દેખાડો છો ?" એવું મહારાજનું વચન સાંભળીને સુરો ખાચર કહે જે, "હે મહારાજ ! ભગવાનને મેલીને અમે છાશો પીવા રહ્યા, ને અમે છાસો પીવા ગયા. ત્યારે તે પટેલે ત્રણ-ચાર દિવસની છાશ ને ચીણાનો રોટલો અડધો અડધો આપ્યો. ને અમે જે સમે ખાવા માંડ્યો તે સમે હે બાપુ, એવો વસમો લાગ્યો જે, જેવો ઝટકો વાગે તેવો ગધીનો રોટલો તો કરુર કરુર બોલે. તેથી હે મહારાજ ! અમે ઊઠીને નાખી દઈને છાશો ઢોળી દઈને અહીં આવ્યા. ત્યાં તો તમોએ બ્રહ્માનંદસ્વામીને રોટલા આપવાની ના પાડી. તેથી અમે મોળિયાં ઉતારી માથાં દેખાડીને કહીએ છીએ જે, વાળછા અલ્યા ગરુન ગયા કે છે ? એમ પરસ્પર દેખાડીએ છીએ." એવું મરમનું વચન સાંભળીને મહારાજ મોઢે રૂમાલ દઈને ઘણું હસતા હવા.

પછી બ્રહ્માનંદસ્વામીને કહે જે, "હે સ્વામી, એમને જમવા સારુ તેડી જાઓ." ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે જે, "હે મહારાજ ! ભગવાનને મૂકીને જે જુદા રહે તેમના એ હાલ છે. તેટલા સારુ પ્રેમાનંદસ્વામીએ કીર્તનમાં આણ્યું છે જે –

વહાલા એ રસના ચાખણહાર કે છાશ તે નવ પીવે રે લોલ."

એમ કહીને બ્રહ્માનંદસ્વામી કહે જે, **"ભગવાન વિનાના બીજાં સુખ તો છાશ જેવાં છે."** એવી રીતે સભામાં રમૂજ કરી ને પછીથી એમને જમાડતા હવા. ॥૧૯૧॥

૧૯૨. અદ્‌ભુતાનંદસ્વામીને ધોલેરાના માનત કર્યો.

અને વળી એવી રીતે વડતાલમાં પ્રબોધનીનો ઉત્સવ આવ્યો. તે ઉપર હજારો સંત તથા અગણિત હરિજન આવ્યા. તે ભારે સમૈયો થયો. તે સમૈયામાં **ધોલેરાના** હરિજનો **પૂંજાભાઈ** આદિક સર્વે આવ્યા હતા.

તેમણે મહારાજની પ્રાર્થના કરીને કહ્યું જે, "હે મહારાજ ! અમારે ત્યાં ઠાકોરજીના મંદિરમાં સાધુ જોઈએ. તે કોઈને માનત કરીને મોકલો, તે મંદિર સાચવે. ને અમે તો ઘરધણી કહેવાઈએ." એવું એ હરિજનનું વચન સાંભળીને મહારાજ સર્વે સંતને કહેતા હતા જે, "કોઈ ધોલેરાના માનત[1] થાવ." એવું મહારાજનું વચન સાંભળીને કોઈએ ધોલેરાના માનત થવાની હા પાડી નહીં.

ને વળી બીજે દિવસે મહારાજ તથા સર્વે સદ્‌ગુરુ મળીને સૌ સંતને કહ્યું પણ કોઈએ ધોલેરે જવાની હા પાડી નહીં. તેનું કારણ કે ધોલેરામાં પાણી પીવાનું દુઃખ તેથી. વળી બીજે દિવસે મહારાજે કહ્યું તોય હા ના પાડી.

તે સમે મુક્તાનંદસ્વામીને ગૂમડું થયેલું ને અદ્‌ભૂતાનંદસ્વામીને તાવ આવે. તેથી એ બે જણા સભામાં નહિ. ને જે હાલમાં પ્રસાદીનો કોઠો છે તેમાં બેય સૂઈ રહેલા. તેથી નિત્યાનંદસ્વામી ને ગોપાળાનંદ સ્વામી એ બેય મળી મુક્તાનંદસ્વામીની પાસે આવીને બેઠા. ને સ્વામીને કહે જે, "હે સ્વામી, ત્રણ દિવસથી મહારાજ સભામાં ધોલેરાના માનત કરવા સારુ સર્વે સંતોને પૂછ પૂછ કરે છે, પણ કોઈ હા પાડતું નથી. એક અદ્‌ભુતાનંદસ્વામી પૂછ્યા વિના રહ્યા છે." એવું સાંભળીને અદ્‌ભુતાનંદસ્વામી ત્યાં સૂતા હતા. તે કહે જે, "તમે મુને કહેવા આવ્યા છો ને સ્વામી તો નિમિત્તમાત્ર છે."

ત્યારે ગોપાળાનંદસ્વામી કહે જે, "એ વાત સાચી છે." ત્યારે અદ્‌ભુતાનંદસ્વામી કહે, "હું ધોલેરાની હા પાડીશ પણ મારી ભેગા કોઈ સાધુ નહિ રહે. કારણ કે ત્યાં પાણીનું દુઃખ બહુ છે." તેવી પરસ્પર વાત થઈ. ને ગોપાળાનંદસ્વામી ને નિત્યાનંદસ્વામી ત્યાંથી ઊઠીને સભામાં મહારાજ પાસે આવીને બેઠા. ને અદ્‌ભુતાનંદસ્વામી કહે, "હું પણ સભામાં જઈને બેઠો. તે સમે મહારાજે મારા સામી નજર

૧.મહંત

કરી, ને કહે જે, 'હે સ્વામી, ધોલેરાનું કોઈ માનત થાતું નથી, માટે તમે થાવ.' એમ મને મહારાજે કહ્યું. ત્યારે મેં હા પાડી તેથી મહારાજ બહુ રાજી થયા. ને માથે કાન ટોપીએ સહિત મોળિયું હતું તે મારે માથે મેલ્યું ને એક બુરાનપુરી સેલું હતું તે મને ઓઢાડ્યું. ને પોતાની પૂજામાં પોતાને પૂજવાના શાળગરામ હતા તે મને આપ્યા. એવી રીતે રાજી થઈને એ ત્રણ વસ્તુ મને ધોલેરાની માનતાઈમાં આપી. ને મેં જે સમે ધોલેરે જવાની હા પાડી તે સમે **ભાયાત્માનંદસ્વામી**એ હા પાડી તથા **નિષ્કુળાનંદસ્વામી**એ હા પાડી તથા **ત્યાગાનંદસ્વામી**એ હા પાડી. એવી રીતે અમે વીસ મનુષ્યે ધોલેરે જવાની હા પાડી."

ત્યારે અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, "મેં વિચાર કર્યો જે, 'આ પ્રસાદીનું મોળિયું છે તે સૌને વેંચી દઈએ.' એમ કહીને સર્વેને વેંચી આપ્યું. અને એક શેલું હતું તે મેં મારા સેવકોને પૂજા વેંચી આપી ત્યારે મેં સજ્યામાં પધરાવ્યું છે. ને એક ટોપી ને સાળગરામ તે બે વસ્તુ મેં મારા સેવક **ઘનશ્યામચરણદાસજી**ને આપ્યાં છે. ને મને મહારાજે ધોલેરાના માનત કર્યા ને બીજે દિવસે પોતાની પ્રસાદીનો થાળ આપી સર્વેને જમાડ્યા ને હાર આપીને મળીને ધોલેરે મોકલતા હવા." ॥૧૯૨॥

૧૯૩. મહારાજને કાનુબા ગાયકવાડે ઉપાધિ કરી.

અને પ્રબોધનીના સમૈયા ઉપર વરતાલે કાનમ દેશના હરિજન આવેલા. તેમણે મહારાજને પોતાના દેશમાં લઈ જવા સારુ પ્રાર્થના કરેલી. તેથી મહારાજે તેમને કાનમમાં જવા માટે ના પાડેલી ને તેમનો સંકલ્પ સત્ય કરવા સારુ મહારાજ સંતમંડળે સહિત વરતાલથી ચાલ્યા. તે ગામ **ગાને** જઈને રાત રહ્યા, ને ત્યાંથી ચાલ્યા તે **દાવોલ** જઈ રાત રહ્યા. ને ત્યાંથી ચાલ્યા તે **બામણગામે** રાત રહ્યા ને ત્યાંથી ચાલ્યા તે ગામ **સરસવણી** ગયા.

તેટલાકમાં **પાદરા**માં સિયાજીરાવ ગાયકવાડે બંધીખાને **કાનુબા**

ગાયકવાડને રાખેલા. તેને ખબર થઈ જે, 'સ્વામિનારાયણ આ દેશમાં આવ્યા છે.' તેમને ઝાલીને અહીં આપણે બંધીખાને નાખીએ. ને પછી એમ કહીએ જે, અમને લાખ રૂપિયા આપો તો તમને છોડીએ. એમ આપણે કે'શું ને એમના શિષ્ય હજારો છે. તે તેમની પાસેથી રૂપિયા ઉઘરાવીને આપણને આપે ત્યારે આપણે છોડશું. તે રૂપિયાથી સિયાજીરાવની સંગાથે લડાઈ કરીને રાજ્ય લેશું.' એવો ઠરાવ કરીને મહારાજને તેડવા સારુ મનુષ્ય મોકલ્યું.

ને મહારાજને એમ કહ્યું જે, "તમને કાનુબા ગાયકવાડ બોલાવે છે." ત્યારે મહારાજે બધા સંતને પાછા જવાની આજ્ઞા કરી. ને પોતે ને મુકુંદ બ્રહ્મચારી તે બન્ને પાદરા ગયા. ને જ્યાં કચેરીમાં ગયા ત્યાં દરવાજો અડકાવી દીધો. ને મહારાજને ખાધ્યાનું પણ પૂછ્યું નહીં ને ઓઢવા-પાથરવાનું પણ આપ્યું નહીં. ને કહે જે, "અમારે રૂપિયા જોઈએ છીએ, તે તમારા શિષ્યો બહુ છે, તેમની પાસે ઉઘરાણું કરીને લાખ રૂપિયા ભેગા કરી આપો, તો તમને અમે અહીંથી નીકળવા દઈએ, નહિ તો નહીં નીકળવા દઈએ." એવું એનું વચન સાંભળીને મહારાજ કહે જે, "એક લાખ જોઈએ છીએ કે વધારે બે-ત્રણ લાખ જોઈએ છીએ ? તમે કહો તેટલા લાખ અમે તમને આપીએ. અમારે રૂપિયાની કંઈ ગણતી નથી." એવું મહારાજે કહ્યું. ત્યારે તે નિરાંત કરીને સૂઈ રહ્યા.

અને મહારાજ તો બ્રહ્મચારીને ત્યાં રહેવા દઈને પોતે તો દરવાજા દીધેલા રહ્યા ને ચાલી નીકળ્યા. ને કાનમમાં જવાનો સંકલ્પ, એ ઉપાધિથી અળસાવીને પોતે પાછા વળીને **બામણગામ** થઈને ગામ **શેરડી**માં **મોકમ બારૈયા**ને ત્યાં આવ્યા. ને મોકમ બારૈયાને કહે જે, "અમે તો કાનુબા ગાયકવાડ સંગાથે વેર કરીને છાના ચાલી નીકળીને અહીં આવ્યા છીએ. તે અમને તમે રાખશો તોય નહિ રહીએ." એવું મહારાજનું વચન સાંભળીને મોકમ બારિયો કહે જે, "હે મહારાજ ! મારે એનો કંઈ

ભાર નથી. અને એમ કરતાં એનું લશ્કર આવશે તો આ મહીસાગરનું કોતર છે. તેને બે પાસાથી બે ઝાડવાં કાપી નાખીશું ને વચ્ચે ઘાલીને મારી નાખીશું; અને તમને અજા નહિ આવવા દઈએ. અને એમ કરતાં અમે હારીએ એમ જણાશે તો આ કોતર ખંભાત સુધી છે તે તમને ખંભાત પુગાડી દઈશું, પણ અજા નહિ આવવા દઈએ." એવાં મોકમ બારૈયાનાં વચન સાંભળીને મહારાજ કહે જે, "હે બારૈયા, તમને ધન્ય છે ! અમારું તમે ઘણું રાખ્યું. માટે તમારું અમારે રાખવું પડશે." એમ કહીને ત્યાં રહીને મહારાજ ત્યાંથી ચાલવાને તેયાર થયા. તેવામાં સંતમંડળ પાછું વળીને બામણગામે થઈ વરતાલે આવતું હતું. તે મહારાજ ભેગા થયા તે સર્વે વરતાલે આવતા હવા. ll૧૯૩ll

૧૯૪. મોકમ બારૈયાની મહારાજે રક્ષા કરી.

અને મોકમ બારૈયાને એક વખત આપત્કાળ આવ્યો જે, એક ગાય એમના બાપની હતી ને બીજી ગાય એમને સાસરે આપેલી. તે બંને ગાયો પોતાની જ કે'વાય પણ ઘરનું મનુષ્ય આડું તે એમના સસરાની ગાયને ખાણદાણ વધારે દે ને પંડે કહે કે, બેય ગાયોને તમે ખાણદાણ બરોબર મેલો. બંને ગાયો આપણી છે તોય પણ તે બાઈ માને નહીં ને એમને એમ કર્યા કરે.

તેથી એક દિવસ પોતાને મનસૂબો એવો થયો જે, 'તરવાર લઈને ડરાવું તો એમ ના કરે.' તેથી તે બાઈ જે વખતે એના બાપની આપેલી ગાયને દોહવા બેઠેલી તે સમે તરવાર કાઢીને બાઈને જેવા ડરાવા જાય છે, તેવી જ બાઈ તો ગાય નીચે થઈને સામી પાસા જતી રહી ને તરવારનો ઝટકો ગાયને વાગ્યો. તેથી ગાયના પેટમાં વાછડું હતું તે નીકળી પડ્યું. ને ગાય પણ મરવા જેવી થઈ ગઈ.

તે સમે મોકમ બારૈયાના બાપ બહુ ડાહ્યા તે આવીને વાછડું ગાયના પેટમાં ઘાલીને ગાયને ટેભા અડાડી દીધા. ને મોકમ બારિયો

તો લાજ પામી ગયા ને મનમાં બહુ પ્રશ્ચાતાપ કરવા મંડ્યા. ને મનમાં એમ સંકલ્પ કર્યો જે, 'આપણે સવારે જીવવું નહીં.' એમ સંકલ્પ કરીને છરો લઈ મરવા સારુ ખાટલામાં સૂઈ ગયા.

તે સમે શ્રીજીમહારાજે પહેલાં વરદાન આપેલું કે, 'તમે અમારું બહુ રાખ્યું તેથી અમારે તમારું રાખવું પડશે.' એમ કહ્યું હતું. તેથી આ આપત્કાળ આવ્યો કે મહારાજે આવીને દર્શન દીધાં ને મોકમ બારૈયાને કહે જે, "અમથો શા સારુ મરે છે ? ગાય તો સાજી છે ને ટેભા કાઢી નાખ." એવું કહીને ગાયને સાજી કરી ને અંતર્ધાન થઈ ગયા. તે બારિયે ઊઠીને તે સમે ગાયના ટેભા કાઢી નાખ્યા, ને ગાય સાજી દેખી. અને એમના પીત્રીઓ હતા તેમણે પેટલાદ જઈ કસિયાભાઈ રામદાસને સત્સંગનો દ્વેષી જાણી ફરિયાદ કરી જે, 'મોકમ બારિયે ગાય મારી નાખી.'

એવું સાંભળીને પેટલાદથી બારૈયાને ઝાલવા સારુ હલ્લાં આવી ને તેમણે જોયું, ત્યારે તો ગાય સાજી દેખી. તેથી સર્વે ભોંઠા પડ્યા. ને પીત્રીઓનાં ઘરાં લુટીને પાછા ગયા. એવી રીતે શ્રીજીમહારાજે એક રાતમાં ગાય સાજી કરીને પોતાનું વચન સત્ય કર્યું, ને મોકમ બારૈયાની લાજ રાખતા હતા. ॥૧૯૪॥

૧૯૫. મહારાજે અદ્‌ભુતાનંદસ્વામીને ગાડી-બળદ આપ્યાં.

અને ત્યાંથી આવીને શ્રીજીમહારાજ **વડતાલ**માં બે-ચાર દિવસ રહ્યા. તેટલાકમાં કેડે હતા જે બ્રહ્મચારી તેમને તેણે(કાનુબાએ) કાઢી મેલ્યા તેથી એ વડતાલે આવ્યા ને સર્વે સંતમંડળ વડતાલે ભેગા થયા. ને મહારાજે સંતને ફરવાની આજ્ઞા કરી ને પોતે થોડા સંત લઈને ગઢડે જવાની તૈયારી કરી. ને કાનમ દેશમાં ફરવાનો વિચાર હતો પણ કાનુબાની ઉપાધિથી વરતાલે આવ્યા ને ગઢડે જવાનો વિચાર કરીને

ચાલતા હતા.

તે વરતાલથી **ચાંગે** થઈને **ગલિયાણે** ગયા ને ત્યાંથી **વાયણે** થઈને **ભોળાદ** થઈને **કમિયાળે** આવતા હતા. ત્યાં કમિયાળામાં હરિજન **દાદો વણાર** હતા. તેમણે એક ગાંડો નામે બળદ હતો તે મહારાજને શ્રીકૃષ્ણાર્પણ કરીને આપ્યો હતો. ત્યારે નિત્યાનંદસ્વામીએ અદ્‌ભુતાનંદસ્વામીને કહ્યું જે, "આ તમારા દેશનો બળદ છે તે તમે મહારાજ પાસે માગો." ત્યારે અદ્‌ભુતાનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, "હે મહારાજ ! આ બળદ ભાલ દેશનો છે, તે ભાલ દેશમાં પોસાય. ને અમારે પાણીની બહુ તાણ છે ને એક બળદ બીજો પૂંજાભાઈને કહીને લેવરાવીશું." એમ અદ્‌ભુતાનંદસ્વામીએ કહ્યું.

તે સાંભળીને મહારાજ બોલ્યા જે, "હે સ્વામી, એક બળદે ગાડા ચાલે નહીં." ત્યારે વળી સ્વામી કહે જે, "મહારાજ, બીજો લેવરાવશું." એમ અદ્‌ભુતાનંદસ્વામીએ કહ્યું. તે સાંભળી મહારાજ કહે જે, "સ્વામી, એક બળદે ગાડા ચાલે નહીં." ત્યારે વળી સ્વામી કહે જે, "મહારાજ, બીજો લેવરાવશું." તોય મહારાજે ફરીથી એમ કહ્યું જે, "એક બળદથી ગાડા ચાલે નહીં." ત્યારે અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, 'મહારાજની મરજી આપવાની જણાતી નથી. માટે આપણે અહીંથી પગે લાગીને ધોલેરે જઈએ.' એમ મનમાં વિચાર કરીને મહારાજને પગે લાગ્યા.

ને મહારાજને કહે જે, "હે મહારાજ ! અમે ધોલેરે જઈએ છીએ દયા રાખજો." એવું સાંભળીને મહારાજ કહે જે, "હે સ્વામી ! ગાંફ સુધી ભેગા ચાલો." ત્યારે અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, "ઠીક મહારાજ!" એમ કહીને રસોઈ થઈ તે મહારાજ ને સંત જમવા પધાર્યા. ને મહારાજ જમીને થોડીકવાર પોઢીને ઊઠ્યા. નેપછી ઘોડે સવાર થઈને ગાંફને રસ્તે ચાલ્યા ને ત્યાં **ગાંફ** જઈને રાત રહ્યા. ને ત્યાં હરિજનોએ જાદરિયાની રસોઈ કરાવીને મહારાજ તથા સંતને જમાડ્યા ને ઉપર દહીં-દૂધ ખૂબ પીરસ્યું. એવી રીતે ગાંફમાં જમીને અદ્‌ભુતાનંદ સ્વામી કહે જે, 'ચાલો,

મહારાજનાં દર્શન કરીને ધોલેરે જઈએ.' એમ મનસૂબો કરીને મહારાજને પગે લાગવા ગયા.

તે સમે મહારાજ અદ્‌ભુતાનંદસ્વામીને કહે જે, "હે સ્વામી ! તમે ધોલેરામાં બે ગાઉથી પાણી વીરડામાંથી વાટકે ઉલેચીને ભરી લાવો છો, તે એક રાત તથા બે રાત રહે ત્યારે પીવાય છે એવું દુઃખ છે. તે સારુ અમારો આ **વાલજી ખેડુ** ને આ અમારી ગાડી ને અમારો આ ગાંડો ને પારેવો એવે નામે આ બે બળદ – એ સર્વે અમે તમને આપ્યા. તે તમો લઈ જાવ ને દરરોજ પાણી લાવજો ને પીજો. ને **નિષ્કામાનંદસ્વામી**ને ઠાકોરજીની સેવામાં મેલજો ને **ઉદારાનંદસ્વામી** ઠાકોરજીનો થાળ કરશે, ને તમે માનત, ને **ચૈતન્યાનંદસ્વામી** ઠાકોરજીનું મંદિર સાચવશે. ને બીજા સંત સર્વે ફરવા જાશે." એમ કહીને મહારાજે પોતાની ગાડી, બળદ ને ખેડુ આપ્યો.

અને પંડે ગાંફથી જમીને એક પોટલાંનું ગાડું હતું ને તેમાં કઢાયું મેલેલું હતું તેમાં એક કોળું મેલ્યું હતું. તેમાં પંડે પોટલાંનું ઉઠિંગણ કરીને કોળા ઉપર પગ મેલીને બેઠા. એવી રીતે **ગાંફ**થી મહારાજ ચાલ્યા તે **ઝીંઝર** થઈ **સારંગપુર** રાત રહ્યા ને ત્યાંથી ચાલ્યા તે **ગઢપુર** પધારતા હતા. ॥૧૯૫॥

૧૯૬. સારા સંતનો સંગ કરવો ને વાત સાંભળવી.

અને વળી એક દિવસ મહારાજ પોતાની અક્ષરઓરડીને વિશે વિરાજમાન હતા. તે સમે કોઈ સાધુ નહિ ને દાદો ખાચર તથા સોમલો ખાચર તથા સુરો ખાચર, માતરો ધાધલ કાઠી તથા મોકો ખાચર એ આદિકની પોતાની ખાનગી મંડળી બેઠી હતી. તેમને પોતે વાત કરવા મંડ્યા. ને દાદા ખાચરને એમ પૂછતા હતા જે, "હે દાદા ખાચર, તમારે કિયા સંત સાથે હેત છે ? તે કહો." ત્યારે દાદા ખાચર કહે જે,

"મારે તો મુક્તાનંદસ્વામી સાથે હેત છે, ને બીજા સંત કહે જે, આવો બેસો, તો કંઈક પાંચ મિનિટ અથવા દસ મિનિટ બેસવું ઘટે તો બેસું, પણ ઝાઝું તો મુક્તાનંદસ્વામી પાસે બેસું." એમ દાદા ખાચરે કહ્યું.

તેને સાંભળીને પછી સુરા ખાચરને પૂછ્યું. ત્યારે સુરા ખાચરે એમ કહ્યું જે, "હે મહારાજ ! બીજા સર્વે સંત સાથે બેસવું ઘટે તો બેસું પણ ઝાઝું તો બ્રહ્માનંદસ્વામી સાથે મારે હેત છે ને ત્યાં બેસું." એવું સાંભળીને પછી સોમલા ખાચરને પૂછ્યું. ત્યારે સોમલે ખાચરે કહ્યું જે, "મારે તો નિત્યાનંદસ્વામી સાથે હેત છે તે ત્યાં જઈને બેસું ને બીજા સંત સાથે થોડું બેસું." એવી રીતે સર્વે પાર્ષદને પૂછ્યું. ત્યારે સર્વે પાર્ષદે જેની જેની સાથે હેત તથા બેઠક હતી તે કહી બતાવી.

ત્યારે સર્વેની વાત સાંભળીને મહારાજ બહુ ખુશી થયા ને પછીથી માતરા ધાધલને પૂછ્યું જે, "તમારે કેની સાથે હેત છે ?" ત્યારે માતરે ધાધલે કહ્યું જે, "હે મહારાજ ! મારે તો નિર્વિકલ્પાનંદ સાથે હેત છે." એવું સાંભળીને મહારાજ કહે જે, "તારો હાથ તો ઘેંસમાં પડ્યો." એવું મહારાજનું વચન સાંભળીને બધા ખડખડ હસી પડ્યા.

પછી મહારાજને કહે જે, "હે મહારાજ ! એમ કેમ કહ્યું ?" ત્યારે મહારાજ કહે જે, **"એનું જ ઠેકાણું સત્સંગમાં નથી તો તમારું શું કરશે ?"** તે ઉપર મહારાજ વાત કરવા લાગ્યા. તે વાત એમ કરી જે, "અમારે કંઈક પ્રયોજન હોય તો અમે એને મોટો કરીએ પણ તમારે સંગ કરવો તથા વાત સાંભળવી તે તો જે પોતે સત્સંગમાં રહે એવો હોય તેનો સંગ કરવો ને વાત સાંભળવી; ને હેત તો સર્વે સંત સાથે રાખવું. તથા આપણને શક્તિ હોય તો સર્વેને દંડવત કરવા તથા ચંદન-પુષ્પે કરીને પૂજા કરવી તથા વસ્ત્ર ઓઢાડવાં તથા સર્વેને ભારે ભારે રસોઈઓ આપીને જમાડવા.

એવી રીતે સરખી સેવા કરવી પણ **સર્વે સંતમાંથી એક-બે સારા સંત સંઘાથે જીવ બાંધવો.** અને એ દિવસની રાત કહે તોપણ એવા

સંગાથે હેત બાંધવું. અને સરખી સેવા તો આ **ઉકા ખાચર** કરે છે તેવી રીતે સેવા કરવી. ને એવી સેવાએ કરીને અનંતકાળનાં પાપ જીવને વળગ્યાં હોય તથા વાસના હોય તે પણ બળીને ભસ્મ થઈ જાય. એવું સંતની સેવાનું ફળ છે પણ વાત સાંભળવી તથા સંગ કરવો એ જોઈ વિચારીને કરજો." એવી રીતે મહારાજ વાત કરીને સર્વે પાર્ષદને સમજાવતા હતા. ॥૧૯૬॥

૧૯૭. ગામ મછિયાવનાં ફઈબાની વાત

એવી રીતે શ્રીજીમહારાજ ગઢડામાં રહ્યા થકા પોતાના ભક્તજન જીવુબા તથા લાડુબા તથા દાદા ખાચર એ આદિક સર્વે હરિજનને પોતાનાં દર્શન તથા પોતા સંબંધી સુખ આપતા હતા. અને એક દિવસ સાંજના ગાયો ગામમાં આવતી વખતે સભામાં પોતે વિરાજમાન હતા. ને ત્યાંથી ઊઠીને પોતાની અક્ષરઓરડીએ પધાર્યા. ત્યાં બેસીને એમ વિચાર કર્યો જે, 'ઠાકોરજીના સારુ એક કૂવો કરાવીએ.' એમ સંકલ્પ કરીને રાત્રીએ થાળ જમીને પોઢી ગયા.

ને બીજે દિવસે પ્રાતઃકાળે ઊઠી મંદિર પાસેનો જે કૂવો તેને પોતે ખોદાવતા હતા. તેવા સમામાં ગામ **મછિયાવ**નાં **ફઈબા** નામે રાણી હતાં. તેણે મહારાજને (પોતાને ગામ) તેડીને ઘણાક સમૈયા કરાવ્યાં હતાં. પણ બીજા અસુરાંશ રાજાઓએ તેમને ઘણી ના પાડેલી તોપણ સમૈયા મહારાજને તેડીને કરેલા. તે સમે મહારાજે એ રાણીને કહેલું જે, "તમારા પતિ નથી તેથી તમે વિધવા કહેવાય, માટે તમારે સ્વતંત્ર થાવું નહીં." એવું વચન મહારાજે કહેલું પણ તે વચન લોપીને સ્વતંત્ર થયાં. ને પોતાના દીકરાનાં ઘરનાં બાઈ હતાં તે પણ હરિભક્ત હતાં. તેની સાથે અણબનાવ કર્યો ને તેમને દરબારમાંથી કાઢી મૂક્યાં. તેથી એમનું બીજું ગામ ત્યાં જઈને રહેતાં હતાં.

એવા સમામાં ફઈબાએ મહારાજને પોતાને ઘેર તેડાવવા સારુ

પોતાનું મનુષ્ય ગઢડે કાગળ લખીને મોકલ્યું. તે મનુષ્ય જે સમે મહારાજ કૂવો ગળાવે છે તે સમે કાગળ લઈને આવ્યો. તે કાગળ વાંચીને મહારાજે ત્યાં જવાને માટે સંતમંડળે સહિત તૈયારી કરી, ને **ગઢડે**થી ચાલ્યા તે **બોટાદ** ગયા. ને ત્યાંથી **સુંદરિયાણે** ગયા ને ત્યાંથી **બળોલ** ગયા. ને ત્યાંથી સાધુને આગલે દિવસે **મછિયાવ** મોકલ્યા અને બીજે દિવસે મહારાજ ત્યાંથી ચાલ્યા, તે રસ્તામાં ફઈબાના દીકરાના ઘરનાં મનુષ્ય રહેતાં હતાં તે ગામમાં મહારાજ ગયા.

ત્યારે તે બાઈએ પોતાના દીકરાને મોરથી 'મહારાજ અહીં થઈને જશે' એમ જાણીને પ્રથમથી ઊભા રાખેલા. તેથી દીકરા કહે જે, "હે મહારાજ ! મારી મા કહે છે જે, 'મહારાજ મને દર્શન દેશે ? ને જો મહારાજ આપણે ઘેર આવે તો તેડી લાવજો' એમ કહ્યું છે." એવું તે દીકરાનું વચન સાંભળીને મહારાજ તે બાઈને ઘેર ગયા ને પોતાનાં દર્શન તે બાઈને આપ્યાં.

ને પછીથી મહારાજ તે બાઈને કહે જે, "તમને સાસુ-વહુને અમે એક કરીએ ને તમે અમારી સાથે મછિયાવ ચાલો." એમ મહારાજે કહ્યું. તેને સાંભળીને બાઈ કહે જે, "હે મહારાજ ! હું તો તમે કહેતા હોય તો મોઢામાં ખાસડું ઘાલીને બાને પગે લાગું અને હું હમણે તમારી સંગાથે આવીશ તો બા બહુ આકરાં છે, તેથી તમે ત્યાં જઈને મને તેડાવજો એટલે હું તરત આવીશ." એમ મહારાજને વિનયનાં વચન કહીને રાજી કર્યા.

ને પછી મહારાજ ત્યાંથી ચાલ્યા. ત્યાર મોર ફઈબાના ભાઈ **અજુભાઈ** નામે ગરાસિયા હતા. તેમણે મહારાજ વહુને ઘેર ગયા એવી વાત ફઈબાને પ્રથમથી જ કહી. તે વાત સાંભળીને ફઈબા તો ધૂંવાંપૂંવાં થઈ ગયેલાં. અને મહારાજ ત્યાં પધાર્યા ને ઘોડીએથી ઊતરીને મેડે ચઢવા ત્રણ પગથિયાં ચઢ્યા ને ચોથે પગથિયે જેવામાં ચઢવા જાય છે તેવામાં બાઈ દાદરે આવીને મહારાજને કહે જે, "મેં તેડાવ્યા હતા ને

વહુને ઘેર કેમ ગયા ?" એમ બે-ત્રણ વાર કહ્યું. તેથી મહારાજ કહે જે, "સ્વતંત્ર થઈ તે મારી ઉપર હુકમ કરવા મંડી, માટે આપણે અહીં રે'વું નથી." એમ વિચાર કરીને પાછા વળી ઘોડીએ સ્વાર થઈ ચાલી નીકળ્યા.

ત્યારે બીજા હરિજનોએ બાઈને કહ્યું જે, "મહારાજ રિસાઈને જાય છે, તે આપણે મનાવી લાવીએ." ત્યારે બાઈ કહે જે, "મારે કાંઈ મનાવવા નથી. વહુને ઘેર ગયા કેમ ?" એમ કહીને મહારાજને મનાવ્યા નહીં ને જાવા દીધા. તેથી સંત પણ શીરાનો એક ઘાણ ઉતાર્યો હતો ને બીજું ગોળનું પાણી કરેલું હતું તેને પડ્યુ મૂકીને ભૂખ્યા ને ભૂખ્યા સર્વે ચાલી નીકળતા હતા. ॥૧૯૭॥

૧૯૮. મહારાજ મછિયાવથી ચાલી નીકળ્યા ને સીંજીવાડે આવીને જમ્યા.

અને મહારાજ મછિયાવમાં સમૈયો કરવાના છે એમ જાણી **અદ્‌ભુતાનંદસ્વામી** કહે જે, "અમે ધોલેરેથી ગાડી જોડીને ચાલ્યા. તે રસ્તામાં આવતાં બે-ત્રણ ગામમાં ઝોળી માગી, તેથી લોટ ચાર મણ થયેલો. તે ગાડીમાં નાખેલો. તે હું પણ ગાડી જોડીને મહારાજની સંગાથે ચાલ્યો. તે મહારાજ ને અમે સહુ રસ્તામાં એક ભરવાડ ને કોળીની વસ્તી એવું એક **ચાંગડા** નામે ગામ આવ્યું ત્યાં ઉતારો કર્યો."

અને મહારાજ કહે જે, "આ ગામમાંથી રૂપિયાનું પાંચ શેર અનાજ મળે તોપણ લાવો." તે સહુ ખોળવા ગયા પણ શેરેય અનાજ મળ્યું નહીં. તેથી સર્વે સંત તથા કાઠી તથા મહારાજ – એ સર્વેએ આગલે દિવસે ખાધેલું તેથી ભૂખ્યા થયેલા. તે સમે અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, "અમે છાણાં વીણી લાવ્યા ને **નિષ્કામાનંદસ્વામી** વાળીને ચોખ્ખું કરે છે." તેટલાકમાં મહારાજ ઊઠીને એ પાસા નીકળ્યા. તે જોઈને નિષ્કામાનંદસ્વામીને એમ કહે જે, "આ ગામમાં તો શેરેય લોટ મળતો નથી ને તમે શા સારુ ચોકો કરો છો ? ને કેનો આ

ચોકો છે ?" એવું મહારાજનું વચન સાંભળીને નિષ્કામાનંદસ્વામી કહે જે, "અદ્‌ભુતાનંદસ્વામીનો ચોકો છે. ને હે મહારાજ ! અમે આવતાં રસ્તામાં ઝોળી માગી હતી. તે અમારી પાસે ગાડીમાં ઘઉંનો લોટ પડ્યો છે તેની બાટીઓ કરશું."

ત્યારે મહારાજ કહે જે, "અદ્‌ભુતાનંદસ્વામી ક્યાં ગયા છે ?" ત્યારે નિષ્કામાનંદસ્વામી કહે જે, "સ્વામી તો બર્હિભૂમિ ગયા છે." એવું સાંભળીને મહારાજ કહે જે, "સ્વામી આવે ત્યારે એમ કહેજો જે, તમને જમતાં વધે તો બે બાટીઓ અમને આપજો." એમ કહીને મહારાજ ઉતારા ઉપર ગયા ને સ્વામી બર્હિભૂમિ જઈને આવ્યા. ત્યારે નિષ્કામાનંદસ્વામીએ બધી વાત કહીને કહ્યું જે, "આપણે ચોકે મહારાજ આવ્યા હતા, તે બે બાટીઓ માગી છે." એવું સાંભળીને સ્વામી કહે જે, "બધો લોટ બાંધીને બાટીઓ કરી નાખો."

ત્યારે સાધુએ બાટીઓ કરી. તે બાટીઓ સૌને ભાગ આવે તેમ કડકો કડકો વેંચી દીધીયો. ને બાર બાટીઓ નૈવેદની લઈને અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, "હું મહારાજને ઉતારે ગયો ને મુકુંદ બ્રહ્મચારીને બોલાવ્યા પણ બ્રહ્મચારી ન બોલ્યા. ને મહારાજ કહે જે, 'કોણ એ ?' ત્યારે મેં કહ્યું જે, એ તો હું અદ્‌ભુતાનંદસ્વામી. ત્યારે મહારાજ કહે જે, 'સ્વામી, અત્યારે કેમ આવ્યા ?" ત્યારે મેં કહ્યું જે, હે મહારાજ ! તમે મારે ચોકે આવીને બાટીઓ માગી હતી, તે હું આપવા આવ્યો છું; તે લ્યો." એમ કહ્યું.

ને મહારાજે બાટીઓ લીધી ને એમ કહ્યું જે, "સ્વામી, આ તો બહુ છે." એમ કહીને કાઠીને ઉઠાડીને એ બાટીઓ થોડી થોડી સૌને આપી ને પંડે જમ્યા. એવી રીતે એ ગામમાં રાત રહ્યા. ને તે દિવસે અદ્‌ભુતાનંદસ્વામીને જ ગાડી પણ બીજા સદ્‌ગુરુ કોઈને નહીં. ને ત્યાંથી પછી બીજે દિવસે ચાલ્યા તે **સીંજીવાડે** આવ્યા. ને ત્યાં **જગરૂપ બારોટે** ખાંડના લાડુ કરાવી મહારાજને તથા સંતને બે દિવસના ભૂખ્યા

જાણી સારી પેઠે જમાડ્યા. ને ત્યાંથી બીજે દિવસે મહારાજ વરતાલે આવતા હતા. એવી રીતે મહારાજનું વચન (ફઈ)બાઈએ લોપ્યું. તેથી મહારાજ ને સંત કચવાઈ ગયા ને મહારાજ રિસાઈને ચાલી નીકળ્યા. માટે **જેને મહારાજને રાજી કરવા હોય તેને મહારાજનાં વચન પ્રમાણે વર્તવું તો ભગવાન રાજી થાય ને આલોકમાં તથા પરલોકમાં પણ તેનું સારું થાય.** ॥૧૯૮॥

૧૯૯. ગઢપુરના જોધા ભરવાડની વાત

અને એક દિવસ મહારાજ ગઢપુરમાં સાંજને સમે સભામાં વિરાજમાન હતા ને ગાયો આવવા ટાણું થયું ને ગાયો આવી. ત્યાર પછી સભામાંથી ઊઠીને અક્ષરઓરડીમાં જતાં રસ્તામાં ભેંસો દોવા સારુ **જોધો** નામે ભરવાડ બેઠો હતો. તેને મહારાજે ચાખડીની ઠોકર મારી. ત્યારે એ જોધે દૂધની શેડ મારી. તેથી મહારાજનાં બે ચરણારવિંદ દૂધ દૂધ થઈ ગયાં.

તેને જોઈને મહારાજ કહે જે, "આ જોધો તો મૂરખનો મૂરખ રહ્યો." એમ કહીને મહારાજ મોટીબાને કહે જે, "હે મોટીબા, પાણી લાવો અમારાં ચરણારવિંદ ધોવા છે. આ જોધે દૂધવાળાં કર્યાં." એવું સાંભળીને મોટીબા પાણી લાવ્યાં ને મહારાજનાં ચરણારવિંદ ધોયાં. ત્યાર પછી મહારાજ અક્ષરઓરડીમાં પધાર્યા.

અને પછીથી જોધા ભરવાડના મનમાં એમ થયું જે, 'મને મહારાજે મૂરખ કેમ કહ્યો ? હું તો ડાહ્યો છું.' એમ જાણીને મહારાજની પાસે ઉતાવળો ઉતાવળો અક્ષરઓરડીમાં જઈને મહારાજને કહે જે, "હે મહારાજ ! તમે મને મૂરખ કેમ કહ્યો ? આ દાદા ખાચરનાં બકરાં તથા ઉગામેડીનાં બકરાં તથા માંડવધારનાં બકરાં – એ સર્વેને ભેગાં કરો ને હું દાદા ખાચરનાં બકરાં ઓળખી લઉં. ને બીજાને ઓળખાવશો તો નહિ ઓળખે, એવો હું ડાહ્યો છું ને મને તમે મૂરખ કેમ કહ્યો ?"

એવું સાંભળીને મહારાજ કહે જે, "આ સર્વે મનુષ્ય છે તેમાં એકબીજાનો આકાર મળતો આવતો નથી, તેથી એક એક ઓળખાય છે. તેમ એ બકરાંમાંય પણ જેણે કરીને તું ઓળખે છે તો એવો ભેદ છે. તે ભેદના કરનારા કોણ હશે ?" એવું મહારાજનું વચન સાંભળીને એ જોધો કહે જે, "એ ભેદના કરનારા તો તમે છો." ત્યારે મહારાજ કહે જે, "અમારા મોઢા આગળ તો તું મૂરખ ખરો કે નહીં ?" ત્યારે જોધો કહે જે, "હે મહારાજ ! તમારા મોઢા આગળ તો હું લાખ વાર મૂરખ. ને તમે ભગવાન છો ને હું તો જીવ છું, તે શી ગણતરીમાં ?" એવી રીતની અણસમજણ ટાળીને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવતા હતા. ॥૧૯૯॥

૨૦૦. વડતાલ ધર્મશાળામાં સાધુને હજારોવાર પીરસીને જમાડ્યા તથા બે પાટીદારનાં ભૂત કાઢ્યાં ને બદરિકાશ્રમ મોકલ્યાં તે વાત

અને વરતાલે પ્રબોધનીનો સમૈયો આવ્યો. તે સમૈયા ઉપર દેશાંતરથી સર્વે સંત આવતા હતા. ને ધર્મકુળમાં સુવાસિનીબાઈ તથા નંદરામજી મહારાજ તથા સીતારામજી મહારાજ તથા વૃંદાવનજી મહારાજ તથા રઘુવીરજી મહારાજ તથા વરિયાળીબાઈ તથા સુનંદાબાઈ તથા વીરજારાણી – એ આદિક ધર્મકુળ સર્વે સમૈયા ઉપર આવતાં હતાં. ને દેશાંતરથી સર્વે હરિજન પણ સમૈયા ઉપર આવતા હતા. ને ભારે મોટો વીસ-પચીસ દિવસનો સમૈયો થાતો હતો.

ને તે સમૈયામાં હરિજન મોતિયા લાડુ, જલેબી, સાટા એ આદિક પકવાનની ઘણીક રસોઈઓ કરાવતા હતા. અને હાલમાં સાધુની ધર્મશાળા છે તે જગ્યાએ નીચી એક માળની ધર્મશાળા હતી. ને ત્યાં સાધુ જમવા સારુ આસનવાળીને બેસે, ને મહારાજ કહે જે, "મોતિયા લાડુ લ્યો... જલેબી લ્યો... સાટા લ્યો..." એમ વારંવાર પંગતમાં ફરીને પીરસતા હતા. એવી રીતે એ ધર્મશાળામાં હજારો વાર પંક્તિ

કરીને સાધુને પીરસી મહારાજ જમાડતા હતા. અને સાધુ જમીને અબોટ[1] કરીને સુકાય એટલે આસન પાથરે. એવી રીતે એ સમૈયામાં સંતોને તથા હરિજનોને મહાસુખ આપતા હતા.

અને સભાને વિશે સંતના તથા દેવના મહિમાની ઘણીક વાતો કરતા હતા ને પોતાના પુરુષોત્તમપણાની દૃઢ ઉપાસના સંબંધી પતિવ્રતાના દૃષ્ટાંતે કરીને દૃઢ કરાવતા હતા. એવી રીતે સર્વે બાઈને વાતો કરે છે. તેવા સમામાં એક પાટીદારને ભૂત વળગેલાં તે આવેલા. તેનાં ભૂત મહારાજે કાઢ્યાં ને તેને સત્સંગી કર્યો, ને ભૂતને કહે જે, “મારા સાધુમાં રહો.” ત્યારે ભૂત કહે જે, “સાધુમાં તો ના રહેવાય, પણ કોઈક બાઈ વર્તમાન ધર્મ નહિ પાળતી હોય તેમાં રહીશું.” ત્યારે બાઈઓ કહે જે, “હે મહારાજ ! અમે ખબડદાર થઈને વર્તમાન પાળશું. અહીં ભૂતને મોકલશો નહીં.” એવું સાંભળીને મહારાજ ભૂતને બદરિકાશ્રમમાં મોકલી દેતા હતા. ॥૨૦૦॥

૨૦૧. નારુપંત નાના મહારાજને વડોદરે તેડી જવા સારુ આવ્યા.

અને એક દિવસ શ્રીજીમહારાજ સભામાં પાટ ઉપર વિરાજમાન હતા, ને એક **નારાયણદાસ** કરીને સાધુ હતા; તે સમાધિ કરીને મહારાજની પાટ આગળ પડ્યા હતા. તે સમે એક બાઈ સાત પુરુષની હત્યાઓ કરીને મહારાજને મારવા સારુ જંત્ર-મંત્ર કરતી હતી, પણ કોઈ ઉપાય ચાલ્યો નહીં. તેથી કહે જે, “તમે કાંઈ આકાશમાંથી પડ્યા નથી તે સ્ત્રીને અડતા નથી.” એવું વચન બોલવા મંડી. ને રસ્તામાં ભૂંડું કામ કરીને આવેલી. તેથી નારાયણદાસે સમાધિ દ્વારે તે સર્વે વાત જાણેલી. તેથી સમાધિમાંથી બારણે નીકળીને કહે જે, “હે રાંડ, તને તો ફલાણો તરક[2] અડશે.” એમ કહીને સમાધિમાં જતા રહ્યા. ને તે બાઈએ તો એમ જાણ્યું જે, ‘આ તો મારી સર્વે ક્રિયા કહેશે ને

૧.જમેલી જગ્યાએ લીંપણ કે પોતું કરવું તે ૨.મુસલમાન; હલકી જાતિનો માણસ

અંતરજામી છે.’ એમ વિચારીને નાસી ગઈ. તે વાત જોઈને મહારાજ નારાયણદાસ ઉપર કુરાજી થઈને કહે જે, “તમોએ આજ્ઞા કેમ લોપી ? સ્ત્રી સાથે બોલ્યા કેમ ? માટે તમે સત્સંગથી બહાર જાવ.” એમ કહીને નારાયણદાસને સત્સંગથી બહાર કાઢ્યા ને પોતે સભામાં બેઠા.

તે સમે વડોદરેથી **સિયાજીરાવ** ગાયકવાડના ખાનગી દીવાન **નારુપંત નાના** રાજાનો કાગળ લઈને આવ્યા ને મહારાજને કાગળ વંચાવ્યો. ને મહારાજને કહે જે, “હે મહારાજ ! દયા કરીને વડોદરે પધારો !” ત્યારે મહારાજ કહે જે, “પહેલા આ દાદા ખાચર, સોમલા ખાચર, સુરા ખાચર એ આદિકને લઈ જાવ ને અમે પછીથી આવીશું.” એમ નારુપંત નાનાને કહીને પછી ઉતારો આપ્યો ને જમાડ્યા. ને મહારાજ દાદા ખાચર તથા સુરા ખાચર તથા સોમલા ખાચરને કહે જે, “તમે રાજાનો ભાવ તથા અમારે વિશે હેત જોઈ આવો. પછી અમે જઈશું.” એમ કહીને નારુપંતની સંગાથે એ કાઠીને મોકલ્યા. એ કાઠી (વડોદરા) મંદિરમાં આવી ઉતારો કરીને દરબારમાં ગયા.

તે સમે આગળ દાદા ખાચરને રાખેલા ને પછવાડે બીજા કાઠી ચાલે. એવી રીતે જ્યાં ગાદી ઉપર સિયાજીરાવ બેઠા છે ત્યાં તેમની સમીપે ગયા. તે સમે નારુપંત નાનાએ કહ્યું જે, “પહેલા આગળ આવે છે તે દાદો ખાચર છે.” એમ સરકારને કહીને ઓળખાવ્યા.

તે સમે સરકાર ઊઠી સામા જઈ દાદા ખાચરને ઘણા સ્નેહથી મળ્યા. ને સર્વે કાઠીને મળીને દાદા ખાચરને પોતાની પાસે બેસારીને કહે જે, **“હે દાદા ! તમે મને સ્વામિનારાયણનાં દર્શન કરાવો તો મારે દર્શન થાય, નહિ તો મુને સ્વામિનારાયણ દર્શન નહિ દે.”** એવું સરકારનું વચન સાંભળીને દાદા ખાચર કહે જે, “હું તો તમારી રૈયત છું ને તમે તો પછમના પાછીયા[૧] કે’વાવ.” એવું દાદા ખાચરનું વચન સાંભળીને સરકાર કહે જે, “હે દાદા, હું પાછીયા તો ખરો, પણ તમે

૧.પશ્ચિમના બાદશાહ

સ્વામિનારાયણને વશ કરી રાખ્યા ને મને તો સ્વામિનારાયણ દર્શન દેતા નથી." એવાં ઘણાં વિનયનાં વચન કહીને સેલું શરપાવ સર્વેને હેતથી કરતા હતા ને પછીથી પાછા વળાવ્યા.

પછી સર્વે કાઠી વરતાલે આવીને મહારાજને કહે જે, "હે મહારાજ ! અમારો ઘણો મહિમા સમજે છે, ત્યારે તમારો સમજે એમાં શું કહેવું ? ને તમારો મહિમા સોળ આની છે. માટે હે મહારાજ ! ત્યાં પધારવું જોઈએ. ને અમને પણ સેલું શરપાવ સર્વેને કર્યો." એવાં દાદા ખાચર આદિક સર્વેનાં વચન સાંભળીને મહારાજ ઘણું રાજી થઈને વડોદરે જવાની હા પાડતા હતા. ॥૨૦૧॥

૨૦૨. મહારાજ વડોદરે પધાર્યા ને રાજાએ પૂજા કરી.

અને એક દિવસે **વડતાલે** મહારાજ **હરિમંડપ**માં પોઢ્યા હતા ને બીજે દિવસ સવારમાં ઊઠીને બર્હિભૂમિ જઈ આવી હાથપગ ધોઈ, દાતણ-પાણી કરીને ચોકડીમાં બેસીને નાહવા મંડ્યા. તે સમે નળે[1] થઈને નીચે પાણી પડતું હતું. તે પાણીએ ઠાકોર ભાયડાનાં છોકરાં હેઠ નાહતાં હતાં ને બકોર કરતાં હતાં.

તેને સાંભળી મહારાજ એમ બોલ્યા જે, **"ચક્રવર્તી રાજ્યના અધિકારી આ છોકરાં થઈ ચૂક્યાં."** એવી રીતે નાહીને શ્વેત વસ્ત્ર પહેર્યા ને જેતલપુરવાળાં ગંગામાયે થાળ કર્યો હતો. તે આવીને ઉતરાદે મુખારવિંદે બાજઠ ઉપર જમવા સારુ બેઠા. ને પછી થાળ જમી તૃપ્ત થઈને **વડોદરે** જવાની તૈયારી કરી. ને સર્વે સંત તથા પાર્ષદ તથા નારાયણગર બાવો તથા જોબન વરતાલો – એ આદિક સર્વે હરિજને સહિત **વડતાલ**થી ચાલ્યા, તે **સાંકરદે** આવીને રાત રહ્યા. ને ત્યાં **ગણેશજી પટેલે** સર્વે સંતને રસોઈ કરાવીને જમાડ્યા. અને મહારાજ તો પોતે કઢી ને કોદરી જમીને પોઢી ગયા.

૧.પાઈપમાં

ને બીજે દિવસે ત્યાંથી ચાલ્યા તે ગામ **છાણી** ગયા. ને ત્યાં રાજાએ સામી સવારી મોકલી ને હાથી શણગારીને સામા મોકલેલા. તેમાં એક હાથી મહારાજને બેસવા સારુ સુવર્ણની અંબાડીએ યુક્ત હતો. તે ઉપર નારુપંત નાનાએ પ્રાર્થના કરીને તથા નાના પ્રકારનાં વસ્ત્ર, અલંકાર તથા વેઢ, વીંટીઓ, કડાં, સાંકળાં, મંડીલ, જામો, સેલું – એ વિગેરે ધારણ કરાવીને મહારાજને હસ્તી ઉપર વિરાજમાન કર્યા.

તે સમે અનેક ધામના રહેનારા એવા અનેક મુક્ત વિમાનમાં બેસીને મહારાજનાં દર્શન કરવા સારુ આકાશમાં આવતા હતા. ને બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ઇન્દ્રાદિક સર્વ દેવ પોતપોતાનાં વાજિંત્ર લઈને વિમાનમાં બેસીને આવતા હતા. ને નારદાદિક મુનિ પણ આવતા હતા તથા સિદ્ધ, ચારણ, વિદ્યાધર, ગાંધર્વ, અપસરાઓનો ગણ -- એ સર્વે ઘણા હરખથી ત્યાં આવીને પોતે પોતાનાં વાજિંત્ર વગાડતા જાય ને પુષ્પનો વરસાદ મહારાજ ઉપર કરતા જાય. ને બંદીજન સ્તુતિ કરતા હતા ને અપસરાઓ નૃત્ય કરતી હતીયો ને આગળ અનેક પ્રકારનાં વાજિંત્ર વાગતાં હતાં. ને સોનાની છડીઓવાળા છડીદાર 'જયજય મહારાજાધિરાજ' એવી રીતના શબ્દને ઉચ્ચારણ કરતા જાય. એ આદિક અગણિત શોભાએ યુક્ત થકા સર્વેને દર્શન દેતા થકા ધીરે ધીરે શહેરમાં પધાર્યા ને રાજાની હવેલી આગળ આવ્યા. તે સમે રાજા આવીને બહાર ઊભા હતા તેથી ત્યાં હાથીને બેસારીને પંડે મહારાજ ઊતરીને રાજાને મળ્યા.

તે સમે રાજા ઘણા સ્નેહથી મહારાજને મળીને ચરણારવિંદમાં પડીને મહારાજને કહે જે, "હે મહારાજ ! હવેલી ઉપર પધારો !" એમ કહી હાથ ઝાલીને ગાદી આગળ લઈ જઈને ગાદી ઉપર પધરાવ્યા ને ઘણી વિનંતી કરી. ને બહુ દિવસની પોતાને દર્શનની તાણ હતી, તે સારી પેઠે દર્શન કરીને મહા ઉત્સાહને પામતા હતા. કેની પેઠે ? તો કોઈ જબરો શાહુકાર હોય ને તે વાંઝિયો હોય ને તેને વૃદ્ધ અવસ્થામાં દીકરો થાય ને તે જેમ ઉત્સાહને પામે તેમ રાજા ઉત્સાહને પામતા હતા.

અને વળી કોઈક નિરધનિયાને ધન પ્રાપ્ત થાય એવી રીતે રાજા આનંદ પામીને મહારાજને કહે જે, "હે મહારાજ ! આપના દાસનો દાસ છું. તે આપ કહો તો હું આગળ ચાલું ને તમે કહો તો કેડે ચાલું." ત્યારે મહારાજ કહે જે, "તમે આગળ ચાલો, ને અમે ધીરે ધીરે દર્શન દેતાં દેતાં આવીશું." એવી રીતે સામાસામી કહીને હવેલીથી નીચે ઊતરીને મહારાજ હસ્તી ઉપર વિરાજમાન થયા ને રાજા હસ્તી[1] ઉપર બેસીને આગળ ચાલ્યા.

અને મહારાજ સર્વેને દર્શન દેતાં થકાં **મસ્તુબાગ**માં જઈને ઊતર્યા. અને બીજે દિવસે સભા કરીને પંડિત પુરાણીઓને જીત્યા ને ત્રીજી દિવસે દીવાનજીએ ઉપાધિ કરી. તેથી મહારાજે પોતે બહુ વા[2] ને વરસાદ કર્યો ને એને તાવ લાવ્યા. તેથી કાંઈ ઉપાધિ ના થઈ. ને દીવાનજીનું પોતાના બળથી કાંઈ ચાલવા દીધું નહીં ને પોતાનું પુરુષોત્તમપણું શહેરમાં પ્રગટ કરીને, દરબારમાં રાજાએ પધરામણી કરીને સેલું શરપાવ કર્યો. ને રાજાની પૂજા ગ્રહણ કરીને રાજાને **નિત્યાનંદસ્વામી** પાસે વર્તમાન ધરાવી ને સત્સંગી કર્યા, ને ત્યાંથી ચાલ્યા તે રાજા વળાવવા સારુ આવ્યા. તેમને પાછા વાળીને મહારાજ ઘોડી ઉપર સ્વાર થઈ પાછા **સાંકરદે** આવીને રાત રહ્યા. અને સર્વે સંતો પણ સાંકરદે આવ્યા. તેમને સર્વેને ગણેશજી પટેલે ખીચડી ને કઢી જમાડી અને મહારાજ પણ કઢી-ખીચડી જમી રાત રહીને બીજે દિવસે ત્યાંથી ચાલ્યા તે **વરતાલ** આવતા હતા. ॥૨૦૨॥

૨૦૩. મહારાજે વડતાલમાં શિક્ષાપત્રી લખી તથા બે આચાર્ય ગાદીએ સ્થાપન કર્યો.

અને વળી મહારાજ વડતાલમાં રહ્યા થકાં **'શિક્ષાપત્રી'** નામે ગ્રંથને કરતા હતા. ને તેને શોધાવી શુદ્ધ કરીને સર્વે સંતને લખવાની તથા

૧.હાથી ૨.પવન; વંટોળ

પાઠ કરવાની આજ્ઞા કરતા હતા ને હરિજનોને પણ આજ્ઞા કરી. સંવત્ ૧૮૮૨ના મહા સુદી પાંચમે એવી રીતે ગ્રંથ કરતે સતે **'વસંતપંચમી'**નો સમૈયો આવ્યો. તે સમૈયા ઉપર હજારો હરિજન પણ આવતા હતા. ને રંગ ને ગુલાલ મહારાજ સર્વે સંતના તથા હરિજનોની ઉપર નાખતા હતા ને રંગ રમવાની પરસ્પર છૂટી કરતા હતા. તેથી ઘણી વાર મહારાજ ને સંત-હરિજન રંગ રમીને મહારાજ સંત-હરિજને સહિત ગોમતીજી નાહવા પધાર્યા. ને ત્યાં ગોમતીજીમાં સંતે સહિત ઘણી વાર નાહ્યા. ને બહાર નીકળીને શ્વેત વસ્ત્ર પહેરીને ગાજતેવાજતે મંદિરમાં પધાર્યા. ને **વડોદરાના બાપુ વૈદ** હતા. તેમની મોતિયા-જલેબીની રસોઈ હતી. તે સર્વે સંતને મહારાજ પોતે પીરસીને જમાડતા હતા ને પોતે પણ જમતા હતા.

તે જ રાત્રીએ મહારાજ તથા સદ્‌ગુરુઓએ મળીને આચારજ કરવાનો વિચાર કરીને મોટાભાઈ જે **રામપ્રતાપજી મહારાજ** તેમના **અયોધ્યાપ્રસાદ** નામે પુત્ર તેમને દત્તક લીધા. ને **ઈચ્છારામજી મહારાજ**ના પાંચ પુત્ર તેમાંથી **રઘુવીરજી મહારાજ**ને દત્તક લીધા ને એ બેય ગાદીઓના અધિકારી કર્યા. ને બીજે દિવસે મહારાજે હાલમાં મંદિરની પછવાડે ઓટો છે, તે જગ્યાએ બે પાટ્યો ઢળાવી. તે ઉપર બેયને બેસારીને મહારાજે આરતી ઉતારી ને કહ્યું જે, "સર્વે આ બેની અમારી પેઠે પૂજા કરો." એમ કહીને પોતે **હરિમંડપ** ઉપર વિરાજમાન થયા, પણ કોઈ હરિજને એ આચારજની પૂજા ના કરી.

તે જોઈને મહારાજ નિત્યાનંદસ્વામીને બોલાવીને કહે જે, "હે સ્વામી ! આ હરિજનો આ બેની પૂજા કરે ને હું દેખું, એવી રીતનો તમે સર્વે મળીને કંઈક રસ્તો પાડો." એવાં મહારાજનાં વચન સાંભળીને નિત્યાનંદસ્વામી કહે જે, "હે મહારાજ ! તમારે પણ અમે કહીએ તેમ કરવું પડશે." ત્યારે મહારાજ કહે જે, 'ઠીક.' એમ કહ્યું. (પછી) નિત્યાનંદસ્વામી સભામાં આવી મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી,

ગોપાળાનંદસ્વામી, ને અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, ‘હું પણ હતો.’ તે સમે નિત્યાનંદ સ્વામીએ સર્વેને મહારાજનો અભિપ્રાય કહી સંભળાવ્યો. તેથી સર્વે સંતોએ મળીને હરિજનોને સમજાવ્યા જે, “તમે પાઘડી ને સેલું મહારાજ સારુ બે લાવ્યા હોય તો પાઘડી રઘુવીરજી મહારાજને બંધાવો ને સેલું મહારાજને ઓઢાડો.”

અને વળી બીજા નરનારાયણના દેશના હરિજનો હતા. તેમને એમ સમજાવ્યું જે, “તમે સેલું-પાઘડી લાવ્યા હોય તો પાઘડી અયોધ્યાપ્રસાદજી મહારાજને બંધાવો ને સેલું મહારાજને ઓઢાડો.” એવી રીતે સર્વે સંતોએ મળીને બેય દેશના હરિજનોને સમજાવ્યા. ત્યારે બેય આચારજ(ની) પૂજા થવા માંડી. તેને જોઈને મહારાજ ઘણા રાજી થયા ને સભામાં આવી વિરાજમાન થઈને સંતને એમ વાત કહેવા લાગ્યા જે, “આ હરિજનો તો હે સંતો, તમારા છે, માટે તમારા કહ્યાથી પૂજા કરી. માટે આ સત્સંગ તમારે સાચવવો ને સહુ સહુના દેશના દેવની તથા આચારજની પુષ્ટિ કરવી.” એવી વાત કરે છે.

તેવા સમામાં કાનમ દેશમાં એક **હળદર** કરીને ગામ છે. તેના રહેવાસી **હરિભાઈ** કરીને શેખ હતા. તે પોતાનો **નથુ** નામે દીકરો તેને લઈને ત્યાગી થઈને વડતાલે લક્ષ્મીનારાયણના મંદિરમાં રહેલા. તે ચોક વાળે તથા બીજી ઘણી સેવા કરે તેથી તેમના દીકરા ઉપર મહારાજ રાજી થયેલા ને તે સમે નથુ નામે છોકરો મહારાજ સન્મુખ આવીને ઊભો રહ્યો.

તેને જોઈને મહારાજ બ્રહ્માનંદસ્વામીને કહે જે, “હે બ્રહ્માનંદ સ્વામી ! **આ તો રાધીકાનો પુત્ર છે.**” એવું મહારાજનું વચન સાંભળીને બ્રહ્માનંદસ્વામી કહે જે, “હે મહારાજ ! અમે કેના દીકરા ?” ત્યારે મહારાજ કહે જે, “તમે તો બીજી ગોપીઓના.” ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે જે, “હે મહારાજ ! બાપ તો એક છે કે નહિ ?” ત્યારે મહારાજ કહે જે, “હા.” ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે જે, “માઓને તો અમે ઘણા

તે સમજાવી લઈશું.” એવી રીતની રમૂજ મહારાજ સભામાં કરતા હતા. પછીથી લક્ષ્મીનારાયણ દેવની આરતી થઈ તે દર્શને પધાર્યા. ને પછી ઠાકોરજીનો પ્રસાદ દૂધ-પૂરી મહારાજ જમીને પોઢી જતા હતા. ॥૨૦૩॥

૨૦૪. મહુધાના અજુભાઈએ વડતાલ મંદિરના પથ્થરનો દાણ માફ કરાવ્યો તે વાત

અને વળી લક્ષ્મીનારાયણ દેવનું મંદિર કરતા હતા. તે સમે મંદિરમાં પથ્થર જોઈએ, તે પથ્થર **ખંભાત**થી આવે. અને બીજે કંઈ આવવાનો દ્વાર નહીં. ને ખંભાતનાં પથ્થરનું દાણ નવાબસાહેબ લેતા હતા તેથી ઘણો ખરચ થાય. એમ જાણીને ઓટા બરોબર જે સમે મંદિર થયું તે સમે ગામ **મહુધા**ના અમીન પા. **અજુભાઈ** આવેલા. તે સત્સંગી ખરા ને લોક પ્રસિદ્ધ પણ ખરા. તેમને મહારાજ કહે જે, “તમે ઘોડે બેસી બે મનુષ્ય આપીએ તે લઈને ખંભાત નવાબસાહેબ પાસે જાવ ને ત્યાં જઈ પથ્થરનું દાણ માફ કરાવો.” એવું મહારાજનું વચન સાંભળીને અજુભાઈ બાપો કહે જે, “હે મહારાજ ! મારે તો એ રાજમાં ઓળખાણ નથી.”

ત્યારે મહારાજ કહે જે, “તમે જાવ તો ખરા, તમારી ભેગો હું છું.” એમ કહીને અજુભાઈ બાપાને ખંભાત મોકલ્યા. તે ખંભાત શહેરમાં જાતે જાતે ઘોડી ભડકી તેથી બાપા પડી ગયા ને પગ ઊતરી ગયો. તે ઉપાડીને સ્વામિનારાયણની ઓરડી કે’વાતી હતી ત્યાં લાવીને ઉતાર્યા. ને નવાબનો એક **તુલસીદાસ** કરીને વૈરાગી હતો તે ઔષધ કરે, ને વૈદ કે’વાય તેથી દરરોજ નવાબસાહેબ મેનો તેડવા સારુ મોકલે ને એ ત્યાં ઔષધ કરવા જાય.

અને એ(વૈરાગી) પહેલાં આપણા સંપ્રદાયમાં હતા ને તેમનું નામ **ચક્રધરાનંદ** હતું. તેથી એમને હરિજને ખબર કરી જે, “હે તુલસીદાસજી, અમારે એક વરતાલેથી હરિજન આવેલા છે. તેમનું નામ અજુભાઈ બાપા કે’વાય છે. તે આવતાં ઘોડી ઉપરથી પડી ગયા છે તેથી એમને

પગ ઊતરી ગયો છે. તે તમને અમે બોલાવા સારુ આવ્યા છીએ.” ત્યારે તે તુલસીદાસજી સ્વામિનારાયણના નામની એ ઓરડીએ આવ્યા. ત્યાં તો અજુભાઈ બાપાને એમણે ઓળખ્યા ને પછી પગ ચઢાવ્યો.

ત્યાર પછી બધી હકીકત પૂછી ત્યારે અજુભાઈએ કહ્યું જે, “હું દાણ માફ કરાવા સારુ આવ્યો છું.” ત્યારે તે તુલસીદાસજી કહે જે, “જો તમે મને સ્વામિનારાયણ પાસે રખાવો તો હું મારી મિલકતે સહિત આવું ને તમારું દાણ તત્કાળ માફ કરાવું.” ત્યારે અજુભાઈ બાપા કહે જે, “સ્વામિનારાયણ પાસે રખાવવા એ મારું કામ.” ત્યારે એ તુલસીદાસ કહે જે, “તમને હું સવારે તેડવા સારુ મોકલું, ત્યારે તમે આવજો.” એમ કહીને તુલસીદાસ ગયા.

ને બીજે દિવસે નવાબસાહેબની ભેગા થઈને બધી હકીકત કહી, ને બાપાને તેડવા સારુ મેનો મોકલાવ્યો. ને મેનામાં બેસીને નવાબસાહેબ પાસે ગયા ને નવાબસાહેબ સત્કાર કરીને બોલાવતા હતા. ત્યારે અજુભાઈ બાપા નવાબસાહેબને સલામ કરીને બેઠા.

તે સમે તુલસીદાસે નવાબસાહેબને કહ્યું જે, “આ તો મોટા મહુધા પ્રગણાના અમીન છે, ને વરતાલમાં લક્ષ્મીનારાયણ દેવનું મંદિર થાય છે, માટે આપણી પાસે તેના પથ્થરનું દાણ માફ કરાવવું એટલા માટે આપણી પાસે આવ્યા છે.” એવું સાંભળીને નવાબસાહેબે તતકાળ માફીનો લેખ કરી આપ્યો. તે લઈને અજુભાઈ બાપા ઓરડીએ આવ્યા ને તુલસીદાસજી પણ ઓરડીએ આવ્યા. ને બન્નેયે ઠરાવ કરી એક ગાડી લઈ વરતાલે આવ્યા ને મહારાજ મંદિર કેડે સભામાં વિરાજમાન હતા.

તે સમે અજુભાઈ બાપાએ માફીનો લેખ મહારાજના હાથમાં આપ્યો. તે જોઈને મહારાજ ઘણું રાજી થયા ને કહે જે, “હે બાપા, તમે ઘણું સારું કર્યું.” ત્યારે બાપા કહે જે, “હું શું કરું ? આપના પ્રતાપથી થયું છે.” એમ કહીને કહે જે, “હે મહારાજ ! હું એક બંધનમાં આવ્યો છું.” ત્યારે મહારાજ કહે જે, “શા બંધનમાં આવ્યા છો ? તે કહો.”

ત્યારે બાપાએ કહ્યું જે, "હે મહારાજ ! આપણામાં એક ચક્રધરાનંદ સાધુ હતા. તે વર્તમાન કઠણ તેથી નીકળી ગયેલા, તોય પણ તમારું ભજન કરતા હતા. ને નવાબસાહેબનું વૈદું કરતા હતા તેથી દસ-વીસ હજાર રૂપિયા ભેગા કર્યા છે. ને હું ત્યાં ગયો ને ત્યાં મારો પગ ઊતરી ગયો તે તેમણે ચઢાવ્યો. ને મને કહ્યું જે, 'તમે મને મહારાજ પાસે રખાવો.' ત્યારે મેં એમને હા પાડી ને અહીં તેડી લાવ્યો છું." એવું સાંભળીને મહારાજ કહે જે, "આપણે એમના કામ નથી." એવું મહારાજનું વચન સાંભળીને બાપા કહે જે, "હે મહારાજ ! તમારે ને અમારે છેલી વારના જય શ્રી સ્વામિનારાયણ છે."

ત્યારે મહારાજ કહે જે, "એમ કેમ કહો છો ?" ત્યારે બાપો કહે જે, "મારું વચન ખોટું પડે છે તેથી." ત્યારે મહારાજ કહે જે, "જાવ, તેડી લાવો." ત્યારે તે તુલસીદાસજીને બાપા તેડી લાવ્યા ને મહારાજને પગે લાગ્યા. ને પછી બાપાએ કહ્યું જે, "તમારી જે મિલકત છે તે લઈ આવો." એવું સાંભળીને તે સાધુ સર્વે પોતાની મિલકત લઈને આવ્યા ને મહારાજે તેમનું મોરલ્યું નામ **ચક્રધરાનંદ** હતું તે કાયમ રાખ્યું. ને તેમની મિલકતથી મંદિરનું કામ સર્વે પૂરું કરાવતા હતા. ॥૨૦૪॥

૨૦૫. ધોલેરાના મંદિરમાં સર્વે હરિજનને છાતીમાં ચરણારવિંદ આપ્યાં.

અને વળી બીજે દિવસે પ્રાતઃકાળે ઊઠીને નિત્યવિધિ કરીને સભામાં આવીને વિરાજમાન થયા ને સંતો પણ આવીને બેઠા. ને તે સમે મહારાજે બ્રહ્માનંદસ્વામીને મંદિરમાં રાખ્યા હતા. તેમને મહારાજ કહે જે, "હે બ્રહ્માનંદસ્વામી, અમારી સાથે ચાલો, ગઢડે આપણે જઈએ." એમ કહીને પોતે થાળ થયો તે જમવા પધાર્યા. બ્રહ્માનંદસ્વામી પણ જમીને તૈયાર થયા ને સર્વે સંત પણ તૈયાર થયા ને મહારાજ સંતે સહિત વરતાલથી ચાલ્યા તે ગામ **મહેળાવ** જઈને રાત રહ્યા.

ને ત્યાંથી ચાલ્યા તે **બુધેજ** ગયા ને બુધેજથી જમીને ચાલ્યા તે ધોલેરે મંદિરમાં ઊતર્યા. અને બીજે દિવસે સવારે નાહી-ધોઈ હાલમાં જ્યાં છત્રી છે ત્યાં સભા કરીને બિરાજતા હતા. તે સમે મંદિર છોવાતું હતું ને ઘણુંખરું કામ બાકી હતું. ને સભામાં **વરસોભાઈ** તથા **ભોજાભાઈ** તથા **પૂજાભાઈ** તથા **ખીમા પટેલ** તથા **શેઠ ડોસાભાઈ** તથા **ગંગાભાઈ** તથા **જગુભાઈ** – એ આદિક સર્વે હરિજન સભામાં બેઠા હતા. તે સર્વેના પ્રત્યે મહારાજ કહે જે, “આ મદનમોહનજી મહારાજની સર્વેને સેવા કરવી.” ત્યારે દાદા ખાચર કહે જે, “હે મહારાજ ! અમારે શી સેવા કરવી ?”

ત્યારે મહારાજ કહે જે, “આ મંદિરનું કામ ચાલે છે, તેમાં જેને શ્રદ્ધા હોય તે પાંચ ગાડાં, દશ ગાડાં, વીસ ગાડાં જેની જેવી શ્રદ્ધા હોય તે પ્રમાણે ચૂનો લખાવો. ને જે લખાવે તેને અમે છાતીમાં ચરણારવિંદ આપીએ.” એમ કહ્યું. તેને સાંભળીને દાદા ખાચર અંગરખું કાઢી સભામાં ઊભા થઈને મહારાજને કહે જે, “વીસ ગાડાં ચૂનો અમારો લખો.” એમ કહીને મહારાજનાં ચરણારવિંદ છાતીમાં લઈને સભામાં બેઠા. ત્યારે સુરો ખાચર ઊઠ્યા. તેમણે પણ પંદર ગાડાં ચૂનો લખાવીને છાતીમાં ચરણારવિંદ લઈને બેઠા. એવી રીતે સર્વે હરિજને જેમ જેની શ્રદ્ધા તે પ્રમાણે ચૂનાનાં ગાડાં લખાવી ચરણારવિંદ છાતીમાં લઈને બેસતા હતા.

તે સમે ગામ **બોરુના** **વણીક** બે ભાઈ હતા. તે બેય જણે ઊઠીને મહારાજનાં ચરણારવિંદ છાતીમાં લીધાં પણ કંઈ બોલ્યા નહીં. ત્યારે મહારાજ કહે જે, “તમે ચરણારવિંદ લીધાં ને કેમ કંઈ બોલતા નથી ?” ત્યારે તે વણીક કહે જે, “હે મહારાજ ! અમારું બેનું એક ગાડું લખો.” ત્યારે મહારાજ કહે જે, “આ વાણિયાએ ઠાકોરજીની સેવામાં પણ વટાવ કાઢ્યો.” એમ કહીને ઘણી રમૂજ કરતા હતા. એવી રીતે એ જગ્યાએ સો-બસેં મનુષ્યને છાતીમાં ચરણારવિંદ દીધાં.

ને પછીથી થાળ થયો તે જમવા સારુ પધાર્યા ને જમીને ચાલવા તૈયાર થયા. તે સમે સંતો પણ જમીને ચાલવા તૈયાર થાતા હતા. ।।૨૦૫।।

૨૦૬. રોજકામાં માતરા ધાધલે મહારાજને હસાવ્યા તથા કારિયાણીમાં રામ-ભીમ કુંડ ગળાવ્યા તે વાત

અને મહારાજ તથા સંત ધોલેરેથી ચાલ્યા તે **રોજકે** ગયા. ને ત્યાં જઈને ઘઉંની ખળીઓમાં ઉતારો કર્યો ને ઘોડા પાવા સારુ કાઠી રોજકાના તળાવમાં ગયા. ત્યાં પાણી થોડું ને કાદવ વિશેષ, તેમાં પાણી પાવા સારુ પે'લું ઘોડું માતરા ધાધલે નાખ્યું તે કળી[1] ગયું. ત્યારે એમના મનમાં એમ થયું જે, 'બીજા કોઈ નહિ નાખે ને મારી મશ્કરી કરશે.' તેથી ઘોડુ કળેલું તોપણ તેને ત્રોહ ત્રોહ કરવા લાગ્યા. એવું સાંભળીને બધાય કાઠીઓએ ઘોડા નાખ્યા ને બધાય ઘોડા કળ્યા ને કાદવવાળા થયા.

ત્યારે બીજા કહે જે, "અલ્યા માતરા, તેં કહ્યું નહીં ?" ત્યારે માતરો ધાધલ કહે જે, "બા, પાણી ઘણો છે, ઊંધે માથે ગળા સમો છે." એવી રીતે કહીને ઘોડા પાઈને બહાર કાઢીને કાદવવાળા ઘોડા લઈને આવ્યા. ને પછી મહારાજ પાસે આવીને બેઠા ને મહારાજને તે વાત કહેતા હતા જે, "હે મહારાજ ! આ માતરે ધાધલે ત્રોહ ત્રોહ કહીને અમારા સર્વેના ઘોડા કાદવવાળા કર્યા." એવુ સાંભળીને મહારાજ મોઢે રૂમાલ દઈને હસતા હતા.

તે સમે બ્રહ્માનંદસ્વામીએ એક દૃષ્ટાંત દીધું જે, "હે મહારાજ ! આ તો એવું થયું જે, એક ગામમાં ગણપતિનું દેવળ હતું. તેમાં ગણપતિની મોટી જબરી મૂર્તિ પધરાવેલી હતી. તેમની દૂંટીમાં એક વીંછી ભરાઈ રહેલો. તે સમે ખાતર પાડીને સાત ચોર ત્યાં આવ્યા. તેમાંથી એક

૧.કાદવમાં ખૂંતી

ચોરે ગણપતિની દૂંટીમાં હાથ ઘાલ્યો. ને જેવો ઘાલવા જાય છે તેવો જ વીંછીએ ચટકાવ્યો.

તે સમે તે ચોર બીજું કાંઈ ના બોલ્યો ને એમ બોલ્યો જે, 'અહો હો ! આ ગણપતિની દૂંટી શી ટાઢી હીમ જેવી છે !' એવુ સાંભળીને બીજે ચોરે હાથ ઘાલ્યો. તેને પણ વીંછીએ ચટકાવ્યો. ત્યારે તેણે પણ તેમ કહ્યું. એવી રીતે સાતેયને વીંછીએ ચટકાવ્યા પણ કોઈએ 'વીંછી કરડ્યો' એમ ના કહ્યું ને પછી સર્વેએ કહ્યું. તેમ હે મહારાજ ! આ તો થયું." એમ કહીને મહારાજને હસાવ્યા.

એવી રીતે ત્યાં રાત રહીને બીજે દિવસ **કાકાભાઈ**ના દરબારમાં જાદરિયાની રસોઈ કરાવી હતી. તેને જમીને ત્યાંથી ચાલ્યા તે **કારિયાણી** જઈ રાત રહ્યા. ને ગામથી ઉતરાદી પાસાએ પોતે મહારાજે તળાવ ગળાવેલું છે. તેમાં પાણી નહિ તેથી બે કુંડ ગળાવ્યા. તેમાં એક કુંડનું નામ **'રામકુંડ'** પાડ્યું ને બીજા કુંડનું નામ **'ભીમકુંડ'** પાડ્યું. એવી રીતે ત્યાં રહીને ઘણા દિવસ એ કુંડમાં નાહ્યા ને પછી ત્યાંથી ચાલ્યા તે મહારાજ **ગઢપુર** પધારતા હતા. ॥૨૦૬॥

૨૦૭. મહારાજે વંતાકનું શાક કરીને લક્ષ્મીબાગે સંતને જમાડ્યું.

અને એક દિવસે ગઢપુરમાં શ્રીજીમહારાજ સભામાં વિરાજમાન હતા. તે સમે સચ્ચિદાનંદસ્વામીએ રાધાબાગમાં રીંગણાંની વાડી કરી હતી. તે રીંગણાં બહું સારાં થયાં. તેને જોઈને સચ્ચિદાનંદસ્વામીને સંકલ્પ થયો જે, 'આ રીંગણાંનું શાક મહારાજ કરીને પોતે જમે ને સંતોને જમાડે તો ઘણું સારું !' એવો સંકલ્પ થયો. તે સંકલ્પ મૂર્તિમાન દરબારમાં આવીને મહારાજની સનમુખ આવીને ઊભો રહ્યો.

તેને જોઈને મહારાજ કહે જે, "તું કોણ છે ?" ત્યારે તેણે કહ્યું જે, "હું સચ્ચિદાનંદસ્વામીનો સંકલ્પ છું, ને તમને એમ કે'વા સારુ

આવ્યો છું જે, રાધાબાગમાં રીંગણાં બહુ થયા છે, તે સંતને શાક કરીને જમાડો." એવુ એ સંકલ્પનું વચન સાંભળીને મહારાજ મોટીબાને કહે જે, "મોટીબા, કેમ સવારે શાક કરીશું આપણે ?" ત્યારે મોટીબા કહે જે, 'હા, કરશું.' ત્યારે મહારાજ કહે જે, "સારો સુંદર બાજરો જીણો દળાવો." એમ કહીને સંકલ્પને કહે જે, "જાવ, સ્વામીને કહેજો જે, સવારે રીંગણાં લક્ષ્મીબાગમાં મોકલજો." એમ કહીને સંકલ્પને પાછો મોકલ્યો.

અને બીજે દિવસે મહારાજે શાક થાય એવાં વાસણ લક્ષ્મીવાડીએ લેવરાવીને પોતાને હાથે ત્યાં જઈને શાક કર્યું. અને દરબારમાંથી બાજરાના રોટલા કરીને મંગાવ્યા. અને તે રોટલા ને સુંદર રીંગણાંનું શાક સર્વે સંતને પોતે પીરસીને જમાડતા હતા ને પોતે પણ જમતા હતા. એવી રીતે લક્ષ્મીબાગમાં વારંવાર ઘણી લીલા કરતા હતા.

ને ત્યાં એક દિવસે સચ્ચિદાનંદસ્વામીએ બીડમાં બાવળિયા આદિક વૃક્ષને કાપીને જમીન સાફ કરાવા માંડી. તે કોઈએ આવીને મહારાજને કહ્યું. તેથી મહારાજ સચ્ચિદાનંદસ્વામીને બોલાવીને ખીજ્યા. ત્યારે સચ્ચિદાનંદસ્વામીના મનમાં એમ થયું જે, 'આપણે આજથી અન્ન-જળ ના લેવું ને ધામમાં ચાલ્યા જાવું.' એવો સંકલ્પ કરી મહારાજની મૂર્તિ સંગાથે એકતા કરી ઘેલાનદીમાં જઈને એક કોરે બેઠા.

ને પોતાને તરસ બહુ લાગી તેથી અક્ષરઓરડીમાં મહારાજ બિરાજતા હતા. તે કહે જે, "અમને તરસ બહુ લાગી છે, તે ઠંડાં પાણી હોય તો લાવો." ત્યારે બ્રહ્મચારીએ ઠંડું પાણી લાવીને પાયું, તોય પણ તરસ છીપે નહિ. ને વળી પાણી માગ્યું. ત્યારે સાકરનું પાણી કરીને પાયું તોપણ તરસ છીપે નહિ. ને વળી 'પાણી લાવો, પાણી લાવો,' એમ કરે. તે જોઈને દાદા ખાચરે મનમાં વિચાર કર્યો જે, 'સચ્ચિદાનંદ સ્વામીને ખીજ્યા છે ને તે અહીં નથી, તે આપણે એમને ખોળી કાઢી પાણી પાઈએ, આમ જો મહારાજની તરસ છીપે તો એમ કરીએ.' એમ કહીને જ્યાં સચ્ચિદાનંદસ્વામી

બેઠા હતા ત્યાં જઈ મહારાજની પ્રસાદીનું જળ સચ્ચિદાનંદસ્વામીને કહીને પાયું. જે સમે સચ્ચિદાનંદ સ્વામીએ પાણી પીધું તે સમે મહારાજને તરસની શાતિ થઈ ગઈ.

પછી મહારાજને સર્વે પૂછવા લાગ્યા જે, “આ તરસનું કારણ શું છે ?” ત્યારે મહારાજે કહ્યું જે, **“મારે ને મારા સંતને આવી રીતની એકતા છે જે, એ તરસ્યા હોય ત્યારે હું તરસ્યો થાઉં અને ભૂખ્યા હોય તો હું ભૂખ્યો અને એ જમ્યે હું જમ્યો.”** એવી રીતે ઘણી સંતની ને પોતાની એકતાની વાર્તા કરતા હતા. ॥૨૦૭॥

૨૦૮. વાણી ઉપર રાઘવાનંદસ્વામીની કરેલી વાત

અને અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, “એક દિવસ શ્રીજીમહારાજ ગઢપુરમાં વિરાજમાન હતા ને સર્વે સંત આવી મહારાજની પાસે બેઠા હતા. તે સમે રાઘવાનંદસ્વામી મહારાજનાં દર્શન કરીને સભામાં બેઠા. તેમને જોઈને મુક્તાનંદસ્વામીને શ્રીજીમહારાજ કહે જે, “હે સ્વામી, વાણી બોલ્યામાં બહુ ફેર છે. એક વાણીમાં અમૃત રહેલુ છે ને એકમાં ઝેર છે.” એવું કહીને મહારાજે રાઘવાનંદસ્વામીની વાત કે’વા માંડી જે, “હે સ્વામી, આ રાઘવાનંદસ્વામી ને અમે દશ-વીશ સ્વાર અને દશ-વીશ બીજા માણસ તે અમે અહીંથી નીકળ્યા.

તે રસ્તામાં એક **સોખડુ** કરીને ગામ આવ્યું. ત્યાં તરસ પણ સર્વેને લાગી તથા ઘોડા પણ તરસ્યા હતા ને અમે એક વડનો વૃક્ષ હતો તેને છાયે ઊતર્યા. ને પછી અમારી જોડે એક **ત્રીકમ** કરીને દાદા ખાચરનો ખવાસ[1] હતો. તેને કૂવા ઉપર બાઈઓ પાણી કાઢતી હતીયો, તે એને પાણી લેવા સારુ મોકલ્યો. તે કૂવે જઈને બાઈઓને એમ કહ્યું જે, ‘હે મારા બાપની વહુ, પાણી આપો.’ એવુ સાંભળીને તે બાઈયું તો ગાળો દેવા મંડી ને સામી ખીજવઈયો, ને પાણી ના આપ્યું તેથી તે તો પાછો આવ્યો.

૧.હજૂરી નોકર

ત્યાર પછી રાઘવાનંદસ્વામીને અમે મોકલ્યા. ત્યારે રાઘવાનંદ સ્વામી(એ) ત્યાં જઈને એમ કે'વરાવ્યું જે, 'આ માજીઓને કહો જે, અમારા ગુરુ સ્વામિનારાયણ ભગવાન છે તે અહીં આવ્યા છે ને એ બહુ તરસ્યા થયા છે ને ઘોડા પણ બહુ તરસ્યા થયા છે ને કંઈ પાણીનો યોગ નથી. તેથી તમારી પાસે અમે ઘડો-દોરડું માગીએ છીએ. તે તમે દયા કરીને આપો ને તમે તો દયાળુ છો, પરદુઃખભંજન છો.'

એવાં રાઘવાનંદસ્વામીનાં વચન સાંભળીને તે બાઈયુંએ એમ કહ્યું જે, 'તમારા ઘોડા અહીં લાવો, અમે સર્વે મળીને બબે-ચચ્ચાર ઘડા પાણી રેડીશું તે ઘોડા પીશે ને તમે સર્વે પણ આ ઘડો આપીએ તે લઈ જાવ ને પાણી પીવો.' એમ કહીને ઘોડાને પાણી પાયું ને બે ઘડા અમને આપ્યા. તે અમે પણ સર્વેએ પણી પીધું ને ઠંડા થયા.

હે સ્વામી ! વાણી બોલ્યામાં એટલો ફેર પડ્યો. માટે સર્વેએ કઠણ વચન બોલવા શીખવું નહીં." એમ કહીને વળી મહારાજ મુક્તાનંદ સ્વામીને કહે જે, "હે સ્વામી ! અમે રાઘવાનંદસ્વામીને એમ કહ્યું જે, હે સ્વામી ! તમે તરસ તો મટાડી પણ સર્વેને ભૂખ લાગી છે." ત્યારે સુરો ખાચર કહે જે, 'ભૂખ તો કંઈ અહીં આકાશમાંથી પડે છે તે રાઘવાનંદસ્વામી મટાડે ?' એવું સાંભળીને રાઘવાનંદસ્વામી કહે જે, 'તમે અહીં બેસો. હું તમારા પ્રતાપથી અહીં લાડવા કરાવું.' ત્યારે મહારાજ કહે જે, અમે એમ કહ્યું જે, ઠીક તમે જાવ. એમ કહીને એક ગાઉ એં(અહીં)થી છેટે ગરાસિયાનું ગામ હતું. ત્યાં રાઘવાનંદસ્વામી ચોરામાં ગરાસિયાનો ડાયરો ભરાઈને બેઠેલો છે ત્યાં જઈને મોઢે-માથે ઓઢીને પોક મેલી. તેને સાંભળીને તે બધા ગરાસિયા કહે જે, "હે રાજગર, તમે કેમ રડો છો ?"

ત્યારે રાઘવાનંદસ્વામી કહે જે, "હું તો દ્વારકા જતો હતો, ત્યારે મારી મા હતી તે જતે ફેરે મરી ગઈતી; તે બધા **ખડખંભાળિયા**ના ગરાસિયાએ તથા **આમલિયાળા**ના ગરાસિયાએ, કોઈએ અધમણ,

કોઈએ પંદર શેર, કોઈએ દશ શેર લોટ આપીને મારી માના ખાંધિયા[1] કરાવ્યા હતા. ને આવતાં મારો બાપ મરી ગયા છે તેના સવારે ખાંધિયા છે ને કોઈ વાતનું ઠેકાણું નથી. ને આપે રાજા મનુષ્ય છો ને મારા બાપના ખાંધિયા જાય નહીં તેથી યાચના કરવા સારુ આવ્યો છું. માટે તમો જેમ કરો તેમ ખરું !'

એવાં રાઘવાનંદસ્વામીનાં વચન સાંભળીને કોઈએ અધમણ લોટ તે ઘી-ખાંડે સહિત લાવી આપ્યું. કોઈ દશ શેર, પંદર શેર એવી રીતે ત્રણ મણ લોટ પાકાં સીધાં સાથે થયું. તે લઈ ગાડામાં ભરીને જ્યાં મહારાજ ઊતર્યા છે ત્યાં લઈને આવ્યા. ને પછી ગાડું સીધું ઉતારી લઈને પાછું વાળ્યું ને સુરા ખાચરને કહે જે, 'લે, આકાશમાંથી પાડ્યું, હવે લાડવા કરીને જમો." પછી સંતે સુંદર લાડુ કર્યા ને મહારાજને જમાડ્યા તથા સંત જમ્યા. **એવી રીતે મહારાજે સભામાં વાણીના ગુણ ને દોષ સંબંધી વાર્તા કરી**. તેને સાંભળીને સર્વે સંત તથા હરિજન ઘણા રાજી થાતા હતા. ॥૨૦૮॥

૨૦૯. ઓગણોતેરા કાળમાં અદ્‌ભુતાનંદસ્વામીને પગે વાળો નીકળ્યો તે વાત

અને વળી અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, "અગનોતેરો કાળ પડ્યો હતો. તે સમે મહારાજે અમને બબે-ચચ્ચાર કાઠી માગી ખાઈને જીવાડવા સારુ અમારી સાથે મોકલેલા. તે ચાર કાઠી મારી સાથે હતા. તેમને લઈ ચરોતર દેશમાં ગામ **ખાંધલી, ગાના, મેઘવુ** ત્યાં હું આવ્યો. ને ગુજરાત દેશમાં (અન્ન) પાકેલું તેથી એ ગામમાં આવી ઝાડવા હેઠે ઊતર્યા. ને તેમને ઉતારે બેસારીને હું માગવા જાઉં. ત્યારે છોરાં રાણ ઉપર ચડી રાયણાં પાડે તથા કેરીઓ પાડે, એવી રીતે તોફાન કરે. ને જ્યારે હું માગીને આવું ત્યારે તેમાંથી એક જણો કહે જે, 'અલ્યા, પેલો ગયઢો

૧.દહાડો; મરણ પાછળનું જમણ

આદો આવ્યો.' એમ કહી ઝાડવા ઉપરથી ઊતરીને 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' કરવા મંડે ને હું આવું ત્યારે પાંદડાં પડેલાં હોય ને હું કહું જે, તમે આ રાયણાં પાડો છો, તે લોક આપણને અહીં રે'વા નહિ દે. ત્યારે એ કહે જે, 'આ તો માંગણના વાંદરાં આવ્યાં હતાં. તે પાડી ગયાં.' એમ કહે. પછી ખાવાનું એમને વેંચી આપીને હું ખઉં. એવી રીતે બે-ત્રણ મહિના કાપ્યા.

પછી વરસાદ વરસ્યો એટલે સૌ સૌને ઘરે ગયા. અને અમે પચાસ, પોણોસો સાધુ અહીં ગુજરાત દેશમાંથી ફરીને માણકઠારી પૂનમ[1] ઉપર મહારાજને દર્શને જાતા હતા. ત્યારે (સ્વામી કહે જે,) મારે જમણે પગે વાળો નીકળ્યો તેથી ચલાય નહીં ને ધીરે ધીરે ચાલતે ચાલતે **માનસંગ ડોડિયા**ની **ચોકડી** સુધી પૂગ્યો. ને ત્યાં મુક્તાનંદસ્વામીને ભેગા થયા ને માનસંગ ડોડિયે સર્વે સંતને ખીચડી કરીને જમાડ્યા. ને સંત જમીને સૂઈ ગયા ને મને ઊંઘ ન આવી તેથી મેં વાતો કરી. ને સવારે ઊઠી સૌ ચાલવા તૈયાર થયા. ત્યારે મારાથી તો ચલાય તેમ રહ્યું નહીં.

તે જોઈને મુક્તાનંદસ્વામી મને કહે જે, 'સ્વામી, તમે અહીં રહો ને અમે માનસંગ ડોડિયાને ભલામણ કરીએ.' એવું મુક્તાનંદસ્વામીએ મને કહ્યું. ત્યારે મેં સ્વામીને એમ કહ્યું જે, હે સ્વામી, મહારાજનાં ઘણા દિવસથી દર્શન થયા નથી, તે બહુ ખેંચ છે. તે જો એક લાકડી મળે તો ખોડંગતો ખોડંગતો હું ધીરે ધીરે ચાલું. એવું સાંભળીને મુક્તાનંદસ્વામીએ માનસંગ ડોડિયાની પાસે એક લાકડી મંગાવી લીધી. તેથી હું ધીરે ધીરે ચાલ્યો ને સર્વે સંત **કુંડળ** પૂગ્યા. ને હું પણ પછવાડેથી ધીરે ધીરે કુંડળ પૂગ્યો. ને કુંડળમાં **રાઈબાયે** સંતને લાડુની રસોઈ કરીને જમાડ્યાં અને ત્યાં રાત રહ્યા.

ત્યાં મુક્તાનંદસ્વામીને તાવ આવ્યો ને મને પગે વાળો, તે ચલાય તેમ રહ્યું નહીં. તેથી રાઈબાએ પોતાનું ગાડું જોડી આપ્યું. તેમાં અમે

૧.આસો સુદ શરદપૂનમ

બે જણ બેઠા ને બીજા સંત મોરથી ગયા. તેમણે મહારાજને ખબર કરી જે, 'મુક્તાનંદસ્વામી આવે છે.' અને તે જ દિવસે કાઠીએ મહારાજને એવો પ્રશ્ન પૂછેલો જે, 'ભગવાનમાં જેને બહુ તાણ હોય તેનાં કેવાં લક્ષણ હોય ? તે કહો. તે પ્રશ્નનો મહારાજે ઉત્તર કરેલો નહીં ને આ ખબર થઈ. તેથી મહારાજ પોતાની ઘોડી મંગાવીને સ્વાર થઈને સંતની સામા ગઉ એક આવ્યા. ત્યાં તો સર્વે સંત કેડે મહારાજે ઘોડી બે-ચાર આંટા ફેરવી વાળી ને પછી સંતને મળ્યા, ને સર્વે કાઠી પણ દંડવત કરીને પગે લાગ્યા.

ને (અદ્‌ભુતાનંદસ્વામી કહે જે,) હું ને મુક્તાનંદસ્વામી બેય હેઠે ઊતરીને મહારાજને પગે લાગ્યા. ને અમે ચાલવાનો મનસૂબો કર્યો ત્યારે મહારાજ કહે જે, 'હે સ્વામી ! તમે ગાડામાં બેસો.' ત્યારે મુક્તાનંદસ્વામી કહે જે, 'હે મહારાજ ! વાત સંભળાય નહીં.' ત્યારે મહારાજ કહે જે, 'સ્વામી, અમે તમારા ગાડાની કેડે ઘોડી રાખીને વાત કરીશું. ને તમે ગાડામાં બેસીને ગાડું ચલાવો.' એમ કહીને ગાડું ચલાવ્યું.

ને મહારાજ તે સમે મુક્તાનંદસ્વામીને કહે જે, 'હે સ્વામી, આ કાઠીએ પ્રશ્ન પૂછ્યો છે જે, 'ભગવાનની તાણ હોય તેનાં લક્ષણ કેવાં હોય ?' એમ મહારાજે કહ્યું. તે સાંભળીને મુક્તાનંદસ્વામી કહે જે, 'હે મહારાજ ! આ અદ્‌ભુતાનંદસ્વામીને પગે વાળો નીકળ્યો છે. તેથી ચલાતું નથી તે અમે કહ્યું જે, તમે અહીં રહો, હરિભગતને ભલામણ કરીએ. ત્યારે સ્વામી એમ કહે જે, **'બહુ દિવસથી મહારાજનાં દર્શન થયાં નથી. તેની મારા અંતરમાં બહુ ખેંચ છે. તેથી રે'વાય નહીં.'** એમ કરતાં કરતાં કુંડળ સુધી આવ્યા ને કુંડળથી રાઈબાએ ગાડું કરી આપ્યું. તેથી અહીં આવ્યા ને હે મહારાજ ! તમારાં દર્શન થયાં. એવાં લક્ષણ જેનાં હોય ત્યારે જાણવું જે, એમને ભગવાનમાં ખેંચ છે."

એવી રીતની વાતો કરતાં સતાં મંદિરમાં આવ્યા ને સંત એમના ઉતારા ઉપર ગયા ને મહારાજ દરબારમાં પધાર્યા. એટલામાં થાળ થયો

તે મહારાજ લાડુબાના ઓરડામાં જમવા સારુ બેઠા. તે જમીને સર્વે થાળની પ્રસાદી અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, "મને ને મુક્તાનંદસ્વામીને આપતા હતા ને સર્વે સંતને વાસ્તે લાડુની રસોઈ કરાવી હતી ને સંતને ચોકમાં પંગત કરી સર્વે સંતને જમાડતા હતા." ॥૨૦૯॥

૨૧૦. મહારાજે ઈશક ઉપર કાઠીની કરેલી વાત

અને વળી તે જ દિવસે સાંજના લીમડા નીચે સભા કરીને વિરાજમાન હતા. તે સમે કાઠીએ એવો પ્રશ્ન કર્યો જે, "હે મહારાજ ! સાચો જે વાતનો **ઈશક** હોય તે કેમ જણાય ?" ત્યારે મહારાજ એ પ્રશ્નને સાંભળીને બોલ્યા જે, "આ ગઢડાનો એક કાઠી હતો. તેને એક વાદી આવ્યો તેણે મોરલી વગાડી. તેને સાંભળીને તેના અંતરમાં એમ ઘાટ થયો જે, 'આપણે આ મોરલી શીખીએ' તેથી એ વાદી સાથે ગયો. ને વાદીએ બરોબર મોરલી ન શીખવાડી ત્યારે તેનું ખાઈને વટલ્યો. ત્યારે તે વાદીએ મન મેલીને મોરલી બજાવતાં શીખવાડી. તેને શીખીને એ કાઠી અહીં આવ્યો.

અને એક દિવસે અમને આ સુરા ખાચરે વાત કરી જે, 'હે મહારાજ ! એક કાઠીને મોરલી બહુ સારી વગાડતાં આવડે છે. તે તમે કહો તો અહીં બોલાવીએ.' એવું સુરા ખાચરનું વચન સાંભળીને મેં કહ્યું જે, બહુ સારું બોલાવો. ત્યારે તેમણે બોલાવ્યો. ને અમે પ્રેમાનંદ સ્વામી આદિક ગવૈયાને કહ્યું જે, તમે તમારાં વાજિંત્ર તાલમેળ કરીને અહીં આવો. તેથી તે પણ વાજિંત્ર લઈને અહીં આવ્યા ને તે કાઠી પણ આવ્યો. ને તેણે એવી મોરલી વગાડી ને આમણે વાજિંત્ર તેવાં વગાડ્યાં.

તે સમે અમે ડોલતાં ડોલતાં ઢોલિયાના ઉપળા[૧] ઉપર આવ્યા. ને તે કાઠી ઉપર તેનો ઘણો દાખડો જોઈને અમારો રાજીપો થયો. તેથી એને માથે અમારું મોળિયું હતું તે મૂકી દીધું. ને સંતને ઓઢવાનો ખેસ હતો તે આપ્યો. ને તે કાઠીને અમારા થાળનો પ્રસાદ આપ્યો, ને

૧.ખાટલાની પહોળાઈ રાખનારા લાકડાં; ઊપણા

અમે એમ કહ્યું જે, આવી મોરલી શ્રીકૃષ્ણે રાસ ઉત્સવ કર્યો તે સમે વગાડી હતી." ત્યારે મુક્તાનંદસ્વામી કહે જે, "હે મહારાજ ! આપણે તો ઠાકોરજીને(રોજ)વાંસળી ધરાવીએ છીએ." ત્યારે મહારાજ કહે જે, "આડે દહાડે (પણ) વાંસળી વગાડતા હતા. એવી રીતે **જેને જે વાતનો સાચો ઈશક હોય, તે તેમાં હજારો અંતરાય આવે પણ તેનો રોકાવ્યો રોકાય નહીં ત્યારે સાચો ઈશક જાણવો."** એવી રીતનો ઈશકની વાતનો ઉત્તર કરતા હતા. ॥૨૧૦॥

૨૧૧. વ્યાપકાનંદસ્વામી તથા ઉકા ખાચરની વાત

અને એક દિવસ ગઢપુરમાં મહારાજ વિરાજમાન હતા ને સર્વે સંત સભામાં બેઠા હતા. તેમના ઉપર મહારાજ એમ વાત કરવા લાગ્યા જે, **"હું માંદા સાધુની કોઈ સેવા-ચાકરી કરે તેના ઉપર બહુ રાજી થઉં છું."** એમ કહીને અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, અમારા ભાઈ **ચૈતન્યાનંદ સ્વામી** હતા તે, ને **સચ્ચિદાનંદસ્વામી** એ બે માંડવધાર થઈને સાલેમાળમાં ગયા. ત્યાં સચ્ચિદાનંદસ્વામીને એવી ખબર થઈ જે, 'મહારાજ ગઢડામાંથી ગયા.' તેને સાંભળીને મહારાજના વિયોગથી તત્કાળ સમાધિ થઈ ગઈ. ને ત્યાં સાલેમાળમાં રસ્તામાં પડ્યા ને કોઈ બીજું મનુષ્ય મળે નહીં.

ને ચૈતન્યાનંદસ્વામી એકલા તેથી પથ્થર વીણી લાવીને ઢગલી કરી ને વાઘની બીક તેથી પોતે ત્રણ દિવસ ને ત્રણ રાત ઉજાગરો કરીને સ્વામી પાસે બેસી રહ્યા. ને ચોથે દિવસે ગઢડામાં ખબર થઈ તે ખાટલો મોકલીને સચ્ચિદાનંદસ્વામીને અહીં તેડી લાવ્યા. ત્યારે મહારાજ કહે જે, 'એમની જોડે કોણ હતું ?' તારે મિયાંજીએ કહ્યું જે, 'ચૈતન્યાનંદ સ્વામી હતા.' ત્યારે મહારાજ કહે જે, 'અમારી પાસે બોલાવી લાવો.' એમ કહ્યું એટલે બોલાવી લાવ્યા. તે સમે બધી વાત ચૈતન્યાનંદસ્વામીને પૂછી તે સ્વામીએ કહી.

તેને સાંભળીને મહારાજ બહુ રાજી થયા અને મળ્યા ને છાતીમાં ચરણારવિંદ આપ્યાં. ને કહે જે, **“આ ચૈતન્યાનંદસ્વામીને હું એકાંતમાં બેઠો હઉં તોપણ મારાં દર્શનની કોઈ બંધી કરશો નહીં.” એવા રાજી થયા.**

અને જે સંતની સેવા ના કરે તેના ઉપર પોતે કુરાજી થાય છે. તે વાત મહારાજે કરી જે, “પચીસ સાધુ કાનમ દેશમાંથી **વ્યાપકાનંદસ્વામી**એ સહિત અહીં મારાં દર્શન સારુ આવતા હતા. તેમાં **બામણગામે** આવ્યા ત્યારે વ્યાપકાનંદસ્વામી માંદા થયા. તે માંદાને મેલીને સૌ ચાલ્યા ને એક **માધવાનંદસ્વામી**ને સેવામાં રાખ્યા. તેમને પણ એવો સંકલ્પ થયો જે, ‘સર્વે મહારાજનાં દર્શન કરશે ને મને દર્શન નહીં થાય.’ એવો સંકલ્પ થયો. તેને વ્યાપકાનંદસ્વામીએ અંતરજામીપણે જાણ્યો.

પછી માધવાનંદસ્વામીને કહે જે, ‘તમને જાવાનો સંકલ્પ થાય છે ?’ ત્યારે માધવાનંદસ્વમી કહે જે, ‘હા.’ ત્યારે વ્યાપકાનંદસ્વામી કહે જે, ‘તમે ચાલ્યા જાવ, હું છઉં ને મહારાજ છે.’ એવું સાંભળીને માધવાનંદસ્વામી તો એકલા મેલીને ચાલ્યા, તે સર્વે સંત મળીને ગઢડામાં આવ્યા. મહારાજ અક્ષરઓરડીમાં વિરાજતા હતા. તે સમે મહારાજને કહ્યું જે, ‘સાધુ દર્શને આવે ?’

ત્યારે મહારાજ કહે જે, ‘વ્યાપકાનંદસ્વામીને માંદા એકલા મેલીને એ અમારાં દર્શન સારુ આવ્યા છે ને દર્શન કરીને મુને રાજી કરવો છે. તે હું એમ રાજી નહીં થાઉં ને દર્શન નહીં દઉં. ને સંતને કહીએ જે, પાછા જાવ.’ એવાં મહારાજનાં વચન સાંભળીને સાધુ પાછા ગયા. ત્યાં તો સ્વામી ધામમાં ચાલ્યા ગયા.

એવી રીતે માંદા સાધુની સેવા કરે તેના ઉપર રાજીપો જણાવ્યો ને માંદા સાધુની સેવા ના કરે તેના ઉપર કુરાજીપો જણાવ્યો. ને વચનામૃતમાં અનેક જન્મની વાસના જીવને ટાળવાનો ઉપાય એ જ કહ્યો છે. તે ઉપર ઉકા ખાચરનું દૃષ્ટાંત દીધું છે. તે ઉકા ખાચર

સેવા કરતા તેની વિક્તિ જે – ત્યારે દરબારમાં લઘુના ખાળ તથા સંડાસ નહિ તેથી સાજામાંદા સાધુનું પેટ છૂટી જાય[1], તે સવારમાં પોતે ઊઠી તેના માટલા ભરીને સીમાડે ઢોળિયાવે ને બધો ચોક વાળે ને માંદા સાધુનાં લૂગડાં ઉન્મત્તગંગામાં ધોઈ આવે તથા મહારાજનાં ચરણારવિંદમાં કાંકરા ન ખૂંચે તે સારુ બજારનો બધો રસ્તો વાળે. એવી સેવા કરતાં કરતાં બપોર થાય ત્યારે ઉન્મત્તગંગામાં નાહી-ધોઈને દરબારમાં આવે.

તે સમે મહારાજ થાળ જમતા હોય તે રાજીપાથી પ્રસાદી ઉકા ખાચરને આપે. ને મહારાજ જમીને પોઢી જાય ત્યારે કોઈ ચરણારવિંદ દાબવા આવે તેના હાથમાંથી તાણી લઈને ઉકા ખાચર આવે ત્યારે લાંબો કરે. અને (અદ્‌ભુતાનંદસ્વામી કહે જે,) એક ફેરો હું મહારાજનાં ચરણારવિંદ દાબતો હતો. તે સમે ઉકો ખાચર આવ્યા. તે મારી પાસેથી ચરણારવિંદ લઈને ઉકા ખાચરના ભણી લાંબાં કર્યાં, તેને ઉકા ખાચર દાબવા મંડ્યા. એવી રીતે પોતાનો રાજીપો જણાવતા થકા રાજીપા સંબંધી ને કુરાજીપા સંબંધી વાતા કરતા હતા.” ॥૨૧૧॥

૨૧૨. ઉપાસનાની વાત, સર્વ અવતાર સ્વામિનારાયણના છે તે વાત

અને અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, “વરતાલમાં સાધુની ધર્મશાળામાં ઉગમણી બાજુએ કોઠો છે. તે ઉપર ચંદની બાંધેલી હતી. તેને નીચે મહારાજ વિરાજમાન હતા ને સદ્‌ગુરુઓ બેઠા હતા. તે સમે **વડોદરાવાળા શાસ્ત્રી**એ શ્રીજીમહારાજને એવો પ્રશ્ન પૂછ્યો જે, ‘તમારે મુખ્ય ઉપાસના કેની છે ? ને તમે જો એમ કહેશો જે, ‘અમારે તો સ્વામિનારાયણની ઉપાસના છે.’ ત્યારે તમે તમારા મંદિરમાં લક્ષ્મીનારાયણ તથા રાધાકૃષ્ણ તથા નરનારાયણ – એ આદિકની મૂર્તિઓ સ્થાપન કરી છે. તે જોતાં

૧.ઝાડા થઈ જાય

તો મુખ્ય સ્વામિનારાયણની ઉપાસના જણાતી નથી ને સૌની ઉપાસના જણાય છે.' એવો પ્રશ્ન પૂછ્યો."

ત્યારે તેનો ઉત્તર અદ્‌ભુતાનંદસ્વામી કરતા હતા જે, "અમારે તો મુખ્ય સ્વામિનારાયણની ઉપાસના છે. ને જે મૂર્તિઓ પધરાવી છે તેનું તો એમ છે : શ્રીકૃષ્ણ ભગવાન દ્વિભુજ હતા ને રુક્મિણીને મૂર્છા આવી ત્યારે શ્રીકૃષ્ણએ ચતુર્ભુજ દર્શન દીધું, ને અક્રુરજીને જળના ધરામાં ચતુર્ભુજ દર્શન દીધું. અને પ્રભાસમાં પીપળાના વૃક્ષ હેઠે જાદવા-સ્થળી કરીને બેઠા, તે સમે ચતુર્ભુજપણું ઉદ્ધવજીને તથા મૈત્રેયઋષિને દેખાડ્યું, તથા બ્રહ્માને અનેક ચતુર્ભુજરૂપ દેખાડ્યું ને પંડે તો દ્વિભુજ હતા; એવી રીતે એમણે ચતુર્ભુજ દર્શન સમય સમયને વિશે દીધાં. તે સમાની મૂર્તિઓ રણછોડજી આદિકની સ્થાપન કરી છે. માટે કાંઈ ઉપાસનાનો ભેદ થયો એમ કહેવાય નહીં.

તેમજ આ સહજાનંદ સ્વામી પ્રગટ થઈને **માંગરોળ** બંદરમાં પોતે પ્રથમ રહ્યા ને અનેકરૂપે કોઈને **નરનારાયણરૂપે** દર્શન દેતા ને કોઈને **લક્ષ્મીનારાયણરૂપે** દર્શન દીધાં ને કોઈને **શ્રીકૃષ્ણરૂપે** દર્શન દીધાં ને કોઈને **રામચંદ્રરૂપે** દર્શન દીધાં. એવી રીતે ચોવીસ અવતારરૂપે દર્શન પોતે દીધાં છે.

અને વળી બીજા દેવના જે ઉપાસક હતા તેને પણ તે તે રૂપે દર્શન દીધાં છે; માટે ઉપાસનાનો કોઈ રીતે ભેદ નથી. (તેથી) અમોયે અમારાં મંદિરોને વિશે જે સમે સ્વામિનારાયણે જેવાં દર્શન દીધાં છે તે સમાની મૂર્તિઓ સ્થાપન કરી છે. ને સ્વામિનારાયણ તો મનુષ્યાકૃતિ દ્વિભુજ હતા. માટે અમારી ઉપાસનામાં ભેદ નથી, માટે અમારાં સંપ્રદાયને વિશે સર્વે મૂર્તિઓ જે સમે સ્વામિનારાયણે જેવાં દર્શન દીધાં, તે સમાની મૂર્તિઓ સ્થાપન કરી છે. માટે સર્વે મૂર્તિઓ સ્વામિનારાયણની જ છે. તેથી અમારે મુખ્ય સ્વામિનારાયણની જ ઉપાસના છે, પણ બીજા કોઈની તમારે સમજવી નહીં."

એવી રીતે અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, “મેં મારી બુદ્ધિ પ્રમાણે ઉત્તર કર્યો. તેને સાંભળીને તે શાસ્ત્રી તથા મહારાજ તથા સદ્‌ગુરુઓ ઘણા રાજી થયા ને કહે જે, ‘યથાર્થ ઉત્તર થયો.’ એમ કહીને મહારાજ ઘણા રાજી થઈને મને છાતીમાં ચરણારવિંદ આપતા હતા.” ॥૨૧૨॥

૨૧૩. અદ્‌ભુતાનંદસ્વામીએ સ્વામિનારાયણની સર્વોપરીની વાત સભામાં કરી તે વાત

અને વળી એક દિવસે વડતાલમાં શ્રીજીમહારાજ લક્ષ્મીનારાયણ દેવના મંદિરની સન્મુખ લીમડા નીચે સભા કરીને વિરાજમાન થયા હતા. તે સમે **વડોદરાના શાસ્ત્રી શોભારામે** અદ્‌ભુતાનંદસ્વામીને પ્રશ્ન એવો પૂછ્યો જે, “તમે તમારા સ્વામિનારાયણને સર્વે અવતારથી મોટા કહો છો, તે કેવી સમજણે કરીને કહો છો ? તે અમને સમજાવો.” ત્યારે અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, “પૂર્વે જે ભક્ત થયા છે ને પૂર્વે જે ભગવાનના અવતાર થયા છે, તેમાં જે ભક્તને જે ભગવાનનો મેળાપ થયો છે તે ભક્તને પોતાને મળ્યા જે ભગવાન તેને નાના જાણ્યા નથી.

તેની વિક્તિ જે – **પ્રહ્લાદજીએ** **નરસિંહજી ભગવાનને** સર્વોપરી જાણ્યા છે ને સ્તુતિ કરી તે વખતે સર્વોત્તમપણે કરીને કરી છે, પણ નાના જાણી કરી નથી. તેવી જ રીતે **નારદજીએ** **નરનારાયણને** જગતકર્તા જાણ્યા હતા, પણ નાના જાણ્યા નહોતા. તેવી જ રીતે **ભરતજીએ** પોતાના ભાઈ જે **રામચંદ્ર ભગવાન** તેમને સર્વોત્તમ જાણીને, પોતાની માએ પોતાને રાજ્ય આપવા સારુ રામને ને લક્ષ્મણને વનવાસ મોકલ્યા, તેથી પોતાની માનું મોઢું ન જોયું અને કહે જે, ‘એણે મારા ઈષ્ટદેવ જે રામચંદ્ર તેમને વનવાસ મોકલ્યા તે હેતુ માટે એ મારી મા નહિ, એ તો મારી શત્રુ છે.’ એમ જાણી એનું મોઢું ના જોયું ને રાજગાદી ઉપર બેસવા પણ ન ગયા ને બારોબાર રામચંદ્ર ભગવાનની પાસે આવ્યા.

અને એમણે જો રામચંદ્રને નાના જાણ્યા હોત તો રાજ્યનો તથા માનો ત્યાગ થાત નહિ; માટે એમણે પણ મોટા જાણ્યા હતા. તેવી જ રીતે **હનુમાનજી**એ પણ રામચંદ્ર ભગવાનને નાના જાણ્યા નહોતા, સર્વોત્તમ જાણ્યા હતા. તેનું કારણ જે, રામચંદ્ર ભગવાને વર માગવાનું કહ્યું ત્યારે પોતે દાસત્વપણુ માગ્યું. ને પોતાના ઈષ્ટદેવના કામમાં આવે એ વસ્તુ ન માગી ને અરક[1] આદિકનાં પુષ્પ તથા સિંદુર ને તેલ માગ્યું; એવી રીતે દાસપણું માગ્યું.

એવી જ રીતે **વિભીષણે** પણ કંઈ ઓછા જાણ્યા નથી. તેમ જ **કૃષ્ણ અવતાર**ના ભક્ત **ગોપ-ગોપી**ઓએ પણ શ્રીકૃષ્ણને ઓછા જાણ્યા નથી. તેમણે ‘આ જગતકર્તા છે’ એમ જાણીને લોક-કુટુંબનો ત્યાગ કરીને શ્રીકૃષ્ણને ભજ્યાં. તેવી જ રીતે **ઋષિપત્ની**ઓએ પોતાના સંબંધીઓને ન ગણીને શ્રીકૃષ્ણને ભગવાન જાણી જમાડવા ગઈયો. એવી રીતે શ્રીકૃષ્ણને તેમણે ભગવાન જાણ્યા છે. તથા પાંચ **પાંડવો**એ તથા **વિદુરજી**એ, **ઉદ્ધવજી**એ, **અક્રૂરે** તથા **વ્યાસમુનિ**એ – એ આદિક સર્વેએ શ્રીકૃષ્ણને સર્વોપરી જાણ્યા છે તથા તેમના ગ્રંથોમાં તેમને સર્વોપરી કહ્યા છે.

તેવી જ રીતે એક [illegible]

[illegible]

૧.આંકડા

તેવી જ રીતે એક પક્ષમાં તો આ **સહજાનંદસ્વામી**ના ઉપાસક અમે અગણિત સાધુ તથા ગૃહસ્થ બાઈ-ભાઈ છીએ. તે સર્વે એમ સમજીએ છીએ જે, **'સર્વે અવતારના અવતારી ને સર્વેના કારણ ને જગતકર્તા એવા આ સાક્ષાત પુરુષોત્તમનારાયણ તે આ જ છે. અને બીજા અવતારો જેવા તો એમના મુક્ત અગણિત છે. એવી એમની મોટપ જોઈને સર્વેથી એમને અમે મોટા કહીએ છીએ.**

અને બીજા પક્ષથી પણ એમનાં ચરિત્ર તથા ઐશ્વર્ય-પ્રતાપ બહુ જણાવે છે. તે એક સોટી સંતને લાલ તથા પીળો છેડો કરીને આપી. તેથી અનેકને સમાધિ થાય ને ઉઠાડે, એવાં અગણિત ઐશ્વર્ય જોઈને તથા બાઈ-ભાઈની સભા જુદી જુદી કરી તથા પુરુષના અંતરમાંથી સ્ત્રીનો ભાવ કાઢી નાખ્યો તથા સ્ત્રીના અંતરમાંથી પુરુષનો ભાવ કાઢી નાખ્યો; એવો પ્રતાપ જોઈને તથા અનેક જાતના પરચા તથા સમાધિઓ – તે સર્વેને જોઈને અમે પૂર્વના અવતારનાં ઐશ્વર્ય ને આ અવતારનાં ઐશ્વર્ય-પ્રતાપ મેળવતાં બહુ જ અધિકપણું અમને જણાણું. તેથી આ સ્વામિનારાયણને સર્વ અવતારથી અધિક મોટા ને સર્વોપરી કહીએ છીએ.

એ વાત ઝીણી બુદ્ધિએ કરીને વિચારે તો સમજ્યામાં આવે ને એમ ન વિચારે તો તત્કાળ ન સમજાય; એવી આ વાત ઝીણી છે." એવી રીતે અદ્‌ભુતાનંદસ્વામીએ ઉત્તર કર્યો.

ને વળી અલ્પબુદ્ધિવાળા હોય તેમને સમજાય એવો બીજો ઉત્તર કર્યો. તે કેવી રીતે ? તો, **આ સ્વામિનારાયણનાં મંદિર છે તથા આચાર્ય સ્વામિનારાયણના છે તથા બ્રહ્મચારી તથા સાધુ તથા પાળા તથા ગૃહસ્થ સત્સંગી બાઈ-ભાઈ સ્વામિનારાયણના છે; એમ કહીએ છીએ તેવી જ રીતે આ સ્વામિનારાયણના પૂર્વ થયા જે સર્વ અવતાર તે પણ આમના જ છે. એટલું જ થોડી બુદ્ધિવાળા સમજે તો સર્વોપરી વાત તેને સમજાઈ ગઈ, બીજું સમજવાનું બાકી રહ્યું નહીં."**

એવી રીતે અદ્‌ભુતાનંદસ્વામીએ બે પક્ષની વાત કરી, ને મહારાજની સર્વોપરી મહત્તા કહી. તેને સાંભળીને મહારાજ તથા સર્વે સંત તથા હરિજન તથા શોભારામ શાસ્ત્રી વિગેરે ઘણા રાજી થયા. ને સ્વામિનારાયણને ઘણા સ્નેહથી પગે લાગીને કહે જે, "આજ અમારો સંશય તમારી વાત સાંભળીને જાતો હવો." એમ કહીને મહારાજને તથા સર્વે સંતને પગે લાગીને પોતાના ઉતારા ઉપર જાતા હતા. અને મહારાજ થાળ થયો એટલે જમવા પધાર્યા ને સંત પણ જમવા ગયા. ॥૨૧૩॥

૨૧૪. ભૂજના સુંદરજીભાઈના દાસપણાની કહેલી વાત

અને શ્રીજીમહારાજ એક દિવસે લક્ષ્મીનારાયણના મંદિરના સમીપે લીમડા નીચે વિરાજમાન હતા. તે સમે મહારાજે એક દાસત્વભક્તિ ઉપર વાત કરી જે, "દાસ હોય તેનાં તો આવાં લક્ષણ હોય." એમ કહીને મહારાજ કહે જે, "અમે સમુદ્રને પેલે કાંઠે એક ગામ છે. તેમાં અમે વિરાજતા હતા. તે સમે સુંદરજીભાઈ ભૂજના રાજાના કુંવરનું ખાંડું[૧] લઈ આ કાંઠે આવતા હતા. તે અમને એ ગામમાં રહેલા જાણીને અમારે દર્શને અહીંથી છેટે બે ગઉ બીજા ગામમાં મુકામ કરીને અમારી પાસે આવીને પગે લાગ્યા. ત્યારે ભારે ભારે વસ્ત્ર તથા અલંકાર ધારેલાં. એવું જોઈ અમે કહ્યું જે, કોણ છે ?

ત્યારે સુંદરજીભાઈ કહે જે, 'એ તો તમારો દાસ' એવુ કહ્યું. તેને સાંભળીને મેં એમ કહ્યું જે, દાસનાં શાં લક્ષણ છે ? ત્યારે સુંદરજીભાઈ કહે જે, 'જેમ કહે તેમ કરે એ દાસનાં લક્ષણ છે.' ત્યારે મેં કહ્યું જે, તમે સાધુ થાવ અને આ બધું ઉતારી મેલો. એવું અમારું વચન સાંભળીને સર્વે વસ્ત્ર તથા અલંકાર ઉતારી મેલ્યાં ને મૂછો તથા થોભિયા ઉતારીને સાધુ થયા, ને મુક્તાનંદસ્વામીને પગે લાગવા ગયા.

૧.તલવાર - વરને બદલે તલવાર લઈને ગયેલી જાન

ત્યારે સાધુનો વેશ જોઈને સ્વામી કહે જે, 'આવુ કેમ કર્યું ? ને ક્યાંથી આવો છો ને ક્યાં જાવ છો ?' ત્યારે સુંદરજીભાઈએ સ્વામીને વાત કહી જે, 'રાજાના કુંવરનું ખાંડું લઈને જાવ છું ને મહારાજને અહીંયાં સાંભળ્યા, તેથી અહીં દર્શને આવ્યો ને બીજા સર્વે મનુષ્ય બે ગઉ ઉપર ગામ છે ત્યાં છે.' ત્યારે સ્વામી કહે જે, 'આવું અમંગળિક કેમ કર્યું ?'

ત્યારે સુંદરજી ભાઈ કહે જે, 'મહારાજનાં દર્શન કરીને બેઠો, ત્યારે મહારાજ કહે જે, કોણ એ ?' ત્યારે મેં કહ્યું જે, તમારો દાસ. ત્યારે મહારાજ કહે જે, 'દાસનું શું લક્ષણ ?' ત્યારે મેં કહ્યું જે, જેમ કહે તેમ કરે તે દાસનાં લક્ષણ છે. એવું સાંભળીને મહારાજ મને કહે જે, 'તમે સાધુ થાવ,' તેથી હું સાધુ થયો.'

એવું સુંદરજીભાઈનું વચન સાંભળીને મુક્તાનંદસ્વામી ઉતાવળા ઉતાવળા મહારાજ પાસે આવીને કહે જે, "હે મહારાજ ! સુંદરજીભાઈ તો રાજાના કુંવરનું ખાંડું લઈને પરણાવવા જાય છે. ને તમને સાંભળીને તમારે દર્શને અહીં આવ્યા. ત્યાં તો તમે સાધુ કર્યા ને તે લોક તો સર્વે ત્યાં વાટ જોતા હશે." એવું સ્વામીનું વચન સાંભળીને મહારાજ કહે જે, "અમને એવી ખબર નથી તેથી સાધુ કર્યા." એમ કહીને સુંદરજીભાઈને કહે જે, "તમારાં વસ્ત્ર-ઘરેણાં પે'રીને જાવ."

ત્યારે તે વસ્ત્ર-ઘરેણાં પે'રીને મુકામ ઉપર ગયા, પણ મૂછો તથા થોભિયા પાડેલાં; તેને જોઈને બીજા બધા લોકો પૂછવા મંડ્યા કે, 'તમે આવું શું કરી આવ્યા ?' એવાં એ લોકનાં વચન સાંભળીને સુંદરજીભાઈ કહે જે, **'રાજાના કુંવર જે દિવસે જન્મ્યા હતા તે દિવસથી મેં એવી બાધા રાખી હતી જે, અહીંથી થોડેક છેટે દેવી છે, તેને સમીપે જઈને કુંવર પરણે ત્યારે મારે મૂછો તથા થોભિયા ઉતરાવવા. તે હું ઊતરઈ આવ્યો.'** એવું કહીને એ જે કામે આવ્યા હતા તે કામે ગયા."

અને વળી (મહારાજે) **અક્ષરાનંદસ્વામી**ની વાત કરી જે, "અક્ષરાનંદસ્વામી સાધુ થાવા આવ્યા હતા. ત્યારે અમે કહ્યું જે, **કાસીદાસ મોટા**ને ઘેર જાવ ને એ કહે તેમ કરજો. તે અમારું વચન માનીને છો મહીના કાસીદાસ મોટાના ઘરનું કામ કર્યું ને પછી સાધુ થયા.

તેવી જ રીતે રાજાભાઈએ પણ અમારું વચન માનીને પર્વતભાઈનો બધો વેવાર ઉપાડ્યો. તે ઘણા દિવસ વેવાર કર્યો ને પછી સાધુ થયા." એવી રીતે મહારાજનું વચન માથે ચડાવીને ભક્તિ કરતા હતા. એવી રીતે મહારાજ દાસપણાની ઘણીક વાર્તા કરતા હતા. ॥૨૧૪॥

૨૧૫. મહારાજે મુક્તાનંદસ્વામીની મધુરતા ઉપર કહેલી વાત

એક દિવસે શ્રીજીમહારાજ વરતાલે હરિમંડપમાં થાળ જમીને પોઢી ગયા હતા ને પછી ત્રીજે પોર ઊઠતા હતા. તે પછી મુખારવિંદ ધોઈ કોગળા કરીને જળપાન કરીને બેઠા. તેવા સમામાં ચારસે વૈરાગીની જમાત આવી ને તળાવમાં ઊતરી હતી. તેણે એમ સાંભળ્યું જે, 'જીવનમુક્તા અહીં છે.' એવું સાંભળીને જમાતવાળાએ એવો વિચાર કર્યો જે, 'જરૂર આપણે મંદિરમાં જઈને ટંટો કરવો તથા મારામારી કરવી.' એવા વિચારથી સર્વે વૈરાગી તૈયાર થઈને હથિયાર બાંધી ધોકા લઈને લક્ષ્મીનારાયણ દેવના મંદિરમાં દર્શને આવ્યા.

તેને જોઈને મહારાજે ધર્મશાળામાંથી મુક્તાનંદસ્વામી આદિક સર્વે સંતને મંદિરની પછવાડે સભા કરીને બેસાર્યા અને પંડે હરિમંડપમાં બેસી રહ્યા. તે સમે બધા વૈરાગી દર્શન કરી દક્ષણાદા પાસા હેઠે ઊતરીને જ્યાં સાધુની સભા બેઠી છે તે પાસા જેટલાંકમાં આવે છે તેટલાંકમાં જ મુક્તાનંદસ્વામી ઊઠીને પાંચ-સાત સાદડીઓ પડીયો હતીયો તેને પાથરીયો. ને કહે જે, "હે મહાપુરુષો ! આવો બેસો !" એમ કહીને સર્વેને બેસારીને પોતે પગે લાગ્યા ને સંતને કહે જે, "હે સંતો, આ

સાક્ષાત વૈકુંઠનાથના પાર્ષદ પધાર્યા છે. તેમનાં દર્શન કરો.” એવાં સ્વામીનાં વચન સાંભળીને સર્વે સંત પગે લાગીને બેઠા.

તે સમે મુક્તાનંદસ્વામી કહે જે, “હે સંતો, આજ તો આપણાં બહુ જ મોટાં ભાગ્ય થયાં, ને બહુ જ પુન્યથી આવા સાક્ષાત વૈકુંઠનાથના પાર્ષદ તેમનાં આપણે દર્શન થયાં. જેનાં દર્શનથી અજામેલ જમના હાથથી મુકાયો ને જેનાં નામ ઉચ્ચારણ કર્યાથી ગ્રહસ્થનાં ઘર પવિત્ર થાય છે અને દેવ-તીરથ તો બહુ કાળે પવિત્ર કરે ને આ તો દર્શનમાત્રમાં જ પવિત્ર કરે, એવા સંત છે. ને આપણી રક્ષા સારુ આપણા ગુરુભાઈએ હથિયાર બાંધ્યાં છે. માટે આપણે નિરાતે ફિકર-ચિંતા મૂકી દઈને ભગવાનનું ભજન સુખેથી કરો.”

એવાં મુક્તાનંદસ્વામીનાં ઘણાંક મધુર વચન સાંભળીને એમનો ક્રોધ ઊતરી ગયો. ને એવું બોલ્યા જે, **“તમે તો સાચા સાધુ છો અને અમે તો આરબ-ભાવર તથા હેલા[1] જેસા હૈ.”** એવું કહી પોતાની મેળે આરબ-ભાવર થઈ સંતને પગે લાગીને, ઊઠીને ચાલ્યા ગયા.

પછી મહારાજ સભામાં આવી વિરાજમાન થયા ને સંતોને એમ કહેવા લાગ્યા જે, “હે સંતો ! આ સ્વર્ગલોકને વિષે અમૃત રહ્યું છે એમ કહે છે તોપણ ત્યાં ટંટા-બખેડા થાય છે ને આ મુક્તાનંદસ્વામીની વાણી તો અમૃતને પણ વટી ગઈ. શાથી ? તો જુવોને, આ વૈરાગી ખાસ ટંટો કરવા આવ્યા હતા પણ સ્વામીની વાણી સાંભળીને શાંતિ પામી પોતાની મેળે આરબ-ભાવર થઈને ચાલ્યા ગયા.” એવું કહીને મહારાજ કહે જે, “સ્વામી બહુ જ મોટા સંત છે.”

શ્રીજીમહારાજનું એવું વચન સાંભળીને અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, “હું એમ બોલ્યો જે, હે મહારાજ ! આ વસો ગામ છે. તેમાંથી મને એક દિવસે **કસિયાભાઈ**એ સિપાઈ મોકલી બાર ફેરા ગામમાંથી કાઢાવ્યો ને તેરમી ફેરો હું આવીને ધરમશાળામાં ઊતર્યો. ત્યારે વળી

૧.નિંદા - અવજ્ઞા કરવા

સિપાઈ આવીને કહે જે, 'હે સ્વામિનારાયણકે મુંડીએ ! તમકું લાજ નહીં હૈ ?' ત્યારે મેં કહ્યું જે, લાજ હોય તો લંગોટી શીદ વાળીએ ?

તેવા સમામાં એક **સુરદાસકાકા** મહાદેવને દર્શને આવ્યા. તેમણે કહ્યું જે, 'અત્યારે સાધુ ક્યાં જાય ? જા બાપાને કહેજે જે, નહિ જાય!' ત્યારે હું રહ્યો. ને બીજે દિવસે એમની હવેલીએ ભિક્ષા માગી, ત્યારે દાળ, ભાત, રોટલી આપી. તે હું રામસરોવર ઉપર જઈને જમ્યો. એવું એ ગામ કઠણ. તેમાં તમે મુક્તાનંદસ્વામીને ત્યાં મોકલ્યા. ત્યાં એક કાછિયાની ઓરડી હતી ત્યાં જઈને સ્વામી ઊતર્યા ને મધુર વાણીથી ગાયન કરે.

તેને સાંભળીને કસિયાભાઈના પિતરઈ[1] અમીન તલસીભાઈ દાદાભાઈ તથા વાંસજીભાઈ એ બંને મળી એમ વિચાર કરે જે, 'આ દેહે કરીને ભગવાન ન મળે તો હીમાળે જઈ આપણે દેહ પાડી નાખવો' એવા વિચારથી સંસારમાં રહેલા ને શુદ્ધ મુમુક્ષુ તેથી કંઈ સાધુ-સંત જ્યાં હોય ત્યાં બેસવા જાય.

એમ કરતાં કરતાં મુક્તાનંદસ્વામી ઓરડીમાં ગાયન કરતા હતા તેને સાંભળીને સ્વામી પાસે આવીને બેઠા. ને સ્વામીનું મધુર વાણીથી (યુક્ત) ગાયનને સાંભળી તથા સ્વામીની વાતો સાંભળીને બંને જણા સત્સંગી થાતા હતા. એવી રીતની સ્વામીની વાણીમાં હે મહારાજ, મધુરતા છે." એવી રીતે અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, "મેં મહારાજને કહ્યું." તેને સાંભળીને મહારાજ કહે જે, 'સ્વામી, તમે કહો છો એવું જ છે. સ્વામીની વાણીમાં મધુરતા બહુ છે ને **હે સંતો ! તમારે સર્વેને પણ આવી રીતની મધુરતા શીખવી પણ કઠોર વાણી બોલવા શીખવું નહીં. એ જ સાધુનું લક્ષણ છે."** એવી રીતે મહારાજે વાત કરી ને પછી આરતી થઈ તે દર્શને પધાર્યા. ને પછી થાળ જમીને પોઢી જાતા હતા ને સંત પણ જમીને સર્વે ઉતારા ઉપર જાતા હતા. ॥૨૧૫॥

૧.કાકાના દીકરા

૨૧૬. મહારાજે સર્વે સંતને શિક્ષાનાં વચન કહ્યાં તે વાત

અને એક સમે અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, "શ્રીજીમહારાજ એકાદશીને દિવસે વરતાલમાં ગોમતીજીને કાંઠે છત્રી છે ત્યાં સભા કરીને વિરાજમાન હતા. અને એકાદશીનો દિવસ તેથી સહુ સંતને ખજુરનું ફરાળ હરિભક્તોએ આપેલું. અને સર્વે સંત સભામાં બેઠા હતા. તે સમે કોઈ સંતને જોવામાં કંઈક ફેર પડ્યો હશે. તેથી મહારાજ સર્વે સંતને વઢતા થકા કહેતા હતા, 'જે આટલા દિવસથી અમે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, બ્રહ્મચર્ય – એ આદિકની ઘણીક વાતો કરીએ છીએ, તે અમારી સર્વે (વાતો) છૂટી પડી. ને અમે આટલા દિવસ તમારા ભેગા રહીને ઢૂંસાની પાંત મેલી[1] એવું થયું.

અને **મોર અમે ઘૂંઘટાનું વર્તમાન ફેરવ્યું હતું જે, 'લાલ લૂગડું દેખાય તો એક ઉપવાસ કરવો.' એવી રીતનું વર્તમાન ફેરવ્યું હતું. તે પ્રમાણે તમે સર્વે રહ્યા ને હવે તો આમ ચકળ-વકળ જોવાનું થયું છે, તેથી ન જોવાનું પણ જોવાય છે. તેથી કાગડાનો જન્મ આવશે."** એમ કહીને ઘણી બ્રહ્મચર્ય સબંધી વાત કરી. ને ખીજીને કહે જે, "હવે અહીં તમારી ભેગું રે'વું નથી." એવાં મહારાજનાં વચન સાંભળીને સર્વે સંત બહુ ઉદાસ થઈ ગયા. ને ખજુર જમે એવી સુરત રહી નહિ. ને સર્વેનાં નેત્રમાંથી આંસુ પડવાં લાગ્યાં. ને મનમાં એમ વિચાર કરવા લાગ્યા જે, 'આપણા સારુ મહારાજે બહુ દાખડો કર્યો તોપણ આપણા સ્વભાવ ટળ્યા નહિ.' એમ અપસોસ મનમાં કરતા જાય ને નેત્રમાંથી આંસુ પડતાં જાય. એવી રીતે એક અડધી કલાક સર્વે ઉદાસ થઈ ગયેલા.

તેમને જોઈને **રામદાસજીભાઈ** ઊઠ્યા ને એમ બોલવા લાગ્યા જે, "ન્યાય તો જુવો ન્યાય !" એમ કહેતાં કહેતાં મહારાજ પાસે ઊભા રહીને કહે જે, "હે મહારાજ ! બે જણે એકાદશી કરી. તેમાં એક જણો

૧.ઢૂંસા ધોકાવ્યા

તો લાડુ, રોટલી, વેડમી, મોતિયા લાડુ, જલેબી વિગેરે જમ્યો. ત્યારે તેને કહે જે, તારી એકાદશી તો સંપૂર્ણ થઈ. ને બીજેથી તો મોઢામાં ભૂલથી મગનો દાણો નંખાઈ ગયો ને ફાડ્ય થઈ એટલે એકાદશી સાંભરી, તેથી થુકી નાખ્યું. ત્યારે તેને કહે જે, તારી એકાદશી તો વટલઈ. એવો આ ભગવાનના ઘરનો ન્યાય થયો !" એવાં સ્વામીનાં વચન સાંભળીને મહારાજ કહે જે, "હે સ્વામી ! એ તો દૃષ્ટાંત પણ એનું સિદ્ધાંત જે હોય તે કહો."

ત્યારે રામદાસજીભાઈ કહે જે, **"બેટી કા બાપ સબ જાણતો હો."** ત્યારે મહારાજ કહે જે, "તમે કહો, અમે નથી જાણતા." ત્યારે સ્વામી કહે જે, "હે મહારાજ ! આ સંસારમાં રહે ને ખાનપાનાદિક વિષય ભોગવે, ને ફાવે ત્યાં જાય-આવે, એવી રીતે અનેક પ્રકારે હરે ફરે; તેને તો તમે એમ કહો છો જે, 'તમારે અક્ષરધામની પ્રાપ્તિ થઈ ચૂકી.' ને આ કોઈ બીચારા સંતને જોવાઈ ગયું હશે. ત્યારે તેને તમે એમ કહો છો જે, 'તમારે તો કાગડાનો જન્મ આવશે ?' એવી રીતે કહીને ખીજો છો. ત્યારે આ બધું સર્વે કર્યું તે વૃથા થઈ ગયું."

એવાં સ્વામીનાં વચન સાંભળીને મહારાજ ઘણું રાજી થઈને બોલ્યા જે, "હે સ્વામી ! તમે સર્વે સંત એમ ન સમજશો જે, 'આપણું સર્વે કરેલું ખોટું થઈ ગયું,' એમ નથી, પણ આ તો હું તમને વઢું છું તે કેની પેઠે ? તો જેમ નટ દોરડાં ઉપર ચઢીને રમત કરતો હોય ને હેઠે રહેલો જે નટ તે ઢોલકું વગાડતો જાય ને એમ કહે જે, 'તારી નાની મરી જાય જે નાબદુ નાબદુ.' એમ કહીને રમનારાને પોરહ[૧] ચઢાવે.

તેથી રમનારાના મનમાં એમ થાય જે, 'આ મારો બાપ મારી રમતને વખાણતો નથી તો બીજો કોણ વખાણશે ? માટે હવે હું એવી રમત કરું જે, મારો બાપ રાજી થાય ને સર્વે લોક પણ રાજી થાય.' એવો તે રમનારાને મનમાં પોરહ ચઢે છે. તેમ તમને સર્વેને આટલાં

૧.પાણી; ઉમંગ

મારાં વચન સાંભળીને તમારાં અંતઃકરણ કેવાં પાછાં વળી ગયાં !? ને તમારા મનમાં કેવી ઉદાસી થઈ ગઈ ? ને નેત્રમાંથી આસું પડવાં લાગ્યાં, ને એમ થયુ જે, 'આપણાથી મહારાજનાં વચન પ્રમાણે ના વર્તાયું,' ને કોઈ જાતનો ગર્વ પણ ના રહ્યો.

એવી રીતે હે સંતો ! તમે જે કર્યું એવું તો કોઈએ કર્યું નથી ને શું કામ ઉદાસ થઈને બેઠા છો ?" એમ કહીને કહે જે, "સર્વે ફરાળ કરો, ને **કોઈ વાતની મનમાં ચિંતા ધારશો નહિ ને અક્ષરધામ તો તમારા જ બાપનું છે. ને તમારાં દર્શન કરે અથવા તમને અન્ન આપે, જળ આપે, વસ્ત્ર આપે તો તે સર્વેનો મોક્ષ થાય તો તમારો થાય તેમાં શું કહેવું ?** એ વાતમાં કાંઈ સંશય નથી." એવી રીતે સંતને કહીને રાજી કરતા હતા. ॥૨૧૬॥

૨૧૭. મહારાજે બ્રહ્માનંદસ્વામીને પોષણ કરવાની શક્તિ આપી તે વાત

અને એક સમે શ્રીજીમહારાજ સભા કરીને લક્ષ્મીનારાયણ દેવના મંદિર કેડે વિરાજમાન હતા. તે સમે સર્વે સંતો પણ આવીને બેસતા હવા. તે સમે મહારાજ સર્વે સંતના મોઢા આગળ એમ વાત કરવા લાગ્યા જે, "આ બ્રહ્મા, વિષ્ણુ, શિવ, દશ દિગપાળ, શેષનારાયણ, પંચભૂત – એ સર્વેને ભગવાને એકવાર આજ્ઞા કરી છે, તે પ્રમાણે સર્વે વર્તે છે. ને બ્રહ્માને સરજવાની આજ્ઞા છે, ને શિવને સંહાર કરવાની આજ્ઞા છે, ને વિષ્ણુને પોષણ કરવાની આજ્ઞા છે તે પોષણ કરે છે; પણ સર્વેના કરતાં વિષ્ણુને કઠણ છે."

એવું સાંભળીને બ્રહ્માનંદસ્વામી કહે જે, "હે મહારાજ ! પોષણ શક્તિમાં શું કઠણ છે ?" ત્યારે મહારાજ કહે જે, "એ તમારાથી થાય તેમ નથી." ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે જે, "જેને તમે કહો તે કરે." ત્યારે મહારાજ કહે જે, "હે બ્રહ્માનંદસ્વામી ! તમે આ ત્રણ દિવસ

સુધી સર્વે જગતનું પોષણ કરો." એમ કહીને કહે જે, "અંતરજામી શક્તિ તમને આપી, ને પોષણશક્તિ પણ તમને આપી." એવી રીતે મહારાજે બ્રહ્માનંદસ્વામીને આજ્ઞા કરી.

તેથી બ્રહ્માનંદસ્વામી ત્રણ દિવસ સુધી સર્વે જગતનું પોષણ કરતા હતા. તેમાં એક પાપી હતો તેને ત્રણ દિવસથી અન્ન ન આપતા હતા. એ વાત જાણીને મહારાજ બ્રહ્માનંદસ્વામીને ચોથે દિવસે કહે જે, "સ્વામી, સર્વે જગતનું પોષણ કરી રહ્યા ?" ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે જે, "હે મહારાજ ! એક બહુ પાપી છે, તેને ત્રણ દિવસથી અન્ન આપ્યું નથી." એવું સાંભળીને મહારાજ કહે જે, "હે સ્વામી ! આટલા દિવસથી વિષ્ણુ આ જગતનું પોષણ કરે છે. તેમાં કોઈ પાપી હશે કે નહિ હોય ?" ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે જે, **"હું તો એવા પાપીઓને અન્ન ના આપું. અને લ્યો આ તમારી પોષણશક્તિ, મારે નથી જોઈતી."** એમ કહીને મહારાજને પોષણશક્તિ પાછી આપી.

ત્યારે મહારાજ કહે જે, "હે સ્વામી ! એ કામ કઠણ ખરું કે નહિ ?" ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે જે, "કઠણ ખરું !" અને સ્વામી તો મહાધર્મિષ્ઠ હતા, તેથી પાપીના ઉપર પોતાના અંગને લઈને કટાક્ષ રાખે પણ કાંઈ અસમર્થ નો'તા. આખા બ્રહ્માંડનું કામ કરી શકે એવા સમર્થ હતા. એવી રીતે શ્રીજીમહારાજ સભામાં વાત કરતા હતા. ને પછી થાળ થયો તે પોતે જમીને હરિમંડપમાં આવીને પોઢતા હવા. ॥૨૧૭॥

૨૧૮. લોઢવે લખુબા તથા બાલાનંદને તેડવા અદ્‌ભુતાનંદસ્વામી વગેરે સંતને મોકલ્યા.

અને વળી અદ્‌ભુતાનંદસ્વામી કહે જે, "એક દિવસે મહારાજે મને ને **કાહાનુડાનંદસ્વામી**ને બન્નેને **લખુબા ચારણ** તથા **બાલાનંદ** એ બન્નેને તેડવા સારુ અમને કહીને મોકલ્યા જે, મહારાજ કહે જે, 'તેણે

અમારી સેવા બહુ કરી છે. તેથી તમે બેય **લોઢવે** જઈને એ બેયને અહીં તેડી લાવો.' એવું કહીને અમને બેયને મોકલ્યા. તે અમે બેય લોઢવે ગયા, ને ત્યાં જઈને લખુબા તથા બાલાનંદને મહારાજ પાસે ગઢડે લાવવાનો ઘણો ઉદ્યમ કર્યો પણ તે બે તો ના આવ્યાં.

ત્યારે અમે બેય ત્યાંથી ચાલ્યા તે **ગોપનાથ** આવીને શિવનાં દર્શન કર્યાં. ને ત્યાં ગાદીએ બ્રહ્મચારી હતા તેને મળ્યા, ને તેમણે અમને જમાડ્યા. ને અમે એક રાત ત્યાં રહીને ત્યાંથી **ગઢપુર** આવ્યા. ને તે સમે મહારાજ અક્ષરઓરડીમાં વિરાજતા હતા. ને અમે દંડવત કરી પગે લાગીને મહારાજને સમીપે બેઠા. તે સમે મહારાજે અમને બધી વાત પૂછી. ત્યારે અમે કહ્યું જે, લખુબા ને બાલાનંદને (લાવવાનો) તો ઘણોય ઉપાય કર્યો પણ તે ના આવ્યાં.

ત્યારે મહારાજ કહે જે, 'તમે ગોપનાથ થઈને આવ્યા ?' ત્યારે મેં કહ્યું જે, હા મહારાજ ! ત્યારે મહારાજ કહે જે, 'ગોપનાથની ગાદીએ કોણ છે ?' ત્યારે મેં કહ્યું જે, બ્રહ્મચારી ગાદીએ છે. એવું મારું વચન સાંભળીને મહારાજ કહે જે, 'આપણે પણ ગાદીએ બ્રહ્મચારી જોઈએ.' એમ તે દિવસ વિચાર કરીને, થાળ થયો તે મહારાજ જમવા પધાર્યા. તે જમીને તૃપ્ત થઈને, જળપાન કરીને બધો થાળ અમને બન્નેને લાડુબા પાસે અપાવતા હતા. ને અમે બેય થાળ સાધુની જાયગામાં લઈ જઈને જમ્યા. ને તે રાત્રીએ મહારાજ પોઢી જાતા હતા. ॥૨૧૮॥

૨૧૯. મહારાજે બ્રહ્મચારીને ગાદીએ બેસાડ્યા તથા શુકસ્વામીની ઘણી પ્રકારે કરેલી વાત

અને બીજે દિવસે સવાર થયું એટલે નિત્યવિધિ કરીને મહારાજ લીમડા હેઠે સભા કરીને વિરાજમાન થયા હતા. તે સમે સર્વે સંત તથા હરિજન આવીને બેઠા, ને **વાસુદેવાનંદ બ્રહ્મચારી** પણ આવીને બેઠા. તેમને જોઈને મહારાજે એક ચાકળો મંગાવ્યો. તે ઉપર વાસુદેવાનંદ

બ્રહ્મચારીને બેસાડીને મહારાજે આરતી ઉતારી. તે સમે સર્વે સંત બ્રહ્મચારીને પગે લાગ્યા ને હરિજન પણ તેમને પગે લાગીને સૌ સભામાં બેઠા.

તે સમે મહારાજ કહે જે, "ગોપનાથની ગાદીએ બ્રહ્મચારી છે. ત્યારે આપણે આ બ્રહ્મચારી." એવી રીતે તે દિવસે બ્રહ્મચારીને મોટા કરતા હતા. અને તે બ્રહ્મચારી કેવા સમર્થ હતા ? તો જીવતા સુધી શ્વેતધર્મ[૧] પાળતા હતા.

અને તે દિવસે મહારાજે એક બીજી વાત કરી જે, "મહારાજ કહે જે, આ **શુકસ્વામી** બહુ મોટા સાધુ છે, ને અમારા કામમાં બહુ જ આવે છે. અને ડભાણ ગામના આ સ્વામી ને **એક બળદ** અમને શ્રીકૃષ્ણાર્પણ કર્યો હતો તે, ને એક **ડભાણિયો આંબો** તે બેય પણ અમારા કામમાં આવ્યા." એવી રીતે વાત કરીને સ્વામીનાં બહુ વખાણ કરીને કહે જે, **"જે દિવસથી અમારી પાસે સ્વામી રહ્યા છે તે દિવસથી ચઢતો ને ચઢતો રંગ છે, ને અમારાં ચરિત્ર-લીલા લખીને તથા અમારા કાગળ લખીને સ્વામીની આંગળી વાંકી થઈ ગઈ છે."**

એમ કહીને સ્વામીને કહે જે, "તમારી આંગળી ઊંચી કરીને સૌ સંતને દેખાડો." ત્યારે સ્વામીએ આંગળી દેખાડી. તેને જોઈને મહારાજ કહે જે, "આ તો મુક્તાનંદસ્વામી જેવા છે." એવી રીતે શુકસ્વામીનાં સભામાં વખાણ કરતા હતા. ને પછીથી પોતે જમવા સારુ પધાર્યા ને સંત પણ પોતાને ઉતારે જાતા હતા. ॥૨૧૯॥

૨૨૦. ગામ રોજકાના કાકાભાઈની વાત

અને વળી એક દિવસે શ્રીજીમહારાજે ગઢડામાં વાત કરી જે, "ગામ રોજકાના ગરાસિયા કાકાભાઈ હરિજન બહુ સારા હતા. તેમને દીકરા નહિ તેથી ઘરનાં મનુષ્યને કોઈ બ્રાહ્મણે કહ્યું જે, 'તમે

૧.લાલ લૂગડું દેખાય તો ઉપવાસ કરવાનો ધર્મ

પ્રભાસ પાટણ જાવ તો દીકરા થાય.' એવું સાંભળીને ઘરનાં મનુષ્યે ઘણી પ્રભાસ જવાની હઠ લીધી. તેથી કાકાભાઈ ઘરનાં મનુષ્ય સાથે પ્રભાસ ગયાં. ને ત્યાં જઈને આવતાં ગઢડે આવ્યાં ને ઉતારો કર્યો. ત્યાર પછી મહારાજનાં દર્શન કરીને મહારાજની ખબર પૂછી, ત્યાર પછી ઉતારે ગયાં.

અને પછી મહારાજે જાણ્યું જે, આ કાઠી એમની હાંસી કરશે. તેથી મહારાજ પ્રથમથી જ સુરા ખાચરને તથા મોકા ખાચરને કહે જે, "આ કાકાભાઈની તમે કોઈ હાંસી કરશો નહિ." એમ કહ્યું. તેને સાંભળીને તે કહે જે, "સારું." અને તે જ દિવસે સાંજની લીમડા નીચે સભા થઈ ને મહારાજ સભામાં વિરાજમાન થયા. તે સમે કાકાભાઈ પણ સભામાં આવીને બેઠા. ને તે જ વખતે સુરા ખાચરનો દીકરો નાથો ખાચર, સુરા ખાચરના ખોળામાં આવીને બેઠો.

તે જોઈને સુરો ખાચર કહે જે, "પેલો નાથો તો ના ગયો કાશી, ના ગયો કેદાર, ના ગયો ગયાજી, ના ગયો પ્રયાગરાજ, ના ગયો જગન્નાથ, ના ગયો ગોકુળ, ના ગયો મથુરા, ના ગયો દ્વારકા, ના ગયો પ્રભાસપાટણ કંઈયેય ન ગયો; ને બ્રહ્મા થવુંગો[1] તે સૃષ્ટિ સરજ સરજ કરે છે. રાંડના ભાગું જાવ, તમને કેટલાને હું રમાડું ?!" એવી રીતે પોતાના દીકારાની હાંસી કરીને કાકાભાઈની સભામાં હાંસી કરી. તેથી કાકાભાઈ સમજ્યા તેથી મુખ શ્યામ થયું અને મહારાજે પણ જાણ્યું.

તેટલાકમાં સંધ્યા આરતીનો સમય થયો ને સભા ઊઠી, ને મહારાજ આરતી કરીને અક્ષરઓરડીએ પધાર્યા. ત્યારે સુરો ખાચર તથા સોમલો ખાચર આદિક સર્વે કાઠી મહારાજની પછવાડે અક્ષર ઓરડીએ મહારાજની પાસે જઈને બેઠા. તે સમે મહારાજ બોલ્યા જે, "હે સુરા ખાચર, મેં તમને પ્રથમથી કહ્યું હતું જે, કાકાભાઈની મશ્કરી ના કરશો, તોય પણ તમે કરી."

૧.થયો અથવા નવરો

તે વાત સાંભળીને સુરો ખાચર કહે જે, "હે મહારાજ ! ગધીનો, માંગણનો હોય તે કાકાભાઈની મશ્કરી કરે, મેં તો મારા છોકરાની મશ્કરી કરી છે." એવાં સુરા ખાચરનાં વચન સાંભળીને મહારાજ કહે જે, "કાઠી ને કાગડો બેય બરોબર. કેમ જે, પોતાના છોકરાની મશ્કરી કરીને ગરાસિયાની મશ્કરી કરી ત્યારે છાલ[1] મેલ્યા." એવી રીતે મહારાજ ઠબકો દઈને પાછા સભામાં આવીને વિરાજમાન થયા. ને પોતાનાં ઐશ્વર્ય-પ્રતાપ સબંધી ઘણીક વાર્તા કરતા હતા. ને પછી પોઢવાનો સમય થયો એટલે અક્ષરઓરડીએ જઈને પોઢી જતા હતા.

અને પૂનમને દિવસે સવારમાં ઊઠીને પોતાનો નિત્યવિધિ કરીને સભામાં આવીને વિરાજમાન થયા. તે સમે સર્વે સંત તથા હરિભક્તો સભામાં આવીને બેઠા. તે સમે કાકાભાઈ સભામાં આવીને બેસતા હતા. તેને જોઈને મહારાજે કાકાભાઈને ઘણીક ભગવાનના નિશ્ચય સબંધી વાર્તા કરી. તે સર્વે વાર્તા વિક્તિએ સહિત પ્રથમ પ્રકરણના ૭૦ના વચનામૃતમાં લખી છે. ॥૨૨૦॥

૨૨૧. ગઢપુરના કુસંગી હીમરાજ શા શ્રાવકની વાત

અને વળી એક સમે ગઢપુરને વિષે શ્રીજીમહારાજ વિરાજમાન હતા. તે સમે જીવા ખાચર પોતાના દરબારમાં શ્રીમદ્‌ભાગવતની કથા કરાવતા હતા. તે વાત સાંભળીને મહારાજ કથા સાંભળવા સારુ વે'લા ઊઠીને નિત્યવિધિ કરીને ત્યાં જાતા હવા તે દરરોજ જાતા હતા. તેમાંથી એક દિવસે કથા સાંભળીને આવતા હવા તે ભેળા જીવા ખાચર પણ હતા. તે આવતાં બજાર આગળ **હીમરાજ શા**ની દુકાન છે ત્યાં આવ્યા. ને હિમરાજ શાને દેખીને મહારાજ જીવા ખાચરને કહે જે, "હે જીવાખાચર, આ હીમરાજ શાહ મારાં દર્શન કોઈ દિવસ કરતા નથી." એમ મહારાજ કહેતા હતા. એવાં મહારાજનાં વચન સાંભળીને

૧.હઠ; કેડો

જીવો ખાચર કહે જે, "હે મહારાજ ! તમે કહો તો એને પગે ઝાલીને ફગાવી દઉં, તે ઘેલામાં જઈને પડે, ને કહો તો તમારાં ચરણારવિંદ વિષે નાખું." ત્યારે મહારાજ કહે જે, "એ તો કોઈ દિવસ અમારાં દર્શન કરશે." એમ કહીને ત્યાંથી દરબારમાં આવ્યા.

અને એક દિવસ કથા સાંભળીને સાંજના એકાએકી દાદા ખાચરના દરબારમાં આવતા હતા. તે આવતાં આવતાં હીમરાજ શાની દુકાન આગળ આવ્યા. તે સમે બે સાંઢિયા લડતાં લડતાં મહારાજના ભણી આવ્યા. તેથી મહારાજ હીમરાજ શાની દુકાન ઉપર ચઢી ગયા. તે સમે હીમરાજ શાહે બેસવા સારુ મહારાજને આસન આપ્યું ને કહે જે, "આવો, પધારો મહારાજ !" એવાં વચન સાંભળીને મહારાજ કહે જે, "હે હીમરાજ શા, અમે તમને અંત સમે તેડવા આવશું. કેમ જે, તમે અમારો આદર કર્યો. માટે અમારે તમારું અંત સમે રાખવું પડશે." એમ કહીને મહારાજ દુકાનેથી ઊતરીને દરબારમાં આવ્યા.

ને ત્યાર પછી હીમરાજ શા અપાસરામાં ગયા ને જઈને ત્યાં ગોરજીને વાત કરી જે, "મારે સ્વામિનારાયણનાં દર્શન ન કરવા એવો નીમ હતો તોપણ આજ તો સ્વામિનારાયણનાં દર્શન થઈ ગયાં. માટે હવે તમે કહો તેમ કરું ?" ત્યારે ગોરજી કહે જે, "પંદર દિવસની રેણકી[1] રાખો એટલે તમારે પ્રાયશ્ચિત થઈ રહ્યું." ત્યારે હિમરાજ શાહે તેમ કર્યું.

ત્યાર પછી દશેક દિવસ ગયા ને હીમરાજ શાહને એવો સખત તાવ આવ્યો. તેથી ઉઠાય-બેસાય એવું રહ્યું નહીં. તેથી એમના ભત્રીજાઓ ઉપાડીને ઘરે લઈ ગયા. અને ગોરજીને બોલાવ્યા. ને કહે જે, "અમારા કાકાને સુખ થાય એવું પુસ્તક વાંચો." ત્યારે ગોરજીએ એમના સંપ્રદાયનું પુસ્તક વાંચવા માંડ્યું. તે જેમ જેમ વાંચતા જાય તેમ તેમ દુઃખ વધતું જાય, પણ શાંતિ થાય નહીં. ને તે સમે ચાર જમ આવ્યા ને આવીને હીમરાજ શાને મારવા માંડ્યા.

૧.ઉપવાસ

તેથી હીમરાજ શાહે મહારાજને મનમાં સંભાર્યા ને એમ વિચાર કરવા મંડ્યા જે, "સ્વામિનારાયણે દુકાન ઉપર કહ્યું હતું કે, 'અમે તમારી અંત વખતે સહાય કરશું' પણ તે તો હજુ સુધી કાંઈ ખબર લેતા નથી. તે ખોટું કહ્યું હશે કે સાચું કહ્યું હશે ? ને જો સાચું હોય તો આ સમે આવવું જોઈએ." એવું સમરણ કર્યું.

તે સમે બે સંત આવ્યા ને હિમરાજ શાને દર્શન દીધાં. ને પેલા જમને કહે જે, **"તમે કેમ આ જીવને લેવા આવ્યા છો ? ને એને મારો છો શા સારુ ?"** ત્યારે જમ કહે જે, "એ કાંઈ તમારો હરિભક્ત નથી, અને એને લેતાં તમે શું કામ વારો છો ? ને એને તો મારી મારીને શ્વાસ કાઢશું. કેમ જે, એણે સ્વામિનારાયણનાં દર્શન કર્યાં નથી. તેથી અમે એને જમપુરીમાં લઈ જઈશું." એવાં જમનાં વચન સાંભળીને સંત કહે જે, "હે જમો, તમે એને મૂકીને જાવ."

ત્યારે જમ કહે જે, "અમે એને લીધા વિના નહિ જાઈએ." એવાં વચન સાંભળીને સંતે જમને ગળે ઝાલીને ધકાટીને[1] બાયણે કાઢ્યા. તે નીકળવાનું બારણું ખડકીનું સાંકડું તે જમનો ધક્કો વાગ્યો તેથી વંડો પડી ગયો ને પગતું થયું ને જમ જતા રહ્યા. તે વાત સર્વે હિમરાજ શાહે દેખી. ને 'સ્વામિનારાયણ ભગવાન છે' એવો નિશ્ચય થયો. ને સંતનાં દર્શન થયાં તેથી દુઃખની શાંતિ થઈ.

ત્યાર પછી કહે જે, **"મારો ખાટલો ચાર જણ થઈને ઉપાડો, ને મારે દાદા ખાચરના દરબારમાં સ્વામિનારાયણને દર્શને જાવું છે."** તે વાત સાંભળીને બધા ઢુંઢિયા ભેગા થઈને કહે જે, "આપણે તો શ્રાવકના ધર્મમાં મુખ્ય કહેવાઈએ, તેથી આપણે ત્યાં જવાય નહીં."

ત્યારે હીમરાજ શાહ કહે જે, "અમારે તો ત્યાં જાવું જ છે. તમે ના પાડશો તોય જાવું છે." એવાં શેઠનાં વચન સાંભળીને બીજા શ્રાવક કહે જે, "ચાર જણ કોઈ સ્વામિનારાયણની સામું ના

૧.ધક્કો મારીને

જુવે એવા ઊઠો, ને ખાટલો ઉપાડીને દરબારમાં લઈ જાવ." પછી ચાર જણે ખાટલો હીમરાજ શાનો ઉપાડ્યો ને દરબારમાં લાવ્યા. તે સમે મહારાજ શ્રીવાસુદેવનારાયણના ઓરડાની ઓસરીએ આથમણે મુખારવિંદે વિરાજમાન થયા હતા. તે સમે હીમરાજ શાનો ખાટલો લાવીને મહારાજના સામો મેલ્યો.

તે સમે હીમરાજ શા પગે લાગીને કહે જે, "હે મહારાજ ! તમોએ મારી રક્ષા કરી ને બે સાધુ તમે મોકલ્યા, ત્યારે મને જમ મારતા હતા તેમની પાસેથી તે સાધુએ મને મેલાવ્યો. ને સાધુએ જમને ગળે ઝાલીને ધકાટીને મારા ઘરથી બારણે કાઢ્યા. તે સમે જમનો ધક્કો વાગ્યો તે મારી ખડકી પડી ગઈ. ને તમોએ મારા હાટ ઉપર કહ્યું હતું જે, 'અમે તમારી અંત સમે રક્ષા કરીશું.' તે તમોએ મારી રક્ષા કરી." એવું સાંભળીને મહારાજ કહે જે, "હે હીમરાજ શા, તમે ખોટું બોલો છો."

ત્યારે હીમરાજ શા કહે જે, "હે મહારાજ ! હું જો ખોટું બોલતો હોઉં તો મારી વંડી પડી ગઈ છે તે જોવા સારુ સાધુને મોકલો." એમ કહ્યું. તેથી મહારાજે સાધુને તથા પાર્ષદને તથા હરિભક્તો વિગેરેને જોવા સારુ મોકલ્યા. તેમની સંગાથે કેટલાક કુસંગી પણ જોવા સારુ ગયા ને તે સર્વે જોઈને પાછા આવ્યા. ને મહારાજને કહે જે, "હે મહારાજ ! વંડી તો પડી ગઈ છે." ત્યારે મહારાજ કહે જે, "તમે ખોટું બોલો છો." ત્યારે બીજા કુસંગી બોલી ઊઠ્યા કે, "હે મહારાજ, સાચી વાત છે, વંડી પડી ગઈ છે." ત્યારે સાચી વાત થઈ.

તે સમે હીમરાજ શા મહારાજને કહે જે, "હે મહારાજ ! સવારે મારે ઘેર જમવા સારુ સંતે સહિત પધારજો ! ને સવારે મારી રસોઈ છે." એવાં વચન સાંભળીને મહારાજ કહે જે, "તમારે ઉપાધિ થાશે." ત્યારે હીમરાજ શા કહે જે, "કાંઈ નહિ થાય." ત્યારે મહારાજ કહે જે, "સારું, સવારે આવશું." તે સમે જીવો ખાચર ત્યાં બેઠા હતા. તેમને જોઈને મહારાજ કહે જે, "હે જીવા ખાચર, તમે કે'તા

હતા જે, 'પગે ઝાલીને ફગાવું ને ઘેલામાં પડે, નહિ તો તમારાં ચરણારવિંદમાં નાખું.' એમ તમે કે'તા હતા, પણ આ તો ફગાવ્યા વિના ચરણારવિંદમાં પડ્યા."

એવું સાંભળીને જીવો ખાચર કહે જે, **"તમે તો સર્વે જગતકર્તા છો, સર્વે જગતના નિયંતા છો. જેમ ખેડું બળદને નાથે બાંધીને દોરે તેમ દોરાય, તેમ આ જગત સર્વેનાં નાડીપ્રાણ તમારે હાથ છે, તે જે પાસે લઈ જાવ તેમ જાય. એવો મારા મનને વિષે નિશ્ચય છે."** એમ કહી રહ્યા. ત્યાર પછી હીમરાજ શા મહારાજને પગે લાગીને સવારની રસોઈનું નક્કી કરીને ખાટલો ઉપડાવીને પોતાને ઘરે આવ્યા. ને ઘરે આવીને પોતાનાં સર્વે સંગાં-વહાલાંને વાર્તા કહી ને રસોઈનો સામાન સર્વે તૈયાર કરાવા માંડ્યો.

તે સમે સર્વે શ્રાવક ભેગા થઈને એમની પાસે આવ્યા, ને કહે જે, "તમે તો આપણી નાતમાં મોટેરા કે'વાવ. માટે એ વાત થાય નહિ ને રસોઈ અપાય નહિ." ત્યારે હીમરાજ શા કહે જે, "એ તો મારે કરવું જ." એમ એ સર્વે શ્રાવકની વાત ના માની. ત્યારે બે-ચાર ગામનું માજન ભેગું કરીને તેમની પાસે કે'વરાવ્યું ને ના પડાવી તોપણ ન માન્યું ને સવારે રસોઈ કરાવા માંડી. ને રસોઈ તૈયાર થઈ એટલે મહારાજને બોલાવ્યા, એટલે મહારાજ સંતે સહિત પધાર્યા ને સંતની પંગત થઈ.

તે સમે મહારાજ પોતે પીરસવા સારુ પધાર્યા ને સર્વે સંતને લાડુ પીરસ્યા. ને પીરસતાં પીરસતાં જ્યાં ભીમો ને ખેતો જમવા સારુ બેઠા હતા ત્યાં આવીને ખેતાના પનવાડામાં બે લાડુ મહારાજે મેલ્યા. તે બે લાડુ ગબડીને બહાર નીકળી ગયા. તેને ખેતે લઈને પાછા પનવાડામાં મેલ્યા. તે જોઈને મહારાજ કહે જે, "ખેતા, ગબડી ગયેલા લાડુ કેમ પતરાળામાં મેલ્યા ?" ત્યારે ખેતો કહે જે, **"હે મહારાજ ! આ પ્રસાદ તો બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ઈન્દ્રાદિક દેવને પણ મળવો મહા મોંઘો છે,**

એવો આ પ્રસાદ છે તેમ જાણીને મેં લીધો."

એવાં ખેતાનાં વચન સર્વે મહાજન લોકો જોવા સારુ આવીને બેઠા હતા તેમણે સાંભળ્યું. તેથી મનમાં એમ વિચાર કરવા લાવ્યા જે, **'આ તો સાક્ષાત ૠષભદેવ છે.'** એવો મહારાજનો નિશ્ચય મહાજન લોકો કરતા હતા. ને પછી પોતે પોતાને ગામ ચાલ્યા ગયા. એવી રીતે પોતાનું ઐશ્વર્ય-પ્રતાપ સર્વે મહાજનને જણાવતા હતા. ॥૨૨૧॥

૨૨૨. ઘેલાનદીમાં પૂર આવ્યું તેથી એક મહિનો સાવકોને ઘેલામાં નવરાવ્યા તે વાત

અને વળી કોઈક સમે શ્રીજીમહારાજ ગઢડામાં વિરાજમાન હતા ને વરસાદ બહુ જ થયો. એટલે ઘેલા નદીમાં બહુ જ પૂર આવ્યું. ને પાણી ગામમાં પેઠું ને ઘરાં તણાવાં માંડ્યાં ને પડવાં માંડ્યાં. ને મહારાજ તથા **મૂળજી બ્રહ્મચારી** તથા **દાદા ખાચર** એ આદિક સર્વે હરિજન ઘેલાને કાંઠે ઊંચે ટેકરે જઈને બેસતા હતા. ને ગામના ઢુંઢિયા વાણિયા એ સર્વે મહારાજ પાસે આવીને એમ કહેતા હતા જે, "આ તો પાણી બહુ આવે છે, તે ગામ તણાઈ જાશે." ત્યારે મહારાજે આજ્ઞા કરી એટલે મૂળજી બ્રહ્મચારી નાળિયેર-ચુંદડી લઈને નાખવા ગયા. એટલે પાણી સામું ઊછળીને બ્રહ્મચારીને પલાળતું હતું.

પછી મહારાજ કહે જે, **"ગામધણી જે દાદા ખાચર તે નાળિયેર, ચુંદડી નાખે તો નદીનું પાણી પાછું હઠે."** ત્યારે દાદા ખાચર નાળિયેર, ચુંદડી નાંખવા ગયા એટલે સામું વધારે પાણી ઊછળીને દાદા ખાચરનાં વસ્ત્ર પલાળતું હતું.

પછી મહારાજ એમ બોલ્યા જે, "જગતમાં જે ઘેલો હોય તે સમજાવ્યો સમજે નહિ, તેને તો કાંઈક આપવાનું કરીએ ત્યારે સમજે. તેમ આનું નામ ઘેલો છે, તે એને કાંઈક આપણે સર્વે આપવાનું કરીએ ત્યારે માને. તે આપણે સર્વે એમ નિયમ લ્યો જે, 'એક માસ સુધી આ

ઘેલામાં સવારમાં સૌને નહાવું." એવી રીતે નિયમ આપીને ઢુંઢિયાને એક માસ પર્યંત નવરાવ્યા. ને પોતે શ્રીજીમહારાજ સર્વે સંતે સહિત ઘેલા નદીમાં દિવસ ઊગ્યા પહેલા સ્નાન કરવા પધારતા હતા. એવી રીતે ઘણીક લીલાઓ કરતા હતા. ॥૨૨૨॥

૨૨૩. મૂળજી બ્રહ્મચારીની ધીરજતાની વાત

અને વળી ગામ **ભાદરા**માં મૂળજી બ્રહ્મચારી મહારાજના પે'રવાના જોડા ચોપડતા હતા. તે **વસરામ સુતાર** તેમની પાસેથી બળાત્કારે લઈને ચોપડવા મંડ્યા. ને મહારાજ ઓરડામાંથી બહાર આવ્યા. તેને જોડા ચોપડતાં જોઈને બોલ્યા જે, "વસરામ, કેના જોડા ચોપડો છો ?" ત્યારે તે ન બોલ્યા.

પછી મહારાજ કહે જે, "અલ્યા બ્રહ્મચારી, તું જોડા ચોપડાવ છો કે ?" ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, "મેં તો ઘણીયેય ના પાડી તોય બળાત્કારે મારા હાથમાંથી લઈને ચોપડવા મંડ્યા છે." ત્યારે મહારાજ કહે જે, "આજથી જોડા પે'રે તો હરામ ખાય." ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, **"સાત વાર હરામ ખાઉં, આજથી જોડા પહેરું તો."**

પછી વળી કોઈક દિવસે બ્રહ્મચારીને વાંકમાં લાવીને, મહારાજે ઘી-ગોળ ખાવાની પણ બંધી કરી ને પોતાની સેવામાંથી પણ દૂર કરતા હતા. ત્યારે બ્રહ્મચારી ત્યાંથી **ડભાણ**માં **રામદાસજીભાઈ** ભેળા રહેતા હતા. પછી કોઈ દિવસ રામદાસજીભાઈ ડભાણિયા આંબાની પાકી દોઢ મણ કેરીનો ટોપલો તૈયાર કરીને બોલ્યા જે, "આ મહારાજ પાસે કોણ લઈ જાશે ?" ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, "લાવો હું લઈ જાઉં." પછી તે ઉનાળાના તાપમાં સાઠ ગાઉ ઉપાડીને **ગઢડે** લાવ્યા. ને બ્રહ્મચારીએ કેરીનો ટોપલો મેલીને મહારાજને પગે લાગીને 'જય સ્વામિનારાયણ' કહ્યા તોય મહારાજ બોલ્યા નહિ, ને બ્રહ્મચારીને જય સ્વામિનારાયણ (પણ) કહ્યા નહીં.

પછી બ્રહ્મચારી ગામમાં જઈ સુતારણબાઈને ઘેર ઊતર્યા. ત્યારે તે સુતારણબાઈ બોલી જે, "બ્રહ્મચારી, કેમ હમણાં જણાતા નથી ?" ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, "મહારાજ મને ક્યાં પાસે રહેવા દે છે, છ મહીનાથી કાઢી મેલ્યો છે. ને હું આવા તાપમાં સાઠ ગાઉથી દોઢ મણ કેરીનો ટોપલો ઉપાડી લાવ્યો તોપણ મહારાજ બોલ્યા નહિ ને નારાયણ પણ કહ્યા નહિ."

ત્યારે સુતારણબાઈ દરબારમાં મહારાજ પાસે આવીને બોલવા મંડી જે, "હે મહારાજ ! આવા નમેરા[1] કેમ થયા છો ? જે ઓલ્યા બાપડા બ્રહ્મચારી સાઠ ગાઉથી દોઢ મણ કેરીઓનો ટોપલો ઉપાડીને તાપમાં અડવાણે[2] પગે આવ્યા. તેને તમે બોલ્યા નહિ ને નારાયણ કહ્યા નહિ ?!" પછી મહારાજ બોલ્યા જે, "હે ડોસી, બ્રહ્મચારીને સીધું આપજે." પછી તે ડોસીએ બ્રહ્મચારીને પાકું સીધું આપ્યું એટલે બ્રહ્મચારી કેવળ રોટલા કરીને જમ્યા. ત્યારે ડોસી બોલી જે, "કેમ બ્રહ્મચારી, ઘી-ગોળ પડ્યું મેલ્યું ને કેવળ રોટલા જમ્યા ?" ત્યારે બ્રહ્મચારી કહે જે, "ક્યાં ખાવા દે છે ? છ મહીનાથી બંધ કર્યું છે."

પછી બ્રહ્મચારીએ આવીને રસ કાઢીને તૈયાર કર્યો. ને રસોઈ તૈયાર થઈ એટલે મહારાજ જમવા પધાર્યા ને ઓરડામાં જમવા બેઠા. તે રોટલી જમતા જાય ને બ્રહ્મચારી સામું જોતા જાય. ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, "ભાઈ, મહારાજ એકલી રોટલી જમે છે તે કોઈક હો તો રસ આપો, ને વળી હું આપીશ તો રિસાશે ને જમશે નહિ." ત્યારે મહારાજ બોલ્યા જે, "બ્રહ્મચારી, તમે જ લાવોને !" ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, "મહારાજ, હું તો તૈયાર છું."

પછી બ્રહ્મચારીએ મહારાજને રસ આપ્યો. પછી રસ-રોટલી મહારાજ જમતા હતા. પછી વળી સાંજને સમે મહારાજ સભામાં આવીને વિરાજમાન થયા ને એમ બોલ્યા જે, "પ્રાગજી, તું ને આ

૧.નિર્દય ૨.ઉઘાડા પગે

બ્રહ્મચારી બાથોબાથ આવશો ?" ત્યારે તે બોલ્યા જે, "હા." પછી તે બે બાથોબાથ આવ્યા. ત્યારે બ્રહ્મચારીએ પ્રાગજીને પાડી નાખ્યા. ત્યારે પ્રાગજી બોલ્યા જે, "હું દુખાણો, તે ફરીને બાથોબાથ આવો."

પછી તે ફરી આવ્યા એટલે પ્રાગજીએ આંટી નાખીને બ્રહ્મચારીને પાડી નાખ્યા. એટલે મહારાજ બોલ્યા જે, "પ્રાગજીએ દગો કરીને બ્રહ્મચારીને પાડી નાખ્યા." એમ કહીને મહારાજે બ્રહ્મચારીને હેઠળ(થી) કાઢીને પ્રાગજીની ઉપર કર્યા. ને પછી મહારાજ બોલ્યા જે, "જુવોને, બ્રહ્મચારીને છો મહીનાથી ઘી-ગોળ બંધ કર્યાં છે તોય પ્રાગજીને બ્રહ્મચારી જીત્યા; ને પ્રાગજી તો પાંચ શેર દૂધમાં શેર એક સાકર નાખીને કઢીને સવારમાં પીવે છે ને શેર ઘીનો લાડુ જમી જાય છે એટલું જો બ્રહ્મચારીને જમાડ્યું હોય તો પ્રાગજીને જીતવા ન દે."

પછી બ્રહ્મચારીને કહ્યું જે, **"હવે તમે અમારી સેવામાં રહો." ત્યારે તે બોલ્યા જે, "હું તો તૈયાર છું." પછી બ્રહ્મચારી સેવામાં રહ્યા. કે'વાનું શું ? જે, આટલું અપમાન કર્યું તોય સત્સંગમાંથી પડ્યા નહિ, તેમ બીજાએ ન પડવું.** ॥૨૨૩॥

સદ્‌ગુરુ શ્રીઅદ્‌ભુતાનંદસ્વામીની વાતો
સમાપ્ત



સંતનાં પ્રકરણ - ૧૧૪

શ્રીજીમહારાજ વનમાંથી લોજ પધાર્યા અને મુક્તાનંદસ્વામી તથા રામાનંદસ્વામીને મળ્યા. પછી પરમહંસને જુદાં જુદાં પ્રકરણ ફેરવીને વર્તાવ્યા તેની યાદી...શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

લોજમાં ભાઈયો તથા બાઈયોની સભા નોખી પાડીને કહ્યું કે, પરમહંસને બાઈ સાથે બોલવું નહીં. ॥૧॥ બે બે જણને ધ્યાનમાં સામસામે બેસાડતા. તેમાં ઊંઘવું નહીં તથા સંકલ્પ ના કરવો. ॥૨॥ લોજમાં પાંચ-પાંચને ધ્યાનમાં બેસાડતા. તેમાં કાંઈ જોવું નહીં તથા બોલવું નહીં. ને જેને નિદ્રા આવે તેને દડાથી અથવા છડી અડાડીને જગાડતા. ॥૩॥ યોગ-ધારણા શીખવાનું. ॥૪॥ અષ્ટાંગયોગની ક્રિયા શીખવી. ॥૫॥ માણસો તથા પશુ-પક્ષી વગેરેને સમાધિ કરાવવાનું. ॥૬॥ શીરો-પૂરીનું સદાવ્રત દેવું ને પોતે લવિંગિયા મરચાં તથા મીંઢીઆવળ જમતા અને સાધુને રોટલા જમાડતા. ॥૭॥ મંડળ દીઠ ઠાકોરજીની સેવા રાખવી. ॥૮॥ પરમહંસ કરવાનું. ॥૯॥ ભિક્ષા માગતા જે આવે તેના ગોળા કરીને ખાવાનું. ॥૧૦॥

મન માગે તે ના આપવું. ॥૧૧॥ રાત્રીએ વગડે એક એકનો શબ્દ ન સંભળાય તેમ રહેવું. ॥૧૨॥ શિયાળામાં પાણીમાં શ્રદ્ધા પ્રમાણે બેસવું. ॥૧૩॥ શરીરે ખંજોળ આવે તોપણ ખંજોળવું નહીં. ॥૧૪॥ ખટરસ ન ખાવાનું. ॥૧૫॥ શરીરે સર્પ-વીંછી ચડે તોય બેસી રહેવું. ॥૧૬॥ માથે લૂગડું ઓઢે ને બીજો દોરે એમ ઘૂંઘટાનું. ॥૧૭॥ મટકું જીતવાનું. ॥૧૮॥ ઉઘાડે પગે ચાલવું. ॥૧૯॥ ગાડા વિગેરે વાહને ન બેસવાનું. ॥૨૦॥

સારી ભિક્ષા મળે ત્યાં ફરી ન જાવાનું. ॥૨૧॥ ઊંઘ આવે તો પાલી (સવા કીલો) દાણા દળવાનું. ॥૨૨॥ ઝોલું આવે તો ટાઢે પાણીએ નાવાનું. ॥૨૩॥ ઓઠિંગણ દઈને બેસવું નહીં. ॥૨૪॥ ઝાડ તળે બેસવું નહીં. ॥૨૫॥ ઓઘા વિગેરે કોઈ પદાર્થનો આશરો લેવો નહીં. ॥૨૬॥

નાતાં નાતાં શરીરે હાથ ફેરવવો નહીં. ॥૨૭॥ સંકલ્પ ઓળખીને ક્રિયા કરવાનું. ॥૨૮॥ જે વસ્ત્ર પોતાને ગમે તે બીજાને આપી દેવું. ॥૨૯॥ નિર્જળા એકાદશી કરવી. ॥૩૦॥

એકાદશીના ઉપવાસને દિવસે બહુ તરસ લાગે તો એક પળી (પાશેર) પાણી પીવું. ॥૩૧॥ રાત્રીના ચાર પો'ર એકાદશીનું જાગરણ કરવું. ॥૩૨॥ અઢી હાથનો એક હજુરિયો પહેરવો. ॥૩૩॥ કોપીન એક રાખવી. ॥૩૪॥ ગોદડી ત્રણ પડની રાખવી. ॥૩૫॥ મુમતી બાંધવાનું. ॥૩૬॥ સાત ધાતુને અડે તો પચીસ વાર હાથ ધોવાનું. ॥૩૭॥ જે વસ્તુ મળે તે એક વાર પંક્તિમાં ખાવી. ॥૩૮॥ રુદ્રાક્ષનો મણકો બાંધવાનું. ॥૩૯॥ દીગંબર રહેવાનું. ॥૪૦॥

હાર પહેરવાનું. ॥ ૪૧॥ સ્ત્રીનું લાલ વસ્ત્ર દેખાય તો ઉપવાસ કરવો. ॥૪૨॥ ગુરુની આજ્ઞા વિના દર્શને આવે તો કાઢી મૂકવા. ॥૪૩॥ ગુરુની આજ્ઞાએ આવે તેને દર્શન આપવા. ॥૪૪॥ ઉત્થાન ઓળખીને ક્રિયા કરવાનું. ॥૪૫॥ હરિ ઈચ્છાએ આવે તે એક વાર ગોળા વાળીને જમવાનું. ॥૪૬॥ અગ્નિએ તાપવું નહીં. ॥૪૭॥ અગ્નિને અડવું નહીં. ॥૪૮॥ પચ્ચીસ વરસનો હોય તેની કહેલી વાત સાચી ના માનવી. ॥૪૯॥ ઊતરતાને સંસ્કૃત વિદ્યા ના ભણાવવી. ॥૫૦॥

આસન જીતવું. ॥૫૧॥ સંન્યાસી ના કરવા. ॥૫૨॥ મંડળ ઉપર મંડળ ના જાય. ॥૫૩॥ જે સામું આવે તેને ભગવાનની બુદ્ધિ રાખીને નમસ્કાર કરવો. ॥૫૪॥ મારગમાં હરિજનને જાળવીને ચાલવું. ॥૫૫॥ કોઈ પદાર્થ બધાની પાસે માગવું નહીં, મોટાની પાસે માગવું. ॥૫૬॥ કોઈ અપમાન કરે તે સહન કરવું. ॥૫૭॥ મોટી મોટી બાઈયો એક પૈસા ભાર અન્ન જમે. ॥૫૮॥ પાશેર અન્ન જમવાનું. ॥૫૯॥ દાદા ખાચરના દરબારમાં આજ્ઞા વિના ના જાવું. ॥૬૦॥ પદાર્થનો સંગ્રહ ના કરવો. ॥૬૧॥ ધોડવું નહીં. ॥૬૨॥ ઝાડ ન રોપવાં. ॥૬૩॥ પશુ ન રાખવાં. ॥૬૪॥ રાત્રીએ ન ચાલવું. ॥૬૫॥ ઘસીને પગ ન ધોવા.

॥૬૬॥ ભગવાનનાં પદ ગાઈને પંક્તિમાં જમવા બેસવું. ॥૬૭॥ જમતાં જમતાં બીજું બોલવું નહીં. ॥૬૮॥ દેશમાં ફરવા જાવું ત્યાં કાચી રસોઈ લેવી. ॥૬૯॥ ગઢડામાં સાકર લાવે તે જમવી. ॥૭૦॥

દેશમાં ફરવા જાય ત્યાં સન્માન થાય એટલે ગામ બદલવું. ॥૭૧॥ ઔષધ ન ખાવું. ॥૭૨॥ ભૂત-પ્રેત, મૂઠ-ચોટ, વાઘને દેખીને બીવું નહીં. ॥૭૩॥ પૈસા ઉપર ઝાડે ફરાવ્યા. ॥૭૪॥ ગ્રામ્યવાર્તા ન કરવી ને ન સાંભળવી. ॥૭૫॥ વાતો કરીને સત્સંગ કરાવવાનું. ॥૭૬॥ નિત્ય એક જણને વર્તમાન ધરાવવાં ને કોઈ વર્તમાન ન લે તો એક લીલા ઝાડને વર્તમાન ધરાવીને પછી ભિક્ષા જમવાનું. ॥૭૭॥ નિત્ય ઝોળી ફેરવીને ભિક્ષાવ્રત્તિ કરવાનું. ॥૭૮॥ નિત્ય મેળવીને જમવાનું. ॥૭૯॥ નિત્ય જડભરતની વાત કરવાનું. ॥૮૦॥

નિત્ય દેહની નિંદા કરવાનું. ॥૮૧॥ ઘર મૂકીને ત્યાગીને દર્શને ગૃહસ્થને આવવું. ॥૮૨॥ જ્યાં આસન કર્યું હોય ત્યાં પાછું આસન કરવું નહીં. ॥૮૩॥ પાથર્યા વિના પૃથ્વી ઉપર સૂવું. ॥૮૪॥ સૂતા પછી જગાય તો ફરીને સૂવું નહીં. ॥૮૫॥ સૂતા પછી જગાય ત્યાર પછી લાંબો પગ કરવો નહીં. ॥૮૬॥ આત્માનો નિત્ય વિચાર કરવાનું. ॥૮૭॥ પરમેશ્વરની પ્રાર્થના કર્યા વિના સૂવું નહીં. ॥૮૮॥ ધનુષવા દૃષ્ટિ નીમમાં રાખીને ચાલવું. ॥૮૯॥ પ્રકૃતિ-સ્વભાવનું ત્યાગ કરવાનું. ॥૯૦॥

ભેગા થઈને કીર્તન ગાતાં ગાતાં જમવા જાવું. ॥૯૧॥ ઉપવાસ કરતે હારી ના જાવું. ॥૯૨॥ રાંધેલું અન્ન ન ખાવું ને કાચું-કોરું ખાવું. ॥૯૩॥ વચન પ્રમાણે વર્તવાનું. ॥૯૪॥ હરિજનને કોઠીને સાણેથી દાણા કાઢવા. ॥૯૫॥ દિવસ ઊગ્યા પહેલાં ટાઢે પાણીએ નાવાનું. ॥૯૬॥ પોતપોતાની ભિક્ષા જમીને ભેગા થાવું. ॥૯૭॥ ક્રોધ જેને આવે તેને ક્રોધ ઊતરે ત્યાં સુધી બીજા હાડ હાડ કરે. ॥૯૮॥ સાધુનું મંડળ આવે ત્યારે દંડવત કરવાનું. ॥૯૯॥ મોટા સાધુ આવે ત્યારે ઊભા થાવાનું. ॥૧૦૦॥

ઉર્ધ્વવાયુ(ઓડકાર) છૂટે તો પચ્ચીસ દંડવત કરવાનું. ॥૧૦૧॥ શેરડીમાંથી ઊપજે તે ના ખાવું. ॥૧૦૨॥ દૂધમાંથી ઊપજે તે ના ખાવું. ॥૧૦૩॥ નિર્સ્વાદીપણે જમવાનું. ॥૧૦૪॥ કારિયાણીમાં સર્વે હરિજન સાકર લાવે તેમાંથી એક એક ગાંગડો જમવાનું. ॥૧૦૫॥ સર્વે ક્રિયામાં ભગવાનની મૂર્તિની સ્મૃતિ રાખવાનું. ॥૧૦૬॥ લીલાં તૃણ ઉપર પગ ના મૂકવાનું. ॥૧૦૭॥ પાણીમાં પગ દઈને ના ચાલવાનું. ॥૧૦૮॥ લીલોત્રી શાક ન ખાવું. ॥૧૦૯॥ શાલીગ્રામની સર્વેને પૂજા કરવાની. ॥૧૧૦॥

હાથે રસોઈ કરીને ઠાકોરજીને નૈવેદ કરીને તે જમવાનું. ॥૧૧૧॥ નવ પ્રકારની ભક્તિ કર્યા વિના નવરું ના રહેવું. ॥૧૧૨॥ પુરુષોત્તમપણાની વાત કરવી ને સૌને સમજાવવી. ॥૧૧૩॥ ગુરુ થઈને પરમેશ્વરની વાત ન કરે અને શિષ્ય વાત સાંભળવા ન આવે તો તે બન્નેએ એક ઉપવાસ કરવો ॥૧૧૪॥ શ્રી શ્રી શ્રી

મુનીનાં નામ

કૈવલ્યાનંદસ્વામી, કપિલેશ્વરાનંદસ્વામી, કરુણાનંદસ્વામી, કેશવાનંદસ્વામી, કલ્યાણાનંદસ્વામી, કૃપાનંદસ્વામી, કૌશિકાનંદસ્વામી, કૃતજ્ઞાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી-નાના, ગોલોકેશ્વરાનંદસ્વામી, ગોવિંદાનંદસ્વામી, ગોતીતાનંદસ્વામી, ગોવર્ધનાનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી, ગુરૂત્તમાનંદસ્વામી, ગવેદ્રાનંદસ્વામી, ગોપેશ્વરાનંદસ્વામી, ગણેશાનંદસ્વામી, ગોપીશાનંદસ્વામી, ગર્ભાનંદસ્વામી, ગુરુચરણરતાનંદસ્વામી, ઘનશ્યામાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી, ચતુર્વ્યુહાનંદસ્વામી, ચતુરાત્માનંદસ્વામી, ચતુર્ભુજાનંદસ્વામી, ચતુર્વેદાનંદસ્વામી, ચિદ્રૂપાનંદસ્વામી, જગન્નાથાનંદસ્વામી, જગતપાવનાનંદસ્વામી, જગદેવનાનંદસ્વામી, જયદેવાનંદસ્વામી, જીષ્ણવાનંદસ્વામી, જિજ્ઞાસાનંદસ્વામી, જગન્નિવાસાનંદસ્વામી,

જયાનંદસ્વામી, જ્યોતીષાનંદસ્વામી, તદ્રૂપાનંદસ્વામી, તપસાનંદસ્વામી, તત્ત્વાનંદસ્વામી, ત્યાગાનંદસ્વામી, તુર્યાતીતાનંદસ્વામી

પરમહંસનાં નામ

દેવદયાનંદસ્વામી, દેવાનંદસ્વામી, દહરાનંદસ્વામી, દેવકૃષ્ણાનંદસ્વામી, દામોદરાનંદસ્વામી, ધ્યાનાનંદસ્વામી, ધીરાનંદસ્વામી, ધર્માનંદસ્વામી, ધર્માત્માનંદસ્વામી, ધર્મપ્રકાશાનંદસ્વામી, ધર્મધરાનંદસ્વામી, ધ્રુવાનંદસ્વામી, ધરણીધરાનંદસ્વામી, નિસ્વાદાનંદસ્વામી, નિર્વિઘ્નાનંદસ્વામી, નિષ્કામાનંદસ્વામી, નિસ્પૃહાનંદસ્વામી, નિર્વિશેષાનંદસ્વામી, નિર્પેક્ષાનંદસ્વામી, નિયમાનંદસ્વામી, નિરાલંબાનંદસ્વામી, નિર્લોભાનંદસ્વામી, નિર્વિકારાનંદસ્વામી, નિર્મોદાનંદસ્વામી, નિર્દોષાનંદસ્વામી, નરનારાયણાનંદસ્વામી, નરોત્તમાનંદસ્વામી, નિષ્પાપાનંદસ્વામી, નૃસિંહાનંદસ્વામી, નિષ્કુળાનંદસ્વામી, નિર્માનાનંદસ્વામી, નિર્મત્સરાનંદસ્વામી, નિરન્નમુક્તાનંદસ્વામી, નિઃસંદેહાનંદસ્વામી, નિર્ગુણાનંદસ્વામી, નીલકંઠાનંદસ્વામી, નિર્મળાનંદસ્વામી, પરમાનંદસ્વામી, પરમેશ્વરાનંદસ્વામી, પરમદયાનંદસ્વામી, પરમપ્રકાશાનંદસ્વામી, પરમચૈતન્યાનંદસ્વામી.

સાધુનાં નામ

પવિત્રાનંદસ્વામી, પૂર્ણાનંદસ્વામી, પુરુષોત્તમાનંદસ્વામી, પુરુષાનંદસ્વામી, પુરાતનાનંદસ્વામી, પતિતપાવનાનંદસ્વામી, પીતાંબરાનંદસ્વામી, પ્રસાદાનંદસ્વામી, પ્રવેશાનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી, પ્રજ્ઞાનંદસ્વામી, પ્રતોષાનંદસ્વામી, પ્રભુતાનંદસ્વામી, પ્રભવાનંદસ્વામી, પ્રકાશાનંદસ્વામી, પ્રદ્યુમ્નાનંદસ્વામી, પ્રસન્નાત્માનંદસ્વામી, પ્રભાનંદસ્વામી, પ્રધાનાનંદસ્વામી, પ્રબોધાનંદસ્વામી, પ્રધાનપુરુષાનંદસ્વામી, પ્રતાથાનંદસ્વામી,

પ્રહાભાગાનંદસ્વામી, પ્રસાદાનંદસ્વામી, પ્રાણદાનંદસ્વામી, પ્રમોદાનંદસ્વામી, બદરિનાથાનંદસ્વામી, બળભદ્રાનંદસ્વામી, બળદેવાનંદસ્વામી, બાળમુકુંદાનંદસ્વામી, બાળક્રિષ્ણાનંદસ્વામી, બુદ્ધાનંદસ્વામી, ભૂતવાસાનંદસ્વામી, ભાઈરામદાસજી, ભગવદાનંદસ્વામી, ભક્તિશાનંદસ્વામી, ભક્તવલ્લભાનંદસ્વામી, ભક્તવત્સલાનંદસ્વામી, ભક્તિપ્રિયાનંદસ્વામી, ભક્તેશ્વરાનંદસ્વામી, ભાવાનંદસ્વામી, ભૂમાનંદસ્વામી.

લેખક : સાધુ કૃષ્ણજીવનદાસના ઘણા સ્નેહપૂર્વક જય શ્રીસ્વામિનારાયણ વાંચશો.

સંવત્ ૧૯૬૯ ના શ્રાવણ સુદી પૂનમ ને વાર શનિ સંપૂર્ણ.

લેખક : સાધુ કૃષ્ણજીવનદાસજી

ગુરુ : સ્વામી રામદાસજી મુકામ વડતાલ

સ્વામી રામદાસજીના સેવક સાધુ કૃષ્ણજીવનદાસે આ વાતોનું પુસ્તક લખ્યું છે.

સંવત ૧૯૬૯ વાતોનું પુસ્તક સને ૧૯૧૩



પરિશિષ્ટ-૧

સં.૧૯૨૬માં વડતાલમાં કાર્તિકી સમૈયો ભવ્યતાપૂર્વક ઉજવાયો. શ્રીહરિની કૃપાથી સત્સંગની સુવાસ સર્વત્ર ફેલાતી ગઈ. સંપ્રદાયનો પાયો પાતાળિયો થયો. અસંખ્ય સંતો-ભક્તો વિના આમંત્રણે ઉત્સવમાં આવવા લાગ્યા. પૂનમને દિવસે વડતાલધામના પ્રાંગણમાં વિશાળ સભા ભરાણી. તે સમયે આચાર્યશ્રી ભગવત્‌પ્રસાદજી મહારાજ અનુભવી અને સમર્થ એવા અદ્‌ભુતાનંદસ્વામીને કહે, "તમામ સંતો-ભક્તો રાજી થાય અને સંપ્રદાયરૂપી વૃક્ષ લીલું રહે અને મજબૂત થાય, એવી વાત કરો."

ત્યારે અદ્‌ભુતાનંદસ્વામી કહે, "જો મૂળ લીલું રહે તો વૃક્ષ વિકસતું જાય અને મજબૂત થતું જાય. આચાર્ય અને સંતો આ બે સંપ્રદાયનાં મૂળ છે. તેનાથી જ સત્સંગ વિકાસ પામે છે. એકવાર સ્વામિનારાયણ ભગવાને આચાર્યને કેમ રહેવું ? તે પ્રથા ગઢપુરમાં કહી હતી, તે અતિ ઉપયોગી જાણીને કહું છું.

એકવાર શ્રીહરિ અક્ષરઓરડીમાં પશ્ચિમ મુખે બિરાજ્યા હતા. સામે ગોપાળાનંદસ્વામી, મુક્તાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી, શુકાનંદસ્વામી વગેરે અનેક સંતો, બ્રહ્મચારીઓ, પાર્ષદો બેઠા હતા. વળી, અવધપ્રસાદજી તથા રઘુવીરજી મહારાજ પણ પાસે બેઠા હતા. તે સમે રઘુવીરજીએ શ્રીહરિને અતિ પ્રસન્ન જોઈ સંપ્રદાયનું મૂળ કેમ દૃઢ થાય ? એવો પ્રશ્ન પૂછ્યો.

ત્યારે મહારાજ કહે, 'આચાર્યો, સંતો અને બ્રહ્મચારીઓ આ સંપ્રદાયનું મૂળ છે. જો તમે સારા રહેશો તો આખો સત્સંગ લીલો રહેશે.' ત્યારે ફરી રઘુવીરજી મહારાજ કહે, 'હે નાથ ! હે સર્વ અવતારના અવતારી ! તમોએ મને ગાદી આપી ત્યારથી મારા અંતરમાં ઈચ્છા રહે છે કે, આપ અતિશય પ્રસન્ન કેમ થાઓ ? વળી, આ પદવીને યોગ્ય કરવા જેવું જે જે કર્તવ્ય હોય તે કૃપા કરીને કહો.' આવાં તેમનાં વચન સાંભળી શ્રીહરિ પ્રસન્ન થઈ કહે,

ચોપાઈ :

અહો પુત્ર જ મારી ઈચ્છાય, તમે જાણો છો તે તો સદાય;
મારી આજ્ઞા અંતરમાં ધરવા, તથા ઉત્સાહ છે તેમ કરવા. ૨૧
ઉદ્ધવ સંપ્રદાયની રીત, કહું સંક્ષેપમાં કરી પ્રીત;
તમે સાંભળી અંતરે ધરજો, વળી એ જ પ્રમાણે આચરજો. ૨૨
હું છું સર્વ સુરેશ્વર સ્વામી, પુરુષોતમ અક્ષરધામી;
સર્વ અવતારના અવતારી, ધર્મ સ્થાપવા નરતનુ ધારી. ૨૩
તમ સરખા ઘણા મહામુક્ત, આવ્યો છું વળી તેહ સજુક્ત;
પૂર્વકાળે બીજા ધરી દેહ, સ્થાપ્યો ધર્મ એકાંતિક જેહ. ૨૪
અસુરાંશ ગુરુ અવતરિયા, તેણે ધર્મ તે ખંડન કરિયા;
તેહ ધર્મગુરુ તણા વેષ, ધર્મશાસ્ત્ર વિરુદ્ધ વિશેષ. ૨૫
વેશ જોતાં જ આવે જણાય, હલકાઈ ને આછકલાય;
આચરણ પણ હોય જ એવા, રજોગુણી તમોગુણી તેવા. ૨૬
લોકશાસ્ત્ર થકી તે વિરુદ્ધ, વેશ આચાર્યને તે અશુદ્ધ;
તેનાં લક્ષણ તમને બતાવું, કાંઈ સંક્ષેપમાં સમજાવું. ૨૭
જોતાં બ્રાહ્મણ કૈક જુવાન, વેશ રાખે છે મ્લેચ્છ સમાન;
આખે મસ્તકે વાળ ધરે છે, તેમાં ધૂપેલ આદિ ભરે છે. ૨૮
કતરાવે કપાળ કોરાવે, મન નારીઓમાં લલચાવે;
દાઢી-મુછના વાળ વધારે, નિત્ય ઓળી-ચોળીને સુધારે. ૨૯
વૃદ્ધ થાય તો વેશ લજાવે, દાઢી મુછે ગલેપ લગાવે;
પાઘડી બાંધે આભલાદાર, ધરે છેલાઈનો શણગાર. ૩૦
ધરે અંગરખું પણ તેવું, જોતાં દિસે મલેછના જેવું;
જુવે છે જુવતી જન જ્યારે, મુછે હાથ ધરે વારેવારે. ૩૧
પાટલી બહુ ચીપીને પાડે, ડોળ છેલનો એમ દેખાડે;
ધર્મવંશમાં તન ધર્યું હોય, એવો વેશ ન રાખશો કોય. ૩૨

રૂપૈયા જેટલી શીર ચોટી, પણ તેથી ન રાખવી મોટી;
મુછ રાખવી તો દોરા માત્ર, દિસે તે સત્વગુણ તણું પાત્ર. ૩૩
પાઘડી તો સાદા પેચ વાળી, જેવી વિપ્ર ગૃહસ્થની ભાળી;
ધોતિયું ધરવું ચારે છેડે, લોક નિંદા કરે નહિ કેડે. ૩૪
રાખો બંડી કે અંગે અંગરખું, શોભે આચાર્યને સાદા સરખું;
સાદો વેશ અને સદાચાર, રાખો સત્વગુણી એ છે સાર. ૩૫
કોઈ પ્રકારે ક્રોધ ન લાવો, સૌને શાંતપણે સમજાવો;
શિક્ષાપત્રીનો સમજવો મર્મ, એમાં છે જે એકાંતિક ધર્મ. ૩૬
રૂડી રીતે પ્રવર્તાવા તેહ, મારી ગાદી મેં સોંપી છે એહ;
માટે વર્તવું તમારે તેમ, શિષ્યોને વરતાવવા એમ. ૩૭
ધર્મની કહે છે ઘણા કહેણી, રાખતા નથી પણ તેવી રહેણી;
રહેણી ગુરુઓ રાખે જ્યારે, તેહ ધર્મ પ્રવર્તે જ ત્યારે. ૩૮
દુરાચરણ ગુરુ તણાં જોઈ, શિષ્ય એમ કરે સર્વ કોઈ;
ગુરુને તેનું પાપ તે લાગે, જમડા તેનાં હાડકાં ભાંગે. ૩૯
ગુરુ થાય પછી જ્યારે શ્વાન, વળગે શિષ્ય કંઠ ને કાન;
માટે શાસ્ત્ર સમસ્તનો સાર, લખ્યો છે શિક્ષાપત્રી મોઝાર. ૪૦
પાળવી તે જરૂર તમારે, પળાવો વળી સર્વ પ્રકારે;
પ્રવર્તાવો ઉપાસના જેહ, વિશિષ્ટાદ્વૈત મત સમ તેહ. ૪૧
વિશિષ્ટાદ્વૈતની કહું રીત, તમે સાંભળો તે ધરી ચિત્ત;
માયા આત્મા ને ઈશ્વર જે છે, ત્રણ કહીએ અનાદિના એ છે. ૪૨
વિશિષ્ટાદ્વૈત તેહનું નામ, તેની વિગતિ કહું છું આ ઠામ;
શબ્દ વિશિષ્ટ અદ્વૈત બે છે, ખરો અર્થ તેનો કહું તે છે. ૪૩
પુરુષોત્તમ અદ્વૈત એક, તેના જેવો તો તે એક છેક;
પાસે પાત્ર કે લાકડી હોય, કહે જન તે એક જ તોય. ૪૪
તેમ માયા ને જીવ વિશિષ્ટ, પ્રભુ એક અદ્વૈત વરિષ્ટ;

જડ વસ્તુ ત્રિગુણમય જે છે, તેનાં કારજ માયા તો તે છે. ૪૫

જીવ બ્રહ્માદિ ઈશ્વર જેહ, ત્રીજા અક્ષર મુક્તો છે તેહ;
મૂળ અક્ષર ચોથો ગણાય, ભેદ જીવના ચારે ભણાય. ૪૬

તેહ સર્વનો અંતરજામી, ત્રણ રૂપે હું છું જ વિરામી;
એક આધાર પ્રેરક રૂપે, ત્રીજો અવતાર રૂપે અનૂપે. ૪૭

ઉત્પત્તિ સ્થિતિ પ્રલય કાળે, રહ્યો છું હું મને મુક્ત ભાળે;
વચનામૃતનો જે પરથારો, તેમાં વાત આ વાંચી વિચારો. ૪૮

હું છું અદ્વૈત સૌનો નિયંતા, મારો મહિમા ને શક્તિ અનંતા;
હું શરીરી ને આત્મા શરીર, એમ સર્વ વિશે રહ્યો સ્થિર. ૪૯

તેવો છું તોય નર અવતાર, લઈને એહ બ્રહ્માંડ મોઝાર;
અલ્પ જીવ કરે અપમાન, તે હું સહન કરું છું નિદાન. ૫૦

એકાંતિકધર્મ સ્થાપવા કાજ, એહ લોકમાં આવ્યો છું આજ;
શ્રમ મારો સફળ તમે કરજો, એ જ આજ્ઞા અંતરમાં ધરજો. ૫૧

તજીને વળી લોકની લાજ, કરો લોક વિરુદ્ધ ન કાજ;
તમારી વર્તણુકનો ભાર, પડે લોકને સર્વ પ્રકાર. ૫૨

સત્યાસત્ય ગુરુ ઓળખાય, એવી રાખજો રીત સદાય;
સુણો વિગત કહું વળી તેની, તે તો સાચા જૂઠા ગુરુ બેની. ૫૩

ગુરુ જૂઠા તે ઉધ્ધત હોય, એવી રીત મ રાખશો કોય;
નાચ રંગ ને ભાંડ ભવાઈ, જુએ તે ગુરુની મુર્ખાઈ. ૫૪

મોટો મેળો કે ઉત્સવ હોય, સ્ત્રીનો સ્પર્શ આદિ તજો તોય;
પાનબીડીનો આપી ઓગાળ, કરે છે કંઈક જાતિ વિહાળ. ૫૫

એંઠુ પોતાના શિષ્યને આપે, વટલાવતાં ન ડરે પાપે;
કદી એવું તમારે ન કરવું, વટલાવતાં દિલમાં ડરવું. ૫૬

શિષ્ય સર્વે મને પ્રેમ આણી, પૂજે છે પરમેશ્વર જાણી;
વસ્ત્ર-ભૂષણ વાહન આદિ, અતિ ભાવથી અર્પે ધનાદિ. ૫૭

અમે કરીએ છીએ અંગીકાર, રાખી તેના ભલાનો વિચાર;
અમે તમને દીધું નિજ સ્થાન, અમારા અવતાર સમાન. ૫૮

સંપ્રદાયના આચાર્ય કીધા, દેશ ઉત્તર દક્ષિણ દીધા;
તમે ને તમારો વંશ થાશે, અમારી તુલ્ય તેહ પુજાશે. ૫૯

પણ અર્પેલી વસ્તુઓ એહ, નિજ માટે ન માનવી તેહ;
સર્વ જાણવો દેવનો માલ, હું તો રાખું છું તેની સંભાળ. ૬૦

સંપ્રદાયની શોભાને માટે, ઉપયોગ કરું એહ ઘાટે;
આપે છે સત્સંગી સમાજ, પ્રભુની જ પ્રસન્નતા કાજ. ૬૧

પ્રભુ આજ્ઞા થકી અમે લૈયે, અને આશિષ એહને દૈયે;
પ્રભુજી થજો તેને પ્રસન્ન, થજો નિર્મલ તેહનું મન. ૬૨

અમે તો ધર્મધુર વહેનાર, માનો ભક્તિ અમારી મુરાર;
પ્રભુજી થજો અમને પ્રસન્ન, એમ ધારવું પોતાને મન. ૬૩

અને વર્તવું એવી જ રીતે, વાસના નવ રાખવી ચિત્તે;
આ છે ઉદ્ધવનો સંપ્રદાય, વળી તેમાં કહું છું જે થાય. ૬૪

સર્વ અવતારના અવતારી, પુરુષોત્તમ નરતન ધારી;
મુખ્ય તેની જ ભક્તિ તે કરવી, તે તો ધર્મ સહિત આદરવી. ૬૫

સંપ્રદાય તણાં મૂળ ચાર, કહું સાંભળો તેનો વિચાર;
હરિકૃષ્ણ આદિક પ્રતિમાય, સ્થાપી છે મોટા મંદિર માંય. ૬૬

ધર્મવંશી આચારજ જેહ, બીજું તો મૂળ માનવું તેહ;
વર્ણી સંત ને પાળા ગ્રહસ્થ, સંપ્રદાયનાં શાસ્ત્ર સમસ્ત. ૬૭

મૂળ છે એ જ જાણીને ચારે, પૂજવા યથા યોગ્ય તમારે;
ઉત્કૃષ્ટ તેનો થાય જેમ, આપો તેને ઉત્તેજન તેમ. ૬૮

સાધુ પાર્ષદ ને બ્રહ્મચારી, તે છે ધર્મ એકાંતિક ધારી;
મહિમા એનો જાણો અપાર, થાય ધર્મ પ્રવૃત્તિ તે દ્વાર. ૬૯

બ્રહ્મચર્ય અસિધારા જેવું, એ તો પાળે છે ઉત્તમ એવું;

માટે માનવા જોગ્ય તમારે, મહિમા જાણી સર્વ પ્રકારે. ૭૦
શિખામણ એમ શ્રીજીએ દીધી, રઘુવીરજીએ ધરી લીધી;
ખરા અંતઃકરણથી એમ, વરત્યા કહ્યું શ્રીજીએ જેમ. ૭૧
હાની વૃદ્ધિએ નહિ શોક હર્ષ, એવી રીત રાખી ઉત્તકર્ષ;
અદ્‌ભુતાનંદજી કહે આજ, થોડા દાખલા કહું મહારાજ. ૭૨

પુષ્પિતાગ્રાવૃત્ત :

હરિ સુત રઘુવીરજી વિચારી, ગુરુપદ પામી ક્ષમા વિશેષ ધારી;
ખલ જન અપમાન આદિ દીધું, તદપી ન ક્રૂરપણું કદાપિ કીધું. ૭૩

ઇતિ શ્રીવિહારીલાલાચાર્યવિરચિતે આચાર્યોદયે શ્રીભગવતપ્રસાદાચાર્ય જન્મચરિત્રે આચાર્યરીતિવર્ણનનામ એકાદશો પ્રભાવઃ ॥૧૧॥

અદ્‌ભુતાનંદસ્વામી કહે, "સં.૧૯૦૯માં વડોદરાના મહારાજા ગણપત રાવે રઘુવીરજી મહારાજને વડોદરા તેડાવ્યા. ત્યાં સારું સન્માન-પૂજન કર્યું. આચાર્યશ્રી સાથે સવાજી પાર્ષદ હતા. તે બજારમાં કોઈ કામે ગયા ત્યાં એક ખાખી બાવો મળ્યો. તેની સાથે ઝઘડો થયો. તેથી તે બાવાએ પાર્ષદની આંગળીઓ મરડીને તોડી નાંખી. રાજમંત્રીઓને ખબર પડી એટલે સહુએ કહ્યું, 'તમારા પાર્ષદને કહો કે, કેશ કરે તો અમે તેને ખૂબ દંડ કરીએ.' ત્યારે ક્ષમાવંતા આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ કહે, 'એવું ક્રૂર કામ આપણે કરવું નથી. તે બાવાને દંડ કરવાથી પાર્ષદની આંગળીઓ રુજાશે નહીં.' એમ કહી ફરિયાદ ન કરવા દીધી."

ચોપાઈ :

શિક્ષાપત્રીમાં લખ્યું છે જેમ, પોતે ક્રૂરપણું તજ્યું તેમ;
ક્ષમા પોતે અતિ ઉર લાવી, તથા પાર્ષદ પાસ કરાવી. ૦૮
ક્ષમાવંત એવા ગુરુ કોય, બીજે તો ક્યાંય નહીં હોય;
કરે લોક પરસ્પર વાત, આ તો વિષ્ણુરૂપી સાક્ષાત. ૦૯

વળી, અદ્‌ભુતાનંદસ્વામી કહે, "રઘુવીરજી મહારાજ સુખ-દુઃખના પ્રસંગમાં સ્થિર રહેતા અને નિઃસ્નેહી હતા. એકવાર સં.૧૯૧૨ની સાલમાં વડોદરાના દીવાન ગણેશપંત વડતાલ આવ્યા. હરિકૃષ્ણ મહારાજ તથા લક્ષ્મીનારાયણ આદિક દેવોનાં દર્શન કર્યાં. દેવોને તથા સંતો-ભક્તોને રસોઈ આપી થોડા દિવસ રોકાણા.

એ સમયમાં રઘુવીરજી મહારાજનાં ધર્મપત્ની રુક્મણી અક્ષરવાસી થયાં. તેથી દીવાનને ચિંતા થઈ અને અનેક સંતો-ભક્તોની હાજરીમાં કહે, 'વડોદરામાં એકવાર વૈષ્ણવાચાર્યની પત્ની મૃત્યુ પામી. તેથી તે અતિ શોક કરવા લાગ્યો. અને તેની નનામીએ બાઝી પડ્યો. ગ્રામજનો દૂર રાખે છતાં દૂર ન જાય. પછી તેને ઘરમાં પૂરી પત્નીનો અગ્નિસંસ્કાર કર્યો છતાં તે કપાળ કૂટતો હતો, તો આંહીં કેમ થાશે ?' એમ કહી ધીરજ આપવાની ઈચ્છાથી આચાર્યશ્રી પાસે ગયો. ત્યારે તેમની પાસે મોટા મોટા સંતો-ભક્તો બેઠા હતા. રઘુવીરજી મહારાજ તેમને જ્ઞાન-વૈરાગ્યની વાતો કરતાં કહે, 'આ દેહ-ગેહાદિક સર્વે નાશવંત છે, આલોકમાં કોઈ વસ્તુ સ્થિર નથી. માટે તે મળે તેનો હર્ષ ન કરવો અને ટળે તેનો શોક ન કરવો. જે માયિક વસ્તુ નાશ પામે અને શોક કરે એ મોટા અજ્ઞાની છે.' આવી આચાર્યશ્રીની વાત સાંભળીને તથા તેમની સ્થિતિ જોઈને દીવાન તો વિસ્મય પામી ગયા. અને કહેવા લાગ્યા કે, 'આવા સાચા ગુરુ આ કળિયુગમાં ભાગ્યે જ હોય, જે ભગવાન સાથે જોડાયેલા હોય તે જ આવા સમયે ધીરજ ધારી શકે."

વસ્તુ માયિક તે નાશવંત, જાણે એહ આચાર્ય ધીમંત;
વળી તે જ રીતે વર્તે છે, નામ માત્ર બીજા ગુરુ જે છે. ૨૨

અદ્‌ભુતાનંદસ્વામી કહે, "રઘુવીરજી મહારાજને સાંખ્યયોગ પાળવાની ઈચ્છા હતી. તેમાં પત્ની ધામમાં ગઈ એટલે અતિ આનંદ થયો. પછી આલોકના વૈભવનો દિલથી ત્યાગ કર્યો. ભગવતપ્રસાદજી મહારાજને ત્યાં એકવાર જમવા જતા ને ખૂબ ભજન કરતા."

પાંચ ત્યાગીને રાખતા સંગે, સાંખ્યયોગ પાળતા ઉમંગે;
રાત અર્ધી સુધી નિત્ય જાગે, કથા-કીર્તનમાં ધ્યાન લાગે. ૨૫

કરે એક જ પહોર વિરામ, જાગે તે થતાં પાછલો જામ;
એવા ઉત્તમ નિયમ ધર્યા છે, શ્રીહરિને પ્રસન્ન કર્યા છે. ૨૬

તે તો સર્વ પ્રસિદ્ધ છે વાત, માટે જાણે છે સહુ જન તાત;
શ્રીહરિની ઉપાસના જેહ, તથા આજ્ઞા પ્રવર્તાવવા એહ. ૨૭

અલ્પ નિદ્રા ને અલ્પ આહાર, કરીને કર્યો એ જ વિચાર;
સુધાસિંધુની ટીકા બનાવી, વાત મર્મની સ્પષ્ટ જણાવી. ૨૮

હરિલીલાકલ્પતરુ નામે, ભક્તિશાસ્ત્ર રચ્યું એ જ કામે;
તેમાં ધર્મ એકાંતિક તણું, પ્રતિપાદન કીધું છે ઘણું. ૨૯

પોતે વરતિયા એ જ પ્રમાણે, સર્વ સંતને હરિજન જાણે;
સમજ્યા રઘુવીરજી જેમ, આપણે પણ સમજવું એમ. ૩૦

એક ઉપાસના દૃઢ કરવી, ધર્મ એકાંતિકની રીત ધરવી;
જેવા થઈ ગયા જનક વિદેહી, રહ્યા સંસારમાંહીં નિસ્પ્રેહી. ૩૧

હાની વૃદ્ધિએ શોક કે હર્ષ, ન રહ્યો એવો વૈરાગ્ય પર્મ;
આજ પણ હોય જો હરિદાસ, તેણે એવો જ કરવો અભ્યાસ. ૩૨

આપણે પણ એ રીતે રહીએ તો ભગવાન અતિ રાજી થાય. વળી, અદ્‌ભુતાનંદસ્વામી કહે, "એક બીજો પ્રસંગ પણ સહુને સમજવા જેવો છે, તે સહુ ઉમંગ રાખી સાંભળો. એકવાર મહારાજ અક્ષરઓરડીમાં વાતો કરતા હતા. આચાર્યશ્રીને ઉપદેશ આપતા હતા.

ગઢપુર મંદિરના બાંધકામ સમયે શ્રીહરિએ દેખાડેલું ઐશ્વર્ય

પૂર્વછાયો :

જ્યાં શ્રીહરિ કરતા હતા, બેય આચાર્યને ઉપદેશ;
ત્યાં સવિત્રાનંદસ્વામીએ, કર્યો ઓસરી માંહી પ્રવેશ ૩૬

મંદિર શ્રીગઢપુર તણા, હતા મહંત તે મુનિરાજ;

પ્રીતે શ્રીહરિને પ્રણમિયા, પણ કહી શક્યા નહિ કાજ ૩૭

ચૈતન્યાનંદ મુનિ કહે, કહો કેમ પધાર્યા મહાંત;
સ્વામી સવિત્રાનંદ કહે, આવ્યો પૂછવા વાત એકાંત ૩૮

કામ કરે છે મંદિર તણું, મળીને કડિયા જન જેહ;
રત્નો ભક્ત તેમાં મુખ્ય છે, સત્સંગી ભલા છે તેહ ૩૯

બીજા બધાય કુસંગી છે, ભક્ત રત્નો કહે છે આમ;
થાઓ બધા સત્સંગી તો, કરો આંહીં રહીને કામ ૪૦

તેથી રિસાઈ ગયા ઘણા, કહો તેનું તે કરવું કેમ ?
વાત સવિત્રાનંદની સુણી, શ્રીમુખ ઉચર્યા એમ ૪૧

ધર્મ ગમે તે ભલે ધરે, આપણે કામ સાથે તે કામ;
જાઓ તમે તેહ સર્વને, લાવો મનાવીને એક ઠામ ૪૨

જોર જુલમથી કે કાંઈ દઈ, નિજ ધર્મ મનાવો ખચીત;
તે તો જગતમાં જાણવી, હતી અલાઉદ્દીનની રીત ૪૩

સાંભળી સદ ઉપદેશને, જન મન જો પલળી જાય;
માને ધર્મ નિજ મન થકી, તે જ ખરો ધર્મ કહેવાય ૪૪

શક્તિ નહીં ઉપદેશની, ગુરુમાં સદાચરણ ન હોય;
પોતાનો ધર્મ મનાવવા, જોર જુલમ કરે ગુરુ તોય ૪૫

શિષ્યો ને કરગરીને કહે, તજો અમારો ધર્મ લગાર;
આજીવિકા તૂટે અમ તણી, માટે તેને મૂકો નાત બહાર ૪૬

માલ નહીં જેહ ધર્મમાં, એવા ગુરુ કરાવે એમ;
સત્ય ધર્મ છે આપણો, માટે જુલમ કરીએ કેમ? ૪૭

મારો હશે સત્સંગ તો, જેને જ્યારે જણાશે માલ;
ત્યારે ખરા નિજ મન થકી, સત્સંગી થશે તતકાળ ૪૮

જો પછી જોર જુલમ થકી, તેની કંઠી તોડાવે કોય;
પણ સત્સંગ જશે નહીં, તેના અંતરમાંથી તોય ૪૯

જોર જુલમથી મનાવતાં, દીસે ધર્મ તણી હલકાઈ;
રત્ના ભગતને જઈ કહો, એવું તમે ન કરશો કાંઈ ૫૦

સ્વામી સવિત્રાનંદજી, પછી ગયા તે કડિયા પાસ;
મનાવીને પાછા લાવિયા, વાસુદેવજીને આવાસ ૫૧

શ્રીગોપીનાથને કારણે, થતું હતું જે નવીન ધામ;
મંડપના બીજા માળનું, સોપ્યું ચાલતું હતું તે કામ ૫૨

રત્ના ભગતને પણ કહ્યું, આજ્ઞા શ્રીહરિની છે એમ;
ઈચ્છા પ્રમાણે ધર્મ તો, તેને પાળવા દેજો તેમ ૫૩

એ પછી અક્ષરભુવનમાં, કરી ભોજન શ્રીભગવાન;
મંદિરનું કામ ચાલતું, પ્રભુ પધારિયા તેહ સ્થાન ૫૪

કૂવો નારાયણ લહેરી છે, હતા પગથિયાં તેહ પાસ;
ત્યાં થઈ મંદિરમાં ગયા, અક્ષરાતીત શ્રી અવિનાશ ૫૫

સજ્યા તે સ્થળમાં આજ છે, એક બારી દીસે એહ ઠાર;
નિસરણી એક ત્યાં હતી, ચડ્યા ત્યાં થઈ જગદાધાર ૫૬

ઘૂમટમાં ત્રણ બારણાં, ત્રણ શિખરના છે ત્યાંય;
શ્રીહરિ વચલાં બારણે, બિરાજ્યા જઈ ઉંબરા માંય ૫૭

એ જ ઠેકાણે એ સમે, કરતા હતા કડિયા કામ;
રિસાયેલાને બોલાવિયા, સૌએ કીધા પ્રભુને પ્રણામ ૫૮

બેસારી પ્રભુએ પૂછિયું, તમે કેને ભજો છો ભાઈ ?
કોણ તમારા ઈષ્ટ છે, તમે છોજી કિયા મત માંઈ ? ૫૯

એક કહે રાધાકૃષ્ણનું, હું તો ભાવે કરું છું ભજન;
બીજો કહે ભજું રામને, બીજે માને નહિ મુજ મન ૬૦

ત્રીજો કહે નરસિંહજી, ઈષ્ટદેવ અમારે એક;
ખરા ગુરુ ગણું ખાખીને, તે હું કદી તજું નહિ ટેક ૬૧

કોઈ કહે હું કબીરનું, કરું ભજન ભાવ સહીત;
કોઈ કહે હું તો દેવીને, ઈષ્ટ જાણી નમું છું નીત ૬૨

કોઈ કહે બ્રહ્મજ્ઞાની છું, બ્રહ્મરૂપ ભજું ભગવાન;
કોઈ કહે શિવને ભજું, બીજો જાણું નહિ શિવજી સમાન ૬૩

આપ પ્રતાપ જણાવવા, મન ઈચ્છા કરી મહારાજ;
દેખાવ કેવો દેખાડિયો, કહું તે સુણો સર્વ સમાજ ૬૪

પ્રભુ પલાંઠી વાળીને, બેઠા રૂપ ધરી અદ્‌ભૂત;
કુસંગી કડિયાએ તહાં, દીઠો કાળ ને જમના દૂત ૬૫

જમ કહે જમપુર વિષે, લઈ જશું તજાવી કાય;
સંભારો નિજ નિજ ઈષ્ટને, કોઈ આવી કરે જો સહાય ૬૬

કુસંગીને પ્રભુએ કહ્યું, ઈષ્ટદેવ તમારા જેહ;
પ્રારથનાઓ કરો તેહની, આવી સહાય કરશે એહ ૬૭

પ્રારથના કરી પ્રેમથી, નિજ નેણમાં ભરીને નીર;
ઈષ્ટ ન આવ્યા એ સમે, ત્યારે ધરી શક્યા નહિ ધીર ૬૮

ધ્રુજવા લાગ્યા ભય ધરી, વદ્યા ગદ્‌ગદ કંઠે વેણ;
ઈષ્ટ કોઈ નથી આવતા, સુખી કરો તમે સુખદેણ ૬૯

કૃષ્ણ કહે તમે સૌ કહો, પ્રભુ સ્વામિનારાયણ હોય;
તો જમદૂતને કાળ આ, જાઓ પાછા વળી સૌ કોય ૭૦

એવી રીતે સૌ ઉચર્યા, તેથી પાછા વળી ગયા તેહ;
સ્વામિનારાયણને વિશે, તેથી નૌતમ ઊપજ્યો નેહ ૭૧

કૃપાનિધિની કૃપા થકી, દીઠું તે સમે તેજ અપાર;
શ્રીજી સમીપે નીરખિયા, ઘણા મુક્ત ને હરિ અવતાર ૭૨

પોત પોતાના ઈષ્ટને, નીરખ્યા તહાં મૂરતિમાન;
તે સર્વે શ્રીજી તણી, સ્તુતિ કરે થઈ સાવધાન ૭૩

તે કડિયાને તે સમે, ઈષ્ટદેવે કહ્યું વળી એમ;
શ્રીજી અમારા ઈષ્ટ છે, કહો તમે ન માન્યા કેમ ? ૭૪

અવતારી અવતારના, સર્વ કારણ કારણ તેહ;
અનંત જન ઉદ્ધારવા, ધર્યો ધરણીમાં નર દેહ ૭૫

અમે ભજન કરી એહનું, પામ્યા અમરનો અધિકાર;
તમે ભજન કરો તેહનુ, ઈચ્છો જો ભવથી ઉદ્ધાર ૭૬

પુષ્પિતાગ્રાવૃત્ત :

સકળ અમર એક એ જ સ્વામી, વૃષસુત કૃષ્ણ કૃપાળુ બ્રહ્મધામી;
નથી નથી નથી કોઈ તેથી મોટા, અવર અનેક અજાદિ એથી છોટા ૭૭

ઈતિ શ્રીવિહારીલાલાચાર્યવિરચિતે આચાર્યોદયે શ્રીભગવત્પ્રસાદાચાર્ય જન્મચરિત્રે દુર્ગપુરે શિલ્પિજનાય શ્રીહરિના મહાપ્રતાપદર્શન નામ બારમો પ્રભાવઃ ॥૧૨॥

પૂર્વછાયો :

ઈષ્ટ કહે કડિયા તણા, ભજો શ્રીજીને સ્નેહ સહીત;
પામશો અક્ષરધામને, નહિ તો જમપુરને ખચીત ૦૧
એક ઘડી લગી એ રીતે, દીઠો સૌ કડિયે દેખાવ;
પછી અદૃશ્ય થઈ ગયો, નમ્યા સૌ શ્રીહરિને પાવ ૦૨

ચોપાઈ :

વર્તમાન નિયમ પછી ધાર્યાં, સત્સંગી થયા બહુ સારા;
વળી બોલ્યા તે જોડીને હાથ, તમે જો ન મળ્યા હોત નાથ ૦૩
અંતે જમપુરમાં અમે જાત, જમના હાથનો માર ખાત;
રતનાભાઈએ રૂડી રીતે, સવિત્રાનંદ સ્વામીએ પ્રીતે ૦૪
દયા અંતરમાં ઘણી આણી, અમે તે તો જથારથ જાણી;
નહિ તો અમને એહ વાત, કોઈ કાળે નહિ સમજાત ૦૫
એવું ઉચ્ચારીને એહ ઠામ, કર્યા બેયને પ્રેમે પ્રણામ;
વળી ઉચરિયા મુખે એમ, કરશું કહેશો તમે જેમ ૦૬
કહે શ્રીજીને હે પ્રભુ પ્યારા, ભક્ત રત્નો ગુરુ છે અમારા;
સારી બુદ્ધિ આપી સમજાવ્યા, મોક્ષ-મારગે અમને ચડાવ્યા ૦૭

સવિત્રાનંદ પરમગુરુ છે, એનું પણ ઉપકૃત્ય ઘણું છે;
પાછા વાળીને લાવિયા અમને, કૃપાનાથ મેળાવિયા તમને. ૦૮

આપે પણ કરુણા અતિ કીધી, રૂપ દેખાડી સમજણ દીધી;
અમે ભક્ત તમારા અનન્ય, હવે ઈષ્ટ ન માનીએ અન્ય. ૦૯

કહીને એમ કીધા પ્રણામ, પછી કરવાને લાગ્યા તે કામ;
ભલા તે માંહીના કોઈ ભ્રાત, હજી આજ સુધી છે હયાત. ૧૦

વળી તે પછી થૈ વાત જેહ, કહું સાંભળો સૌ ધરી સ્નેહ;
માંહોમાંહી તે બોલિયા એમ, કરો કામ રીજે હરિ તેમ. ૧૧

ખરા દિલથી કર્યું પછી કામ, જોઈ રાજી થયા ઘનશ્યામ;
પછી બેઠા હતા પ્રભુ જ્યાંય, કાંકરી ઊડવા લાગી ત્યાંય. ૧૨

ત્યારે ત્યાંથી ઊઠ્યા હરિ તેય, બેઠા ઉગમણે બારણેય;
સાધુ બોલિયા નિષ્કામાનંદ, ધાબળો પાથર્યો ધર્મનંદ. ૧૩

બેસો તે પર પૂરણકામ, એવું સુણી બોલ્યા ઘનશ્યામ;
આ તો ઉંબરો છે બહુ સારો, તમે ધાબળો રાખો તમારો. ૧૪

એમ ઉચ્ચારી ફેરવ્યો હાથ, કર્યો ઉંબરો પાવન નાથ;
પછી ચરણ તણી રજ ધરવા, ત્રીજું બારણું પાવન કરવા. ૧૫

મહારાજા તણા અધિરાજા, ત્રીજે બારણે જઈને બિરાજ્યા;
જળ આણ્યું રઘુવીરજીએ, પીધું કળસલી બેય હરિએ. ૧૬

રઘુવીરજી બોલિયા વાણી, પ્રભુ સાંભળો સારંગપાણી;
જોગ બેસવાનો નથી સારો, માટે આંહીંથી હેઠા પધારો. ૧૭

કહે શ્રીજી નીચે જાઓ તમે, થોડીવારમાં આવશું અમે;
રઘુવીરજી નીચે સિધાવ્યા, રતનો કડિયો પછી આવ્યા. ૧૮

તેનો હેતથી ઝાલીને હાથ, તહાં ઊભા થયા મુનિનાથ;
રતનાને વચન કહ્યાં એવાં, નીચે મંદિર છે ત્રણ જેવાં. ૧૯

એવાં ઉપર પણ ત્રણ કરજો, શોભા પણ એવી સુંદર ધરજો;
રતનો કહે એવાં જ થાશે, જોતાં શોભા તે સારી જણાશે. ૨૦

પછી શ્રીહરિને સંગે લઈને, ત્રણ ખંડ દેખાડિયા જઈને;
જોઈ શ્રીજી કહે ઠીક થાશે, શોભા પણ બહુ સારી જણાશે. ૨૧

પછી શ્રીહરિ નીચે ઊતરિયા, પ્રભુ ઘૂમટમાં પરવરિયા;
કૂવા પાસે પગથિયે થૈને, પોઢ્યા અક્ષરભુવનમાં જૈને. ૨૨

ગોપીનાથનું મંદિર જેહ, બધું એ છે પ્રસાદીનું તેહ;
એમાં તો કોઈ પથ્થર એક, નથી વગર પ્રસાદીનો છેક. ૨૩

માટે છે મહિમા અતિ મોટો, જગમાં ન જડે એનો જોટો;
જન જે કરે દર્શન જૈને, જાય અક્ષરમાં શુદ્ધ થૈને. ૨૪

આવી રીતે સં.૧૯૨૬માં કાર્તિકી પૂનમને દિવસે અદ્‌ભુતાનંદ સ્વામીએ સભામાં વાતો કરી. તે સાંભળી આચાર્યશ્રી તથા સહુ સંતો-ભક્તો અતિ રાજી થયા. (આચાર્યોદય પ્રભાવ : ૧૩)

પરિશિષ્ટ-૨

સં.૧૯૨૮ વડતાલમાં રામનવમીનો સમૈયો અતિ ધામધુમથી ઉજવાયો. તે સમયે દેશ દેશાવરના અસંખ્ય ભક્તો અને સર્વે સંતો પધાર્યા હતા. હરિજયંતીના દિવસે મોટી સભા ભરાણી. સહુ સંતો-ભક્તો તથા આચાર્યશ્રી ભગવતપ્રસાદજી મહારાજ સભામાં બેઠા હતા. તેમણે અતિ હેતથી અદ્‌ભુતાનંદસ્વામીને કહ્યું, હે સ્વામી !

આપ જૂના જોગી છો સાક્ષાત, ઘણી લીલાની જાણો છો વાત;
માટે આજ દયા દિલ લાવો, હરિ લીલાની વાત સુણાવો ૩૮

ત્યારે અદ્‌ભુતાનંદસ્વામી કહે, એક શ્રીહરિની લીલાની વાત સહુને સમજવા જેવી અને બહુ ઉપયોગી છે. માટે કહુ છું, સાંભળો.

પૂર્વછાયો :

એક સમયે આખા દેશમાં, હતું દુર્ભિક્ષ વર્ષ કઠોર;
એવે સમે ગઢપુર વિષે, વસતા હતા ધર્મકિશોર ૪૦

આવ્યો સમૈયો ચૈત્રનો, સંતમંડળ આવ્યા સમસ્ત;

વાત શ્રીજી આગળ કરી, બધે અન્ન થયું છે અસ્ત. ૪૧
બોલ્યા પ્રભુજી પ્રસન્ન થૈ, સંત સર્વ રહો એહ ઠાર;
દાદા ખાચરની પાસ છે, જૂની બાજરીનો કોઠાર. ૪૨
હાથે મળી કરો રોટલા, કરો મઠ-અડદની દાળ;
અમારાં દર્શન નિત્ય કરો, સુણો જ્ઞાનની વાત રસાળ. ૪૩
સંત સર્વે પછી ત્યાં રહ્યા, સુણી શ્રીજીની વાણી વિશાળ;
બાજરી દળી કરે રોટલા, કરે મઠ-અડદની દાળ. ૪૪
પછી ઉતારે સંતને, એક દિન ગયા હરિરાય;
કરતા દીઠા રોટલા, ઉથલાવતાં ભાંગી જાય. ૪૫
આટો જૂની બાજરી તણો, કસ તેમાં ન દીસે કાંઈ;
ઘઉંનો આટો મળે તો ભલું, એવો ઘાટ ઘડશે મનમાંઈ. ૪૬
જોઈને જીવન ચાલિયા, સામા મળ્યા બ્રહ્માનંદ સંત;
રોટલા તો ભાંગી જાય છે, એમ ઉચર્યા શ્રીભગવંત. ૪૭
તો પછી સંતને કારણે, કેવી દાઝ થતી હશે ત્યાંય;
જો પ્રભુ ડબકી મારીએ, દાળ દાણો આવે કર માંય. ૪૮
પછી ઉતારે પોતા તણે, ગયા ધર્મ ધુરંધર ધીર;
તેડાવ્યા અવધપ્રસાદને, તથા તેડાવ્યા રઘુવીર. ૪૯
કૃષ્ણ તમ આગળે હોય, દ્રવ્ય તો લાવો આજ;
આટો મેળવવા ઘઉં તણો, કાંઈ મંગાવીએ સંત કાજ. ૫૦
ત્યારે તે બે જણા બોલિયા, વીંટી સોનાની છે એક એક;
જોઈએ તો પ્રભુ લ્યો તમે, મળશે વળી એવી અનેક. ૫૧
પ્રભુ કહે પૂરા પાંચશે, સંત ગણતી માંહી ગણાય;
એટલા માટે આટલા, દ્રવ્ય થકી કહો શું થાય ? ૫૨
એવે સમે ગુજરાતમાં, ગઢપુરે આવ્યા હરિજન;
મુક્તમુનિ પાસે જઈ, નમી બોલિયા એમ વચન. ૫૩

મુજ પિતાની પાછળે, મારે આપવી આજ રસોઈ;
સાંખ્યયોગી કર્મયોગી તે, જમ્યા વિના રહે ન કોઈ. ૫૪

માણસ તે દરબારના, બાઈ ભાઈ સહુ વૃદ્ધ બાળ;
જુક્તિ કરીને જમાડવા, રૂડી રસોઈ દઈને રસાળ. ૫૫

તે સુણી મુક્તમુનિ કહે, લેવા રસોઈ અવસર એહ;
મહાપ્રભુ રાજી નથી, બીજી રીતિએ ખર્ચો તેહ. ૫૬

જુક્તિ કરીને ઘણું કહ્યું, પણ માન્યું નહીં તેનું વચન;
ત્યારે મુનિ તેને લઈ ગયા, જહાં બિરાજે જગજીવન. ૫૭

મુનિએ શ્રી મહારાજને, સંભળાવ્યા બધા સમાચાર;
શ્યામે કહ્યું કે રસોઈ તો, અમે લેતા નથી એહ વાર. ૫૮

પાંચ દિવસ લાગી તે પછી, વાત ઘણી રીતે ઘોળાઈ;
ન સમજ્યા સમજાવતાં, હરિભક્તે કરી હઠીલાઈ. ૫૯

પુષ્પિતાગ્રાવૃત્ત :

મનમુખી હરિભક્ત જેહ હોય, હઠ ન તજે પ્રભુજી કહે જ તોય;
પ્રભુ તણી મરજી નહિ વિચારે, નિજ મરજી સમ તેજ સત્ય ધારે ૬૦

ઈતિ શ્રીવિહારીલાલાચાર્યવિરચિતે આચાર્યોદયે શ્રીભગવતપ્રસાદાચાર્યજન્મચરિત્રે ગોંડલ શ્રીહરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠાકરણ નામ વીસમો પ્રભાવઃ ॥૨૦॥

પૂર્વછાયો :

મુક્તમુનિ કહે હે હરિ, ગુજરાત તણા જન જેહ;
હઠીલા હઠ નથી મૂકતા, લેશે ઉલટો અવગુણ એહ. ૦૧

ત્યારે બોલ્યા ત્રિભુવનપતિ, કરો તે જેમ રાજી થાય;
પાકી રસોઈ લીધી પછી, રહ્યા પીરસવા હરિરાય. ૦૨


સંતની પંગતે પીરસતા, ત્યાં તો બેસી ગયા બળવંત;
કૃષ્ણ કહે અહો આજ તો, લાગ્યો અમને થાક અત્યંત. ૦૩

સ્વામી નિત્યાનંદજી કહે, જાઓ આસને હે મહારાજ;
આંહીં રહી કરશું અમે, પ્રભુ પીરસવાનું કાજ. ૦૪
પછી ચાલ્યા પ્રભુ આસને, ગ્રહી શુકમુનિનો હાથ;
અક્ષરભુવન વિષે જઈ, રહ્યા કોટિ ભુવનના નાથ. ૦૫
શ્રીજી કહે શુકાનંદને, જુઓ જીવની અવળી રીત;
કોટિ જનમના સ્વભાવ તે, ટાળતાં ન ટળે ખચીત. ૦૬
તેને એકાંતિક ભક્તનો, જ્યારે ઘણો સમાગમ થાય;
ત્યારે સરળપણું સાંપડે, તેહ વિના સરળ ન જણાય. ૦૭
સરળપણું આવ્યા વિના, પ્રભુ કે પ્રભુના મહાસંત;
રાજી ન થાય હૃદય વિષે, તે તો જાણે ન પામર જંત. ૦૮
બીજે દિવસ ગુજરાતના, ગુજરાત ગયા હરિજન;
આણંદના અજુભાઈ તે, આવ્યા ત્યાં કરવા દર્શન. ૦૯
મળ્યા પ્રથમ મુનિ મુક્તને, વળી વચન ઉચાર્યાં આમ;
પચીશ ધન પિતા પાછળ, મારે વાવરવા એહ ઠામ. ૧૦
આપ કહો એમ વાવરું, એમ કર્યો વિચાર પ્રકાશ;
ત્યારે મુનિ તે ભક્તને, પછી તેડી ગયા પ્રભુ પાસ. ૧૧
મુક્ત કહે એહ ભક્તને, પિતા નિમિત્ત ધન પચીસ;
આપ કહો એમ વાવરે, ત્યારે લાવો કહે જગદીશ. ૧૨
આપ્યા રૂપિયા રોકડા, પૂરા પચીસ હરિને હાથ;
લાધા ઠક્કર ને હરજીને, આપી એમ બોલ્યા મુનિનાથ. ૧૩
પંદરના ઘઉં લાવજ્યો, લાવો અડદ દશના આજ;
તે પછી તે અજુભાઈને, વળી એમ કહે મહારાજ. ૧૪
ભક્ત તમારી રસોઈ તો, ચાર માસ લગી થાનાર;
વર્ણી મુકુંદાનંદને, પછી એમ કહે કરતાર. ૧૫
આજ અમારે કારણે, કરો થાળ તે ઉત્તમ રીત;
શેષ પ્રસાદી આ ભક્તને, અમે આપશું સ્નેહ સહીત. ૧૬

પછી સિદ્ધાનંદ સ્વામીને, સચ્ચિદાનંદ સુખધામ;
કહે ઘણા હાર કુસુમના, કરી લાવજો સહુ સંત કામ. ૧૭
ભાખે વળી અજુભાઈને, લાવો ચંદન ઘસીને આજ;
અમારું ને સહુ સંતનું, પ્રેમે પૂજન કરવા કાજ. ૧૮
થાળ કર્યો બ્રહ્મચારીએ, જમ્યા શ્રીજગજીવન તેહ;
શેષ પ્રસાદી જે રહી, અજુભાઈને આપી એહ. ૧૯
સભા થઈ સહુ સંતની, શ્રીજી બેઠા સભા મોઝાર;
પૂજા કરી અજુભાઈએ, લઈ ચંદન ફૂલના હાર. ૨૦
પ્રેમે પ્રભુજીને પૂજ્યા, પૂજ્યા વર્ણી ને પાર્ષદ સંત;
હેતથી હાર ચઢાવ્યા, ભલી ભાતે રીઝ્યા ભગવંત. ૨૧
ધન્ય તેનાં માત-તાતને, ધન્ય ધન્ય એનો અવતાર;
મનની મરજી મૂકીને, લીધો આજ્ઞા તણો આધાર. ૨૨
વિત્યા વર્ષ બહુ તે પછી, તજ્યો સંસાર તેણે તમામ;
સદા શ્રીગઢપુરમાં રહ્યા, ધર્યું **પ્રભુચરણદાસ** નામ. ૨૩
લીલાની વાત ભલી કહી, અદ્‌ભુતાનંદમુનિએ એહ;
તેમાં શિખામણ છે ઘણી, સહુએ સમજી લીધી તેહ. ૨૪

(આચાર્યોદય પ્રભાવ : ૧૩)

આમ અદ્‌ભુતાનંદસ્વામી અનેક વાર વડતાલ, ગઢપુર, જૂનાગઢ, ધોલેરા વગેરે સમૈયામાં તેમજ સુરત, ગોંડલ, મુંબઈ, વડોદરા વગેરે સ્થાનોમાં પ્રતિષ્ઠા પ્રસંગે સભાઓમાં પોતે નજરે જોયેલી અને જીવનમાં અનુભવેલી ઘણી વાતો કરતા. જેમાંથી તેમની વાતોમાં ઘણી સંગ્રહિત છે. સહુ ભક્તોને અતિ ઉપયોગી જાણી વિશેષ આ બે પ્રસંગો શ્રીહરિ, સ્વામીશ્રી તથા સંતો-ભક્તોની પ્રસન્નતા અર્થે અત્રે પ્રસ્તુત કર્યા છે. અસ્તુ.



સદ્.શ્રીઅદ્ભુતાનંદસ્વામીની મૂળવાતો

સદ્.શ્રીઅદ્ભુતાનંદસ્વામી ખરેખર એક અદ્ભુત સંત હતા. સદ્.શ્રીરામાનંદસ્વામીથી લઈ આચાર્ય શ્રીવિહારીલાલજી મહારાજ સુધીની પાંચ પેઢીનો તેમને અનુભવ મળ્યો હતો. તેમાં પણ શ્રીહરિને તો તેમણે ખૂબ જ નજીકથી જાણ્યા અને માણ્યા હતા. તેથી જ પૂ.સ્વામીની એ અનુભવાત્મક વાતો સાંભળીને અનેક મુમુક્ષુઓને મોક્ષ મેળવી લેવાની ખુમારી ચડી જતી હતી. એ વાતોનો તેમના જ શિષ્ય પુરાણી શ્રીઘનશ્યામચરણદાસજીસ્વામીએ સંગ્રહ કરી લીધો હતો. તે હસ્ત લિખિત પ્રત પ્રમાણે તેના મૂળભૂત સ્વરૂપે પ્રકાશિત કરેલી આ વાતો અનેકના કલ્યાણમાં અતિ ઉપયોગી છે.

આ વાતોમાં સદ્.શ્રીઅદ્ભુતાનંદસ્વામીએ શ્રીહરિની લીલા, અનુપમ ઉત્સવો, ઐશ્વર્ય પ્રસંગો, પરમહંસોની ઉચ્ચતમ સ્થિતિ અને પોતાના નીજી અનુભવોનું અદ્ભુત દર્શન કરાવ્યું છે. વળી, સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરીતા તથા તેમણે ભક્તો ઉપર વરસાવેલી ભક્તવત્સલતા તો ખાસ જાણવા ને માણવા જેવી છે. એનો ખરો આસ્વાદ તો આ વાતોનો જે અભ્યાસ કરશે તેને પોતાને જ જણાશે. માટે સહુ કોઈ શ્રીહરિના આશ્રિતો આ વાતોને વાંચવા - સાંભળવાનો ખૂબ જ લાભ લે તેવી ભલામણ સાથે.

સ્વામી જ્ઞાનજીવનદાસના જય સ્વામિનારાયણ

કુંડળ તા. ૨૦-૧૦-૨૦૧૦

